**આત્માને તો પરમાર્થસે ત્રિકાલ એક જ્ઞાયકપનેકા હી વેશ ધારણ કિયા હુઆ હૈ. જ્ઞાયક તત્ત્વકો પરમાર્થસે કોઈ પર્યાયવેશ નહીં હૈ, કોઈ પર્યાય-અપેક્ષા નહીં હૈ. આત્મા 'મુનિ હૈ' યા 'કેવલજ્ઞાની હૈ' યા 'સિદ્ધ હૈ' ઐસી એક ભી પર્યાય-અપેક્ષા વાસ્તવમેં જ્ઞાયક પદાર્થકો નહીં હૈ. જ્ઞાયક તો જ્ઞાયક હી હૈ. ૧૦૫.**

૧૦૫. સબ સૂક્ષ્મ હૈ. આહા..! **'આત્માને તો પરમાર્થસે ત્રિકાલ એક જ્ઞાયકપનેકા હી વેશ ધારણ કિયા હુઆ હૈ.'** થોડી સૂક્ષ્મ બાત હૈ. જો આત્મા દ્રવ્ય હૈ ના ? વસ્તુ, વહ તો જ્ઞાયકભાવ, બસ ! જ્ઞાયકભાવ. એક જ્ઞાયકભાવ હૈ તો જ્ઞાયકભાવ કા હી વેશ ધારણ કિયા હૈ. આહા..હા..! 'સમયસાર' મેં આતા હૈ ના ? સંવર, નિર્જરા, મોક્ષ અધિકાર આતે હૈં તો કહતે હૈં કિ યે સબ ભેખ હૈં. ઉસકા જ્ઞાન હો ગયા. વહ તો પર્યાય કા વેશ હૈ, દ્રવ્ય કા વેશ નહીં. આહા..હા..! સંવર, નિર્જરા ઔર મોક્ષ પર્યાય કા વેશ હૈ. આહા..હા..! દ્રવ્ય કા વેશ તો દ્રવ્ય ત્રિકાલી જ્ઞાયકરૂપ ઉસકા વેશ હૈ. ઐસા હૈ. હૈ ?

**'આત્માને તો પરમાર્થસે ત્રિકાલ એક...'** હમેશા એક **'જ્ઞાયકપને કા હી...'** ત્રિકાલ એક જ્ઞાયકપને કા ઉસે વેશ હૈ. ક્યા કહતે હૈં ? ઐસી બાત (હૈ). મૂલ બાત કી ખબર નહીં ઔર ઉપર-ઉપર સે ડાલી, પત્તે તોડને લગે ઔર મૂલ ઐસે હી રહ ગયા. વૈસે સમ્યગ્દર્શન બિના સબ તોડને લગે વ્રત ઔર તપ સબ શૂન્ય હૈં. આહા..! સમજ મેં આયા ?

**'આત્માને તો પરમાર્થ સે ત્રિકાલ...'** યાની હમેશા, એકરૂપ. કાયમી એકરૂપ. આહા..હા..! **'જ્ઞાયકપને કા હી...'** આહા..હા..! **'જ્ઞાયકપને કા હી વેશ ધારણ કિયા હુઆ હૈ.'** આહા..હા..! ભગવાન તો ત્રિકાલ હમેશા ત્રિકાલ જ્ઞાયક હી હૈ, બસ ! અબ આયેગા.

**'જ્ઞાયક તત્ત્વ કો પરમાર્થ સે કોઈ પર્યાયવેશ નહીં હૈ,...'** આહા..હા..! ભગવાન જ્ઞાયકસ્વરૂપ વસ્તુ સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય આનંદ કા ધામ, અતીન્દ્રિય જ્ઞાયક કા ધ્રુવ ધામ, ઐસા જો જ્ઞાયકભાવ હૈ ઉસે તો.. હૈ ના ? **'જ્ઞાયક તત્ત્વ કો...'** જ્ઞાયકભાવ કો, હમેશા રહનેવાલે સ્વભાવભાવ કો **'પરમાર્થ સે કોઈ પર્યાયવેશ નહીં હૈ,...'** આહા..હા..! મોક્ષ, કેવલજ્ઞાન, સંવર, નિર્જરા પર્યાયવેશ હૈ. આહા..હા..! ગજબ બાત હૈ ! વસ્તુ.. વસ્તુ અસ્તિ મૌજૂદ ચીજ ધ્રુવ હૈ, અનાદિ એકરૂપ જ્ઞાયકભાવ, ઉસકા વેશ તો જ્ઞાયક હી હૈ.

**'જ્ઞાયક તત્ત્વ કો પરમાર્થ સે કોઈ પર્યાયવેશ નહીં હૈ,...'** પહલે સમુચ્ચય બાત કહી હૈ બાદ મેં સ્પષ્ટીકરણ કરેંગે. ઉસે સંવર, નિર્જરા, મોક્ષ કી પર્યાય કા વેશ નહીં હૈ. આહા..હા..! ક્યોંકિ પર્યાય ઉસમેં હૈ નહીં. ધંધે સે ફૂરસદ નહીં મિલતી, સુના કબ હૈ ? ચૌબીસ ઘંટે મજદૂરી કરતા હૈ, કમાના.. આહા..હા..! ઔર ધર્મ કે બહાને ભી વ્રત, તપ (કરતા હૈ) વહ ભી મજદૂરી હૈ. આહા..હા..! ક્લેશ (હૈ). 'નિર્જરા અધિકાર' મેં કહા હૈ, ક્લેશ હૈ. આહા..હા..!

યહાં તો ક્લેશ કા અભાવ સંવર, નિર્જરા ઔર મોક્ષ કા વેશ ભી જ્ઞાયક કો નહીં, દ્રવ્ય કો નહીં. યહ સમ્યગ્દર્શન કા વિષય હૈ. સમજ મેં આયા ? આહા..હા..! યહ પુસ્તક તો પઢા હૈ ના ? વેદાંતી પઢતે હૈં તો ઉસે ભી લગતા હૈ કિ કોઈ ચીજ હૈ. આહા..હા..!

**'જ્ઞાયક તત્ત્વકો...'** માને ક્યા ? જ્ઞાયક જ્ઞાનરસ ધ્રુવ, ઐસે જ્ઞાયક ધ્રુવ તત્ત્વ કો, જો એકરૂપ જ્ઞાયક ત્રિકાલ એકરૂપ વસ્તુ કો, આહા..હા..! **'પરમાર્થ સે...'** પરમાર્થ સે. વ્યવહાર સે સંવર, નિર્જરા, મોક્ષ આદિ વેશ હો. વહ પર્યાય હૈ યાની વ્યવહાર સે હો. નિશ્ચય સે તો વહ વેશ જ્ઞાયક મેં નહીં. આહા..હા..! ઐસી બાતેં સુનને મિલે નહીં વહ કબ વિચાર કરે ? ઔર કબ (પ્રયોગ) કરે ? યહ મનુષ્યભવ ચલા જા રહા હૈ. આહા..હા..!

ભગવાન જ્ઞાયકતત્ત્વ જ્ઞાયક તત્ત્વ હૈ ના ? વહ ધ્રુવ હૈ. પલટન કી પર્યાય સે, હલચલ સે ભિન્ન હૈ. આહા..હા..! ઐસે જ્ઞાયકતત્ત્વ કો અર્થાત્ ઐસે જ્ઞાયક સ્વભાવભાવ કો **'પરમાર્થ સે કોઈ પર્યાયવેશ નહીં હૈં, કોઈ પર્યાય-અપેક્ષા નહીં હૈ.'** કોઈ પર્યાયવેશ નહીં હૈ. ભગવાન જ્ઞાયકવસ્તુ, ઉસમેં કોઈ પર્યાય કા વેશ નહીં પરંતુ કોઈ પર્યાય કી અપેક્ષા નહીં હૈ. આહા..હા..! જ્ઞાયકતત્ત્વ વસ્તુ હૈ ઉસમેં તો સંવર, નિર્જરા, મોક્ષ કી પર્યાય કી ભી અપેક્ષા નહીં હૈ. વહ પર્યાય હૈ (ઔર) દ્રવ્ય મેં તો પર્યાય હૈ નહીં. આહા..હા..! ઐસી બાતેં હૈં, બાપુ ! અભ્યાસ હોના ચાહિયે. મૂલ ચીજ યહાં સે શુરૂઆત કરની હૈ. ઇસકે બિના કી શુરૂઆત મેં તો અભિમાન હોગા. હમને ત્યાગ હૈ, હમ બ્રહ્મચારી હૈ, હમને પડિમા ધારણ કી હૈ.. સબ મિથ્યાત્વ કા અભિમાન હૈ. આહા..હા..! સમજ મેં આયા ?

યહાં તો સંવર, નિર્જરા ઔર મોક્ષ.. આહા..હા..! ઉસકી ભી જિસે અપેક્ષા નહીં. આહા..હા..! પર્યાય કા વેશ નહીં હૈ. જ્ઞાયક તત્ત્વ કા વેશ હૈ ઉસમેં પર્યાય કા વેશ નહીં હૈ. સંવર, નિર્જરા, મોક્ષ કી પર્યાય કા વેશ નહીં હૈ ઔર પર્યાય કી અપેક્ષા નહીં હૈ. આહા..હા..! સેઠ! પૂરા પઢા હૈ ના ? પઢા હૈ. આહા..હા..! પુસ્તક તો કોઈ અલૌકિક પ્રકાશિત હુઆ હૈ. આહા..હા..! જૈસે-જૈસે લોગોં કે પાસ જાયેગા, પઢેંગે, વિચાર કરેંગે તબ (કીમત હોગી). બાપુ ! યહ તો મૂલ ચીજ હૈ. આહા..હા..!

જિસે પર્યાય કા વેશ નહીં, ઐસી જો ત્રિકાલ ચીજ હૈ વહ સમ્યગ્દર્શન કા વિષય હૈ. અભી તો સમ્યક્ ચૌથા ગુણસ્થાન. સમ્યગ્દર્શન કા વિષય જો જ્ઞાયક હૈ, ઉસ વિષય મેં પર્યાય કી અપેક્ષા નહીં ઔર પર્યાય કા વેશ નહીં હૈ. આહા..હા..! ભાષા તો સાદી હૈ, પ્રભુ ! આહા..હા..! ભગવંત ! તેરા સ્વરૂપ ઐસી ચીજ અંદર હૈ. આહા..હા..! પૂર્ણ સ્વરૂપ પ્રભુ એકરૂપ ત્રિકાલી સ્વરૂપ.. આહા..હા..! જિસમેં અનેકતા ઔર ભેદ નહીં, આહા..હા..! વહ દૃષ્ટિ કા—સમ્યગ્દર્શન કા વિષય હૈ. યહ દૃષ્ટિ કા વિષય હુએ બિના સબ થોથા હૈ. આહા..હા..! ઉસકી મહિમા ખ્યાલ મેં ન આયે.

કહા થા ના ? કિ ક્ષેત્ર કા અંત નહીં. આકાશ કે ક્ષેત્ર કા અંત કહાં ? અલોક.. અલોક.. અલોક.. અલોક.. (ઉસકા) અંત કહાં ? આહા..હા..! ઐસે કાલ કી શરૂઆત કહાં ? ઔર કાલ કા અંત કહાં ? ઐસે ભાવસ્વરૂપ જ્ઞાયક મહાગંભીર ચીજ હૈ. આહા..હા..! જિસમેં પર્યાય કા વેશ નહીં. આહા..હા..! જૈસે ક્ષેત્ર ઔર કાલ ગંભીર

ચીજ દિખતી હૈ, હૈ ના ? કબ-સે કાલ ઉત્પન્ન હુઆ ? દ્રવ્ય કી પહલી પર્યાય કૌન-સી ? આત્મા યા કોઈ ભી ચીજ કી પહલી પર્યાય કૌન-સી ? આહા..હા..! જૈસે ગંભીર.. ગંભીર.. ક્ષેત્ર ઔર કાલ કા ગંભીર (સ્વભાવ હૈ), ઐસે ઉસકે ગુણ કા ગંભીર (સ્વભાવ), ઐસે અનંત-અનંત ગુણ ગંભીર ઐસા એકરૂપ તત્ત્વ મહાગંભીર (હૈ). આહા..હા..!

જિસમેં પર્યાયવેશ નહીં, પહલે ઐસે લિયા હૈ. જ્ઞાયક વસ્તુ.. વસ્તુ.. વસ્તુ... વસ્તુ.. ઉસે પર્યાય કા વેશ નહીં ઔર પર્યાય કી અપેક્ષા નહીં. આહા..હા..!

મુમુક્ષુ :– આનંદ આયા, આત્મા કા અનુભવ હુઆ, ઐસી અપેક્ષા આયી.

ઉત્તર :– ઉસકી અપેક્ષા નહીં, આનંદ કી પર્યાય કા વેશ જ્ઞાયક કા નહીં. આનંદ કી પર્યાય કી અપેક્ષા, વેશ જ્ઞાયક કા નહીં ઔર આનંદ કી પર્યાય કી અપેક્ષા જ્ઞાયક કો નહીં હૈ. આહા..હા..! ઐસા તત્ત્વ વીતરાગ જૈન પરમેશ્વર કે અલાવા કહીં નહીં હૈ. આહા..હા..! ઔર વસ્તુસ્થિતિ હી ઐસી ગંભીર હૈ. આહા..હા..! ઐસી સ્થિતિ શ્વેતાંબર શાસ્ત્રોં મેં ભી નહીં. દિગંબર શાસ્ત્રોં મેં હૈ તો ઉસકે પક્ષકાર કો ખબર નહીં. આહા..હા..!

તત્ત્વ હૈ, તત્ત્વ કહા ના ? જ્ઞાયક તત્ત્વ હૈ ના ? વસ્તુ હૈ ના ? કાયમી, નિત્ય, ધ્રુવ જ્ઞાયકભાવ વસ્તુ હૈ, ઐસી કાયમી ચીજ કો પર્યાય કા વેશ નહીં. વહ તો પર્યાય હૈ. આહા..હા..! દ્રવ્ય મેં પર્યાય કા વેશ નહીં. કભી 'દિલ્હી', 'કલકત્તા' મેં સુના નહીં. યે ભાઈ 'કલકત્તા' સે આયે હૈં. ભાગ્ય હૈ, બાપુ ! ઐસી બાત સુનને મિલે વહ ભી ભાગ્યશાલી હૈ. તીનલોક કે નાથ સર્વજ્ઞ કે કહે હુએ યે તત્ત્વ હૈં. આહા..હા..!

પ્રભુ ! એકબાર સુન ના ! આહા..હા..! તેરે જ્ઞાયક દ્રવ્ય કી પ્રભુતા, તેરે જ્ઞાયક દ્રવ્ય કી ઈશ્વરતા, ઉસમેં પર્યાય કા વેશ નહીં, અવસ્થા કા વેશ ઉસમેં નહીં. ઔર 'સમયસાર' મેં નાટક મેં ભી ઐસા કહા ના ? યે મોક્ષ કા સ્વાંગ પૂરા હુઆ, સંવર કા પૂરા હુઆ. ગજબ બાત કહી હૈ ! 'સંવર અધિકાર' પૂરા હુઆ તો કહતે હૈં, સંવર કા સ્વાંગ નિકલ ગયા. જાન લિયા કિ યહ પર્યાય હૈ. નિર્જરા કા અધિકાર પૂર્ણ હોનેપર વહ સ્વાંગ ભી નિકલ ગયા. મોક્ષ કા અધિકાર પૂરા હુઆ ઉસમેં ભી મોક્ષ કા સ્વાંગ નિકલ ગયા તો માત્ર ત્રિકાલ જ્ઞાયક કી દૃષ્ટિ (રહી). ઇસલિયે યહાં તો કહના હૈ કિ વેશ નહીં હૈ, ઉસકા કોઈ આધાર હૈ ? યા યહાં સિર્ફ 'બહિન'

ને હી લિખા હૈ ? આહા..હા..!

ભાઈ ! પ્રભુ ! તુમ મહાત્મા હો, મહ-આત્મા, મહાપ્રભુ હો. જ્ઞાયકભાવ ધ્રુવ તત્ત્વ, એકરૂપ નિત્ય જિસકા સ્વભાવ, ઐસે જ્ઞાયક તત્ત્વ મેં પર્યાય કા વેશ નહીં, પર્યાય કા વેશ પર્યાય મેં હૈ. અવસ્થા કા ધારણ અવસ્થા મેં હૈ, અવસ્થા કા ધારણ, ટિકાના દ્રવ્ય મેં નહીં. આહા..હા..! પર્યાય કા વેશ અંદર મેં નહીં હૈ. આહા..હા..! ઉસે પર્યાય કી અપેક્ષા નહીં હૈ. દો બોલ લિયે ના ? આહા..હા..! ઐસા જ્ઞાયક સમ્યગ્દર્શન કા વિષય હૈ, ઉસમેં પર્યાય કા વેશ નહીં ઔર પર્યાય કી અપેક્ષા નહીં હૈ. આહા..! ઐસા વહ નિરપેક્ષ તત્ત્વ હૈ.

યહાં તો અભી (કહતે હૈં), રાગ કી ક્રિયા કરતે-કરતે નિશ્ચય હોગા. અરે..! પ્રભુ ! બહુત દૂર ચલા ગયા. યહાં તો સંવર ઔર નિર્જરા કા વેશ ભી ચૈતન્ય જ્ઞાયક વસ્તુ મેં કહાં હૈ ? આહા..હા..! અસ્તિ વસ્તુ અસ્તિ મૌજૂદગી ચીજ એકરૂપ રહનેવાલા તત્ત્વ, ઉસમેં અનેકરૂપ હોનેવાલી પર્યાય ઉસ એકરૂપ મેં નહીં હૈ. સમજ મેં આયા ?

મુમુક્ષુ :– આપ ફરમાતે હો કિ 'કૂવામાં હોય એ અવેડામાં આવે.'

ઉત્તર :– વહ તો કિસ અપેક્ષા સે (કહતે હૈં) ? વસ્તુ મેં ઐસા ભેદ નહીં. વ્યવહાર પર્યાયનય સે ઐસા કહને મેં આતા હૈ. વાસ્તવમેં તો જો જ્ઞાયક તત્ત્વ, દ્રવ્ય તત્ત્વ હૈ વહ મોક્ષ ઔર મોક્ષ કે કારણરૂપ પર્યાય કી રચના કરનેવાલા નહીં. આહા..હા..! ભાઈ ! ઐસી બાતેં હૈં. આહા..હા..! બાપુ ! ધર્મ કી પહેલી શુરૂઆત, ઉસકા વિષય ક્યા ? યહ બહુત સૂક્ષ્મ બાત હૈ, બાપુ ! ઉસને અનંત કાલ સે ઐસે હી જીવન ગંવાયા.

જિસમેં એકરૂપ માલ પડા હૈ, આનંદ, જ્ઞાન આદિ એકરૂપ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ... એકરૂપ પડા હૈ. એકરૂપ પર દૃષ્ટિ કી નહીં. દૃષ્ટિ હૈ પર્યાય, લેકિન પર્યાય ને એકરૂપ કો વિષય કિયા નહીં ઔર પર્યાય દ્રવ્ય કા વેશ ધારણ કરતી નહીં. સમ્યગ્દર્શન-પર્યાય ઉસે ધ્યેય બનાકર સમ્યગ્દર્શન હોતા હૈ. જિસમેં સમ્યગ્દર્શન કી પર્યાય કા વેશ નહીં. આહા..હા..! ઐસી બાત હૈ. દો-પાંચ-દસ હજાર શ્રોતા 'મુંબઈ' મેં હો તો લગે કિ યે ક્યા કહતે હૈં ? લેકિન લોગ અબ સુનતે હૈં, હાં ! અબ તો પંદ્રહ-પંદ્રહ હજાર, બીસ-બીસ હજાર લોગ આતે હૈં. ઉસ દિન 'ભોપાલ' મેં ચાલીસ હજાર લોગ થે. જબ ગયે થે તબ ચાલીસ હજાર લોગ સુનતે થે, સબ સુનતે થે.

થોડા વિરોધ કરતે થે, દૂસરે પ્રકાર કા વિરોધ થા. તીર્થ ફંડ, ફલાના.. ફલાના.. છોડ ના તીર્થ ફંડ. કુછ કરના, લોગોં કો લગા ઇતની બડી સભા ! આહા..હા..! (એક બડે વિદ્વાન કો) પચીસ હજાર દિયે તો લિયે નહીં. પચીસ હજાર દિયે, લિયે ફિર સૌ રૂપયે ડાલકર ઉન્હોંને વાપસ દે દિયા. ચાલીસ હજાર કી સભા થી. 'ભોપાલ', પંચ કલ્યાણક થે. બાહર કી ચીજ મેં હૈ ક્યા ?

ઉસ બાહર કી રચના તો આત્મા તીનકાલ મેં કરતા નહીં. આહા..હા..! લેકિન આત્મા દ્રવ્ય જો જ્ઞાયક હૈ વહ સંવર, નિર્જરા ઔર મોક્ષ કી પર્યાય કી રચના કરતા નહીં. તો રથ ચલાવે, મંદિર બનાવે.. યે સબ રચના આત્મા કરે (વહ કહાં હૈ ?) આહા..હા..! ભાઈ ! તુમ એક પ્રભુ હો, એક તત્ત્વ હો યા નહીં ? તુમ તત્ત્વ, અસ્તિ હો ના ? તો હૈ તો પરિપૂર્ણ વસ્તુ હૈ કિ નહીં ? જો હૈ વહ અપૂર્ણ કૈસે હો ? ઔર અપૂર્ણતા-પૂર્ણતા તો પર્યાય મેં હોતે હૈં, વસ્તુ તો એકરૂપ ત્રિકાલ જ્ઞાયકભાવ હૈ. આહા..હા..! વહ સમ્યગ્દર્શન કા વિષય (હૈ). લેકિન સમ્યગ્દર્શન કી પર્યાય જ્ઞાયક મેં નહીં હૈ ઔર જ્ઞાયક કો સમ્યગ્દર્શન કી પર્યાય કી અપેક્ષા નહીં. આહા..હા..!

ફિરસે, ઇસમેં કોઈ પુનરુક્તિ (દોષ) લગતા નહીં. વસ્તુ હૈ, વસ્તુ, અસ્તિ, સત્તા, હોનેરૂપ નિત્ય ચીજ તો જ્ઞાયક, ધ્રુવ, નિત્ય, એકરૂપ ઔર અભેદ વસ્તુ કાયમ હૈ. ઐસે અભેદ મેં, એક મેં, ધ્રુવ મેં ઉસકી વર્તમાન જો પર્યાય હૈ, વહ ઉસમેં હૈ નહીં. તો પર્યાય કા વેશ જ્ઞાયક કો હૈ નહીં. ઔર પર્યાય કી અપેક્ષા ભી જ્ઞાયક કો હૈ નહીં. પર્યાય હૈ તો મૈં હૂં, ઐસી બાત હૈ નહીં. આહા..હા..! નિર્મલ પર્યાય હૈ તો મૈં હૂં, ઐસી અપેક્ષા ભી નહીં. મલિન પર્યાય હૈ તો મૈં હૂં ઐસા તો નહીં... આહા..હા..! લેકિન નિર્મલ પર્યાય હૈ તો મૈં જ્ઞાયક હૂં ઐસા હૈ નહીં. આહા..હા..! પર્યાય તો અંશ હૈ, વર્તમાન પ્રગટ પ્રગટ દશારૂપ હૈ. વસ્તુ તો પ્રગટ-અપ્રગટ (નહીં), જ્ઞાયક ત્રિકાલ હૈ. આહા..હા.!

મુમુક્ષુ :– વર્તમાન પર્યાય નહીં, લેકિન ભૂત-ભાવિ કી પર્યાય તો હૈ ના ?

ઉત્તર :– ઉસે કિસી-કી અપેક્ષા નહીં. વર્તમાન એકરૂપ ધ્રુવ કહા, તત્ત્વ કહા, ફિર પ્રશ્ન કહાં હૈ ? તત્ત્વ કહા. તત્ત્વ તો દ્રવ્ય હૈ, દ્રવ્ય નામ વસ્તુ હૈ, બસ ! ખલાસ. ઉસે કોઈ પર્યાય કી અપેક્ષા હૈ નહીં. ક્યોંકિ પર્યાય ઉસમેં હૈ નહીં. આહા..હા..!

મુમુક્ષુ :– દ્રવ્ય ઔર પર્યાય..

ઉત્તર :– દો તત્ત્વ બિલકુલ ભિન્ન હૈં. પર્યાયતત્ત્વ ભિન્ન ઔર દ્રવ્યતત્ત્વ ભિન્ન. આહા..હા..! પર્યાય કા ક્ષેત્ર ભિન્ન, દ્રવ્ય કા ક્ષેત્ર ભિન્ન. મોક્ષ કી પર્યાય હૈ, કેવલજ્ઞાન કી એક સમય કી પર્યાય હૈ ઉસ પર્યાય કા ક્ષેત્ર, અંશ જો હૈ વહ ભિન્ન હૈ. દ્રવ્ય ધ્રુવ ક્ષેત્ર હૈ વહ તો ત્રિકાલી એકરૂપ ધ્રુવ ભિન્ન હૈ. આહા..હા..! યહ ભગવાન કા ભેદજ્ઞાન (હૈ). ભેદજ્ઞાન ઉસને કભી સમજા નહીં, કિયા નહીં. બાહર મેં ક્રિયાકાંડ કરકે મર ગયા. આહા..હા..!

જાગૃતજ્યોત કભી ધુંધલી હોતી નહીં ઔર કભી વૃદ્ધિ હોતી નહીં, ઐસી જાગૃતજ્યોત અંદર જ્ઞાયક બિરાજમાન હૈ. ધુંધલી હોતી નહીં, કમી હોતી નહીં ઔર વૃદ્ધિ હોતી નહીં. આહા..હા..! કમી-વૃદ્ધિ તો પર્યાય મેં હૈ, વસ્તુ મેં કમી-વૃદ્ધિ હૈ નહીં. આહા..હા..!

**'જ્ઞાયક તત્ત્વ કો પરમાર્થ સે કોઈ પર્યાયવેશ નહીં હૈ, કોઈ પર્યાય-અપેક્ષા નહીં હૈ.'** આ..હા..! દો બાત લી. યહ તો સિદ્ધાંત હૈ, અકેલા તત્ત્વ (હૈ). આહા..! સમજ મેં આયા ? **'આત્મા મુનિ હૈ'** ઐસી એક ભી પર્યાય જ્ઞાયક મેં નહીં. મુનિ કી જો દશા–તીન કષાય કા અભાવ, વીતરાગ પર્યાય, પ્રચૂર આનંદ કા વેદન, પ્રચુન આનંદ કા વેદન (હૈ). સમજ મેં આયા ? ઐસી મુનિ કી પર્યાય ભી દ્રવ્ય મેં નહીં. આ..હા..! એકરૂપ વસ્તુ હૈ ઉસમેં પર્યાય અંશ ભી કહાં હૈ ? પર્યાય પર્યાય મેં હૈ, ધ્રુવ દ્રવ્ય દ્રવ્ય મેં હૈ. આહા..હા..! યહાં તો અભી શરીર મેં આત્મા નહીં, શરીર શરીર મેં હૈ ઔર મૈં ભિન્ન હૂં, ઇતના ભી નહીં બૈઠતા, યહાં તો કહતે હૈં, પર્યાય દ્રવ્ય મેં નહીં ઔર દ્રવ્ય પર્યાય મેં આતા નહીં. આહા..હા..! સુનતે હૈં, અબ તો લોગ સુનતે હૈં.

વહાં તો બહુત સૂક્ષ્મ કરના હો તો દૃષ્ટાંત દેને પડે, શાસ્ત્ર કે આધાર દેને પડે કિ દેખો ! ઇસ શાસ્ત્ર મેં ઐસા કહા હૈ. યહાં તો અકેલે સિદ્ધાંત ચલ સકતે હૈં. આહા..હા..! કહા થા ના ? મોક્ષ કા સ્વાંગ પૂરા હુઆ, સંવર, નિર્જરા કા સ્વાંગ પૂરા હુઆ. વહ સ્વાંગ નિકલ ગયા. આતા હૈ ? આતા હૈ ના ? ભાઈ ! આધાર દેને પડે. આહા..હા..! ભાઈ ! ઓહો..હો..!

ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. જ્ઞાયક ધ્રુવ એકરૂપ ત્રિકાલ મેં મુનિ કા વેશ ભી ઉસમેં હૈ નહીં. મુનિ કા વેશ માને ? નગ્નપના યે કોઈ મુનિ કા વેશ નહીં હૈ. અંદર જો મોક્ષ કા માર્ગ મુનિ કો પ્રગટ હુઆ વહ જ્ઞાયક મેં નહીં હૈ. નગ્નપના ઔર પંચ મહાવ્રત

કે વિકલ્પ તો બાહર રહ ગયે. આહા..હા..! વહ તો ઉસકી પર્યાય મેં ભી નહીં (હૈ). ઔર યહ પર્યાય હૈ વહ દ્રવ્ય મેં નહીં. આહા..હા..! લોગ ચિલ્લાતે હૈં, વ્યવહાર સે નિશ્ચય હોતા હૈ, નહીં તો એકાંત હો જાતા હૈ, નિશ્ચયાભાસ હો જાતા હૈ. પ્રભુ ! સુન તો સહી, પ્રભુ ! તેરી પ્રભુતા તો દેખ ! તેરી પ્રભુતા મેં મુનિ કી પર્યાય કા ભી અભાવ હૈ, ઐસી તેરી પ્રભુતા હૈ. આહા..હા..!

મુનિ કો તો નિર્મલ મોક્ષમાર્ગ, અતીન્દ્રિય આનંદ કા પ્રચૂર વેદન (હૈ) વહ તો પર્યાય હૈ. વહ પર્યાય દ્રવ્ય મેં કહાં હૈ ? આહા..હા..! પર્યાય વ્યવહારનય કા વિષય હુઆ, દ્રવ્ય નિશ્ચયનય કા વિષય હુઆ. આહા..હા..! ભાઈ ! કભી ઐસા સુના થા ? માર્ગ ઐસા સૂક્ષ્મ હૈ, બાપુ ! ભગવાન ! અંદર તુમ કૌન હો તુજે માલૂમ નહીં. તેરી પ્રભુતા કી મહાનતા મેં મોક્ષ કી પર્યાય, મુનિ કી મોક્ષમાર્ગ કી પર્યાય ભી તેરી મહત ચીજ, મહિમાવાલી ચીજ મેં હૈ નહીં. આહા..હા..! સમજ મેં આયા ? અપને આપ પઢે તો કુછ પકડ મેં આયે ઐસા નહીં હૈ. ભાઈ ! આહા..!

**'આત્મા મુનિ હૈ યા કેવલજ્ઞાની હૈ,...'** આહા..હા..! કેવલજ્ઞાન ભી પર્યાય હૈ. વહ પર્યાય દ્રવ્ય કા વેશ નહીં, જ્ઞાયક કા સ્વાંગ નહીં. ગજબ બાત હૈ, નાથ ! આહા..હા..! યહ જૈનદર્શન વસ્તુદર્શન (હૈ). આહા..હા..!

મુમુક્ષુ :- કેવલજ્ઞાન પર્યાય હૈ, લેકિન કેવલજ્ઞાની તો આત્મા હૈ ના ?

ઉત્તર :- નહીં, વહ તો જ્ઞાનમૂર્તિ ગુણ (હૈં). યહ તો પર્યાય કી બાત હૈ. કેવલી કો જબ કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ, વહ તો પર્યાય હૈ. ગુણ ઉત્પન્ન નહીં હોતા, ગુણ તો ત્રિકાલી ધ્રુવ હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- યહાં તો કેવલજ્ઞાની લિખા હૈ.

ઉત્તર :- પર્યાય અપેક્ષા સે કેવલજ્ઞાની કહો ઔર માત્ર જ્ઞાન કી અપેક્ષા સે કેવલજ્ઞાનસ્વરૂપી ધ્રુવ કહો. વહ અલગ ચીજ હૈ, યહ અલગ ચીજ હૈ. વહ તો જ્ઞાન પ્રધાનતા સે જ્ઞ-સ્વભાવી, સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ (હૈ), લેકિન ઉસકે સાથ અવિનાભાવી અનંત ગુણ સાથ મેં હૈં. યે અનંત ગુણ ઔર સર્વજ્ઞ સ્વભાવરૂપ એકરૂપ ચીજ હૈ. જ્ઞાયકપને કી ચીજ એક હૈ. આહા..હા..! એકરૂપ અખંડરૂપ.. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદ નહીં, કેવલજ્ઞાન કી પર્યાય કા ભેદ ઉસમેં કહાં હૈ ? ઐસી બાત હૈ.

યહાં પ્રયોજન એકરૂપ જ્ઞાયક કી દૃષ્ટિ કરવાની હૈ. પર્યાયદૃષ્ટિ ભી છુડાની હૈ. ક્યોંકિ પર્યાય દ્રવ્ય મેં હૈ નહીં. હૈ ઉસકી દૃષ્ટિ કરાની હૈ, ઉસમેં નહીં હૈ ઉસકી દૃષ્ટિ છુડાની હૈ. આહા..હા..! યહાં તો અભી (લોગ) કહીં કે કહીં અટકે હુએ હૈં.

પહલે સે લિયા ના ? **'પરમાર્થસે ત્રિકાલ એક જ્ઞાયકપને કા હી વેશ ધારણ કિયા હુઆ હૈ.'** વેશ હૈ, લેકિન ધ્રુવ જ્ઞાયક એકરૂપ કા વેશ હૈ. આહા..હા..! ઔર **'જ્ઞાયક તત્ત્વ કો પરમાર્થ સે કોઈ પર્યાયવેશ નહીં હૈ,...'** ઐસે લિયા. દ્રવ્યવેશ હૈ. આહા..હા..! અબ તો યહ (વિષય) વ્યાખ્યાન મેં બહુત જગહપર ચલતા હૈ. ભાઈ ! યહ પુસ્તક ઐસા બાહર આયા હૈ. પઢતે હૈં, પઢતે હૈં, પઢને તો દો. આહા..હા..! અરે..! ઐસા મનુષ્યદેહ ચલા જાતા હૈ. ઉસમેં સત્ય વસ્તુ ત્રિકાલી સત્ય હૈ, ઇસ ત્રિકાલી સત્ કી દૃષ્ટિ ન હુઈ તો કુછ નહીં હુઆ, ઉસને કુછ કિયા નહીં. ભલે દુકાન છોડી, આજીવન બ્રહ્મચર્ય પાલે, વ્રત પાલે સબ નિરર્થક હૈ. સાર્થક હૈ, સંસાર મેં રખડને મેં. નિરર્થક નહીં, સાર્થક હૈ–રખડને મેં.

યહ ચીજ તો.. આહા..હા..! વસ્તુ હૈ ના ! તત્ત્વ હૈ ના ! હલચલ બિના કી નિત્ય ચીજ હૈ ના ? હલચલ નામ પલટતી પર્યાય બિના કી ચીજ હૈ કિ નહીં ? યા પલટતી ચીજ એક હી હૈ ? આહા..હા..! સુનના કઠિન પડે ઉસે સમજના !

મુમુક્ષુ :– મીઠા લગતા હૈ.

ઉત્તર :– મીઠા હૈ. હમારે ભાઈ તો નયે આયે હૈ ના ! નયે આયે હૈં, નયે. યે તો હમારે પહચાનવાલે હૈં. આહા..હા..! અરે..! આત્મા હૈ ના, પ્રભુ ! ઉસમે બડા-છોટા હૈ નહીં. જિસમેં કેવલજ્ઞાન હૈ નહીં, ઐસી તેરી ચીજ અંદર હૈ ના, પ્રભુ ! ઓહો..હો..! 'સમયસાર' મેં પ્રત્યેક (અધિકાર મેં ઐસે હી લિયા હૈ), સ્વાંગ કો જાન લિયા. સ્વાંગ ચલા ગયા. જૈસે ભાંડ.. ભાંડ કહતે હૈં ? ક્યા કહતે હૈં ? બહુરૂપિયા. બહુરૂપિયા રૂપ ધારણ કરકે આવે (ઔર) સેઠ જાન લે તો (વેશ) છોડકર ચલા જાતા હૈ. કલ તો તુમ ભિખારી (બનકર આયે થે). વહ તો વેશ થા. બડા ટોપા પહનકર આયે, લાઓ ! પેટી કી રસીદ લાઓ, રસીદ કે પૈસે લાઓ. (સામનેવાલા દેખતા હૈ) કિ યે કૌન હૈ ? વિચાર કરનેપર લગતા હૈ, યે તો બહુરૂપિયા લગતા હૈ. (ફિર) ચલા જાતા હૈ. આહા..હા..!

ઐસે ભગવાનઆત્મા ને ચાહે જિતને સ્વાંગ ધારણ કિયે, વિકાર યા અવિકાર,

ઉસે જાન લિયા તો વહ સ્વાંગ આત્મા મેં નહીં હૈ, ઐસા હો ગયા. આહા..હા..! સમજ મેં આયા ? બહુરૂપિયા પર્યાય મેં હુઆ હૈ, વસ્તુ મેં બહુરૂપિયા હોતા નહીં. વહ દૃષ્ટાંત દિયા હૈ ના ? સમયસાર નાટક હૈ ના ! આહા..હા..!

મુમુક્ષુ :– નાટક મેં...

ઉત્તર :– અલગ-અલગ પ્રકાર કે સ્વાંગ આયે. આ..હા..! હમને તો બહુત નાટક દેખે હૈં. ગૃહસ્થાશ્રમ મેં બહુત નાટક દેખે હૈં. દુકાન ઘર કી થી. માલ લેને જાતે થે તબ દેખતે થે. 'વડોદરા' મેં એક નાટક દેખા થા. કહા થા ના ? 'અનુસૂયા'. એક 'અનુસૂયા' હૈ. 'ભરૂચ' કે કિનારે એક 'નર્મદા' નદી હૈ, ('નર્મદા') ઔર 'અનુસૂયા' દો બહને થી. 'અનુસૂયા' શાદી કિયે બિના સ્વર્ગ મેં જાતી થી. સ્વર્ગમેં સે ઐસી આવાજ આયી, જિસે પુત્ર નહીં હૈ ઉસે ગતિ નહીં મિલેગી. ઉનમેં તો ઐસા હૈ ના ? નીચે જાકર શાદી કી ઔર એક પુત્ર હુઆ. મુજે દૂસરા કહના થા.

વહ લડકે કો ઐસા કહતી થી, બૈટા ! તૂ ઉદાસીન હો, નિર્વિકલ્પ હો, શુદ્ધ હો, બુદ્ધ હો. ઐસા ગાતી થી. (સંવત) ૧૯૬૪ કે સાલ કી બાત હૈ. કિતને વર્ષ હુએ ? ૭૦. હમ તો માલ લેને કો જાતે થે. હમ તો માલ લેને કો જાતે થે ના ? દુકાન તો અભી ભી ચલતી હૈ. દુકાન છોડકર ૬૬ વર્ષ હુએ. માલ લેને ગયે થે, રાત્રિ કો નિવૃત્તિ થી. વહાં 'અનુસૂયા' નાટક ચલ રહા થા. ચલો દેખતે હૈં.

મુજે તો દૂસરા કહના થા. વહ બાઈ તો ઉસમેં ગાતી થી. સુદ્ધોસિ, બુદ્ધોસિ, નિરંજનોસિ, નિર્વિલ્પોસિ, ઉદાસીનોસિ. નાટક મેં ઐસા ગાતે થે. આહા..હા..! ઔર વહ વેશ લેકર આતા હૈ. મુજે તો વહ કહના હૈ. 'નારદ' વેશ પહનકર આતે હૈં. 'નારદ' હૈ ના ? લંગોટી પહનકર (આયે).

**બ્રહ્મા ... , નારદ કહાઉં, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.**

ઐસા નાટક મેં બોલતે થે. 'નારદ' સમજે ? 'નારદ' હૈ ના ? હાથ મેં વીણા લેકર, લંગોટી પહનકર (ગાતે થે). નાટક મેં પહલે યહ આતા હૈ.

**બ્રહ્મા ..., નારદ કહાઉં, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.**

યહાં નાટક મેં પહલે યહ આયા,

**આતમ આનંદ ભરપૂર સે ભરા હૂં, જ્યાં હોય સંસાર કા નાશ કરાવું.**

યહ ઐસા વેશ હૈ. નાટક બહુત દેખે. નિવૃત્તિ થી. 'ભરૂચ' ગયે થે તબ નાટક

દેખા થા. વહાં તો 'મીરાબાઈ' કા બડા નાટક થા. આઠ દિન મેં તીન દિન નાટક કરતે થે. 'વાંકાનેર'વાલે. એક રાત્રિ કે પંદ્રહસો રૂપયે લેતે થે. ઉન દિનોં મેં, હાં ! (સંવત) ૧૯૬૪-૬૫ મેં એક રાત્રિકે પંદ્રહસો રૂપયે. ઇતના બડા નાટક થા. હમને તો દુકાન કા માલ ખરીદ લિયા હો, રાત્રિ કો નિવૃત્તિ હોતી થી. ચલો, ચલતે હૈં. બહુત દેખા હૈ, નાટક ભી દેખે હૈં, સરકસ દેખા હૈ, ફિલ્મ દેખી હૈ. 'મુંબઈ' મેં પડી ફિલ્મ દેખી હૈ. સબ દેખા હૈ. આહા..હા..! યહ ફિલ્મ દૂસરે પ્રકાર કી હૈ. આહા..!

કહતે હૈં કિ પ્રભુ ! તૂ રાગ કા વેશ ધારણ કર તો ભી વહ વેશ તેરી ચીજ મેં નહીં. પ્રભુ ! તૂ સંવર, નિર્જરા કા મુનિપના કા વેશ ધારણ કર, સચ્ચે મુનિ, હાં ! સચ્ચે મુનિ. યે કપડે છોડકર નગ્ન હો ગયે વે કોઈ સાધુ હૈ નહીં. આહા..હા..! અંતર મેં આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાયક જિસમેં મુનિપને કી પર્યાય, સચ્ચે મુનિપને કી પર્યાય કા ભી વેશ નહીં, ઐસે જ્ઞાયક પર દૃષ્ટિ દેકર જિસે સમ્યગ્દર્શન હુઆ હો... આહા..હા..! ઔર જિસમેં મુનિપના કી મોક્ષમાર્ગ કી દશા પ્રગટ હુઈ હો વહ મુનિપના કા વેશ દ્રવ્ય મેં નહીં. આહા..હા..! તો અભી તો યે નગ્નપના મેરા વેશ હૈ, (ઐસા માનતે હૈં). મૈં નગ્ન હુઆ હૂં, દિગંબર હુઆ હૂં. આહા..હા..! વહ બાહ્ય વેશ કા અભિમાન હૈ. આહા..હા..! કપડે છોડ દિયે હૈં, નગ્ન હૈં, દેખો ! કુપિન ભી નહીં રખતે. એક કમંડલ રખતે હૈં. અરે..! ભગવાન ! વહ ચીજ તો આત્મા કી પર્યાય મેં ભી નહીં હૈ ઔર તુમ (માનતે હો કિ), મૈં નગ્ન દિગંબર હૂં, વહ તો મિથ્યાત્વ કા પોષણ હૈ. આહા..હા..! ગજબ બાત હૈ, ભાઈ !

પ્રભુ ! તેરી ચીજ જો હૈ, અખંડ આનંદ ઔર અખંડ જ્ઞાયક સમ્યગ્દર્શન કા વિષય હૈ. સમ્યગદર્શન મેં પર્યાય હૈ વહ ઉસકા વિષય નહીં, કેવલજ્ઞાન ભી સમ્યગ્દર્શન કા વિષય નહીં. ક્યોંકિ વહ તો પર્યાય કા વેશ હૈ. આહા..હા..! સમજ મેં આયા ? **'આત્મા મુનિ હૈ' યા 'કેવલજ્ઞાની હૈ' યા 'સિદ્ધ હૈ' ઐસી એક ભી પર્યાય-અપેક્ષા વાસ્તવ મેં જ્ઞાયક પદાર્થ કો નહીં હૈ.'** (અજ્ઞાની કો તો) કઠિન પડ જાયે, ઐસા ક્યા ? ભગવાન ! તેરી ચીજ બાપુ ! તુજે માલૂમ નહીં. આહા..હા..! એક પરમાણુ જૈસી છોટી સી છોટી ચીજ, વહ ભી અનંત શક્તિ સે ધ્રુવરૂપ હમેશા રહતી હૈ, ઉસમેં ભી પર્યાય કા પ્રવેશ નહીં. આહા..હા..!

પર્યાય વ્યવહારનય કા વિષય હૈ, દ્રવ્ય ત્રિકાલી નિશ્ચયનય કા વિષય હૈ. દો

કા વિષય ભિન્ન હૈ. દો નય હૈં તો દોનોં કા વિષય ભિન્ન હૈ. આહા..હા..! લેકિન વીતરાગ કી વાણી દોનોં કે વિરોધ કા નાશ કર દેતી હૈ. હમને તો પર્યાય કી અપેક્ષા સે વ્યવહાર કહા, દ્રવ્ય કી અપેક્ષા સે નિશ્ચય કહા, દોનોં બરાબર હૈ. આહા..હા..!

**'એક ભી પર્યાય-અપેક્ષા વાસ્તવ મેં જ્ઞાયક પદાર્થ કો નહીં હૈ.'** આહા..હા..! સિદ્ધ કી પર્યાય જ્ઞાયકભાવ મેં નહીં. કભી સુના નહીં હો. લો, સમય હો ગયા, વિશેષ આયેગા... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**વૈશાખ સુદ ૯, શુક્રવાર તા. ૧૪-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૦૫ થી ૧૦૬. પ્રવચન–૩૭**

**'આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે.'** શું કહે છે ? આ આત્મા જે છે આત્મા, જે જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સામાન્ય ત્રિકાળી એકરૂપ ભાવ એ આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે (ધારણ કરેલો) છે. એને કોઇ સંવર, નિર્જરા ને મોક્ષ પર્યાયનો ભેખ દ્રવ્યમાં નથી. આહા..હા..! વસ્તુ જે છે, જે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ એમાં ત્રિકાળીને જ્ઞાયકપણાનો જ એક વેષ છે. એટલે કે એનું રૂપ જ જ્ઞાયકપણું જ એક એનું રૂપ છે. આહા..હા..! એની દૃષ્ટિ કરવી, અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનની પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી. આહા..હા..! જે એની શ્રદ્ધા કરે એ પર્યાય પણ શ્રદ્ધાવાન ચીજમાં નથી. આહા..હા..! એ સમ્યગ્દર્શનની પર્યાયમાં (તારા) જ્ઞાયકભાવની શ્રદ્ધા આવી જાય. આ પૂર્ણાનંદ અખંડ છે એવી શ્રદ્ધા (થઈ જાય છે) પણ એ જ્ઞાયકભાવ પર્યાયમાં આવતો નથી. પર્યાય જ્ઞાયકભાવમાં આવતી નથી, જ્ઞાયકભાવ પર્યાયમાં આવતો નથી. આહા..હા..! આવી વાતું છે. ભાઈ ! એણે તો એક જ્ઞાયકભાવ જ વેષ ધારણ કર્યો છે. આહા..હા..! જાણન સ્વભાવ શક્તિ ત્રિકાળ એકરૂપ ત્રિકાળી સ્વભાવ ધ્રુવ એ એનો ભેખ છે, એ એનો વેષ છે, એ એની સ્થિતિ છે, એ એનું રૂપ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

**'જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી,...'** આહા..હા..! ભગવાન જ્ઞાયક સ્વરૂપ, જે સમ્યગ્દર્શનકો વિષય (છે) એને કોઈ પર્યાયનો વેષ નથી. એટલે કે એનામાં મુનિપણાના મોક્ષમાર્ગની પર્યાયનો વેષ જ્ઞાયકમાં નથી. આહા..હા..! દ્રવ્યલિંગ તો છે જ નહિ એને. આ નગ્નપણું ને પંચ મહાવ્રતના પરિણામ એ યતિના બાહ્ય ધર્મ ચિહ્નો, ધર્મલિંગ, દ્રવ્યલિંગ એ તો આત્મામાં, જ્ઞાયકમાં છે જ નહિ.

'અલિંગગ્રહણ' નો ૧૭મો બોલ છે. 'અલિંગગ્રહણ' ના ૨૦ બોલ છે ને એમાં

૧૭ મો બોલ છે. આત્મામાં દ્રવ્ય અને ભાવ વેદનો અભાવ છે. તેમ ધર્મના ચિન્હો બાહ્ય નગ્નપણું, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ એ બાહ્ય ભેખ એ વસ્તુમાં નથી. આહા..હા..! જે સમ્યગ્દર્શનનો વિષય છે, એ ચીજમાં બાહ્ય ભેખ નથી, બાહ્ય ભેખ તો નથી...

અહીંયા કહે છે, જુઓ ! **'જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, અને કોઈ પર્યાય-અપેક્ષા નથી.'** બે વાત. આહા..હા..! એને કોઈ પર્યાયની અપેક્ષા નથી કે મોક્ષની પર્યાય હોય તો જ્ઞાયકપણું રહે, સંવર-નિર્જરાની પર્યાય હોય તો જ્ઞાયકપણું રહે એવો કોઈ પર્યાયની અપેક્ષા વસ્તુને નથી. જ્ઞાયકભાવ, જે સમ્યગ્દર્શનનો વિષય છે એને પર્યાયનો વેષ નથી, કોઈ પર્યાયનો, ઇ કહેશે અને કોઈ પર્યાયની જ્ઞાયકપણાને અપેક્ષા નથી. આહા..હા..! આવું છે. એવો એ સમ્યગ્દર્શનનો વિષય જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ ! હજી તો ચોથા ગુણસ્થાનની વાત છે. આહા..! આવો દિગંબર ધર્મ છે. શેઠીયાઓએ પણ સાંભળ્યું ન હોય. જે સાંભળ્યું હોય એ જય નારાયણ ! જે સાંભળ્યું હોય એમાં હા પાડે. આહા..હા..!

અહીંયા તો કહે છે, પ્રભુ ! નિજ સત્તા જે ધ્રુવ જ્ઞાયક સત્તા, જાણક સત્તા જેનું જાણવું ઇ સત્તા એનું સ્વરૂપ (છે) એ જ્ઞાયક ત્રિકાળ છે. એને–જ્ઞાયકને, સમ્યગ્દર્શનના ધ્યેયરૂપી જ્ઞાયકને, સમ્યગ્દર્શનના વિષયરૂપી જ્ઞાયકને પર્યાયનો વેષ નથી, તેમ પર્યાયની તેને અપેક્ષા નથી. આહા..હા..! આવી વાત છે. બે વાત (થઈ).

હવે ત્રીજી વાત, જુઓ ! કહે છે, **'આત્મા 'મુનિ છે...'** એ પણ ભેખ છે, મુનિનું ભાવલિંગ એ આત્મામાં, જ્ઞાયકપણામાં નથી. એ 'પરમાત્મ પ્રકાશ'માં ૮૮ ગાથામાં કહ્યું છે. 'પરમાત્મ પ્રકાશ'. 'પરમાત્મ પ્રકાશ' છે ને ? એની ૮૮ ગાથામાં (કહ્યું છે). અહીંયા એ છે **'अप्पा लिंगिउ एक्कु ण वि'** આત્મામાં એકેય લિંગ નથી. દ્રવ્યલિંગ અને ભાવલિંગ બેય આત્મા–જ્ઞાયકભાવમાં નથી. ત્રિકાળી સત્તા જ્ઞાયકભાવ, આહા..હા..! મૂળ પાઠ છે, હોં ! ૮૮ ગાથા 'પરમાત્મ પ્રકાશ' **'अप्पा लिंगिउ एक्कु ण वि णाणिउ जाणइ जोइ'** ધર્મી એમ માને છે કે મારા જ્ઞાયકભાવમાં કોઈ લિંગ જ નથી. દ્રવ્યલિંગ નામ અઠ્યાવીસ મૂળગુણ કે નગ્નપણું એ પણ મારા સ્વરૂપમાં નથી.

**'ઇસલિયે દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ, ઔર વીતરાગ નિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ...'** આ મુનિનું (ભાવલિંગ). ભાવલિંગ એને કહીએ, જેને નિર્વિકલ્પ સમાધિ ને આનંદ ઉગ્ર વર્તતો હોય એને મુનિ કહીએ. આહા..હા..! બાકી બધા દ્રવ્યલિંગીઓ બહારના પંચ મહાવ્રત આદિ સારા હોય તો, ઇ પણ અત્યારે તો ઠેકાણું નથી. કેમ કે એને માટે ચોકા કરીને આહાર લે છે. ચોકા કરે છે ને ? નિર્દોષ તો મળે એવું નથી. એટલે ઇ તો વ્યવહારનું દ્રવ્યલિંગ પણ નથી. આહા..હા..! એ દ્રવ્યલિંગ જેને કહીએ, જેને માટે કરેલો આહાર પણ ન લે અને અઠ્યાવીસ મૂળગુણ જેના ચોખ્ખા હોય અને નગ્નદશા ચોખ્ખી હોય, વસ્ત્રનો ટુકડો પણ ન હોય. અંદરમાં રાગની તીવ્રતાનો મિથ્યાત્વભાવ ભલે હો, પણ બહારમાં ટૂકડો નહિ ને અંદરમાં નિર્દોષ આહાર લેવા માટેનો સદોષ આહાર લે નહિ, એવું જેનું દ્રવ્યલિંગ છે એ પણ સ્વરૂપ જ્ઞાયકભાવમાં તો નથી.

એ ઉપરાંત નિર્વિકલ્પ, વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ ભાવલિંગ. આહા..હા..! ભાવલિંગી મુનિને વીતરાગતા, નિર્વિકલ્પ અભેદતા આહા..હા..! અને... છે ? સમાધિ. શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આહા..હા..! ત્રણ કષાયના અભાવરૂપી શાંતિ એને– મુનિને હોય છે. ચોથે ગુણસ્થાને એક અનંતાનુબંધીના કષાયનો અભાવ ને શાંતિ હોય છે. અંદર શાંતિ હોય. શાંતિ વેદાય ત્યારે તો એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય. આહા..હા..! આ તો એકલું આકુળતાનું વેદન (હોય). વ્રત ને તપ ને ભક્તિ એકલી આકુળતા, એ વેદનને પોતે માને કે અમે વ્રતી અને તપસી છીએ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

અહીંયા તો કહે છે કે જેને એ વ્રત ને તપના પરિણામ બરાબર હોય તોપણ એ આકુળતા ને દુઃખરૂપ છે. આહા..હા..! એ તો સ્વરૂપના જ્ઞાયકમાં, ત્રિકાળમાં તો નથી પણ નિર્વિકલ્પ સમાધિ જેનું ભાવલિંગ... આહા..હા..! વિકલ્પ નામ રાગ રહિત નિર્વિકલ્પ શાંતિ ને નિર્વિકલ્પ આનંદ ને નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ રાગ રહિત જેમાં આનંદની, ચારિત્રની સ્વરૂપની સ્થિરતા (છે) એવું જે નિર્વિકલ્પ વીતરાગ સમાધિરૂપ ભાવલિંગ એ પણ જ્ઞાયકમાં નથી. કારણ કે એ પર્યાય છે. આહા..હા..! હવે આવું આકરું પડે. માર્ગ તો આ છે. આહા..હા..!

ત્રિકાળી જ્ઞાયકભાવ વસ્તુ છે ને ? અસ્તિ છે ને ? અસ્તિત્વ છે ને ? અને તે

એકરૂપ ત્રિકાળ અસ્તિત્વ છે. આહા..હા..! એવા ત્રિકાળી એકરૂપ અસ્તિત્વમાં મુનિનું ભાવલિંગ જે મોક્ષનો માર્ગ વીતરાગ, નિર્વિકલ્પ, શાંતિરૂપ, ભાવલિંગ, **'યદ્યપિ શુદ્ધાત્મસ્વરૂપ કા સાધક હૈ,...'** પૂર્ણ આનંદ મોક્ષનું એ ભાવલિંગ સાધક છે. દ્રવ્યલિંગ તો સાધક છે જ નહિ. મોક્ષનું સાધક, નિર્વિકલ્પ વીતરાગ સમાધિરૂપ વીતરાગ દશા એ મોક્ષનું સાધક છે.

**'ઇસલિયે ઉપચારનયકર જીવ કા સ્વરૂપ કહા જાતા હૈ,...'** વ્યવહારનયથી જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે. નિર્વિકલ્પ સમાધિ વીતરાગ આનંદ એને પણ જીવનું ઉપચારથી, વ્યવહારથી એનું લિંગ છે એમ કહેવામાં (આવે છે). કેમ કે પર્યાય છે. પર્યાય છે કહો કે ઉપચારથી કહો કે વ્યવહારથી કહો. એ જ્ઞાયકભાવને ભાવલિંગ છે એ વ્યવહારથી કહેવામાં આવે છે. પર્યાય છે ને ઇ ? પર્યાય એટલે વ્યવહાર. આહા..હા..! આકરી વાતું. ભાઈ ! ક્યાંય સાંભળ્યું નહોતું તમારા બાપે ક્યાંય.

મુમુક્ષુ :– જોરદાર છે.

ઉત્તર :– વાત તો આવી જોરદાર છે ને! આહા..!

આહા..હા..! શું સંતોનો, દિગંબર સંતોનો પ્રવાહ–મોક્ષનો માર્ગ ! આહા..હા..! કહે છે કે જ્ઞાયકભાવ જે મહા અનંત ગુણની સંપદાથી ભરેલો પ્રભુ, એવો જે જ્ઞાયક ત્રિકાળી એકરૂપ રહેનાર ચીજ, જે સમ્યગ્દર્શનનો વિષય છે, એ ચીજમાં દ્રવ્યલિંગ તો છે નહિ પણ ભાવલિંગ પણ એને ઉપચારથી પર્યાયમાં છે એટલે કહેવામાં આવે છે. પણ **'તો ભી પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.'** આહા..હા..! કહો, ભાઈ ! પેલા કહે, દેવ-ગુરુ પર ? દેવ-ગુરુ પર ? (સંવત) ૨૦૧૦ ની સાલમાં એવો પ્રશ્ન કર્યો હતો. અરે..! દેવ-ગુરુ તો પર પણ આ ભાવલિંગ–મુનિનો મોક્ષમાર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય સત્ય, ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ વસ્તુ છે એ પણ પર છે, દ્રવ્યમાં નથી. આહા..હા..! આવો માર્ગ છે. કહો ! 'ખંડવા'માં સાંભળ્યું છે કોઈ દી' ? આહા..હા..!

પ્રભુ ! તું એક સમયમાં અનંત અનંત ગુણની સંપદાથી ભરેલ પ્રભુ જ્ઞાયક દ્રવ્ય, દ્રવ્ય (છો). આહા..હા..! વસ્તુ અનંત સંપદાનો નાથ એકલો જ્ઞાયકભાવ જે સમ્યગ્દર્શનનો વિષય (છે) એમાં ભાવલિંગનો પણ અભાવ છે. સમ્યગ્દર્શનની પર્યાયનો તો અભાવ છે પણ 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ' જે નિશ્ચય પર્યાય છે,

નિશ્ચય હોં ! વ્યવહારની વાત તો પહેલાં કાઢી નાખી. વ્યવહાર તો ઉપચારથી અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવ્યો છે. એ માર્ગ છે જ નહિ. આહા..હા..! પણ જે સદ્‌ભૂત વ્યવહારનય, પર્યાયની અપેક્ષાએ હોં ! એવો જે મોક્ષનો માર્ગ, જ્ઞાયક સ્વરૂપની અંતર્મુખ પ્રતીતિ, અનુભવમાં પૂર્ણાનંદના નાથની પ્રતીતિ અને પૂર્ણાનંદના નાથનું જ્ઞાન અને અંદર પૂર્ણ જ્ઞાયકભાવમાં અંદર પર્યાયમાં સ્થિરતા, એ ત્રણ દશા પણ જ્ઞાયકભાવમાં નથી. આહા..હા..!

એમાં પહેલેથી વાત આવી ગઈ હતી કે કોઈ પણ પર્યાયની અપેક્ષા નથી અને કોઈ પણ પર્યાયનો વેષ નથી, એટલે અહીંયા આ કહ્યું. આહા..હા..! **'પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવ કા નહીં હૈ.'** કેમ કે ભાવલિંગ તો સાધનરૂપ છે, પર્યાય છે, ત્રિકાળી જ્ઞાયકભાવ નહિ. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, જેમાં એની સિદ્ધની પર્યાયનો પણ જેને ભેખ નથી. આહા..હા..! ઇ આમાં આવ્યું.

જેને **''મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે'...'** એ પર્યાયનો જ્ઞાયકભાવમાં અભાવ છે. અરે...! કેવળજ્ઞાનીની પર્યાયનો પણ જ્ઞાયકભાવમાં અભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? **'આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે...'** આહા..હા..! **'કે 'સિદ્ધ છે...'** આહા..હા..! **'એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** આહા..હા..! કોઈ દિ' સાંભળ્યું નથી આ બધું ન્યાં પાવડરના ધંધામાં ને આ ને... આહા..હા..!

શ્રોતા :- આજે સાંભળવા આવ્યા છે.

દાનનો ભાવ થાય એ તો રાગ છે એ પણ જ્ઞાયકભાવમાં તો નથી પણ જે રાગને જાણનારી વીતરાગી પર્યાય.... આહા..હા..! વ્યવહારને જાણેલો પ્રયોજનવાન છે એમ જે કહ્યું એ વ્યવહાર તો આત્મામાં છે નહિ, પર્યાયમાં નથી તો એ વ્યવહાર જે રાગ છે એ તો દ્રવ્યમાં છે જ નહિ, પણ જે વ્યવહારને જાણવાની સમ્યગ્જ્ઞાન પર્યાય,... આહા..હા..! એ રાગને જાણવાની તો ખરેખર તો પોતાને જાણવાની (પર્યાય) છે, કેમ કે પર્યાયમાં સ્વદ્રવ્ય જણાય છે અને પર્યાયમાં સ્વ-પરપ્રકાશક સ્વભાવને કારણે રાગ જણાય છે એ રાગ જણાતો નથી પણ પોતાની સ્વ-પરપ્રકાશક પર્યાય જણાય છે... આહા..હા..! એ સ્વ-પરપ્રકાશક પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી. અહીં તો ટાઢો પોર શાંતિ એકાંત છે. આ બધું ચાલે. મોટા મોટા પંદર હજાર માણસોમાં (લઈએ

તો લોકોને એમ લાગે કે) આ શું કહે છે ? વાત તો આ આવે પણ એને કોઈ દાખલા દલીલ કરીને (સ્પષ્ટ કરવું પડે). આહા..હા..! ગજબ વાત છે.

**'ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** પર્યાયની અપેક્ષા, મુનિની અપેક્ષા, ભાવલિંગી સંત, હોં ! આહા..હા..! અતીન્દ્રિય આનંદનું પ્રચૂર સ્વસંવેદન વૈભવ. 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને ? કે હું મારા નિજ વૈભવથી 'સમયસાર' કહીશ. એ નિજ વૈભવ શું ? પ્રચૂર સ્વસંવેદન, સ્વઆત્માનું પ્રચૂર બહોત ઘણું પ્રત્યક્ષ આનંદનું વેદન એ મારો વૈભવ (છે) એમ 'કુંદકુંદાચાર્યે' પાંચમી ગાથામાં કહ્યું. એ જ 'કુંદકુંદાચાર્ય' પાછું કહે છે, એ મોક્ષની અને મોક્ષના માર્ગની પર્યાય મારા દ્રવ્યમાં નથી. અને મારું જે દ્રવ્ય છે, સમ્યગ્દર્શનનો વિષય જે જ્ઞાયક છે, એ મોક્ષની પર્યાય અને મોક્ષના માર્ગની પર્યાયને કરતું નથી. આહા..હા..! આઘું ગયું. ભાઈ ! સાંભળે તો ખરા, બાપા ! આવી વસ્તુ કે દિ' મળશે ? ભાઈ ! આહા..હા..! ભગવાન સર્વજ્ઞદેવ એમનું કહેલું પરમ સત્ય સંતો જગત પાસે જાહેર કરે છે, આડતિયા થઈને જાહેર કરે છે (કે) માર્ગ આ છે. આહા..હા..! તને રુચે તો લે, ન રુચે તો સ્વતંત્ર છે, ન રુચે તો સ્વતંત્ર છે. આહા..હા..!

મુમુક્ષુ :– પર્યાયને કરે નહિ પણ જાણવાનું કામ તો કરે ને ?

ઉત્તર :– જાણવાનું કામ પર્યાય કરે. દ્રવ્ય-ગુણ છે, દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે. કાર્ય તો પર્યાયમાં હોય છે. એ તો ત્રિકાળ કારણ છે. એની શક્તિ કહેવાય. સ્વ-પરપ્રકાશક શક્તિ ત્રિકાળ પણ ઇ સ્વ-પરપ્રકાશક શક્તિ. સ્વ-પરપ્રકાશકનું પરિણમન–પર્યાય એ નહિ. આહા..હા..! ત્યાં પણ પ્રશ્ન થયો હતો. 'કુરાવડ'માં તમે હતા ? પ્રશ્ન થયો હતો. ઘણાં માણસો હતા ને ! 'દિલ્હી'થી ભાઈ આવ્યા હતા ને ? 'દિલ્હી'થી .. પ્રકાશન 'દિલ્હી'થી આવ્યા હતા એણે પ્રશ્ન કર્યો હતો, આ જે જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે એ શું ચીજ છે ? લક્ષણ કહ્યું છે એ બે પ્રકારે (કહ્યું છે). એક તો ત્રિકાળી જ્ઞાનને લક્ષણ કહીને આત્મા લક્ષ બતાવ્યો છે કે જે ધ્રુવ છે. 'નિયમસાર'માં ત્રિકાળી જ્ઞાન ધ્રુવ તેને લક્ષણ (કહ્યું છે અને) આત્મા લક્ષ એટલું સમજાવ્યું છે. પણ તે લક્ષણ અને લક્ષને સમજી કોણ શકે ? પર્યાય. જ્ઞાનની પર્યાય તે એનું ખરું લક્ષણ છે. કે જે પર્યાયમાં લક્ષણ જે છે જ્ઞાન ત્રિકાળ, ત્રિકાળી લક્ષણ અને ત્રિકાળી વસ્તુ તેનું લક્ષ. એનો નિર્ણય કરે છે લક્ષણ એ તો પર્યાય. 'કુરાવડ'માં મોટો પ્રશ્ન ચાલ્યો હતો. માણસો ઘણું. બરાબર ધ્યાન રાખવું. દસ-દસ, બાર હજાર માણસો વ્યાખ્યાનમાં

(આવતા હતા) અને એ લોકોની વ્યવસ્થા પણ ઘણી. પંદર પંદર હજાર માણસોના જમણની રસોઈ. દિગંબરો બધા એકઠા (થયેલા).

મુમુક્ષુ :– ૧૫૦-૨૦૦ વર્ષમેં ઐસા આનંદ કભી નહિ આયા. 'કુરાવડ' મેં એસા આનંદ કભી નહી આયા. ઇતની જ્યાદા સંખ્યા...

ઉત્તર :– દસ-દસ, બાર-બાર હજાર(ની) સભા ! માણસ સાંભળે. બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! પહેલા ધીમે-ધીમે, ધીરે-ધીરે સમજવું પણ મારગ આ છે. એ મારગ સિવાય કંઈ પણ ઓછું, અધિક, વિપરીત થશે (તો) મિથ્યાત્વ છે. આહા..હા..!

મુમુક્ષુ :– 'ઉદયપુર'માં બહુત...

ઉત્તર :– 'ઉદયપુર' મેં તો શિક્ષણ ચલા થા. આહા..હા..! ૨૦ દિન શિક્ષણ ચલા થા. 'ઉદયપુર' મેં હમ તીન દિન થે. બાદ મેં વહ ચલાયા. લોકોમાં પ્રચાર છે. વિરોધી વિરોધ ભી કરતે હૈં, કરે. એને ન બેસે તો શું થાય ? આવી વાત... વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત પરિણામ એ ધર્મ નહિ ને ધર્મનું કારણ નહિ. શુભરાગ (હૈ). 'ભૈયાજી' ! સવારમાં પ્રશ્ન કર્યો હતો. આહા..હા..! રાગ હૈ ના ? વિકલ્પ હૈ, કષાય કા અંશ હૈ, વહ મોક્ષ કા માર્ગ નહીં. આહા..હા..! અકષાયભાવ જો હૈ, જ્ઞાયક ત્રિકાળી જિનસ્વરૂપ હૈ, ત્રિકાળી, એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા જે નિર્વિકલ્પ શાંતિ એ પણ પર્યાય (છે). આહા..હા..! એ મોક્ષનો માર્ગ (છે). એ માર્ગ હો પણ એ પર્યાય ને મોક્ષકી પર્યાય બન્નેનો દ્રવ્યમાં તો અભાવ છે. અથવા દ્રવ્ય છે તે... આહા..હા..!

બે વાત યાદ આવી. એક તો ૩૮ ગાથા, 'નિયમસાર'ની ૩૮ મી ગાથા. નિશ્ચય આત્મા કોને કહ્યો ? એમ લખ્યું. પર્યાય વિનાની ત્રિકાળી ચીજ તે નિશ્ચય આત્મા. ભાઈ ! ૩૮ ગાથા. કેવળજ્ઞાન પણ નાશવાન (છે) એમ લીધું છે. 'નિયમસાર' ૩૮ ગાથા. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ–સાતેય પર્યાય નાશવાન છે. કેમ કે પર્યાય છે, એક સમયની સ્થિતિ–મુદત છે તે નાશવાન છે અને ભગવાન ત્રિકાળી વસ્તુ છે એ અવિનાશી છે. આહા..હા..! અને એ અવિનાશી ત્રિકાળી વસ્તુ છે તેને અહીંયા અમે નિશ્ચયથી સત્યાર્થ આત્મા કહીએ છીએ. સત્ આત્મા એ હૈ. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક સત્તા પૂર્ણ, એને નિશ્ચય આત્મા, સત્ આત્મા એક છે એમ કહેવામાં આવ્યું છે. પર્યાયને સત્ આત્મા નહિ. કારણ કે પર્યાય નાશવાન છે. કેવળજ્ઞાનની પર્યાય નાશવાન (છે). આહા..હા..! એક વાત.

બીજી વાત, 'સમયસાર' ની ૩૨૦ ગાથા, 'જયસેનાચાર્ય' ની ટીકા અને મૂળ પાઠ. કે ભગવાનઆત્મા એ બંધના માર્ગને કરતો નથી, બંધને કરતો નથી, મોક્ષના માર્ગને કરતો નથી, મોક્ષને કરતો નથી. 'ભૈયાજી' ! વસ્તુ છે ને ત્રિકાળ! મોક્ષનો માર્ગ તો પર્યાય છે. દ્રવ્ય છે એ પર્યાયને કરતું નથી. સમજાય એવી ભાષા છે. આહા..હા..! ૩૨૦ ગાથા છે. ઉદયને પણ ભગવાન જાણે, નિર્જરાને જાણે, મોક્ષને જાણે, બંધને જાણે, મોક્ષના માર્ગને પણ જાણે. આહા..હા..! એ મોક્ષના માર્ગને અને મોક્ષને આત્મા કરતો નથી. આત્મા તો દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયક છે. આહા..હા..! એ પર્યાય કરે છે. આહા..હા..! કાર્ય તો પર્યાયમાં થાય છે, ત્રિકાળી ધ્રુવ તો સદશ પડ્યું છે એમાં કાર્ય કેવું પર્યાયનું ? આહા..હા..! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– અકારક અને અવેદક.

ઉત્તર :– હા. ભગવાનઆત્મા.. આહા..હા..! નિશ્ચયઆત્મા તો એને કહ્યો કે એક સમયની ચીજ કે કેવળજ્ઞાનની પર્યાય એ પણ નાશવાન છે એ અપેક્ષાસે ત્રિકાળી જ્ઞાયક વસ્તુ સત્... સત્... સત્... સત્... સત્... સત્... એકરૂપ સદશ ત્રિકાળી છે એને નિશ્ચય સત્ય આત્મા કહ્યો અને એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય. આહા..હા..! સમજાય છે કાંઈ ? અને એ બંધ ને મોક્ષના માર્ગની પર્યાયને નાશવાન ગણી તેથી તેને અવિનાશી ભગવાનને આત્મા કહેવામાં આવ્યો. આ પર્યાયને આત્મા કહેવામાં ન આવ્યો. એ વ્યવહાર આત્મા. નિશ્ચય મોક્ષમાર્ગનો પર્યાય અને મોક્ષ પર્યાય એ વ્યવહાર આત્મા, ત્રિકાળી એ નિશ્ચય આત્મા. આવી વાતું. આત્માના પાછા બે પ્રકાર (થયા). આહા..હા..!

કેવળજ્ઞાન ને કેવળદર્શન, અનંત આનંદ સર્વજ્ઞ અરિહંતદેવ ત્રિલોકનાથને પૂર્ણ આનંદ ને અનંત ગુણો પર્યાય(માં) પ્રગટ થઈ ગયા. છતાં એ પર્યાય છે. આહા..હા..! તેને દ્રવ્ય કરતું નથી, તેમ એ પર્યાય દ્રવ્યમાં નથી. આહા..હા..! સમજાય છે ને ? ભલે ભાષા તો સાદી છે, ભલે ભાવ તો ઘણા ઊંચા (છે). આહા..હા..!

આ તો બેનનો ૧૦૫ મો બોલ. ૧૦૫. જેને કેવળજ્ઞાન ને મુનિપણું કે સિદ્ધ **'એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** બીજો બોલ આવ્યો હતો ને ? **'પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી.'** એનો અર્થ કર્યો. એને મુનિપણું, મોક્ષનો માર્ગ કે સિદ્ધપદ કે કેવળજ્ઞાન એ તો પર્યાય છે, એક સમયની

મુદતની એક સમયની (પર્યાય છે). સિદ્ધપણાની પણ પર્યાય એક સમયની, બીજે સમયે બીજી. (થાય છે). ધ્રુવ જે દ્રવ્ય જ્ઞાયક ત્રિકાળ એ તો ત્રિકાળ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવું તો જ્યારે સામે આવ્યું હોય પુસ્તક તો ચાલે ને ! ખેંચીને લાવવા જાય તો (આવે નહિ). આ તો છે આમાં તેથી વિસ્તાર એનો થાય છે.

દ્રવ્યલિંગ નહિ, ભાવલિંગ નહિ, મુનિપણું નહિ, કેવળજ્ઞાન નહિ, સિદ્ધપદ નહિ. આહા..હા..! એવું એકરૂપ સદશ એટલે ધ્રુવ, તેને અમે અહીંયા આત્મા કહીએ, તેને દ્રવ્ય કહીએ, તેને સામાન્ય કહીએ, તેને પર્યાય વિનાનો આત્મા કહીએ. આહા..હા..! અહીં તો હજી બહારથી અટક્યા. આ વ્રત પાળીએ ને આ નિયમ કરવા ને આ ફલાણું ખાવું ને આમ ન ખાવું ને લૂગડાં ઘટાડી દેવા ને લૂગડાં છોડી દેવા ને... ક્યાં હતું ? આહા..હા..!

જે પ્રભુ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, જે સમ્યગ્દર્શનનો વિષય એ તો મોક્ષના માર્ગને ને સમકિતને પણ કરતો નથી એમ કહે છે. એ..ઇ..! એ ત્રિકાળી અપરિણામી ચીજ છે. એ પલટતું નથી, બદલતું નથી. જેની પર્યાયમાં હલચલ એ પર્યાય એનામાં નથી અંદર. આહા..હા..! હલચલ વિનાનું ધ્રુવ. આહા..હા..! એ એકરૂપ ત્રિકાળ ચીજ, એ સમ્યગ્દર્શનનો આશ્રય કરવા લાયક એ ચીજ છે. સમકિતીની ધ્રુવ ઉપર નજર કાયમ રહેતી હોય છે. ચાહે તો વિકલ્પ આવે ખાવા, પીવાનો, બોલવાનો બધો (વિકલ્પ આવે) પણ દૃષ્ટિમાં તો ત્રિકાળી, જેમાં મોક્ષની પર્યાય પણ નથી, એવા ધ્રુવ ઉપર નજર કાયમ હોય છે. આહા..હા..! અને ધ્રુવ ઉપરની નજર ખસે અને જો પર્યાય ઉપર નજર જાય, ખસીને નજર જાય, હોં ! જાણવા માટે જાણે એ તો જ્ઞાન જાણે કે પર્યાય છે, પણ દ્રવ્યમાં ધ્રુવનો આશ્રય છૂટીને પર્યાયને જો જોડવા જાય તો પર્યાયમાં વિકલ્પ ઉઠે ને એમાં લાભ માને તો મિથ્યાત્વ છે. આહા..હા..! અહીં સુધી મિથ્યાત્વ કહેવાય છે.

એ માટે અહીં કહ્યું કે જ્ઞાયક તત્ત્વને એ જ્ઞાયકપણાનો ભેખ એક છે. ત્રિકાળી જ્ઞાયકપણું જાણવાની ક્રિયા એ પણ જેનામાં નથી. કારણ કે એ તો પરિણમન છે, પરિણમન પર્યાય છે અને વસ્તુ અપરિણામી ત્રિકાળ છે. આહા..હા..!

મુમુક્ષુ : જ્ઞાયક કહીને જાણવાની પર્યાય...

ઉત્તર : એ તો છઠ્ઠી ગાથામાં ન કહ્યું ? **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो**

**जाणगो दु जो भावो।'** પણ એ પર્યાયને જાણવાનું કહ્યું પણ એ પર્યાય જે છે એ પરને જાણે છે, એ પર્યાયને પર્યાય જાણે છે. એ પર્યાય પરને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. પર્યાય પર્યાયને જાણે છે તે નિશ્ચય છે. આહા..હા..! ચોથું પદ આવી ગયું છે. **'णादो जो सो दु सो चेव'** ચોથું પદ છે. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** ભગવાનઆત્મા પ્રમત્ત-અપ્રમત્ત છે જ નહિ. પહેલે ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન આત્મામાં નથી. આહા..હા..! ભાઈ ! તેરમું ગુણસ્થાન... અમારે એક ભાઈ હતા. તેરમું કહેતા. તેરમું ગુણસ્થાન તારું નથી. એને બિચારાને સાંભળવાનો પ્રેમ હતો, પહેલા બીજા રસમાં ચડી ગયેલા. ગાવામાં ને એમાં ને... પછી અહીં સાંભળવા આવતા. તેરમું ગુણસ્થાન તારું નથી એમ કહે છે. આહા..હા..! કેમ કે એ તો પર્યાય છે. એક સમયની પર્યાય તો વ્યવહારનો વિષય છે. ત્રિકાળ જે છે તે નિશ્ચયનો વિષય (છે). એમાં એક પર્યાયનો વિષય, વ્યવહારનો વિષય એમાં નથી. બેય છે ખરા. એમ નહિ કે (છે જ નહિ). ત્રિકાળીમાં નથી પણ પર્યાય પર્યાયમાં છે. વ્યવહારનો વિષય પણ વર્તમાનમાં જે છે ઇ વિષય છે. મોક્ષનો માર્ગ છે, કેવળજ્ઞાન છે, સિદ્ધ છે. કેમ કે એક જીવ વસ્તુ છે.

સાંભળો ! જીવ વસ્તુ છે એના પર્યાયમાં બે ભાગ પાડ્યા. એક સંસાર અનાદિસાંત, એક મોક્ષ સાદિઅનંત. સંસાર અનાદિસાંત. પર્યાય છે ને ? મોક્ષ સાદિઅનંત. બે ભાગ પડી ગયા. આહા..હા..! એ જીવ વસ્તુ ત્રિકાળીમાં બે ભાગ પાડવા એ વ્યવહારનો વિષય થઈ ગયો. આહા..હા..! આવું છે. બેસવું કઠણ પડે. એ જાણે કે આ જૈનની વાત હશે આવી ? જૈનમાં તો દયા પાળો ને વ્રત કરવા ને ત્યાગ કરવા ને તપસ્યા (કરવી)... અરે..! બાપા ! તેં સાંભળ્યું નથી, ભાઈ ! વીતરાગદર્શન કોઈ અલૌકિક વાત છે, એ વિશ્વદર્શન છે, વસ્તુનું સ્વરૂપ છે તેવું જાણ્યું એવું ભગવાને કહ્યું છે. આહા..હા..! તને સાંભળવા ન મળે માટે આ બીજી ચીજ છે, નવી છે એમ તને લાગે. નવી નથી, અનાદિની આમ જ છે. આહા..હા..!

જ્ઞાયકભાવ એ જ ત્રિકાળી નિશ્ચય આત્મા. જ્ઞાયકભાવ ત્રિકાળી તેમાં મોક્ષની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય, મુનિ પર્યાયનો અભાવ (છે). જ્ઞાયકભાવ એ જ નિશ્ચય આત્મા. જ્ઞાયકભાવ એ મોક્ષ ને મોક્ષના માર્ગની પર્યાયને કરે નહિ તે જ્ઞાયકભાવ. આહા..હા..! પર્યાય પર્યાયને કરે. કેમ ? કે કેવળજ્ઞાન જે ઉત્પન્ન થાય છે કે સિદ્ધની

પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાય ષટ્કારકે પરિણમતી પોતાથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! જેને દ્રવ્યની અપેક્ષા નથી. એ પાઠ છે એવો. સમજાણું કાંઈ ? આહા..હા..! 'પ્રવચનસાર'. વિકારના ષટ્કારક છે એ સ્વતંત્ર છે. એ વાત (દિગંબરના એક વિદ્વાન સાથે) ચાલી હતી, (એમને) નહોતી બેસતી. એ વાત હતી નહિ, 'હિન્દુસ્તાન'માં નહોતી.

મુમુક્ષુ :– આપે કહ્યું એમાંની એક્કે નહિ.

ઉત્તર :– હા, એક્કે નહોતી. તે દિ' તો એટલી વાત થઈ હતી, (સંવત) ૨૦૧૩ સાલ. પહેલાં 'સમ્મેદશીખર'ની જાત્રા આવ્યા ને પહેલાં. ૨૧ વર્ષ (થયા). ૨૦૧૩ ની સાલ. ૨૦૦૩ ની સાલમાં તો અહીંયા વિદ્વત પરિષદ ભરી હતી. એકવીસ વર્ષ (પહેલા) ચર્ચા થઈ. બધા પંડિતો બેઠા હતા. કીધું, આત્મામાં-પર્યાયમાં વિકાર જે થાય છે, એ પર્યાયમાં ષટ્કારકનું પરિણમન પર્યાયનું છે. રાગની કર્તા પર્યાય રાગ, રાગનું કર્મ રાગ, રાગનું સાધન રાગ, રાગમાંથી રાગ, રાગનો આધાર રાગ (છે). એ રાગને દ્રવ્ય-ગુણનું કારણ પણ નથી, તેમ પર કારકની અપેક્ષા નથી. એકદમ આકરું પડી ગયુ હતું, આ આવું ? (એમણે કહ્યું), અરે...! મોટી ભૂલમાં આવ્યા. સાંભળેલું નહિ, એ વાત ચાલતી નહોતી.

'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા, 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા મુકી હતી કે જુઓ ! આમાં લખ્યું છે કે એક સમયની જે પર્યાય વિકારી, હોં ! મિથ્યાત્વની, રાગ-દ્વેષની, વિષય-વાસનાની એ પર્યાય(નો) કર્તા પર્યાય, કર્મ પર્યાય, કરણ પર્યાય, સાધન એ પર્યાય, પર્યાયનો આધાર પર્યાય, પર્યાયથી પર્યાય (થઈ), પર્યાય કરીને પર્યાય રાખી એ ષટ્કારક પર્યાયનું પરિણમન જેને પર કારકની તો અપેક્ષા નથી પણ જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આહા..હા..! કોલાહલ થઈ ગયો કે આ લોકો મૂળમાં ભૂલ્યા. આહા..હા..! વિકારને કર્મની અપેક્ષા નથી ? આ પાઠ દેખો ! 'પંચાસ્તિકાય' ૬૨ ગાથા. પર કારકની જેને અપેક્ષા નથી. તો પછી જ્યાં નિર્વિકારી પર્યાય,... આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્દોષ શાંતિ ને આનંદની પર્યાય (થઈ) એ પર્યાયના ષટ્કારકનું પરિણમન પોતાથી છે. દ્રવ્ય-ગુણથી નથી, તેમ કર્મનો અભાવ થાય તો આ પરિણમન થાય એવી અપેક્ષા એને નથી. આહા..હા..! આ તો કાલે હિન્દીમાં ચાલ્યું હતું. હવે ગુજરાતીમાં આજે (લીધું). મૂળ વાત હતી ખરીને ! આહા..હા..!

આવો ઉપદેશ છે. આમાં હવે શું કરવું કાંઈ સૂઝ પડતી નથી. વ્રત કરી શકે

નહિ, દયા કરી શકે નહિ, એ તો વિકલ્પ છે (એમ કહે છે). પણ સાંભળ તો ખરો ! વસ્તુ જે ત્રિકાળી છે એ ઉપર દૃષ્ટિ કરી શકે છે કે નહિ ? દૃષ્ટિ કરતો નથી એ કરવી છે, એ કરવાનું છે. આહા..હા..! અને જે દૃષ્ટિનો વિષય છે તે દૃષ્ટિ ત્યાં કરવાની છે અને પછી તેમાં ઠરવાનું છે, એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ વ્રત ને એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** આહા..હા..! રાડ નાખી જાય એવું છે. આ 'મથુરા', 'મથુરા', 'મથુરા'માં ગયા હતા ને એકવાર ? સભામાં પંડિતો હતા, સભા મોટી હતી. કીધું કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે, એ નાશવાન છે. આહા..હા..! પંડિતો કહે, આ શું ? એક સમયનું કેવળજ્ઞાન ગુણ નથી. ગુણ છે એ તો ત્રિકાળ છે આત્મામાં. ઉત્પન્ન થાય તે ગુણ ન હોય, ઉત્પન્ન-ધ્વંસી છે તે પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, કેવળજ્ઞાન પણ અવસ્થા છે. ભાઈ ! પંડિતોમાં ખળભળાટ થઈ ગયો. પણ (બીજા એક વિદ્વાન) હતા કે વાત પર્યાયની છે. પર્યાય છે એ કાંઈ ત્રિકાળી ચીજ નથી. ગુણ ત્રિકાળી છે. આહા..હા..!

મૂળ તત્ત્વજ્ઞાનનો વિષય જ આખો બધો ફેરફાર થઈ ગયો. મૂળ ચીજ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ કોણ ? એમાં જ આખા વાંધા ઉઠ્યા. આહા..હા..! અન્ય માર્ગને, કુમાર્ગને માર્ગ માની લીધો. અરે..! પ્રભુ ! એમાં હિત શું થાય ? ભાઈ ! આહા..હા..! દેહ છોડીને જ્યાં જવું છે, બાપુ ! ત્યાં આવી માન્યતા હશે કે આ રાગથી ધર્મ થાય ને... બાપુ ! ત્યાં તો તું દુઃખને વેદીશ. કારણ કે વર્તમાન એ રાગ છે, દુઃખ છે અને દુઃખના વેદનમાં ભવિષ્યમાં જઈશ તું ? અર..ર..! આહા..હા..! ભાઈ ! તારા હિતની વાત છે.

જ્યાંથી આનંદ ઉત્પન્ન થાય એવી જે ચીજ એને એમ કહેવું કે આનંદ આનાથી ઉત્પન્ન થયો એ પણ વ્યવહાર છે. આનંદ આનંદથી ઉત્પન્ન થાય છે. ભાઈ ! વાત સારી આવી ગઈ. બરાબર તમે અહીં આવ્યા છો ને. 'કલકત્તા'થી આવ્યા (છે). માલ વાત આવી ગઈ. આહા..હા..!

**'ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે.'** આહા..હા..! જેમાં સિદ્ધ ને મુનિપણાના માર્ગની પર્યાયનો પણ અભાવ (છે). આહા..હા..! એ પર્યાયદૃષ્ટિ છોડ

અને દ્રવ્યદૃષ્ટિ કર. એ પર્યાયના વખાણ કરીને ઉત્પન્ન થયા ત્યાં નજર ન રાખ. નજર તો ત્યાં જ્ઞાયક સ્વરૂપ એકરૂપ છે ત્યાં નજર (રાખ). નજરબંધી... આ જાદુગર નથી નજરબંધી કરતાં ? એમ અહીંયા તારી જાદુગરી, નજરબંધી નજરને ધ્રુવમાં ધ્રુવ ઉપર લે. આહા..હા..! ત્યારે તે નજરબંધીનું સમ્યગ્દર્શન કહેવાય. આહા..હા..! અને એ સમ્યગ્દર્શન વિના એ ભણતર જે શાસ્ત્રના અગિયાર અંગના (કર્યા) પણ એ અજ્ઞાન છે અને એ સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ ને પરિષહ સહન કરે એ બધો ક્લેશ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? ૧૦૫ થયું. (બોલ પૂરો થયો). આ તો આ ગુજરાતીમાં થોડુંક ફેરવ્યું.

**ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે. પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે. ૧૦૬.**

૧૦૬, '**ચૈતન્યસ્વરૂપ આત્મા તો તારો પોતાનો છે...**' તું પોતે ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્ઞાયકસ્વરૂપ તો તું પોતે છો. પોતે એટલે સ્વયં. આહા..હા..! એ કોઈ બહારથી લાવવું છે એમ છે નહિ, '**માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.**' છે તો પોતે એને પ્રાપ્ત કરવો છે. આહા..હા..! પ્રભુ છે. ચૈતન્યસ્વરૂપ આત્મા, જ્ઞાયકસ્વરૂપ પ્રભુ. અહીં જ્ઞાયક નહિ કહીને ચૈતન્યસ્વરૂપ લીધું. પે'લું જાણકસ્વરૂપ આત્મા (હતું), (અહીંયા) ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ આત્મા (લીધું). આહા..હા..!

ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા તો ત્રિકાળ એ તારો છે. એ તારો પોતાનો એટલે તું પોતે છે. ચૈતન્યસ્વરૂપ આત્મા તો તું પોતે છે. આહા..હા..! સ્વયં તું પોતે છે. આહા..હા..! છે તેને પ્રાપ્ત કરવો, છે તેની સત્તા હોવાપણું, હોવાપણાને હોવાપણાથી પ્રાપ્ત કરવું એ તો સહેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

'**ચૈતન્યસ્વરૂપ આત્મા...**' વ્યાખ્યા પહેલી એ કરી કે આત્મા એટલે શું ? ચૈતન્યસ્વરૂપ.

એ રાગસ્વરૂપ, પુણ્યસ્વરૂપ ને પાપસ્વરૂપ ને એ નહિ. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ જે ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ... આહા..હા..! એ તો તું પોતે જ છો એટલે એ તો તારો છે. આહા..હા..! તારો પોતાનો છે એ તો. આહા..હા..! ઇ પોતાનો પોતાપણે કરવો એમાં કહે છે કે દુર્લભ શું છે ? આહા..હા..! **'માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.'** 'શ્રીમદ્'માં આવે છે – સત્ સરળ છે, સર્વત્ર છે. આહા..હા..! વસ્તુ છે એ કાયમ પોતે કાયમ કોઈ પણ ક્ષેત્રમાં હો ને કોઈપણ પર્યાયમાં હો, વસ્તુ તો વસ્તુપણે કાયમ છે અંદર. આહા..હા..! એ ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે. આહા..હા..! છે તેને મેળવવું એમાં વિશેષ શું છે ? કહે છે. પણ પરપદાર્થ છે... આહા..હા..!

**'પરપદાર્થ પરનો છે,...'** ખરેખર રાગ છે ને ? દયા, દાન, વ્રતનો રાગ એ પણ પર વસ્તુ છે. એને પોતાનો કરવો એ નહિ થઈ શકે. આહા..હા..! રાગ છે એ પોતાનો નહિ થઈ શકે. કેમ કે એ પર વસ્તુ છે. તો રજકણને, શરીરને, પરને પોતાના કરવા એ તો દૂર રહ્યું. આહા..હા..! ભાઈ ! આ અમારી આ બાયડી, સ્ત્રી છે, અર્ધાંગના છે, અર્ધું અંગ અમે અને અર્ધું ઇ. ત્રણે કાળમાં નથી, બાપુ ! આહા..હા..! એ તો ધૂળ (છે). એનું શરીર જુદું, એનો આત્મા જુદો. એ તો પર છે. પરને પોતાનો કરવો એ તો દુર્ગમ્ય છે. કેમ કે એ બની શકે નહિ. અને છે તેને પ્રાપ્ત કરવો એ તો બની શકે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પૈસા, લક્ષ્મી, આબરુ, મકાન એ બધા પર છે એને પોતાના કરવા એ નહિ થઈ શકે. એ પરને પોતાના કરવામાં તને આકુળતા થશે છતાં પર વસ્તુ તારી થશે નહિ. આહા..હા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.'** સહેલું છે. આહા..હા..! કોઈ સ્થળ હોય ત્યાં જાવું હોય તો તો એ સુગમ છે પણ સ્થળ જ ન મળે ત્યાં ક્યાં જવું ? એમ રાગ ને પુણ્ય ને પરવસ્તુમાં તો આત્માનું સ્થાન જ નથી. આહા..હા..! એને તું આત્માના કરવા માંગીશ તો કોઈ રીતે થશે નહિ. આહા..હા..! આકુળતા થશે. પરને પોતાના કરવા માંગીશ ત્યાં કરી તો નહિ શક (પણ) આકુળતા થશે. આહા..હા..! આવી વાત છે.

**'પરપદાર્થ પરનો છે,...'** પરપદાર્થ પરનો છે. છે ખરો એ, પણ એ એનો છે, તારો નહિ. શરીર, મકાન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મા, બાપ... આહા..હા..! એ તો પર ચીજ છે. એ પર (ચીજ) તો પરની છે, એને તારી કરવી એ કઈ રીતે થઈ શકશે ? અને ત્યાં તારો પુરુષાર્થ કામ કરે છે આખો દિ'. આને સાચવું ને આને આ કરવું ને આ કરવું ને આને આ કરવું. આહા..હા..! સ્ત્રીને રાજી રાખું ને સ્ત્રીને અનુકૂળ સંયોગ મેળવું ને... પણ પ્રભુ !

તે પર છે એને શું કરીશ તું ? આહા..હા..! દીકરી ને દીકરા ને પુત્ર-પુત્રી, લગન કરીને ઠેકાણે પાડવા. ભાઈ ! પરનું શું કરી શક તું ? આહા..હા..!

**'પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી,...'** આ આંગળી છે એ આંગળીની છે, આ આંગળી આ આંગળીની નથી. તેથી આ આંગળીને અહીં કરવી એ નહિ થઈ શકે. આ આંગળીને આ આંગળીની કરવી નહિ થઈ શકે. આ આંગળીને આંગળીની કરવી એ થઈ શકશે. પોતાની પોતાને કરવું એ થઈ શકશે. આંગળીની જડ. એમ આત્મા પોતે પોતાનો કરવો એ થઈ શકશે પણ પરપદાર્થ જે પરરૂપે છે તેને પોતાનો કરવો નહિ થઈ શકે. આહા..હા..! પહેલેથી બાવો ! આહા..હા..! રાગ, એ રજકણ પરદ્રવ્ય છે. આહા..હા..!

અહીં તો 'નિયમસાર'માં ત્યાં સુધી લીધું કે મોક્ષનો માર્ગ છે એ પરદ્રવ્ય છે. એને તું સ્વદ્રવ્ય કરવા માગીશ આખા ત્રિકાળમાં (તો) નહિ થઈ શકે. મોક્ષનો માર્ગ, હોં ! પર્યાય. એ છે તો પરદ્રવ્યથી ભિન્ન છે. એને ત્યાં પરદ્રવ્ય કીધું. એનું કારણ ? કે એ પરદ્રવ્ય છે એ સ્વદ્રવ્યરૂપે નહિ થઈ શકે. એ પર્યાય સ્વદ્રવ્યરૂપે નહિ થઈ શકે. આહા..હા..! એ પર છે એ પરપણે રહેશે. પર્યાય પર્યાયપણે રહેશે, પણ પર્યાયને તું દ્રવ્યની કરવા જઈશ તો નહિ બની શકે. આહા..હા..!

મુમુક્ષુ : આ ન્યાય નવો છે.

ઉત્તર : એમ કીધું હતું ને કે પરપદાર્થ કેમ કહ્યો એ પહેલો અર્થ કર્યો હતો કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી એમ મોક્ષના માર્ગની પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી માટે પરદ્રવ્ય કીધું. એ અર્થ તો થઈ ગયો છે. સમજાણું કાંઈ ? આહા..હા..! શું કહ્યું ? કે આત્મા જે વસ્તુ છે ત્રિકાળી, એમાં જે મોક્ષનો માર્ગ પ્રગટ થાય એને પણ પરદ્રવ્ય કીધું. એટલે ? કે જેમ આત્માને નવી મોક્ષ, કેવળજ્ઞાનની પર્યાય આદિ પ્રાપ્ત કરવી હોય તો પરદ્રવ્યમાંથી નહિ થાય, એમ પર્યાયમાંથી પર્યાય નહિ થાય. એ નવી કેવળજ્ઞાન આદિની પર્યાય તો દ્રવ્યમાંથી થાશે. એ કારણે પર્યાયને પરદ્રવ્ય કીધું. સમજાણું કાંઈ ? અને એ પરદ્રવ્યને પોતાનું કરી શકવા માંગે તો નહિ થઈ શકે. વિશેષ કહેશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૦, શનિવાર તા. ૧૫-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૦૭ થી ૧૦૯. પ્રવચન–૩૮**

**શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે. દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે. ૧૦૭.**

૧૦૬ ચાલ્યો ને ? ગુજરાતી હવે ચાલશે, આ તો હિન્દી આવ્યા હતા ને !

**'શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.'** જુઓ ! સિદ્ધાંત. વસ્તુ જે આત્મા છે એ શાશ્વત છે, ત્રિકાળી છે, ઉત્પન્ન અને ધ્વંસ વિનાની ચીજ છે, ઉત્પન્ન અને વ્યય વિનાની એ ચીજ–વસ્તુ શાશ્વત છે. આહા..હા..! એને સંયોગી ચીજ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, એક સમયની પર્યાયની દૃષ્ટિ ઉઠાવી... સૂક્ષ્મ વાત છે. શુદ્ધિધામ, શાશ્વત શુદ્ધિધામ પ્રભુ વસ્તુ પોતે એવી છે. શાશ્વત અને શુદ્ધિધામ–શુદ્ધનું સ્થળ, શુદ્ધનું સ્થાન જેમાંથી શુદ્ધિ પાકે અતીન્દ્રિય આનંદ(નો) પાક થાય, અતીન્દ્રિય જ્ઞાન થાય એવું એ શુદ્ધિધામ આત્મા છે. આવી વાત ! આહા..હા..!

શાશ્વત ત્રિકાળી વસ્તુ છે, કાયમી ચીજ (છે). એક સમયની પર્યાય સિવાયની ચીજ રાગથી તો રહિત (છે), સંયોગના સંબંધથી તો રહિત (છે) પણ એક સમયની પર્યાયથી પણ રહિત (છે). આહા..હા..! આવું હવે એને જાવું. શું કહે છે એ સમજવું કઠણ પડે.

એ ભગવાન શુદ્ધધામ નિત્ય પ્રભુ તું જ છો, તારી પાસે છે, તું જ છો તે. આહા..હા..! **'એવું જે બળવાન આત્મદ્રવ્ય...'** શાશ્વત, શુદ્ધિનું ધામ, શુદ્ધિ, પવિત્રતા,

આનંદનું ધામ, સ્થળ... આહા..હા..! **'એવું જે બળવાન આત્મદ્રવ્ય...'** જોરદાર આત્મદ્રવ્ય, એમ કહે છે. આહા..હા..! **'તેની દૃષ્ટિ પ્રગટ થઈ...'** જો એ શાશ્વત શુદ્ધિધામ, બળવાન, આત્મ પદાર્થ, વસ્તુ ત્રિકાળ એ ઉપર દૃષ્ટિ થઈ... આહા..હા..! અંતર્મુખ શાશ્વત તત્ત્વ છે એ ઉપર દૃષ્ટિ થઈ... આહા..હા..! એનું નામ સમ્યગ્દૃષ્ટિ. ઝીણી વાત છે, આવી વાત છે. આહા..હા..! ભાઈને તો ઘણો અભ્યાસ હતો. એને તો અભ્યાસ હતો. છેલ્લે સ્થિતિ જરીક... એ તો દેહની સ્થિતિ છે. આહા..હા..! આ ચીજ..

દેહના અસ્તિત્વમાં જેનું હોવાપણું નથી, રાગના હોવાપણામાં જેનું હોવાપણું નથી, જેની એક સમયની પર્યાયમાં હોવાપણું નથી... આહા..હા..! જેનું હોવાપણું શાશ્વત છે. આ અંદર ભગવાનઆત્માની વાત ચાલે છે, હોં ! આહા..હા..! એ શાશ્વત શુદ્ધિનું સ્થળ... આહા..હા..! એવું એ બળવાન આત્મદ્રવ્ય (છે), જેમાં અનંત અનંત વીર્ય અને બળ પડ્યું છે. આહા..હા..! એક બાજુ એમ કહેવું કે આત્મવીર્ય છે અને અનંત જે બળનું ધણી સ્વરૂપ એવું આત્મદ્રવ્ય જેણે પકડ્યું, એનું વીર્ય સ્વરૂપની રચના કરે. એક બાજુ એમ કહેવું કે વીર્ય છે એ સ્વરૂપની પર્યાયને રચે નહિ. આહા..હા..! ગહન વિષય (છે). સર્વજ્ઞ, સર્વજ્ઞ. પ્રભુ ! તું સર્વજ્ઞ છો. જે સર્વજ્ઞ થયા એ પર્યાયમાં થયા એ આવ્યા ક્યાંથી ? આહા..હા..!

અહીંયા એ શુદ્ધિધામ શાશ્વત ઉપર દૃષ્ટિ પડતા બળવાન આત્મદ્રવ્ય હોવાથી, આહા..હા..! **'તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.'** આહા..હા..! શુદ્ધ ત્રિકાળીનો જ્યાં સ્વીકાર થયો એટલે શુદ્ધ નામ આનંદની દશા, સમ્યગ્દર્શનની દશા, શાંતિની દશા, ઈશ્વરતાની–પ્રભુતાની દશા, એ શુદ્ધતા પ્રગટે જ. આહા..હા..! આવી વાતું છે. લોકોએ બધું બહારમાં એવું કરી નાખ્યું, જાણે આ બાહ્યનો ત્યાગ કર્યો ને આ ફલાણા થઈ ગયા અમે સમકિતી ને થઈ ગયા અમે ચારિત્રવંત. આહા..હા..! ભાઈ ! બાપુ ! એ વસ્તુને કેમ કહેવી અને કેમ સમજવી એ કોઈ અલૌકિક વાત છે ! આહા..હા..!

એ શાશ્વત શુદ્ધનું ધામ–સ્થળ એના ઉપર દૃષ્ટિ થવી એ કાંઈ વાત સાધારણ છે ? એ કાંઈ વાતથી, ઉપદેશથી કાંઈ પ્રાપ્ત થાય એવી છે ? એ તો અંતરની દૃષ્ટિ કરે ત્યારે પ્રાપ્ત થાય. આહા..હા..! એવું જે બળવાન આત્મદ્રવ્ય... આહા..હા..! તેની દૃષ્ટિ પ્રગટ થતાં શુદ્ધ પર્યાય પ્રગટે જ. અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો

અંશ પ્રગટે જ. એ શુદ્ધિધામ શાશ્વત બળવાન ભગવાન ઉપર દૃષ્ટિ આપતા ધર્મની વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે જ. આહા..હા..!

દેવ-ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા કે પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગ છે. રાગની શ્રદ્ધા કરવી એ તો મિથ્યાત્વ છે, રાગ મારું સ્વરૂપ છે એમ માનવું એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! પણ રાગ વિનાનું ચૈતન્ય શુદ્ધિનું સ્થળ મહા પ્રભુ, ચૈતન્ય પ્રભુ, પૂર્ણ જ્ઞાન ને આનંદથી ભરેલો. ગુણવાળો નહિ પણ અનંત ગુણથી ભરેલો પદાર્થ છે. એ ગુણ પણ શાશ્વત, દ્રવ્ય પણ શાશ્વત (છે). આહા..હા..! જેમ એ દ્રવ્ય શાશ્વત છે તેમ એની શક્તિઓ જે છે અનંત જ્ઞાન, દર્શન એ પણ શાશ્વત છે. આહા..હા..! એથી અનંત ગુણનો ધરનાર ગુણી, એના ઉપર દૃષ્ટિ થતાં શાંતિ અને આનંદ ને સમ્યગ્દર્શન અને વીતરાગી પર્યાય પ્રગટ થાય જ. આહા..હા..! ભગવાન ! આવો માર્ગ છે, પ્રભુ ! એને પોતાની મોટપ સૂઝતી નથી. મોટપ પરમાં મહિમા (લાગે છે). સંયોગોમાં ને કાં સાધન અનુકૂળ હોય ને એમ કે કાંઈક છોકરા-બોકરા રળતા શીખી જાય, સાધન સરખું થાય તો આપણને નિવૃત્તિ મળે. અરે..! ભગવાન ! શું છે તને આ ? આહા..!

તું તો રાગથી પણ નિવૃત્તસ્વરૂપ જ ત્રિકાળ છો. આહા..હા..! રાગની તો અહીં વાત નથી, શુદ્ધિનું ધામ કીધું છે એ તો. આહા..હા..! શુદ્ધનો, આનંદનો કંદ પ્રભુ છો અંદર નિત્યાનંદ દળ અને બળવાન, જોરદાર આત્મદ્રવ્ય છે. આહા..હા..! એ બળવાનનો જેણે આશ્રય લીધો, એ બળવાન ઉપર જેણે દૃષ્ટિ મુકી અને એ દૃષ્ટિ (કે) જેણે આખા પૂર્ણને સ્વીકાર્યું એની શુદ્ધ પર્યાય પ્રગટે જ, પ્રગટે. આહા..હા..! ભાઈ ! આવી વાતું છે. સાધારણ બાયુંને તો સમજવું ભારે, કઠણ પડે. અભ્યાસ નહિ એને. આહા..હા..!

**'શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.'** આહા..હા..! જેટલો અંદરમાં વિકલ્પ નામ રાગ ઉત્પન્ન થાય, ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો અરે..! પરમેશ્વર, પરમાત્માની શ્રદ્ધાનો રાગ ઉત્પન્ન થાય, પંચપરમેષ્ઠી, ગુરુ, શાસ્ત્ર એની શ્રદ્ધાનો પણ વિકલ્પ ઉત્પન્ન થાય કે આ પરમાત્મા છે, એ વિકલ્પથી.. આહા..હા..! **'વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.'** એનાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને શાંતિ, વીતરાગતા પ્રગટતી નથી. આહા..હા..!

એ તો આમાં યાદ આવ્યું હતું, હમણાં પે'લું વાંચ્યું. 'શ્રીમદ્'ની પેલી કડી (હતી). 'સુખધામ અનંત સુ સંત ચહી' (આમાં) શુદ્ધિધામ આવ્યું ને ?

'શ્રીમદ્ રાજચંદ્ર' આત્મજ્ઞાની થઈ ગયા, ગૃહસ્થાશ્રમમાં હતા, એક ભવ કરીને મોક્ષ જશે. એવી શક્તિ હતી. આમ ઝવેરીનો લાખોનો ધંધો હતો પણ એ બધું પર, પર (ભાસતું હતું). આહા..હા..! દૃષ્ટિમાં તો ભગવાન પૂર્ણાનંદનો નાથ તરવરતો હતો. એ પોતે કહે છે કે અરે..! મારે કાંઈક રાગ બાકી રહ્યો લાગે છે. આહા..હા..! પૂર્ણાનંદની પૂર્ણ પ્રાપ્તિની વચ્ચે એમને જરી થોડી ડખલ લાગે છે. એ થોડો રાગ થોડો અસ્થિરતાનો, અસ્થિરતાનો છૂટતો નથી. પુરુષાર્થની કમી છે. આહા..હા..! શું આવ્યું નથી પે'લું રણનું...? રણમાં.. ભૂલી ગયા, ભાષા નથી આવતી ? મહારણ પ્રગટ થયું. ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો પણ વચમાં સહારાનું રણ (આવ્યું). ભાષા ભૂલી જવાય છે. એકદમ શુદ્ધિની દૃષ્ટિ પડી છે ને ! આહા..હા..! જેમાંથી શુદ્ધિની પૂર્ણતા પ્રગટવાની ભાવના છે છતાં સહારાનું રણ,... રણ કચ્છનું રણ છે ને ? એકલી રેતી, એકલી રેતી. પાણી નહિ, ઝાડ નહિ, પાણી પણ નહિ અને ઝાડ પણ નહિ. આહા..! અરે..! સહારાનું રણ પ્રાપ્ત થયું. પગે નિકાચિત થાક ગ્રહ્યો. આમ આવ્યું ને ? આહા..હા..!

અરે..! ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધિના ધામમાં અમે ગયા પણ સ્થિર થયા નથી, હજી સ્થિર કરી શક્યા નથી. એને લઈને 'અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે...' એ રાગ હજી કંઈક બાકી લાગે છે, આ છૂટતો નથી, પુરુષાર્થની કમી છે. આહા..હા..! 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ' એકાદ દેહ ધારણ કરવો પડશે હજી એમ લાગે છે. આહા..હા..! ગૃહસ્થાશ્રમમાં હતા, ભાઈ ! 'શ્રીમદ્ રાજચંદ્ર' ! 'મુંબઈ'માં ગૃહસ્થાશ્રમમાં ઝવેરાતનો ધંધો (હતો). આવ્યા ને પછી બેઠા હતા પણ છતાં અંદરમાંથી નહિ. નાળીયેરમાં જેમ ગોળો છૂટો પડી જાય. આહા..હા..! અને એ કાચલી.. શું કહેવાય છે કાચલીને ? નરેટી. તુટીને ગોળો જુદો પડી જાય ત્યારે સિદ્ધ થઈ જાય. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં ઇ કાચલીમાંથી નરેટીમાંથી છૂટો ગોળો અંદર રહે ત્યાં સુધી એને સમકિતી ને જ્ઞાની કહેવામાં આવે પણ એમાંથી પૂર્ણ તોડી નાખીને પૂર્ણ સિદ્ધ દશા પ્રાપ્ત થાય... આહા..હા..! ત્યારે એકલું પરમાત્મપદ પર્યાયમાં પ્રાપ્ત થયું. એ અહીં સહરાના રણમાં અરે..! આવ્યા, જઈ ચડ્યા છીએ.

અમે પૂર્ણાનંદના નાથમાં પહોંચી વળવા... આહા..હા..! ઘણો પ્રયાસ છે પણ પ્રયાસ અટકી ગયો છે. આહા..હા..! રાગની મંદતામાં જરી અટકી ગયો છે. આહા..હા..!

**સુખધામ અનંત સુસંત ચહી**
**દિન-રાત રહે તદ્ ધ્યાન મહી**
**પરશાન્ત અનંત સુધામય જે**
**પ્રણમું પદ તે વરતે જય તે.**

આહા..હા..! આ છેલ્લી કડી છે. દેહ છૂટવા (પહેલાની) છેલ્લી કડી. આહા..હા..! ભાઈને કહ્યું, ભાઈ ! નાની ઉંમર, ૩૩ વર્ષની ઉંમર, ૩૩ વર્ષ ને ચાર માસ. ભાઈને (કહ્યું), ભાઈ ! બાને દિલગીર થવા દઈશ નહિ. આહા..હા..! (આ) વાણી નીકળી. માતા હતા, પિતા હતા, દીકરા, વહુ–બૈરા હતા. ભાઈ ! બાને દિલગીર થવા દઈશ નહિ. હું હવે સ્વરૂપમાં સમાઉં છું. દેહ છૂટવાનો કાળ આવી ગયો છે, હું અંદર મારા સ્વરૂપમાં જાઉં છું. ખુરશી ઉપર બેઠા હતા, ઉભા થઈને, આરામ ખુરશીમાં આળોટ્યા. અતીન્દ્રિય આનંદના ધામમાં દૃષ્ટિ મુકીને લીન થયા પણ હજી પૂર્ણ સ્થિરતા થઈ નહિ. તેથી એકાદ દેહ ધારવો પડશે. આહા..હા..!

આવું જે શુદ્ધિનું ધામ પ્રભુ પરમાત્મ સ્વરૂપ જ પોતે છે. આહા..હા..! પરમ આત્મ, પરમ સ્વરૂપ, પરમ ભગવાન (છું) એવી જ્યાં દૃષ્ટિ થઈ... આહા..હા..! તો કહે છે કે શુદ્ધદશા, ધર્મદશા ત્યારે પ્રગટ થાય. ધર્મી એવું જે શુદ્ધિધામ એને અંતર સ્વીકારતા શુદ્ધ પર્યાય પ્રગટ થાય જ. પૂર્ણ આશ્રય લે તો પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થાય, અલ્પ આશ્રય લે તો સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય પ્રગટ થાય. ભગવાન શુદ્ધિધામનો મધ્યમ આશ્રય લે તો ચારિત્ર આદિ કે (કેવળજ્ઞાન) આદિ થાય. આહા..હા..! અંતરમાં એકદમ પૂર્ણ આશ્રય થતા એકદમ સર્વજ્ઞ થઈ જાય, સિદ્ધ થઈ જાય. આહા..હા..!

એવું જે ભગવાન આત્મદ્રવ્ય એ **'વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.'** તું ગમે તેટલી વિકલ્પવૃત્તિ કર, હું શુદ્ધ છું ને પૂર્ણ છું ને અભેદ છું ને અખંડ છું ને શુદ્ધિધામ છું ને એવી વૃત્તિ વિકલ્પ ઉઠાવ (તોપણ) એનાથી શુદ્ધિ નહિ પ્રગટે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે.'** ભગવાન અનંત ગુણનું ધામ, એને જેણે દૃષ્ટિમાં લઈ લીધો, એનું જેણે આલંબન લીધું... આહા..હા..! એ એકને

જેણે ગ્રહણ કર્યો એમાં બધું આવી જાય છે. એમાંથી જ્ઞાન થાય, દર્શન થાય, ચારિત્ર, આનંદ થાય, બધું થાય. આહા..હા..! એક જાણ્યો એમાં બધું આવી જશે. એને જાણ્યા વિના બધી લાખ વાતું તું જાણ, શાસ્ત્રની કે વાતું કરવાની જગતની ને... આહા..હા..! એમાંથી શુદ્ધતા નહિ આવે. આહા..હા..! અંદર પૂર્ણાનંદના નાથને એકને જેણે પકડ્યો... આહા..હા..! એમાં બધું આવી ગયું. કારણ કે એમાં તો કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ બધું પડ્યું છે. આહા..હા..!

**'દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે.'** શું કહ્યું ઇ ? વસ્તુ જે શુદ્ધિનું ધામ, સ્થળ એમાં જેની દૃષ્ટિ પડી ને એને પકડ્યું, એણે એકને જાણ્યું એમાં બધું આવી ગયું. ભગવાનઆત્મા જાણ્યો એણે બધું જાણ્યું. આહા..હા..! કેમ ? કે **'દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન...'** આ..હા..! એ દૃષ્ટિ તો થઈ ને એણે બધું પ્રગટ દૃષ્ટિમાં લીધું, હવે પર્યાય ઓછી છે, કાંઈ રાગ છે એને દૃષ્ટિ સાથે થયેલું જ્ઞાન એને વિવેક કરીને જાણે છે. જાણે છે કે છે, હજી રાગ છે, હજી હું પૂર્ણ શુદ્ધ થયો નથી. પૂર્ણ શુદ્ધને પકડ્યો છે પણ અપૂર્ણતા છે તેને દૃષ્ટિ જાણતી નથી.

દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી છે. પણ દૃષ્ટિ થતાં જે જ્ઞાન થયું એ જ્ઞાન ત્રિકાળને પણ સ્વીકારે છે અને એ જ્ઞાન અપૂર્ણતા (છે), હજી મારામાં પુરુષાર્થની કચાસ છે (એમ પણ જાણે છે). આહા..હા..! જેટલો તીવ્ર આશ્રય લેવો જોઈએ એટલો છે નહિ. એવું જ્ઞાન સમય, સમયમાં જેટલો રાગાદિ છે અને શુદ્ધાશુદ્ધિની અપૂર્ણતા છે તેને જાણે છે, જાણે છે. એ જ્ઞાન એમ જાણતું નથી કે હું પર્યાયમાં પૂર્ણ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું હવે.. પેલા કહે, સામાયિક કરવા, પડિકમણા કરવા ને પોષા કરવા. આહા..હા..! બાપુ ! મારગડા બીજા (છે), ભાઈ !

જેમાં કરવું ના વિકલ્પને પણ જ્યાં અવકાશ નથી. આહા..હા..! અરે..! જેને ગુણી-ગુણના ભેદનો વિકલ્પ છે એનાથી પણ તે પ્રાપ્ત થાય એવો નથી. આહા..હા..! એ બીજી રીતે કઈ રીતે પ્રાપ્ત થાય ? ભાઈ ! પંચમ કાળ હોય કે ચોથો કાળ હોય કે નરકનો કાળ હોય કે તિર્યંચનો (કાળ હોય)... આહા..હા..! પણ ભગવાન શુદ્ધિનું ધામ તો શાશ્વત બધે ઠેકાણે પોતે જ પડ્યો છે આખો. આહા..હા..! એ સ્થળમાં જતા એની નિર્મળ દશા પ્રગટ થાય, થાય જ અને બીજા કોઈ પણ વિકલ્પથી તે પ્રગટે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

આવી વાતું છે તેથી આકરું લાગે. ઘણાં બિચારા હમણાં આવ્યા હતા. એક હતા, કીધું, બાપુ ! સમ્યગ્દર્શન ભાઈ !... અરે..! પણ સમજે નહિ, સાંભળ્યું નથી. (એને) એમ કે આ ત્યાગ કરે છે એટલો એટલો એને... અરે..! બાપા ! શું કહીએ ? ભાઈ ! આહા..હા..! શેનો ત્યાગ ? ભાઈ ! આ બાયડી, છોકરા છોડ્યાં ને ઘર છોડ્યું. (એ માન્યતામાં તો) ધર્મ છોડ્યો છે. અરે..! બાપુ ! તને ખબર નથી. (એણે કહ્યું), પણ એમ અમારા બધાઓમાં સમ્યગ્દર્શન નથી એમ શી રીતે ખબર પડે તમને ? પ્રભુ ! શું કહીએ ? બાપુ ! આહા..હા..! અરે..! બાપુ ! શ્રુતજ્ઞાન શું ચીજ છે ? આહા..હા..! શ્રુતજ્ઞાનમાં તો કેવળીને પણ પરખી લે છે. એ શ્રુતજ્ઞાન ક્યાં, કઈ રીતે સમ્યગ્દર્શન હોય અને ન હોય એ શ્રુતજ્ઞાન બધું જાણી શકે છે. એ અવધિજ્ઞાન ને મનઃપર્યય થાય તો જાણી શકાય એવું કાંઈ છે નહિ.

તેથી કહ્યું ને? **'એકને ગ્રહણ કર્યું એમાં બધું આવી ગયું.'** આહા..હા..! એના જ્ઞાનમાં બધો વિવેક આવી ગયો. એ જ્ઞાન જ્યાં જ્યાં પોતાની દશા અપૂર્ણ છે એને જાણે. આહા..હા..! સામાની દશામાં મિથ્યાત્વ કઈ રીતે છે તે પણ એ જાણે. આહા..હા..! એવું જે સમ્યગ્જ્ઞાન દૃષ્ટિની સાથે થયું એ બધો વિવેક કરે છે. પર્યાયમાં હજી અલ્પજ્ઞ છું. આહા..હા..!

એક બાજુ એમ કહેવું કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે અને શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે, પણ પૂરું જાણે એમ કહ્યું. અને એક બાજુ એમ કહેવું કે શ્રુતજ્ઞાનની પર્યાય કેવળજ્ઞાનની પર્યાયને અનંતમે ભાગે છે. આહા..હા..! કઈ અપેક્ષા છે ? સમજાણું કાંઈ ? એને પ્રત્યક્ષ થયું નથી એટલે એને અપૂર્ણ અને અનંતમા ભાગમાં ગણવામાં આવ્યું. આહા..હા..! એવો જે ભગવાનઆત્મા એને સાથે દૃષ્ટિ થઈને જ્ઞાન થયું એ વિવેક કરે છે. આહા..હા..! ૧૦૭, ૧૦૭ (બોલ પૂરો) થયો. શું કહેવાય આ ? પેરેગ્રાફ ? બોલ, ૧૦૭ બોલ આહા..હા..!

**જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય. તું આ ચૈતન્યમાં-આત્મામાં ઠર, નિવાસ કર. આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે. અહો ! ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે. ૧૦૮.**

૧૦૮. '**જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય.**' આહા..હા..! સિદ્ધ પણ ચૈતન્યના દ્રવ્યથી વધી જાય એ ચીજ નથી. પર્યાય છે ને ? એ પર્યાય (છે). આહા..હા..! બાર અંગના શાસ્ત્રજ્ઞાન આદિ થાય... આહા..હા..! તોપણ ચૈતન્ય વસ્તુથી એ વધી ન જાય. ચૈતન્ય વસ્તુ તો અલૌકિક ! આહા..હા..! શાસ્ત્રમાં તો આવે છે ને ? આચારાંગ શાસ્ત્ર એના અઢાર હજાર પદ હોય છે. એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક હોય છે. એના અક્ષરો કેટલા ? એને ગણે. એવું જ્ઞાન પણ અનંતવાર થયું. આહા..હા..! પણ એ બધું પરલક્ષી જ્ઞાન. ભગવાન અનંત જ્ઞાનનો દરિયો ભર્યો છે એનું તરંગમાંથી ઉઠવું જોઈએ. આહા..! પાણીનું તરંગ પાણીમાંથી ઉઠવું જોઈએ. આહા..હા..! આકરી વાતું, ભાઈ ! આહા..હા..!

ચૈતન્યતત્ત્વ પ્રભુ માહાત્મ્ય સ્વરૂપ જગતમાં એના સિવાય કોઈ ચીજ મોટી છે નહિ. છે ? '**જગતમાં એવી કોઈ વસ્તુ નથી...**' કોઈ વસ્તુ નથી '**કે જે ચૈતન્યથી વધી જાય.**' આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમયની સ્થિતિ (ધરાવે છે). આહા..હા..! અને ચૈતન્ય તો ત્રિકાળી અનંત ગુણનો સાગર–દરિયો આહા..હા..! એનાથી વધી જાય એ કઈ ચીજ જગતમાં (છે) ? આહા..હા..!

અહીં દ્રવ્યનું લેવું છે, હોં ! કેવળજ્ઞાન એ પણ પર્યાય છે. પણ વસ્તુ જે છે ચૈતન્ય ત્રિકાળ, અરે..! ભાઈ ! એ 'ત્રિકાળ' શબ્દ ભલે હો પણ એ ત્રિકાળ રહેનારી ચીજ આમ ને આમ કાયમી ચીજ છે એ ધ્રુવમાં દૃષ્ટિ આવવી... આહા..હા..! તો એના જેવી મોટી ચીજ જગતમાં કોઈ છે નહિ. આહા..હા..! આવી બધી નિશ્ચયની વાતું લોકોને એવી લાગે કે... અજાણ્યા માણસને એવું લાગે કે આ શું પણ કઈ

જાતનો ધર્મ ? આ તે વીતરાગનો ધર્મ (હશે) ? વીતરાગના ધર્મમાં તો છ કાયનીદયા પાળવી, વ્રત પાળવા, ઉપવાસ કરવા, રાત્રે આહાર ન કરવો, ચોવિહાર કરવો. કરવો એટલે ચોવિહારનો ત્યાગ કરવો એમ. આહા..હા..! અરે..! પ્રભુ ! સાંભળ તો ખરો.

પર્યાય દૃષ્ટિનો ત્યાગ કરવો અને દ્રવ્યદૃષ્ટિને ગ્રહણ કરવી એ મૂળ ચીજ છે. આહા..હા..! બહારનો ત્યાગ તો અંદરમાં ત્રિકાળ વર્તે જ છે. વસ્તુમાં બહારની ચીજનો તો અભાવ જ છે. એને અડી પણ નથી. કર્મ, શરીર તો આત્માને અડ્યું પણ નથી અને તે ચીજનું અસ્તિત્વ તેમાં હો, પણ આત્માની અસ્તિત્વની હયાતીમાં તો એની નાસ્તિ છે. ઓ..હો..! હવે જેની નાસ્તિ છે એનો ત્યાગ કરવો છે ? આહા..હા..! પણ એની પર્યાયમાં રાગાદિ ભાવ છે, મલિન અવસ્થા (છે) તેને ત્રિકાળની દૃષ્ટિ કરીને, તેની ઉત્પત્તિ ન થાય તેને તેનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવાય છે. આહા..હા..!

અરે..! આ ચીજ વિના બાહ્યના ત્યાગ કરીને અભિમાન ચડી જાય. અમે ત્યાગ્યું છે, તમે ત્યાગ્યું નથી. આહા..હા..! અમે એક વખત આહાર લઈએ, લૂખો આહાર લઈએ, જે અમારા માટે કરેલો હોય એ પણ ન લઈએ, એવી સ્થિતિમાં હોય તોપણ, એ કાંઈ વસ્તુ નથી કોઈ. 'શેઠ' ! આવી ચીજ છે આ. આહા..હા..!

**'જગતમાં એવી કોઈ વસ્તુ નથી...'** કેવળજ્ઞાન પણ જેના ચૈતન્યદ્રવ્ય પાસે કોઈ ઉત્કૃષ્ટ નથી. આહા..હા..! એવો ભગવાન તું પોતે છો ને, પ્રભુ ! આહા..હા..! તને હીણો કલ્પવો એ મહાભ્રમણા છે. આહા..હા..! તને ગતિવાળો માનવો એ ભ્રમણા છે. આહા..હા..! તને પરદ્રવ્યના સંબંધવાળો માનવો, પ્રભુ ! તને ભ્રમણા છે. ભગવાન સ્વરૂપે પ્રભુ બિરાજે એને પરદ્રવ્યનું માહાત્મ્ય આવે, એને સ્વદ્રવ્યનું માહાત્મ્ય ઉડી ગયું છે. આહા..હા..! જગતમાં એના જેવી ઊંચી ચીજ નથી. આહા..હા..!

પ્રભુ ! **'તું આ ચૈતન્યમાં એટલે આત્મામાં ઠર,...'** એના જેવી કોઈ ઊંચી ચીજ નથી. તત્ત્વ વસ્તુ ભગવાનઆત્મા, દ્રવ્ય વસ્તુ, પદાર્થ વસ્તુ અસ્તિત્વ જેની મોજૂદગી પૂર્ણ સ્વભાવથી ભરેલી (છે) એનાથી કોઈ મોટી ચીજ નથી. માટે મોટી ચીજમાં જા, એ મોટીના માહાત્મ્ય કર. જેની પાસે પર્યાયનું માહાત્મ્ય પણ ઊડી જાય. આહા..હા..! અનુભૂતિ કે સમકિત કે ચારિત્ર પર્યાય પણ, સર્વોત્કૃષ્ટ ચીજ પ્રભુ ઉત્કૃષ્ટ એની પાસે આ ચીજનું માહાત્મ્ય છે જ નહિ. આહા..હા..! પણ એ વસ્તુ અંતરમાં, અંતરમાં યથાર્થપણે ગ્રહણ થવું અને દૃષ્ટિમાં ત્યાં એનો વિષય કરવો, બનાવવો. આહા..હા..!

તો તું ત્યાં જા, ત્યાં ઠર, તને શાંતિ થશે. ત્યાં જઈને ઠર. જે વસ્તુ પહેલી જોઈ છે દૃષ્ટિમાં, જાણી છે દૃષ્ટિમાં, જાણી છે જ્ઞાનની પર્યાયમાં તે વસ્તુમાં હવે ઠર. આહા..હા..! એનું નામ ચારિત્ર છે. આહા..હા..!

આઠ આઠ વર્ષના રાજકુમારો ! આવે છે ને 'ભરતચક્રવર્તી'ના નહિ ? શું છોકરાનું નામ ? દડે રમે છે. 'રવિકીર્તિ'. ૧૦૮ છોકરાઓ સોનાના દડા, અને શું કહેવાય ઇ ? ગેડી-દડા, દડો અને ગેડી. સોનાની ગેડી અને સોનાનો દડો (એનાથી) રમતા હતા. એમાં બહારથી વાત આવી કે અરે..! સેનાપતિ... શું નામ ? 'જયકુમાર' સેનાપતિ, ૯૬ કરોડ પાયદળનો સ્વામી, મુનિ થયા. આહા..હા..! ભાવલિંગી, જેને અંતર આનંદ પ્રગટ્યો. એવું એ છોકરાએ સાંભળ્યું. ગેડી-દડે રમતા હતા અને માએ એક માણસ સાથે મોકલેલો કે ધ્યાન રાખજે, ક્યાંય જાય નહિ. એક માણસ સાચવવા (મોકલેલો). પેલા રમે છે ને ત્યાં. ક્યાંય જાય નહિ, આડાઅવળા થાય નહિ. આહા..હા..! એને ઘરે પાછા લાવજો. એ છોકરાઓએ જ્યાં સાંભળ્યું... આહા..હા..! 'જયકુમારે' ઘર તપાસ્યું અને એ તો ઘરમાં ગયા. આહા..હા..! એ મુનિપણા લઈને ઘરમાં ગયા. આહા..હા..!

એક માણસ જોડે હતો એને કહ્યું, ભાઈ ! ચાલો ચાલો, આપણે ભગવાન પાસે દર્શન કરવા (જઈએ). એમ કરતાં... કરતાં... કરતાં... લઈ ગયા, નહિતર તો પેલો જવા દે નહિ. ભગવાન પાસે દર્શન કરીએ. આહા..! જ્યાં સમવસરણમાં ગયા, આહા..હા..! પ્રભુ અમને દીક્ષિત કરો ! આહા..હા..! ચક્રવર્તીના પુત્રો, મણિરત્નના પૂતળા જેવા જેના શરીર, મણિરત્ન જેવા એના શરીર, ચક્રવર્તીના દીકરા એટલે ! આહા..હા..! જેને એક સેંકડની અબજોની પેદાશ. એ પણ થોડી કહેવાય.

અત્યારે છે ને એક સાધારણ રાજા નહિ ? 'અરબસ્તાન'માં. એક દિવસની એક અબજની પેદાશ અત્યારે છે. પેટ્રોલ નીકળેલું, જગ્યા નાની છે પણ પેટ્રોલના કૂવા નીકળ્યા. પેટ્રોલનો એટલો પ્રવાહ આવે છે કે એક એક દિવસની અબજની પેદાશ. અત્યારેય છે. આ તો હલકો કાળ, પંચમકાળ આહા..હા..! અને અનાર્ય દેશ. બીજો એક દેશ છે એને એક કલાકની દોઢ કરોડની પેદાશ છે. એ પેટ્રોલની જ. પેટ્રોલના એવા કૂવા નીકળ્યાં. કૂવામાંથી વસ્તુ નીકળવા માંડી. લાખો કરોડો ધોધ ! આહા..હા..! અને એક કૂવો હમણાં અહીં ન કીધું ગામમાં ? કંઈક કહ્યું. ક્યું ગામ ? 'કોડીનાર'.

એક કૂવો નીકળ્યો એમાં ઊંડેથી એવું પાણી નીકળ્યું કે જે કાંઈ અંદર જાય એ મરી જાય. ઝેર ચડી ગયું. ઝેરવાળું પાણી. જેમ પેટ્રોલનું પાણી, આ ઠંડુ પાણી એમ એ પાણી એવું કોઈ ઝેરીલું કે અંદર જોવા જાય ત્યાં ખલાસ ! હમણાં થયું આઠ માણસ મરી ગયા. પહેલો દીકરો જોવા ગયો તો મરી ગયો, એનો બાપ જોવા ગયો તો મરી ગયો, એનો કાકો જોવા ગયો તો મરી ગયો, એનો દીકરો જોવા ગયો તો મરી ગયો, એમ બીજા ચાર જોવા ગયા કે શું થયું પણ આ ? છે શું અંદર ? એ છે (શું) એમ જોવા જાય ત્યાં (ખલાસ). એ એટલું ઝેરીલું પાણી, જેની ગંધ આવે ને મરી જાય માણસ. આહા..હા..! હવે એવા અબજોપતિ પણ અત્યારે જીવ છે. એમાં એ ચીજ શું છે ? અબજો પૈસા પેદા (થાય). એની ચીજ એ શું છે ? એની મોટપ છે ? આહા..હા..!

ભગવાન ચૈતન્ય સ્વરૂપ છે. મહા અનંત અનંત આનંદનું ધામ, અનંત અનંત અમર્યાદિત જ્ઞાનનું સ્થાન, અનંત અનંત પ્રભુતા ઈશ્વરની ઈશ્વરતાથી ભરેલો ભગવાન. આહા..હા..! હવે તારે અહીં બે, પાંચ, દસ કરોડ રૂપિયા થાય ને ત્યાં તો એમ થઈ જાય કે આ..હા..! આપણે શું કમાયા ને આપણે શું વધી ગયા ! વધી ગયા, દુર્ગતિમાં જવા માટે વધી ગયા. આહા..હા..! એ બાપુ ! એ પાંચ-પાંચ, દસ-દસ કરોડના બંગલા એ મુકીને જાશે અને મારાપણે માનીને બેઠા એને છૂટતા વખતે આકુળતાનો પાર નહિ થાય. અને એ આકુળતામાં જઈને ક્યાંય તિર્યંચ આદિમાં ચાલ્યા જશે. બાપુ ! ત્યાં એના પૈસા શું કરશે ? આહા..હા..!

અહીં કહે છે કે મોટામાં મોટી ચીજ પ્રભુ ! તારી પાસે કૂવો પડ્યો છે મોટો, જેમાંથી અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે, અતીન્દ્રિય કેવળજ્ઞાનના પ્રગટ પર્યાય પ્રગટ થાય એવો મોટો કૂવો છે એ. સમજાણું કાંઈ ? એ આવે છે ને ? ('સમયસાર નાટક' જીવદ્વાર–૩૩).

**'કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**
**અપનૌં રસસૌં ભર્યૌ અનાદિ ટેક હૌં.'**

અનાદિ વસ્તુ છું.

**'મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હે,**
**સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.' ૩૩.**

સિંધુ ! શુદ્ધ ચેતનાનો દરિયો ભગવાન અંદર છે, બાપા ! આહા..હા..! **'શુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.'** આહા..હા..! અરે..! એ દૃષ્ટિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી બધા રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ ? દૃષ્ટિમાં એ મહા પ્રભુ મોટી ચીજ (છે) એનો સ્વીકાર ન થાય અને એનાથી સાધારણ ચીજની પણ માહાત્મ્ય આવે (તો એ) દૃષ્ટિ વિપરીત છે. આહા..હા..! અરે..! અગિયાર અંગના જ્ઞાનનું પણ માહાત્મ્ય આવે; એક અંગમાં તો ૧૮ હજાર પદ ને ૫૬ કરોડ જેવા અક્ષરો. આહા..હા..! ૧૮ હજાર પદ ને એક પદમાં ૫૧ કરોડ જાજેરા તો શ્લોક. આહા..હા..! એક એક શ્લોક ૩૨ અક્ષરનો. કેટલા અક્ષર ? કંઠસ્થ (હોય) એથી શું ? આહા..હા..! એવા એક નહિ પણ અગિયાર અંગના જ્ઞાન ! એના માહાત્મ્ય શા ? આહા..હા..!

મહા પ્રભુ જેમાંથી કેવળજ્ઞાન ઝરે એવો એ ઊંડો કૂવો, અંદરમાંથી જેમ પેટ્રોલ ઝરે. કરોડોની પેદાશ જેને છે અત્યારે, આ તો અનંત આનંદનું ઝરણું ! સ્વભાવનું ઝરણું છે. આહા..હા..! એમાં દૃષ્ટિ કર, પ્રભુ ! અને ત્યાં જઈને ઠર. દૃષ્ટિ કર ને જઈને ઠર ! આહા..હા..! આ કરવાનું છે.

**'નિવાસ કર. તું આ ચૈતન્યમાં–આત્મામાં ઠર, ત્યાં નિવાસ કર.'** આહા..હા..! નિવાસ– વાસ, રહેવાનું સ્થાન એને બનાવ. આહા..હા..! નિવાસસ્થાન. ક્યા ગામના ? કે ફલાણા ગામના. અહીં ક્યા ગામના ? કે આત્મ-ગામના. આહા..હા..! આત્મામાં જેનો નિવાસ છે. આહા..હા..! સાદી ભાષા તો જુઓ ! સાદી ભાષા અને ભાવ તો ઘણાં ઊંડા ! આહા..હા..! **'નિવાસ કર.'** આહા..હા..!

**'આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે.'** ભગવાનમાં દિવ્ય નામ અક્ષય અનંત દિવ્ય જ્ઞાન. આહા..હા..! એ દિવ્યધ્વનિમાં એમ આવ્યું, પ્રભુ ! તારું જ્ઞાન તો દિવ્ય જ્ઞાન છે ને ! કેવળજ્ઞાનની પર્યાયની પણ એની સામે કાંઈ કિંમત નથી. આહા..હા..! એવી જ્ઞાનની લગડી, જ્ઞાનનો સાગર, જ્ઞાન સ્વભાવનું દળ એવો તું પ્રભુ છો ને ! આહા..હા..! એવું દિવ્ય જ્ઞાનથી, દિવ્ય જ્ઞાન આહા..હા..! અને એવા બીજા અનંત ગુણો, પાછા એક નહિ. અરે..! એણે આત્માના ગુણો, એની અચિંત્યતા અને અનંતતા સાંભળી નથી. આહા..હા..!

અનંત દિવ્ય જ્ઞાન ને અનંત ગુણોથી સમૃદ્ધ છે. ભગવાન અનંત ગુણોથી સમૃદ્ધ, સમૃદ્ધિવાળો છે, અનંત ગુણની સંપદાવાળો છે. આહા..હા..! બાકી તો બધી

આપદાવાળા છે. આહા..હા..! એ પુણ્ય ને પાપ ને શરીર મારા ને લક્ષ્મી મારી એ બધા આપદાવાળા છે. આ તો સંપદાવાળો છે. આહા..હા..! અનંત ગુણોથી સમૃદ્ધ છે.

**'અહો ! ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે.'** બહારની ઋદ્ધિ આ કરોડોપતિ, મોટા બંગલા કરોડ કરોડોના ને પાંચ કરોડના ને દસ કરોડના બંગલા ને... આહા..હા..! બાપુ ! એ તો ધૂળ મસાણની રાખ છે. તારામાં જે સમૃદ્ધિ છે એ અલૌકિક છે. એ બીજે ક્યાંય નથી. એવો અનંતી સમૃદ્ધિનો સ્વામી આત્મા ભગવાન છે. આહા..હા..! **'અહો ! ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે.'** લ્યો ! ૧૦૮. માળાના મણકા ૧૦૮ હોય છે ને ? આ ૧૦૮ નો મણકો આવ્યો. ૧૦૮ બોલ. આહા..હા..!

**'ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે.'** ભગવાન ! એક વાર તો આમ ભગવાન આમ કીધું હતું ને તે 'હિન્દુસ્તાન'માંથી વાત બહાર ગઈ. તો કહે, આત્માને ભગવાન કહે છે. અરે..! પ્રભુ ! સાંભળને, ભાઈ ! પર્યાયે ભગવાનની વાત નથી, વસ્તુએ ભગવાન છો. એ ભગવાન કહેતા ક્રિયાકાંડીઓને ન બેઠું. આ વ્રત લીધા ને, તપસ્યા લીધી ને ઢીકણું કર્યું ને... ભગવાનઆત્મા (કહીએ તો કહે), નહિ નહિ અત્યારે ભગવાનઆત્મા (નહિ). અહીં તો ત્રિકાળી ભગવાનઆત્મા છે. આહા..હા..! એને કોઈ કાળ લાગુ પડતો નથી, એને કોઈ રૌદ્રધ્યાનની પર્યાય હોય તોપણ તે... આહા..હા..! એના ત્રિકાળમાં લાગુ પડતી નથી. આહા..હા..! જેને આંસુની નિરંતર ધારા વહે એવી દુઃખ દશામાં હો પણ વસ્તુ તો વસ્તુ છે, એમાં કાંઈ ફેરફાર નથી. એની ઋદ્ધિ તો ત્રિકાળ એ વખતે પણ પૂર્ણ ભરી છે. આહા..હા..! અરે..રે..! એ વાત સાંભળવા મળે નહિ, એના વિચારમાં એ વાત આવે નહિ, એ વિચાર સ્વભાવ તરફ ઢળે નહિ અને ઢળીને પછી સ્થિર થવું... આહા..હા..! આવી વાત છે, ત્યારે તેનું કલ્યાણ થાય ને મોક્ષ થાય. આહા..!

**આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક. આત્માના ગુણોમાં તરબોળ થઈ જા. આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય, મલિનતા ટળી જાય. ૧૦૯.**

૧૦૯, **'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે...'** 'શેત્રુંજય' ને 'ગીરનાર' ને 'સમ્મેદશિખર' ને... એ તો એને ભાવ થાય તો શુભભાવ થાય, પુણ્ય છે, એ કાંઈ આત્મા નહિ. આહા..હા..! એક સાધુ નામ ધરાવીને અમારી પાસે આવ્યા હતા. અમાકી પાસે 'સમ્મેદશિખર'ના મહાત્મયનું પુસ્તક છે. શ્વેતાંબરમાં 'શેત્રુંજય' ના માહાત્મ્યનું એક પુસ્તક છે. આ કહે, અમારી પાસે આ છે. મેં કીધું શું છે એમાં ? કે 'સમ્મેદ-શિખર'ના દર્શન કરે તો ૪૯ ભવે મોક્ષ થાય. કીધું, એ ભગવાનનું વચન નહિ. લાખ, અનંત વાર 'સમ્મેદશિખર' ને કરે નહિ, એ તો શુભરાગ છે. આહા..હા..!

આ લોકોએ 'સમ્મેદશિખર' અહીં વધારી દીધું છે, શ્વેતાંબર લોકોએ આ 'શેત્રુંજય'. બહુ માહાત્મ્ય ને ઘણું માહાત્મ્ય. ત્યાં માથે સાધુ ગમે એવો ઘેલો હોય પણ જાત્રા કરીને ઉતરે ત્યાં એને આહાર-પાણીથી તેનું આમ થઈ જાય ને ઢીકણું થાય. આહા..હા..! અર..ર..! ક્યાં ક્યાં મનાવ્યું ?

અહીં તો કહે છે તારું તીર્થ જે છે એ તો અહીં તારી પાસે છે. આહા..હા..! **'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે...'** પરમપવિત્ર તીર્થ છે. આહા..હા..! કેમ કે તરવાનો ઉપાય તેમાંથી પ્રગટ થાય છે. એને તીર્થ કહીએ. કેવળજ્ઞાનને પામવાનો જે ઉપાય છે તે એમાંથી આવે છે. એટલે કે એનો આશ્રય કરવાથી આવે છે. આહા..હા..! એ સ્વરૂપમાં આરૂઢ થાય એ તીર્થ છે, એ તીર્થની જાત્રા એણે કરી. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય' પંચમ આરાના સાધુ, ભગવાન પાસે સદેહે જાત્રા કરી. આહા..હા..! આ આત્મા પરમ તીર્થ છે કે જેમાં આરૂઢ થવાથી પવિત્રની ધારા પ્રગટ થાય. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો ધોધ વરસે એવો એ ભગવાનઆત્મા પવિત્ર તીર્થ

(છે) એમાં સ્નાન કર, જા એમાં જા ! આહા..હા..! એમાં સ્નાન કર. તારો સંસાર બળીને રાખ થઈ જશે અને પવિત્રતા પ્રગટશે, પ્રભુ ! આહા..હા..!

અહીં તો બહારની 'શત્રુંજય' તીર્થનું માહાત્મ્ય (કરે). જાત્રા કરીને આવે પછી (બોલે), અમે તો આવી ૯૯ કરી ને ફલાણું કરી ને ઢીકણી કરી ને... અમે જાણે તરી ગયા. આહા..હા..! ભાઈ ! એમના બાપને તીર્થ કરીને લઈને આવ્યા હતા. અહીં કીધું કે એમાં કાંઈ નથી. એ તો પુણ્ય શુભભાવ છે. રાડ નાખી ગયા. હાય..હાય...! આ ધર્મ કઈ જાતનો ? આ 'શત્રુંજય' જઈને જાત્રા કરીને આવ્યા તો આ કહે, શુભભાવ છે, ધર્મ નહિ. પેલા 'સમ્મેદશિખર'માં નથી આવતું ? 'એક વાર વંદે જો કોઈ' આવે છે ને ? એ તો અશુભથી બચવાની અપેક્ષાએ વાત છે, બાકી ખરું 'સમ્મેદશિખર' તો પ્રભુ પોતે છે. આહા..હા..!

એકલો સમતાનો સાગર ! સમતાનો ડુંગર ! વીતરાગ ભાવથી ભરેલો ડુંગર એ 'સમ્મેદશિખર' છે. ત્યાં એકવાર જવાથી તારું પવિત્ર કામ થઈ જશે. આમાં આવું આવે એટલે લોકોને (એમ થાય કે) અરે..રે..! અમારા તીર્થને ઉડાવે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને, ભક્તિને રાગ કહે છે. બાપુ ! એ રાગ તો છે જ, ભાઈ ! આહા..હા..! બાપુ ! તારો નાથ તો વીતરાગભાવથી ભરેલો છે ને ! એ વીતરાગ સ્વરૂપ, જિનસ્વરૂપ જ છે. અંદર ભગવાન જિનસ્વરૂપ જ આત્મા છે. એવા જિનસ્વરૂપમાં આરૂઢ થા. આહા..હા..!

**'તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે,...'** પવિત્ર તીર્થ કીધું ને પહેલું ? પવિત્ર તીર્થ. કેમ કે પવિત્રતાનો તો પિંડ છે એકલો, પવિત્રતાનું ધામ છે, પવિત્રતાથી તો ભરેલો ભગવાન છે. આહા..હા..! એમાં ડૂબકી માર આહા..હા..! અરે..! રાગમાં રૂંધાઈ ગયો છો, ભાઈ ! અહીં જા ને અંદર. આહા..હા..! જ્યાં ભગવતસ્વરૂપ પૂર્ણ છે... આહા..હા..! **'તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક.'** આહા..હા..! જે જાણવા, દેખવાનો ઉપયોગ રાગમાં વર્તે છે, ઇ વર્તે તો છે. એક ઉપયોગને આત્મામાં જોડી દે, ન્યાં મૂક. જાણવા-દેખવાનો વેપાર જે છે, પર્યાય, એને દ્રવ્યમાં જોડી દે. આહા..હા..! એ જાણનારને જાણવાની પર્યાય કર. એ જાણનાર એ પરને જાણે છે, જેની સત્તામાં આ શરીર ને આ રાગ જણાય, ઇ જણાતું નથી ખરેખર તો જ્ઞાનની પર્યાય ત્યાં જણાય છે. પેલી ચીજ તો દૂર રહી ગઈ. એ સંબંધી

જ્ઞાનની પર્યાયની સત્તા છે તે જણાય છે.

હવે અહીં તો કહે છે કે જે જ્ઞાનની પર્યાયમાં તું પરને જાણવાનું તને લાગે છે એ પર્યાયને અહીં જણાવી દે. સમજાણું કાંઈ ? આવો માર્ગ. પણ આમાં કોઈ બે, પાંચ લાખ કરોડ રૂપિયા ખર્ચે તો કાંઈક કલ્યાણ થાય એમ નહિ ? પણ કરોડ પૈસા તો જડ છે. એ મારા છે એમ માનીને આપે તો મિથ્યાત્વ છે. આહા..હા..! ત્યાં રાગ ભલે મંદ હોય તો પુણ્ય હોય. પણ એ મારા છે એમ માન્યું માટે મિથ્યાત્વનું મહાપાપ છે. આહા..હા..! જડ છે એ ચૈતન્યનું ક્યાંથી આવ્યું ? તારી પવિત્રતા તો તારામાં પડી છે એ ક્યાંય બહારમાં છે ક્યાંય ? સમજાણું કાંઈ ?

**'ઉપયોગ મૂક.'** આહા..હા..! **'આત્માના ગુણોમાં તરબોળ થઈ જા.'**

**અષાઢ સુદ ૧૧, રવિવાર તા. ૧૬-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૦૯ થી ૧૧૧. પ્રવચન–૩૯**

જ્ઞાનીને પણ અશુભથી બચવા માટે (શુભભાવ) આવે પણ છે તો દુઃખરૂપ અને ભગવાનઆત્મા એ તો પવિત્ર સુખરૂપ (છે) આહા..હા..! હવે એ એની નજરુમાં વાત આવવી... ચૈતન્ય અનંત ગુણનો પિંડ પ્રભુ પવિત્રનો પિંડ એને આત્મા કહીએ. એ આત્મા તીર્થ છે, એ **'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે....'** આહા..હા..! **'તેમાં સ્નાન કર.'** આહા..હા..! પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાનઆત્મા પવિત્ર અતીન્દ્રિય આનંદનો રસકંદ તેમાં સ્નાન કર. આહા..હા..!

**'આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક.'** વર્તમાન જ્ઞાનનો વેપાર જે રાગ ને પુણ્ય ને પર ઉપર છે એને અંતરમાં પવિત્રનું ધામ ભગવાન (છે) ત્યાં ઉપયોગ મૂક. આવી વાતુ. અંતરમાં પરમાત્મા સ્વરૂપે બિરાજમાન આત્મા છે, જિનસ્વરૂપી આત્મા છે. આહા..હા..! એ પવિત્રતાનું સ્થળ છે. એ તીર્થમાં જા તને સ્નાન થશે. મલિનતા ટળી જશે અને નિર્મળતા અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ થશે. હવે આવી વાતું... વાત તો એવી છે, બાપુ ! આહા..હા..! ત્યાં ઉપયોગ મૂક.

**'આત્માના ગુણોમાં તરબોળ થઈ જા.'** આહા..હા..! આત્મા જે અંતર અનંત ગુણ જે શુદ્ધ, પવિત્ર એમાં જા તો તું તરબોળ થઈ જઈશ. જેમ પાણીમાં સ્નાન કરીને બહાર આવે અને આમ તરબોળ થઈ જાય, પાણી આમ શરીર ઉપરથી નીતરી જાય. આહા..હા..! એમ જો તારે પવિત્ર થવું હોય તો એ પવિત્ર પરમાત્મસ્વરૂપ જ તું છો. એમાં જા તો તને પવિત્રતા થશે. આરે હવે આવી વાતું કોઈ દિ' સાંભળવા મળે નહિ.

ભગવાન અંદર પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા પરમાત્મા છે. એનો સ્વભાવ, એની શક્તિ, એનું સત્ત્વ, એના ગુણો, એનો ભાવ પવિત્ર છે. આહા..હા..! એવો પરમપવિત્ર પ્રભુ (બિરાજે છે) ત્યાં અંતર ઉપયોગ મૂક. શુભ ને અશુભ ભાવ એ તો બહારનો ઉપયોગ છે. આહા..હા..! અંતર ભગવાન, જેમ લીંડીપીપર છે ને ?

છોટી પીપર નથી (આવતી) ? લીંડી પીપર, કાળી. ચોસઠ પો'રી ચરપરાઈ અંદર ભરી છે. તીખાશ અમારી ગુજરાતી ભાષા (છે). ચોસઠ પો'રી એટલે સોળ આના. એ પીપરમાં સોળ આના પૂર્ણ તીખાશ અને લીલો રંગ પૂરો ભર્યો છે. આહા..હા..! તો એમાંથી ઘૂંટ્યે (૨) બહાર આવે છે. આહા..હા..! એમ ભગવાનઆત્મામાં, આકરી વાત લોકોને બેસવી (કઠણ પડે), અંદરમાં પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ ને પૂર્ણ ઈશ્વરતાથી ભરેલું એ તત્ત્વ છે. ચોસઠ પો'રી તીખાશ એટલે રૂપિયે સોળ આના.

એમ આત્મામાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતા આદિ સ્વભાવની પવિત્રતાનું એ ધામ છે. આહા..હા..! એના ઉપર ઉપયોગ મૂક. તારે જો વર્તમાન આત્માનું કલ્યાણ કરવું હોય તો એ કલ્યાણમૂર્તિ પ્રભુ છે આત્મા ત્યાં નજર કર. આવી વાતું છે. આ તમારા પૈસા-બૈસામાં ક્યાંય આ સૂઝ પણ પડે એમ નથી. પૈસા રળો ને આ પૈસા... આહા..હા..! ધર્મને નામે અત્યારે ફેરફાર થઈ ગયો છે. આહા..હા..! પોતે સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ – છે, ચિદ્ – જ્ઞાન ને આનંદ. ઇ બહારમાં જાવા નાખે છે (જાણે કે) અહીંથી આનંદ આવશે ને અહીંથી આવશે. બાયડીમાંથી આનંદ આવશે ને પૈસામાંથી આવશે. મૂર્ખાઈ અજ્ઞાન સેવીને ચાર ગતિમાં ચોરાસીના અવતાર કરી રહ્યો છે. આહા..હા..! અહીંયા આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે.

જેમ ઇ પીપરમાં ચોસઠ પો'રી ચરપરાઈ તીખાશ ભરી છે અને લીલો રંગ ભર્યો છે, આ બહાર તો કાળી દેખાય છે. એમ આત્માની પર્યાયમાં પુણ્ય-પાપની મલિનતાની કાળપ છે પણ વસ્તુમાં નથી. આહા..હા..! એ વસ્તુ જેને આત્મતત્ત્વ કહીએ એ પુણ્ય-પાપની મલિનતા તો પુણ્ય-પાપ તત્ત્વ, આસ્રવ તત્ત્વ છે. એનાથી ભિન્ન ભગવાનઆત્મા... આહા..હા..! શુદ્ધ આનંદઘન, શુદ્ધ જ્ઞાયકમૂર્તિ પ્રભુ ત્યાં ઉપયોગ મૂક. વર્તમાન પરિણામને ત્યાં જોડી દે. આવી વાતું છે.

**'આત્માના ગુણોમાં તરબોળ થઈ જા.'** અનંત ગુણ જે પવિત્રતાનું ધામ પ્રભુ ! એ પોતે પ્રભુ છે સર્વોત્કૃષ્ટ આત્મા જ પોતે છે, એમાં જા અને એકાગ્ર થા. તરબોળ (થા). અતીન્દ્રિય આનંદની પર્યાય જેમાં ઝરશે આહા..હા..! અતીન્દ્રિય આનંદની પૂર્ણતાથી ભરેલો ભગવાન, એનું એકાગ્રપણું એમાં પરિણામને જોડતા અતીન્દ્રિય આનંદનું ઝરણું થશે. એથી મલિનતા ટળી જશે અને નિર્મળતા પ્રગટ થશે. આમ

વાત છે. 'સોનગઢ' વાળા એકલી નિશ્ચયની વાતું કરે છે, નિશ્ચયાભાસ છે, કહો, બાપુ ! કહો. આહા..હા..! ભાઈ ! તને તારી મોટપના તારા તત્ત્વની પ્રભુ ! તને ખબર નથી. આવશે હમણાં. આહા..હા..!

**'આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય,'** આહા..હા..! એ શુદ્ધ ચૈતન્યધામ ભગવાનસ્વરૂપે પ્રભુ અંદર શુદ્ધ ચૈતન્યધામ , એમાં જા એકાગ્ર થા તો પર્યાય અવસ્થામાં જે મલિનતા છે એ મલિનતાનો નાશ થશે અને નિર્મળ દશા ઉત્પન્ન થશે. આહા..હા..! એનું નામ ધર્મ છે. આવી વાત છે.

**'મલિનતા ટળી જશે.'** આહા..હા..! ઉત્પાદ્ કર્યો. ધ્રુવ ત્રિકાળી આનંદનો નાથ એના ઉપર નજર કરતા શુદ્ધ પર્યાય ઉત્પન્ન થશે અને અશુદ્ધતાનો નાશ થશે અને ધ્રુવ ઉપર તો નજર ધ્રુવ છે. આહા..હા..! આવો ધર્મ ક્યાંથી કાઢ્યો ? અને કો'ક તો એમ કહે (છે), નવો કાઢ્યો. અરે..! પ્રભુ ! નવો નથી, ભગવાન ! બાપુ ! તને ખબર નથી, ભાઈ ! અંદર આત્મા કેવડો, કોણ છે પ્રભુ ! તને એની ખબર નથી.

આ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્માનો પોકાર છે, દિવ્યધ્વનિ દ્વારા.. આહા..હા..! એને પોકાર કરીને જગાડે છે, જાગ રે પ્રભુ જાગ ! આહા..હા..! રાગ ને પુણ્ય ને પાપના ભાવમાં એકત્વબુદ્ધિથી અનાદિથી તું ઊંઘી ગયો છો, પ્રભુ ! તારી જાતને તેં જગાડી નથી. આહા..હા..! એ પુણ્ય ને પાપના દુઃખભાવમાં તુ જાગીને, દુઃખના વેદનમાં તું રહ્યો છો. આહા..હા..! હવે તારું વેદન કરવું હોય તો જ્યાં વસ્તુ છે અંદર, પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છે આત્મા ત્યાં એકાકાર થા. આહા..હા..! આવી ભાષા સહેલી (છે) પણ ભાવ તો બાપુ ! આહા..હા..! ત્યાં પંડિતાઈના શાસ્ત્રના ભણતર કામ ન આવે. આહા..હા..!

એની વર્તમાન પર્યાયને ત્રિકાળીમાં જોડતા... ભલે થોડું જ્ઞાન હો પણ રુચિ ત્રિકાળીની કરતા પર્યાય તેમાં ઢળે છે, એકાકાર (થાય છે) ત્યારે નિર્મળ દશા પ્રગટ થાય છે અને એ નિર્મળ દશા પ્રગટ થાય તેને અહીંયા ધર્મ અને મોક્ષનો માર્ગ તેને કહે છે. આહા..હા..! ૧૦૯ (બોલ પૂરો) થયો. આહા..હા..! શબ્દો ટુંકા છે પણ ભાવ બહુ ઊંચા છે.

**પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તેં જોયા નથી. દૃષ્ટિ બહાર ને બહાર જ છે. ૧૧૦.**

**'પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તેં જોયા નથી.'** તેં જોયા નથી, પ્રભુ ! આહા..હા..! તારી પર્યાય જે છે ને ચાલતી વિચાર ધારા, એ પર્યાયની સમીપે જ આખું તત્ત્વ પડ્યું છે પણ તે પર્યાયે તે તત્ત્વને કદી જોયું નથી. એ પર્યાય પરને, રાગને, પુણ્યને, પાપને ને પરને જોયા કરે છે. આહા..હા..! પરને જોવાના કામ એકલા એ તો મિથ્યાજ્ઞાન ને મિથ્યાશ્રદ્ધા છે. આહા..હા..!

અંતર જોવાનું જ્યાં જોનાર, જોનારો છે એને જોતા, જાણનારને જાણતા, દેખનારને દેખતા. આહા..હા..! જેની સત્તાના હોવાપણામાં લોકાલોક જણાય છે એ સત્તા જ્ઞાન છે અને લોકાલોક જણાય છે એ પણ નહિ, એના જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ જણાય છે. આહા..હા..! જો જ્ઞાન ન હોય તો આ.. આ.. છે, આ છે, જાણ્યું કોણે ? એટલે પરને જાણવામાં પણ જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ એ પોતાનું છે પણ એને એમ થાય છે કે આ પરને જાણું એ મારું જ્ઞાન. આહા..હા..! પણ જે જ્ઞાન પરને જાણવા રોકાયેલું છે એ અજ્ઞાન છે, ભ્રમણા છે, એ ભગવાનની ભ્રમણા છે. એ ભગવાનને જ્યારે જોવા હોય અંદર તો... આહા..હા..! ભારે આકરું કામ.

**'પરમ પુરુષ તારી નિકટ...'** આ પર્યાય જે વિચારધારા ચાલે છે એની નિકટ જ ધ્રુવ સ્વરૂપ પડ્યું છે અંદર પણ અંતર્મુખ તેં કદી જોવાનો વિચાર કર્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? **'પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તેં જોયા નથી.'** આહા..હા..! મોટો કરોડપતિ, અબજપતિ કોઈ રાજા પા કલાકની મુદતે મળવા આવ્યો હોય. એ આવ્યો ને એ માણસ પોતાનો છ મહિનાનો, બાર મહિનાનો છોકરો હતો (એની સાથે) રમવામાં વખત ગાળ્યો. પેલો (રાજા આવ્યો) હતો એ ઉઠીને ચાલ્યો ગયો. એને શેઠને પા કલાક મળવું હતું. રાજા આવ્યો પણ શેઠ પોતાના છોકરાની રમતમાં પા કલાક ગાળ્યો. એમ આ ત્રણ લોકનો નાથ અંદર ચૈતન્યપ્રભુ પર્યાયની સમીપે બિરાજે છે પણ પર્યાય રાગની રમતમાં રોકાઈને એને ભૂલી ગયો. આહા..હા..!

આ અન્યમાં કહેવાય છે, 'મારી નજરને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ' હરિ આ આત્મા, હોં ! જે અજ્ઞાન ને રાગ-દ્વેષને હરે તે હરિ. આહા..હા..! જે પુણ્યના પાપના વિકાર તે મારા એવો મિથ્યાત્વભાવ અને જે રાગ-દ્વેષની પ્રીતિ-અપ્રીતિનો ભાવ તેને હરે નામ નાશ કરે તે ભગવાનઆત્માને હરિ કહેવામાં આવે છે. આહા..હા..! હરતી ઇતી હરિ. એવો આત્મા અંદર નજીક છે... આહા..હા..! પણ બહિરાત્મબુદ્ધિએ અંતરઆત્માને કદી જોયા નહિ. નિધાન છે નજરે પડે એવું તે નિધાન (છે)... આહા..હા..! પણ તેં કોઈ દિ' જોયું નહિ. અનાદિથી એમ ને એમ ચીજ રહી ગઈ.

પરમ પુરુષ, પરમ આત્મા ! પુણ્ય-પાપ તત્ત્વ એ તો અચેતન તત્ત્વ, અંધકાર તત્ત્વ છે. શરીર એ અચેતન તત્ત્વ છે, રંગ રંગ રસવાળુ, પુણ્ય-પાપ એ રંગ રસવાળું તત્ત્વ નથી, પણ અચેતન (એટલે) એમાં ચૈતન્યનો અંશ નથી, એથી અચેતન છે. એ અચેતનની સામે, નજીકમાં ભગવાન પૂર્ણાનંદનો ચૈતન્ય પ્રકાશ, પૂર્ણ પ્રકાશરૂપ ચૈતન્યચંદ્ર શીતળ... શીતળ... શીતળ... શાંતિ અને સુખથી ભરેલો,.. શાંતિ શબ્દે વીતરાગતા, ચારિત્ર, સુખ શબ્દે આનંદ. એવું તત્ત્વ તારી નજીક છે. એક સમયની પર્યાયમાં નજીક તત્ત્વ છે. આહા..હા..! પણ તેં કદી તેને જોયા નથી. આહા..હા..!

અરે..! આહા..હા..! આ અનંતકાળ રખડતા ચોરાશીના અવતાર કરી કરીને, પરનું લક્ષ કરીને, પરને જાણવામાં રોકાઈને સ્વને ભૂલી ગયો. ભૂલી ગયાના પરિણામ આ રખડવાના છે. આહા..હા..! હવે તો કહે છે, ભાઈ ! તને અનંતકાળે આવો મનુષ્યદેહ મળ્યો. અંદર ભગવાન તારી વર્તમાન પર્યાયની સમીપમાં પડ્યો, બેઠો છે ને ! આહા..હા..! તારી નજરને ફેરવવાની કાળે એ તને જણાતો નથી. નજરું રાગ ને પુણ્યને એના ફળ બહારમાં આ ને આ ને આ એમાં રોકાઈ ગયો. આહા..હા..! પણ જે જ્ઞાનની વર્તમાન દશાની સમીપમાં પ્રભુ નજીક પડ્યો છે. છે ?

**'છતાં તેં જોયા નથી.'** આહા..હા..! તે પ્રભુને તેં જોયો નહિ. આહા..હા..! એક સમયની પર્યાય અને રાગ, એની રુચિના આડમાં આખો ભગવાન સમીપમાં છે એને એણે જોયો નહિ. અનંતવાર દિગંબર મુનિ સાધુ થયો પણ એ બધા દયા, દાન ને વ્રતના પરિણામને જોઈને સંતોષાઈ ગયા, કે આપણે ઘણું કર્યું. એ તો અજ્ઞાન છે. આહા..હા..! 'સુખધામ અનંત સુસંત ચહિ' 'શ્રીમદ્'નું છેલ્લું વાક્ય છે. સુખધામ એ એમાં પણ કહ્યું છે અને 'સ્વયં જ્યોતિ સુખધામ' એમાં પણ કહ્યું છે. 'શુદ્ધ બુદ્ધ

ચૈતન્યઘન...' પ્રભુ ! તું શુદ્ધ છો, બુદ્ધ નામ જ્ઞાનનો પુંજ છો. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' અસંખ્ય પ્રદેશી ઘન છો. એ સર્વજ્ઞ સિવાય અસંખ્ય પ્રદેશી કોઈએ જોયા નથી. જિનેશ્વર સર્વજ્ઞ સિવાય (કોઈએ જોયા નથી). એ ચૈતન્યઘન છે

'સ્વયં જ્યોતિ...' સ્વયં જ્યોતિ--ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ શાશ્વત અને સુખધામ એ અતીન્દ્રિય આનંદનું ધામ--સ્થળ છે. અરે.. અરે..! આવી વાતું હવે. આહા..હા..! અહીં તો બે બીડી સરખી પીવે ત્યાં ભાઈસાહેબને મગજ તર થઈ જાય. આહા..હા..! સવારમાં એ દોઢ પાશેર ઉકાળો પીવે, આ ઉકાળો એટલે ચા, ઊની ઊની દોઢ પા શેર (પીધા પછી કહે) આહા..હા..! મગજ ઠેકાણે રહ્યું હવે. ચા પીધા વિના આવ્યો છું તો મગજ ઠેકાણે નથી. આવા તો અપલક્ષણ ! આહા..હા..! પણ એ અપલક્ષણની પાસે પ્રભુ બિરાજે છે આખો. આહા..હા..! સ્વલક્ષણવાળો બિરાજે છે ને આ તો અપલક્ષણ છે આહા..હા..! કહો, ભાઈ ! આવું સ્વરૂપ છે. દિગંબરમાં બેસવું કઠણ પડે છે.

આ તો સનાતન સત્ય, પરમ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવે દિવ્યધ્વનિ દ્વારા ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં આ કહ્યું છે. આહા..હા..! એ વાત અહીંયા સંતોએ જગતને જાહેર કરી. સમજાય છે ? એ 'બેને' પોતાની સાદી ભાષામાં આ બહાર પાડ્યું. આહા..હા..! મંત્રો છે.

પ્રભુ ! **'પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં...'** આહા..હા..! **'તેં જોયા નથી. દૃષ્ટિ બહાર ને બહાર જ છે.'** એ દૃષ્ટિની પર્યાય જે છે એની દૃષ્ટિ તો બહાર ને બહાર છે. આમ ભગવાન પૂર્ણાનંદ છે તેના તરફ જોવાને અવસર લેતો નથી. અને એને જોયા વિના કોઈ દિ' ધર્મ થતો નથી. કેમ કે જાણનારો પરિપૂર્ણ છે એવી દૃષ્ટિમાં એ ન આવે તો ત્યાં ઠરવું કેમાં એ વાત તો એને રહેતી નથી. રાગની ક્રિયા કરીને રાગમાં ઠરે એ તો અજ્ઞાન છે. આહા..હા..! ભારે કામ, ભાઈ !

**'પરમ પુરુષ...'** એ આત્માને પરમ પુરુષ કીધો. 'પુરુષાર્થસિદ્ધિ'માં આવે છે ને ? 'પુરુષાર્થસિદ્ધિ' 'અમૃતચંદ્રાચાર્ય'નું પુસ્તક છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'. પુરુષ–ચૈતન્યમાં ચેતિ ઇતિ પુરુષ. પોતાના આનંદ ને જ્ઞાનમાં રહે છે માટે તેને પુરુષ કહીએ. 'પુરુષાર્થસિદ્ધિ'માં છે. આહા..હા..! અહીં આ સ્ત્રી ને પુરુષ જે શરીર છે એની અહીં વાત નથી. આ તો હાડકા, જડ, માટી છે. અંદર ભગવાન પરમ પુરુષ એટલે ?

પૂરું પૂરું એવો જે આત્મા પોતાના ચૈતન્ય, આનંદ ને જ્ઞાનમાં રમે, એમાં સૂતો છે એટલે એમાં છે, એનું નામ ચૈતન્ય કહીએ. રાગમાં રહે તે હરામ કહીએ, સ્વરૂપમાં રમે તે રામ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ ? આકરું લાગે, ભાઈ ! પણ શું થાય ? મારગ તો આવો છે, બાપુ ! જન્મ-મરણ કરી કરીને થોથા નીકળી ગયા જુઓને આ ! આહા..હા..!

એક નાની છોડી બિચારી, એક મહિનાના લગન. સૂવાની તૈયારી હતી ને એમાં સાડલો પહેરેલો ને લુગડાને ઝાળ લાગી. શું કહેવાય તમારામાં ? પ્રાયમસની (ઝાળ લાગી). બળી ગઈ. (એક મુમુક્ષુના) દીકરાની વહુ, એક મહિનાનું લગન. વૈશાખ સુદ ૮ (લગન થયા અને) જેઠ સુદ ૮ દેહ છૂટી ગયો. આહા..હા..! એ દુઃખ કેવું હશે ? જુવાન અવસ્થા, વિષયની તૃષ્ણાનો પાર ન મળે. આહા..હા..! એમાં એ ઝળહળ લૂગડા આમ ચોંટીને પહેરેલા મજબુતથી, સુવું છે. એ સળગ્યા ત્યાં થઈ રહ્યું, દેહ છૂટી ગ્યો. આહા..હા..! આવા મરણ એકના નહિ પણ પ્રભુ તારા અનંતવાર થયા છે, ભાઈ ! તું અનંતકાળનો છો ને, પ્રભુ ! આહા..હા..! તારી મોજૂદગી, હયાતી તો અનંતકાળની છે, કાંઈ નવો થયો છો એમ નથી. આહા..હા..! અનાદિની તારી મોજૂદગી, હયાતી (છે). પ્રભુ ! ક્યાં રહ્યો ? આવા ભવભ્રમણના દુઃખમાં રહ્યો આહા..હા..! અને માન્યું કે અમે સુખી છીએ. એમ માન્યું. આહા..હા..! કાંઈ બે, પાંચ, દસ લાખ પૈસા થાય, બાયડી-છોકરા સારા ઠીક થાય, છોકરા રળાવ પાકે બંગલા થાય. બે, પાંચ, દસ, પચાસ લાખના. (માને કે) સુખી છીએ. આહા..હા..!

એક જણો કહેતો હતો. અહીં (એક મુમુક્ષુના) વેવાઈ હતા. એક ફેરી કહે, અમારા વેવાઈ સુખી છે, એમ કહેતો અહીં. મેં કીધું, ભાઈ ! સુખીની વ્યાખ્યા શું ? બાપુ ! આહા..! અમારા વેવાઈ સુખી છે. એ તો શું કહેવાય પેલા ? .... બાપુ ! સુખી છીએ. સુખીની વ્યાખ્યા શું ? બાપુ ! આ પૈસા ને સ્ત્રી-કુટુંબ ને મોટું સો સો માણસનું કુટુંબ ને...

મુમુક્ષુ :– બધા પ્રકારની સાધન સગવડતા હોય...

ઉત્તર :– એ સુખી કહો, છે મૂર્ખ ? બહારની બધી સગવડતા જે સગવડતાને અડતો પણ નથી. પર ચીજને તો અડતો પણ નથી. ચાહે તો કરોડો રૂપિયા હોય અને સ્ત્રીનું સુંદર શરીર હોય પણ સ્ત્રીના શરીરને તો આ જીવ અડતો પણ નથી.

આહા..હા..! એ ભોગને કાળે પણ સ્ત્રીના શરીરને અડતો નથી. એ તો અજ્ઞાની પોતાના આનંદમાં છે આનંદીને ભૂલી અને આ ઠીક છે એવો વિકલ્પ ઉઠાવે છે, એ રાગને અનુભવે છે, સ્ત્રીના શરીરને નહિ. એ તો જડ, માટી, ધૂળ (છે). પ્રભુ તો અરૂપી છે ને ! આહા..હા..!

ભગવાન તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો પ્રભુ છે ને ! એ રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો ચામડાને કઈ રીતે ભોગવે ? આહા..હા..! ફક્ત પોતાના સ્વરૂપનું લક્ષ છોડી દઈ અને પરના લક્ષમાં એને ઠીક છે, અનુકૂળતા છે એવો જે રાગ ઉઠાવે છે અને વીંછીના કરડમાં પણ વીંછીના કરડને અડતો નથી. ફક્ત એને દ્વેષ થાય છે, આ ઠીક નહિ. એ દ્વેષને વેદે છે અને ભોગ કાળે રાગને વેદે છે, શરીરને નહિ.

લાડવાને ખાય છે, આ લડ્ડુ ! એ લાડવાને કોઈ ખાઈ શકતું નથી. આહા..હા..! એ મોસંબીના પાણી અને આઇસક્રિમ, શું કહેવાય તમારે હોય છે મોટા ઊંચા ? રસગુલ્લા દૂધના બનાવે છે ને ? એને ખાય આત્મા ? એને અડતો પણ નથી ને ! પ્રભુ ! એ તો જડ છે ને ! પ્રભુ તો આત્મા અરૂપી છે. અડે ક્યાંથી ? આહા..હા..! ખરેખર તો જીભ પણ એને અડતી નથી અને જીભને આત્મા અડતો નથી. આહા..હા..! ફક્ત અડ્યા વિના પણ સ્વરૂપનું, સ્વભાવનું ભાન નથી એથી પરમાં; છે તો પર વસ્તુ જ્ઞેય તરીકે જાણવા તરીકે વસ્તુ છે, એને જ્ઞેય તરીકે ન જાણતા આ મને ઠીક છે તેમ ઇષ્ટપણું માનીને એ ઇષ્ટપણાના રાગને વેદે છે. આહા..હા..! એમ વીંછીનો કરડ, સર્પનો કરડ, સિંહે ગળુ પકડ્યું એ કાંઈ આત્મા એને અડતો નથી. ફક્ત એમાં પ્રતિકૂળ દેખીને જ્ઞેય આ પ્રતિકૂળ છે (એમ માને છે). છે તો જ્ઞેય, જ્ઞાનમાં જાણવા લાયક ચીજ છે. ભલે ગળુ પકડ્યું. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

પેલી બાઈની વાત નથી આવતી ? શું નામ ? 'વિશલ્યા' ! 'લક્ષ્મણ'ને જ્યારે 'રાવણે' વિદ્યા મારી ને ? 'લક્ષ્મણ' અસાધ્ય થઈ ગયા. 'રામ' ને 'લક્ષ્મણ'. 'રામ' તો તે ભવે મોક્ષ જનારા અને 'લક્ષ્મણ' તો 'વાસુદેવ', આ 'બળદેવ'. 'રાવણે' વિદ્યા મારી (તો) અસાધ્ય થઈ ગયા. હાય..હાય..! (હવે) શું કરવું ? કરોડો મનુષ્યો ને ... લશ્કર કરોડો મનુષ્યો અને 'રામચંદ્ર' જેવા મહાપુરુષ, પુરુષોત્તમ પુરુષ. એ છેલ્લો દેહ છે. મુક્ત થવાના છે એ ભવે. આહા..હા..! એ 'રામચંદ્રજી' આમ 'લક્ષ્મણ'ને જોવે છે, ભાઈ ! તું જવાબ દેને એકવાર, એમ કહે છે. અમે ત્યાં 'પાલેજ'માં બોલતા,

નાની ઉંમરની વાત છે. સીત્તેર વર્ષ, પોણોસો વર્ષ પહેલાંની. એક તો 'સીતાજી' 'રાવણ' લઈ ગયો અને આ 'લક્ષ્મણ'ને બાણ, વિદ્યા મારી ને અસાધ્ય થઈ ગયા. ભાઈ ! હું જઈશ દેશમાં માતા પુછશે તો હું શું જવાબ દઈશ ? આહા..હા..!

**'આવ્યા હતા ત્યારે ત્રણ જણાને જાશું એકા એક'**

આવું અમે ત્યાં ગાતા. પર્યુષણમાં ચોવિહાર ને ઉપવાસ કરીએ અને અમે રાત્રે સાંજના નિવૃત્તિ લઈને (બેસતા). આ તો પોણો સો વર્ષ પહેલાંની વાત છે. દુકાન ઉપર (બેસતા). અત્યારે દુકાન તો ચાલે છે, મોટી દુકાન છે. આહા..હા..!

**'આવ્યા હતા ત્યારે ત્રણ જણાને જાશું એકા એક,**
**માતાજી ખબરું પૂછશે તેને શું શું ઉત્તર દઈશ ?**
**'લક્ષ્મણ' જાગને હો જી, બંધ બોલ દે એકવાર જી.'**

આ તો તે દિ', હોં ! પોણો સો વર્ષ પહેલાંની વાત છે. આ ગાતા ત્યાં દુકાન ઉપર સાંજના નિવૃત્તિ હોય ને દુકાન ઉપર.

હે 'લક્ષ્મણ' ! અમે આવ્યા ત્રણ 'સીતાજી', 'લક્ષ્મણ' આપણે ત્રણ વનવાસ (લીધો). હવે હું એકલો જઈશ, ભાઈ ! 'સીતાજી' આ લઈ ગયો ને તને થઈ અસાધ્ય. ભાઈ ! માતા પૂછશે હું શું કહીશ ? પરમ પુરુષ, પરમ પુરુષ આત્મજ્ઞાની છે, એ છેલ્લો દેહ છે. પરમાત્મા સિદ્ધ થવાના છે પણ હજી રાગનો ભાગ છે. ત્યારે કો'કે કહ્યું, તમારા રાજમા એક 'વિશલ્યા' નામની કન્યા છે. રાજ તો સોપ્યું છે 'ભરત'ને પોતે તો વનવાસ હતા ને ? 'ભરત'ને સોપેલું. એ 'ભરત'ના રાજમાં એક 'વિશલ્યા' રાજકુમારી છે ઇ અહીંયા આવે તો તરત એની વિદ્યા ઉતરી જશે.

એ 'વિશલ્યા' હતી કોણ પેલી રાજકુમારી ? પૂર્વે કોણ હતી ? 'ચક્રવર્તી'ની દીકરી. અને એ 'ચક્રવર્તી'ની દીકરીને કોઈ વિદ્યાધરે ઉપાડીને જંગલમાં મુકી દીધેલી અને જંગલમાં અજગર મોટો અજગર, અજગર ઓળખો ને ? અજ એટલે બોકડો અને ગર એટલે ગળે. આખા બોકડાને ગળે એનું નામ અજગર. એનો શબ્દાર્થ એ છે. અજગર નથી મોટા મોટા (થાતા) ? એમાં એ બાઈને જંગલમાં એકલી મુકીને ચાલ્યો ગયો. આનો વિરોધી (હતો). એમાં અજગર આવ્યો, (છોકરીને ગળી ગયો). મોઢું આટલું થોડું બાકી રહ્યું, બાકી બધું (અંદર). એમાં 'ચક્રવર્તી'ની દીકરી, 'ચક્રવર્તી' પોતે શોધખોળ માટે નીકળ્યો. આમ જ્યાં આવે ત્યાં અરે..રે..! આ મારી દીકરી અહીં ?

બાણ લઈને અજગરને મારી નાખું. (છોકરી કહે છે), પિતાજી ! કંઈ કરશો નહિ. મેં તો જાવજીવનો આહારનો ત્યાગ કર્યો છે. હું જીવતી રહીશ તોપણ આહાર તો કરવાની નથી. એટલે પેલો આમ મારવાની તૈયારી કરી પણ બંધ કરાવ્યું. પછી દેહ છૂટી ગયો. એમાં આ રાજકુંવરી થઈ. એમાં એ લબ્ધિ થઈ. એવી લબ્ધિ થઈ કે એની હવા આમ કો'કને લાગી જાય તો માંદો હોય એ સાજો થઈ જાય. એ બાઈને લાવ્યા. અહીં લશ્કરમાં ઘણાં માણસો... શું કહેવાય એ ? ઘા કાધા, ઘાયલ થયેલ, ઘાયલ. તમારી ભાષા ભૂલાય જાય છે.

'રામચંદ્ર' ને 'લક્ષ્મણ' એટલે કોણ ? જેની આઠ-આઠ હજાર દેવ તો સેવા કરતા. એ કરોડો મનુષ્યોમાં ઘણા ઘાયલ થયેલા. એ 'વિશલ્યા' આવી જ્યાં પંડાલમાં, મોટું પંડાલ. આહા..હા..! જ્યાં ગરી અંદરમાં ત્યાં ઘાયલ સાજા થવા માંડ્યા અને અહીં 'લક્ષ્મણ' પાસે આવી જ્યાં (તો 'લક્ષ્મણ' જાગીને પૂછે છે), ક્યાં ગયો 'રાવણ' ? જાગી ગયો. આહા..હા..! ઇ પૂર્વે ત્યાં મરણમાં એટલી શાંતિ, કષાયની મંદતા રાખી હતી ને ! એથી એને લઈને આવી લબ્ધિ થઈ.

પછી તો એ 'લક્ષ્મણ'ને સાધ્ય થાય છે ને 'રાવણ'ને મારે (છે). 'વાસુદેવ' છે ને ! છતાં એ તો મહાપુરુષો છે. એ 'રાવણ'ને મારે છે છતાં એની 'રાવણ'ની સ્ત્રી પાસે જાય છે (અને કહે છે), બા ! અમે તો 'રામ' ને 'લક્ષ્મણ' છીએ, વાસુદેવ છીએ. અમારી પદવી પ્રમાણે આ બન્યું છે, આમાં બીજું કાંઈ થાય એવું નહોતું. બાળવા ગયા તો સાથે ગયા. 'રામ' પોતે ને 'લક્ષ્મણ' સાથે. એ તળાવ પર બેસે છે ને અહીં બાળે છે. પોતે સાથે ગયા. એ પુરુષોત્તમ પુરુષો છે. ફક્ત પુણ્યને લઈને 'બળદેવ' ને 'વાસુદેવ' થયેલા એટલે આ પદવી પ્રમાણે એને આ કામ થાય જ. આહા..હા..!

ત્યાં બાળવા ગયા. જેને માર્યો (એને) બાળવા ગયા ત્યાં તળાવમાં બળે ત્યાં સુધી જોડે બેઠા. અમે સાથે છીએ. બા, બેન ! અમે કાંઈ એના વિરોધી નથી પણ અમારી પદવી પ્રમાણે (થયું છે). આહા..હા..! જુઓ ! તો ખરા એનું જીવન. આનું જીવન કેટલું છે ! એવી સ્થિતિમાં પણ એણે 'રાવણ'ની સ્ત્રીને બેન કહીને (કહ્યું), બેન ! મેં અમે આ કર્યું એ પદવી અમારી આવી છે, બીજું શું થાય ? બાકી એ ખરાબ છે. આહા..હા..! પેલી બાઈનું પુણ્ય કેટલું ? કે પૂર્વે અજગરમાં મરી ગઈ એની અહીં લબ્ધિ (પ્રગટી). અહીં આવી ત્યાં 'લક્ષ્મણ' જાગી ઉઠ્યો. પછી તો 'રાવણ'ને

માર્યા. આહા..હા..! આવી સ્થિતિ અનંતવાર કરી છે. પણ ભગવાન અંદર આત્માનો નાથ એને જગાડ્યો નથી કોઈ દિ'. આહા..હા..!

ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ, ચંદ્ર-જિનચંદ્ર પ્રભુ અંદર છે. આહા..હા..! વીતરાગી શીતળતાની શાંતિથી ભરેલો એ પુરુષ તારી પાસે છે ને પ્રભુ ! આહા..હા..! તેં કોઈ દિ' જોયો નહિ. આહા..હા..! આવી વાતું છે, લ્યો !

**'તેં જોયા નથી. દૃષ્ટિ બહાર ને બહાર જ છે.'** પ્રભુ ! આહા..હા..! દિગંબર મુનિ કહો પંચ મહાવ્રતધારી પણ દૃષ્ટિ ત્યાં રાગ ને પર ઉપર જ રહી.

**મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમ જ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

એ પંચ મહાવ્રતના પરિણામ પણ રાગ ને દુઃખ છે. આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર અંદર છે, એવા અતીન્દ્રિય આનંદનો સ્પર્શ ન કર્યો અને પંચ મહાવ્રતના પરિણામ ને બ્રહ્મચર્ય ને સ્ત્રીનો ત્યાગ ને એ બધું દુઃખનું વેદન કર્યું સુખ લેશ ન પાયૌ. પંચ મહાવ્રત ધારીને પણ એને સુખનો અંશ ન આવ્યો. કેમ કે એ તો આસ્રવ છે. આહા..હા..! એ આસ્રવની સમીપે પ્રભુ અંદર બિરાજે છે. આહા..હા..! એને તેં જોયા નહિ, પ્રભુ ! તારી નજરુંમાં તે નિધાન તેં લીધું નહિ. તારી નજરમાં એ નિધાન (આવ્યું નહિ). ભગવાન નિધાન છે અંદર... આહા..હા..! જેમાં અનંતા અનંતા ચૈતન્ય રત્નો સંખ્યાના પાર વિનાના એવા રત્નો પડ્યા છે અંદર. આહા..હા..! એને તેં જોયો નહિ, જોયા નહિ, તારી નજરુંમાં એ નિધાન લીધા નહિ અને પામર ચીજ એ પુણ્ય ને પાપ ને એના ફળને બહાર જોવામાં રોકાઈ ગયો, પ્રભુ ! એથી તારું પરિભ્રમણ મટતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- આત્મા તો કેવળજ્ઞાનમાં દેખાય તો એ જોવે કેવી રીતે ?

ઉત્તર :- અરે..! જાણનારો જાણે છે એવું અસ્તિત્વ છે કે નહિ ? એમ ખ્યાલમાં આવે છે કે નહિ ? હું જણાતો નથી, એમ નિર્ણય કોણે કર્યો ? હું જણાતો નથી, ઇ કોણે નિર્ણય કર્યો ? શેમાં નિર્ણય કર્યો ? એ જ્ઞાનમાં. મને મારી ખબર પડતી નથી. પણ એ નથી ખબર પડતી એવો નિર્ણય કઈ સત્તામાં કર્યો ? એ જ્ઞાનની સત્તામાં ખબર પડી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ સચ્ચિદાનંદ ઝળહળ જ્યોતિ, એની સામું એણે જોયું નહિ,

જાણનારને જાણ્યો નહિ. જાણનાર બીજાને જાણવામાં રોકાઈ ગયો, પણ જાણનારમાં નિધાન છે, એ નજીકમાં પડ્યું છે, એ પર્યાય ને રાગની સમીપમાં જ ધ્રુવ ચૈતન્ય છે અંદર. આહા..હા..! પણ તેં જોયા નહિ. આહા..હા..! આવું તારું અજ્ઞાન. સાધુ થયો તોપણ તેં તને જોયો નહિ. અભિમાન કર્યા અમે મહાવ્રતી છીએ, અમે સાધુ છીએ ને અમે ત્યાગી છીએ. શેના ત્યાગી ? બાપા ! તને હજી ખબર નથી. આહા..હા..!

શુદ્ધ ચૈતન્યને ગ્રહણ કરતાં જે રાગનો ત્યાગ થાય તે પણ પરમાર્થે ત્યાગનો કર્તા આત્મા નથી. આહા..હા..! શું કહ્યું ઇ ? ચૈતન્ય સ્વભાવનો, પ્રકાશનો પ્રભુ પુંજ એને પકડતા, ગ્રહતા... આહા..હા..! એની શાંતિની ઉત્પત્તિ થાય, ત્યારે તેને રાગની ઉત્પત્તિ ન થાય. ત્યારે ઉત્પત્તિ ન થાય તેનો એણે નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો એનો નાશ કર્યો જ નથી. એ ઉત્પન્ન જ થયો નથી. અહીં સ્વરૂપમાં ઠરે છે ત્યાં એ જાતનો ભાવ ઉત્પન્ન થયો જ નથી. આહા..હા..! ભાઈ !

કોઈ કહેતું હતું ને ? ખળભળાટ થઈ ગયો હતો. 'દિલ્હી'થી આવ્યા હતા ને ભાઈ ? પૈસાવાળા છે મોટા, શેઠિયા મોટા. ઘણા ઘણા લાખોપતિ, મોટા કારખાના છે. 'દિલ્હી'માં (રહે છે). અહીં જમીન લીધેલી છે. એ કહેતા હતા કે (એક વિદ્વાન) આવ્યા હતા, મુમુક્ષુ મંડળમાં બોલ્યા કે રાગનો ત્યાગ આત્મા કરી શકતો નથી. એમ બોલ્યા ત્યાં ખળભળાટ થઈ ગયો, મુમુક્ષુમાં ખળભળાટ થઈ ગયો !

અહીંયા તો ૩૪મી ગાથામાં કહે છે કે પ્રભુ ! તારું સ્વરૂપ છે એના ઉપર તારી નજર પડતા એમાં ઠર ત્યારે તેને મિથ્યાત્વ ને રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થાય, આત્માએ તેનો નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી ઉત્પન્ન જ થયો નથી એને નાશ કહેવો ક્યાંથી ? આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! સમજાણું કાંઈ ?

પરમ પુરુષ તારી પાસે છે પણ જોયા નહિ, બહાર ને બહાર જ ગયો. આહા..હા..! વૃત્તિ બહાર ને બહાર રહી ગઈ. મુનિ થયો હોય તોપણ રાગ ને પુણ્યની ક્રિયાને ન્યાં જોવા રહી ગયો. સંતોષાઈ ગયો કે આપણે ઘણું કર્યું. હજારો રાણી છોડી, બંગલા છોડ્યા, મકાન છોડ્યા... બાપુ ! કાંઈ કર્યું નથી. અને સમકિતીને આત્મા હાથ આવ્યો, જણાણો, અનુભવાણો એ કહે છે કે મારે તો હજી ઘણું કરવાનું બાકી છે, બાપુ ! હજી તો ચારિત્ર ને કેવળજ્ઞાન ને ઘણું કરવાનું છે, મેં ઘણું કર્યું એમ નથી. પેલો તો બહારનો ત્યાગ કરીને જ્યાં બાયડી-છોકરા છોડ્યા, દુકાનો છોડી, પૈસા છોડ્યા,

ઘણું કર્યું (માને છે). ધૂળેય નથી કરી. આહા..હા..!

જેણે કાંઈ કર્યું નથી એણે ઘણું કર્યું માન્યું. સમ્યગ્દષ્ટિએ આત્માને જાણ્યો. આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ (છે) એમ જાણ્યું ત્યારે એને થયું કે ઓ...હો...! હજી પૂર્ણ પર્યાય ને પૂર્ણ ચારિત્ર છે એ મારે બાકી છે, મારે તો ઘણો પુરુષાર્થ હજી કરવાનો બાકી છે. સમજાણું કાંઈ ? મારી પર્યાય કૃત્યકૃત્ય થાય કે કાંઈ કરવાનું બાકી ન રહે ત્યાં સુધી જાવું છે. આહા..હા..! કેમ કે વસ્તુ પોતે કૃત્યકૃત્ય છે. એનો જ્યાં અનુભવ થતાં સ્થિરતા થાય અને જ્યાં સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય (ત્યાં) કૃત્યકૃત્ય થઈ ગયો. કાંઈ કરવાનું હવે નથી રહેતું. જે કૃત કાર્ય કરવું તે થઈ ગયું. આહા..હા..! સમ્યગ્દષ્ટિને તો ઘણું કરવાનું બાકી (છે). ભાઈ ! એને પૂર્ણનો નાથ દૃષ્ટિમાં આવ્યો, પ્રતીતમાં આવ્યો, વેદનમાં આવ્યો, પણ મારી પર્યાય સર્વજ્ઞની અપેક્ષાએ તો અનંતમાં ભાગે છે. હું તો હજી પામર છું. વસ્તુએ પ્રભુ છું, પર્યાયે પામર છું. આહા..હા..! આવી ચીજ છે. સાંભળવી મુશ્કેલ પડે એવું છે. ફેરફાર ઘણો થઈ ગયો, ભાઈ ! આહા..હા..!

મૂળ તત્ત્વની વાત ને જેનાથી જન્મ-મરણ મટે અને જન્મ-મરણ રહિતની દશા પ્રગટ થાય એવું સમ્યગ્દર્શન... આહા..હા..! એનો વિષય પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને જાણી અને પ્રતીતમાં લીધો કે આ આત્મા. એ થયે એને કલ્યાણની શરૂઆત થઈ ગઈ. દુઃખના અભાવની શરૂઆત થવા માંડી. એ પૂર્ણાનંદના નાથને પૂર્ણ અવલંબીને ઠરશે એટલે પૂર્ણ દુઃખનો નાશ થશે. મોક્ષ એટલે દુઃખનો નાશ થશે અને મોક્ષ એટલે પૂર્ણઆનંદની પ્રાપ્તિ થશે. આહા..હા..! સમજાણું કાંઈ ? ૧૧૦ (બોલ પૂરો થયો).

**પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે. તું પોતે જ પરમાત્મા છે. ૧૧૧.**

૧૧૧. ત્રણેય એકડા. એક, એક, એક. ત્રણેય. ત્રણ એક્કાના ત્રણ નંબર.

**'પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે.'** આ જગતમાં પરમાત્મા, પરમેશ્વર સર્વોત્કૃષ્ટ કહેવાય છે. આહા..હા..! વાત સાચી પણ, છે ઇ કોણ ? આહા..હા..! પરમાત્મા પરમ

આત્મા પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ સર્વોત્કૃષ્ટ કહેવાય છે. આહા..હા..! એ કોણ ? **'તું પોતે જ પરમાત્મા છે.'** કેમ બેસે ? આહા..હા..! પરમ સ્વરૂપ જ તારું છે, પ્રભુ ! એ પરમ સ્વરૂપ એટલે પરમાત્મા. આહા..હા..!

સર્વોત્કૃષ્ટ તારું સ્વરૂપ જ પરમ સર્વોત્કૃષ્ટ છે. અતીન્દ્રિય જ્ઞાન, દર્શન, આનંદ, આહા..હા..! અનંત ગુણનો પિંડ સર્વોત્કૃષ્ટ પ્રભુ અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ, એવા અનંત ગુણના રૂપવાળો એ ભગવાન જે આત્મા... આહા..હા..! એ સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય. પ્રભુ ! તું પોતે પરમાત્મા છો. જો પરમાત્મા ન હો તો સર્વજ્ઞની પરમાત્મ દશા આવશે ક્યાંથી ? ક્યાંય બહારથી આવે એવી છે ? આહા..હા..!

ચોસઠ પો'રી પીપરમાંથી ચોસઠ પો'રી તીખાશ આવે છે, ક્યાંથી આવે છે ? પ્રાપ્તની પ્રાપ્તિ છે, છે તેમાંથી આવે છે. એમ ભગવાનઆત્મા પરમાત્મા પર્યાયમાં થાય. સર્વજ્ઞ અરિહંત જિનેશ્વરદેવ સર્વોત્કૃષ્ટ દશા, જેના સો ઇન્દ્રો. આહા..હા..! પ્રભુ બિરાજે છે. મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે. આહા..હા..! સો સો ઇન્દ્રો, સેંકડો વાઘ ને સેંકડો કેસરી સિંહ જંગલમાંથી સમવસરણમાં સાંભળવા આવે છે અને કાળા નાગ મોટા પચીસ પચીસ હાથના લાંબા, એ જંગલમાંથી આમ સઘળક સઘળક કરતાં સાંભળવા આવે છે. એ પરમાત્માની વાણી અને એ સાંભળનારા બાપુ ! એ કેવા હશે ? સાક્ષાત બિરાજે છે પ્રભુ. આહા..હા..! મહાવિદેહમાં, મહાવિદેહમાં ... એમ આગળ આગળ જતા મહાવિદેહમાં બિરાજે છે. આહા..હા..!

એ પ્રભુ એમ કહે છે કે આ જગતમાં જે પરમાત્મા કહેવાય છે ઇ કોણ ? કે તું. અમે તો પરમાત્મા થયા, પર્યાયમાં થયા પણ એ પર્યાયમાં પરમાત્મા થયા એ આવ્યું ક્યાંથી ? આહા..હા..! એ પરમાત્મ સ્વરૂપ છે એમાંથી પરમાત્મ પર્યાય આવી છે. આહા..હા..! એને અહીં પામર તરીકે સ્વીકાર્યો. એક દયાનો પાળનાર હું, બસ ! આહા..હા..! અરે..! પ્રભુ એ રાગની ક્રિયા એનો કરનારો તું ? જ્ઞાયક ચૈતન્ય જ્યોતિને રાગનું કર્તવ્ય સોપવું... આહા..હા..! એ તો અજ્ઞાન અને મિથ્યા ભ્રમ છે. આહા..હા..!

એ તો ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારો પોતાની એક સમયની પર્યાયમાં અને એવી એવી અનંતી પર્યાયનો પિંડ તે જ્ઞાન છે અને એવા દરેક ગુણની અનંતી પર્યાયનો પિંડ તે દરેક ગુણ છે, એવા અનંત ગુણનો સાહેબો પ્રભુ ! એ સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા

કહેવાય છે એ તું પોતે છો. આહા..હા..! એમ જિનેશ્વર દેવનો પોકાર દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઇન્દ્રોની વચમાં પોકાર પ્રભુનો અત્યારે છે એ વાણી અહીં આવી છે. સમજાણું કાંઈ ? આહા..હા..! કેમ બેસે ?

ધામ પોતે સુખનું ધામ, આનંદનું ધામ, ધ્રુવ ધામ... આહા..હા..! એવી ચીજને તેં નજરમાં ન લીધી. એ પોતે પરમાત્મા છે. પરમ સ્વરૂપ એ તારું સ્વરૂપ છે. એ સ્વરૂપથી તું જુદો નથી. એક સમયની પર્યાય છે એ પણ સ્વરૂપથી જુદી છે. આહા..હા..! જે એને જાણનારી પર્યાય છે એ પણ સ્વરૂપથી જુદી છે. આહા..હા..! તો રાગ ને દ્વેષ ને શરીર પ્રભુ એ ક્યાં રહ્યાં, એ તો ક્યાંય જુદા છે. આહા..હા..!

મુમુક્ષુ : અનુભવ કાળે ... એકમેક થઈ ગયો છે.

ઉત્તર : એકમેક થયો નથી. એ રાગનો અભાવ કરીને અંદર જાય ત્યાં રાગ દેખાતો નથી એમાં. એક શ્લોક નથી આવતો ? બીજું દેખાતું નથી. એ શ્લોકનું શું નામ ? શ્લોક છે ને આ 'સમયસાર'માં ? એક સર્વોપરી તત્ત્વ દેખાય છે. આહા..હા..! શ્લોક છે. બધું કાંઈ યાદ રહે છે ? ભાવ યાદ રહે. ક્ષયોપશમ શક્તિ કાંઈ એટલી બધી... આહા..હા..! એમ કે અંતર જોતા એક જ દેખાય છે અથવા જડ જુદું દેખાય છે, એમ. જડ છે તે તદ્દન જુદું દેખાય છે. આહા..હા..! આ તો અંતરની રમતું છે, બાપુ ! આહા..હા..!

સ્થિરતા એક સમયમેં ઠાણે. એક સમયમે ધ્રુવ પણે પણ રહે. 'સ્થિરતા એક સમયમેં ઠાણે ઉપજે વિણસે તબહિ.' પર્યાયમાં નવી ઉપજે ને પૂર્ણ પર્યાય જાય છતાં સ્થિરતા તો કાયમ છે.

**સ્થિરતા એક સમયમેં ઠાણે ઉપજે વિણસે તબહિ,**
**ઉલટ-પલટ ધ્રુવ સત્તા રાખે યા હમ સુની ન કબહી.**

ઉત્પાદ-વ્યય રાખે ને ધ્રુવપણું રાખે. આહા..હા..! પર્યાયમાં ઉત્પાદ-વ્યય છે, વસ્તુપણે જે ત્રિકાળ છે તે ધ્રુવ છે. ઇ ઉલટ-પલટ, ધ્રુવ સત્તા રાખે. આહા..હા..! 'યા હમ સુની ન કબહી, અબધુ નટનાગરકી બાજી' ૧૪ બ્રહ્માંડના નગરમાં એક આત્મા નટ ચાર ગતિમાં રમ્યો. આહા..હા..! 'નટનાગરકી બાજી, ક્યા જાણે બ્રાહ્મણ કાજી.' બ્રાહ્મણના વેદ કોણ જાણે, કાજી નામ મુસલમાનના શું કહેવાય ? કુરાન એને શું ખબર પડે આ વસ્તુની ? એમ કહે છે.

આ તો ત્રિલોકનાથ જિનેશ્વરદેવને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાણા એમાં આ વાત આવી. બીજાએ જાણ્યું છે ક્યાં ? બાપુ ! આહા..હા..! એવો પુરુષ તો તું પોતે જ પરમાત્મા છો. આહા..હા..! એવી દૃષ્ટિ અંદરમાં થવી, હું તો વસ્તુએ પરમાત્મા પૂર્ણ છું, પર્યાયમાં જે પર્યાય છે એ ભલે કમી–ઓછી હોય, વસ્તુ તો પૂર્ણ છું. એવી દૃષ્ટિ કરવું એનું નામ સમ્યગ્દર્શન છે. વિશેષ કહેવાશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

અષાઢ સુદ ૧૨, સોમવાર તા. ૧૭-૦૭-૧૯૭૮.
વચનામૃત-૧૧૨ થી ૧૧૩. પ્રવચન-૪૦

**સહજ તત્ત્વ અખંડિત છે. ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે; કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી. ૧૧૨.**

૧૧૧ થયું ને ૧૧૨ બોલ.

'**સહજ તત્ત્વ અખંડિત છે.**' શું કહે છે ? જે આત્મા સ્વાભાવિક દ્રવ્ય વસ્તુ છે, દ્રવ્ય વસ્તુ, એ સહજ તત્ત્વ સ્વભાવિક છે અને તે અખંડ છે. આહા..હા..! એમાં પર્યાયનો ભેદ પણ નથી, ખંડ ખંડ જ્ઞાનની દશા નથી, તેમ રાગ નથી એવી અખંડ ચીજ, એ વસ્તુ છે. અખંડ કહો, અભેદ કહો, વસ્તુ અનાદિઅનંત અખંડ ચીજ છે.

'**ગમે તેટલો કાળ ગયો,...**' એના ઉપર ગમે તેટલો કાળ ગયો, '**ગમે તેટલા વિભાવ થયા,...**' આહા..હા..! વિકાર, મિથ્યાત્વના ભાવ-ગૃહીત મિથ્યાત્વ, અગૃહીત મિથ્યાત્વ, ૩૬૩ પાખંડનો મિથ્યાત્વ અને વિભાવ પુણ્ય ને પાપના ભાવ ગમે તેટલા થયા, વસ્તુમાં કંઈ થયા નથી. એ તો પર્યાયમાં હતા. આહા..હા..! વસ્તુ જે અખંડ દ્રવ્ય સ્વભાવ જે તત્ત્વ છે ચૈતન્ય તત્ત્વ, એનું અખંડપણું એની પર્યાયમાં ગમે તેટલા વિભાવ મિથ્યાત્વ આદિ થયા, અરે..! 'હું આત્મા નથી' નાસ્તિકનો એવો મિથ્યાત્વ ભાવ પર્યાયમાં થયો, પણ અખંડ તત્ત્વમાં એનો પ્રવેશ નથી. આહા..હા..! એ તો એની બધી પર્યાય ઉપર ઉપર છે એમાં બધું છે. અંતર વસ્તુ જે અખંડ તત્ત્વ સહજ વસ્તુ છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે, જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે, ધ્યાનીના ધ્યાનનું જે ધ્યેય છે એ તો અનાદિઅનંત અખંડ (તત્ત્વ છે).

**'ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા...,'** બે વાત (કરી). એ તો અખંડ છે એ છે. આહા..હા..! આમ કેમ બેસે ? મિથ્યાત્વની, અજ્ઞાનની પર્યાય તો એની છે ને ? પણ એ પર્યાય અંશ છે. એ અખંડ તત્ત્વની અંદરમાં નથી. સૂક્ષ્મ વિષય છે. અનંત કાળમાં, અનંત ભવમાં એ અખંડ તત્ત્વ છે એ ઉપર એની દૃષ્ટિ જ ગઈ નથી. વર્તમાન પર્યાયની રમતુંમાં એણે મુનિપણાની ક્રિયાઓ કરી, હજારો રાણી છોડી, ઘર-બાર છોડ્યાં, છ છ મહિનાના ઉપવાસ કર્યાં એ બધી ક્રિયાઓ રાગની મંદતાની છે. એની સાથે મિથ્યાત્વ છે, તીવ્ર મિથ્યાત્વ–જૂઠી શ્રદ્ધા (છે) છતાં અખંડ તત્ત્વમાં એનો પ્રવેશ નથી. આહા..હા..! આવી વસ્તુ છે. છે ?

**'ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિણામિક ભાવ...'** એટલે જ્ઞાયકભાવ, સ્વભાવિક સહજ પરમસ્વભાવ ભાવ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ તો પર્યાયભાવ છે. ઉદય રાગ-દ્વેષ, ઉપશમ, સમકિત, ક્ષાયિક સમકિત કે ક્ષાયિક કેવળજ્ઞાન એ બધા પર્યાયો છો. અખંડ વસ્તુમાં એ પર્યાય છે જ નહિ. આહા..હા..! **'ગમે તેટલા વિભાવ થયા તોપણ પરમ પારિણામિક...'** પ્રભુ આહા..હા..! કેમ કે એ તો તત્ત્વ છે, દ્રવ્ય છે, વસ્તુ છે, અનંત અનંત ગુણરૂપી ધ્રુવ ધામ પ્રભુ છે. એ તો ગમે તેટલા કાળ (ગયા) ને વિભાવ (થયા) પણ એ તો છે ઇ છે. આહા..હા..! એ બધી રમતું પર્યાય ઉપર છે, દ્રવ્યમાં નથી. આરે..! આવી વાત છે. એ દ્રવ્યદૃષ્ટિ અને એ દ્રવ્યને પકડવું, પર્યાય વડે દ્રવ્યને પકડવું અને પકડીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એનું નામ પ્રથમ ધર્મની શરૂઆત છે. એ વિના બધા થોથા છે. આહા..હા..!

**'પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે;...'** સત્ છે ને ? વસ્તુ છે ને ? તત્ત્વ છે ને ? મોજૂદગીવાળી ચીજ છે ને હયાતી ? એ તો અખંડ જ છે. આહા..હા..! ગમે તેટલો કાળ વીતી ગયો ને ગમે તેટલા વિભાવો ગૃહીત મિથ્યાત્વના પણ અનંતવાર થયા છતાં એ વસ્તુ તો અખંડ છે એ છે. આ વિશ્વાસ (કેમ આવે) ? આહા..હા..! તત્ત્વ છે, વસ્તુ છે, સહજ સ્વભાવિક વસ્તુ છે. અહીં સહજ સ્વભાવિક પારિણામિક કહ્યું, બાકી પારિણામિક(ભાવ) તો પરમાણુમાં પણ હોય એથી ખરેખર પરમ પારિણામિકભાવ એટલે પરમ જ્ઞાયકભાવ એ રૂપ જે તત્ત્વ સત્ છે, એ તો અખંડ છે.

'પંચાસ્તિકાય'માં ટીકામાં એને એમ કહ્યું છે. 'પરિણામી ભાવ, પરિણામિ ગહ' સહજભાવે હોય છે તે પરિણામિક, એમ. 'પરિણામિ ભાવ, પરિણામિ ભાવ' સંસ્કૃત પાઠ છે. 'પંચાસ્તિકાય'માં 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકામાં પરિણામિ ભાવ. છે આમાં ? 'પંચાસ્તિકાય'માં છે. **'द्रव्यात्मलाभहेतुकः परिणामः'** સંસ્કૃત છે. 'અમૃતચંદ્રાચાર્ય'. જે આ સવારમાં 'સમયસાર'માં 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા વાંચીએ (છીએ) ને ? એમની કહેલી આ ટીકા છે. **'द्रव्यात्मलाभहेतुकः'** વસ્તુના સ્વરૂપનો લાભ એટલે છે તે **'परिणामः'**. અહીં પરિણામ એટલે પર્યાય એમ નહિ. સમજાણું કાંઈ ? 'પંચાસ્તિકાય'ની ૫૬ ગાથા છે, **'द्रव्यात्मलाभ'** દ્રવ્યના સ્વરૂપનો લાભ એટલે છે, દ્રવ્યનું સ્વરૂપ છે એવો જે દ્રવ્યના લાભ હેતુ એ પરિણામ–એ પારિણામિક સ્વભાવ.

પછી કહ્યું **'परिणामेन युक्तः पारिणामिकः'** સહજ સ્વભાવે સહિત તે પરિણામિક ભાવ. એમાં પર્યાય પણ નહિ અને કાંઈ બગડ કે સુધાર એમાં કાંઈ નથી. એ તો પવિત્ર અખંડાનંદ પ્રભુ એકરૂપ શુદ્ધ છે. **'परिणामेन युक्तः पारिणामिकः'** એમ થયું. સહજ સ્વભાવે સહિત તે ભાવ–તત્ત્વ હોય છે. ૫૬ (ગાથામાં) છે. આહા..હા..! **'तत्रोपाधिचतुर्विधत्वनिबंधनाश्चत्वारः, स्वभावनिबंधन एकः'** ચાર ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ તો **'उपाधिचतुर्विधत्वनिबंधनाश्च'** ઉદયનું નિમિત્ત અને ઉદયનો અભાવ એવા ઉપાધિ ભાવો બન્ને. એના ને એના આમ ચાર ભાવ–ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક... ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને **'स्वभावनिबंधनम्'** સ્વભાવનું એકરૂપ જે છે 'एकः' ત્રિકાળી સ્વભાવ 'एकरूपः' એ જ્ઞાયકભાવ. આહા..હા..! આવી વાત છે.

તે પારિણામિક ભાવ, તે અખંડ તત્ત્વ, તે તત્ત્વની પર્યાયમાં ગમે તેટલો કાળ ગયો અને ગમે તેટલા મિથ્યાત્વના વિભાવ આદિ થયા છતાં એ તો અખંડ છે. આહા..હા..! કેમ આનો વિચાર આવે ? આહા..હા..! આમ એમ કહેવાય કે 'द्रवति इति द्रव्यम्' જે પર્યાયને દ્રવે. જેમ પાણી છે એ તરંગને ઉઠાવે, દ્રવે. એમ દ્રવ્ય એને કહીએ જેમાં દ્રવતિ–વિભાવ અને સ્વભાવની પર્યાયપણે પરિણમે. પણ એ તો પર્યાયની અપેક્ષાએ વાત કરી. સમજાણું કાંઈ ? આહા..હા..!

એક બાજુ ભગવાન એમ કહે કે એને દ્રવ્ય કેમ કહ્યું ? કે 'द्रवति इति' એ આ 'પંચાસ્તિકાય' ૯મી ગાથામાં (કહ્યું છે). 'પંચાસ્તિકાય'ની ૯મી (ગાથા). પોતે

વિભાવરૂપે પરિણમે ને સ્વભાવરૂપે પરિણમે (અર્થાત્) દ્રવે, દ્રવે. આહા..હા..! જેની પર્યાયમાં હલચલ થાય, ગતિમાન પરિણમન થાય તે દ્રવ્ય. એ તો એક અપેક્ષાએ એને ઓળખાવ્યો. બાકી વસ્તુ છે એ પોતે પરિણમનમાં આવતી નથી, વિભાવ કે સ્વભાવના પર્યાયમાં એ વસ્તુ આવતી નથી.

હવે એક બાજુ એમ કહ્યું ને અથવા છ ગુણો–સામાન્ય ગુણો નથી ? એ તો આપણે સાધારણ છોકરાઓને આવે છે. છ ગુણો – અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, (પ્રદેશત્વ). તો દ્રવ્યત્વ ગુણનો અર્થ એ છે. દ્રવ્યત્વ એનામાં એક ગુણ છે એ દ્રવે છે. દ્રવવું એટલે પરિણમવું, બદલવું, અંદર દશાનું ઉથલપાથલ થવું એનું નામ દ્રવ્ય. આહા..હા..! એ તો એક એની પર્યાયનું વર્ણન કર્યું પણ વસ્તુ છે એ પોતે પરિણમતી નથી, એ તો ત્રિકાળ ધ્રુવ અખંડરૂપે છે. અરે..! અરે..! આવો માર્ગ. આ તો હજી પહેલાં સમ્યગ્દર્શન, એનો વિષય અખંડ દ્રવ્ય છે તેમાં પર્યાયની ગમે તેટલી ઉપાધિ ગઈ, છતાં વસ્તુમાં ખંડ થયો નથી. એની ઉપર દૃષ્ટિ આપતા સમ્યગ્દર્શન થાય. આહા..હા..! ધર્મની શરૂઆત ત્યારે થાય. સમજાણું કાંઈ ? એવો અખંડ રહ્યો છે.

**‘કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી.’** લ્યો, ઠીક ! પર્યાયમાં પરિણમીને વિકારરૂપે થયો, એ કોઈ પણ ગુણ એ રીતે અંશે પણ ખંડિત થયો નથી. એ તો પર્યાયની વાત થઈ. આહા..હા..! સમજાણું કાંઈ ? ‘પ્રવચનસાર’માં તો પર્યાયને અંશ કહે છે. અહીં કહે છે, કોઈ પણ ગુણ અંશે પણ, પર્યાયની અંશે પણ ખંડ થયો નથી. આહા..હા..! બહુ ભાષા મીઠી છે, સાદી છે, ગુજરાતી છે પણ સમજવા માટે જરીક... આહા..હા..!

એ અખંડ તત્ત્વ વસ્તુ છે, સહજ છે, અકૃત્રિમ છે, અણકરાયેલી છે, સહજ સ્વભાવે છે, એ ચીજને ગમે તેટલો કાળ લાગુ પડે. આહા..હા..! અનંતકાળ પહેલાં સિદ્ધ થયા એ પણ એને વિકારીનો કાળ ભલે થોડો ગયો, તો વસ્તુ તો અખંડ છે. (તેઓ) પણ અખંડ ઉપર દૃષ્ટિ મુકી સમકિત કરીને સ્વરૂપમાં ઠરીને મોક્ષ પામ્યા. અને અનંતકાળ પછી પણ એનો વીતી ગયો કેટલો વિભાવ એમાં ? આહા..હા..! અને અનંતકાળ પછી પણ પર્યાયમાં કેટલોય વિભાવ હજી ઘણાને વર્તશે. આહા..હા..! છતાં વસ્તુ ખંડિત નથી, કહે છે. આહા..હા..!

કારણ અનંતકાળ પહેલાં સિદ્ધ તો થયાં છે ને ! ત્રિકાળી કાળમાં ત્રિકાળીને

જાણનારનો કોઈ દિ' વિરહ ન હોય. આહા..હા..! જેમ અનાદિ કાળથી છ દ્રવ્ય અને લોક છે, તેમ અનાદિકાળથી કેવળીઓ પણ અનાદિથી છે. આહા..હા..! પહેલો લોક અને પછી જીવને કેવળજ્ઞાન થયું (એમ નથી). આવી વાત છે. એ લોક પણ અનાદિ છે અને એના જાણનાર સર્વજ્ઞ કેવળી એ પણ અનાદિથી છે. આહા..હા..! એવી અનાદિથી નિર્મળ દશા જેની છે એને માથે પણ અનંતકાળ, ભૂતકાળમાં વિભાવનો વર્ત્યો તોપણ વસ્તુ તો અખંડ છે અને એના પછી જે આત્મા ઉપર મિથ્યાત્વથી, રાગથી, દ્વેષથી, અનંતકાળ વીત્યો છતાં વસ્તુ તો જે છે એ છે, અખંડ છે. હજી પણ અજ્ઞાનીને કેટલાકને અનંતો કાળ વિભાવમાં, રમતમાં જેને રમવું છે એને રમતા પણ વસ્તુ તો અખંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ભાઈ ! સમ્યગ્દર્શન ને સમ્યગ્દર્શનનો વિષય એ અલૌકિક છે. લોકોને અત્યારે એનો ખ્યાલ જ આવતો નથી. બસ, આ કરવું, આ મુકવું ને લેવું ને દેવું. કર્તાબુદ્ધિ– આ મેં છોડ્યું ને આ મેં મૂક્યું ને મેં લીધું ને... કર્તાબુદ્ધિ તો મિથ્યાત્વ છે. આહા..હા..! આ તો પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. રાગની પર્યાય(નો) કર્તા થાય તોપણ મિથ્યાત્વ છે અને એવા મિથ્યાત્વ અનંતકાળમાં માથે વીતી ગયા છતાં વસ્તુ તો અખંડ, અભેદ પડી છે ઇ છે. આહા..હા..! શું કહે છે આ ? સમજાય છે કાંઈ ?

એ પર્યાય સ્વભાવભાવ, પારિણામિક ભાવ, દ્રવ્યભાવ, એના ઉપર તરે છે. પાણીના દળ ઉપર તરંગ (તરે છે), તરંગ ઉપર તરે છે. પાણીનું દળ હોય છે ને ? એનું તરંગ ઉઠે એ ઉપર ઉપર છે, એમાં અંદર (નથી ઉઠતા). આહા..હા..!

એમ સહજ ભગવાનઆત્મા ગમે તેટલો કાળ ને વિકારી દશાઓ વીતી ગઈ અને જેને હજી વર્તે છે છતાં એ વસ્તુ તો અખંડ છે. આહા..હા..! કેમ બેસે ? તીવ્ર મિથ્યાત્વ કહે, હું આત્મા છું જ નહિ. એવો જે પર્યાયમાં ભાવ થયો તોપણ વસ્તુ તો અખંડ છે. આહા..હા..! જુઓ ! સહજ સ્વરૂપનું તત્ત્વ ! ભગવાન જિનેશ્વરદેવ પરમેશ્વરનો આ દિવ્યધ્વનિનો અવાજ છે. સમજાય છે કાંઈ ? કે ભગવાનઆત્મા ભગ એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ વાન જેનું રૂપ એ દ્રવ્ય તો અનાદિઅનંત અખંડ જ છે, અભેદ છે. જેમાં પર્યાયના અનેક ભેદો વીતી ગયા છતાં એના વસ્તુમાં ક્યાંય ભેદ આવી ગયો કે ખંડ થઈ ગયો, એમ નથી. આરે..! આ શું ? આત્મા નથી એમ માનનારના મિથ્યાત્વભાવ કાળે પણ... આહા..હા..! વસ્તુ

તો અખંડ છે.

એ અખંડ વસ્તુ તત્ત્વ સહજ સ્વભાવ (છે) એના ઉપર દૃષ્ટિ કરવી એ અનંતો પુરુષાર્થ માગે છે. વીર્યને અંતરમાં વાળવું... આહા..હા..! જે વીર્ય પુણ્ય ને પાપમાં વળીને નપુંસકતાપણે કાર્ય કરે છે... આહા..હા..! એ વીર્યને એટલે એની પર્યાયને વીર્ય ગુણ તો ત્રિકાળ છે, ત્રિકાળ ગુણમાં તો ખંડ છે નહિ, પણ વર્તમાન પર્યાય જે વીર્યની છે એને અંતરમાં અખંડમાં વાળવી તો તેને અખંડનો પત્તો દૃષ્ટિમાં લાગશે અને તેથી તને આનંદ ને શાંતિ મળશે. આહા..હા..!

ધર્મ પામેલાનું લક્ષણ આ (છે) કે અખંડ ઉપર દૃષ્ટિ જતા એની પર્યાયમાં અનંતકાળમાં નહિ થયેલી અપૂર્વ શાંતિ આવે. આહા..હા..! એ શાંતિ અપૂર્વ થઈ છતાં વસ્તુ તો અખંડ છે. આહા..હા..! એટલો શાંતિનો અંશ જે અંદરમાં શક્તિરૂપે એની સાથે, સ્વસ્વભાવની સાથે અંશ હતો... અંશ હતો એમ શું (કરવા) કહીએ છીએ ? સર્વજ્ઞ તો એમ જાણે છે કે આ અંશ બહાર આવ્યો ને આ અંશ અંદર ગયો. ઝીણી વાત છે. આહા..હા..! પણ એકરૂપ સ્વરૂપ છે. આહા..હા..! બહાર આવ્યો ને અંદર ગયો એ પણ ભેદનું કથન છે. આહા..હા..! એકરૂપ જ એ પરમ પારિણામિકભાવ વસ્તુ રહી છે, જેમાં ચાર ભાવનો પ્રવેશ નથી અને ચાર ભાવને તે દ્રવ્ય અડતું પણ નથી. રાગને પણ એ દ્રવ્ય અડતું નથી. અડે નહિ (એટલે) છૂતે નહિ. કેવળજ્ઞાન થાય તોપણ દ્રવ્ય કેવળજ્ઞાનની પર્યાયને છૂતું (–અડતું) નથી. આહા..હા..!

મુમુક્ષુ : આનંદ તે જ સમયે આવે છે કે પછી આવે છે ?

ઉત્તર : એ સમયે આવે છે છતાં એ આનંદને દ્રવ્ય અડતું નથી. કોણે કહ્યું ? એ આનંદ તો કહ્યું, એ વાત તો ઘણી વાર કહ્યું, એ તો ઘણીવાર કહેવાઈ ગયું. છતાં એ આનંદની પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા..હા..! તે વખતે પણ આનંદની પર્યાયનું વેદન થયું તે વખતે વસ્તુ તો અખંડ છે. આહા..હા..! મિથ્યાત્વ ટળીને સમ્યગ્દર્શન થયું ને આનંદ થયો, દુઃખનો અંશ થોડો ટળ્યો ને આનંદનો અંશ આવ્યો છતાં એ વસ્તુ તો અખંડ ને અખંડ છે. આહા..હા..! આવી વાત ક્યાં ? સમજાય છે કાંઈ ?

ભાઈ ! આ તો વસ્તુનો સ્વભાવ, પર્યાયનો સ્વભાવ, ક્ષેત્રનો સ્વભાવ, કાળનો સ્વભાવ, ભાવનો સ્વભાવ બાપુ ! આહા..હા..! એની ગંભીરતા, એની ગહનતા, એની

ઊંડપ તળિયામાં જવું. આહા..હા..! કેમ કે જે પર્યાય છે એ અસંખ્ય પ્રદેશે છે. અસંખ્ય પ્રદેશ છે ને ? તો એ ઉપર ઉપર છે. ઉપરનો અર્થ આ પ્રદેશ અહીં છે માટે આ ઉપર છે એ પર્યાય એમ નહિ. અંદર પેટના મધ્યમાં પણ જીવના અસંખ્ય પ્રદેશ છે, એ અસંખ્ય પ્રદેશના મધ્યમાં પણ ઉપર પર્યાય છે. અરે...અરે...! આહા..હા..! શરીર, વાણી, મન તો નહિ પણ કહે છે કે આ ઉપર પર્યાય એટલે અસંખ્ય પ્રદેશ છે એના ઉપર ઉપર એટલામાં પર્યાય છે એમ નહિ. જ્યાં જ્યાં મધ્ય ને ઉપર પ્રદેશ રહ્યાં (છે)... આહા..હા..! ત્યાં ત્યાં તેની પર્યાય તેની ઉપર ઉપર છે. અંતરમાં, ધ્રુવમાં એ પર્યાય ગઈ નથી. સમજાણું કાંઈ આમાં ? ભાઈ !

(એક ભાઈએ) એક ફેરી પ્રશ્ન કર્યો હતો કે આ બધા સમકિતી હોય અને ત્રણ ત્રણ સુવાળી તળે સૂવે એ સમકિતી. પૂછ્યું હતું ને ? (સંવત) ૧૯૯૪, સ્વાધ્યાય મંદિર. તમે (એક બાજુ) સમકિતી કહો અને ત્રણ ત્રણ સુવાળા મખમલના તળાયું, તળાયું સમજે ? ગદ્દા ! એના ઉપર સુવે અને સમકિતી અને અહીં અમે એક ગોદડી નીચે પાથરીને સુઈએ તો કહે તમે મિથ્યાદૃષ્ટિ. ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..હા..! બાપુ ! એ ચીજ જુદી છે, એની સાથે કાંઈ (લેવાદેવા નથી). આહા..હા..!

જેને ૯૬ હજાર સ્ત્રીનો સંયોગ હોય, ઇન્દ્રને કરોડો અપ્સરાનો સંબંધ હોય પણ એને આત્મામાં એની સાથે કાંઈ સંબંધ નથી. સમ્યગ્દૃષ્ટિને એકલી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે. એ પર્યાયમાં રાગને પણ અડતો નથી. આહા..હા..! જેને નિરંતર રાગથી ભિન્ન ભેદજ્ઞાનની ધારા વહે છે એ ભેદજ્ઞાનની ધારા ધર્મીને, રાગને અડતી નથી. અરે..રે..! આવી વાતું છે. હજી મૂળ વસ્તુને સમજ્યા વિના... આહા..હા..!

એ અહીં કહે છે, **'કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી.'** અંશે એટલે એની પર્યાયમાં વિકાર ગમે તે હો પણ ગુણમાં ખંડ નથી, એ તો પર્યાયમાં વિકાર છે. ગુણ કહો કે ગુણી દ્રવ્ય કહો બન્ને ધ્રુવ છે. દ્રવ્ય જેમ અખંડ છે તેમ ગુણ પણ અખંડ છે. સમજાણું કાંઈ ? પહેલાં તો દ્રવ્ય લીધું. છે ને ? અખંડિત તત્ત્વ લીધું પછી અહીં કહ્યું કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી. ઇ ગુણ છે તેનો એક અંશ પણ વિકૃતરૂપે (થયો નથી). ગુણ એ ગુણ એમ જ છે. વસ્તુ જેમ અનાદિ એકરૂપ છે એમ ગુણ પણ અનાદિ એકરૂપ છે. આહા..હા..! એનામાં વિકૃત અવસ્થા પ્રવેશ કરી નથી. અને વિકૃત અવસ્થા થઈ માટે ગુણ હીણો પડી ગયો છે (એમ નથી).

શક્તિ એવું સત્ત્વનું સત્ત્વ જે છે, સત્‌ એવું જે તત્ત્વ એનું જે સત્ત્વ ગુણ છે એનો એક અંશ પણ ખંડ થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એવો આ ગહન શબ્દ છે. મારે હિસાબે તો મધ્યસ્થી લોકો વાંચશે તો તો એને એમ થાય કે કાંઈક વાત તો લાગે છે. પણ હવે આગ્રહ છોડીને (વાંચે તો). આહા..હા..! બધી સાદી ભાષામાં આખું તત્ત્વને અંદરમાં આવી ગયું છે. આહા..હા..! ૧૧૨ (બોલ પૂરો થયો). આહા..હા..! હવે મુનિ(ની વાત કરે છે).

**મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે. અંદર વસવાટ માટે મહેલ મળી ગયો છે, તેની બહાર આવવું ગમતું નથી. કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી. અંદર જાય તો અનુભૂતિ અને બહાર આવે તો તત્ત્વચિંતન વગેરે. સાધકદશા એટલી વધી ગઈ છે કે દ્રવ્યે તો કૃતકૃત્ય છે જ પરંતુ પર્યાયમાં પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે. ૧૧૩.**

**'મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે.'** આહા..હા..! મુનિ એને કહીએ કે અલ્પકાળમાં.. અંતર્મુહૂર્ત શબ્દે અલ્પકાળમાં અલ્પકાળમાં છટ્ઠેથી અંદર આનંદમાં ચાલ્યા જાય છે, સાતમા ગુણસ્થાનમાં અપ્રમત્ત દશામાં ચાલ્યા જાય છે. આહા..હા..! ગુણનો સાગર ભગવાન, ગુણનો અગાધ દરિયો જેના તળિયાને દૃષ્ટિ પહોંચી ગઈ છે, દૃષ્ટિ ધ્રુવને પહોંચી ગઈ છે અને એ ઉપરાંત જેની સ્થિરતા, મુનિ છે એટલે જેની આનંદની સ્થિરતા જામી ગઈ છે. આહા..હા..! એ આનંદની દશામાં અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે એટલે અલ્પકાળ અલ્પકાળમાં, **'સ્વભાવમાં ડૂબકી મારે છે.'** આનંદમાં જાય છે. આહા..હા..! એટલે કે ઉગ્ર આનંદ પ્રગટ થાય છે. આહા..હા..!

શરૂઆતમાં મુનિ વિકલ્પમાં હોય છે ત્યાં સુધી વિકલ્પનો બોજો છે. અતીન્દ્રિય આનંદનો જ્યાં અનુભવ થયો એને પણ જ્યારે પંચ મહાવ્રતનો વિકલ્પ આવે એ પણ બોજો છે, દુઃખ છે. એથી એ બહારમાં આવે ત્યારે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર

જ ત્રિકાળ પડી છે છતાં એક ક્ષણે અંદરમાં પાછા ચાલ્યા જાય છે. દૃષ્ટિ જ્યાં છે એ દ્રવ્ય ઉપર લીનતા કરે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'મુનિ...'** આહા..હા..! એને મુનિ કહીએ. **'અંતર્મુહૂર્તે...'** એટલે અલ્પકાળમાં. (એક વિદ્વાને તો) એવો ખુલાસો કર્યો છે કે છટ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકન્ડની અંદર છે. કારણ કે એક મુંહૂર્તમાં હજારો વાર આવે એવો શાસ્ત્રમાં પાઠ છે. મુનિપણાનું છઠ્ઠું, સાતમું ગુણસ્થાન અંતર્મુહૂર્તમાં છે ત્યાં શ્રેણીની અપેક્ષાએ છે પણ એ શ્રેણી ચડતા કાળવાળાને પણ અંતર્મુહૂર્તમાં હજારો વાર આવે. હજાર વાર નહિ, હજારો એમ લખ્યું છે. 'ધવલ'માં પાઠ છે. ૪૮ મિનિટમાં છટ્ઠા-સાતમાની ભૂમિકા હજારો વાર આવે. આહા..હા..!

એ મુનિ દશા કહે છે કે અંદરથી વિકલ્પ આવ્યો પણ પાછા એને છોડીને તરત અંદરમાં ડૂબકી મારે છે. આહા..હા..! એ રાગમાં આવ્યો ત્યાં એને ગોઠતું નથી, ગમતું નથી. આહા..હા..! પંચ મહાવ્રતના વિકલ્પમાં પણ આવ્યા પણ ત્યાં એને ગમતું નથી, ત્યાં દુઃખ છે. આહા..હા..! વ્રતનો વિકલ્પ ઉઠે એ દુઃખ છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ એમ કહે છે. આ તો પાઠ છે ખરો ને ? રાત્રે ઘણો લાંબો વિચાર કર્યો, નહિ રાત્રે ? નહોતા તમે ? રાત્રે ઘણી ચર્ચા થઈ. ૪૮ મિનિટમાં ૨૮૮૦ સેકન્ડ થાય, ૪૮ મિનિટમાં. ૧ મિનિટની સાઈઠ સેકન્ડ (થાય) તો ૪૮ મિનિટમાં ૨૮૮૦ એટલી સેકન્ડ થાય. આહા..હા..! અને એ એટલા સેકન્ડમાં હજારો વાર મુનિપણું આવે ને જાય. આહા..હા..! હજારો વાર તો પાઠ છે, થયું. હવે ૪૮ મિનિટમાં ત્યારે ૪૮ મિનિટની આપણે એ ૨૮૮૦ ની ૩ હજાર સેકન્ડ ગણો, (એટલી વારમાં) હજારો વાર આવે. ત્રણ હજાર સેકન્ડ, એમાં હજારો વાર આવે તો એક સેકન્ડમાં કેટલી વાર આવે ? એમ થયું ને ? ભાઈ ! ન્યાં તો એમ થયું. ૨૮૮૦ છે તો એના આપણે ૩૦૦૦ ટૂંકું ગણીએ. ૪૮ મિનિટમાં ૩૦૦૦ સેકન્ડ અને ૪૮ મિનિટમાં હજારો વાર મુનિપણું આવે. છઠ્ઠુ-સાતમું, છઠ્ઠુ-સાતમું... 'ધવલ'માં એવો પાઠ છે.

મુનિપણું બાપુ કોને કહીએ ? આહા..હા..! એ વસ્તુ કંઈ લોકોએ અત્યારે સાંભળી નથી. તત્ત્વની વાતું નહિ. વાતું બધી આ કરો ને, આ કરો ને, આ કરો ને.. મરી ગયો કરવું એમાં માની માનીને. સમજાણું કાંઈ ? અહીંયા ૩ હજાર સેકન્ડમાં હજારો

વાર મુનિપણું છઠ્ઠું, સાતમું (આવે). ૩ હજાર સેકન્ડમાં છઠ્ઠું, સાતમું હજારો વાર (આવે). તો એનો અર્થ થઈ ગયો ભાઈ ! એક સેકન્ડમાં પણ ઘણી વાર આવ્યું એટલે પછી લ્યો ! આહા..હા..! રાત્રે વિચાર (આવતા હતા).

અહીં એ કહે છે કે મુનિ છઠ્ઠે આવે છે પણ મુનિ પાછા એકદમ અંતરમાં ગરી જાય છે. અતીન્દ્રિય આનંદ દશામાં ડૂબકી મારે છે. આહા..હા..! એને મુનિદશા કહેવામાં આવે છે. આહા..! (એ) ણમો લોએ સવ્વસાહૂણંમાં કે ણમો લોએ સવ્વ આઈરિયાણંમાં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણંમાં ભળે છે. આહા..હા..! જેને ૪૮ મિનિટમાં એટલે કે ૨૮૮૦ સેકન્ડમાં હજારો વાર મુનિપણું આવે તો એક સેકન્ડમાં પણ ઘણીવાર આવ્યું એવું થઈ ગયું. આહા..હા..! પછી કોઈ વળી એમ લેતા હોય કે છેલ્લી સ્થિતિવાળો છે ને એને આમ થાય ને પહેલાંમાં જરીક વધારે કાળ પણ તોય વધારે કાળ એને ગણ્યો છે પોણી સેકન્ડની અંદર ભાઈએ એમ ગણ્યો છે. ગણતરીનો વિષય ગણીને (એક વિદ્વાને આમ કહ્યું છે). આહા..હા..!

જેને અનુભવની અંતર દૃષ્ટિ થઈ છે, આનંદનો નાથ જેને જાગ્યો છે ને એમાં વળી ચારિત્રદશા. આહા..હા..! એ તો આનંદમાં જેનું ચરવું, રમવું થઈ ગયું છે એવા સંતોને બહારમાંથી એકદમ સ્વભાવમાં ડૂબકી મારે છે. આહા..હા..! એ હાલતા-ચાલતા દેખાય છતાં એ વખતે પણ અંદરમાં ક્ષણે આનંદમાં ડૂબકી મારતા હોય છે. એ બોલતા દેખાય, કલાક વ્યાખ્યાન (આપતા દેખાય) પણ અંદરમાં ડૂબકી (મારીને) તરત જ અંતર આનંદમાં જાય છે. આહા..હા..! આવી સ્થિતિ છે.

મુમુક્ષુ : મુનિને ઘણું સહેલું થઈ ગયું.

ઉત્તર : શું થઈ ગયું છે ? સહેલું પણ શી રીતે થયું ? પોતે પુરુષાર્થથી ચારિત્રને પ્રગટ કર્યું છે માટે સહેલું થઈ ગયું છે. આહા..હા..! સમ્યગ્દર્શન ઉપરાંત જેણે સ્વરૂપનો તીવ્ર આશ્રય લઈને અંદર ચારિત્ર પ્રગટ કર્યું છે. આહા..હા..! જેને ચાર જ્ઞાનને ચૌદ પૂર્વના ધરનાર, ગણધર પણ ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરે, બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં કરે, એ ગણધર પણ એ સંતોને પગે લાગે. ણમો લોએ સવ્વ અરિહંતાણં એમ ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. બહાર નમસ્કાર ન કરે. પોતાથી નાની દીક્ષા હોય એને બહારમાં (નમસ્કાર ન કરે) પણ ણમો લોએ

સવ્વસાહૂણં એવો વિકલ્પ આવે છે. આહા..હા..! જે એ જ ભવમાં મોક્ષ જનારા છે. એ જ ભવમાં જેની બાર અંગની રચનાની તાકાત જાગી છે. બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં કરે ! આહા..હા..! અને એ ઉપયોગમાં શાસ્ત્રનો કરોડો અગાધ શાસ્ત્ર ફટ... ફટ... ફટ... ફટ... ફટ... ફેરવી નાખે. ઓહો..! એવો જ્ઞાનનો ઉપયોગ તીવ્ર કામ કરે ! એવા ગણધર પણ સંતોના ચરણમાં નમે છે. એ સંતપણું કેવું હોય ! બાપુ ! હેં ! આહા..હા..!

કેવળજ્ઞાની ભગવાન રાજા, ગણધર એના દીવાન. ભગવાન જ્ઞાનમાં બાદશાહ. આહા..હા..! ત્યારે ગણધર એના પાટવી દીવાન અને અંતર્મુહૂર્તમાં બાર અંગ ને ચાર જ્ઞાનની ઉત્પત્તિ કરે અને બાર અંગની રચના કરે. આહા..હા..! એ ગણધર પણ ણમો લોએ સવ્વસાહૂણં (ઉચ્ચાર કરે ત્યારે) બે ઘડી પહેલાં જે કોઈ મુનિ થયો હોય અને પોતાને અબજો વર્ષથી મુનિપણું હોય (છતાં નમસ્કાર પહોંચે છે). આહા..હા..! હવે તેરાપંથી 'તુલસી' છે ઇ કહે, લોએ કાઢી નાખો અરે..! બાપા ! તને ખબર નથી, બાપુ ! ણમો લોએ ન જોઈએ. ત્યારે વળી એક સ્થાનકવાસી (સાધુ છે) એ કહે, સવ્વસાહૂણં છે એમાં બધા સાધુ આવે. જૈન સિવાયના પણ અનેરા આવે. અરે..રે..! જૈન સિવાયના બધા સાધુઓ તો બધા મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :– સાધુ તો છે જ નહિ.

ઉત્તર :– સાધુ છે નહિ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ લોએ સવ્વસાહૂણં આવે ? આહા..હા..! અરે..રે..! સ્વાર્થને લઈને શાસ્ત્રના અર્થો પણ ઊંધા કરવાં. આમ જ જગત અનાદિથી અંધારે પડ્યું છે. આહા..હા..!

'લોએ' નો અર્થ એ છે કે અરિહંત છે ને એ એક જ ઠેકાણે (નથી). અરિહંત છે એ એક વિજય છે. નવસો જોજન ઊંડી ઉતરેલી. જંબુદ્વીપમાં આ ૩૨ વિજય છે ને ? ૩૨ વિજય. એક એક વિજયમાં એક એક ચક્રવર્તી થાય. એવું એક એક. એમ મહાવિદેહમાં ૩૨ વિજય છે. ૩૨ પહાડ (છે). એ એક એક વિજયમાં એક જ ચક્રવર્તી, તીર્થંકર થાય. હવે એ વિજયમાં એક વિજય એવી છે કે આમ તીરછી નથી પણ નવસો જોજન આમ હેઠે ઉતરી ગઈ છે. 'સરિલાવતી' નામની એક વિજય છે. એ અધોગમ આમ ઉતરી ગયેલી છે. ન્યાં કેવળ પામીને મોક્ષ જાય. એક ઊર્ધ્વમાં જઈને કેવળ પામીને મોક્ષ જાય અને એક મધ્યમાં રહીને કેવળ પામીને મોક્ષ જાય.

એ બધા ણમો લોએ સવ્વસાહૂણં એમ કહ્યું છે. અને સિદ્ધને પણ 'ણમો લોએ સવ્વ' કેમ કીધું ? કે અહીંથી સિદ્ધ થાય છે ને ? તો રસ્તામાં એક સમય આમ થાય છે ને ? એ પણ ત્યાં પહોંચે છે એક સમયે પણ અહીં છે ત્યાં એને નમસ્કાર કરે. લોએ સવ્વ સિદ્ધાણં. જે સિદ્ધો હજી ૧૦૮ અહીંથી જતાં તે વખતના સમયને પણ હું તો નમસ્કાર કરું છું. આહા..હા..!

આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ તો કોઈ હેઠે હોય કે કોઈ મધ્ય હોય, કોઈ મેરુ પર્વતમાં ધ્યાન કરવા ગયા હોય. મેરુ પર્વત. તો ણમો લોએ આવા હોવા જોઈએ, હોં ! અન્યમતિના સાધુની અહીં વાત છે જ નહિ, આ તો લોકમાં સવ્વ નામ આવી જાતને ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં અને આ રીતે વર્તતા હોય એ બધાને નમસ્કાર કરું છું, એમ વાત છે. એટલે લોએ પણ બરાબર છે ને સવ્વ પણ બરાબર છે. સવ્વ એટલે જૈનદર્શનના જે સંતો છે, ભિન્ન ભિન્ન ક્ષેત્ર ને ભિન્ન ભિન્ન કાળમાં હોય એને એ લાગુ પડે છે. અજ્ઞાનીને એ લાગુ પડતું નથી. સમજાણું કાંઈ ? આહા..!

**'મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે.'** ડૂબકી સમજ્યાં તમારી ભાષામાં ? આહા..હા..! આનંદથી તરબોળ થઈ જાય છે. વિકલ્પમાં હોય ત્યારે આનંદ છે પણ અંતર જ્યાં જાય ત્યારે તો આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ અનુભવું છું એવો પણ જ્યાં ખ્યાલ નથી. આનંદને વેદે છે. આહા..હા..! આવું સ્વરૂપ એનું પ્રભુનું છે. આહા..હા..! એની મહત્તા, એની મહિમા જ્યાં સુધી ન આવે ત્યાં સુધી બહારના રાગ ને દયા-દાનના વિકલ્પની મહિમા છૂટે નહિ. આહા..હા..! અરે..! એ દ્રવ્યની આવી શક્તિ ને આવું સત્ત્વ અખંડ છે એવું જેને ખ્યાલમાં મહિમા અને આશ્ચર્યકારી વસ્તુ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી એની પર્યાયબુદ્ધિ છૂટે નહિ, પર્યાય પ્રગટીને મહિમા છૂટે નહિ. આહા..હા..!

એક સમયની પર્યાયની પાસે અખંડ તત્ત્વ પડ્યું છે. એક સમયની પર્યાયની પાસે એ જ ક્ષેત્રે, એ ક્ષેત્રનો અંશ ભલે વિકારનો કે પર્યાયનો ભિન્ન હોય પણ એ અંશનો આ બીજો ન્યાં ને ન્યાં છે. એ માહેલા અંશનું ક્ષેત્ર ત્યાં ને ત્યાં છે. આહા..હા..! એમાં જે બિરાજમાન છે... આહા..હા..! એમાં જે ઠરે છે એને બહાર આવવું ગોઠતું નથી. પણ નબળાઈને લઈને પાછો વિકલ્પ ઉઠે પણ ત્યાં તેને ગોઠતું નથી. આહા..હા..!

બીજામાં આવી ગયું છે ને ? આપણે આમાં હવે આવશે, નહિ ? ૧૪૯ પાને.

આમાં આવી ગયું છે. ૧૪૯ પાનું છે. બોલ ૪૦૧. આમાં એ આંકડો નથી. એમાં ૪૦૧ બોલ હશે છે. આંકડા એમાં છે ? આંકડા છે એમાં ? આમાં નથી, આમાં નથી. ૪૦૧ છે ?

**'જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.'** છે ? **'જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.'** ઠરી જવા તલસે છે. અત્યારે જો સ્વરૂપમાં પૂર્ણ થઈને કેવળજ્ઞાન થાય તો બીજી ઘડી જોતી નથી. આહા..હા..! જેને દૃષ્ટિમાં ભગવાન ભાળ્યો, પૂર્ણાનંદનો નાથ અચિંત્ય, અખંડ તત્ત્વનું જ્યાં ભાન થયું, જ્ઞાનમાં જેનું પ્રત્યક્ષપણું સ્વાદ આવ્યો... આહા..હા..! (એ) એને અંતરમાં જવા તલસે છે.

**'આ વિભાવભાવ અમારો દેશ નથી.'** એ પંચ મહાવ્રતાદિનો કોઈ વિકલ્પ ઉઠ્યો.. આહા..હા..! એ અમારો દેશ નથી. આહા..હા..! **'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?'**આહા..હા..! એ પંચ મહાવ્રતનો કે ભક્તિ (આદિના) વિકલ્પમાં આવે છે ને ? અરે..! આ તો પરદેશ છે. આમાં અમે ક્યાં આવી ચડ્યા ? અમારો દેશ તો અંતર સ્વરૂપ આનંદ છે એ અમારો સ્વદેશ છે. આહા..હા..! **'અમને અહીં ગોઠતું નથી.'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને રાગમાં આવવું ગોઠતું નથી. આ તો પરદેશ છે. આહા..હા..! **'અહીં અમારું કોઈ નથી.'** એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામમાં અમારું કોઈ નથી. આહા..હા..! છે ? ઇ આવશે ત્યારે વિસ્તાર કરશું.

**'જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે.'** 'લાડનૂ'માંથી નીકળી ગયા (તો) 'કલકત્તા' પરદેશ છે, એમ કહે છે. આહા..હા..! જુઓ ! આ સ્વરૂપ. અનંત ગુણ અમારો પરિવાર (છે), **'તે અમારો સ્વદેશ છે.'** અનંત આનંદ ને અનંત ગુણનું ધામ મારો નાથ, એ મારો સ્વદેશ છે. આહા..હા..! **'અમે હવે તે સ્વરૂપ-સ્વદેશ તરફ જઈ રહ્યાં છીએ.'** આહા..હા..! એ તરફ અમારું વલણ થઈ ગયું છે હવે, એમાં અમે જઈ રહ્યાં છીએ. **'અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...'** મૂળ વતન અમારું એ છે. બહારથી ગમે એટલું રળે પણ પાછા એના નિજ વતનમાં આવે ને ? આહા..હા..! વતન એટલે દેશ, મૂળ સ્થાન. આહા..હા..! અમારું વતન તો આ અસંખ્ય પ્રદેશી અનંત ગુણધામ એ અમારું વતન છે, એ અમારું સ્થાન છે, એ અમારો દેશ છે. આહા..હા..! ત્યાં અમારો પરિવાર વસે છે. આહા..હા..!

એવી વસ્તુ છે એનો જ્યાં અનુભવ થયો એટલે એને આનંદમાંથી બહાર નીકળતા (એમ થાય છે કે) આ શું થયું ? અરે..! અમે તો પરદેશમાં આવી પડ્યા. આ બધા દેશ–આ ભાવ અમારા નહિ, આ પરિવાર અમારો નહિ. આહા..હા..! **'ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધા અમારા છે.'** આહા..હા..! 'નિયમસાર'માં આવે છે ને ? જ્ઞાનનિધિને પામીને પોતે ગુપ્ત થઈને સ્વદેશમાં રહે. 'નિયમસાર'માં છે. કોઈ પરદેશમાં ગયો ને બે, પાંચ કરોડ પૈસા આવ્યા એકદમ પેદા થઈ ગયા. પછી સ્વદેશમાં ચાલ્યા આવે અને ખાનગી (રાખે). પછી એનો ઢંઢેરો ન પીટે કે અમે પૈસા ખુબ લાવ્યાં છીએ તો પછી બધા ખાઈ જાશે. 'નિયમસાર'માં એવો પાઠ છે. 'નિયમસાર' 'કુંદકુંદાચાર્ય'. કોઈ પણ પૈસાને પામીને, પરદેશમાંથી પૈસા મળ્યા તો દેશમાં ચાલ્યા આવે. જુઓને આ બહારથી 'મુંબઈ'થી પૈસા લઈ આવ્યા. રાતે પૈસા લઈ આવ્યા. ૧૬ લાખ કે ૧૮ લાખ. પછી દુકાન બંધ કરી દીધી ને અહીં દેશમાં આવ્યાં. આ તો ઘણાં વર્ષ પહેલાંની વાત છે, હોં ! ઘણાં વર્ષ પહેલાં. તમારા જન્મ પહેલાંની વાત છે. એકસાથે પૈસા પેદા થઈ ગયા. ૧૬ લાખ, ૧૮ લાખ તે દિ' એટલે ? ૫૦ વર્ષ, ૬૦ વર્ષ પહેલાં. છોડી દીધું, દુકાન છોડીને દેશમાં (આવી ગયા).

એમ અહીંયા 'નિયમસાર'માં કહે છે કે જેમ બહારમાં ઘણા પૈસા મળી ગયા અને સ્વદેશમાં આવીને ખાનગી પોતે અનુભવે ખાય, પીવે. બહાર (ઢંઢેરો) પીટે નહિ. તો તો કુટુંબી આવીને કહે કે દ્યો અમને. ગામના ચંદા કરવાવાળા આવીને (માગે). એમ થાય ને ? ભાઈ ! એટલે પોતે ખાનગીપણે (રહે). એમ જ્ઞાનનિધિને પામીને... આહા..હા..! 'નિયમસાર'માં છે. આત્મા આનંદનો નાથ પ્રભુ એને મળ્યો છે જ્યાં એને પામીને પોતે એકાંતમાં અનુભવે, બહારમાં એનો ઢંઢેરો ન પીટે. આહા..હા..! બહાર પડવા માટે અમને કોઈ ઓળખે ને અમારું માન વધે ને એ બધી વાતું બધી બહાર પડવાની છે, અંદરમાં જવાની નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ આપણે અહીં લીધું છે આ તો અહીં દાખલો આપ્યો, હોં ! આપણે તો અહીં ચાલે છે ને ?

**'અંદર વસવાટ માટે મહેલ મળી ગયો છે,...'** આપણે ચાલતો અધિકાર. મુનિને અંતરમાં વસવા માટે મહેલ મળી ગયો. આહા..હા..! ક્યાં વસવું એની ખબર નહોતી. જ્યાં ભાન પડ્યું ત્યાં આમાં વસવા જેવું છે, વસવાટ આ જ સ્થાન છે. અંતર આનંદના

ધામમાં વસવા જેવું છે. વસવાટ ત્યાં કરવા જેવો છે. આહા..હા..! **'તેની બહાર આવવું ગમતું નથી.'** મહેલ મળી ગયો તેની બહાર આવવું ગમતું નથી. **'કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી.'** આહા..હા..! શું શબ્દ આવ્યો પ્રકમ ? 'સર્વવિશુદ્ધ'માં નહિ ? પ્રકમ. કોઈ કામ માથે (લેતા નથી). ભાઈ ! આ પાઠશાળાનું તમારે ધ્યાન રાખવું પડશે કે આ પાઠશાળા માટે પૈસા ઉઘરાવવા માટે તમારે જવું પડશે. આ તીર્થ માટે અત્યારે કરે છે ને ? તીર્થ માટે પૈસા તમારે ઉઘરાવવા પડશે. મુનિ એવું કામ માથે લે નહિ. આહા..હા..! અહીં સમવસરણ બનાવવું છે તેને માટે ૨૫ લાખ ખર્ચવા છે તો તમે ધ્યાન રાખો તો એ પૈસા આવે. મુનિ એવો બોજો માથે રાખે નહિ. આહા..હા..!

**'કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી. અંદર જાય તો અનુભૂતિ અને બહાર આવે તો તત્ત્વચિંતન વગેરે.'** આહા..હા..! સ્વાધ્યાય ને ધ્યાન બે કામ લીધું છે ને ? મુનિને બે (કામ છે). ધ્યાનમાં રહે અને ધ્યાનમાં નહિ રહિ શકે તો શાસ્ત્ર સ્વાધ્યાય. છે શુભભાવ. આહા..હા..! બીજું કામ એને હોતું નથી. ભાઈ ! આ અમારે આ પંચ કલ્યાણક કરવું છે. ફલાણા દિવસે તમારે મારે ત્યાં આવવું પડશે. એવો બોજો મુનિને ન હોય. આહા..હા..! એને અંદરમાં આનંદ જ્યાં વર્તતો હોય એને જે વિકલ્પ ઉઠે ને બોજો લાગે, એને ઠેકાણે આ ઠેકાણે તમારે આવવું પડશે ને આ ઠેકાણે તમારે જાવું એ કામ મુનિના હોતા નથી. આહા..હા..!

**'સાધક દશા એટલી વધી ગઈ છે કે દ્રવ્યે તો કૃતકૃત્ય છે જ...'** વસ્તુ તો કૃતકૃત્ય અખંડ કૃતકૃત્ય જ છે. **'પરંતુ પર્યાયમાં પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે.'** આહા..હા..! જેમાં ત્રણ કષાયના અભાવની, આનંદની દશાની વીતરાગતા, પ્રચૂર સ્વસંવેદન (પ્રગટ થયા છે). પર્યાયમાં પણ કૃતકૃત્ય, ઘણું કૃતકૃત્ય થઈ ગયું. પૂર્ણ કૃતકૃત્ય તો કેવળી થાય પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે. એવાં મુનિને અંદરમાં જવું એ એનો વસવાટ છે, બહારમાં આવવું એ એનો બોજો લાગે છે. વિશેષ કહેશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**અષાઢ સુદ ૧૩, મંગળવાર તા. ૧૮-૦૭-૧૯૭૮.**
**વચનામૃત-૧૧૪ થી ૧૧૬. પ્રવચન-૪૧**

**જેને ભગવાનનો પ્રેમ હોય તે ભગવાનને જોયા કરે તેમ ચૈતન્યદેવનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે. ૧૧૪.**

'વચનામૃત' ૧૧૪. ૧૧૩ ચાલ્યા છે ને ? આ પુસ્તકનું નામ એવું આપવું. કાગળ આવ્યો છે ને ? 'સરળ રોચક દ્રવ્યદૃષ્ટિ' એવું નામ આનું આપવું પડશે. ... 'સરળ રોચક દ્રવ્યદૃષ્ટિ'. 'સોગાની' નું 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે ને ? એના કરતાં 'સરળ રોચક દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' પ્રકાશ એણે લખ્યું નથી પણ વાત સાચી છે. ભાષા સાદી છે. 'મનસુર' થી આવ્યું છે, 'કનૈયાલાલ'. ૧૧૪.

**'જેને ભગવાનનો પ્રેમ હોય તે ભગવાનને જોયા જ કરે...'** આહા..હા..! જેને ભગવાન, પરમાત્મા, ઈશ્વર કહો કે ભગવાન માનેને અથવા આપણા ભગવાનને લ્યો. જેને પ્રેમ છે એ ભગવાનને જોયા જ કરે. **'તેમ ચૈતન્યદેવનો પ્રેમી...'** આહા..હા..! જેની પર્યાયબુદ્ધિ ગઈ છે, રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ ટળી છે એવા ચૈતન્યદેવને જેણે જોયો છે, જાણ્યો છે એનો જેને પ્રેમ છે એ **'ચૈતન્યદેવનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે.'** ચૈતન્ય જ જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... આહા..હા..! હું તો જ્ઞાયક છું, ચૈતન્ય છું.

મુમુક્ષુ :- બોલે છે કે પરિણમે છે ?

ઉત્તર :- કહેવાની વાત નથી, અહીં તો પ્રેમની વાત છે. ચૈતન્યનો જેને અંદર પ્રેમ લાગ્યો છે. તેથી કહ્યું ને? કે જેની સંયોગબુદ્ધિ, રાગબુદ્ધિ ને પર્યાયબુદ્ધિ ગઈ છે, એનો પ્રેમ જેને ગયો છે, એને ચૈતન્યનો પ્રેમ લાગ્યો છે. જેમ ભગવાન, ભગવાન, ભગવાનનો પ્રેમી કર્યા કરે,... આહા..હા..! એમ આ ચૈતન્યનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય

ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ, વર્તમાનમાં ત્રિકાળી એકરૂપ સ્વરૂપ એ રાગમાં પણ નથી કે પર્યાયમાં પણ એ નથી. એ તો એના ધ્રુવ સ્વરૂપમાં ચૈતન્ય છે. એની દૃષ્ટિ જેને થઈ એટલે કે એનો જેને પ્રેમ થયો એ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એ જ એને રમ્યા કરે. ચૈતન્ય ચૈતન્ય કર્યા કરે એનો અર્થ ઇ. આહા..હા..!

એનું ચૈતન્ય સ્વરૂપ શું ? જ્ઞાયક ધ્રુવ શું ? પેલામાં આવ્યું છે ને ? ૩૨૦માં નહિ ? ધર્મી જીવ પોતાના સ્વરૂપને (કે) જે સકળ નિરાવરણ છે, પ્રભુ દ્રવ્ય જે વસ્તુ છે એ તો સકળ નિરાવરણ છે. સકળ નિરાવરણ એક, અખંડ એક, અખંડ વસ્તુ છે, એક છે ભેદ નહિ અને પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. જેની જ્ઞાનની દશામાં પ્રત્યક્ષ આવે છે, પ્રતિભાસ થાય છે એવી એ ચીજ છે. આહા..હા..! જ્ઞાનરૂપી પર્યાયમાં, અરીસામાં જેમ પ્રતિબિંબ દેખાય છે, પ્રતિબિંબ એટલે પ્રતીતિ થઈ, એમ આ પર્યાયમાં,... આહા..હા..! પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. જ્ઞાનની પર્યાયમાં તારો ભગવાન પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. આવી વાત છે.

મુમુક્ષુ :– પ્રત્યક્ષ અને પ્રતિભાસનો અર્થ કહો ને ?

ઉત્તર :– કહ્યું ને. છે એવો ભાસ થાય એને પ્રતિભાસમય (કહે છે). જેમ સામે અગ્નિ હોય તો અરિસામાં અગ્નિનું, ઇ બિંબ છે અહીં પ્રતિબિંબ છે. પ્રતિબિંબ છે તો અરિસાની સ્વચ્છતા. એમ જેવો જ્ઞાયક દ્રવ્ય સ્વભાવ છે એવો પર્યાયમાં પ્રત્યક્ષ પ્રતિભાસમય, પ્રતિભાસમય એટલે જે છે તેવો ભાસે. આહા..હા..! આવી વાતું છે.

જે સકળ નિરાવરણ છે, અખંડ એકરૂપ છે. પ્રત્યક્ષ પ્રતિભાસ–જેની પર્યાયમાં પ્રત્યક્ષ તે જેવું છે તેવું ભાસે છે. આહા..હા..! એવો જેને ચૈતન્ય સ્વભાવનો પ્રેમ જાગ્યો છે, એ તો ચૈતન્ય ચૈતન્ય કરે. એટલે ? અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ પરમાત્મા તે પરમાત્મદ્રવ્ય તે જ હું છું. આહા..હા..! એ આ ચૈતન્ય ચૈતન્ય. ત્રિકાળ, નિરાવરણ, અખંડ, એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર અવિનાશી વસ્તુ છે. આહા..હા..! અને શુદ્ધ પારિણામિક સહજભાવ પરમ પારિણામિક પરમભાવ જેનું લક્ષણ છે. આહા..હા..! સહજ સ્વભાવ ભાવ એ જેનું લક્ષણ છે એવું તે પરમાત્મ દ્રવ્ય તે હું છું. એની અંદર રટના જાગે. આહા..હા..! ભારે આકરું કામ. માર્ગ તો આ છે, બાપુ ! આહા..હા..!

એ વ્યવહારે પ્રાપ્ત થાય નહિ, નિમિત્તથી પ્રાપ્ત થાય નહિ. એ તો પ્રત્યક્ષ

પ્રતિભાસમય જ્ઞાનની પર્યાયમાં સીધો ભાસે... આહા..હા..! એવો જે પરમાત્મદ્રવ્ય તે જ હું છું એમ કહે છે. તે હું છું એમ પણ નથી. તે જ હું છું, આ જ તે હું છું. આહા..હા..! એવો જેને જ્ઞાયક પ્રત્યેનો પ્રેમ થયો ને દૃષ્ટિનો વિષય પકડ્યો એને તે ચૈતન્ય જ્ઞાયક છું, જ્ઞાયક છું એવું જ રટણ જ્ઞાનધારામાં કાયમ હોય છે. આહા..હા..! ગમે તે વિકલ્પ હો, બીજી ચીજ હો પણ આ એની ધ્રુવની ધારા ખસે નહિ. આરે... આરે...! આવી વાત છે.

ધ્રુવસ્વરૂપ ભગવાનઆત્મા એનો જેને રસ લાગ્યો, જેણે એને જ્ઞાયકને–જ્ઞેય બનાવી અને જ્ઞાયકનો પ્રેમ લાગ્યો... આહા..હા..! એને ચૈતન્ય ચૈતન્ય જ થયા કરે છે. હું રાગ નહિ, પુણ્ય નહિ, નહિ નો નકાર નહિ અહીં, હકાર છે અહીં તો. હું તો ચૈતન્ય સ્વરૂપ, પરમ શુદ્ધ પારિણામિક ભાવ લક્ષણ, શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ... આહા..હા..! એવું જે ત્રિકાળી ચૈતન્ય તે પરમાત્મ દ્રવ્ય એ ચૈતન્ય તે હું છું, આહા..હા..! એમ એને થયા જ કરે છે. આહા..હા..! બે લીટી થઈ.

જેમ માતાની આંગળીએ નાનું છોકરું હોય અને છૂટું પડી જાય. .... હવે એને પુછે તો એક જ લગની, મારી બા... મારી બા... મારી બા... બા... બા... બા... બા... આ તો મેં નજરે જોયેલું, હોં ! 'પોરબંદર' અપાસરા પાસે કોઈની એક છોડી એની મા હશે એની આંગળીએથી છૂટી પડી ગઈ. પોલિસ એને પુછે, તું ક્યાંની કોણ છો ? તારી સખી કોણ ? સખી એટલે બહેનપણી. કઈ શેરી ? બા. બસ, એટલું કીધું. આંગળીથી છૂટી પડી ગયેલી, એની મા ક્યાંક આઘીપાછી થઈ ગઈ. પોલિસે એને ગોતીને એનું શું કહેવાય ? શેરી, કઈ શેરીમાં રહે છે. છોકરીની બહેનપણીની ઓળખાણથી, એના માના નામની, એના બાપના નામની (પૂછે તો) એક જ વાત બા.. બા.

એમ આત્મા આનંદનો નાથ પ્રભુ ! એને જેણે ભાળ્યો એને આત્મા જ્ઞાયક છું, જ્ઞાયક છું. ધર્મી જીવને એનું રટણ હોય છે. આહા..હા..! આવી વાતું છે. હવે આ બધું શું કરવું છે? આ બાયડી, છોકરા ને આ બધા. આ બધી હોળી સળગી છે. એ ક્યાં તારામાં છે? પ્રભુ ! એ તો પર છે. એ તો એને કારણે આવ્યા, એને કારણે ટક્યાં ને એને કારણે ચાલ્યા જશે. કાંઈ તારે કારણે આવ્યા ને તારી પાસે આવ્યા ને એમ છે નહિ. આહા..હા..! એ તો જગતની ચીજ (છે), તારાથી ભિન્ન ચીજ છે.

એ ભિન્નનું પરિણમવું ને બદલવું ને ટકવું ને ખસવું ને એક ક્ષેત્રથી બીજે ક્ષેત્રે (જવું) એ તો એને કારણે છે. આહા..હા..!

મુમુક્ષુ :- અમારા ઘરે એનો કાંઈ મેળ હોય ને...

ઉત્તર :- ઘર કે દિ' તમારું હતું ? છોકરાના નામનું ઘર વેચી નાખ્યું. પચાસ હજારનું મકાન લઈને પાછા પચાસ હજાર છોકરાના નામે લખી નાખ્યા. મકાન 'ચેતન' ને નામે રહ્યું એટલે ઘરમાં ને ઘરમાં. ઘર ક્યાં હતું તમારું ? ભાઈને ઘર હતું ને ? ... તો ઘણું હતું પણ પછી 'સુમન' ની સાસુ છે એણે લીધું. આમને વળી પચાસ વાપરવા દઈએ ને, પચાસ હજાર લીધા પછી 'સુમન'ના દીકરાના દીકરાને નામે આપી દીધું. રહ્યું તો ન્યાં ને ન્યાં. માન્યું છે ને ? એમ માન્યું છે કે આ મારું હતું, મેં વેચ્યું અને મારા દીકરાના દીકરાને મળ્યું. કલ્પના છે, બધી ભ્રમણા. આહા..હા..!

ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા એ એક રાગનો થયો નથી. એ એક સમયની પર્યાયમાં રહેતો નથી. એક સમયની પર્યાયનો થતો નથી. ઝીણી વાત છે, પ્રભુ ! આ તો ધર્મ વીતરાગનો માર્ગ. સર્વજ્ઞ પરમેશ્વર અને તારું સ્વરૂપ જ સર્વજ્ઞ સ્વભાવિક પ્રભુ ! તું છો. આહા..હા..! સર્વજ્ઞ પર્યાય જેને પ્રગટ થઈ પણ એ પ્રગટ થઈ ક્યાંથી ? કેવળજ્ઞાન આમ પૂર્ણ જ્ઞાન. એ અંદરમાં તું પૂર્ણ સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ છો, ભાઈ ! સર્વજ્ઞસ્વભાવી આત્માની .. કરી છે બધી. આહા..હા..! સર્વજ્ઞ સ્વભાવી એટલે ચૈતન્ય કહો કે સર્વજ્ઞ સ્વભાવી કહો. આહા..હા..! જ્ઞાયક કહો કે દૃષ્ટિનો વિષય જે અભેદ છે તે સામાન્ય ને અભેદ કહો. આહા..હા..! કંઈ શબ્દો પકડાય નહિ, એ કે દિ' ધર્મ કરે ? અરે..રે..! આમ ને આમ ચોરાશીના અવતારમાં રખડીને મરી ગયો છે. એમાં વળી કાંઈક પાંચ, પચ્ચીસ લાખ રૂપિયા થાય (તો) હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય. આહા..હા..! શું અમે વધી ગયા. શેમાં ? રખડવામાં

આહા..હા..! પ્રભુ ! તું કોણ છો ? ભાઈ ! તારી જાતમાં શું છે ? તારી જાતમાં આનંદ ને જ્ઞાન ભર્યો છે. એ પર્યાયમાં એની ભાત પડે. આહા..હા..! જેવી એની સર્વજ્ઞ સ્વરૂપી જાત છે એવી પર્યાયમાં ભાત પડે, એને પ્રતિભાસ થાય. આહા..હા..! ત્યારે તેની પર્યાય(માં) એને જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયકનું રટણ હોય છે. એટલે કે જ્ઞાયક ઉપર એની દૃષ્ટિ હોય છે. આહા..હા..! આવી વાતું હવે. આકરું છે. આમાં કરવું શું ? પેલા તો કહે, વ્રત કરો, ભક્તિ કરો, દાન કરો, પૂજા કરો, જાત્રા કરો.

ધૂળમાંય નથી. એ તો બધા રાગની ક્રિયાઓ છે. ત્યાં આત્મા નથી અને આત્મામાં એમાં કાંઈ લાભ થતો નથી. આહા..હા..! ૧૧૪ (બોલ પૂરો થયો).

**ગુણભેદ પર દૃષ્ટિ કરતાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે, નિર્વિકલ્પતા-સમરસતા થતી નથી. એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર; તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે. જુદું જુદું ગ્રહણ કરવાથી અશાંતિ ઉત્પન્ન થશે. ૧૧૫.**

૧૧૫. **'ગુણભેદ પર દૃષ્ટિ કરતાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે,...'** શું કહે છે ? પ્રભુ ! સુન ભાઈ ! તેં તારી કથા સાંભળી નથી, નાથ ! પ્રભુ ! તું કોણ છો ? કેવડો છો ? ક્યાં છો ? ભાઈ ! તને તારી ખબર નથી. અહીં કહે છે કે પ્રભુ ! એવડો છે અંદર, અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ, એક એક આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ (છે). આહા..હા..! એને ગુણ ઉપર દૃષ્ટિ કરતાં, ગુણના ભેદ ઉપર દૃષ્ટિ કરતાં. ગુણનો પિંડ જે અખંડ, અભેદ છે... આહા..હા..! અરે..! એમાં ગુણનો ભેદ વિકલ્પ ઉત્પન્ન કરતાં (અર્થાત્) આ ગુણ છે આ ગુણીનો એવો ભેદનો વિકલ્પ ઉત્પન્ન કરતાં દુઃખ છે. એ વિકલ્પ ઉત્પન્ન થાય છે એ દુઃખ છે. આહા..હા..! આવી વાત હવે ક્યાં...? તારી પ્રભુતાના અભેદમાં આ જ્ઞાન તે આત્મા ને એવો ગુણભેદ ઉત્પન્ન કર એ પણ એક વિકલ્પ છે, અશાંતિ છે, દુઃખ છે. આહા..હા..!

અહીં તો કહે છે કે પરની દયાનો ભાવ તને થાય એ પણ રાગ છે ને એ તારી હિંસા છે, ભાઈ ! તને ખબર નથી, પ્રભુ ! તું તો ચૈતન્ય સ્વરૂપ છો ને ! એમાં પ્રભુ ! (દયા, દાનનો) રાગ છે. હવે આ વાતનો ક્યાં મેળ કરવો ? આહા..હા..! ગુણભેદ પર દૃષ્ટિ કરતાં એટલે ? આત્મા સિવાય પર વસ્તુ, દેવ-ગુરુ ને ધર્મની દૃષ્ટિ કરતાં પણ રાગ થાય. કારણ કે પર વસ્તુ છે એના ઉપર લક્ષ જતા રાગ જ થાય. એમ રાગ છે એના ઉપર દૃષ્ટિ જતા પણ રાગ જ થાય, એમ એક સમયની પર્યાય છે એના ઉપર દૃષ્ટિ જતા પણ રાગ જ થાય, એમ ગુણી અને ગુણનો ભેદ

કરતાં પણ વિકલ્પ રાગ જ થાય. આહા..હા..! શું કહે છે આ ? અનાદિ આંધળો દુનિયા આંધળી હાલી જાય છે. ચાર ગતિમાં રખડતા આંધળે આંધળા, કાંઈ ભાન ન મળે શું છે ઇ. બહારમાં જાણે ડાહ્યાના દીકરા થઈ ગયા. એમાં બે હજારનો પગાર હોય, પંદર હજારનો પગાર હોય, મોટો બેંકનો પેલો હોય. આહા..હા..! અરે..! પ્રભુ ! શું છે તને આ ? આહા..હા..!

અહીં તો કહે છે, તારા સિવાય દેવ-ગુરુ-શાસ્ત્રની દૃષ્ટિ તું કર તોપણ વિકલ્પ થશે, તને રાગ થશે. કેમ કે પરાશ્રય થયો. રાગ થયો તેના ઉપર દૃષ્ટિ કર તો રાગ થશે. આહા..હા..! અને એક સમયની પર્યાય છે... 'પર્યાયમૂઢા પરસમયા' આહા..હા..! ભલે પછી એણે પર્યાયની વ્યાખ્યા નરક કે મનુષ્યની ગતિની પર્યાય ગણે પણ ખરેખર તો એક સમયની પર્યાય છે ને, પરિણમનનો અંશ છે ને એમાં જે એકાગ્ર છે એ મૂઢ છે અને એ પર્યાયનો આશ્રય લેવા જાય છે તો એ રાગ થાય છે.

અહીંયા તો એથી આગળ જતાં ગુણી એવો ભગવાન અનંત ગુણનો ધણી ઇ જ્ઞાન સ્વરૂપ છું, દર્શન સ્વરૂપ છું એવો વિચારમાં ગુણીમાંથી ગુણનો ભેદ ઉઠે એ પણ એક વિકલ્પ ને દુઃખ છે. અરે..રે..! આ વાત ક્યારે (સમજે)? સંસારના... પે'લું આવે છે ને ? તૃષ્ણાએ બળદની જેમ મોહના ભૂતડે, મોહને ...., મિથ્યાત્વ તૃષ્ણારૂપી પછી દાહ લાગ્યો ને બળદની જેમ બધાને કામ કરાવે. બળદની જેમ. બળદીયો. જેમ બળદ હોય ને ? આહા..હા..! એમ મેં આ ધંધો કર્યો ને મેં આનું આમ કર્યું ને મેં આમ પૈસા મેળવ્યાં ને... એ..ઇ..! મેં આમ છોકરાઓને મોટા કર્યા ને છોકરાને કેળવણી આપી ને... આહા..હા..! અને નોકરોને કેળવીને હોશિયાર કર્યા ને હવે હું ન હોઉં તોપણ નોકર દુકાન ચલાવે. આહા..હા..! આ બધી અજ્ઞાનીની ભ્રમણાઓ (છે). આહા..હા..!

એ તો ભ્રમણા (છે) પણ અહીં તો કહે છે ગુણી જે વસ્તુ અભેદ જે ચીજ છે એમાં અભેદમાં ગુણનો ભેદ (કરવો કે) હું જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું એવો પણ એક વિકલ્પ ગુણનો ગુણીમાંથી ઉઠાવવો એ વિકલ્પ છે, એ દુઃખ છે, એ રાગ છે, એ ઝેર છે, એ ઝેરના પ્યાલા તું પીવે છો, પ્રભુ ! તને તારી ખબર નથી. આહા..હા..! 'બાબુલાલજી' ! અહીં તો આવી વાતું છે, બાપુ ! આહા..હા..! દુનિયામાં ક્યાંય મળે, એમ નથી. અહીંયા તે આ કરો ને આ કરો ને આ કરો ને બસ એમાં પૈસા કાંઈક

થયા હોય બે, પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ એટલે વર્ષે લાખ, બે લાખ ખર્ચે. તમારી પાઠશાળા માટે મહિને પાંચ હજાર આપીશું. ત્યાં તો લોકો ઓહો..હો..! વાહ ! (કરે).

મુમુક્ષુ :– શેઠનું ...

ઉત્તર :– શેઠનું કેટલું માન ! અભિનંદન આપો. આ તમારી પાઠશાળા માટે જ્યાં સુધી ચાલે ત્યાં સુધી મહિને મારા પાંચ હજાર. સભા રાજી, રાજી થઈ જાય. ધૂળમાંય નથી ત્યાં. તારા પાંચ હજાર શું લાખ, કરોડ, આપી દે ને. ઇ ક્યાં ચીજ તારી હતી ? એ તો જડ છે. જડ મારા માનીને એને આપે એ તો મોટું મહા મિથ્યાત્વનું પાપ લાગે છે, અસત્યનું પાપ છે. આહા..હા..! આવી વાતું આકરી, બાપા ! જન્મ-મરણ રહિત થવાનો પંથ કોઈ અલૌકિક છે. આ જન્મ-મરણ કરી જ રહ્યો છે.

અહીં તો ગુણી એવો પ્રભુ, ગુણી એટલે આ ચોખાની ગુણી ને ઘઉંની ગુણી એ નહિ, હોં ! અહીં... આ તો ગુણનો ધરનાર ગુણી. ભગવાનઆત્મા વસ્તુ છે, અભેદ ચીજ છે, એમાં અનંત ગુણરૂપ પણ એકરૂપ વસ્તુ છે. આહા..હા..! એમાં પણ **'ગુણભેદ પર દૃષ્ટિ કરતાં...'** ગુણભેદ ઉપર દૃષ્ટિ કરતાં એટલે આ જ્ઞાન છે ને દર્શન છે. એ અભેદમાં ભેદ અંદર છે પણ અભેદની દૃષ્ટિ ન કરતાં અભેદને દેખતા એમાં ભેદ દેખાય નહિ, ભલે અંદર હો પણ સમ્યગ્દર્શનરૂપી દૃષ્ટિ કરતાં અભેદમાં તે ભેદ દેખાય નહિ. એને ભેદ પાડીને જુદો દેખવા માંગે... આહા..હા..! તો તો કહે છે કે તેં વિકલ્પ કર્યો, તું દુઃખી થયો. આહા..! આવી વાત હવે.

અહીં તો કહે કે પરની દયા પાળો, પરને બસ આમ કરો, ભૂખ્યાને આહાર દ્યો, તરસ્યાને પાણી, રોગીને ઔષધ, મકાન-બકાન ન હોય એને ઓટલ–બોટલા બાંધીને (આપો). આહા..હા..! 'મુંબઈ'માં તો બે, ચાર લાખ માણસ બહાર પડ્યા રહે છે. મકાન પણ નહિ ને કાંઈ નહિ. 'મુંબઈ'માં. આહા..હા..! અરે..રે..! આવું કરે, આને કર્યું કે માટે કાંઈક ધર્મ કર્યો. આહા..હા..! હું એને પૈસા આપું છું, હું એને અનાજ દઉં છું, હું એને પાણી દઉં છું, દવા દઉં છું. એ પર ચીજ છે એ દઉં છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. જૂઠી (છે). કેમ ? પર ચીજ તારી નથી કે તું એને દે ને લે. આહા..હા..! અરે..! એને તો ન્યાંથી તો ખસવું છે પણ પર્યાય ઉપરની દૃષ્ટિથી ખસી જવું છે. જેને કલ્યાણ કરવું હોય ને જન્મ-મરણ મટાડવું હોય તો. બાકી તો

રખડે છે આખી દુનિયા. આહા..હા..!

અહીં તો ગુણ ને ગુણીના ભેદનો વિકલ્પ પણ મટાડવાનો છે. આહા..હા..! અનંત ગુણનો પ્રભુ, તારી પ્રભુતામાં ભેદ પાડ તો તે અપ્રભુતાની પામરતા છે, કહે છે. આહા..હા..! હવે આ શી રીતે સમજવું ? આ તે કાંઈ વીતરાગનો માર્ગ હશે આ ? જિનેશ્વરનો હશે ? ભાઈ ! અમેં તો (સમજ્યા કે) દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, જાત્રા કરવી, ભક્તિ કરવી, દાન કરવું. લ્યો ! બાપુ ! અરે..! બાપુ ! તને ખબર નથી, ભાઈ ! તું તો જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો. એ જાણવાના કામ સિવાય દેવું-લેવાનું કામ માને,... આહા..હા..! એ તો મોટી ભ્રમણા છે.

એથી અહીં તો આગળ જતાં (કહે છે),... આહા..હા..! વસ્તુ પ્રભુ ચૈતન્યજ્યોત છે અંદર ઝળહળ જ્યોતી પ્રભુ (છે). એમાં અનંતા ગુણો છે છતાં એ ગુણનો ભેદ પાડીને ગુણની દૃષ્ટિ કરે તો વિકલ્પ જ ઉત્પન્ન થાય, રાગી છે માટે એમ લેવું. ('સમયસાર' ની) સાતમી ગાથામાં આવી ગયું ને ? રાગી પ્રાણી છે એથી ભેદ ઉપર દૃષ્ટિ કરશે તો એને રાગ જ થશે, રાગી છે માટે. આહા..હા..! ભેદને, અભેદને તો સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા બધું જાણે પણ એ તો વીતરાગ છે. વીતરાગ હોવાથી જાણતા કોઈ જાતનો એને વિકલ્પ થતો નથી. પણ આ તો રાગી પ્રાણી છે અને અભેદની દૃષ્ટિ છોડીને ભેદનો વિકલ્પ ઉઠાવશે તો ત્યાં રાગ જ થશે. રાગી છે માટે રાગ થશે. આહા..હા..!

આમાં શું સમજવું ? શું કરવું આમાં શું ? એને તો આ કાંઈક કરવું હોય ને બહારમાં. દયાની મંડળી, ચંદા ભેગા કરો, પાંચ લાખ ભેગા કર્યા. આ નહિ હમણાં ઓ'લું થયું હતું ને ? શું કહેવાય નહિ ? પરદેશમાં શું થયું ? દરિયાની વેલ આવી ને ? વાવાઝોડાને શું કહ્યું કહેવાય ? દેશ 'આંધ્રદેશ'. પછી મોટા ખરડા થયેલા. પાંચ પાંચ લાખ, દસ દસ લાખના અને કો'કે પચાસ હજાર નોંધાવ્યા, કો'કે લાખ ને રાજી રાજી થઈ જાય કે આહા..હા..! જાણે કે મેં શું કર્યું ! અરે..! પ્રભુ ! સાંભળ ભાઈ ! તું ચૈતન્ય સ્વરૂપ છો ને ! એ જાણવા સિવાય શું કામ કરે ? આહા..હા..! એને ગુણભેદ પણ કરવો એ રાગનું કારણ છે. અરે..! આવી વાતું સાંભળી ન હોય એને (એમ લાગે) શું હશે આ તે ?

મુમુક્ષુ :– ગુણ અને સ્વરૂપ બે ને સાથે જોઈએ તો ?

ઉત્તર :– એક સાથે બે ને જોવા જાય તો રાગ થશે. અખંડ અભેદ ઉપર દૃષ્ટિ કરશે તો નિર્વિકલ્પતા રાગરહિત થશે. તો એને સમ્યગ્દર્શન થશે. આહા..હા..! એ આવશે, લ્યો !

**'નિર્વિકલ્પતા-સમરસતા થતી નથી.'** આહા..હા..! વસ્તુ જે છે પ્રભુ અંદર, અનંત અનંત ગુણનો પિંડ એ તો છે પ્રભુ. જેના અનંત ગુણના અનંતની સંખ્યાની હદ નથી, એટલા અનંત ગુણો પ્રભુ આત્મામાં દરેકમાં ભર્યા છે. પણ એ ભર્યા છે એને ભેદ કરીને જુદો ગુણ છે, એવો ભેદ પાડવો ત્યાં અશાંતિ અને વિકલ્પ ઉત્પન્ન થાય. નિર્વિકલ્પતા એટલે કે શાંતિ એટલે કે સમરસતા થતી નથી. ગુણીમાંથી ગુણનો ભેદ કરતાં પણ સમરસ–સમતા થતી નથી અથવા સમ્યગ્દર્શન થતું નથી અથવા સત્યદર્શન નિર્વિકલ્પતા સિવાય થતું નથી. આહા..હા..! આવું શું હશે આ ? ક્યાંનો માર્ગ આવો હશે ? સર્વજ્ઞ ત્રિલોકનાથ, જિનેશ્વરદેવ પરમાત્મા એની આ દિવ્યધ્વનિ છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'નિર્વિકલ્પતા-સમરસતા...'** એટલે ? એક ગુણી ચીજ અભેદ છે એમાં ગુણનો ભેદ ઉત્પન્ન થતાં સમરસતા, સમતા પ્રગટ થતી નથી. તેને વિષમતા નામ રાગ પ્રગટ થાય છે. આહા..હા..! ક્યાં જાવું એને ? ક્યાંથી ઉઠાવીને ક્યાં જવું એની ખબર ન મળે બિચારાને. એને નિર્વિકલ્પતા એટલે સમરસતા થતી નથી.

**'એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર;...'** એક ચૈતન્ય સ્વરૂપ એક સ્વરૂપ છે, સામાન્ય સ્વરૂપ છે, અભેદ સ્વરૂપ છે તેને ગ્રહણ કર. આહા..હા..! ચૈતન્યની ત્રિકલ્પતા ત્રિકાળ ધ્રુવતા (એને ગ્રહણ કર). ભેદને પકડવું છોડીને અભેદને પકડ. આહા..હા..! બહુ માર્ગ (સૂક્ષ્મ છે). **'ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર;...'** ગુણ ને ગુણીનો વિશેષ ભેદ ન પાડતા, એ ગુણી અખંડ પ્રભુ છે તેવી સામાન્ય ઉપર દૃષ્ટિ કર તો તને સમતા અને સમ્યગ્દર્શન પ્રગટ થશે. ધર્મની પહેલી શરૂઆત ત્યાંથી થશે. એ વિના હરામ છે ધર્મ હોય તો ક્યાંય. આહા..હા..! અત્યારે તો બિચારા રાડુ પાડે. આ વ્રત પાળીએ ને તપસ્યા કરીએ ને ભક્તિ કરીએ ને દાન કરીએ ને વ્યવહાર કરીએ એ કરતાં કરતાં નિશ્ચય થશે. ભલે કરે, દુઃખ કરતાં કરતાં સુખ થશે. અરે..! ભાઈ ! એવું તો અનંત વાર કર્યું છે ને, પ્રભુ ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! બાયડી-છોકરા, કુટુંબ છોડી, રાજપાટ છોડી સાધુ થયો છે. દિગંબર સાધુ અનંતવાર તું થયો

છો, ભાઈ ! તને ખબર નથી. પણ એ રાગથી રહિત અંદર ચૈતન્યપ્રભુ ભગવાન પૂર્ણાનંદ અભેદ છે એની દૃષ્ટિ કરી નહિ, એનો આશ્રય લીધો નહિ અને એકલા વ્રત, તપમાં રોકાય ગયો. એને સ્વર્ગ મળ્યું ને ત્યાંથી મરીને ઢોર થઈને નરકમાં જશે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવું સ્વરૂપ, પરમેશ્વરનું કર્યું હશે આવું ? આહા..હા..!

**'એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર;...'** સંયોગનું લક્ષ તો છોડી દે. આહા..હા..! એ 'પંચાધ્યાયી' માં એમ લીધું હતું. એમ કે આ અસદ્ભુત ઉપચારનય રાગ. પણ એનું ફળ શું મેં કીધું ? કે રાગ રહિત જ્ઞાનની પર્યાયને જો, ઇ. જ્ઞાનની પર્યાયને. અને અસદ્ભુત અનઉપચાર એનો અર્થ કે એ સાધનથી સાધ્ય રાગ છે એમ સિદ્ધ થાય છે. જે રાગ છે અંદર તો વર્તમાન દેખાય છે એ સિદ્ધ થાય છે, એમ. રાગનું સાધન જે અવ્યક્તપણે છે એ સાધન થઈને આ રાગ વર્તમાન છે એનાથી સિદ્ધ થાય છે. અને એનું ફળ રાગ રહિત તું છો એના જ્ઞાનમાં જા, એ એનું ફળ છે. આ દવાખાનું જુદી જાતનું છે. આહા..હા..!

અહીં તો જન્મ-મરણમાં રખડવાના આંટા, ચોરાશીના આંટા કરી કરીને મરી ગયો છે. આહા..હા..! મોટા કરોડોપતિ, અબજોપતિ માંસ આદિ જો ખાતા હોય તો નરકમાં જાય અને માંસ ન ખાતા હોય, દારૂ પીતા ન હોય અને એ વેપાર-ધંધામાં મશગૂલ છે એ મરીને ઢોરમાં જાય, પશુ થાય. ગાય, ભેંસ કે (બીજું થાય). આહા..હા..!

અહીં તો જેને આત્મ કલ્યાણ કરવું હોય એને શું કરવું, કેમ કરવું એની વાત છે. એણે તો આત્મા નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે તેનો આશ્રય લેવો. આહા..હા..! તેની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં તેના ત્રિકાળીનો આશ્રય લેવો. તે પર્યાય એમ માને કે હું તો ત્રિકાળી પરમાત્મ દ્રવ્ય છું તે હું છું. પર્યાય હું છું એ નહિ. અરે..! પર્યાય શું ને ગુણ શું ? દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ તો જૈન પરમેશ્વરના એકડાના મીંડાની વાતું છે. એકડાના મીંડા, હોં ! મીંડા અમથા જુદા હોય છે, આ તો એકડાનું મીંડુ આમ કરી ને પાછી આમ લાંબી પાણ કરવી હોય ને (એમાં) મીંડુ હોય. આ તો હજી મીંડાની વાતું છે. આહા..હા..!

પ્રભુ ! તું અનંત ગુણનો પિંડ, નાથ ! આહા..હા..! એને એકરૂપ ચૈતન્ય સ્વરૂપ જે છે જેમાં વર્તમાન પર્યાયનો પણ ભેદ નથી, લક્ષ નથી. ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ જ્યાં નથી એવું એકરૂપ ચૈતન્ય ધ્રુવ ભગવાનઆત્મા, એને ગ્રહણ કર; તને સમતા

થશે, સમકિત થશે, આનંદ થશે, દુઃખ નાશ થશે. આહા..હા..!

**'તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે.'** જોયું ? એક ચૈતન્ય વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... ધ્રુવ તેમાં દૃષ્ટિ દેવાથી તને મુક્તિનો માર્ગ પ્રગટ થશે, તને ધર્મ પ્રગટ થશે. એનું નામ ધર્મ. આહા..હા..! અહીં તો જરીક પચાસ હજાર, લાખ દાનમાં આપે પછી તસ્દી લઈને પથ્થરની નામની તખ્તી ચોડાવે. તસ્દી મહેનત બહુ કરે બિચારો. કોઈક ભાઈબંધને કહે, આને કહેજો મેં આપ્યા છે. આ કરે. અરે..! મરી ગયો. આહા..હા..! એ રૂપિયા ક્યાં તારા હતા ને તેં આપ્યા ને શું છે આ બધું ? અહીં તો પર્યાય એટલો પણ તારો નથી અને ગુણભેદ પણ તારા સ્વરૂપની ચીજમાં નથી. આહા..હા..! ત્યાં વળી એમાં પૈસા ને બાયડી-છોકરા એમાં ક્યાં આવ્યા તારી ચીજમાં ?

અભેદમાં ભેદ નથી. એકરૂપ ચૈતન્ય સ્વરૂપ ત્રિકાળી જ્ઞાયક એવું એકરૂપ અભેદ ચીજ એમાં ગુણ-ગુણીના ભેદનો પણ જ્યાં અભાવ છે. તો તો પર્યાયનો અભાવ છે, રાગનો અભાવ છે, બાહ્ય સામગ્રીઓ આ જે ધૂળની બધી. ફાસફુસ ચમક છે આ બધી બહારની ચમક મસાણના હાડકાની (છે). આહા..હા..! પ્રભુ ! તું અંદર ચૈતન્યનો, અમૃતનો સાગર, ત્યાં જા, એને જો અને એની દૃષ્ટિ કર, તને ધર્મ પ્રગટશે અને મુક્તિનો માર્ગ થશે. એ રાગથી છૂટવાનો પંથ તને હાથ આવશે. આરે... આરે...! આવી વાત છે. આ માર્ગ સિવાય કોઈ બીજો માર્ગ હળવો હશે કે નહિ ? આવો કઠણ માર્ગ કરતાં એક હળવો માર્ગ હશે કે નહિ ? માર્ગ જ આ છે ત્યાં પ્રભુ ! હળવો ને ભારે કોને કહેવો ? ભાઈ !

**'એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર; તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે.'** વિકાર ને દુઃખથી છૂટવાનો પંથ તને હાથ આવશે. આહા..હા..! **'જુદું જુદું ગ્રહણ કરવાથી અશાંતિ ઉત્પન્ન થશે.'** એટલે શું કહ્યું ? કે એકરૂપ ચૈતન્ય સામાન્ય એકરૂપ છે. એમાંથી આ જ્ઞાન ને આ દર્શન ને આ વીર્ય ને આ અસ્તિત્વ ને એવા જુદા જુદા ભેદ પાડીને ગ્રહણ કરવા જઈશ (તો) અશાંતિ થશે. આહા..હા..! પરની દયા પાળવાનો ભાવ એ અશાંતિ છે, રાગ છે. આહા..હા..! એ વ્રતનો ભાવ, પંચ મહાવ્રત આદિનો ભાવ એ રાગ છે, અશાંતિ છે. ભાઈ ! તને ખબર નથી. આહા..હા..! પ્રભુ ચૈતન્યના સ્વરૂપમાં અભેદને છોડીને ભેદનું ગ્રહણ કરવા જઈશ તો પ્રભુ ! તને અશાંતિ થશે. આહા..હા..! કેટલાકે તો આવું સાંભળ્યું પણ ન હોય. આ શું છે પણ ? પાગલ જેવી વાતું લાગે.

સાચી વાત, બાપા ! પાગલોને પાગલ જેવી વાત લાગે. આહા..હા..!

પ્રભુ ! તું તો ગુણ-ગુણીના ભેદ વિનાની અભેદ ચીજ છો ને. આહા..હા..! એ અભેદ ઉપર દૃષ્ટિ મુક તો તને શાંતિ થશે. બાકી ગુણ-ગુણીનો ભેદ કરવા જઈશ તો અશાંતિ ઉત્પન્ન થશે. તો તો પરની દયા પાળવા જતા પણ અશાંતિ થશે. આહા..હા..! છતાં પરની દયા પાળી શકતો નથી. કારણ કે એનું આયુષ્ય હોય ત્યાં સુધી જીવે અને તું કહે કે હું આને જીવાડી દઉં. ત્રણ કાળમાં જીવી શકે નહિ. એનું આયુષ્ય હોય તો જીવે ને આયુષ્ય ખુટે તો એને જીવાડવાનો તું લાખ ઉપાય કર (તોપણ) એ દેહ છૂટી જવાનો. આહા..હા..!

મુમુક્ષુ :– સારા ડૉકટર હોય તો ફેર પડે.

ઉત્તર :– ડૉકટર મરી જવાના. ડૉકટર બિચારો મોટો ડૉકટર નહોતો આપણે ? 'ભાવનગર' 'હેમંતકુમાર' સર્જન ડૉકટર. બે, ત્રણ વાર અહીં આવ્યો હતો. હવે એ પોતે ઓપરેશન કો'કનું કરતો હતો એમાં એકદમ (કહ્યું) મને કાંઈક થાય છે. બસ ! એમ કીધું ત્યાં ખુરશીએ બેઠો ત્યાં ખલાસ થઈ ગયો, 'ભાવનગર' મોટી હોસ્પિટલ (છે). શું કહેવાય એને ? સમજાણું કાંઈ ? એનો સર, મોટો ડૉકટર 'હેમંતકુમાર'. એક ક્ષણમાં બાપુ ! આ તો દેહ છે, આ તો માટી છે, એની મુદત સ્થિતિ પૂરી થઈ એટલે છૂટ્યે છૂટકો, છૂટ્યે છૂટકો. આહા..હા..! લાખ તારા ડૉકટર આવે નહિ. આ ડૉકટર શું કરે ? હાલ નાખતો હશે ? 'ધર્મચંદભાઈ' ! ઇન્જેક્શન આપો, નાડ હાથ આવતી નથી. પલ્સ હાથ આવતા નથી. પલ્સ હાથ આવ્યા વિના શી રીતે એને મુકી દે ? અહીં ઇન્જેક્શન આપ્યું હતું ને ? 'ધર્મચંદભાઈ'એ આપ્યું હતું ને ? 'શીવલાલ પટેલ' હતા ને ? ખાય-પીને આવ્યા, બેઠા. આ પટેલ નહિ ? આ 'વિજલ પટેલ' ને મોટા એના કુટુંબી હતા. ક્યું ગામ કીધું એ ? 'કરમસદ' છે ને જોયું છે ને ? 'કરમસદ' બીડીનો મોટો ધંધો છે. 'કરમસદ' છે. 'આણંદ'થી જવાય. 'આણંદ' સ્ટેશન છે ને ? ન્યાંથી 'કરમસદ' જવાય છે. ત્યાં અમારો વેપાર હતો ને 'પાલેજ' તો હું પણ ન્યાં ગયો હતો. પણ એને વર્ષ થઈ ગયા સીત્તેર. ત્યાં બીડીનો મોટો ધંધો છે. પણ એમાં વરીયાળી નાખીને. વરીયાળી નાખીને બીડીઓમાં વાળે એટલે બીડીઓ લેવા ગયેલા એકવાર. 'આણંદ' થી ત્યાં 'કરમસદ'. પટેલને ત્યાં ઉતરીએ. પટેલ બીડીનો મોટો વેપારી હતો. ન્યાં જોયું હતું, બધું જોયું હતું પણ એ અઢાર-ઓગણીસ વર્ષની, વીસ

વર્ષની ઉંમરની વાત છે. અહીં તો ૮૯ થયા અત્યારે તો. આહા..હા..! ધુળમાં કાંઈ ન મળે. થોથે થોથા ને અભિમાનનો પાર ન મળે કે અમે આમ જઈ આવ્યા ને અમે આમ લઈ આવ્યા ને... કોણ લે દે ? બાપા !

પ્રભુ ! તું તો જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય છો ને ! એ જ્ઞેયને તું આઘી-પાછી કરવા જા એ તારો મિથ્યા ભ્રમ છે. આહા..હા..! અહીં તો ગુણ-ગુણીનો ભેદ પાડવા જાય તો મિથ્યા ભ્રમ છે, વિકલ્પ છે. આહા..હા..! **'જુદું જુદું ગ્રહણ કરવાથી અશાંતિ ઉત્પન્ન થશે.'**

## ગમે તેવા સંયોગમાં આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. ૧૧૬.

૧૧૬ છે ને ? **'ગમે તેવા સંયોગમાં આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે.'** શું કહે છે એમાં ? કે રોગથી ઘેરાઈ ગયેલું શરીર હોય, નિર્ધન હોય, દીકરો-દીકરી કોઈ ન હોય, જંગલમાં એકલો પડ્યો હોય. આહા..હા..! આ નહોતું થયું એકવાર શું કહેવાય ? તમે ચાલ્યા આવ્યા હતા. ક્યો દેશ ?

મુમુક્ષુ :– બ્રહ્મા, બ્રહ્મદેશ.

પૂજ્ય ગુરુજી :– હા, બ્રહ્મામાંથી. એ ! આ બધા હતા ને ? તમે હતા કે નહિ ? ભેગા હતા. માણસો રસ્તામાં ચાલીને જાય. નહિ ગામ, નહિ ઠામ, નહિ ખાવાના, નહિ પીવાના. સાથે થોડું લીધું હોય ઇ. એમાં એક-બે છોકરાને શું કહેવાય ઇ ? 'કોલેરા' થયા. હવે એને મકાન નહિ, વાહન નહિ, કાંઈ નહિ. બધા ચાલીને જતા જતા આઠ-આઠ ગાઉ, છ-છ ગાઉ ચાલીને જાય. આહા..હા..! એમાં એ બે છોકરાને થયો 'કોલેરા'. એ મા-બાપ મુકીને ગયા. અરે..! ભાઈ ! અમે અહીં એકલા રહેશું તો અનાજ ન મળે, માણસ ન મળે, ગામ ન મળે આહા..હા..! એક પાણીનો કળશો મુકીને બે ભાઈઓ જુવાન માણસ, પચીસ-પચાસ-સો માણસ બધું એકસાથે જાતું હતું. હવે એમાં જંગલમાં જંગલ સિવાય ક્યાંય ગામ નહિ. જંગલમાં ને જંગલમાં ખાવાનું કાંઈક સાથે હોય

તો. આહા..હા..! એ ભાઈ એકલા તરફડીને મરી જાશે. બીજું કોણ ન્યાં ? ખાટલો ન મળે, સુવાનું ન મળે, ઢાંકવાનું ન મળે. આહા..હા..! બાપુ ! એવી સ્થિતિ અનંત વાર થઈ છે છતાં એવા સંયોગમાં પણ... આહા..હા..! જો આત્મા ઉપર દૃષ્ટિ કર તો તને ત્યાં આત્મા મળી શકશે. એ સંયોગો નડતા નથી. આહા..હા..! માણસો એમ કહેને ? કાંઈક ખાવા-પીવાનું હોય, સાધન હોય, શરીર નીરોગ હોય, છોકરા-બોકરા દુકાને જાવા શીખી ગયા હોય તો પછી આપણે નિવૃત્તિથી ધર્મ થાય. આહા..હા..! ધૂળમાંય નથી, સાંભળને !

અહીં તો કહે છે કે ગમે તેવા સંયોગો હોય. આહા..હા..! સાતમી નરકનો નારકી છે ત્યાં અનંતવાર આ જીવ જઈ આવ્યો છે. અત્યારે બધું સિદ્ધ કરવા જઈએ (તો) લોજીકથી બધું સિદ્ધ થઈ શકે છે પણ બધું સિદ્ધ કરવા જાય તો લાબું ચાલે. આહા..હા..! નીચે સાત નરક છે. અહીંના માંસ ને દારૂ આદિ ખાનારા આ રાજા ને મહારાજાઓ બધા ત્યાં નિરાંતે નરકમાં જાય છે. આહા..હા..! જેની ૩૩ સાગરની ઉત્કૃષ્ટ તો સ્થિતિ છે. આહા..હા..! એક પાણીનું બિંદુ ન મળે ત્યાં ૩૩ સાગર એટલે એક સાગરમાં ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. ભગવાન ! તું ત્યાં અનંતવાર ગયો છો, પ્રભુ ! આહા..હા..! અનાદિકાળનો ભાઈ ! તેં તારી જાતને જાણી નથી. જાણ્યા વિના કજાતને પોતાની માનીને આ પરિભ્રમણ કરી રહ્યો છો. આહા..હા..! એ સાતમી નરકના નારકીને જાય ત્યારે મિથ્યાદૃષ્ટિ જાય પણ ન્યાં થાય ત્યારે કોઈને સમકિત થાય, કોઈને. એવાં સંયોગમાં જેને પાણીનું બિંદુ ન મળે, જેને આહારનો કણ ન મળે, સુવાનું સ્થાન ન મળે,.. આહા..હા..! અને જન્મ ઉત્પન્ન થતાં શરીરના સોળ રોગ. આહા..હા..! એવો ભલે સંયોગ હો, એ સંયોગમાં ક્યાં આત્મા અડે છે ? એને કહે છે. આહા..હા..!

**'ગમે તેવા સંયોગમાં...'** ગમે તેવા એટલે આવા. પ્રતિકૂળ સંયોગ હો, જન્મથી ક્ષય હોય,.. આહા..હા..! કેન્સર હોય. આ કેન્સર થાય છે ને ? ગળાના કેન્સર, છાતીના કેન્સર, કાનના કેન્સર, આંખના કેન્સર. હમણાં એક ક્યાંક વાચ્યું હતું. એક બાઈને આંખનો દુઃખાવો ઉપડ્યો. આંખમાં દુઃખાવો ઉપડ્યો એમાં મરી ગઈ. એટલો દુઃખાવો, એવો આંખનો દુઃખાવો. ક્યાંક હમણા છાપામાં આવ્યું હતું. હતું તો ધર્મના સ્થાનમાં છાપામાં. એક આંખમાં દુઃખાવો ઉપડ્યો હતો. એવો દુઃખાવો ઉપડ્યો, મરી ગઈ.

આહા..હા..! બાપુ ! એવું તો અનંત વાર થયું છે. પ્રભુ ! તું તો અનાદિનો છો ને ! ક્યાં નવો છો ? આહા..હા..! એક બાઈનું તો એવું સાંભળ્યું હતું હમણાં. આ દાઢ, દાઢ કાઢી ત્યાં એનું શું કહેવાય એ ? સેપ્ટીક, સેપ્ટીક થઈ ગયું. દેહ છૂટી ગયો, બાઈ મરી ગઈ. આહા..હા..! બાપુ ! એ તો સંયોગી ચીજ છે. એની મુદત છે રહેવાની એટલી મુદત રહેશે ને ચાલી જશે, એ કાંઈ તારી ચીજ નથી. એટલે આવા પ્રતિકૂળ સંયોગોમાં પણ,.. આહા..હા..! **'આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે.'** આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પોતે પણ ભાવ કર્યો એ સંયોગીભાવ છે. ઇ એનો સ્વભાવ ક્યાં છે ? એ ભાવમાં .... એ તો કહે છે. સંયોગો હો તો સંયોગનો ભાવ કરે તો તો ખલાસ. પણ સંયોગમાં સંયોગનો ભાવ ન કરતાં સ્વભાવનો ભાવ કરે. આહા..હા..! આ તો લોકો એમ કહે છે ને કે ભાઈ ! કાંઈ પેટમાં ભૂખ્યા હોય ને ધર્મ કરો, ધર્મ કરો કહો. પેટમાં કુરકુરીયા બોલતા હોય ને ધર્મ કરો. એક જણો પૂછતો હતો નહિ ? ઘણાં વર્ષ (થયા). તે દિ' (સંવત) ૧૯૮૯ ની સાલ. ભાઈ ! 'વઢવાણ'વાળા નહિ ? શું નામ ? 'કિરચંદભાઈ'. છોકરાઓના મોટા શીખવનારા હતા. કેળવણીના મોટા માણસ. ગાંધીની લાઈનનું બધું હતું. એમાં મને મળ્યો. ૧૯૮૯ની વાત છે. બહાર જંગલમાં ગયેલા ને સાથે આવ્યા. મહારાજ ! તમે કહો છો કે આત્માનો ધર્મ કરો. પણ પેટમાં કુરકુરીયાં બોલતા હોય, પેટમાં રોટલા ન હોય ને તમે ધર્મ કરો તો ક્યાંથી કરવો? કીધું, સાંભળ ભાઈ ! પેટમાં રોટલા પડ્યા પછી તું કહે પચ્યા નહિ ત્યાં સુધી હું શી રીતે ધર્મ કરું ? પછી દસ્ત સાફ ન આવે ત્યાં સુધી હું શી રીતે કરું ? વળી પાછો ફરીને... આહા..હા..! ભાઈ ! તું મૂંઝવણમાં પડ્યો (છો), બાપુ ! આહા..હા..!

અહીં તો ગમે તેવા સંયોગ કીધાં છે ને ? ક્ષુધાનો પાર ન હોય, પાણી પચતું ન હોય, પાણી પચતું ન હોય, પાણી પડે તો ઊલટી થઈ જતી હોય, આહા..હા..! છે ને એવા રોગ ? 'મુંબઈ'માં નહિ, ક્યાંક બીજે નહિ ? એક ઠેકાણે ગયા હતા. એને રોગ એટલો હતો કે મોઢામાં પાણી પડે તો નીકળી જાય. એક ઠેકાણે ગયા હતા ક્યાંક. ઘણાં દેશોમાં ફર્યા છીએ. આહા..હા..! પાણી પચે નહિ, પાણી પડે ત્યાં ઊલટી થઈ જાય. હો, એવા સંયોગ (હોય) તો એ તો સંયોગી ચીજ છે, ઇ તારા

સ્વરૂપમાં ક્યાં ગરી ગઈ છે ? સ્વરૂપથી તો એ ચીજ ભિન્ન રહેલી છે. આહા..હા..!

આવા સંયોગોમાં પણ આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. એવે વખતે પણ અંતર્મુખ દૃષ્ટિ કરે અને સંયોગનું લક્ષ છોડી દે (તો) શાંતિ અને સમકિત થાય. આહા..હા..! સાતમી નરકના નારકીને થાય છે ને. એની વાતું બાપુ આકરી. શું કહેવાય ? 'રત્નકરંડ શ્રાવકાચાર' માં પ્રભુ તો એમ કહે છે કે એ નરકનું એક ક્ષણનું દુઃખ ભાઈ ! તેં હજી સાંભળ્યું નથી. તેં વેદ્યું છે પણ ખબર નથી. એક ક્ષણનું દુઃખ કરોડો જીભે અને કરોડો ભવે પણ કહી શકાય નહિ. એટલું દુઃખ તેં વેઠ્યું છે, બાપુ ! એક ક્ષણનું. એવું એવું તો લાખો, કરોડો વર્ષ ને અબજો વર્ષ અને સાગરોપમ. આહા..હા..! એ દિવસ કેવા ગયા હશે ? ભાઈ ! ત્યાં નરકમાં એક ક્ષણની પીડા એટલી છે કે કરોડો જીભે ને કરોડો ભવે કહી શકે નહિ એટલું દુઃખ છે. અહીં તો જરીક આંખમાં કંઈક થયું ને ઢીકણું થયું (હોય તો) હાય... હાય... હાય (કરે).

ભાઈ ! ગમે તેવા સંયોગ હો તોપણ તારું તત્ત્વ અંદર જુદું છે. એના ઉપર તું દૃષ્ટિ કરી શકે છો અને તેથી તને શાંતિ થાય. એ સંયોગો તને નડતા નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! હવે એકલા રહ્યા, વાંઢા રહ્યા, પરણ્યા નથી, બાળક નથી, કોઈ દવા-દારૂ કરનાર નથી. બાયડી હોય તો નાગા-ભૂખ્યા જાળવે, લુગડા ઢાંકે. અરે..! સાંભળને. તારી મૂર્ખાઈનું પ્રદર્શન કરે છે. આહા..હા..! એ ગમે તેટલા સંયોગો હોય પ્રભુ ! પણ તું તો અંદર આનંદનો નાથ ભરેલો છે ને અંદર. આહા..હા..! એની ઉપર નજર કર, અંતર્મુખ જો, તને શાંતિ થશે. સંયોગો તને નડશે નહિ. આહા..હા..! કેમ બેસે આ વાતું ? બહારના ડાહ્યાના દીકરા થઈ ગયા હોય ને હવે એને આવી વાતું (કેમ બેસે ?) આહા..હા..! ભાઈ ! સાચી સમજણ કોઈ જુદી જાત છે.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેને શાંતિ કહે છે એ કોઈ અલૌકિક ચીજ છે. એ શાંતિથી તો ભરેલો છો તું. માટે અશાંતિના સંયોગોના લાખ, કરોડ સંયોગ હો ત્યાંથી લક્ષને ફેરવ ને અંદરમાં જા તો તને શાંતિ થશે. એવા સંયોગોમાં શાંતિ ન મળે એમ છે નહિ. આહા..હા..! તારું હાજરાહજુર તત્ત્વ પડ્યું છે, એ હાજર છે. સંયોગોમાં પણ નજર કર તો એ તત્ત્વ અંદર હાજર છે. આહા..હા..! ઇ દૂર નથી થઈ ગયું. આહા..હા..! આ શું કહે છે આ ?

**'ગમે તેવા સંયોગમાં આત્મા પોતાની શાંતિ...'** પોતાની શાંતિ એટલે રાગ રહિત

દશા સ્વભાવમાં ભરેલી છે તે પ્રગટ કરી શકે છે. સંયોગ સંયોગમાં રહ્યો, સંયોગ તને અડતો નથી, તું સંયોગને અડ્યો પણ નથી. માન્યું છે કે અરે..રે..! મને આ થયું ને મને આ થયું. શરીરમાં જ્યાં આઠ ડિગ્રી તાવ આવે ત્યાં આહા..હા..હા..! (કરે). એ સંયોગમાં શરીરમાં આઠ ડિગ્રીનો તાવ હોય છતાં જો અંદરમાં જા તો તને શાંતિ મળશે. એ સંયોગો નડશે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૪, બુધવાર તા. ૧૯-૦૭-૧૯૭૮.**
**વચનામૃત-૧૧૭ થી ૧૧૯. પ્રવચન-૪૨**

**નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા. આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે. મુનિઓના મનની ગતિ નિરાલંબન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ તેને કોઈ રોકવાવાળું નથી. ૧૧૭.**

૧૧૬ બોલ થયા છે. નહિ ? હવે ૧૧૭. '**નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે.**' આહા..હા..! કહે છે કે જે આ વસ્તુ છે પ્રભુ, એને કોઈ આલંબન હોય તો તે પ્રાપ્ત થાય, એવું છે નહિ. એ વસ્તુ નિરાલંબન-કોઈના આલંબનના કારણની એને જરૂર નથી કે ભાઈ ! રાગની મંદતા આવી હોય તો તેનું આત્માનું આલંબન થઈ શકે એમ છે નહિ. આહા..હા..! પોતે આત્માનો એનો સ્વભાવ જ એવો છે કે રાગના કારણે કે અહીંયા ધર્મની પર્યાય-કાર્ય થાય એવું એનામાં સ્વરૂપ નથી. તેમ એનામાં ભાવ નામનો એક ગુણ છે કે એને પકડતા એની પર્યાય નિર્મળ ગુણને કારણે થાય. એને પર કારણની કોઈ જરૂર નથી. આહા..હા..! તેમ એ વસ્તુ એવી છે, એનામાં- આત્મામાં એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ છે. એ ગુણને કારણે એને સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ પરિણતિ પર્યાયમાં ઉત્પન્ન (થવામાં) કોઈ પર કારણ હોય તો ઉત્પન્ન થાય, એવી ચીજ નથી. આહા..હા..!

'**નિરાલંબન ચાલવું...**' એટલે કે પરના આલંબન વિના સીધો ચૈતન્ય સ્વરૂપ એનું સીધું આલંબન લેતા. પરના આલંબન વિના ચાલવું એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! આકરું કામ જગતને. વસ્તુનો-આત્માનો સ્વભાવ જ એવો છે. એનું સ્વરૂપ ને સ્વભાવ એવો છે કે કોઈ પર નિમિત્ત દેવ-ગુરુ મળે તો પ્રાપ્ત થાય, એવું એનું સ્વરૂપ જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- દેશનાલબ્ધિ પ્રગટ તો થાય.

ઉત્તર :- એનાથી થાતું નથી. એ તો હોય છે પણ એના અવલંબન આત્માનું અવલંબન થઈ શકતું નથી. આહા..હા..! દેશનાલબ્ધિ સાંભળે, એનું જ્ઞાન પણ પર્યાયમાં પોતાને લઈને થાય છતાં તે જ્ઞાનના અવલંબે અંતરની દૃષ્ટિ થાય એવું એ વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! આકરી વાતું બહુ, બાપુ ! એટલે ધર્મ તો અત્યારે બહારમાં માન ને સન્માન ને મરી ગયો. આહા..હા..! અંતરની ચીજને ચાલવા, અંતરમાં ચાલવા માટે એટલે અંતરમાં અવલંબન લઈને પરિણમન કરવા માટે,... આહા..હા..! કોઈ પણ દેવ, ગુરુ ને શાસ્ત્ર એની શ્રદ્ધા કરે તો આત્માનું અવલંબન થાય, એવું વસ્તુનું સ્વરૂપ નથી. આવું છે.

મુમુક્ષુ :- વ્યવહાર હોય તો નિશ્ચય થાય.

ઉત્તર :- વ્યવહાર હોય તો એ તો આ ચાલે છે. વ્યવહાર રાગની મંદતાની ક્રિયા હોય તો આત્માનું અવલંબન પ્રગટ થાય એવું આત્માનું સ્વરૂપ જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આકરી વાત, બાપુ ! વસ્તુ જ એવી છે કે એના કાર્યને માટે કોઈ બાહ્ય કારણના આલંબનની એને જરૂર નથી એવી એ નિરાલંબન વસ્તુ છે. આહા..હા..!

ચૈતન્ય દ્રવ્ય પડ્યું છે, પ્રભુ ! અનંત ગુણનું રૂપ (છે). એમાં ગુણનું જ એવું કાર્ય છે. ભાવ નામનો ગુણ કહો, અકાર્યકારણ નામનો ગુણ કહો, ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ કહો, એ તો એનો ગુણનો એવો સ્વભાવ છે કે એ પરના અવલંબન વિના એનો સમ્યગ્દર્શનનો ઉત્પાદ થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? આવું સ્વરૂપ છે. નિરાલંબન ચાલવું એટલે અંદર પરિણમવું. આહા..હા..! તે જ વસ્તુનો સ્વભાવ છે. છએ દ્રવ્યનું એમ છે પણ આ તો અત્યારે આત્માની (વાત છે). આહા..હા..!

**‘તું કોઈના આશ્રય વિના...’** આહા..હા..! ભાઈ ! આવી કંઈક ક્રિયા કરી, બહારનો ત્યાગ કર્યો એટલી જરીક રાગની મંદતાની મદદ મળી તો આત્માને અંદર સમ્યગ્દર્શન થાય એવી એ વસ્તુ જ નથી. આહા..હા..! એકાન્ત વસ્તુનું સ્વરૂપ જ આવું છે એમ કહે છે. આહા..હા..! એના સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રમાં નિરાલંબપણે પરિણમવામાં સ્વનું અવલંબન હો પણ પરના આલંબન વિના પરિણમવું એ એનું સ્વરૂપ છે. આહા..હા..! આકરું કામ બહુ, બાપુ ! અનંત કાળ વીત્યો પણ ક્યાંક... ક્યાંક... ક્યાંક...

ક્યાંક... અટકી અટકીને રોકાઈ ગયો. આહા..હા..!

મુમુક્ષુ :– તત્ત્વ વિચારવાળો જ સમ્યગ્દર્શનનો અધિકારી છે.

ઉત્તર :– એ અધિકારી તો યોગ્યતાથી વાત કરી. એ જાતનું તત્ત્વનું જ્ઞાન એમ કહે છે, વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન, તો એ આવલંબી તત્ત્વ છે તેનું જ્ઞાન. આત્મા તત્ત્વજ્ઞાન કીધું ને ? તો તત્ત્વ જે આત્મા છે એનું જ્ઞાન. એટલે આત્મા કેવો છે ? કે પરના આલંબન વિના કામ કરી શકે એવો એ આત્મા છે. એનું નામ તત્ત્વજ્ઞાન છે. આહા..હા..! આકરું કામ. દુનિયા અનંતકાળથી (રખડે છે). ભગવાન પૂર્ણાનંદ પરના આલંબન વિનાનો અને સ્વનું આલંબન લે એમાં પરની બિલકુલ જરૂર નથી. આહા..હા..! આવી વાત બેસવી કઠણ. આહા..હા..!

**'તું કોઈનો આશ્રય વિના...'** નિરાલંબનની વ્યાખ્યા કરી. કોઈ રાગની મંદતા ને વ્યવહારની મંદતા ને દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા આવી એવો રાગ ને એવા રાગના, **'આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા.'** આહા..હા..! ભગવાન આનંદનું ધામ સુખધામ પ્રભુ, એ પરના આશ્રય વિના અંતરમાં ચાલ્યો જા. આહા..હા..! ચક્રવર્તીને છ ખંડનું રાજ હોય છે, છન્નું હજાર સ્ત્રી હોય છે, છન્નું કરોડ પાયદળ હોય છે, છન્નું કરોડ ગામ હોય છે. પણ કહે છે કે એ છે માટે એના અવલંબને અંદરમાં જઈ શકાય, એમ નથી. આહા..હા..! એનો આશ્રય છોડીને, એનો તો આશ્રય છોડીને પણ સાચા દેવ, ગુરુ ને ધર્મ, શાસ્ત્ર એનો પણ આશ્રય છોડીને. કારણ કે એનું સ્વરૂપ જ આશ્રય વિનાનું થાય, પરના આલંબન વિનાનું સ્વરૂપ પ્રગટે એવું જ એનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**'તું કોઈના આશ્રય વિના...'** આહા..હા..! અરે..! ભગવાનની વાણી મળી તો અમને અંતરમાં જવાણું ને ! વીતરાગની વાણી સાંભળ્યાં વિના શી રીતે જવાત ? એવું એ સ્વરૂપ જ નથી. આહા..હા..! **'કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા.'** પરનું આલંબન નામ લક્ષ છોડી દઈને. આહા..હા..! પરનું આલંબન–ખૂબ રાગ મંદ કર્યો, ખૂબ ઉપવાસ કર્યા, આહાર પાણીમાં ઓછો આહાર (લીધો).. હમણા (એક દિગંબર ક્ષુલ્લક) કહેતો હતો, ઓછો આહાર કરીએ, આ કરીએ. એ ક્ષુલ્લક થયો છે. શ્રદ્ધા તદ્દન વિપરીત. અહીં બે, ત્રણ વાર આવી ગયો હતો. છોકરો .. અત્યારે ક્ષુલ્લક થઈ ગયો છે. ન્યાં 'કુરાવડ' માં આવ્યો હતો. થોડો આહાર કરીએ, મંદ કરીએ

એમાંથી સમકિત પમાશે. અમે જરૂર આ રીતે સમકિત પામશું, એમ કહેતો બિચારો. સાંભળવાનો .. જરીક આમ બહાર ત્યાગ થયો ને એનું માણસને અભિમાન થઈ જાય છે કે અમે કંઈક છીએ બીજા કરતાં.

મુમુક્ષુ :– કંઈક છીએ એ વાત તો સાચી છે.

ઉત્તર :– બીજા કરતાં છીએ એ અભિમાન છે એ સાચું છે. આહા..હા..! એ અહીંયા આવ્યો ત્યારે ઠીક હતો, નાનો છોકરો હતો. ભાષણ કર્યું હતું. અંગ્રેજી ભણેલો બહુ, અંગ્રેજીમાં જ વાત કરે છે. લંગોટી છોડી તો અત્યારે પ્યાલો ફાટી ગયો છે. આટલો અમે ત્યાગ કર્યું, આટલું આટલું સહન કરીએ ને તમે કહો કે એનાથી ધર્મ નહિ. આહા..હા..!

અહીં કહે છે કે તું કોઈના અવલંબન વિના. આશ્રય કહો કે અવલંબન કહો. **'ચૈતન્યમાં ચાલ્યો જા.'** ભગવાન નિધાન આનંદનો નિધાન પડ્યું છે ને પ્રભુ ! પરના આલંબન ને આશ્રય વિના ભગવાન ચૈતન્યબિંબ પડ્યું છે ત્યાં ચાલ્યો જા, જાને. આહા..હા..! આ વાત અત્યારે તો સાંભળવું મુશ્કેલ થઈ પડ્યું. આહા..હા..!

**'આત્મા સદા એકલો જ છે,...'** ત્રીજો બોલ લીધો. કેમ નિરાલંબન છે ? અને એકલો ચાલ્યો જા કેમ ? કે **'આત્મા સદા એકલો જ છે,...'** રાગના સંબંધ વિનાનો, પૂર્ણાનંદનો નાથ પોતે એકલો જ પોતે છે. એને બેકલા–બીજાના–આલંબનની જરૂર નથી. આહા..હા..! એકલો જ છે પ્રભુ. એકલાને બીજા બેકલાની બીજાનો આશ્રય લેવા જાય તો બગડશે. એકડે એક ને બગડે બે. બીજાનો આશ્રય લેવા જઈશ તો તારો બગાડ થશે. આહા..હા..! ત્રણ લોકનો નાથ એમ કહે, મારી શ્રદ્ધા તું કરીશ તોપણ તારી ચૈતન્યની ગતિ બગડશે. આહા..હા..! **'परदव्वादो दुग्गइ'** 'મોક્ષ પાહુડ'માં ૧૬મી ગાથા છે. હું પરદ્રવ્ય છું, પ્રભુ એમ કહે છે, મારા ઉપર તારું લક્ષ જશે તો તારી દુર્ગતિ થશે. દુર્ગતિ એટલે ? ચૈતન્યની જે પરિણતિ છે એ મારે આશ્રયે નહિ થાય. રાગ થશે, રાગ તે તો ચૈતન્યની ગતિ નથી. આહા..હા..!

**'આત્મા સદા એકલો જ છે,...'** ત્રણે કાળ પ્રભુ એકલો (છે), જે બેકલો છે જ નહિ. રાગનો એને સંબંધ જ છે નહિ. આહા..હા..! **'सर्वे सम्बन्धः निषेधः'** આવે છે ને ? 'સમયસાર' ૨૦૦ કળશ. **'सर्वे सम्बन्धः निषेधः'** સંબંધ વિનાનો પોતે અસંગ પ્રભુ (છે). એને પરના સંગના અવલંબે અસંગમાં જઈ શકાય એવી એ ચીજ જ

નથી. આકરું પડે શું થાય ? અત્યારે તો પ્રવાહ એવો ચાલ્યો છે. આહા..હા..! બહારનું આ છોડો ને આ છોડો ને આ ત્યાગ કરો, આનું કરો. કારણ કે આત્મા નિવૃત્ત સ્વરૂપ છે માટે જેટલી બહારની નિવૃત્તિ લેશો એટલું ત્યાં અંદર પ્રાપ્ત થશે. આહા..હા..!

વેદાંતમાં એમ કહે છે, 'જાગીને જોઉં તો જગત દિસે નહિ'. એનો અર્થ એવો નથી કે (કંઈ નથી). હું જાગીને જોઉં તો ચૈતન્ય નિરાલંબી તત્ત્વ છે, એમાં જગત છે નહિ. ચૈતન્યને ભાળતા જેમાં પર્યાય પણ દેખાતી નથી. અભેદને જોતા પર્યાયનો ભેદ પણ જ્યાં આવતો નથી. તો જગત તો ક્યાં છે ? પણ જગત આમાં નથી પણ જગત જગતમાં છે એ વાતને વેદાંત ભૂલી જાય છે. સમજાણું કાંઈ ? જગત, પરમેશ્વર, દેવ-ગુરુ-શાસ્ત્ર, નિગોદના જીવ, છ દ્રવ્ય બીજા છે પણ પોતે પરના અવલંબે પોતે પોતાના સ્વરૂપમાં જઈ શકે એવું એનું સ્વરૂપ જ નથી. આહા..હા..!

અત્યારે આ સ્થાનકવાસી એમ કહે છે કે તમે મુક્તિનું આલંબન લ્યો છો પણ એ આલંબનની જરૂર નથી. ઇ કેની અપેક્ષાએ વાત છે ? એ તો નિશ્ચયનું ભાન (થયું), સ્વાલંબી થયો, પછી એમાં ઠરી શકતો નથી ત્યારે શુભભાવ આવે છે, ત્યારે પ્રતિમા ને ભગવાનના દર્શનનું નિમિત્ત કહેવામાં આવે છે. એ આલંબનને ઉત્થાપે તોપણ મિથ્યાદૃષ્ટિ છે અને એ આલંબનથી આત્મામાં થાય એમ માને તો એ અજ્ઞાની છે. અરે..! આવી વાતું છે.

**'આત્મા સદા એકલો જ છે.'** ત્રણે કાળે પોતે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એકલો જ છે. આહા..હા..! **'પોતે સ્વયંભૂ છે.'** સ્વયંભૂ છે. સ્વથી–પોતાથી પોતે છે. એની પર્યાય પણ પોતે પોતાથી છે, એનું દ્રવ્ય પણ પોતે પોતાથી, એનો ગુણ પણ પોતે પોતાથી અને એની ધર્મની પર્યાય પણ પોતે પોતાથી છે. આહા..હા..! થોડા શબ્દમાં ઘણું મૂક્યું છે. **'પોતે સ્વયંભૂ છે.'** સ્વયં છે. ભૂ એટલે છે. સ્વયં છે, પોતે પોતાથી છે. આહા..હા..! એને ધર્મની પર્યાય પ્રગટ કરવામાં પોતે પોતાથી છે. પરના અવલંબન ને આશ્રયથી ધર્મની પર્યાય પ્રગટ થાય એવો એનો સ્વભાવ જ નથી. આહા..હા..! માણસને આકરું લાગે. આ અમે બાયડી છોડી, છોકરા છોડ્યા, કુટુંબ છોડ્યા, ધંધા છોડ્યા, કોટ-પાટલુન પહેરતા હતા ને અમે લુગડુ આખું ફેરવ્યું છતાં એમાં કાંઈ લાભ ન થાય ? પણ જડને કે દિ' તે ગ્રહ્યાં હતા તે તેં છોડ્યા ? આહા..હા..!

ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ તો એનો ગુણ છે. રજકણનો ત્યાગ ને રજકણનું

ગ્રહવું એનાથી રહિત તો તારો સ્વભાવ છે. આહા..હા..! એને હું આને ગ્રહું અને આ વસ્તુને હું છોડું એ વસ્તુના સ્વરૂપમાં નથી અને તેં માન્યું (તો એ) ભ્રમણા છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

પોતે સ્વયં સ્વયંભૂ-સ્વયં પોતે પોતાથી-છે. આહા..હા..! દ્રવ્ય સ્વયં પોતે પોતાથી છે તો દ્રવ્યનું આલંબન લેતાં જે દશા થાય એ પણ સ્વયં પોતાથી થઈ છે. પરના આલંબન ને પરના આશ્રયનો કાંઈ ટેકો મળ્યો, દેશના મળી એનો કાંઈ ટેકો મળ્યો તો પોતે સ્વયંભૂ છે, એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એના વિના થાય છે ?

ઉત્તર :- એના વિના જ થાય છે, આના વિના થાતું નથી. પોતે ભગવાન છે આત્મા એના વિના પર્યાય થાતી નથી. આવી વાત છે. આહા..હા..! આ તો કોઈક એમ કહે કે એ તો ઉંચા નંબરની વાતું છે. અરે..! હજી તો એકડાની મીંડાની વાત છે આ તો. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શન પામવાને માટે પરના કોઈ આલંબનની જરૂર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'મુનિઓના મનની ગતિ નિરાલંબન છે.'** આહા..હા..! મુનિઓની દશા. મનની ગતિ એટલે એનું પરિણમન નિરાલંબન છે. એ રાગ વ્યવહાર આવ્યો માટે પરિણતિ અહીં શુદ્ધ થઈ છે, એમ નથી. એને વ્યવહાર હોય છે પણ એ વ્યવહાર છે તો આ મુનિપણાની શુદ્ધ પરિણતિ થઈ છે, એમ નથી. આહા..હા..! **'મુનિઓના મનની ગતિ...'** એ તો એણે અંતર આત્મા પકડ્યો છે. અનાકુળ આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સત્ છે, સ્વયંથી છે. એની ધર્મ પર્યાય કરવા માટે પણ એનું મન ને જ્ઞાનની પરિણતિ નિરાલંબન છે, પરના આલંબનવાળી છે નહિ. આહા..હા..!

એમ ન્યાં આવે કે જેને નિશ્ચય છે અને એની સાથે વ્યવહાર છે. એ વ્યવહારથી જે ભ્રષ્ટ છે એ પણ નિશ્ચયથી ભ્રષ્ટ છે. એમ 'નિયમસાર'માં આવે છે ને ? પણ એ બીજી વાત છે. આહા..હા..! એને ભૂમિકા પ્રમાણમાં રાગની મંદતા અનુભવ સહિત, સ્વના અવલંબન સહિત, પરના આલંબન રહિત, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયું એને રાગ આવે છે. એ ભૂમિકાના પ્રમાણમાં એ રાગ આવે છે એનાથી જો ભ્રષ્ટ થશે અને તીવ્ર રાગ થશે તો વ્યવહારથી ભ્રષ્ટ છે. અને વ્યવહારથી ભ્રષ્ટ છે એ નિશ્ચયથી ભ્રષ્ટ છે. પણ એથી વ્યવહારથી ભ્રષ્ટ (થાય માટે) એ રાગનું બરાબર કામ

આવે છે માટે તેનું નિશ્ચય ટકે છે, એમ નથી. શું કહ્યું એ ?

એક કોર કહ્યું છે. 'નિયમસાર'માં આવે છે, ભાઈ ! આવે છે ને ? બેયથી ભ્રષ્ટ છે. જેનો વ્યવહાર ભ્રષ્ટ છે એનો તો નિશ્ચય ભ્રષ્ટ છે જ. આહા..હા..! પણ એથી કરીને એનો એવો અર્થ નથી કે વ્યવહાર છે માટે તેને નિશ્ચય છે. આ તો એની ભૂમિકાના પ્રમાણમાં નિરાવલંબી તત્ત્વનું આલંબન લીધું છે. એમાંથી ધર્મ-આનંદની દશા-પ્રગટ થઈ છે પણ અપૂર્ણ છે એટલે એ ભૂમિકાને યોગ્ય રાગની મંદતાનો વ્યવહાર હોય છે અને એ જાતનો વ્યવહાર ન હોય અને એથી ભ્રષ્ટ થઈ જાય તો તો એ નિશ્ચયથી પણ ભ્રષ્ટ થઈ જાય છે. પણ એથી વ્યવહાર ગયો માટે ભ્રષ્ટ થાય છે અને વ્યવહાર હતો માટે રહે છે, એમ નથી. આહા..હા..! એની ભૂમિકા પ્રમાણે રાગનો વ્યવહાર ન જ હોય તો એનું આલંબન જે સ્વનું છે એ આલંબન એને નથી. આહા..હા..! આલંબન જેને આવ્યું છે એને એ ભૂમિકા પ્રમાણમાં રાગની મંદતાનો ભાવ હોય, બસ ! પણ એના આલંબને આ નિશ્ચય રહ્યું છે, એમ નથી. આહા..હા..!

ત્યારે ત્યાં એમ કહ્યું છે ને કે નિશ્ચયવાળાને પણ વ્યવહાર જે આવો હોય એ વ્યવહાર ન હોય તો એ ભ્રષ્ટ છે. વ્યવહાર આવશ્યક છે ને ? આહા..હા..! એ તો એના પ્રમાણમાં જે રાગની મંદતા છે એટલી સ્થિતિ એને ન હોય અને ઉગ્ર રાગાદિ હોય તો તો એ મૂળ વસ્તુની સ્થિતિથી ભ્રષ્ટ થઈ ગયો. પણ એ રાગની મંદતા હતી માટે અહીં નિશ્ચય અવલંબન રહ્યું, એમ નથી. આહા..હા..! આરે... આરે..! આવી અટપટી વાતું છે. ત્યાં બે આવશ્યક કીધા છે ને ? વ્યવહારથી ભ્રષ્ટ છે. નિશ્ચયથી ભ્રષ્ટ છે એ તો ભ્રષ્ટ છે જ પણ વ્યવહારથી ભ્રષ્ટ છે એ ભ્રષ્ટ છે.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- હા એ આવે છે ને. આવશ્યકમાં આવે, હોય છે પણ એથી એનો અર્થ એ કે એની ભૂમિકા પ્રમાણે સ્વના આલંબને દશા પ્રગટી છે તો તેનામાં નિમિત્તપણે રાગની મંદતા એને યોગ્ય ત્યાં હોય છે. એને યોગ્ય એવું ન હોય અને એનાથી ભ્રષ્ટ થઈ જાય તો નિશ્ચયથી ભ્રષ્ટ છે ને વ્યવહારથી ભ્રષ્ટ છે. બે પ્રકારના આવશ્યકનું વર્ણન ચાલ્યું છે ને ? આહા..હા..! પણ એથી એ વ્યવહાર હતો માટે અહીં નિશ્ચય રહ્યો છે, એમ નથી. અને વ્યવહાર ભ્રષ્ટ થયો માટે નિશ્ચયથી ભ્રષ્ટ થયો એ તો એની ભૂમિકા પ્રમાણે નિરાલંબનમાં વીતરાગી દશા જોઈએ એના પ્રમાણમાં એને

રાગની મંદતા હોય એ નથી તો સ્વનું આલંબન છૂટી ગયું. સમજાણું કાંઈ ? આહા..હા..! ભારે અટપટી વાત. સ્યાદ્વાદ માર્ગ છે. ન્યાં પેલા જોર આપે, જુઓ ! અહીં કીધું છે.

અહીં તો કહે છે, મુનિઓના જ્ઞાનની પરિણતિ નિરાલંબન છે. મનની પરિણતિનો અર્થ ઇ. જ્ઞાનની દશા નિરાલંબન છે. આહા..હા..! જેને એ અઠ્યાવીસ મૂળગુણ છે માટે આ જ્ઞાનની પરિણતિ છઠ્ઠે યોગ્ય છે, એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! કેટલું સમજવું આમાં ? તદ્દન અજાણી વાતું. ભાઈ ! તેં એ માર્ગને જોયો નથી. આહા..હા..! **'મુનિઓના મનની ગતિ નિરાલંબન છે.'** આહા..હા..! એના જ્ઞાનની, આનંદની દશાને કોઈ વ્યવહાર ને નિમિત્તના આલંબનની અપેક્ષા છે જ નહિ. આહા..હા..!

એ તો 'નિયમસાર'માં બીજી ગાથામાં કહ્યું ને ? પરમ નિરપેક્ષ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના સ્વભાવનું પરિણમન, નિશ્ચય સમ્યગ્દર્શન, જે સ્વદ્રવ્યના આશ્રયે થયું, નિશ્ચય સમ્યગ્જ્ઞાન જે સ્વદ્રવ્યનું થયું, ચારિત્ર સ્વરૂપમાં રમણતા એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમ નિરપેક્ષ છે. જેને નિમિત્ત ને ભેદની અપેક્ષા પણ નથી. એ 'નિયમસાર'ની બીજી ગાથા. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ...'** જોયું ? એ જ આવ્યું લ્યો ! જેને અંતરમાં વસ્તુ જે ત્રિકાળી સત્ છે તેને આશ્રયે જે સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, સમ્યક્ચારિત્ર થયું. છે ? આહા..હા..! **'નિરાલંબન ચાલ પ્રગટ થઈ...'** એને તો નિરાલંબન ચાલ પ્રગટ થઈ. વ્યવહારની અપેક્ષા રાખીને નિરાલંબન અવસ્થા પ્રગટ થઈ છે, એમ નથી. સમજાણું કાંઈ આમાં ? સંત તો એને કહીએ કે જેણે અખંડાનંદ પ્રભુ, એના અનુભવનું સ્વને આશ્રયે દર્શન, સ્વને આશ્રયે જ્ઞાન, સ્વનું જ્ઞાન (થયું છે), શાસ્ત્ર કે બીજાનું નહિ, અને સ્વસ્વરૂપમાં રમણતા એવી જે ત્રણ દશા આહા..હા..! **'એ નિરાલંબન ચાલ પ્રગટ થઈ તેને કોઈ રોકવાવાળું નથી.'** આહા..હા..! કર્મનો એવો ઉદય આવી જાય અને આનાથી ભ્રષ્ટ થાય, એમ છે નહિ. આહા..હા..!

જે ત્રિકાળી ભગવાનઆત્મા એના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એને હવે કોઈ રોકી શકે (એમ નથી). દ્રવ્યનો અભાવ થાય તો આ પર્યાયનો અભાવ

થાય. તો દ્રવ્યનો અભાવ તો ત્રિકાળ થતો નથી તો એને આશ્રયે થયેલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય, હોં ! આહા..હા..! **'તેને કોઈ રોકવાવાળું નથી.'** આહા..હા..!

ક્યારેક શાસ્ત્રમાં એવું આવે છે, નયથી ભ્રષ્ટ થાય છે. પણ એ તો પોતે સ્વનું આલંબન છોડે છે માટે ભ્રષ્ટ થયો છે. કોઈ પર ચીજે એને ભ્રષ્ટ કર્યો છે, એમ નથી. ત્યાં શાસ્ત્રમાં નય શબ્દ પડ્યો છે. પણ નય એટલે શુદ્ધ. શુદ્ધ સ્વરૂપનું આલંબન છોડ્યું એ નયથી ભ્રષ્ટ થયો. પણ એ પોતે પોતાને કારણે આલંબન છોડ્યું માટે ભ્રષ્ટ થયો. સમજાણું કાંઈ ? પરનું આલંબન ન રહ્યું માટે ભ્રષ્ટ થયો, એમ નથી. આહા..હા..! વીતરાગ માર્ગ અલૌકિક છે. અરે..! વીતરાગ માર્ગ એટલે તારો માર્ગ અંદર.

ભગવાન પૂર્ણઆનંદ ને પૂર્ણજ્ઞાન એનું આલંબન થઈને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એને રોકવાવાળી જગતમાં કોઈ ચીજ છે નહિ. આહા..હા..! દ્રવ્યને કોણ રોકે ? એમ દ્રવ્યને આશ્રયે થયેલી પર્યાયને કોણ રોકે ? એમ કહે છે. સમજાણું કાંઈ ? બાપુ ! આ તો વીતરાગ માર્ગ, સર્વજ્ઞ જિનેશ્વર એ કાંઈ સાધારણ વાત છે ? આહા..હા..! બહારથી આ માની બેઠા સામાયિક કરી ને આ પોષા કર્યા ને આ પડિકમણું કર્યું ને મિચ્છામી દુક્કડ્મ. થઈ ગયો ધર્મ. એવું તો અનંતવાર કર્યું છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;' મુનિ નગ્ન દિગંબર મુનિ અનંતવાર થયો. હજારો રાણી છોડી. નગ્ન દશા, વસ્ત્રનો એક ટુકડો પણ નહિ, પણ સ્વનું આલંબન લીધું નહિ. પરના આલંબનની જેટલી ક્રિયા છે એમાં એની ચોખ્ખી હોય, પંચ મહાવ્રત આદિ અતિચારરહિત હોય. આહા..હા..! છતાં વસ્તુ જે નિરાલંબન છે તેનું આલંબન લીધું નહિ. સમજાણું કાંઈ ? દર્શન-જ્ઞાન-ચારિત્રને રોકવાવાળું કોઈ નથી. ઓ..હો..હો..! આવું છે. પાંચ લીટી છે પાંચ. પાંચ છે ને ? આમાં આટલું ભર્યું છે. કીધું ને ?

પે'લું છે ને ત્યાં બાહુબલીજીમાં જતી છે ને એક ? કેવા ? શું કહેવાય ? ભટારક, ભટારક છે. પેલો જુવાન. ત્યાં ગયા હતા તો આવ્યો હતો. વ્યાખ્યાનમાં પણ આવ્યો હતો. આ પુસ્તક જોયું તો કહે, બસ ! મને આપો. 'મલકાપુર' ના ભાઈ હતા, ગયા ? 'ખંડવા' રહે છે. એની પાસે જોયું તો કહે, મને આપો. લોકોને આ સાંભળીને, વાંચીને કાંઈક માહાત્મ્ય આવે છે, આમાં કાંઈક છે. આહા..હા..! આ તો લાખો શાસ્ત્રનો નીચોડ છે. સમજાણું કાંઈ ? લાખો શાસ્ત્રને સ્વનો આશ્રય કરાવવો છે. બરાબર

છે ? આહા..હા..! લાખ ને કરોડ શાસ્ત્ર ગમે તે હો, એને સ્વચૈતન્ય પ્રભુનો આશ્રય કે જેના આશ્રય માટે બીજાના આશ્રયની જરૂર નથી. એ ચારે અનુયોગ ને બાર અંગમાં આ કહેવું છે, એ અહીં કહ્યું. આહા..હા..!

**જેવું કારણ આપે તેવું કાર્ય થાય. ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને શુદ્ધતા મળે. ૧૧૮.**

૧૧૮, **'જેવું કારણ આપે તેવું કાર્ય થાય.'** જેવો આશ્રય લે તેવું કાર્ય થાય. આહા..હા..! દ્રવ્યનો આશ્રય લે. કારણ આપ્યું. તેવું કાર્ય થાય. આહા..હા..! પ્રભુ ! પોતે પરના કાર્ય-કારણ વિનાનો એનો ગુણ છે. એનામાં અકાર્યકારણ નામની શક્તિ છે. પોતાના સ્વભાવમાં રાગની મંદતા કે નિમિત્તની અપેક્ષા રહીને ધર્મની પર્યાય થાય એવો એનામાં ગુણ નથી. તેમ રાગ ને રાગનું કાર્ય આત્મા કરે એવો કોઈ એનામાં ગુણ નથી. વ્યવહાર કરે, આત્મા એ દયા-દાનના રાગનો વ્યવહાર કરે એવો કોઈ આત્મામાં ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? અકાર્યકારણ–શક્તિમાં ચૌદમો બોલ છે ને ? ૪૭ શક્તિ છે ને ? આહા..હા..!

**'જેવું કારણ આપે તેવું કાર્ય થાય.'** રાગના અવલંબનનું કાર્ય આપે તો રાગ થાય. આહા..હા..! અને સ્વના આલંબનનું કારણ આપે તો તેને નિર્દોષ કાર્ય થાય. કારણ પરમાત્માને જે દૃષ્ટિમાં આપે... આહા..હા..! તેને કાર્ય થયા વિના રહે નહિ. જેવું કારણ આપે એવું કાર્ય થાય. રાગનું કારણ આપે તો એનું કાર્ય રાગ ને ઝેર થાય, વિકાર થાય. આહા..હા..! નિર્વિકારી ચૈતન્ય કારણપરમાત્મા એનું કારણ જે આપે,... આહા..હા..! એવા કારણપરમાત્માનો જે સ્વીકાર જોરથી કરે, મનથી કરે કે જોરથી કરે તેવું જેવું કારણ આપે તેવું કાર્ય થાય. એ શું કહ્યું ?

વસ્તુ જે છે કારણપરમાત્મા શુદ્ધ ચૈતન્ય એનો મંદ આશ્રય કરે તો તે કાર્ય એટલું થાય. વિશેષ આશ્રય કરે તો વિશેષ કાર્ય થાય. જેવું કારણ આપે તેવું કાર્ય

થાય. આહા..હા..! આ એમ નથી કે જેવું વ્યવહાર કારણ આપે એવું અહીં કાર્ય થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? કાર્યને માટે જેવું કારણ આપે એટલે કારણ પરમાત્માનો જેટલો આશ્રય લે તેટલા પ્રમાણમાં કાર્ય થાય. આહા..હા..!

**'ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં...'** આહા..હા..! ભવ્ય એટલે લાયક જીવને. અભવ્યને તો હોતું નથી. ભવ્ય જીવને અને સિદ્ધ થયા પછી તો ભવ્યપણું રહેતું નથી. ન્યાં તો ભવ્ય ને અભવ્ય રહિત સિદ્ધ છે. આ તો ભવ્ય એટલે લાયકાત જેને મોક્ષ માર્ગની થવાની છે એવી લાયકાતવાળા જીવને **'નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં...'** આહા..હા..! પ્રભુ પરમાત્મા નિષ્કલંક છે જેમાં કલંક નથી, મેલ નથી, રાગ નથી. આહા..હા..! જેમાં ભગવાનના સ્મરણરૂપી વિકલ્પ પણ નથી. પરમાત્માનું સ્મરણ કરવું 'નમો અરિહંતાણં' એવો જે વિકલ્પ પણ જેનામાં નથી. છે ? નહિતર એ વિકલ્પ છે એ કલંક છે. આહા..હા..! આવું કામ છે.

**'ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં...'** જે કલંક વિનાનો, રાગ વિનાનો ભગવાન પૂર્ણ આત્મા, એનું ધ્યાન કરતાં, એને ધ્યાનની દશામાં ધ્યેય બનાવતા **'મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.'** આહા..હા..! છે ? **'નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.'** રાગ ને પુણ્ય વ્યવહાર તો કલંક છે, મેલ છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ પણ મેલ છે. આહા..હા..! નિષ્કલંક પરમાત્મસ્વરૂપ પવિત્રનો પિંડ પ્રભુ, એનું જે ધ્યાન કરે એને મોક્ષની પ્રાપ્તિ થાય. મોક્ષ એ નિષ્કલંક નિર્મળ દશા. એ નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં, નિષ્કલંક એટલે મેલ વિનાની નિર્મળ મોક્ષદશા પ્રગટ થાય. આહા..હા..!

**'નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય...'** એટલે ? નિષ્કલંક પરમાત્મા પોતે જ મોક્ષસ્વરૂપ છે, સ્વભાવ એનો મોક્ષ સ્વભાવ જ છે. એનું ધ્યાન કરતાં પર્યાયમાં, પૂર્ણ પરમાત્માને પર્યાયમાં ધ્યાનમાં લેતા. આહા..હા..! મુક્ત સ્વરૂપ છે એનું ધ્યાન કર્તા પર્યાયમાં મુક્ત પર્યાય થાય. આહા..હા..! એ તો પુણ્ય-પાપમાં નથી આવતું ? આ બંધ છે એ તો બંધ તત્ત્વ છે એમાંથી બંધ.. અને આ તો મોક્ષ છે એમાંથી મોક્ષ થાય છે. આહા..હા..! શું કહ્યું ? કે મોક્ષની પ્રાપ્તિ તો નિષ્કલંક પ્રભુ, વ્યવહારના રાગ વિનાનો, પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એનું ધ્યાન કરવાથી,... આહા..હા..! તેને દૃષ્ટિમાં ધ્યેય બનાવતા **'મોક્ષપદની પ્રાપ્તિ થાય...'** તેની જે શક્તિ

ને સ્વભાવ છે તેનું ધ્યાન કરતા તે સ્વભાવની પૂર્ણ નિર્મળ દશા એવો જે મોક્ષ, એની પ્રાપ્તિ થાય. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ પરમાત્માનું ધ્યાન, ત્રિકાળી, ત્રિકાળી વસ્તુનું ધ્યાન એ મોક્ષનું કારણ છે. વ્યવહાર રત્નત્રય વચ્ચે આવે એ મોક્ષનું કારણ નથી, એ બંધનું કારણ છે. આવે ખરું પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી પણ છે બંધનું કારણ. જ્ઞાનીને, હોં ! અજ્ઞાનીની તો વાત શું કરવી ? આહા..હા..! જ્યાં પૂર્ણ આશ્રય નથી ત્યાં આગળ નબળી દશા છે તેમાં રાગ થાય. પણ એ રાગ છે એ બંધનું કારણ છે. સમકિતીને, મુનિને પણ રાગ આવે એ બંધનું કારણ જગપંથ છે. આહા..હા..! ત્રણ કષાયનો અભાવ થઈ, નિરાલંબન આત્માને પકડી અને જે નિરાલંબન દશા વ્યવહારની અપેક્ષા વિનાની થઈ એવી દશાને માટે વ્યવહારના આલંબનની એને જરૂર નથી. એનું ધ્યાન કરતાં શુદ્ધ થાય. ત્રિકાળનું શુદ્ધનું ધ્યાન કરતાં પર્યાયમાં શુદ્ધતા થાય. રાગનું ધ્યાન કરતાં રાગ થાય, અરાગી પરમાત્માનું ધ્યાન કરતાં પરમાત્મ દશા થાય. આહા..હા..! સિદ્ધાંત તો બહુ ટૂંકા છે પણ ભાવ બહુ આકરા છે.

**'શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને શુદ્ધતા મળે.'** શું કીધું ? આહા..હા..! જે કોઈ શુદ્ધાત્માનું ધ્યાન કરે... પણ એના જ્ઞાન ને શ્રદ્ધામાં પૂર્ણ શુદ્ધ છે અને પૂર્ણ પરમાત્મ છે એવી વાત એને બેસવી જોઈએ. પર્યાયમાં રહ્યો છતાં, પર્યાય દ્રવ્યને અડે નહિ છતાં, તે પર્યાયમાં આ મહાઆત્મા મહાપ્રભુ પરમાત્મ સ્વરૂપ જ છે એવું એની પર્યાયમાં નિષ્કલંક પરમાત્મા આત્માનું શ્રદ્ધા ને જ્ઞાન થવું જોઈએ. સમજાણું કાંઈ ? આહા..હા..! **'શુદ્ધાત્માનું ધ્યાન કરે....'** ભગવાનનું તીર્થંકરનું કેવળીનું ધ્યાન કરે તો તો વિકલ્પ થાય, રાગ થાય.

'સમાધિશતક' માં બે ગાથા લીધી છે કે પરમાત્માનું ધ્યાન કરે એવો હું છું, એમ કરીને એનું કલ્યાણ થાય. પણ એ ધ્યાનનો અર્થ–ઇ છે એવો હું છું, એવું કરે તેને થાય અને બીજાને જેમ વૃક્ષ-વૃક્ષ ઘસીને, ઝાડ-ઝાડ ઘસીને અગ્નિ થાય. એને કોઈ પરની જરૂર નહિ. એમ આત્મા આત્માના એકાગ્રતાના ઘર્ષણથી મોક્ષ થાય, એને પરના આલંબનની જરૂર નથી. 'સમાધિશતક' માં બે ગાથા છે. આહા..હા..! કઈ અપેક્ષા છે ઇ ? એ તો આમાં ન કહ્યું ? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जचत्तेहिं'**

જે કોઈ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે એ આત્માને જાણે. એટલે ? એ તો પર છે, નિમિત્ત છે. પણ એ જેવા છે એવો પોતે છે એમ જેણે પોતાના આત્માની સાથે મેળવ્યો. ગુણ ને ભેદ કાઢી નાખી, પર્યાયનો ભેદ કાઢી નાખીને, એકલા અભેદની દૃષ્ટિ જેણે કરી એણે અરિહંતને જાણ્યા તો આત્માને જાણ્યો એમ કહેવામાં આવે છે. અરિહંતનું જ્ઞાન તે તો નિમિત્તનું, પરનું છે. કાંઈ પરના જ્ઞાનથી આત્માનું જ્ઞાન થાય, એમ નથી. પણ ત્યાં એવી વાત લીધી છે કે આ જગતમાં જેને કેવળજ્ઞાનની પર્યાય છે એવા પરમાત્મા છે એવા અસ્તિત્વનું જેને શ્રદ્ધા ને જ્ઞાન થયું એ પોતાના આત્માની સાથે મેળવવા જાય છે, એનું લક્ષ છોડી દઈને. આહા..હા..! દ્રવ્ય પણ મારું એના જેવું, ગુણ પણ મારા એના જેવા, પર્યાય મારી એના જેવડી નથી માટે એ પોતે દ્રવ્ય તરફ ઢળે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આરે...! આવી વાતું. પછી 'સોનગઢ'નું નિશ્ચયાભાસ કહે. એ બિચારા કહે. શું થાય ? ભાઈ ! આ માર્ગ તો આ છે.

બહારની આમ ક્રિયા ને આમ, આહા..હા..! વ્રત લ્યો, પડિમા ધારણ કરો, અગિયારમી લ્યો ને દસ લ્યો, અગિયાર લ્યો, નવ લ્યો. એક જણો અહીં કહેતો હતો, આઠ પડિમાવાળો હતો. અહીં નહિ, 'રાજકોટ'. અહીં પણ આવ્યો હતો. 'રાજકોટ' 'ચુનીભાઈ'ના ઘરે. (એ કહે), આઠ પડિમા લીધી છે પણ હજી અમે અગિયાર લઈએ ત્યારે અમારું બધું બરાબર (થાય). આહાર પાણીનું અમને આમંત્રણ આપે. આઠ પડિમાવાળાને એટલું માન ન આપે. અગિયાર લઈએ તો ક્ષુલ્લક થઈએ તો અમે બરાબર ત્યાગી છે માટે એને આહાર જોઈએ. એને ઘરે, એને માટે આહારનું આમંત્રણ આપે. આહા..હા..! આવા અભિપ્રાયથી તો ક્ષુલ્લકપણું કરે. આહા..હા..! હતું નામ ભૂલી ગયા. 'ધનજીલાલ'. આ તો 'રાજકોટ'માં હતો. 'ચંદુભાઈ'ને ત્યાં આહાર કરવા ગયા હતા ને ? અહીં આવ્યો હતો. આઠ પડિમા છે ત્યાં સુધી અમને લોકો ગણતરીમાં નહિ ગણે. હવે અગિયાર પડિમા લેશું. આહા..હા..! થોડી લંગોટી ને કપડું પહેરે (ત્યારે કહે), ત્યાગી છે. પધારો પધારો મહારાજ અમારે ત્યાં આહાર કરવા. અર...ર..! ભિખારાવેડા છે. આહા..હા..!

અહીં તો કહે છે કે જેને જગતની કાંઈ પડી જ નથી. દુનિયા માને ન માને, સત્કાર આપે ન આપે. પોતે પોતાના ગુણના સત્કારમાં પડ્યો છે. આહા..હા..! 'લહિ ભવ્યતા મોટું માન, અભવ્ય ત્રિભુવન અપમાન' પરમાત્મા કહે કે અમે જેવું છે એવું

જાણીને (કહીએ છીએ કે) આત્માનો એને આશ્રય છે માટે ધર્મી છે. એમ પરમાત્મા કહે હવે એને માન જોવે છે કોનું ? અને 'લહિ અભવ્યતા' પરમાત્મા એમ કહે કે આ તો દ્રવ્યના આશ્રય વિનાનો ધર્મી માને છે, એ અજ્ઞાની છે. એમ વીતરાગની આજ્ઞામાં આવે એને હવે અપમાન જોવે છે કોનું ? એને બધાનું અપમાન આવી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ ? લ્યો ! **'શુદ્ધતાનું ધ્યાન કરે તેને શુદ્ધતા મળે.'**

**ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયુ છે અને જેને આત્માની લગની લાગી છે, તેનું ચિત્ત બીજે ક્યાયં ચોંટતું નથી. તેને એક પરમાત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. ૧૧૯.**

૧૧૯, **'ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે...'** વાણી કેવી હોય ગુરુની ? કે અભેદનો આશ્રય લેવા માટેની વાણી હોય. વીતરાગપણું પ્રગટ થાય એવી એની વાણી હોય. આહા..હા..!

મુમુક્ષુ :– નિમિત્તના વખાણ આવ્યા.

ઉત્તર :– વખાણ ક્યાં આવ્યા છે ? એનો ઉપદેશ કેવો હોય ? કે એ તો વીતરાગતાનો ઉપદેશ હોય. અને વીતરાગતાનો ઉપદેશ જેણે સાંભળ્યો એના હૃદય ભેદાઈ જાય, પોતાથી. આહા..હા..! સમજાણું કાંઈ ? વાણીથી હૃદય ભેદાઈ ગયું. જોયું ? સાંભળીને જેણે રાગથી ભેદ કર્યો છે. કેમ કે ગુરુએ સંભળાવ્યું છે એ કે રાગથી તારી ચીજ ભિન્ન છે. વીતરાગ સ્વરૂપ તું છો અને વીતરાગતા વીતરાગ સ્વભાવને આશ્રયે પ્રગટ થાય. એવું ગુરુની વાણીમાં હતું, એનાથી હૃદય જેનું ભેદાઈ ગયું છે. આહા..હા..! રાગ એ હું નહિ, રાગથી ભિન્ન મારી ચીજ છે, એવું જેનું હૃદય ભેદાઈ ગયું છે. આહા..હા..! ભેદાઈ ગયું છે. છે ને ?

**'અને જેને આત્માની લગની લાગી છે,...'** આહા..હા..! એનો રસ ચડ્યો છે. આહા..હા..! આત્માને રાગથી ભિન્ન જાણી અને કહ્યું હતું તેવું તેણે કર્યું તો રાગથી

ભિન્ન કરવાનું કહ્યું હતું અને સ્વભાવનો આશ્રય લઈને વીતરાગતા કર એમ કહ્યું હતું એમ જેણે કર્યું એને આત્માનો રસ લાગ્યો. આહા..હા..! આનંદરસ જેને લાગ્યો, એ રસ હવે છૂટે નહિ. આહા..હા..! એ આવે છે ને ?

'जिनराज सुजस सुन्यो में, काउ के कहे कब हु न छुटे,

जिनराज सुजस सुन्यो में, जिनराज लगन लागी'.

લગની લાગી મારા નાથની જેને અંદર. આહા..હા..! જિનરાજ વીતરાગ સ્વરૂપ પૂર્ણ એવું જેને માહાત્મ્ય આવ્યું. 'જિનરાજ સુજસ' આવો પરમાત્મા છે એવું જેણે સાંભળ્યું અને જેને એમાં લગની લાગી. 'जिनराज सुजस सुन्यो में, काउ के कहे कब हु न छुटे, लोक लाज सब डारी' દુનિયા શું કહેશે ? કેમ માનશે ? એ દરકાર છોડી દીધી. આહા..હા..! 'जैसे अमली अमल करत उसमें' અફીણ પીવે ને ? અફીણ પીવે અને અફીણ ચડે જ્યારે અંદરથી, ચડ્યો... ચડ્યો... ચડ્યો... એમ કહે. અને જો અફીણ પીયને કે ઉતરી ગયો એમ કહે તો...

મુમુક્ષુ :- ઉતરી ગયો હોય તો છીંક ખાય.

ઉત્તર :- છીંક ખાય. ત્યાં (સંવત) ૧૯૭૧ માં જોયું હતું, ત્યાં 'વિબડા'. અરે..રે..!

અહીં તો કહે છે કે ચડ્યો અંદર પાવર આત્માનો. આહા..હા..! ભેદ પાડીને. અને ગુરુનું, જ્ઞાનીનું વચન જ એ હોય. રાગથી ભેદ પાડીને સ્વભાવનો અભેદ (અનુભવ) કર. એ જ વાણી શાસ્ત્રની ને વીતરાગની ને સંતોની હોય. પેલામાં 'આત્માવલોકનમાં' આવે છે, નહિ ? વીતરાગપણાનું મુહુ, મુહુ. ગુરુ વારંવાર વીતરાગપણાનો ઉપદેશ આપે. એવું આત્માવલોકનમાં આવે છે. આહા..હા..!

આ તો ઉપદેશમાં રાગ કરો ને આ કરો ને આ કરો ને.. એનાથી થાશે. એ ઉપદેશ જ ગુરુનો નથી, જ્ઞાનીનો નથી, અજ્ઞાનીનો ઉપદેશ છે. આહા..હા..! ત્યાં તો એમણે એ લીધું છે. આહા..હા..! મુહુ, મુહુ–વારંવાર–ધર્માત્મા સંતો વીતરાગપણાનો ઉપદેશ આપે છે. 'આત્માવલોકન' માં ગાથા છે. વીતરાગપણાની દશા પ્રગટ કર. એનો અર્થ કે સ્વનો આશ્રય લે તો વીતરાગ દશા થાય. જે સ્વના આશ્રયની વાત કરે છે. ચાર અનુયોગ અને ગુરુની વાણીમાં આ છે. એવું સાંભળીને જે સ્વઆશ્રય કરીને રાગથી ભિન્ન હૃદય ભેદાઈ ગયું છે. આહા..હા..!

**'અને જેને આત્માની લગની લાગી છે,...'** આહા..હા..! આત્મા જ્ઞાયક, આત્મા

જ્ઞાયક, આનંદનો ધામ પ્રભુ ! આહા..હા..! એને દુનિયાની બધી લપ છૂટી ગઈ છે અંદરથી. માન ને સન્માન ને... આહા..હા..! **'જેને આત્માની જેને લગની લાગી છે તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી.'** બીજે ચિત્ત, ચિત્ત ચોંટતું નથી, એમ. આહા..હા..! જેને આત્માનો રસ લાગ્યો,... આહા..હા..! એનું ચિત્ત ક્યાંય બીજે રાગમાં કે પ્રેમમાં ચોંટતું નથી. આહા..હા..! જેણે સાકરના સ્વાદ ચાખ્યા એને બીજે ઠેકાણે ક્યાંય મીઠાશ લાગતી નથી. આહા..હા..! એમ ભગવાનઆત્માની લગની લાગી. શુદ્ધ ચૈતન્ય આનંદઘન હું એવી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા પ્રગટ થઈ, એને લીનતા જાગી. આહા..હા..! એ લગની લાગી **'તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી.'** આહા..હા..! વ્યવહાર આવે છતાં ત્યાં ચિત્ત એકાગ્ર થતું નથી. આહા..હા..! એનાથી ભેદજ્ઞાન કરીને જ્ઞાનને રાગથી ભિન્ન રાખે છે. ધર્મી રાગ આવે તેને રાગથી ભિન્ન કરીને જ્ઞાનની ધારાને રાગથી જુદી રાખે છે. આહા..હા..! આવી વાતું છે.

**'તેને એક પરમાત્મા જ જોઈએ છે,...'** સાધક દશા જોઈએ છે એ પણ નહિ. વ્યવહાર જોઈએ છે કે માન જોઈએ એ તો નહિ પણ સાધક દશા પણ અપૂર્ણ છે. એને પરમાત્મા પૂર્ણ દશા જ જોઈએ છે, બસ ! આહા..હા..! સમજાણું કાંઈ ? **'એક પરમાત્મા જ જોઈએ છે,...'** પરમ સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ એક જ જોઈએ છે. આ પરમાત્મા દ્રવ્ય છે તેને જોઈએ છીએ અને તેને જોઈને એની વર્તમાનમાં એક પરમાત્મ દશા જ પ્રગટ થાય એ જ કામ છે, કહે છે. આહા..હા..!

**'બીજાું કાંઈ જોઈતું નથી.'** દુનિયા માને, ન માને, સન્માન આપે... આહા..હા..! ભાઈ! એમના ધર્મના ગુણ પ્રમાણે એને માન દેવું જોઈએ તો એને ઠીક પડે એવું એને છે નહિ. આહા..હા..! અમારી પદવી પ્રમાણે આ લોકો માન આપે નહિ, એવો માનનો અર્થી ધર્મી ન હોય આહા..હા..! **'બીજાું કાંઈ જોઈતું નથી.'** વિશેષ કહેશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

અષાઢ સુદ ૧૫, ગુરૂવાર તા. ૨૦-૦૭-૧૯૭૮.
વચનામૃત-૧૨૦. પ્રવચન-૪૩

**પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, પણ મૂળ તળમાંથી શાંતિ આવવી જોઈએ તે આવતી નથી. અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન અનંતગુણનિધિ આત્મા અદ્‌ભુત છે, તેના આશ્રયે રમતાં સાચી શાંતિ પ્રગટે છે. ૧૨૦.**

અને અનંતનું દુઃખ પર્યાયમાં રાગની ક્રિયાઓમાં આવે પણ એથી અનંત આનંદનો નાથ ઘસારો કર્યો છે ને ઘટી ગયું છે ને ઓછું થયું છે એમાં (એમ નથી). આહા..હા..! એવો ને એવો રહ્યો, સ્વભાવ બિરાજે છે. સમજાણું કાંઈ ? આવો આત્મા. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિશ્રામસ્થાન આત્મા છે. એ અમારે કહેતા, પેલા ભાઈ નહિ? 'ઇન્દોરવાળા' 'છોટાલાલ', 'છોટેલાલ બ્રહ્મચારી'. પહેલા જરીક ઠીક હતું, પછી ફરી ગયું હતું. અહીં આવીને ઠેકાણે આવ્યું હતું. 'ઇન્દોર' માં ઉદાસીન આશ્રમમાં બ્રહ્મચારી હતા. મોટા વૃદ્ધ જૂના હતા, અહીં રહ્યા. એ અહીંથી ગયા પછી એમ કહેતા હતા, વ્યવહારમાં આવે તો જરી એને વિશ્રામ મળે અને પછી શાંતિમાં જવાય. ઉદાસીન આશ્રમમાં ક્રિયાકાંડ છે ને ? 'ઇન્દોર'. બધા એવા ક્રિયાકાંડી ભેગા થયેલા હોય. અહીંની વાત બેઠી હતી પછી એને આશ્રમમાં જમવા નહોતા દેતા. બહાર જમો. તમારી દૃષ્ટિ બીજી છે. .... આશ્રમમાં બધા હતા. અત્યારે 'બાબુલાલજી' છે. એ દૃષ્ટિની વાત કરે. પેલી તો દૃષ્ટિની વાત જ નહોતી. અને આ ક્રિયા કરે, વ્રત પાળે, પડિમા ધારે અને આ ધારે. એને ખાવાનું બંધ કર્યું. પછી પાછા ભળી ગયા. પછી પાછા છૂટા પડી ગયા. અહીં આવ્યા. આહાહા..! આ વાત ક્યાંય (નથી). રોટલા માટે તમે ભળી ગયા? આહાહા..! ઇ એમ કહેતા હતા, એવી શૈલીનો એક કાગળ પણ 'શ્રીમદ્' માં છે.

આ બાજુ એક કાગળ છે. પહેલા જરી શુભમાં આવે છે, એકદમ પે'લું લૂખું લાગે એટલે શુભ... પણ એ તો શુભ આવે છે એ તો અશુભથી બચવા માટે આવે. પણ શુભ પોતે દુઃખ અને આકુળતા જ છે. આહા..હા..! આવી વાતું આકરી પડે. ન્યાં એમ લખ્યું, 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન' સાધન-ફાધન વ્યવહારનું નિમિત્તમાં એ તો કથન છે. આહા..હા..! એ તો વચ્ચે એને વ્યવહારથી નિમિત્ત કહેવાય પણ જ્યારે એને છોડીને નિશ્ચય પામે તો વ્યવહારસાધનનો આરોપ અપાય. આરોપ અપાય. આહા..હા..! અરે..! પ્રભુ ! આવો માર્ગ છે. અરે...! અનંતકાળથી ચાર ગતિમાં ચોરાશીના અવતારમાં રખડે છે.

(અહીંયા) કહે છે, અરે..રે..! ભાઈ ! **'અનેક ફળ ફૂલથી...'** કેરીનું ઝાડ હોય, કેરીનું. આંબો, આમ જામી ગયેલી કેરી (હોય). આહા..હા..! અમે ન્યાં ઊતર્યા હતા ને ? 'કલકત્તા' (એમ મુમુક્ષુને ત્યાં ઊતર્યા હતા). ત્યાં જોડે આંબો હતો. તે આઠ-દસ વર્ષથી ફળતો નહિ અને અમે તાકડે ત્યાં ઊતરવાના હતા ને એવો ફળેલો, એવો ફળેલો. મકાન છે. આમ લીલી લીલી કેરી, હજારો કેરી લટકે. એ લોકો એમ કોઈક કહેતું હતું, મહારાજનું અહીં આવવાનું થયું તો દસ વર્ષથી આંબો નહોતો ફાળતો હવે આંબો ફાળ્યો. બધી વાતું છે. એ તો એ સમયે તે થવાનું હતું તે થયું છે. મોટી કેરી લીલી. એ તો કાંઈ તોડે નહિ.

મુમુક્ષુ :– નિમિત્તપણું તો ખરું ને ?

ઉત્તર :– નિમિત્તપણાનો અર્થ કે નિમિત્ત કંઈ કરતું નથી, એનો અર્થ નિમિત્ત. નિમિત્તથી કંઈ થાતું નથી, તો નિમિત્ત કહેવાય. નિમિત્તથી થાય તો એ તો ઉપાદાનમાં ગરી ગયું. એ..ઇ..! આમ વાતું છે, બાપા ! ... રહ્યાં ત્યાં સુધી રાખ્યું હતું. મોટી મોટી કેરી આમ લટકતી હતી.

એમ અહીં કહે છે, અનેક ફળ અને ફૂલ. આંબાના ફૂલ આવે છે, જોયું છે ? આંબાના ઝાડને. એકલા ફૂલ જ લાગે. એકલા ફૂલ ફળે. ફૂલ.. ફૂલ.. ફેલ.. એકલા દેખાય અને એ ફૂલમાંથી પછી ફળ થાય. એમ **'અનેક ફળ ફૂલથી મનોહર વૃક્ષ...'** ઝાડ. જ્ઞાનપ્રભુ આત્મા.. આહા..હા..! અનંત ગુણ નિધિ આત્મા, અનંત ગુણનો સાગર, અનંત ગુણનું નિધાન, અનંત ગુણની ખાણ એવો આત્મા **'અદ્ભુત છે,...'** આહા..હા..! એવો આત્મા અદ્ભુત છે. આહા..હા..! એ વસ્તુ, બાપુ ! આત્મા એટલે શું ?

આહા..હા..! પરમાત્મસ્વરૂપ જ સાક્ષાત્ એનો સ્વભાવ છે. અદ્‌ભુત ચૈતન્યમૂર્તિ ભગવાન, જેને પંચ પરમેષ્ઠીના સ્મરણથી પણ જેની શાંતિ મળે નહિ, એના સ્મરણમાત્રથી, એને ધ્યેય બનાવીને અંદર એકાગ્ર થતાં શાંતિ ઝરે એવું એ વૃક્ષ છે. આહા..હા...! આકરું લાગે, શું થાય ?

તે દિ' આ કહ્યું હતું, ખળભળાટ (થયો હતો). (સંવત) ૧૯૮૫ માં. મુહપત્તી હતી. મુહપત્તી ... શંકા ન પડે. પછી ફેરવ્યું તો શંકા પડી. અરે..! આ તો છોડી દીધું. આહા..હા..! આ તો અમારો ધર્મ જ ફેરવી નાખ્યો. બાપુ ! એ ધર્મ છે જ નહિ, ભાઈ ! તને ખબર નથી. આહા..હા..! સ્થાનકવાસી અને શ્વેતાંબરની અંદરમાં નિશ્ચયથી જૈનધર્મનું સ્વરૂપ જ નથી. આહા..હા..! માર્ગ એમ છે, ભાઈ ! તને આકરું લાગે, બાપા ! શું થાય ? એ..ઇ..! આ બધા સ્થાનકવાસીના શેઠિયાઓ છે, હતા. આહા..! કેમ ? ભાઈ ! (તમારા) બાપા સ્થાનકવાસીમાં અગ્રેસર હતા ને ? શું તમારા મોટા ભાઈ ? આહા..હા..! અરે..! આ વાત છે ક્યાં ? પ્રભુ !

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની સીધી વાણી આ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! બેનના વચનો છે એ ભગવાનની વાણી છે, એના ઘરનું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ ? આ દિવ્યધ્વનિ છે. આહા..હા..! ભાઈ ! તું અનંત અનંત ફળ ફૂલથી જેમ ભરેલું ઝાડ હોય, એમ અનંત અનંત ગુણના ફળ પાકે એનો તું એક સાગર નિધિ નિધાન છો. એવો અદ્‌ભુત આત્મા (છે). તારા ગાણા સર્વજ્ઞ પણ પૂરા ન કરી શકે.

એ પ્રશ્ન થયો હતો, ભાઈ ! બેનમાં આવ્યું છે ને ? ચૈતન્યપ્રભુને જાણી શકે પણ ભગવાન પણ કહી શક્યા નથી, એવું આવે છે ને ? પાછળ આવે છે. એમાં પ્રશ્ન થયેલો. એમ કેમ ? ભગવાન તો બધું જાણે છે. ભાઈ ! બધું જાણે છે બરાબર છે, પણ એક અપેક્ષાએ વાણીમાં અમુક હદની ... આવે. એ અપેક્ષાએ વાત છે. આમ તો પાંચમી ગાથામાં કહ્યું, બધું જાણે. કેટલાક સામાન્ય ધર્મો છે એ સીધા કહ્યા અને કેટલાક અનુમાનથી પણ પૂરું બતાવ્યું, એમ કહ્યું. પણ છતાં 'ગોમ્મટસાર' માં તો એમ જ આવે છે, જેમ સર્વજ્ઞે જોયું તેવું વાણીમાં (આવ્યું). વાણી જડ છે, અજીવ છે તેથી ચૈતન્યની જાતનો અનુભવ આવ્યો, કેવળજ્ઞાન થયું, લ્યો ને! આહા..હા..! પણ વાણી તો જડ છે, જડમાં કેટલી તાકાત છે કે એ સ્વરૂપની વાત કરે ? અમુક

વાત કરે. આહા..હા..! એવો જે ત્રણ લોકના નાથ અંદર ચૈતન્ય આનંદકંદ પ્રભુ, કલ્પવૃક્ષ અંદર પ્રભુ છે, તારાથી મોટો કોઈ સિદ્ધ અને અરિહંત પણ નથી. અરિહંત અને સિદ્ધ પણ એક પર્યાય છે અને તું તો એવી અનંતી પર્યાયનો સાગર છો. એ ભગવાન પણ અનંત ગુણના સાગર છે. આહા..હા..! પણ પોતાની ઉપર આ વાત બેસવી ભારે કઠણ (પડે). આવો આત્મા છે. એને કાંઈક કાંઈક આલંબન જોઈએ છે. અહીં તો વસ્તુ પોતે નિરાલંબન છે. વસ્તુ આલંબન વિનાની છે. આને કાંઈક આલંબન હોય, ભગવાનનું હોય, પ્રતિમાનું હોય, પૂજાનું હોય એવા સાધન હોય, શાસ્ત્રનું સાધન હોય તો કાંઈક આલંબન હોય. પણ એ આલંબન એને જોઈતા જ નથી. આહા..હા..! એ તો નિરાલંબી પરથી ભિન્ન ચીજ છે. જેના અનુભવ માટે પરના રાગની અને નિમિત્તની અપેક્ષા છે જ નહિ. આહા..હા..! હવે જેમાં અપેક્ષા નથી એમાં સર્વસ્વ માની બેસે. આહા..! મંદિર બનાવ્યું છવીસ લાખમાં એટલે જાણે એનાથી ધર્મ થાશે, એમ થઈ ગયું. તો પછી આ બધું કર્યું શું કરવા ? દેખરેખ તો (આ મુમુક્ષુ) રાખતા હતા. વ્યાખ્યાનમાંથી બહાર નીકળીને બધાને પૂછતા હતા. હું આમ અંદરથી જોતો હતો. પૂછે, કેમ આમ..? ધ્યાન તો એ રાખતા હતા. માટે થયું છે ? એ તો એની પરમાણુની પર્યાયનો ઉત્પન્ન થવાનો કાળ હતો તે કાળે આ થયું છે. કોઈ એનો કર્તા છે, કડિયો કર્તા છે કે પ્રમુખ કર્તા છે કે (આ ભાઈ) ધ્યાન રાખતા હતા માટે કર્તા છે (એમ છે નહિ). આહા..હા..! આવી વાતું ભારે આકરી. અરે..!

એણે ચૈતન્ય દ્રવ્ય ચમત્કારી મહાચમત્કાર, એવો ચમત્કાર કે અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા.. અનંતને અનંત ગુણો તોપણ એના ગુણનું માપ ન મળે એટલા ગુણો છે. શું છે આ ? પ્રભુ ! આહા..હા..! અનંત ગુણને અનંત ગુણે ગુણો અને એને અનંતુ ગુણે ગુણો, એ વર્ગ રાશિ કહેવાય છે. જેમ ૨૫ છે ને ? ૨૫ ને એકવાર ૨૫ થી ગુણો, પછી જે ભાવ આવ્યો એને પણ એટલાથી પાછા ગુણો, એમ ૨૫ વાર લઈ જાઓ ત્યારે એનો વર્ગ પૂરો થાય. અહીં અનંતા ગુણ છે એને અનંત વાર ગુણો, એમ અનંતને અનંત, અનંતને અનંત, અનંતને અનંત ગુણ્યા કરો. આહા..હા..! શાસ્ત્રમાં આ લેખ છે. આહા..હા..! એનો પાર ન આવે. પ્રભુ ! એટલા તો ધર્મ અને ગુણની તાકાતવાળું તું તત્ત્વ છો, ભાઈ ! એની સામું જોવું નથી, એને આદરવો નથી, એનો આશ્રય લેવો નથી. બહારની બધી ધમાધમ.. આહા..હા..! અને જાણે

અમે કાંઈક ધર્મ કર્યો. આહા..હા..!

અહીંયા એ કહે છે, **'તેના આશ્રયે રમતાં સાચી શાંતિ પ્રગટે છે.'** આહા..હા..! ભગવાન સર્વજ્ઞ શક્તિવાળું તત્ત્વ, અનંત આનંદ અને પૂર્ણાનંદ આદિ પૂર્ણ સ્વભાવનો ભંડાર (છે). આહા..હા..! જેમ અનેક ફળ અને ફૂલથી મનોહર ઝાડ જેમ ફૂલેલું દેખાય એવો આ ભગવાન અંદર ગુણ અને ગુણની શક્તિ, એક એક ગુણને અનંત ગુણનું રૂપ, એવું ભર્યું ફૂલ, ફળ્યા ફળ અને ફૂલ જેવું એ ઝાડ છે. એવા ચૈતન્યને આશ્રયે રમતા, તેને આશ્રયે રમતા (સાચી શાંતિ પ્રગટે છે). આહા..હા..! બધી વાત મૂકી દઈને એ વસ્તુ છે એને જાણીને તેમાં રમતાં શાંતિ પ્રગટે. તેને સમ્યગ્દર્શન થાય છે અને સમ્યગ્દર્શન થાય તેને શાંતિ આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

ટુંકા શબ્દો પણ ભર્યું છે ઘણું. હજી તો લોકો વાંચશે, વિચારશે. હળવે હળવે એક વાર, બે વાર જોશે ત્યારે એની મહત્તાની ખબર પડશે કે આમાં કેટલું ભર્યું છે ! આહા..હા..! ૧૨૦ બોલ (પૂરા) થયો.

**આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છેઃ-જાગ રે ! ભાઈ, જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી જ રખડ્યો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છે. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ. ૧૨૧.**

૧૨૧. **'આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છે...'** જાગતી જ્યોત ચૈતન્ય છે તેને જગાડે છે. આહા..!

મુમુક્ષુ :– જાગતીને જગાડે ?

ઉત્તર :– જાગતી જ્યોત જ છે. એ આંધળી જ્યોત નથી. આહા..હા..! દીવાનો

પ્રકાશ કે સૂર્યનો પ્રકાશ પ્રકાશને જાણતો નથી. આ તો જાગતી જ્યોત, જેના પ્રકાશને જાણવાની... 'નિયમસાર' માં તો એ લીધું છે ને ? ઉપયોગમાં. સ્વ-પરને જાણવાનો શક્તિનો સ્વભાવ એનો ત્રિકાળ છે. એનો ગુણ જ ત્રિકાળ સ્વ-પર જાણવાનો પૂર્ણ જાણવાનો (છે). આહા..હા..! ઉપયોગમાં લીધું છે ને ? આહા..! ત્યાં તો જ્ઞાનને સ્વભાવ ગુણ કીધો છે. એ સિવાય ચારને વિભાવ કીધા છે. અને વળી ન્યાં ને ન્યાં આગળ જતાં કેવળજ્ઞાનને આવરણવાળું (કહ્યું). કેમ કે એમાં કર્મના નિમિત્તનો અભાવ એટલે અપેક્ષી હતી ને ? એથી એને આવરણવાળું કહ્યું છે. ત્રિકાળ વસ્તુની અપેક્ષાએ... આહા..હા..!

વસ્તુ જે ત્રિકાળી આનંદ ચૈતન્ય ચમત્કારનો સાગર પ્રભુ, એને આવરણ છે અને આવરણનો અભાવ છે એ એમાં એક્કે નથી. આહા..હા..! કેવળજ્ઞાનને પણ આવરણવાળું કહ્યું છે. સમજાણું કાંઈ ? આ અપેક્ષાએ, હોં ! બીજા જ્ઞાનમાં નિમિત્ત છે અને આમાં નિમિત્તનો અભાવ છે એટલી અપેક્ષા આવી ને ? અને વસ્તુ તો નિરાવરણ નિરપેક્ષ છે. વસ્તુ પોતે નિરપેક્ષ છે માટે એની પર્યાય પણ ખરેખર તો નિરપેક્ષ છે. પણ એ પર્યાયમાં આટલી અપેક્ષા આવી ગઈ માટે તેને આવરણવાળું કીધું. જેને સ્વભાવિક જ્ઞાન કેવળજ્ઞાન કીધું, જેને મોક્ષમાર્ગમાં જ્ઞાનનો જે અંશ, ઉઘાડ છે તે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરશે, તે સ્વભાવ છે માટે.

'મોક્ષમાર્ગ પ્રકાશક' માં છે ને ? મતિજ્ઞાનનો પણ અંશ છે ને ? એ સ્વભાવ છે અને એક બાજુ કેવળજ્ઞાનને આવરણવાળું કહ્યું. આહા..હા..! કઈ અપેક્ષાએ ? ... પર્યાય થાય અને પર્યાયમાં કર્મના નિમિત્તની અભાવની અપેક્ષા આવે છે પણ વસ્તુને કોઈ અભાવ-સદ્‌ભાવની અપેક્ષા છે નહિ. એવો પરમ સ્વભાવભાવ ભગવાન.. આહા..હા..! ત્રિકાળ એવો ને એવો ચૈતન્યના ચમત્કારથી ભરેલો પ્રભુ, આહા..હા..! એને જગાડે છે. અરે..! જાગ રે.. ભાઈ જાગ. જાગતી જ્યોત જાગ. એને જગાડ. આહા..હા..! બીજું બધું બાહ્યમાં અનંતવાર તેં ઘણું કર્યું. શુભભાવ અને અશુભભાવ તો કર્યા, અનંતવાર કર્યા, બાપા ! જાગ રે.. જાગ. છે ?

**'તને ઊંઘમાં દિશા સૂઝતી નથી.'** આહા..હા..! તારા અજ્ઞાનમાં તને તારી દિશા સૂઝતી નથી. તારા અજ્ઞાનને લઈને. હું કોણ છું એના ભાન વિના ઊંઘમાં સૂતો છો એમાં તારી દિશા કઈ ચીજ છે તે સૂઝતી નથી. આહા..હા..! **'ઊંઘમાં દિશા સૂઝતી**

**નથી.**' એટલે કે અંતરમાં જવું અને નિર્મળ દશા ત્યાંથી પ્રગટ થાય એ દિશા તને સૂઝતી નથી. આહા..હા..! અન્યમતમાં પણ કહે છે ને ? 'જાગીને જોઉં તો જગત દિસે નહિ, ઊંઘમાં અટપટા ખેલ દેખાય' એ તો વેદાંતના વચન છે. એકલો ચૈતન્ય જ છે, બીજી ચીજ નથી, એમ. એમ નથી. ચૈતન્ય પણ એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની તાકાતવાળું છે. છ દ્રવ્યને ન માને તો એક સમયની પર્યાયની તાકાત એટલી છે એને ન માની. આહા..હા..! સમજાણું કાંઈ ?

આત્માના પર્યાય-અવસ્થામાં.. ચાહે તો શ્રુતજ્ઞાનની પર્યાય હો, પણ એ પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની તાકાત છે. છ દ્રવ્ય, છ દ્રવ્યના અનંત ગુણો, અનંતી પર્યાય એને આ એક સમયની પર્યાય જાણવાની તાકાતવાળી છે. આહા..હા..! એ પર્યાય એટલી છે. એ છ દ્રવ્યને જે ન માને, એ છ દ્રવ્યને જાણવાની લાયકવાળી પર્યાયને પણ માનતો નથી તો દ્રવ્યને તો માનતો નથી. આહા..હા..! એક સમયની પર્યાય જે છે એની તાકાત તો છ દ્રવ્યને જાણવાની છે.

'સમયસાર' ૧૭-૧૮ (ગાથામાં) તો એમ કહ્યું કે એ જ્ઞાનની જે પર્યાય છે એ તો સ્વદ્રવ્યને જાણે જ છે. કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તે પર્યાયનો સ્વભાવ છે. એટલે સ્વપરપ્રકાશવાળી પર્યાય સ્વને જાણે જ છે. સમજાણું કાંઈ ? આકરી વાતું, બાપા ! આહા..હા..! આવી વાત જૈનદર્શનમાં (છે). જૈનદર્શનમાં તો ક્રિયા કરો, સામાયિક કરો, પોષા કરો ને પડિકમણા કરો, આ કરો ને આ કરો. અરે..! ક્યાં બાપા સામાયિક કેવી ને પડિકમણા કેવા ? આહા..હા..!

ઊંઘમાં તારી ચૈતન્યની શક્તિ અને એના સામર્થ્યની તને ખબર નથી. આહા..હા..! '**ઊંઘમાં...**' છે ને ? '**દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી જ રખડ્યો છે.**' તને કોઈ કર્મે રખડાવ્યો છે એ વાત ત્રણ કાળમાં નથી. આહા..હા..! દર્શનમોહનાં કર્મથી આત્મામાં ભ્રાંતિ થાય માટે કર્મને લઈને ભ્રાંતિ થઈ અને રખડ્યો (એમ નથી). ભ્રાંતિ તેં પોતે ઊભી કરી છે. આહા..હા..! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' ભજનમાં, સ્તવનમાં આવે છે. 'સીમંધરપ્રભુ' ની ભક્તિમાં. એ બધું કહ્યું હતું ત્યાં ૨૧ વર્ષ પહેલા (સંવત) ૨૦૧૩ ની સાલમાં (એક વિદ્વાન) સમક્ષ (કહ્યું હતું).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એની વાતને ... ત્યાં થાય ને ? એ તો સીધા એમ કહે, જ્ઞાનાવરણીય

કર્મ છે તે જ્ઞાનને રોકે છે. સર્વથા નથી રોકતા, નિમિત્ત કંઈ કરતું નથી તો એ વાત બને નહિ. જ્ઞાનાવરણીય કેમ કીધું ? એ તો નિમિત્તના વ્યવહારના કથન છે. કોઈ પરદ્રવ્યને લઈને પરદ્રવ્યમાં કંઈ રૂકાવટ થાય (એમ) ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..! તારી ભૂલ તેં તારાથી જ કરી છે, કર્મને લઈને નહિ. આહા..હા..!

'શ્રીમદ્' પણ કહે છે ને ? તું તારી ભૂલથી રખડ્યો છો. તે ભૂલને તેં કરેલી છે, તારી છે. 'બોટાદ' માં મેડી ઉપર એ શબ્દ છે. આમ ચાકળો છે, આ બાજુમાં. તારી ભૂલથી તું રખડ્યો છો. તારી ભૂલ એટલી કે સ્વને ભૂલી ગયો અને પરને માન્યું. પરને પોતાનું માન્યું એ તારી ભૂલ. ત્યાં ચાકળો છે. 'બોટાદ' માં ઉપર મેડી ઉપર છે. આહા..હા..! મંદિર છે ને મંદિર ? 'બોટાદ' માં મંદિર છે, જોડે સ્વાધ્યાય મંદિર છે એમાં એ છે. તું તારી ભૂલથી રખડ્યો. ભૂલ તારી તે કે પરને પોતાનું માન્યું અને સ્વને ભૂલ્યો, એ તારી ભૂલ. શરીર મારું, રાગ મારો, બાયડી મારી, કુટુંબ મારું, ધંધો મારો, દયા, દાનના ભાવ થાય તે મારા, એ સ્વરૂપની વસ્તુ છે ? આહા..હા..! પરને પોતાનું માન્યું તે તારી ભૂલ તારાથી છે, એમ સંતો કહે છે, એમ લખ્યું છે. આહા..હા..! અહીં તો એ ભૂલ (કહીએ તો કહે), નહિ. કર્મનો કાંઈક ટકો તો જોઈએ.

ચર્ચા ચાલેલી. શેઠ જ્યારે પહેલી વાર (સંવત) ૨૦૦૫ ની સાલમાં 'ઇન્દૌર' થી આવ્યા, ૨૯ વર્ષ થયા. (સંવત) ૨૦૦૫ ની સાલ. ત્યારે રાજકુમાર નહોતા આવ્યા, બૈરાં સાથે હતા. પંડિતો હતા. ચર્ચા ચાલી કે કાંઈક તો નિમિત્તના ટકા છે. પચાસ ટકા રાખો એના અને પચાસ ટકા રાખો આત્માના. એમ કહેતા હતા. અમારે (બીજા શેઠ) હતા. 'દામનગર'. એ ગૃહસ્થ હતા. તે દિ' સાંઈઠ વર્ષ પહેલા દસ લાખ રૂપિયા (હતા). ઇ કહે કે તમે ૫૧ ટકા રાખો પુરુષાર્થના, ૪૯ ટકા રાખો કર્મના. આત્મામાં ભૂલ થાય છે એમાં ૫૧ ટકા કહેવાય ? શું કહેવાય ? પ્રતિશત. ૫૧ ટકા પ્રતિશત જીવની ભૂલના રાખો અને ૪૯ પ્રતિશત કર્મના રાખો. ઇ એમ કહેતા. (સંવત) ૧૯૭૬ ની સાલની વાતું છે. કીધું, એક્કે ટકો નહિ. ભૂલ જીવ કરે છે એમાં એક્કે ટકો પરનો નહિ. મોટો ખળભળાટ થઈ ગયો. (સંવત) ૧૯૭૧ ની સાલથી. ૬૩ વર્ષ થયા. સાંઈઠ અને ત્રણ. તે દિ'થી આવું ચાલે છે. આત્મા ભૂલ કરે એમાં કર્મનો બિલકુલ એક અંશ નહિ. પોતે સ્વતંત્ર પોતાને ભૂલીને ભૂલ કરે છે. કર્મ છે ને આ જ્ઞાનાવરણીય ? એ બધી નિમિત્તની વાતું છે. બીજી ચીજ છે તે હો. એણે ભૂલ કરાવી છે ? એનાથી

ભૂલ થઈ છે ? એ ભૂલનો કર્તા ઇ છે ? તું પર્યાયમાં ભૂલની રચના કર અને તું કર્મને માથે નાખ એ જિનની આજ્ઞામાં આવી અનીતિ સંભવે નહિ. એ ન્યાં તે દિ' 'ઇસરી' માં કહ્યું હતું. ઇ બેસે નહિ. ત્રણે સંપ્રદાયમાં કર્મનું એવું લાકડું ગરી ગયું છે. કર્મને લઈને આમ થાય. જ્ઞાનાવરણીયનો તીવ્ર ઉદય હોય તો જ્ઞાન ઓછું થાય. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો જ્ઞાનનો ઉઘાડ થાય, કર્મને લઈને થાય. બધી વાત તદ્દન જૂઠી છે. આહા..હા..! એ અહીં કહે છે.

**'તું તારી ભૂલથી જ...'** એકાંત કીધું. ભૂલથી જ રખડ્યો છો, બીજું કોઈ કારણ નથી. પરથી નહિ. આહા..હા..! **'તું સ્વતંત્ર દ્રવ્ય છો;...'** ઊંધાઈ કરવામાં પણ સ્વતંત્ર છો, સવળાઈ કરવામાં સ્વતંત્ર છો. તારે પરની, નિમિત્તની કોઈ અપેક્ષા છે જ નહિ. તે દિ' ત્યાં (સંવત) ૨૦૧૩ ની સાલમાં એ જ કહ્યું હતું, વિકાર કરે ત્યાં બીજા કારકની કોઈ અપેક્ષા છે જ નહિ. 'પંચાસ્તિકાય' ની ૬૨ ગાથા. બધા વિદ્યવાનો બેઠા હતા, (અહીંના) વિદ્વાનો હતા. (સંવત) ૨૦૧૩ ની સાલ, પહેલી વાર સમેદશીખરની જાત્રાએ ગયા હતા ત્યારે બધા હતા. સાગરવાળા શેઠ આવ્યા હતા. કીધું, આત્મા કંઈ પણ ભૂલ કરે તેમાં પરની અપેક્ષા બિલકુલ નથી. 'પંચાસ્તિકાય' ની આ ૬૨ ગાથા દેખો. અને કર્મ જે કર્મપણે બંધાય એમાં આત્માની કંઈ અપેક્ષા નથી. એની પર્યાય એનાથી થાય છે. જુઓ આ ગાથા. ઘણાને ન બેઠું. એક (વિદ્વાનને) બેઠું. એ કહે, નિશ્ચયથી વિકારનો કરનાર આત્મા પોતે પોતાનો છે, પરથી નહિ, એમ સ્વામીજી કહે છે. વાત એમ જ છે, કીધું. આહા..હા..!

અહીં એ કહે છે કે **'તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો.'** ભૂલ કોઈને લઈને થાય છે એમ છે નહિ. આહા..હા..! અહીં (એક દિગંબર સાધુ) આવ્યા હતા તે પણ બોલ્યા હતા. (સંવત) ૧૯૯૭ ની સાલ, મંદિર થતું હતું ત્યારે આવ્યા હતા. એ બોલ્યા હતા, વ્યાખ્યાનમાં બોલ્યા હતા. લોકોને મુશ્કેલી પડે એવું (બોલ્યા). એ કહેતા હતા કે જુઓ ! અમે આ લૂગડાં છોડીને બેઠા છીએ પણ કર્મ ખસે તો અંદર થાય ને ? નહિતર ક્યાંથી આવે ? એમ બોલતા હતા. બધા સાંભળતા હતા. અહીં નહિ ? ભાઈ ! તમે સાંભળ્યું છે ? તમે નહોતા ? ૧૯૯૭ ની સાલ. (તમે) નહોતા ? બીજે રખડવામાં હશે. અહીં વાત થયેલી. ભાઈને ખબર છે. એણે વ્યાખ્યાનમાં કહેલું, હોં ! માણસ નરમ હતા. અમે આ લૂગડા કાઢીને બેઠા, નગ્ન થયા પણ કર્મ ખસે

તો અહીં લાભ થાય ને ? એ વિના શી રીતે લાભ થાય ? કહો ! શું થાય ? બાપુ ! ભાઈ ! ભૂલ પણ તારાથી થઈ છે, કર્મથી નહિ. પરદ્રવ્ય બિચારા શું કરે ? આહા..હા..!

**'તારી ભૂલથી જ રખડ્યો છે.'** છે ? આહા..હા..! **'તું તારી ભૂલથી જ રખડ્યો છે તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે.'** આહા..હા..! એ મિથ્યાત્વની ભૂલ એવી કરેલી કે હું નથી. એવી પણ મિથ્યાત્વની ભૂલ કરી, એ ભૂલ કરવામાં પણ તું સ્વતંત્ર છો. એવું કર્યું છતાં વસ્તુ તો શુદ્ધ છે તે છે. આહા..હા..! વસ્તુમાં એ કારણે અશુદ્ધતા આવી નથી. આહા..હા..! છે ? **'ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે.'** આહા..હા..! નરકના, નિગોદના ભવ કર્યા, પ્રભુ ! પણ વસ્તુ તો તારી શુદ્ધ જ અંદર રહી છે. ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય ચમત્કારથી ભરેલો ભગવાન તો પવિત્રતાથી ભર્યો છે. આહા..હા..! હજી દોષ કરવો છે અને વાત નાખવી છે કર્મ ઉપર, હવે કે દિ' (છૂટે) ? પોતે સ્વતંત્રપણે દોષ કરતો હોય તો પોતે ટાળી શકે. પણ કર્મને લઈને થતો હોય તો કર્મ ટળે ત્યારે દોષ ટળે, એટલે આત્માના હાથમાં તો રહ્યું નહિ. આહા..હા..!

'પ્રવચનસાર' માં તો ત્યાં સુધી કહ્યું, ૧૮૯ ગાથા. નિશ્ચય શુદ્ધનયથી તું ભૂલને કરનાર છો, એમ કહ્યું છે. શુદ્ધનયથી, નિશ્ચયનયથી. તારામાં જે મિથ્યાત્વ ને રાગ-દ્વેષની ભૂલ થઈ તે શુદ્ધનયથી (તારી છે). શુદ્ધ એટલે પરની અપેક્ષા નથી અને તારાથી તે ભૂલ થઈ છે. આહા..હા..! અને કર્મના નિમિત્તથી કહેવું એ તો અશુદ્ધનયનો વિષય છે. આહા..હા..! અશુદ્ધનિશ્ચય. ભાઈ ! આહા..હા..! લોકોને ક્યાં પડી છે ? માથે કોણ શું કહે છે ? કેમ રખડવું પડે છે ? એ ક્યાં ખબર છે ? માથે બેઠો હોય અને બહારમાં કાંઈક આબરૂવાળો હોય અને ત્યાગી હોય, લૂગડા ફેરવીને બેઠો હોય, જય નારાયણ.. જય નારાયણ.. ચાલ્યું. આહા..હા..!

અહીં કહે છે, એ રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આહા..હા..! અનંતકાળથી નિગોદમાંથી નીકળ્યો નહોતો. નિગોદ એ એનું પિયર સ્થાન છે. શાસ્ત્રમાં લેખ છે. જેમ કન્યા પહેલા પિયરમાં મોટી થાય ને ? એમ શાસ્ત્રમાં લખે છે કે પહેલું સ્થાન નિગોદમાં અનંતકાળ રહ્યો એ એનું પિયર સ્થાન છે. પછી માણસ ને પશુ થયો. અનંત કાળ અનંત કાળ નિગોદમાં રહ્યો. આહા..હા..! ત્યાં પણ તું શુદ્ધ

છો. વસ્તુ તો શુદ્ધ જ છે, તું ગમે તેટલા વખત રખડ્યો. નિત્યનિગોદના અનંત જીવો હજી કેટલાક ત્રસ થયા નથી, ઇયળ થયા નથી, કીડી થયા નથી, માણસ તો ક્યાંથી થાય ? એવા અનંતા જીવ અત્યાર સુધી પડ્યા છે. પણ છતાં એનું દ્રવ્ય તો શુદ્ધ જ છે. અરે..રે..!

વસ્તુ જે છે સ્વયંસિદ્ધ જે ચીજ છે એને શું આંતરો હોય ? આહા..હા..! એ તો પર્યાયની અપેક્ષાની વાત છે. વસ્તુ છે તે ત્રિકાળી એકરૂપ આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો સાગર છે. આહા..! ભલે એણે પર્યાયમાં અનંતા દુઃખ વેઠ્યા છતાં આનંદના પર્યાયમાં–શક્તિમાં ઉણપ થઈ નથી. આનંદની શક્તિમાં ઘસારો આવ્યો નથી, ઘટ થઈ નથી. એટલા અનંતા દુઃખો નિગોદના વેઠ્યા અને સાતમી નરકના દુઃખો, બાપા ! જેના ક્ષણના દુઃખ.. ક્રોડો જીભ અને ક્રોડો ભવથી ન કહી શકાય. એવા એવા ૩૩ સાગર એવા અનંત સાગર, અનંતા અનંતા ભવ કર્યા પણ પ્રભુ તું તો શુદ્ધ છો. રખડપટ્ટીના કાળ વખતે પણ તું શુદ્ધ છો. એ રખડપટ્ટી પર્યાયમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અલૌકિક વાતું છે, બાપા ! અને દિગંબર ધર્મ એટલે તો કોઈ અલૌકિક ચૈતન્ય ચમત્કારી વસ્તુ બતાવનાર. આ કોઈ પક્ષ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે તેવું જાણ્યું, એવું કહ્યું, એવું પાળ્યું. આહા..હા..!

'યશોવિજય' ના સ્તવનમાં આવ્યું છે ને ? પ્રમત્ત-અપ્રમત્ત શબ્દ આવ્યો છે. અપ્રમત્ત શબ્દ શ્વેતાંબરના ૪૫ સૂત્રમાં નથી. એ પ્રમત્ત-અપ્રમત્ત છઠ્ઠી ગાથામાં છે. 'સમયસાર' વાંચ્યું હશે. જેને વાત ખ્યાલમાં આવી ગયેલી, આ બધો ફેર છે. 'યશોવિજય' મોટા ઉપાધ્યાય થઈ ગયા. મહા... પછી એને ખ્યાલ આવ્યો, પછી કાંઈક બોલ્યા હતા કે અમે સાધુ નથી. અમે ... છીએ, સાધુને પ્રાપ્ત કરવાના અભિલાષી, એમ બોલ્યા હતા. શ્વેતાંબરમાં એક શેઠ હતા. એણે તો એમ કહ્યું હતું કે .. મકાનમાં રહેતા કે વાત કંઈક એવી કરવા માંડ્યા. ખાનગીમાં કીધું કે બહાર નીકળશો નહિ. કારણ કે એના ખ્યાલમાં કાંઈક આવી ગયું. પ્રમત્ત-અપ્રમત્ત મુનિપણાની વાત જ શ્વેતાંબરમાં ક્યાંય નથી.

અહીં તો છઠ્ઠી ગાથામાં પ્રમત્ત-અપ્રમત્ત (આવ્યું). એક ક્ષણમાં પ્રમત્ત-અપ્રમત્ત બે આવે. પ્રમત્ત-અપ્રમત્ત, પ્રમત્ત-અપ્રમત્ત છતાં હું એ નહિ. હું તો જ્ઞાયક ત્રિકાળ છું. આહા..હા..! એ શબ્દો એની ૩૨, ૪૫ ની ટીકામાં પણ નથી. ટીકાઓ પણ કરોડો

જોઈ છે ને બધી જોઈ છે. આહા..હા..! એ એણે નાખ્યું છે. કાંઈક ખ્યાલમાં આવી ગયું છે. પણ હવે જાવું ક્યાં ? વાડો છોડાય શી રીતે ? વાડાના શેઠિયાઓ (એમ કહે), ... નીકળશો નહિ. આહા..હા..!

મારે માટે એમ થતું હતું. એમને કંઈક કહેશો નહિ, હોં ! નહિતર હમણાં વાડો છોડી દેશે. એમના વિરુદ્ધનું જે કહેતા હોય. એને કાંઈ બોલશો નહિ. ઘડીકમાં મુહપત્તી છોડી દેશે. ભાઈ ! મુહપત્તીમાં આવી ગયા માટે સાધુ થઈને આવી ગયા ? અહીં તો અમે સત્ય પામવા નીકળ્યા છીએ. અમે કાંઈ મુહપત્તી બાંધવા ને રાખવા નીકળ્યા છીએ ? 'દામોદર' શેઠ .. મોટા ગૃહસ્થ. સાંઈઠ વર્ષ પહેલા દસ લાખ (હતા). ચાલીસ હજારની ઊપજ. એક ગામ ઘરે (હતું). ઘોડા (હતા). એક ઘોડો, ઘોડી એમ નહિ ઘણા ઘોડા ને ઘણી ઘોડી. એ જાણે ખરા કે આ બધું શું કહે છે ? મારી સામું કહેશે તો આ હમણા છોડી દેશે. અમે અહીં આવી ગયા માટે બંધાઈ ગયા છીએ એમ નથી. એમ સ્વતંત્ર દ્રવ્ય છો.

**'ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ.'** આહા..હા..! છે ? **'તું અંદર ઊંડો ઊતરીને જો.'** તું અંદર ઊંડો ઊતરીને જો. **'અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ.'** વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✽

**અષાઢ વદ ૧, શુક્રવાર તા. ૨૧-૦૭-૧૯૭૮.**
**વચનામૃત-૧૨૧ થી ૧૨૩. પ્રવચન-૪૪**

**'આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છેઃ-'** થોડું આવી ગયું છે. **'જાગ રે ! ભાઈ, જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી.'** ઊંઘમાં જેમ દિશા સૂઝતી નથી એમ આ અજ્ઞાનમાં તને દિશા સૂઝતી નથી. **'તું તારી ભૂલથી જ રખડ્યો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છોઃ ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે...'** આ શબ્દ કાલે હિન્દીમાં જોયો હતો. રખડપટ્ટી એટલે પરિભ્રમણ વખતે. તમારી ભાષા. રખડપટ્ટી એટલે પરિભ્રમણ વખતે. કીધું આ ભાષા હિન્દી શું છે આમાં ? આહા..હા..! તું પરિભ્રમણ વખતે પણ, નરક ને નિગોદના પરિભ્રમણ વખતે પણ **'શુદ્ધ પદાર્થ રહ્યો છે.'** આહા..હા..! એ તો શુદ્ધ ચિદ્ આનંદઘન શુદ્ધ જ રહ્યો છે. ચાહે તો નરક ને નિગોદની દશામાં અનંતવાર રહ્યો, પરિભ્રમણના ભવમાં વસ્તુ તો છે એ છે, શુદ્ધ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? શું કહ્યું ?

સંતો આચાર્યો જગતને જગાડે છે કે જાગ. તે અનંતકાળમાં અનંતા ભવ કર્યા અને અનંત પરિભ્રમણમાં અનંતા અનંતા ભવ કર્યા, પ્રભુ ! પણ તારી ચીજ જે છે એ તો ત્રિકાળ આનંદકંદ ને અશુદ્ધ રહિત છે. કેમ બેસે ? વાત અત્યારે ચાલે નહિ. આહા..હા..! એ તારા શુભાશુભભાવ તને અનંતવાર થયા એ વખતે પણ વસ્તુ તો શુદ્ધપણે જ રહી છે. આહા..હા..! એ શુભ ને અશુભભાવ અનંતવાર કર્યા, પાપના ભાવ અનંતવાર કર્યા તેમ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાના ભાવ પણ અનંતવાર કર્યા છે, એ કોઈ નવી ચીજ નથી. આહા..હા..! ખરેખર તો એ શુભ-અશુભભાવ ભવ છે. ભગવાન અંદર શુદ્ધ ચૈતન્ય ભિન્ન છે. આહા..હા..!

સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરે જે આત્માને જોયો એ પોતાને જોયો એમ નહિ પણ બીજાના આત્માને જોયા એ તદ્દન આનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન જોયો છે. આહા..હા..! તારા પરિભ્રમણના મિથ્યાભ્રમમાં પણ,... આહા..હા..! હું આત્મા નથી એવી માન્યતાને

કાળે પણ એ માન્યતા દ્રવ્યમાં નથી. આહા..હા..! શું કહે છે આ ? નાસ્તિક હતો કે હું છું નહિ. એવે કાળે પણ તારા દ્રવ્યમાં એ નાસ્તિકતાની પર્યાય અંદરમાં નહોતી. આહા..હા..! એ તો શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ તું તો છો. આહા..હા..! છે ?

**'આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ.'** પરમેશ્વર, તીર્થંકરદેવ અને મુનિઓ, દિંગબર, સંતો એમ કહે છે, અમે તને કોઈ મહિમાવંત પદાર્થ અંદર છે એને અમે તને બતાવીએ છીએ, પ્રભુ ! આહા..હા..! ત્યાં તું નજર કર, તને ચૈતન્યની પ્રતીતિ ને ચૈતન્યની પ્રાપ્તિ થશે. આહા..હા..! ત્યારે તને સમ્યગ્દર્શન થશે, એ વિના લાખ તારા ઉપાય બીજા કર તો એ સમ્યગ્દર્શન ધર્મની શરૂઆત નહિ થાય. આહા..હા..! આવી વાતું છે. સંપ્રદાયમાં તો મળે એવું નથી. આ તો બહારમાં કરો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, તપ કરો... એ તો બધી રાગની ક્રિયાઓ છે. આહા..હા..! એ રાગની ક્રિયા પણ અનંતવાર કરી છે. આહા..હા..! છતાં એ વસ્તુ છે એ શુદ્ધરૂપથી ટળી નથી, એ ઘસાઈ ગઈ નથી. એ તો શુદ્ધ ચૈતન્યઘન... આહા..! એ કેમ બેસે ? બાપુ !

સર્વજ્ઞ જિનેશ્વરે તો એમ કહ્યું કે તને પરિભ્રમણના કાળમાં શુભ-અશુભભાવ અનંતવાર થયા છતાં તું તો અંદર શુદ્ધ છો. આહા..હા..! એવી કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. આહા..હા..! આકરું કામ, ભાઈ ! **'તું અંદર ઊંડો ઊતરીને જો,...'** અંદર તળમાં આનંદનો નાથ ભર્યો છે. અતીન્દ્રિય આનંદનો સાગર એ પોતે છે. આહા..હા..! એનેય પુણ્ય-પાપના વિકલ્પથી ખસી જઈને અંદર ઊંડો ઊતર. આહા..હા..! કહો '...ભાઈ' ! આ બધું સાંભળ્યું હતું ન્યાં 'કલકત્તા' માં ? આહા..હા..! બાપુ ! માર્ગ કોઈ જુદો છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે, પ્રભુ ! તું પરિભ્રમણમાં અનંતકાળમાં તેં સાધુપણું પણ અનંતવાર લીધું પણ એ ક્રિયા મહાવ્રત ને પંચમહાવ્રતના પરિણામ (હતા) એ તો રાગ ને આસ્રવ છે. આહા..હા..! એ વખતે પણ તું તો વસ્તુ તો શુદ્ધ જ છો ત્યાં. આવી કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ, કહે છે. આહા..હા..! **'તું અંદર ઊંડો ઊતરીને જો,...'** ઊંડો ઊતરીને એટલે ? એ શુભ ને અશુભભાવમાંથી ખસી અને આનંદનો નાથ પ્રભુ અંતર સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ પ્રભુ ! છે, આત્મા અંદર સિદ્ધસ્વરૂપ છે. આહા..હા..!

'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવે છે ? 'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો' આહા..હા..! અંતર સિદ્ધ સ્વરૂપી પ્રભુ છે. તારી મલિન દશાને કાળે પણ વસ્તુ તો સિદ્ધ સ્વરૂપ જ છે. આહા..હા..! કેમ બેસે ? કોઈ દિ' અભ્યાસ ન મળે, સાંભળવા મળતું નથી. એ તો બહાર આ કરો ને આ કરો, આ કરો ને આ કરો. આહા..હા..! કરવાની ક્રિયાના કર્તામાં તો મરણ છે. શુદ્ધ ચૈતન્યનો એમાં અનાદર છે. આહા..હા..! આકરી વાતું, બાપા ! આચાર્ય અને સંતો એમ કહે છે, તને અમે ઊંડા ઊતરવાનું કહીએ છીએ, ભાઈ ! અંદરમાં જા, જ્યાં ભગવત સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ બિરાજે છે. આહા..હા..! કેમ ગળે ઉતરે ? આહા..હા..!

પરની દયા પાળવાનો ભાવ પણ રાગ છે અને એમાં સ્વરૂપની હિંસા (છે), બાપુ ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! કેમ કે રાગની પાછળ અંદર પ્રભુ શુદ્ધ, સિદ્ધ સ્વરૂપી બિરાજે છે એનો તેં અનાદર કરી અને રાગનો આદર કર્યો. પરની દયા પાળી શકતો નથી. કારણ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી પણ પાળવાનો ભાવ થયો એ પણ શુદ્ધ દ્રવ્યથી ભિન્ન જાત છે. આહા..હા..! 'ભાઈ' ! આવી વાતું છે. ઓળખો છો એમને ? 'પાટની' ના ભાઈ, 'નેમીચંદ'. 'નેમીચંદ પાટની' આહા..હા..!

અહીં પ્રભુ ! એમ કહે છે કે જ્યાં પ્રભુ સચ્ચિદાનંદ ધ્રુવ, જે તારી રમતું છે એ બધી વર્તમાન પર્યાય દશામાં છે, શુભ ને અશુભભાવના ભાવો, એ રૂપે ચૈતન્ય દ્રવ્ય તો કદી થયું નથી. એવો ઊંડો ઊતરીને અંદર જો. આહા..હા..! અંતરમાં તત્ત્વ પડ્યું છે ત્યાં અંતર્મુખ જો. આહા..હા..!

**'અસલી તત્ત્વને ઓળખ.'** અસલ ચૈતન્ય તત્ત્વ, જ્ઞાયક તત્ત્વ ભગવાન જિનેશ્વરે કહ્યું તે, હોં ! અન્ય મતો બધા કહે એણે જાણ્યું નથી. જિનેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ જેને આત્મા અંદર છે એમ કહ્યો એ તો શુદ્ધ ચિદાનંદ, સિદ્ધ સ્વરૂપી તેને ઓળખ. એ વિના તારા જન્મ-મરણ નહિ મટે, પ્રભુ ! આહા..હા..! ચોરાશીના અવતારમાં એ દુઃખી છે. એ કરોડોપતિ, અબજોપતિ બિચારા ભિખારા, રાંકા છે, દુઃખી છે. આહા..હા..! એના રાગની રમતુંમાં રોળાઈ ગયા છે. અંતર ચૈતન્ય ભિન્ન છે એનું એને ભાન નથી. આહા..હા..!

દેવના, સ્વર્ગના સુખોની કલ્પનામાં પણ ભગવાનઆત્મા એ કાળે પણ ભિન્ન રહ્યો છે. આહા..હા..! એ કલ્પનામાં સુખ છે, સ્વર્ગમાં એમ માન્યતા છે એ મિથ્યાભ્રમ

છે. સુખ તો પ્રભુ અંદરમાં આનંદ અંતરમાં છે. આહા..હા..! જેમ હરણની નાભીમાં કસ્તુરી (છે) પણ હરણને એ કસ્તુરીની કિંમત નથી. એમ આ ભગવાનઆત્મા એ દયા-દાનના, રાગના વિકલ્પની પાછળ અંદર, જેમ એ મૃગના અંદરમાં કસ્તુરી (છે), એમ આ રાગની પાછળ ભગવાન શુદ્ધ ચિદ્‌ઘન છે. અરે..! કેમ (બેસે) ?

આનંદઘન અમૃતનો સાગર છે, પ્રભુ ! આહા..હા..! સ્વયંભૂરમણ સમુદ્ર તો અસંખ્ય જોજનમાં છે અને જેના તળિયામાં રત્નો પડ્યા છે, ત્યાં વેળુ નથી. ભગવાનના જ્ઞાનમાં છેલ્લો સ્વયંભૂ દ્વીપ છે. અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર છે. એમાં આ વચલો જંબુ દ્વીપ છે. છેલ્લો સ્વયંભૂ અસંખ્ય જોજનમાં પહોળો છે. આખા દ્વીપ ને સમુદ્રમાંથી ઇ એક જ સમુદ્ર બધા દ્વીપ સમુદ્રની પહોળાઈથી ત્રણ જોજન પહોળો વધારે છે. શું કહ્યું ? અરે..! કોને ખબર છે ? છેલ્લો સમુદ્ર છે એ આની કોરના અસંખ્ય દ્વીપ, સમુદ્ર જે છે એની જે પહોળાઈ છે એનાથી છેલ્લો સમુદ્ર ત્રણ જોજન અધિક પહોળો છે, આ બધાની પહોળાઈ કરતાં. એમાં નીચે રત્ન પડ્યા છે. પ્રભુ ! કહે છે કે ન્યાં રેતી નથી.

તો આ સ્વંયભૂ ભગવાન ચૈતન્ય પ્રભુ ! આહા..હા..! જેણે પુણ્ય ને પાપના વિકલ્પના રાગની પાછળ ભગવાન અનંત ચૈતન્ય રત્નથી ભરેલો ભગવાન છો, ભાઈ ! તેને ખબર નથી. આહા..હા..! ચૈતન્ય રત્નાકર તું છો. આહા..હા..! એને અંદર જો. તેં કોઈ દિ' બહારથી નજર છોડીને અંદરમાં મુકી નથી. બહારમાં ને બહારમાં ભ્રમણ આ કર્યું ને આ કર્યું ને આ કર્યું, ધંધા કર્યા ને વેપાર કર્યા ને બાયડીને સાચવી ને છોકરાને સાચવ્યાં... એ પાપ ભાવ. અને દયા કરી ને દાન કર્યા ને વ્રત કર્યા ને ભક્તિ કરી ને પૂજા કરી ને જાત્રા કરી ને એ પુણ્ય ભાવ. બન્ને વિકાર ભાવ છે. આહા..હા..! એને છોડીને અંદર નિર્વિકારી પ્રભુ છે. સર્વજ્ઞે જોયો. 'શ્રીમદ્' માં એમ આવે છે ને ? સર્વ જીવ છે સિદ્ધ સમ. 'આત્મસિદ્ધિ. 'સર્વ જીવ છે સિદ્ધ સમજે સમ જે તે થાય.' જે કાંઈ કરે તો થાય એમ નહિ સમજે તો થાય. આહા..હા..!

એ અહીં કહે છે, '**ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે,...**' આહા..હા..! અને '**તું પરમ સુખી થઈશ.**' આહા..હા..! કેમ કે આનંદ સ્વરૂપ છે પ્રભુ. અતીન્દ્રિય આનંદનું રૂપ જેનું સ્વરૂપવાન છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ. આ ઇન્દ્રિયના સુખની કલ્પના એ તો ઝેર છે. પાંચે ઇન્દ્રિયના વિકલ્પની કલ્પના ભોગમાં

મને મજા પડે, પૈસા કરોડ, બે કરોડ પેદા થયા તો મને ઠીક પડે એ રાગ તો ઝેર છે. આહા..હા..! એ તો ઝેરના પ્યાલા પીવે છે. ભગવાનઆત્મા એ ઝેરના પ્યાલાથી ભિન્ન અંદર છે. આરે..! આવી વાત બેસે કેમ ?

તારૂ અંતર જો, તારી દુઃખની દશા જે વિકારની પુણ્ય-પાપની છે એ ટળશે અને એના સ્થાનમાં તને સુખની દશા પ્રગટ થશે. આહા..હા..! એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. કાલ ઉતાવળથી થોડુંક થયું હતું.

**તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે. જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે. ૧૨૨.**

૧૨૨, '**તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે.**' આહા..હા..! ભગવાનઆત્મા અનંત ચૈતન્યના રત્નના ગુણથી ભરેલો, અતીન્દ્રિય આનંદથી ભરેલો, છલોછલ ભરેલો પદાર્થ છે, ભાઈ ! તને ખબર નથી. આહા..હા..! '**તું આત્મામાં જા,...**' એવો જે પ્રભુ છે ત્યાં તું અંદર જા. આહા..હા..! 'પરથી ખસ, આત્મામાં વસ, એટલું ટૂંકું ટચ, એ તારે માટે બસ' આ વીતરાગની વાણી છે. આહા..હા..! એ પુણ્ય ને પાપના દયા-દાન, વ્રત-ભક્તિના ભાવ પણ રાગ છે, દુઃખ છે, આકુળતા (છે), બાપુ ! તને ખબર નથી. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ તો પાપ જ છે અને દુઃખ જ છે... આહા..હા..! પણ દયા, દાન, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ (પણ આકુળતા છે). બાપુ ! આકરું પડે એવું છે, ભાઈ ! આહા..હા..! પ્રભુ ! તો એમ કહે છે કે મારી સામું તું જોઈશ તો તને રાગ થશે. તારી સામું તું જો, જ્યાં અનંત આનંદથી ભરેલો પ્રભુ છે. આહા..હા..!

'**તું આત્મામાં જા...**' આહા..હા..! દેવ, ગુરુ ને શાસ્ત્ર, સર્વજ્ઞ પરમેશ્વર દેવ, ગુરુ નિર્ગ્રંથ દિગંબર સંત અને વાણી સર્વજ્ઞની, એની શ્રદ્ધા ને એની સન્મુખતામાં પણ રાગ છે. ત્યાં આત્માને લાભ જરીએ નથી, નુકસાન છે. આહા..હા..! અંતર્દષ્ટિ થયા

છતાં ભાવ આવે પણ એ ભાવ છે એ દુઃખરૂપ છે. આવી વાત છે. તેથી **'તું આત્મામાં જા...'** બહારમાં ભટકવામાં વિકલ્પમાં રોકાણો છો. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! જિનમાર્ગ એવો કોઈ ઝીણો છે. આહા..હા..! એ તો ઘણી વાર કહેવાય છે નહિ ?

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

પોતાની માન્યતાના મતમાં ઘેલા થઈ ગયેલા, પાગલ જિનસ્વરૂપી ભગવાન બિરાજે છે, અંદર વીતરાગ મૂર્તિ છે. વીતરાગ સ્વરૂપે ન હોય તો વીતરાગતા આવશે ક્યાંથી ? આહા..હા..! ક્યાંય બહારથી આવે છે ? સર્વજ્ઞ ને પરમેશ્વર વીતરાગ કેવળી થયા એ અનંત વીતરાગતા ને અનંત જ્ઞાન, આનંદ આદિ દશા આવી ક્યાંથી ? આહા..હા..! ભાઈ ! તું વીતરાગ સ્વરૂપે જિનસ્વરૂપી જ છો. એવા જિનસ્વરૂપમાં અંદર જતાં તને વીતરાગી સમ્યગ્દર્શન થશે, વીતરાગી જ્ઞાન થશે ને વીતરાગી સ્વરૂપની રમણતા થશે. આહા..હા..! તારું અથડાવું મટી જશે. સમજાણું કાંઈ ? આહા..હા..! છે ?

**'તું આત્મામાં જા...'** લીટી તો બે આટલી છે પણ... એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ રાગ છે ને દુઃખ છે. આહા..હા..! આકરી વાત. ભગવાનની ત્રિલોકનાથ તીર્થંકરની ભક્તિ... ભગવાન કહે છે કે અમે તો તારાથી પરદ્રવ્ય ભિન્ન છીએ. એટલે તારા દ્રવ્યને ચુકીને અમે પરદ્રવ્ય (એવા) અમારા ઉપર તારું લક્ષ જશે તો તને રાગ જ થશે. આહા..હા..! 'મોક્ષપાહુડ' ના ૧૬મી ગાથામાં એમ કહ્યું છે કે **'परदव्वादो दुग्गई'** અમે તારી અપેક્ષાએ પરદ્રવ્ય છીએ. અમારી ઉપર લક્ષ જશે ને ભક્તિનો ભાવ (આવે) એ ચૈતન્યની દુર્ગતિ છે. આકરું કામ. ભાવ હોય છે, આવે છે, જ્ઞાનીને પણ રાગ હોય છે પણ છે તો દુઃખરૂપ. આહા..હા..!

**'તું આત્મામાં જા...'** આરે...! આ વાત કેમ બેસે ? એક તો બહારમાં બાયડી-છોકરા ને ધંધામાં મૂંઝાઈને પડ્યો આખો દિ' બિચારો. બાવીસ કલાક, ત્રેવીસ કલાક તો ત્યાં પાપમાં, આ ધંધો ને આ બાયડી ને છોકરાને ખવડાવ્યાં ને ભોગ લીધા ને... અર..ર..! પાપમાં, પાપમાં પડ્યો છે. એમાં કલાક સાંભળવાનું મળે તો પેલા સંભળાવનારા એવા એનો કલાક લુંટી લે. તમે અમારી ભક્તિ કરો, વ્રત પાળો તો કલ્યાણ થઈ જશે. એનો કલાક બિચારાનો લૂંટાઈ જાય છે. 'ભાઈ' ! આહા..હા..!

અહીં તો કહે છે કે **'તું આત્મામાં જા....'** મારા સામું જોવું મુકી દે, પરમાત્મા

કહે છે. આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિમાં (આમ આવ્યું છે).

પ્રભુ બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં તો સીમંધર પ્રભુ બિરાજે છે, મોજુદ છે, વાણી છે, સમવસરણ છે. આહા..હા..! વિહરમાન તીર્થંકર બિરાજે છે. આહા..હા..! એની વાણીમાં.... 'કુંદકુંદાચાર્ય' આઠ દિવસ ગયા હતા (ત્યાંથી) સાંભળીને, આવીને શાસ્ત્ર બનાવ્યા. આહા..હા..! એ શાસ્ત્રમાં આમ કહ્યું, ભાઈ ! તું તને જો ને ! આહા..હા..! તું કોઈ ચીજ છો કે નહિ ? અને તું કોઈ વસ્તુ છે તો વસ્તુનો કોઈ સ્વભાવ, જેમ વસ્તુ કાયમી છે તો એનો સ્વભાવ પણ કોઈ કાયમી છે કે નહિ ? એ તેં જોયું છે કોઈ દિ' ? વિચાર્યું છે ? આહા..હા..!

પ્રભુ આત્મા એ ચીજ છે. એ ટકતું ધ્રુવ કાયમનું અવિનાશી તત્ત્વ છે અને એની સાથે રહેલા જ્ઞાન, દર્શન, આનંદ, અનંત ગુણો એ પણ સાથે રહેલા અવિનાશી છે. આહા..હા..! એવા આત્મામાં જા. એ જા નો અર્થ એ પર્યાયને ત્યાં વાળ, એમ. દ્રવ્ય-ગુણ તો છે ઇ છે પણ વર્તમાન પર્યાય છે ત્યાં લઈ જા. તો એ ત્રણે નક્કી–સિદ્ધ થઈ ગયા. દ્રવ્ય, ગુણ ને પર્યાય. પણ દ્રવ્ય, ગુણ ને પર્યાય પણ હજી તો સાંભળ્યાં ન હોય. આહા..હા..! જે આ તો હજી જૈન પરમેશ્વરનો એકડો છે. દ્રવ્ય અને ગુણ ત્રિકાળી ધ્રુવ આનંદકંદ છે. હવે તારી વર્તમાન દશા જે બહિર્મુખ છે એને અંતરમાં લઈ જા. એટલે દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ ને તારી પર્યાય પણ શુદ્ધ થશે. આહા..હા..! એને બહિર્મુખ રાખીશ તો તારી પર્યાય અશુદ્ધ થશે. આહા..હા..! આવું છે.

લોકોને સાંભળવા મળતું નથી. બિચારા શું કરે ? એમ ને એમ જિંદગી (જાય છે). માથે મૃત્યુના નગારા વાગે છે. આહા..! દેહ છૂટવાના ટાણાં તો આવવાના છે. હેં ? તે ક્ષણ આવશે એવી કે અજાણી એકદમ આવશે. આહા..હા..! એ પહેલાં આ તત્ત્વ શું છે એ સમજમાં ન લીધું (તો) એ અવતાર બધો ઢોર જેવો અવતાર છે. ભલે બહારથી કરોડપતિ ને અબજપતિ હોય. આહા..હા..! 'ભાઈ' ! શું હશે આ બધું ? દુનિયાથી બહુ ફેર પણ આ તો. દુનિયા તો જાણીએ છીએ ને, બાપુ ! આહા..હા..! અહીં તો શરીરને ૮૯ વર્ષ થયા. શરીરને ૮૯ (થયા). ઘણું બધું જાણ્યું ને ઘણું જોયું છે. દરેક સંપ્રદાયને જોયા છે. બાપુ ! આ ચીજ, બાપુ ! બીજી છે, ભાઈ ! આહા..હા..! કો'કે ક્યાંક વ્રતમાં જોડી દીધા ને કો'કે તપમાં જોડી દીધા ને કો'કે ભક્તિમાં જોડી દીધા ને બધી જાત એક જ છે.

મુમુક્ષુ :– આપ શેમાં જોડશો ?

ઉત્તર :– આ કીધું ને ! તું આત્મામાં જોડાઈ જા. આમ રાગમાં જોડાઈ ગયો છો (ત્યાંથી પાછો વળી) અહીં જોડાઈ જા. બાપુ ! અપૂર્વ વાત છે, પ્રભુ ! અનંતકાળમાં એક સેકંડ પણ કોઈ દિ' સમ્યગ્દર્શન શું ચીજ છે અને એનો વિષય શું છે એણે જાણ્યું નથી. આહા..હા..!

**'તું આત્મામાં જા...'** પણ આત્મા કોણ છે એ જાણશે, મહિમા આવશે તો જાશે ને ? નહિતર બહારની મહિમામાં તો અનાદિથી પડ્યો છે. રખ્ખડપટ્ટી (તો કરે જ છે). આહા..હા..! **'તારું અથડાવું મટી જશે.'** અથડાવું સમજ્યા ? પરિભ્રમણ. આ ગુજરાતી ભાષા સાદી છે. **'જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.'** આહા..હા..! જેને આત્મામાં જવું છે એ આત્માનો આધાર લે. પરના આધારે અંદરમાં નહિ જવાય. દેવ, ગુરુ ને શાસ્ત્રની ભક્તિના ભાવે પણ અંદરમાં નહિ જવાય (કેમ કે) એ રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જેને આત્મામાં જવું છે...'** વસ્તુ સ્વરૂપ ભગવાનઆત્મા, શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ એમાં જેને જવું છે **'તે આત્માનો આધાર લે.'** જેમાં જવું છે એનો આધાર લે, એને આશ્રયે જા. આહા..હા..! કોઈ પણ વિકલ્પ છે, ભક્તિની કે નામ સ્મરણની (રાગની) લાગણી થાય એને આધારે અંદરમાં નહિ જવાય. અરે...! પ્રભુ ! આવી વાતું છે. બહુ ફેર, ભાઈ ! ઘણો ફેરફાર.

એક તો એવું લાગે કે આ તે આ શું ? આ શું છે ? આવું તે શું ? ધર્મનું સ્વરૂપ આવું હશે ? પે'લું તો સામાયિક કરવી, પોષા કરવા, પડિકમણા કરવા, લ્યો ! ધૂળમાંય નથી. સામાયિક ક્યાં હતી તારે ? હશે ? એ..ઇ..! 'ભાઈ' ! આત્મા કોણ છે ? કેવી ચીજ છે ? એ અનુભવમાં, દૃષ્ટિમાં આવી નથી ને સામાયિક તો અંદર સમતાનો, વીતરાગતાનો લાભ (એ સામાયિક છે). વીતરાગી જિનસ્વરૂપ આત્મા છે એવો જેને અનુભવ થાય એ બહારથી ખસીને અંતરમાં જાય પછી સ્વરૂપમાં ઠરે ત્યારે એને સામાયિક થાય, સમતા થાય. આહા..હા..! આ તો બધા ગડીયાના એકડા (છે.) આહા..હા..! આકરું કામ, ભાઈ ! પરમેશ્વર અને તે પણ જિનેશ્વર સિવાય એ પંથ–માર્ગ–આવો બીજો ક્યાંય છે નહિ.

વીતરાગ, ત્રિલોકનાથ, સર્વજ્ઞદેવ, પરમેશ્વરે ત્રિકાળ જાણ્યું જોયું, એવું જાણનાર

કોઈ બીજા પંથમાં છે પણ નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા..! એવા ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એની આજ્ઞા ને હુકમ છે. પ્રભુ ! તું તારામાં જાને. આહા..હા..! તારું રખડવું મટી જશે. કેમ કે આત્મામાં રખડવાનું અને રખડવાનો ભાવ આત્મામાં છે જ નહિ. આહા..હા..! રખડવાનો ભાવ જે રાગ છે. આહા..હા..!

મુનિ જે સાચા સંત આત્મધ્યાની, જ્ઞાની હોય છે એને અંતર આનંદની મોહર છાપ–અંતર આનંદનું વેદન ઉગ્ર હોય છે. એવા જીવને પણ જે મહાવ્રતનો રાગ આવે... આહા..હા..! તો ત્યાં પ્રભુ તો કહે છે કે એ જગપંથ છે. એ શુભરાગ છે એ સંસારપંથ છે. 'સમયસાર નાટક' માં 'મોક્ષ અધિકાર' માં ૪૦ મો બોલ છે. સમજાણું કાંઈ ? નથી આવ્યું ? 'સમયસાર નાટક' નથી લાગતું ? જગપંથ. આહા..હા..! ગજબ વાત, બાપા ! 'સમયસાર નાટક'. એ 'કુંદકુંદાચાર્યે' કહેલા પાઠોનો અર્થ કર્યો 'અમૃતચંદ્રાચાર્યે', એમાંથી કાઢ્યું 'સમયસાર નાટક', એમાંથી કળશ બનાવ્યા એ આ કળશ છે, એમાંથી બનાવ્યું 'સમયસાર નાટક'. આહા..હા..! ત્યાં એમ કહ્યું કે ભગવાન કહે કે મારી ભક્તિનો ભાવ તને આવે એ જગપંથ છે, ભવનો ભાવ છે. આહા..હા..! અરે..! દુનિયા બહારની વાતમાં ને પ્રેમમાં મૂંઝાય ગયા.

મુમુક્ષુ :– મજા બહુ આવે છે.

ઉત્તર :– ધૂળમાંય આવતી નથી, માનીને બેઠો અજ્ઞાની. આહા..હા..! ભક્તિમાં નગારા વાગે ને ઢોલ આમ... શું કહેવાય ? તબલા, તબલા. તબલા ને હાથમાં પે'લું... આ હમણાં હરે કૃષ્ણ હરે કૃષ્ણ નથી કરતાં પેલા ? 'અમેરીકા' વાળા 'મુંબઈ' માં બાવા થઈને આવે છે. હરે કૃષ્ણ હરે કૃષ્ણ (કરતા) આમ વગાડે. ક્યાં હરે કૃષ્ણ કોણ છે ?

હરિ કોણ ? ને કૃષ્ણ કોણ ? આહા..હા..! હરિ તો આત્મા આનંદનો નાથ પ્રભુ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એ હરિ, જે અજ્ઞાનને, રાગ-દ્વેષને હરે તે હરિ. અને કૃષ્ણ–કર્મને કૃશે તે કૃષ્ણ. વિકારને કૃશી નાખે ને ટાળે તે કૃષ્ણ-આત્મા છે. આહા..હા..!

મુમુક્ષુ :– એ કૃષ્ણ ભગવાનનો જય કેમ બોલતા નથી ?

ઉત્તર :– એ (કૃષ્ણ) તે સમકિતી જ્ઞાની હતા. આહા..હા..! આત્મજ્ઞાની. ઝીણી વાત છે, બાપુ ! આહા..હા..! એ તો આત્મામાં હતા. પણ જરી અસ્થિરતા હતી. તે એમાં નહોતા. એ વાતું બહુ આકરી છે. સમ્યગ્દષ્ટિ જીવ તો આત્માના જ્ઞાન સ્વરૂપમાં

હોય છે. એ રાગ આવે એમાં એ હોતા નથી, એના તો એ જાણનાર રહે છે. આવી વાતું, ભાઈ ! જેને રાગથી ભેદજ્ઞાનની ધારા સદા વહેતી હોય છે. શરૂઆત ધર્મીને (ભલે હોય) પણ રાગનો વિકલ્પ જે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો આવે એનાથી પણ ભેદજ્ઞાનની ધારા ભિન્ન વર્તતી હોય છે અને એ રાગ છે એ કર્મધારા છે, એ ધર્મધારા નહિ. આહા..હા..! આટલો બધો ફેરફાર, બાપુ ! માર્ગ તો એવો છે, ભાઈ ! અપૂર્વ– જેણે પૂર્વે કદી કર્યું નથી. પૂર્વે કદી ચૈતન્ય કોણ છે તેને એણે જોયો, જાણ્યો નથી. બહારના કડાકુટમાં મરીને પડ્યો, જિંદગી ગુજારી. આહા..હા..!

આજે દિવ્યધ્વનિનો દિવસ છે. ભગવાન 'મહાવીર' ને પરમાત્માને વૈશાખ સુદ ૧૦ કેવળજ્ઞાન થયેલું, વાણી નહોતી નીકળી અને એ વાણીને સાંભળનારા પાત્ર પણ ત્યાં નહોતા. એ આ ૬૬ દિવસે આજ વૈશાખ સુદ દસમથી ૬૬ દિવસે ઇન્દ્ર, 'ગૌતમ' જે વેદના જાણનાર હતા એને લઈ આવ્યા.

મુમુક્ષુ :– કોઈ જૈનને કેમ ન લાવ્યા ?

ઉત્તર :– એની યોગ્યતા જબરી હતી ને ! ગણધર થવાની લાયકાત હતી. ઇન્દ્ર જેને લાવે એ કોણ હશે ? આહા..હા..! એ 'ગૌતમ' જે વેદને માનનાર, આમ પ્રકૃતિ શાંત, કષાય મંદ. વખાણ ઘણાં કર્યા. એને બોલાવ્યા. જ્યાં આવ્યા સમવસરણમાં,... આહા..હા..! જેને અંદર ગર્યા ત્યાં માન ગળી ગયા. માનસ્તંભ હોય છે. ભગવાન બિરાજે ત્યાં તીર્થંકરના સમવસરણમાં માનસ્થંભ હોય, ચાર બાજુ ચાર (હોય). અલૌકિક રત્નના (બનેલા). જેમ આ છે ને એવા રત્નના હોય છે. એમાં ભગવાનની પ્રતિમા હોય છે. એને દેખીને એનું માન ગળી ગયું. ઓ..હો..હો..! આજ ભગવાનની વાણી આવી, સાંભળી,... આહા..હા..! સવારે ઘણું કહ્યું હતું, અંતર્મુહૂર્તમાં જેણે બાર અંગની રચના કરી, એ દિવસ આ છે.

'મુખ ઓમકાર ધ્વનિ સુની, મુખ ઓમકાર ધ્વનિ સુની, અર્થ ગણધર વિચારે. રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે' એ આજનો દિવસ છે. આહા..હા..! ત્રણે લોકના નાથ મહાવીર પરમાત્માને કેવળજ્ઞાન થયું છતાં વાણી બંધ (હતી). શ્વેતાંબરમાં એમ આવે છે કે વાણી નીકળી. ખોટી વાત છે. ભગવાનની વાણી નીકળે ને સાંભળનારા ન હોય એમ બને જ નહિ. સમજાય છે કાંઈ ? કેમ કે વાણીના કર્મ જે પૂર્વે બંધાણા છે ત્યારે આત્માના અનુભવમાં વિકલ્પ એવો આવ્યો કે અરે..!

જગત જીવ આવું સમજે. એમાં પુણ્ય બંધાય ગયું. એ બંધમાં જ વાણીમાં એવા ભાવ નીકળે કે સમજનારા હોય જ. આહા..હા..! સમજાય છે કાંઈ ?

શ્વેતાંબરમાં સ્થાનકવાસી ને દેરાવાસી બન્નેમાં એમ આવે છે કે કેવળ થયું ને તરત વાણી નીકળી. પણ ગણધર નહોતા તે અભાવીયા પુરુષા. એ બધી કલ્પીત વાતું છે. આ તો સર્વજ્ઞની કહેલી વાત છે. કેવળ થયું (પછી) ૬૬ દિવસ સુધી વાણી ન નીકળી. તે આજ ૬૬ મો દિવસ (છે). 'ગૌતમ' ને ગણધરને જ્યાં લાવ્યા ત્યાં વાણી નીકળી, ઓમ ધ્વનિ છૂટી. એ 'મુખ ઓમકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે' એ ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વની રચના ગણધરે આ દિવસે કરી. આહા..હા..! એનો આ અંશ છે–'સમયસાર'. એમાંથી કહેલા આ બહેનના વચનનો સાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! આકરું પડે.

**'જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.'** એટલે શું કહે છે ? જેને આત્મામાં દૃષ્ટિ કરવી છે એણે દેવ-ગુરુનો પણ આધાર ન લેવો જોઈએ, એની ભક્તિનો રાગ એનો પણ આધાર લેવો ન જોઈએ, તેમ રાગને જાણનારી વર્તમાન દશા એનો પણ આધાર લેવો ન જોઈએ. અંદરમાં જનારને આત્માનો આધાર લેવો જોઈએ, ત્રિકાળી જ્ઞાયકભાવનો આધાર લેવો જોઈએ. આહા..હા..! સમજાય છે કાંઈ ? **'જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.'** આહા..હા..! થોડા શબ્દોમાં ઘણી ગંભીરતા ભરી છે. એટલે કે જેને આત્મામાં જવું (છે) તે આધાર તો આત્માનો લે. એમાં જવું એ આધાર રાગનો ને નિમિત્તનો લે તો અંદર જવાશે ક્યાંથી ? આહા..હા..!

'પ્રભુનો માર્ગ છે શૂરાનો, એ કાયરના ત્યાં કામ નથી.' આહા..હા..! વીરનો માર્ગ છે શૂરાનો. આહા..હા..! 'વીર્યતેતી પેરતે ઇતી વીર્ય' જેની વીર્ય દશા વર્તમાન અંદરમાં જાય, એ વીર્ય દ્રવ્યનો આધાર લે. આહા..હા..! એ વીર્યને, પર્યાયને દ્રવ્યનો આધાર હોય છે. એને આધાર પોતાની પર્યાયનો પણ નહિ, રાગનો પણ નહિ, નિમિત્તનો નહિ. આહા..હા..! આવું સ્વરૂપ જ છે, આવી સ્થિતિ જ છે. અને તે જિનેશ્વરદેવ સિવાય ક્યાંય સાચી વાત છે જ નહિ. અત્યારે તો વાડામાં પણ ગોટા ઉઠાવ્યા છે. આહા..હા..! અન્યને જૈનમાર્ગ બનાવી બેઠા છે. આહા..હા..! રાગમાં ધર્મ મનાવે છે એણે તો અન્યમાં જૈનધર્મ મનાવ્યો. આહા..હા..! આ ભક્તિમાં પણ પરમાત્મા કે દેવ-ગુરુની ભક્તિમાં ધર્મ મનાવે એ પણ રાગમાં મનાવ્યો, એ જૈનધર્મ નથી. આહા..હા..! ૧૨૨ થયો,

૧૨૨ બોલ (પૂરો) થયો. ૪૩૨ બોલ છે આમાં. 'બહેનશ્રીનીં વચનામૃત' માં ૪૩૨ બોલ છે. એક એક બોલ અમૂલ્ય છે પણ સમજવા માટે તૈયારી જોઈએ, બાપુ ! શું થાય ? આહા..હા..!

**ચૈતન્યરૂપી આકાશની રમ્યતા સદા કાળ જયવંત છે. જગતના આકાશમાં ચંદ્રમા અને તારામંડળની રમ્યતા હોય છે, ચૈતન્ય-આકાશમાં અનેક ગુણોની રમ્યતા છે. તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે. સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા જણાય છે. સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે, અનુપમ છે. ૧૨૩.**

૧૨૩. **'ચૈતન્યરૂપી આકાશની રમ્યતા સદા કાળ જયવંત છે.'** ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ, એવા આકાશની રમ્યતા. ચૈતન્યરૂપી આકાશ. આહા..હા..! એની રમ્યતા **'સદા કાળ જયવંત છે.'** આહા..હા..! એ તો આનંદની રમતથી ભરેલો ભગવાન અતીન્દ્રિય આનંદથી પ્રભુ ભરેલો છે આત્મા. સદા જયવંત વર્તે છે. આહા..હા..! ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ પર્યાયમાં નથી આવતો એ સદાય વર્તે (છે), સદાય વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ચૈતન્યરૂપી આકાશ. આ આકાશ નહિ. આ આકાશમાં તો ચંદ્ર ને સૂર્ય ને એ છે. આ તો ચૈતન્યરૂપી આકાશ અંદર. આહા..હા..! જેની રમ્યતા સદાકાળ. જેના આનંદની રમણતા, જ્ઞાનની રમણતા એટલે શક્તિ સદા કાળ જયવંત વર્તે છે. આહા..હા..!

**'જગતના આકાશમાં...'** આ જગતનું આકાશ છે (તે). એમાં **'ચંદ્રમા અને તારામંડળની રમ્યતા હોય છે,...'** ચંદ્ર ને... આહા..હા..! સૂર્ય ને તારામંડળની રમ્યતા હોય છે. **'ચૈતન્ય–આકાશમાં અનેક ગુણોની રમ્યતા છે.'** જગતના આકાશમાં ચંદ્ર ને તારા આદિની રમ્યતા દેખાય. તારા ઝગમગ, ઝગમગ (થતા હોય). ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા છે. એક ચંદ્રની સામે... સમજાય છે ? ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા છે.

૬૬૯૭૫ ક્રોડાક્રોડી. એટલે એક કરોડ નહિ પણ ક્રોડાક્રોડી. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા વીતરાગની વાણીમાં આ આવ્યું છે કે એક ચંદ્ર ને એક સૂર્ય-ચંદ્રની સાથે ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારાઓ છે. ઝગમગ, ઝગમગ જ્યોતિ.

એમ આ **'ચૈતન્ય આકાશમાં...'** છે ને ? **'અનેક ગુણોની રમ્યતા છે.'** પેલામાં જેમ તારાની રમ્યતા છે. ન્યાં તો સંખ્યા છે. ૬૬૯૭૫ (ક્રોડાક્રોડી) સંખ્યા છે. અહીં અનંત ગુણોની રમ્યતા અંદર છે, બાપુ ! આહા..હા..! સ્વયં જ્યોતિ સુખધામ. એ આનંદનું ધામ ને સ્વયં જ્યોતિ છે. તને પામવા માટે કોઈના આલંબનની જરૂર નથી એવું તું નિરાલંબન તત્ત્વ છો. કાલે સવારમાં બતાવ્યું હતું ભાઈને, નહિ ? ત્યાં કળશ બતાવ્યો હતો. આ પાંચ આગમ છે ને આમાં ? 'સમયસાર', 'પ્રવચનસાર'. આ પોણા ચાર લાખ અક્ષર છે. એમાં એ શબ્દ છે. 'નિયમસાર'. નિરાલંબ. પ્રભુ ! નિરાલંબી અંદર તત્ત્વ છે. આહા..હા..! એને કોઈ રાગ ને નિમિત્તનું અવલંબન છે જ નહિ. આહા..હા..! કેમ બેસે ?

મુમુક્ષુ :- પોતે બેસાડે તો બેસે.

ઉત્તર :- હા. બરાબર બેસે, કેમ ન બેસે ? પણ એ બાજુનું વલણ જ જ્યાં નથી. આહા..હા..!

**'ચૈતન્ય-આકાશમાં અનેક ગુણોની રમ્યતા છે.'** પેલામાં તારામંડળ હતા. **'તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે.'** આહા..હા..! વસ્તુમાં અનંત ગુણની રમ્યતા, રમણતા, ચમત્કાર જુદા જ પ્રકારનો છે. આહા..હા..! એવો ચૈતન્ય-લોક અંદર ભગવાન સર્વજ્ઞે કહ્યો જે આત્મા, એ ચૈતન્ય-લોકમાં અનંત ગુણોની રમ્યતા ભરી છે, અનંત ગુણનો આનંદ ભર્યો છે. આહા..હા..! અરે..!

**'તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે. સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા જણાય છે.'** શું કીધું ? જેમ તારાઓ છે પણ આંખ ઉઘાડીને જોવે તો દેખાય ને ! રાત્રે માણસ સુતો હોય અને એક જ બારણું હોય અને સોડ તાણીને સુતો હોય. આંખ બંધ હોય, ચીપડા વળ્યા હોય. એને સવારમાં આઠ વાગ્યો હોય. સૂર્ય થાય તો નળીયા પીળા દેખાય ને ? સોના જેવા પીળા (દેખાય). એને કહે, એલા જાગ જાગ, નળીયા સોના જેવા થયા. પણ એક તો ઓરડો એક, ઓઢ્યા છે મોટા ત્રણ (ગોદડા) ને આંખમાં ચીપડા વળ્યા છે. આહા..હા..! એમ જેને મિથ્યાશ્રદ્ધા છે,

મિથ્યાજ્ઞાન છે કે રાગથી ધર્મ થાય એવું મિથ્યાજ્ઞાન છે એ ઓરડામાં સુતો છે, અંદર એને ભાન નથી. એને કહે કે એલા પણ જાગ જાગ. પણ ત્રણપટ્ટ અંધારું, માથે ઓઢ્યું, અંદર ચીપડા ને બહાર બારણું એક. આહા..હા..!

અહીં કહે છે, '**સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં...**' એ શું કીધું ? અનંત રમ્યતા અંદર વસ્તુ હોવા છતાં જ્યારે અંતરમાં જઈને સમ્યગ્દર્શનમાં રમ્યતા, સ્વસંવેદન– સ્વનું પોતાથી આનંદનું પ્રત્યક્ષ વેદન, આનંદનું વેદન પ્રત્યક્ષ. આહા..હા..! સ્વસંવેદનપ્રત્યક્ષ– સ્વ નામ આત્મા આનંદ સ્વરૂપ પ્રભુ, તેનું સમ પ્રત્યક્ષ, વેદન પ્રત્યક્ષ. એવું જ્ઞાન પ્રગટ થતાં. એ સમ્યગ્દર્શન કાળે આવું જ્ઞાન પ્રગટ થતાં. આહા..હા..! '**તે રમ્યતા જણાય છે.**' એ આત્માના અનંત ગુણની રમ્યતા (જણાય છે).

જેમ આકાશમાં એકલા તારાઓની રમ્યતા આંખ ખોલીને જોવે તો દેખાય છે. આહા..હા..! એમ ભગવાન અનંત ગુણની રમ્યતા, એ સ્વસંવેદન પોતાનું જ્ઞાન પોતાનાથી વેદાય એવા પ્રત્યક્ષ વેદનથી જણાય એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પરથી જણાય એવું નથી, એમ કહે છે. વિકલ્પથી જણાય એવું નથી. પરથી તો જણાય એવું નથી પણ પરના લક્ષે થયેલો રાગ એનાથી પણ જણાય એવું નથી. રાગ આત્માનું સ્વરૂપ છે નહિ. એ તો વિકાર છે, વિભાવ છે. આહા..હા..! અમૃતના સાગરથી ઉલટો રાગ ઝેર છે. આહા..હા..! એના વડે આત્માની રમ્યતા જણાય નહિ. એનાથી ભિન્ન પડીને આત્માને સ્વ એટલે પોતાથી, સંવેદનપ્રત્યક્ષ એટલે રાગની અપેક્ષા પણ જ્યાં નથી, મનની અપેક્ષા નથી, જેને દેવ, ગુરુ ને શાસ્ત્રની અપેક્ષા નથી. અરે..! દેવ, ગુરુને, શાસ્ત્રને સાંભળીને જે જ્ઞાન થયું એની પણ જેને અપેક્ષા નથી. કારણ કે દેવ, ગુરુ ને શાસ્ત્રને સાંભળ્યાં અને જે જ્ઞાન થયું એ તો પરલક્ષી થયું, આવી બધી વાત છે. થયું છે જ્ઞાન પોતાની પર્યાયથી પોતામાં, દેવ-ગુરુ-શાસ્ત્ર વાણી તો નિમિત્ત છે, પણ એ પરલક્ષી જ્ઞાન છે એ પરાલંબી છે. એ પરતંત્ર જ્ઞાન છે, એ સ્વતંત્ર જ્ઞાન નથી. આરે...! આવી વાતું છે. એ સ્વસંવેદનપ્રત્યક્ષ જેને પરની કોઈ અપેક્ષા જ નથી. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એનું સ્વથી, આનંદના વેદનથી, પ્રત્યક્ષથી તે આત્માની રમ્યતા જણાય એવી છે. આહા..હા..! અરે..! અનંતકાળ ગયો રખડતા. ક્યાંક ક્યાંક અટકવાના સાધનોમાં પડ્યો. ક્યાંક ક્યાંક અટકવાના અનંત સાધન

એમાં ક્યાંક ક્યાંક અટકીને પડ્યો મિથ્યાત્વમાં. છૂટવાના સાધન એક સ્વનો આધાર લેવો તે. આહા..હા..! 'ભાઈ' ! આવી વસ્તુ છે. આહા..હા..!

પ્રભુની રમ્યતા,.. આકાશના તારાઓની રમ્યતા આંખ ઉઘાડે તો જણાય, એમ આત્માની રમ્યતા સ્વસંવેદનપ્રત્યક્ષ કરે તો જણાય. આહા..હા..! અંદર સમ્યગ્જ્ઞાનની આંખ–નેત્ર ઉઘાડે. આહા..હા..! આવી વાતું. કો'ક કહે છે કે કઈ જાતનું આ તે ? આવો તે વીતરાગ માર્ગ હશે આવો ? આ કલાક થવા આવ્યો, લ્યો ! પણ આ વ્રત પાળવા ને દયા પાળવી ને ભક્તિ (કરવી એવું) તો કાંઈ આવ્યું નહિ. હમુકનું આવ્યું એને નિષેધ્યું. આહા..હા..! એ તો રાગ છે, એનાથી કંઈ આત્મા જણાય એવો નથી. આહા..હા..!

પ્રભુ ! તારી બલિહારી, નાથ ! તું કોણ છો ? તને તારી ખબર નથી, ભાઈ ! તારી પ્રભુતાની પૂર્ણતા,... આહા..હા..! પરમાત્માએ જાણી એ વાણીમાં પણ પૂર્ણ કહી શક્યાં નથી. આહા..હા..! એ સ્વ રમ્યતાથી, સ્વસંવેદન રમ્યતાથી જણાય એવું છે. આ અનંત ગુણથી ભરેલો ચૈતન્ય-ચમત્કાર આત્મા, એ એના સ્વ અનુભવના, આનંદના વેદનથી અને જ્ઞાનમાં પ્રત્યક્ષ થવાથી પરની અપેક્ષા બીલકુલ નહિ, એવા સ્વસંવેદનપ્રત્યક્ષથી જણાય એવો છે. આહા..હા..! એટલે કે સમ્યગ્દર્શનમાં, સમ્યગ્દર્શનને કાળે (જણાય એવો છે). એ સમ્યગ્દર્શન તો પ્રતીત છે પણ પ્રતીતને કાળે સ્વસંવેદનજ્ઞાન થયું છે એનાથી જણાય. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાત. છે ?

**'સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે,...'** શું કીધું ? એની રમ્યતા સ્વસંવેદનથી જણાય છે પણ એ સ્વાનુભૂતિ સ્વસંવેદનની રમ્યતા પણ કોઈ જુદી જાતની છે. સ્વસંવેદનથી ત્રિકાળ વસ્તુની રમ્યતા જણાય પણ અહીં તો સ્વાનુભવ જે થયો પ્રત્યક્ષ વેદન (થયું) એની પણ કોઈ જુદી જ રમ્યતા છે. આહા..હા..! જ્યાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એની પણ અચિંત્યતા છે. આહા..હા..! સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહા..હા..! એવી અનુભૂતિની પણ કોઈ જુદી જાત છે. **'અનુપમ છે.'** એને પણ કોઈ ઉપમા આપી શકાતી નથી. આહા..હા..! વિશેષ કહેશે.... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૨, શનિવાર તા. ૨૨-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૨૪ થી ૧૨૬. પ્રવચન–૪૫**

**શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુના અનુભવપૂર્વક નીકળેલા વચનો રામબાણ જેવાં છે, જેનાથી મોહ ભાગી જાય છે અને શુદ્ધત્મતત્ત્વનો પ્રકાશ થાય છે. ૧૨૪.**

વચનામૃતનો ૧૨૪ બોલ, ૧૨૩ થઈ ગયા છે. **'શુદ્ધ આત્માનું સ્વરૂપ...'** ઝીણી વાત, બાપુ ! અભ્યાસ નથી ને. અંદર આત્મા જે વસ્તુ તરીકે છે એ તો શુદ્ધ આનંદકંદ પ્રભુ છે.

મુમુક્ષુ :– જણાતો કેમ નથી ?

ઉત્તર :– એમાં નજર ક્યાં કરે છે ? નજર બધી આ દયા, દાન, વ્રત, ભક્તિ આ પાપ-પુણ્ય સંસાર, ત્યાં એની નજરું અનાદિથી રખડવાની છે. આહા..હા..! છતી ચીજ છે એને એ જોતો નથી અને જે એમાં નથી તેને જોઈને ત્યાં અટકી ગયો છે. આહા..હા..!

અહીં કહે છે કે **'શુદ્ધ આત્માનું સ્વરૂપ...'** પહેલું એટલે શુદ્ધ આત્માનું સ્વરૂપ એ શું ? કે એ આત્મા પુણ્ય ને પાપના વિકલ્પ જે રાગ છે, એનાથી ચીજ, વસ્તુ ભગવાનઆત્મા ભિન્ન છે. આહા..હા..! એ પોતે સ્વરૂપે અંતરમાં સચ્ચિદાનંદ સ્વભાવી વસ્તુ છે. ભાઈ ! એને ખબર નથી. જેમાં અનંત અનંત અતીન્દ્રિય આનંદનો ભંડાર છે. આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદ ને ગુણો એટલે શક્તિઓ, સ્વભાવો એનો એ મોટો ગોદામ છે. ગુણનું એ ગોદામ છે. પણ કોને ખબર ? કોઈ દિ' સામું જોવું નથી. આહા..હા..! ગોદામ હોય છે ને ? ગોદામ. આ 'મુંબઈ'માં નહિ મોટા મોટા

ગોદામ ? આ શું કહેવાય તમારે ? કેસર, કેસરના ડબ્બા. એક ફેરી જોયેલું. ઘણા વર્ષ પહેલાં 'મુંબઈ' માલ લેવા જાતા ત્યારે. મોટા કેશરના ડબ્બા. મોટા ગોદામ. તે દિ' તો એક રૂપિયાનો રૂપિયા ભાર હતું. તે દિ'. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. હવે તો કહે છે કે બહુ મોંઘુ થઈ ગયું. કો'ક કાલે કહેતું હતું, ૧૦૦ રૂપિયાના રૂપિયા ભાર કેસર કેસર. કો'ક કાંઈક કહેતું હતું. આપણને કાંઈ (ખબર નથી). તે દિ' મોટા ગોદામ ભર્યા હોય, હોં !

એમ આ આત્મા બાપુ ! તને ખબર નથી, ભાઈ ! એ આત્મા જેને કહીએ એમાં તો અનંતા ગુણનું એ ગોદામ છે. આહા..હા..! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત અતીન્દ્રિય આનંદ, અનંત નિર્મળતા, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા એવી તો અનંત અનંત શક્તિ કહો કે ગુણ કહો કે સ્વભાવ કહો, એ ગુણનું ગોદામ છે પ્રભુ. એને ગુણ શોધવા હોય તો ત્યાં મળે એવું છે. આહા..હા..! એ અનંત અનંત શક્તિઓનો સંગ્રાહલય છે. જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિ (છે). બેહદ વાતું છે, બાપુ ! એ સ્વયંસિદ્ધ ચીજ જેમાં બેહદ આનંદ આદિ શક્તિઓનો એ સાગર છે. આહા..હા..!

અનંત અનંત જ્ઞાન આદિ પરમાત્માને પ્રગટે છે. પરમાત્મા એને કહીએ કે જેને અનંત જ્ઞાન પ્રગટ હોય, જેને અનંત દર્શન, અનંત આનંદ પ્રગટ હોય, જેના શરીરમાં વસ્ત્રનો ટુકડો પણ ન હોય, નગ્ન શરીર હોય. અંતરમાં ત્રિકાળી આનંદ ને જ્ઞાન દશા હોય. આહા..હા..! જેને ક્ષુધા ને તૃષાના આહાર-પાણી હોય નહિ. આહા..હા..! એવી શરીર સહિત દશામાં આત્મા પરમાત્મા થઈ શકે છે. આહા..હા..! અરે..! દુનિયા ક્યાંય ક્યાંય પરિભ્રમણમાં રખડે (છે). એવું જે ગુણનું ધામ એ શુદ્ધ આત્મા. પર્યાયમાં અવસ્થામાં અશુદ્ધતા છે, એની હાલત-દશા, પણ એ કંઈ વસ્તુમાં નથી. આહા..હા..!

એ શુદ્ધ આત્માના સ્વરૂપને '**બતાવવામાં ગુરુના અનુભવપૂર્વક નીકળેલા વચનો...**' ધર્માત્મા-જ્ઞાનીના-વચનો એવા હોય છે કહે છે... આહા..હા..! એ આનંદનું ધામ એના અનુભવપૂર્વક જે વચનો નીકળ્યા હોય છે... આહા..હા..! '**એ રામબાણ જેવા છે.**' રામનું બાણ જેમ નાખ્યું ફરે નહિ એમ ધર્માત્માના વચનો નાખ્યા ફરે નહિ. આહા..હા..! આકરી વાત બહુ. આ ધર્મ દુનિયા ક્યાંય માનીને બેઠી બિચારા. એક તો જાણે સંસારના પાપ આડે નવરો નથી. ધંધા, બાયડી, છોકરા, કુટુંબ સાચવવા, ખેતર સાચવવા, આહા..હા..! દીકરી હોય એને પરણાવવી, છોકરા હોય એને સારા ઠેકાણે નાખવા,

પાપ એકલું, અધર્મ. આહા..હા..! અને એમાંથી એની દુર્ગતિ થવાની.

મુમુક્ષુ :- હવે કરવું શું અમારે ઇ કહો.

ઉત્તર :- ઇ તો આ કહીએ છીએ. ઇ કરવાનું છોડી દઈ અને દયા, દાન, વ્રતના પરિણામ પણ કરવાના છે એમ છોડી દઈ; કેમ કે વસ્તુમાં એ પુણ્ય-પાપના ભાવ છે જ નહિ. એ તો દશામાં અનાદિથી વિકારી દશા ઉત્પન્ન કરી છે, વસ્તુમાં નથી. આહા..હા..! જેમ નિર્મળ સ્ફટિક છે. તમે તો નિર્મળ સ્ફટિક જોયું નહિ હોય. અમે તો જોયું છે ત્યાં 'જામનગર'માં. પહેલાં જ્યારે (સંવત) ૧૯૯૦ ની સાલમાં ગયા હતા ને ? વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે બધા મોટા મોટા માણસો (આવતા). ત્યાંનો એક દિવાન છે 'મહેરબાન' કરીને પારસી (છે) એ પણ વ્યાખ્યાનમાં આવતા. અહીં પરિવર્તન કર્યા પહેલાંની વાત છે. ત્યાં મોટા ડૉક્ટર એક હતા, હમણાં 'મુંબઈ' છે.

મુમુક્ષુ :- અત્યારે તો 'મુંબઈ' છે.

ઉત્તર :- અત્યારે 'મુંબઈ' છે. એ તો આવે છે ને કોઈ વખતે આવે એકાદ વાર. ક્યાં પડી છે ? બધા દુનિયાના હા..હો.. હા..હો માનના સંબંધ, કાંઈ રળવામાં બે, પાંચ લાખ મળે વર્ષે એટલે થઈ રહ્યું... રાજી રાજી ને મરી ગયા. નરકમાં જવાના બધા. આહા..હા..! ઢોરમાં અવતાર થવાના બધાના. ભાઈ ! ધર્મનો માર્ગ કાંઈ જુદો છે. એ પાપ આડે નવરો (થતો નથી), હજી પુણ્યના પણ ઠેકાણા નથી. કે દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે ? એને વાંચવું, એને વિચારવું, એવો વખત દિવસના ચાર કલાક, પાંચ કલાક લેવો તો એને પુણ્ય પણ બંધાય, ધર્મ તો નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! આટલી વાતું બહુ (આકરી). એટલો પણ વખત ન મળે, પુણ્ય કરવાનો વખત પણ ન મળે, ધર્મ તો ક્યાંય રહ્યો.

અહીં કહે છે કે ધર્મ તો એને ગુરુ કહે, શુદ્ધ સ્વરૂપનું શુદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ કર. ત્રિકાળી ભગવાન પરમાત્મ સ્વરૂપે અંદર છે. જે કોઈ પરમાત્મા દશામાં થાય છે એ અંદરમાં શક્તિ છે, સ્વભાવ છે એમાંથી થાય છે. એથી પરમાત્મ સ્વરૂપ તારું (છે) એમ ગુરુના, ધર્માત્માના વચનો છે. આહા..હા..! શું કહે છે આ ? પણ આ દેખાય છે કે માણસ છે, વાણિયો છે કે ઢોર છે કે આ બહારના... ને વળી આત્મા આવો આવો ક્યાંથી કાઢ્યો ? બાપુ ! તને ખબર નથી, ભાઈ ! એ આત્મા તો ભગવાન સ્વરૂપે આનંદનો નાથ છે. એ તો શુદ્ધ ચૈતન્યઘન છે. વસ્તુ છે ને ? તત્ત્વ

છે ને ? એ મોજૂદગી, હયાતી રાખતી એક ચીજ છે કે નહિ ? તો એ હયાતી રાખનારી ચીજ છે એનું નિત્યપણું છે કે નહિ ? અને નિત્યપણું છે તો એ નિત્યપણામાં સ્વભાવ શું છે ? આહા..હા..! ક્યાં એને વખત જ રહે છે. આહા..હા..!

એ નિત્યપણામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવા અનંતા ગુણો ભર્યા છે. એની વર્તમાન દશામાં એને ભાન નથી. વર્તમાન દશામાં તો પુણ્ય ને પાપના ભાવ કરીને ચોરાશીના અવતારમાં રખડી મરે છે. આહા..હા..! એ પાપ કરે તો નરકમાં જાય કાં ઢોરમાં જાય, પશુ થાય. ઘણાં વાણિયાઓ તો પશુ થવાના. કેમ ? ધર્મ આત્મા આનંદનો નાથ પ્રભુ છે એનું સમ્યગ્દર્શન તો છે નહિ. આહા..હા..! આકરી વાત છે, ભાઈ ! અને સત્સમાગમે દરરોજ ચાર કલાક, પાંચ કલાક વાંચન, શ્રવણ, મનન જોઈએ તો તો પુણ્ય પણ થાય, તો તો એ મનુષ્યપણું પણ પામે કાં સ્વર્ગમાં જાય, પણ એ પણ નથી. આહા..હા..! ઘણાં તો માંસ ને દારૂ તો વાણિયા તો ખાય નહિ એટલે એ નરકમાં તો ન જાય. સમજાણું કાંઈ ? આહા..હા..! પણ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, મૂર્છા, કષાયના ભાવને કર્યા કરે, વિકલ્પો, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધ ભાવનો કર્તા થઈને ત્યાં અટક્યો છે, એવા મરીને ઘણાં તો ઢોરમાં જાય. આહા..હા..! આકરું કામ, બાપુ !

કહ્યું નહોતું ? અમારું ઘરનું. અમારા ભાઈ હતા ને ? ભાગીદાર 'કુંવરજીભાઈ' ફઈના દીકરા. અત્યારે છે ને દુકાન મોટી છે. એ દુકાનમાં હું હતો ને મારી દુકાન હતી ને. 'પાલેજ'. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે ને ? દુકાન છે ને ? ત્યાં અમારા પિતાજીની દુકાન હતી. હું ત્યાં (બેસતો). પાંચ વર્ષ તો મેં દુકાન ચલાવી છે. ૧૭ વર્ષની ઉંમર થી ૨૨ પાંચ વર્ષ પાપમાં. આહા..હા..! એ ફઈના દીકરા અમારા ભાગીદાર હતા. છોકરાઓ ત્રણ છે. અત્યારે તો પૈસા છે, પાંત્રીસ-ચાલીસ લાખ રૂપિયા છે. પાંત્રીસ-ચાલીસ લાખ રૂપિયા છે, ત્રણ-ચાર લાખની અત્યારે પેદાશ છે. એના બાપ હતા. બહુ મમતા ધંધો... ધંધો... ધંધો... ધંધો... ધંધો... પછી એકવાર મારાથી કહેવાય ગયું. હું તો પહેલેથી નાની ઉંમરથી ભગત કહેવાતો. એકવાર મારાથી (કહેવાઈ ગયું). બે દુકાન હતી, ત્રીસ માણસ હતા, એક રસોડે જમતા હતા.

એકવાર 'કુંવરજીભાઈ' ને કહેવાય ગયું. મારી ઉંમર તે દિ' ૨૦ વર્ષની. (સંવત) ૧૯૬૬ની સાલની વાત છે. ૬૬ની સાલ, ૨૦ વર્ષની ઉંમર. ૬૮ વર્ષ થયા. એ

વખતે મેં કહ્યું. હું તો પહેલેથી ભગત (કહેવાતો). સંસ્કાર પૂર્વના હતા ને અંદર. ભાઈ ! મને એવું લાગે છે... દુકાને બેઠા હતા, મારા મોટાભાઈ દુકાને બેઠા હતા. પણ એ તો એની પ્રકૃતિ સરળ હતી અને તૃષ્ણા ઓછી હતી અને આ તો દુકાનની આમ હો..હા.. હો..હા.. હા... જાણે શું કર્યું ને શું અમે કરી નાખ્યું.

યાદ રાખો 'કુંવરજીભાઈ' ! જુઓ ! આપણે માંસ ને દારૂ ખાતા નથી. માટે તમે નરકે તો નહિ જાવ, ધ્યાન રાખો. કીધું. આ ૬૮ વર્ષ પહેલાંની વાત છે. ૨૦ વર્ષની ઉંમર. પણ તમે દેવમાં જાવ એ તમારા લખણ મને દેખાતા નથી. તેમ તમે મનુષ્ય થાવ એ પણ મને લખણ દેખાતા નથી, એમ મેં કહ્યું. દુકાને બેઠા હતા, થડા ઉપર બેઠા હતા. ફક્ત તમારે માટે એક પશુની ગતિ થશે એમ મને લાગે છે. ઢોરમાં જવાના, તમે યાદ રાખો. આ દુકાનમાં રળ્યા ને આ પૈસા ભેગા કર્યા ને બીજા કરતાં... 'રામજીભાઈ' ને મોઢે એવું ઘણું કહેતા, એમ કે બીજાની દુકાનો ભાંગી ગઈ પણ મારી દુકાન સરખી રહી ને મેં આમ કર્યું ને તેમ કર્યું. શેઠ કહેવાણા. કેટલી વાર પૂછતા ? 'રામજીભાઈ' પૂછે કે શેઠ કેટલી વાર કહે ? હજાર વાર કહે ? કે ના, ના પાંચસો વાર કહે. આવા ને આવા અક્કલના ખાં !

પુણ્ય હતું, બબ્બે લાખની વર્ષની પેદાશ હતી. બબ્બે લાખની દુકાનની આમદાની–પેદાશ. યાદ રાખો કીધું આ તમે ગમે એવી સ્થિતિ માનતા હો પણ તમારી ગતિ પશુની છે, ઢોરની ગતિ છે. નથી તમને નરક આપણે માંસ ખાતા માટે, નથી તમે દેવ થવાના, નથી તમે મનુષ્ય એના લખણ તમારી પાસે નથી અને અંતે થયું એવું, સનેપાત થઈ ગયો. આમ કર્યું ને મેં આમ કર્યું ને મેં આમ કર્યું ને મેં આમ કર્યું, સનેપાત થઈ ગયો. છોકરા ડાહ્યા છે, છોકરા ત્રણ છે. બાપા ! મહારાજ કહેતા એમ થઈ ગયું.

આ ઘણાંને જે જાતનું લઢણ હોય એ જાતના સપના આવે ને એ જાતનું લઢણ આમ કર્યું ને મેં આનું કર્યું ને ધંધા કર્યા ને પચીસ લાખ રૂપિયા ભેગા કર્યા ને પચાસ લાખ કર્યા ને કરોડ કર્યા ને અબજ કર્યા. એમાં તારા તેં ક્યાં કર્યા છે ? એ તો જડ ધૂળ છે. આહા..હા..! એ તો ધૂળ આવવાની હોય તો આવે ને ધૂળ ન આવવાની હોય તો ન આવે. આહા..હા..! એને ઠેકાણે અમે રળ્યાં ને અમે કર્યું એ બધું અભિમાન મિથ્યા ભ્રમ છે. આહા..હા..!

અહીં કહે છે કે શુદ્ધ આત્મા જે આમ રાગથી પણ રહિત (છે). આહા..હા..! દયા, દાન ને વ્રતના વિકલ્પથી પણ રહિત એવો પ્રભુ અંદર આનંદનો નાથ બિરાજે છે. એવા સ્વરૂપને બતાવનારા **'ગુરુના અનુભવપૂર્વક નીકળેલા વચનો રામબાણ જેવા છે. જેનાથી મોહ ભાગી જાય છે...'** આહા..હા..! શુદ્ધ આનંદનો નાથ એને બતાવે અને જો એની નજર ત્યાં જાય (તો) મોહનો નાશ થાય. ભ્રમણા ને મિથ્યાત્વ જે ભ્રમ છે તેનો નાશ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાત (છે). ડોલે છે અનાદિથી બાપુ ! એ વિકાર, પુણ્ય ને પાપમાં. એ કરી શકે પરનું કાંઈ કરી શકતો નથી. આત્મા એક પાંદડું પણ ફેરવી શકે નહિ. એક તણખલાના બે કટકા કરવા હોય તો એ આત્મા કરી શકે નહિ. કારણ કે એ જડ પર વસ્તુ છે. આહા..હા..! કરે શું ? શુભ ને અશુભ પરિણામ-ભાવ. એ કર્તા થઈને કરે ને મિથ્યાત્વભાવ સેવે (અને) દુર્ગતિ ને ચાર ગતિમાં રખડે. આહા..હા..! બહારમાં લોકો માન આપે. લાખ, બે લાખ આપ્યા હોય પાંચ લાખ તો આહા..હા..!

હમણાં ગયા હતા ને 'મદ્રાસ'. ત્યાં એક મોટું ઈસ્પિતાલ છે. 'મદ્રાસ'માં મોટું શું કહેવાય ? આ તમારી ઈસ્પિતાલ મોટું છે. એમાં એક 'નાનાલાલ ભટ્ટ' કરીને બ્રાહ્મણ છે એણે એમાં છ લાખ રૂપિયા આપ્યા. ન્યાં 'મદ્રાસ'માં હમણાં ગયા હતા ને. લોહી બાતવવું હતું ને ? ડૉકટરે કીધું છે કે પંદર દિવસે લોહી બતાવવું. લોહી લોહી. એટલે એ ડૉકટરની ખબર પડી. છ લાખ જેણે આપ્યાં. મહારાજ ! અમારા ઇસ્પિતાલમાં.... ઇસ્પિતાલ તો કો'કનું (હતું) પણ છ લાખ આપ્યા હતા એટલે મારે ત્યાં બતાવવાનું (હતું). અહીંથી લોહી લે છે ને ? પંદર દિવસે લોહી લે છે, પંદર દિવસે લોહી લેશે. પછી ત્યાં લોહી તપાસે. એટલે એ પોતે સાથે આવ્યા બિચારા ગયા અને જોયા. છ લાખ રૂપિયા આમાં આપ્યા છે. કીધું, પણ એમાં છ લાખ ધૂળ શું પણ છે ?

મુમુક્ષુ :- કેટલા માણસો ...

ઉત્તર :- ધૂળમાં પણ નથી. માણસ નરમ છે. આમ દેખાવ બહુ નરમ છે. આમ જોવો તો બ્રાહ્મણ છે. જેનો છોકરો બહુ પૈસા પેદા કરે છે. છ છ લાખ રૂપિયા એક રકમે ઇસ્પિતાલને આપ્યા પણ છતાં આમ વસ્તુની ખબર નહિ, ધર્મની તો કાંઈ કોને પડી છે ? આહા..હા..! તેમ 'મદ્રાસ'નો ગવર્નર છે ને અત્યારે ? પટવારી. એણે કહ્યું,

મહારાજ ! અમારા ગવર્નર હોલમાં પધારો, અમારે સ્વાગત કરવું છે. પટવારી છે ને ? શું નામ ? 'પ્રભુદાસ' છે ને. બહુ નરમ માણસ છે. ગયા હતા ત્યાં પણ એને આખું મોટું વન છે. જે રાજ ભવન છે, ગવર્નરનો હોલ છે એની પાસે મોટું ચારેકોર (મોટું વન છે). તેરસો તો હરણિયા છે. હરણિયા, સસલા, શિયાળીયા રાખ્યા છે. કોઈ મારી શકે નહિ, કોઈ શિકાર કરી શકે નહિ. એટલે એ જાણે આ બધું કરીએ છીએ. ધૂળેય એમાં ધર્મ નથી, કીધું. એ તો રાગની મંદતા કદાચ હોય તો શુભભાવ પુણ્ય (થાય). એમાં કાંઈ આ બધા થયા માટે ધર્મ (છે) ને તરી જશો, એ કાંઈ છે નહિ. થોડી વાત થઈ હતી. અમુક સીધી તો નહોતી કરી પણ આડેથી કરી હતી. સાંભળતા હતા, નરમ હતા. ગવર્નર હોલમાં લઈ ગયા હતા. વીસ મિનિટ બેઠા હતા, વીસ મિનિટ. પણ આ બધા બહારની હોળી... આમ તેરસો હરણિયા પાળ્યા ને સસલા પાળ્યા ને શિયાળીયા પાળ્યા. મોટું વન છે, મોટો રાજભવનનો મહેલ છે, ગવર્નર છે ને. બાપુ ! એ બધી ક્રિયાઓ પરની છે. આહા..હા..! એમાં કદાચિત્ રાગની મંદતાનો ભાવ હો તો એ પાપાનુબંધી પુણ્ય મિથ્યાત્વ ભ્રાન્તિ સહિતનું પુણ્ય છે. આહા..હા..! રાડ નાખી જાય લોકો તો બિચારા.

અહીં કહે છે કે ધર્મી જીવ તો એમ બતાવે છે એને, પ્રભુ ! તે પુણ્ય ને પાપના ભાવનો કર્તા એ તું નહિ. પરનો કર્તા તો નહિ કેમ કે તારું સ્વરૂપ તો શુદ્ધ જ્ઞાનઘન છે, એ જાણનાર-દેખનાર છે. એ જ્ઞાતા પ્રજ્ઞાચક્ષુ બ્રહ્મ આનંદબ્રહ્મ છે. આહા..હા..! પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ પ્રભુ છે. પ્રજ્ઞા નામ જ્ઞાન ને બ્રહ્મ નામ આનંદ. અરે..! ક્યાં એણે કોઈ દિ' (દરકાર કરી છે). રખડાવને આ કોણ ચીજ છે એની ખબર ન મળે. એ બતાવતા એને... આહા..હા..! મોહ ભાગી જાય. એવા સ્વરૂપની અંદર દૃષ્ટિ થતાં (મોહ ભાગી જાય).

શુદ્ધ સ્વરૂપે પ્રભુ બિરાજે છે એમ ગુરુ એને બતાવે છે અને એ જો એ શુદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ કરે તો મિથ્યારૂપી ભ્રાન્તિનો ત્યાં નાશ થઈ જાય છે. બીજી રીતે ભ્રાન્તિનો નાશ થવાનો ઉપાય એક્કે છે નહિ. કે બહુ વ્રત પાળવા ને બહુ બ્રહ્મચર્ય શરીરથી પાળવું માટે ભ્રાન્તિ ટળે, એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'અને શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે.'** આહા..હા..! શુદ્ધ ચૈતન્યપ્રકાશની મૂર્તિ

પ્રભુ ! આ સૂર્યનો પ્રકાશ તો જડ છે. એ જડને પ્રકાશનારો ચૈતન્યપ્રકાશ અંદર છે. એ ચૈતન્યના નૂરના પૂર જ્યાં ભર્યા છે. આહા..હા..! ક્યાં પણ જોવું એને ? એવા આત્માનું અંતર દર્શન કરતાં, એવા આત્માની સમીપમાં જતા ભ્રાન્તિનો નાશ થાય અને શુદ્ધાત્મપ્રકાશ પર્યાયમાં પ્રગટ થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી ધર્મની વાત ઝીણી બહુ, બાપુ ! આ તો કરો ભગવાનની પૂજા ને પછી મંદિર બનાવો ને મોટો રથ કાઢો ને ધર્મ (થઈ જાય). ધૂળ પણ નથી ધર્મ, મરી જાને ન્યાં. એ બધી બહારની ક્રિયાના કર્તા થઈને,... આહા..હા..! ભ્રમણાને સેવે અને એ ભ્રમણાના ફળ તરીકે ઇ ચાર ગતિમાં રખડવાના છે. આહા..હા..!

અહીં કહે છે, એ મોહ ભાગી જાય છે. ભાગી જાય છે એમ લખ્યું. એટલે ? શુદ્ધચૈતન્ય સ્વરૂપ જે ગુરુએ કહ્યું એવું જો એણે અંદરમાં જોયું ને જાણ્યું તો મોહ તો ઝટ તૂટી જાય, એકતા બુદ્ધિ તો ભાગી જાય છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં એકત્વ છતાં રાગની એકતાનો જે મિથ્યાત્વભાવ તો ત્યાં તૂટી જાય છે. આહા..હા..! આવી વાત.

**'અને શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે.'** શુદ્ધાત્મતત્ત્વનો (પ્રકાશ). પેલો રાગનો અંધકારનો પ્રકાશ હતો એને ઠેકાણે શુદ્ધાત્મત્ત્વની દૃષ્ટિ થઈ એટલે શુદ્ધાત્મ તત્ત્વ જેવું છે તેનો પ્રકાશ પર્યાયમાં આવે છે. તેની દશામાં આનંદ ને શાંતિ આવે છે. આહા..હા..! આવી વાતું છે. પણ આનું કાંઈ સાધન હશે કે નહિ બીજું કોઈ હળવું ? આ તો આકરું સાધન છે. ઇ જ સાધન છે, બાકી બીજા સાધન થોથા છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ૧૨૪ (બોલ પૂરો) થયો.

**આત્મા ન્યારા દેશમાં વસનારો છે; પુદ્‌ગલનો કે વાણીનો દેશ તેનો નથી. ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને. ૧૨૫.**

૧૨૫. **'આત્મા ન્યારા દેશમાં વસનારો છે;...'** શું કહે છે ? ભગવાનઆત્મા એ તો અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનમાં વસનારો છે. એ કાંઈ વાણી ને શરીરમાં વસનારો

નથી. આહા..હા..! આ વાણી છે ને આ શરીર જડ, માટી, ધૂળ છે. આમા આત્મા નથી, આ પરમાણુમાં આત્મા નથી. પરમાણુ જુદો (છે). એના જ્ઞાન ને આનંદના દેશમાં (આત્મા) વસે છે. આહા..હા..!

**'આત્મા ન્યારા દેશમાં વસનારો છે; પુદ્ગલનો કે વાણીનો દેશ તેનો નથી.'** આહા..હા..! વાણી જે બોલાય છે એ આત્માની નથી. આહા..હા..! એ આત્માનો દેશ વાણી નથી, આત્માનું ક્ષેત્ર એ વાણી નથી, આ શરીર આત્માનું ક્ષેત્ર નથી. આહા..હા..! આ તો માટી–ધૂળ–છે. વાણી–અવાજ પણ જડ ને ધૂળ છે. આ અવાજ ઉઠે છે એ તો વાણી જડ છે. આહા..હા..! કાને સંભળાય છે ને ? આમાં પણ ઉતરે છે એ જડ ઉતરે છે કે આત્મા ? બહુ ઝીણું.

ભગવાનઆત્માનો દેશ એટલે ક્ષેત્ર એનું ધામ શુદ્ધ ચૈતન્યધામ છે એ તો. એ વાણી ને શરીરમાં, દેશમાં, ક્ષેત્રમાં એના ભાવમાં એ આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! પુદ્ગલનો એટલે શરીર, કર્મ, પૈસા, મકાન, હજીરા મોટા, પચીસ-પચીસ લાખના મોટા બંગલા. સીત્તેર લાખનો છે ને ? આપણે ભાઈ હતા. 'મુંબઈ'માં. અમારે 'પાલેજ' પાસે 'આમોદ' છે ને ? 'આમોદ'ના ભાઈ છે. સીત્તેર લાખનું એક મકાન, ત્યાં ઊતર્યા હતા. (આમને) ખબર હશે, 'દાદર'. વર્ષ બેઠુ નહિ ? તે દિ' કઈ સાલ ? ૮૭મી જયંતિ. એ સીત્તેર લાખનું તો એક મકાન છે એને. સીત્તેર લાખનું. એમાં ઉતર્યા હતા. બહુ નરમ માણસ છે, ઘણાં પૈસાવાળા છે. પાંચ, છ કરોડ રૂપિયા છે. પાંચ, છ કરોડ રૂપિયા છે. સીત્તેર લાખનું તો મકાન છે. કીધું, હજીરો છે આ બધા. આમાં મમતા કરશે તો અહીંથી છૂટવું કઠણ પડશે, બાપુ ! દરિયાને કાંઠે છે. આવ્યા હતા ત્યાં ? આવ્યા હતા. 'આમોદ' છે 'પાલેજ' પાસે 'આમોદ' ત્યાંના છે. નરમ માણસ છે. એની માને બહુ પ્રેમ છે. ડોશી વૃદ્ધ છે. ત્યાં જઈએ એટલે બધા કાયમ વ્યાખ્યાનમાં આવે. એ પણ શું ? ધૂળ.

અહીં આપણો આ ભાઈ નહિ ? 'ગોવા' બે અબજ ચાલીસ કરોડ. સાંભળ્યું છે ? 'પાણાસણાવાળા'. આપણા દશાશ્રીમાળી વાણિયા છે. 'ગોવા' 'ગોવા'માં. એની પાસે બે અબજ ચાલીસ કરોડ, બે અબજ ચાલીસ કરોડ. હમણાં દોઢ વર્ષ પહેલાં ૬૧ વર્ષની ઉંમરે 'મુંબઈ'માં મરી ગયો. એની વહુને હેમરેજ થયેલું, હેમરેજ. અસાધ્ય (થયેલા). એની દવા માટે આવ્યા હતા. ત્યાં 'ગોવા'માં ચાલીસ લાખના મકાન છે.

સાંઈઠ લાખના ત્રણ મકાન છે. દસ દસ લાખના બે ને ચાલીસ લાખનું એક એવા ત્રણ મકાન છે. મોટો આપણો દશા શ્રીમાળી વાણિયો છે. સ્થાનકવાસી (હતો) પણ અંબાજીને માનતો. કાંઈ ઠેકાણા વિનાનું. અંબાજી. આહા..હા..! એ એક ક્ષણમાં ભાઈ ! 'મુંબઈ' એની વહુની દવા માટે આવ્યો હતો. થોડા દિ' પછિ રાત્રે દોઢ વાગે ઉભો થયો, (કહ્યું) મને દુઃખે છે. બસ ! ડૉકટરને બોલાવો. ડૉકટર જ્યાં આવ્યા પહેલાં રવાના. એના બે અબજ ને ચાલીસ કરોડ ધૂળેય કામ ન આવ્યા ને રખડવા ગયો, રખડવા. આહા..હા..! બે અબજ, બે અબજ કોને કહે ? બસ્સો કરોડ, બસ્સો ચાલીસ કરોડ. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળમાંય નથી ત્યાં, કાંકરા છે બધા. આહા..હા..!

પ્રભુ ! તારામાં તો અનંતા ચૈતન્યના રત્નો ચેતનમાં ભર્યા છે. અનંત જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એ તો અનંત રતન ભર્યા છે, ભાઈ ! તને ખબર નથી. એવા રતનની તને કિંમત નથી અને આ બહારના ધૂળની તને કિંમત છે. એ બધા ચોરાશીના અવતારમાં રખડવાના રસ્તા છે.. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

એ '**પુદ્ગલનો કે વાણીનો દેશ તેનો નથી.**' શું કીધું ઇ ? આ વાણી ને આ શરીર એ આત્માના નથી અને આત્માને લઈને નથી. આ વાણી નીકળે છે એ આત્માને લઈને નથી. અંદર ભાષાના જડ પરમાણુ છે એને લઈને વાણી છૂટે છે. કાંઈ ખબર ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

'અમૃતચંદ્રાચાર્ય' મુનિએ ન કહ્યું ? 'સમયસાર'ની સંસ્કૃત ટીકા બનાવી. આહા..હા..! 'હિન્દુસ્તાન'માં અત્યારે ભરતક્ષેત્રમાં એવી ટીકા નથી, એવા અમૃતના સાગર ઉછાળ્યા છે. 'સમયસાર'ની ટીકા આત્મખ્યાતિ. ત્રણ હજાર શ્લોક. એવી ટીકા તે એવી ટીકા ! દિગંબર સંત મુનિ, આનંદના સાગરના ઉછાળા મારેલા. એ જ્યારે ટીકા પૂરી થઈ ત્યારે બોલ્યા, આ ટીકાના વાણીના શબ્દો મેં કર્યા નથી, હોં ! હું તો જ્ઞાનસ્વરૂપ છું, એ વાણીમાં ક્યાંથી આવું કે એ વાણીને કરું ? આહા..હા..! શાસ્ત્ર 'સમયસાર'ની ટીકા. 'સમયસાર' એટલે ? ભરતક્ષેત્રના શાસ્ત્રનો ભૂપ ! આહા..હા..! એની ટીકા ત્રણ હજાર શ્લોકમાં. એવી ટીકા અત્યારે અન્યમાં તો નથી પણ દિગંબરમાં એવા બીજા શ્લોકમાં આવી ટીકા નથી. એવી ટીકા પૂરી થઈ એટલે કહે છે કે આ

શબ્દોની રચના મારી નથી, ભાઈ ! એ તો જડે કરી છે. આહા..હા..!

મુમુક્ષુ :– મોટા પુરુષ તો એમ જ કહે છે ને !

ઉત્તર :– એવું વસ્તુનું સ્વરૂપ છે એમ કહે છે. વાણી આત્મા કરી શકતો જ નથી. આ તો જડ વાણી છે. આહા..હા..! પક્ષઘાત થાય ત્યારે શરીર હલાવી શકતો નથી. પક્ષઘાત થાય છે ને ? આહા..હા..! હમણાં હમણાં આજ કાંઈક સાંભળ્યું. અમારા 'મનસુખ' ની વહુને પક્ષઘાત થયો છે, કહે છે, ભાઈ ! 'પાલેજ'માં. કાલે સાંભળ્યું હતું અને આજે પણ કહ્યું. 'કુંવરજીભાઈ' નો 'મનસુખ' એની વહુને. કંઈક બેઠા હશે રસોડે એકદમ પક્ષઘાત (થયો). કહો, હવે કાલે જ સાંભળ્યું હતું. પંદર દિ' પહેલાં થયું છે. પછી 'વડોદરા' લઈ ગયા અત્યારે કાંઈક ઠીક છે. આહા..હા..! હવે શરીરમાં રહ્યાં છતાં પણ પક્ષઘાત થાય એટલે જડનો એક જુદો ઘાત થાય એ એને હલાવી શકે જ નહિ. અમસ્તો પણ જીવતા પણ હલાવી શકતો નથી. એ હલે છે શરીરને કારણે આ શરીર હલે છે. જ્યારે પક્ષઘાત થઈ જાય ત્યારે જડની પર્યાય જડમાં એ જાતની ચાલવાની થાતી નથી. આત્મા અંદર ઘણી પ્રેરણા કરે તોપણ નહિ થઈ શકે. કારણ કે એ પરપદાર્થ છે. આહા..હા..! એ પરપદાર્થમાં આત્મા એના દેશમાં છે નહિ. આહા..હા..! છે ?

**'ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે.'** ચૈતન્યપ્રભુ જાણનાર-દેખનાર સ્વભાવ ભગવાનઆત્માનો... આહા..હા..! એ ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. એ તો જાણવું-દેખવું એવું પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ તેમાં તે પ્રભુઆત્મા રહેલો છે. આહા..હા..! આ, હોં ! અત્યારે પણ. આ વકીલો બધા કોર્ટમાં કાયદા કાઢતા હશે. 'રામજીભાઈ' નહોતા કહેતા ? જજને મોટા કાયદા બતાવતા. બહુ વખાણ થતા હતા. ગપ્પેગપ છે બધું. કોણ વાણીને કરે ? બાપુ ! તને ખબર નથી. વાણી તો જડના પરમાણુની દશા પુદ્‌ગલ જડની છે. આ શરીરમાં હાલવું, ચાલવું એ જડની દશા છે. આ હોઠ હલે એ જડને લઈ ને જડથી છે, આત્માથી નહિ. અરે..! એને ક્યાં ભાન ક્યાં છે ? આહા..હા..! કેમ ? કે ચૈતન્યસ્વરૂપ જે ભગવાન તો ચૈતન્ય સ્વભાવમાં છે. એ કાંઈ રાગમાં પણ આવતો નથી ને શરીર ને પુદ્‌ગલમાં તો આવતો નથી. આહા..હા..! આવું બેસવું (કઠણ પડે).

આ બહારની ચમક મસાણમાં જેમ ફાસફૂસ હોય છે ને ? શું કહેવાય ફોસ્ફરસ ?

મસાણમાં પેલા હાડકા હોય ને ? હાડકા. ચમક... ચમક... ચમક... થાય. છોકરાઓને ન જવા દે. (એમ કહે), ન્યાં ભૂતડા છે. પેલી હોય તો હાડકાની ચમક. મસાણમાં હાડકા હોય ને ? આ બળી ગયું હોય ને હાડકા પડ્યા હોય. ચમક થાય, ચમક. ફોસ્ફરસ. અમે નાની ઉંમરના હતા તો છેટા (રાખે). નહિ જશો ત્યાં. કેમ છે ? જુઓ ! ચમક થાય છે એ ભૂતડા છે. ભૂતડા નથી, એ તો હાડકાની ચમક છે.

એમ આ બધી શરીર, વાણી, મન, મકાન એ હાડકાની ફાસફૂસ છે. એમાં આત્મા નથી ને એ આત્માએ કરેલું નથી. આહા..હા..! આકરું કામ ભારે. રૂપાળા શરીર હોય અને સોનાના દાગીના, હીરા અહીં ટાંગ્યા હોય ને લટકતા હોય, અહીં હીરા નાખ્યા ને અહીં ગળે નાખ્યું હોય. મડદાને શણગાર્યું હોય. અને એ વખતે એમ થશે કે આહા..હા..! આ પરણે ત્યારે કેટલાક હાથમાં પણ પેલા રાખે છે આમ પંજામાં ને બધે (પહેરે). દેખીએ, આમ દેખાય ને. આહા..હા..! ચામડાને ઢાંકે માથેથી. આમ માથે દાગીના (પહેરાવે). આ ન દેખાય. સોના હોય છે સોનાના. રાજાઓને રતનના હોય છે, એકલા રતન ભરેલા. આહા..હા..! એ તો માટી ને ધૂળ છે, પ્રભુ ! એમાં આત્માનું એ નથી ને આત્મા ત્યાં આવ્યો પણ નથી, આત્માએ તેની રચના કરી પણ નથી. એ તો જડની રચના માટી ધૂળની છે. આહા..હા..!

એ અહીં કહે છે, **'ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા...'** આહા..હા..! શું કહે છે ? એને જાણનાર આ છે તે આત્મા. જેમાં જણાય છે એ જ્ઞાનમાં જણાય છે. એ જ્ઞાન તે આત્મા. રાગ ને પુણ્ય ને શરીર-વાણી તે આત્મા નહિ. આહા..હા..! જેની સત્તામાં, જેની હયાતીમાં આ શરીર, વાણી, મકાન દેખાય છે, જણાય છે એ જ્ઞાનની સત્તા એ આત્મા છે. આહા..હા..! ક્યાંય કોઈ દિ' વિચાર્યું નહિ. અંદર આ કોણ ચીજ છે અંદર ? જેના હોવાપણામાં, પ્રભુના હોવાપણામાં તો આ બધું જણાય છે. એ બધું જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. એ સંબંધીનું જે પોતાનું જ્ઞાન છે એ પ્રકાશે છે. ચૈતન્ય ચૈતન્યમાં રહેલ છે. ચૈતન્ય પ્રકાશની ચીજમાં ગયું નથી કે એને પ્રકાશે. આહા..હા..! છે ?

**'જ્ઞાનલક્ષણ દ્વારા એને ઓળખાવે છે.'** પ્રભુ ! તું કોણ છો ? તારું લખણ શું ? આહા..હા..! એટલે લક્ષણ શું ? કે આ જાણનારો જણાય છે ને જે, જે જ્ઞાન જાણે છે ને ? એ જ્ઞાન તે આત્મા. રાગ ને પુણ્ય-પાપના ભાવ કંઈ જાણતા નથી, એ

તો આંધળા છે. એમ આ શરીર આંધળું (છે). શરીરને શરીરની ખબર છે કે હું શરીર છું ? આને ખબર છે ? આને ખબર છે કે હું આંગળી છું ? આ તો માટી છે. આહા..હા..! જેની સત્તામાં, ચૈતન્યની સત્તામાં ચૈતન્ય ત્યાં રહ્યો છે એની સત્તામાં જે આ જણાય છે તે જાણનારું તે જ્ઞાન તે તારું સ્વરૂપ છે. બાકી આ જણાય એ (તું) નહિ અને રાગ એ પણ તારું સ્વરૂપ નહિ. પુણ્ય ને પાપના ભાવ એને જાણનારું સ્વરૂપ તે તારું છે. એ સ્વરૂપ રાગાદિ તારું સ્વરૂપ નથી. આહા..હા..! હવે આને ક્યાં નવરો ન મળે. આહા..હા..!

**'તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને.'** જાણવામાં જે આવે છે, જેમાં જણાય છે એ જ્ઞાન. એ જ્ઞાન તે આત્મા. આ બાજુમાં રાગાદિ શરીર એ આત્મા નહિ. આહા..હા..! **'જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને...'** અંદર જઈને. જે જ્ઞાન બહારને દેખવા રોકાણું છે એ જ્ઞાનને અંદર (લઈ) જઈને. અરે.. અરે...! આવી વાતું હવે. આવો ધર્મ કઈ જાતનો હશે આ ? બાપુ ! તને ધર્મની ખબર નથી. ધર્મ કોઈ અલૌકિક અપૂર્વ છે. અનંત કાળ ગયા પણ એક સેકન્ડ પણ ધર્મ શું છે, કર્યો નથી પણ જાણ્યો પણ નથી (કે) કેવો ધર્મ હોય. આહા..હા..!

એ ભગવાનઆત્મા ચૈતન્ય ચૈતન્યમાં રહ્યો છે. માટે તે જ્ઞાનના લક્ષણ દ્વારા જણાય છે. એ જ્ઞાન દ્વારા જાણે છે તે આત્મા. એમ જ્ઞાનને અંતરમાં લઈ જઈ અને આત્માને ઓળખ, આત્માનું જ્ઞાન કર, તને આનંદ થશે. તને દુઃખ ટળશે અને આનંદ થશે. આહા..હા..! જે સ્વયં જ્યોતિ સુખધામ. સ્વયં ચૈતન્યજ્યોતિ છે એનો કોઈ કર્તા નથી. છે એને કરે કોણ ? અને ન હોય એને કરે કોણ ? સત્ છે, ત્રિકાળી જે છે એવું જે સ્વયં સત્ સ્વરૂપ ચૈતન્ય... આહા..હા..! એના જ્ઞાન દ્વારા એને ઓળખી લે. એ દયા, દાન ને વ્રતના પરિણામથી નહિ ઓળખાય. એ તો વિકાર છે, એનામાં નથી. આહા..હા..! આવું આકરું પડે માણસને.

ધંધા આડે નવરો થતો નથી. બાયડી, છોકરા, ધંધો, દુકાન એમાં છોકરા સારા પાક્યા. પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખની પેદાશવાળા, એમાં આઠ-આઠ છોકરા હોય ને જુઓ! એ તો હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય એને. આહા..હા..! ઇ પહોળો થયો છે રખડવામાં. આહા..હા..! રખડવામાં જાશે. આહા..હા..! જ્યાં જે યોનીમાં રખડશે ત્યાં કોઈ એનું સગું નથી, ત્યાં કોઈ એનું જાણેલું ક્ષેત્ર નથી, ત્યાં એનો જાણેલો

કોઈ ભાવ નથી, આહા..હા..! એવે અજાણે ક્ષેત્રે જઈને અવતરશે. જેણે આત્માને જાણ્યો નથી તે. આહા..હા..! શું કીધું ?

**'તે લક્ષણ દ્વારા...'** જાણનાર... જાણનાર... જાણનાર... જાણે છે. તે જ્ઞાનના લક્ષણ દ્વારા લક્ષ–આત્માને શોધી લે અંદરથી. આહા..હા..! આ જાણવું છે તે આત્મા, જાણનાર છે તે આત્મા એમ જાણનારને અંતરમાં જઈને શોધી લે. આહા..હા..! છે ? **'શોધી લે આત્માને.'** આહા..હા..! ત્યારે તને ધર્મ થાય ને ત્યારે તારા જન્મ-મરણ મટે. આહા..હા..! એમાં 'મુંબઈ' જેવી (નગરી) ને ઉપાધિનો પાર ન મળે. મોહમયી નગરી. બાપા ! કહે છે ને કે આઠ થી આઠ વાગ્યા સુધી જાવું. પછી ભલે છ હજાર ને આઠ હજારનો પગાર મહિને (મળતો હોય). આહા..હા..! ઉપાધિ. 'શ્રીમદ્' મોહમયી નગરી કીધી છે ને ? મોહમયી નગરી. મોટરું ભું... ભું.. કરતી હોય ને કેટલા કરોડોપતિ, કેટલા પૈસાવાળા મોટા રાજાઓ ત્યાં રહે છે ને ? રાજપણું ગયું એટલે રાજાઓ ઘણાં 'મુંબઈ'માં રહે. આહા..હા..! મોટરું મોટી ને,... આહા..હા..! બહારની ચમક ને ભમક, એમાં એ મૂંઝાઈ ગયો. અંદરના ચૈતન્યની ચમક. જે રતન ચૈતન્યના ચૈતન્યના રતનના પ્રકાશની ચમક શું છે અંદર,.... આહા..હા..! એ જોવા કોઈ દિ' નવરો થયો નથી. સમજાણું કાંઈ ? એને શોધી લે, પ્રભુ ! આહા..હા..! તું મોટો છો, પ્રભુ ! એ જ્ઞાનના લક્ષણ દ્વારા તારું લક્ષ તું ઓળખી શકીશ. એવો તું છો અંદર. આહા..હા..! શબ્દો થોડા પણ ભાવ ઘણા ઊંચા છે. સમજાણું કાંઈ ? ૧૨૫ (બોલ પૂરો થયો).

**પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય પર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ. જેને લાગી હોય તેને પુરુષાર્થ ઊપડ્યા વિના રહેતો જ નથી. અંદરથી કંટાળે, થાકે ખરેખરનો થાકે તો પાછો વળ્યા વિના રહે જ નહિ. ૧૨૬.**

૧૨૬, **'પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય પર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ.'** શું કહે છે ? એકલા સત્ય સિદ્ધાંતો છે. વર્તમાન દશામાં રાગાદિ થાય અને જે વર્તમાન દશા છે, પર્યાય–હાલત, એના ઉપરની દૃષ્ટિ છે (તે) છોડી દે. છે ? **'પર્યાય પરની દૃષ્ટિ**

**છોડી...**' વર્તમાન જે ચાલતી દશા છે, વિચારની હલચલ થઈ રહી છે એવી પર્યાય ઉપર અવસ્થાથી દૃષ્ટિ છોડી દે. આહા..હા..! હવે એને હજી તો બાયડી, છોકરા ને પૈસા ને મકાનમાંથી દૃષ્ટિ છોડવી કઠણ પડે.

અહીં કહે છે, પ્રભુ ! તારામાં બે ભાવ છે. એક ત્રિકાળી ભાવ છે અને એક વર્તમાન બદલતી દશારૂપ ભાવ છે–પર્યાય. જેમ સોનું છે એ સોનાનું કાયમપણું સોનાનું પીળાશ, ચીકાશ, વજનપણે કાયમ છે. સોનું એ તત્ત્વ છે અને એની પીળાશ, વજન એ એની શક્તિઓ કાયમ છે. અને એમાં કુંડલ, કડા, વીંટી થાય તે એની અવસ્થાઓ હાલત છે. એ પર્યાય કહેવાય, હાલત. એમ ભગવાનઆત્મા સોના સમાન ત્રિકાળ દ્રવ્ય છે અને એનામાં આનંદ, જ્ઞાન આદિ શક્તિઓ (છે). જેમ સોનામાં પીળાશ, ચીકાશ (છે) એમ શક્તિઓ પણ ત્રિકાળ છે. એની વર્તમાન દશામાં જેમ પેલા સોનામાંથી કડા ને વીંટી કરે એમ વર્તમાન દશામાં પર્યાયમાં પલટો મારે, રાગ કરે, દ્વેષ કરે, જ્ઞાનની પર્યાય ઓછી-વત્તી કરે. આહા..હા..! એ બધી પર્યાય ઉપર તારી દૃષ્ટિ અનાદિની છે. તારે હિત કરવું હોય તો એને છોડી દે. આ તે કંઈ વાત છે. આહા..હા..!

ભગવાન ને ત્રણ લોકના નાથ તીર્થંકરો ને સર્વજ્ઞો, એના ઉપરથી તું લક્ષ છોડી દે. એ પર છે. પણ એની શ્રદ્ધાનો રાગ છે એનાથી લક્ષ છોડી દે. એને તો છોડી દે પણ એ રાગને જાણનારી જે દશા, વર્તમાનમાં રાગ છે એમ જાણે છે, એ પર્યાય ઉપરની દૃષ્ટિ છોડી દે. આહા..હા..!

'**દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે.**' દ્રવ્ય પર દૃષ્ટિ દે. દ દ ત્રણ આવ્યા. પેલી પર્યાય પર આવ્યા પ પ બે આવ્યા એક સાથે. '**પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય પર...**' દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી ચિદ્ નિત્ય ધાતુ, ચૈતન્ય વસ્તુ ત્રિકાળી. એ '**દ્રવ્ય પર દૃષ્ટિ દે.**' એ કંઈ વાતે વળે એવું નથી, બાપા ! આહા..હા..! એ ક્રિયાકાંડો કરે દયા, દાન ને વ્રતના માટે ત્યાં દૃષ્ટિ થઈ જાય (એમ નથી). આહા..હા..! જે રાગ ને દયાના ભાવને પણ કરું છું એ ભાવ પણ મિથ્યાભ્રમ છે, અજ્ઞાન છે. આહા..હા..! પણ એ દયાના ભાવને જાણનારી જે વર્તમાન દશા છે કે આ રાગ છે, એ પર્યાય ઉપર દૃષ્ટિ છે એ છોડી દે. કારણ કે એ અંશ છે, વસ્તુ ત્રિકાળી ધ્રુવ છે. આહા..હા..!

પરમ સત્ સાહેબ પરમાત્મ સ્વરૂપે બિરાજમાન છે અંદર. તને તારી ઋદ્ધિ, સિદ્ધિ

કેમ વૃદ્ધિ પામે એની ખબર નથી. જ્યાં ઋદ્ધિ પડી છે ત્યાં જા. આરે...! આ કઈ જાતની આ વાત ? પર્યાય વર્તમાન દશાની ઉપરની ત્યાંજ તારી અનાદિની દૃષ્ટિ છે. એ એક સમયની પર્યાયની પાછળ, પાસે ધ્રુવ તત્ત્વ છે પોતે, કાયમી રહેનારી પોતે ચીજ છે. એ પર્યાય ઉપરની દૃષ્ટિ છોડી ને કાયમી રહેનારી જે ચીજ છે ત્યાં દૃષ્ટિ દે. આહા..હા..! ભાષા તો બહુ ટૂંકી પણ ભાવ (બહુ ગંભીર), બાપુ ! આહા..હા..! અરે..! એને સાચું સાંભળવા મળે નહિ, એ વિચારે કે દિ' ને અંતરમાં જાય કે દિ' ? આ જિંદગી આમ ને આમ ચાલી જાય છે.

અહીં તો (કહે છે), **'પર્યાય પરની દૃષ્ટિ છોડી...'** શરીર મારું ને કર્મ મારા ને બાપ મારા ને છોકરા મારા ને મકાન મારું ને પૈસા મારા એ તો વાત ક્યાંય ગઈ. એ તો તારી બધી ભ્રમણા મોટી. એને તો છોડી દે પણ તારા સ્વરૂપની દૃષ્ટિ કરવી હોય, ત્રિકાળીની એટલે ધ્રુવની એટલે કે નિત્ય રહેનારું તત્ત્વ પ્રભુ, એની જે અનિત્ય વર્તમાન દશા છે તે અનિત્ય પરની દૃષ્ટિ છોડી અને નિત્ય ઉપર દૃષ્ટિ કર તો તને આત્મજ્ઞાન થાય. આહા..હા..! તો એ આત્મા કેવડો ને કેમ છે ત્યારે તને તેનું જ્ઞાન થાય. બધી અજાણી જેવી વાતું લાગે. પે'લું તો ભગવાનના ભજન કરવા ને કરતાલ લઈને આમ બસ ! જય નારાયણ... જય નારાયણ. ધૂળમાંય નથી ન્યાં. એ આત્મા ત્યાં છે નહિ ને એ ક્રિયાકાંડમાં આત્મા આવતો પણ નથી. આત્મા તો જ્ઞાન સ્વરૂપી ચૈતન્ય બિરાજે છે અંદર. આહા..હા..!

અત્યારે આમ સાંભળીએ છીએ... આહા..હા..! ક્ષણે ક્ષણે આમ થઈ ગયું ને પક્ષઘાત થયો, કોઈ કેન્સરમાં મરી ગયો ને... આહા..હા..! અરે..રે..! એવા અવતાર તો પ્રભુ ! અનંતવાર કર્યા છે. એ અવતારનું મૂળ કારણ મિથ્યાભ્રમ, મિથ્યાત્વ કારણ છે અને એ મિથ્યાત્વ કારણ કેમ છે ? કે એના વર્તમાન અંશમાં આખો આત્મા નથી. તેમાં એણે આત્માની દૃષ્ટિ મુકી છે એ મિથ્યાત્વ છે. મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ છે. કેમ ? જે સત્ ત્રિકાળી પ્રભુ છે, ત્રિકાળી સત્ સ્વરૂપ છે એના ઉપર દૃષ્ટિ નથી તે તો અસત્ છે. ત્રિકાળી સત્ છે તેના ઉપર દૃષ્ટિ દે તો દૃષ્ટિ સત્ છે ને ઇ વસ્તુ સત્ છે. આહા..હા..! શરીર, વાણી, મન, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા તો ક્યાંય રહી ગયા. એ તો તારામાં છે નહિ ને તેં કર્યા નથી ને તારે લઈને આવ્યા પણ નથી. આહા..હા..! પણ તારે લઈને તારામાં જે પર્યાય થઈ છે... આહા..હા..! અને તારે

લઈને જે વર્તમાન દશા તેં કરી છે. પે'લું તો કર્યું નથી ને તું કરતો પણ નથી ને તારામાં છે પણ નહિ. આહા..હા..!

તું એક ચીજ છો અનાદિ અનંત નિત્યાનંદ અવિનાશી પ્રભુ ! આહા..હા..! એ આત્મા છેદાય નહિ, ભેદાય નહિ અવિનાશી એવી તત્ત્વ ચીજ છે. એ ચીજને તેં (જોઈ નથી). વર્તમાન પર્યાય એણે કરેલી છે. એણે કરેલી છે અને એનામાં વર્તમાન દશા છે એની દૃષ્ટિ છોડી દે. તારામાં જે વસ્તુ નથી એની તો દૃષ્ટિ છોડી દે. આહા..હા..! ભાઈ નથી આવ્યા ને ? અત્યારે શરીરે ઠીક નહિ હોય. શરીરના એવા ઠેકાણા છે. આહા..હા..! શું કહ્યું ? પ્રભુ !

તારી જે ધ્રુવ પ્રભુતા મોટી છે એની દૃષ્ટિ તેં કરી નથી પણ વર્તમાન તેની હાલત ક્ષણિક દશા છે એના ઉપર તારી રમતું (છે) અને એને તેં પોતાનું માન્યું છે. પરને (પોતાનું) માન્યું એ તો વળી મોટી ભ્રમણા (છે). આહા..હા..! પણ તારી વર્તમાન દશા છે એ તારી કરેલી ને તારી છે. દશા, હોં ! જાણવાની, દેખવાની પર્યાય જે અંશ છે એ તારી કરેલી છે, તારામાં છે, તારા દ્રવ્યની તે અવસ્થા–અંશ છે. એ અંશ ઉપરની દૃષ્ટિ તો અનાદિની છે. ન્યાંથી તે કોઈ દિ' અંશી ત્રિકાળ ઉપર તારી દૃષ્ટિ આવી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– છેલ્લો વિકલ્પ એક જ ઉપાય.

ઉત્તર :– હા, આ એક જ ઉપાય છે. અંતરદૃષ્ટિ કરવી. વિકલ્પ-ફિકલ્પ તોડવો પણ નથી ને. આકરું કામ છે, ભાઈ ! વસ્તુ જે સત્ પ્રભુ ત્રિકાળ રહેનારું તત્ત્વ છે તેની વર્તમાન દશા તેણે કરેલી છે, એ કરેલી ને એની દશામાં છે એની દૃષ્ટિ છોડી દે. આહા..હા..! આવું સ્વરૂપ (છે). આ શરીર, વાણી ને બાયડી, છોકરા, કુટુંબ, મકાન, પૈસા એ તો ક્યાંય રહ્યાં. એ ક્યાં તારામાં હતા ? તારી દશામાં એ નથી તારા નથી અને તારે લઈને આવ્યા નથી, તારે લઈને રહ્યા નથી અને જાય ત્યારે તારે લઈને નહિ જાય, એને કારણે જાશે. પણ તારે લઈને થયેલી તારી વર્તમાન દશા છે. આહા..હા..! ગજબ વાત કરે છે. ભાઈ ! એને બાયડી-ભાયડો બે છે, (બીજું) કાંઈ નથી પણ ધંધા કરે હજી અંદર.

મુમુક્ષુ :– કોઈને બાયડી-છોકરા (નથી).

ઉત્તર :– માને છે.

અહીં તો એમ કહેવું છે કે તારામાં જે ચીજ નથી એના ઉપરથી દૃષ્ટિ (છોડી દે). તું કરતો પણ નથી અને એ તો તારામાં છે જ નહિ પણ તારામાં તારી દશા (છે). વર્તમાન વસ્તુ ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ (છે) પણ એની વર્તમાન અવસ્થામાં અલ્પજ્ઞપણાની જે દશા છે, હાલત (છે) એ છે એની, એની કરેલી ને એનામાં (છે). એનામાં (એટલે) દશામાં, હોં ! વસ્તુમાં નહિ. એના ઉપરથી દૃષ્ટિ છોડી દે. આહા..હા..! અને **'દ્રવ્ય પર દૃષ્ટિ દે...'** વસ્તુ જે સત્ સાહેબ પ્રભુ ત્રિકાળ છે ત્યાં દૃષ્ટિ દે **'તો માર્ગ મળે જ.'** તો એને માર્ગ મળે જ. આહા..હા..! બહુ અલૌકિક વાત છે, ટૂંકી (છે).

શરીર, વાણી એમાં તો આત્મા છે જ નહિ અને એ કાંઈ આત્માએ કર્યા નથી પણ આત્માએ રાગ કર્યો છે એ કર્તાપણું પણ છોડી દે. એ અહીં વાત નથી, પણ એની જે રાગને જાણનારી પર્યાય છે... આહા..હા..! વર્તમાન પલટતી દશા (છે) એટલો અંશ તારામાં (છે) પણ તેના ઉપરની દૃષ્ટિ છોડી દે. કારણ કે એમાં આખો આત્મા નથી આવ્યો. ભાઈ ! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૪, રવિવાર તા. ૨૩-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૨૬ થી ૧૨૭. પ્રવચન–૪૬**

વચનામૃત, ૧૨૬ બોલ. હજી એક લીટી ચાલી છે ને ?

**'પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય પર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ.'** સૂક્ષ્મ ભાષા છે. આત્મા વસ્તુ છે એ અનંત ગુણાત્મક વસ્તુ છે. અનંત ગુણ સ્વરૂપ ધ્રુવ અને એની અવસ્થા બદલે છે. પર્યાયમાં અવસ્થાનું બદલવું થાય છે. એ બે (અંશ) છે. એમાં અનાદિકાળની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપરનો અભાવ છે એથી એની પર્યાય ઉપર દૃષ્ટિ છે, એમ કહ્યું. રાત્રે વાત થઈ હતી, નહિ ? અહીં થઈ નહિ હોય વ્યાખ્યાનમાં ? **'पर्यायमूढा हि परसमया'** એમ કહ્યું છે. 'પ્રવચનસાર'ની ૯૩ ગાથા છે, 'જ્ઞેય અધિકાર'ની પહેલી ગાથા. જ્ઞેય એટલે કે છ દ્રવ્ય. હવે એમાં છ દ્રવ્યમાં આપણે અહીંયા આત્મા જ્ઞેય (તરીકે) લઈએ તો એના પણ અંદર બે પ્રકાર (છે). ત્રણ પ્રકાર લીધા છે. દ્રવ્ય જે કાયમ રહે તે અને તે દ્રવ્ય ગુણાત્મક–ગુણસ્વરૂપ છે અને તેની વર્તમાન પર્યાય છે. ત્રણ વાત લીધી છે. ૯૩ (ગાથા). હજી દ્રવ્ય ગુણ પર્યાય (તેની ખબર ન મળે).

પોતાનું સ્વરૂપ જે દ્રવ્ય છે તે ત્રિકાળી શક્તિનો ધરનાર (છે) અને ગુણ છે તે શક્તિઓ અને ગુણો–સ્વભાવ છે અને એની અવસ્થા–પર્યાય બદલાય છે. એમ ત્રણ કહી અને ત્યાં ચોથા પદમાં એમ કહ્યું **'पर्यायमूढा हि परसमया'**. એક સમયની પર્યાય અનંત ગુણની ભલે અનંત હો પણ એક સમયની મુદત જેટલી પર્યાય છે. એને ત્રિકાળી વસ્તુ છે, વસ્તુ છે ત્રિકાળી એને ખરેખર તો ત્રિકાળી દ્રવ્યને જ સ્વકાળ કહ્યો છે. એક સમયની પર્યાયને પરકાળ કહ્યો છે. આવી વાતું ઝીણી બહુ, બાપુ ! ૨૫૨ કળશ, ૨૫૨ કળશ છે ને ? આ 'કળશ-ટીકા'. આહા..હા..!

એ વસ્તુ જે ત્રિકાળ છે, અનંત ગુણાત્મક વસ્તુ ત્રિકાળ છે તેને સ્વકાળ કહ્યો છે અને એક સમયની અવસ્થા છે એની એનામાં છે એને પરકાળ કહ્યો છે. કેમ

કે એની દૃષ્ટિ ત્યાંથી છોડાવવી છે. એક સમયની અવસ્થા છે ઇ અવસ્થાઓ અનંત છે. છે એક સમય પણ અવસ્થાઓ અનંત છે. પણ અનંત છે એ પણ એક સમયની મુદતવાળી છે. એથી પર્યાયમાં જે મૂઢ છે એને અનાત્મા કહ્યો છે, પરસમય કહ્યા છે. આહા..હા..!

શ્વેતાંબરના 'યશોવિજય' એક (સાધુ) થઈ ગયા છે. એને પણ એમાં શંકા પડી ગઈ. એણે એ ચોથા પદની ટીકા કરી છે. અહીંનું વાંચ્યું તો ખરું, લોકોએ દિગંબરોનું વાંચ્યું છે પણ એણે ટીકા કરી (કે) પર્યાયમૂઢ સમય હોય તો તો પર્યાય રહિત દ્રવ્ય થાય, એ તો વેદાંત થઈ જશે. એવી ટીકા કરી છે. એમ નથી, ભાઈ ! અહીં તો પર્યાય છે તો ખરી પણ તેના ઉપર જ એકલી જેની દૃષ્ટિ છે (તે પર્યાયમૂઢ છે). પછી એમાં તો ટીકામાં તો પરમાણુ દ્વીપટ્ટી ને ત્રીપટ્ટી ને દ્રવ્ય-પર્યાય ને એમ લાંબી વાત કરી છે પણ મૂળ તો આમ છે. આહા..હા..!

અહીંયા વસ્તુ છે, સહજ સ્વરૂપ પ્રભુ ! અહીં તો આત્મા ઉપર લેવાની વાત છે. એ ત્રિકાળ અનંત અનંત શક્તિનો સંગ્રહાલય વસ્તુ એક (છે) અને તેની અવસ્થાઓ બદલે, દશાઓ બદલે એટલે કે પર્યાય બદલે, બદલતી અવસ્થાની મુદત એક સમયની છે અને કાયમ રહેવાની મુદત ત્રિકાળ છે. આહા..હા..! એટલે અહીંયા કહે છે કે પર્યાય ઉપર જેની દૃષ્ટિ છે એટલે ભલે આગળ જઈને એ રાગને ને સંયોગને માને અંદર તો એને પર્યાય કહે પણ મૂળ તો પર્યાય એટલે દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળ છે તેના ઉપર અનાદિથી દૃષ્ટિ નથી. એથી એને પર્યાયમૂઢ કહીને પર્યાયમાં દૃષ્ટિ છે એટલે મૂઢ છે એમ કહ્યો છે. આહા..હા..! કેમ ? જે એની ચીજમાં નથી–શરીર, વાણી, કર્મ એ તો એનામાં નથી. ખરેખર તો રાગ ને દ્વેષ, દયા-દાન વિકલ્પો છે એ પણ ખરેખર તો વસ્તુમાં નથી. હવે ઇ પર્યાય છે એનામાં અને તે પર્યાયનું ષટ્કારકરૂપે પરિણમન પર્યાય સ્વતંત્ર કરે છે. અરે..રે..! શું કહ્યું એ ? ચાહે તો વિકૃત અવસ્થા ષટ્કારકરૂપે પરિણમો કે ચાહે તો નિર્વિકલ્પ એટલે નિર્મળ પર્યાયપણે ષટ્કારકપણે પરિણમો પણ એ પર્યાય પોતે, કર્તા પોતે, પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયે પર્યાય કરીને રાખી, પર્યાયથી પર્યાય થઈ, પર્યાયને આધારે પર્યાય થઈ. આવા છ બોલ છે. આહા..હા..! એ એક સમયની પર્યાય પોતે છે એનામાં અને તે પર્યાયે પર્યાય કરેલી છે. આ પર તો કરેલી વસ્તુ છે જ નહિ એનામાં. સમજાણું

કાંઈ ? આહા..હા..!

પરનો તો સંયોગ છે એટલે તે પરદ્રવ્યને તો ચુંબતો નથી. ચુંબતો નથી એટલે ? ('સમયસાર') ત્રીજી ગાથા. એક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, ચુંબે છે એટલે સ્પર્શે છે પણ પરદ્રવ્યના ગુણ–પર્યાયને એક દ્રવ્ય ચુંબતું નથી, અડતું નથી, સ્પર્શતું નથી. એટલે એની વાત તો કાઢી નાખી, પણ એની પર્યાયમાં છે એ ગુણ-પર્યાયને દ્રવ્ય ચુંબે છે. છે તો પર્યાય પર્યાયને ચુંબે છે. પણ એ પર્યાયનો અંશ છે, એ ક્ષણિક છે, એના ઉપર દૃષ્ટિ છે તે છોડી દે. આહા..હા..! આકરું કામ છે, પ્રભુ ! અને દ્રવ્ય પર દૃષ્ટિ દે.

પર ઉપર દૃષ્ટિ છે એ તો વાત કાઢી નાખી. એક સમયની પર્યાય એનામાં છે પર્યાયમાં પર્યાય અને એ પર્યાય પણ સ્વતંત્રપણે પોતે પોતાથી થઈ છે. એ કાંઈ પરને લઈને થઈ છે એમ તો નહિ પણ દ્રવ્ય-ગુણને લઈ ને થઈ છે એમ પણ નહિ. આહા..હા..! એવી એક સમયની જે પર્યાય–અવસ્થા, એની દૃષ્ટિ અનાદિની છે તે છોડી દે. આવું છે.

**'પર્યાય પરની દૃષ્ટિ...'** પર્યાય પરની એટલે પર્યાય ઉપરની. ઉપરની એટલે પર્યાયની અપેક્ષાની જે દૃષ્ટિ છે તે છોડી દે. આવું કામ આકરું ભારે. આહા..હા..! જો તારે કલ્યાણ કરવું હોય, આત્માનું હિત કરવું હોય, સુખને પંથે, આનંદને પંથે તારે જાવું હોય તો પર્યાયદૃષ્ટિ છે એ દુઃખપંથ છે. આહા..હા..! એથી તે દૃષ્ટિ છોડી (દેઃ) શબ્દો ભલે થોડા (છે) પણ ગંભીરતાનો પાર ન મળે. આહા..હા..!

**'પર્યાય પરની દૃષ્ટિ...'** પર્યાય પરની એટલે ? પર્યાય ઉપરની. પર્યાય પર છે એમ અહીં અત્યારે નહિ. આહા..હા..! ભાષા તો આ તો સાદી ગુજરાતીમાં (છે). આહા..હા..! શરીર, વાણી, કર્મ એનું તો અસ્તિત્વ જ ભિન્ન છે પણ પર્યાયનું અસ્તિત્વ એના પ્રમાણનો વિષય જે દ્રવ્ય ને પર્યાય એનામાં છે એ પર્યાય, પણ એના ઉપરની દૃષ્ટિ છે એ (છોડી દે). કારણ કે એ તો અંશ છે અને અંશમાં આખું તત્ત્વ આવતું નથી. અને આખું તત્ત્વ જે અંશ છે એક સમયની પર્યાય એવી છે તો અનંતી એક સમયમાં પણ એ એક સમયની એક પર્યાય જ્ઞાનની એવી અનંતી પર્યાયનો સમુદાય તો એ જ્ઞાન છે. એક શ્રદ્ધાની પર્યાય એવી અનંતી પર્યાયનો સમુદાય અંદર શ્રદ્ધા–

સમકિત–ત્રિકાળી શ્રદ્ધા છે. ચારિત્રની ત્રિકાળી સ્થિરતા પર્યાય જે વર્તમાન પર્યાયથી ત્રિકાળી એ બધી પર્યાયનો પિંડ તે અંદર ચારિત્ર છે. આનંદની વર્તમાન અવસ્થા અને પૂર્વની દુઃખ અવસ્થા એ બધી અવસ્થાઓનો પિંડ તે આનંદ છે.

દુઃખની અવસ્થા ને આનંદની અવસ્થા જે પર્યાયમાં (છે) એ અનાદિ અનંત પર્યાયનો પિંડ તે આનંદ છે. દુઃખની અવસ્થાનો અર્થ દુઃખની અવસ્થા હતી ત્યારે હતી પછી એમાં ગઈ ત્યારે દુઃખ અવસ્થા રહી નહિ પણ અંદર યોગ્યતા રહી ગઈ. એ યોગ્યતા એટલે ? છે તો અંદર પરિણામિકભાવ. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા..! સુખ, એનું અંદર સુખરૂપ પરિણમન થઈ ગયું છે. આહા..હા..!

એને અહીંયા પર્યાયબુદ્ધિને છોડી જે ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ જે સવારમાં કહ્યું હતું એ ભૂતાર્થ સત્ય છે અને પર્યાય અસત્ય છે એ આ ભૂતાર્થ આ. એને (–પર્યાયદૃષ્ટિ) છોડી દ્રવ્ય પર દૃષ્ટિ દે. એ તારા પુરુષાર્થનું કામ છે, એમ કહે છે. દૃષ્ટિ (દ્રવ્ય) ઉપર દે એ તારા વીર્યનું કામ છે કોઈ કર્મ માર્ગ આપે ને એ કાંઈ છે એમ છે નહિ. આહા..હા..!

**‘તો માર્ગ મળે જ.’** જેને જ્ઞાયકભાવ ત્રિકાળી ધ્રુવ, ત્રિકાળીનો અર્થ કાયમ રહેવાવાળી એ તો અપેક્ષા છે પણ વર્તમાનમાં જે ધ્રુવ છે, એકાકાર છે, એના ઉપર દૃષ્ટિ દેતા માર્ગ મળે જ તે. આહા..હા..! એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતા તને સમ્યગ્દર્શન થાય જ, સમ્યગ્જ્ઞાન થાય જ અને સ્વરૂપની દૃષ્ટિ દેતા સ્વરૂપમાં ઠરવાનો અંશ પણ સાથે થાય જ તે. એટલે દ્રવ્ય (ઉપર) દૃષ્ટિ દેતા તને માર્ગ મળે જ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જે મોક્ષમાર્ગ એ દ્રવ્યદૃષ્ટિ દેતા માર્ગ મળે જ. આવી વાતું છે. માર્ગ છે તો પર્યાય છે. સમજાણું કાંઈ ? માર્ગ મળે જ એ તો પર્યાય છે. આવી વાતું છે.

એક કોર પર્યાયદૃષ્ટિ છોડાવવી અને દ્રવ્યદૃષ્ટિ કરી ત્યારે મોક્ષમાર્ગની પર્યાય તેને પ્રગટે જ. એમ કીધું ને ? **‘માર્ગ મળે જ.’** માર્ગ તો મોક્ષનો માર્ગ છે એ તો પર્યાય છે. સમજાણું કાંઈ ? આ ટુંકામાં આમાં બહુ સરસ ભર્યું છે !! દ્રવ્ય દૃષ્ટિ દે. તો દૃષ્ટિ દે, દૃષ્ટિ તો પર્યાય છે. પર્યાયમાં પર્યાયપણાની દૃષ્ટિ જે હતી એ છોડીને પર્યાય જે દૃષ્ટિ છે એ પર્યાયને દ્રવ્ય ઉપર મૂક. તો તેથી તને વસ્તુની દૃષ્ટિ થતા, વસ્તુનું જ્ઞાન થતા, વસ્તુમાં સ્થિરતા થતા, એ મોક્ષમાર્ગ તને દ્રવ્યદૃષ્ટિ થતા મળશે

જ તે. આહા..હા..! કહો, 'હીરાભાઈ' ! આવી વાતું છે. આહા..હા..!

**'જેને લાગી હોય તેને પુરુષાર્થ ઊપડ્યા વિના રહેતો જ નથી.'** આહા..હા..! જેને એ જ્ઞાયકભાવ, ધ્રુવભાવની લગની જેને લાગી છે. સમજાણું કાંઈ ? ત્રિકાળી ચિદાનંદ, નિત્યાનંદ પ્રભુ ! જે નિશ્ચય આત્મા (છે), પર્યાય છે તે તો વ્યવહાર આત્મા છે. આહા..હા..! અને વસ્તુ જે ત્રિકાળ છે તે નિશ્ચય આત્મા છે. તો વ્યવહાર આત્માની દૃષ્ટિ છોડીને ત્રિકાળ ઉપર દૃષ્ટિ દેતા મોક્ષમાર્ગની પર્યાયનો વ્યવહાર પ્રગટ થશે. એ મોક્ષમાર્ગ વ્યવહાર છે. પર્યાય છે ને ? આહા..હા..! સમજાય એવું સમજવું, બાપુ ! આ તો ગંભીરતાનો પાર ન મળે. વીતરાગનો માર્ગ એક એક પર્યાય ને એક એક ગુણની વાત કરતાં ગજબ વાત છે !

દૃષ્ટિ દે એટલે કે પર્યાય એવી દૃષ્ટિ, એ પર્યાયને દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે. આહા..હા..! **'તો માર્ગ મળે જ.'** એટલે કે મોક્ષના માર્ગની પર્યાય પ્રગટે જ. સમજાય છે કાંઈ ? **'જેને લાગી હોય તેને...'** આહા..હા..! જ્ઞાયક, ચૈતન્ય, ચૈતન્ય સ્વરૂપ કાયમી, એની જેને લગની લાગી છે એ **'પુરુષાર્થ ઊપડ્યા વિના રહેતો જ નથી.'** એ અંતર્મુખ થયા વિના રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? જેને જ્ઞાયક વાસ્તવિક તત્ત્વ પૂર્ણ એની જેને દૃષ્ટિ થઈ, કરવાની એવી જેને લગની લાગી એ પુરુષાર્થ સ્વ તરફ કર્યા વિના રહે જ નહિ. આહા..હા..! કારખાનામાં એ નથી ક્યાંય. છે ઇ કારખાનામાં ? ભાઈને કહું છું, કારખાનામાં નથી કાંઈ. આ કારખાનું જુદું છે. આહા..હા..! શું વાત !! પરદ્રવ્ય ને પરદ્રવ્ય ગુણ ને પર્યાયની વાત છોડી દીધી કારણ કે એની સાથે કાંઈ સંબંધ છે નહિ. એ તો સ્વતંત્ર છે. એ કરી શકતો નથી એ પછી આવશે પણ એ એનામાં નથી એટલે પછી પ્રશ્ન શું ? હવે એનામાં છે પર્યાય અને એનામાં છે ધ્રુવ એની વાત ચાલે છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કારખાનું ન્યાં છે મોટું. આહા..હા..! મોટો વાણિયો શેઠ (છે) એમાં નોકર છે. 'જામનગર' નો વાણિયો છે. સાડા ત્રણ કરોડ રૂપિયાની ઉપજ છે. એક વર્ષની ઉપજ–પેદાશ ! શું કીધું ? સાડા ત્રણ કરોડ રૂપિયાની એક વર્ષની પેદાશ. એમના શેઠને, હોં ! એમાં એ નોકર છે એમ કહેવું છે. હજી તો વધારવા માંગે છે, નહિ ?

એવું સાંભળ્યું હતું. ધંધો આગળ વધારીએ. સાડા ત્રણ કરોડની પેદાશ છે એથી વધારે પેદાશ થાય. સાડા ત્રણ કરોડ રૂપિયા એક વર્ષની પેદાશ. પેદાશ સમજ્યાને ? આમદાની. એમાં એ નોકર છે. આહા..હા..! ક્યાં રૂપિયા ? અહીં તો કહે છે કે એ રૂપિયા તારામાં છે નહિ. એટલે તું એને મારા માન, એ તો માન્યતા તારી જૂઠી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો તદ્દન જૂઠી વસ્તુ. આહા..હા..! પણ તારામાં એક સમયની પર્યાય છે એને તું માન તોપણ જૂઠી દૃષ્ટિ છે, કહે છે. આહા..હા..! પૈસા, શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ જે આત્મામાં છે જ નહિ અને એ છે એ એનામાં છે. એને મારા માનવા એ તો વળી મોટી ભ્રમણા (છે). આહા..હા..! પણ અહીં તો પર્યાય એનામાં છે... આહા..હા..! પણ એક છે મોટો અહીં રહી જાય છે અંદર. એટલે પર્યાય છે છતાં એવા અંશ ઉપર દૃષ્ટિ રાખતા પોતે ત્રિકાળી છે તેનો અનાદર થાય છે. આહા..હા..! માટે એકવાર તું પર્યાયની દૃષ્ટિ છોડ. છોડ (કહ્યું) તો ઉપદેશમાં શું કહેવું ? કેમ કે એને પુરુષાર્થ, પર્યાયને દ્રવ્ય તરફ ઢાળવો છે એટલે એ પર્યાયદૃષ્ટિ છોડ એટલે ઇ છૂટી જાય. એ દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર ગઈ એટલે પર્યાયદૃષ્ટિ છૂટી જાય છે. પર્યાયદૃષ્ટિ રહેતી નથી. પણ એને સમજાવવામાં શું કહેવું ? પર્યાયદૃષ્ટિ છોડ. પર્યાયદૃષ્ટિ છોડ (કહ્યું તો) દ્રવ્યદૃષ્ટિ થયા વિના પર્યાયદૃષ્ટિ છૂટે ? સમજાણું કાંઈ ? આવું અટપટું બહુ કામ, બાપા ! વીતરાગનો માર્ગ એક એક શબ્દે ને એક એક ભાવે ગંભીરતાનો પાર ન મળે. આહા..હા..!

**'જેને લાગી હોય તેને પુરુષાર્થ ઊપડ્યા વિના રહેતો જ નથી.'** એનું વીર્ય સ્વરૂપ તરફ ઢળ્યા વિના રહેતું નથી, કહે છે. જેની રુચિ, રુચિ અનુયાયી વીર્ય, રુચિ અનુયાયી વીર્ય, રુચિ જો જ્ઞાયકની હોય તો વીર્ય ત્યાં થયા વિના રહે જ નહિ. જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. એમ દ્રવ્ય સ્વભાવની જરૂરિયાત જણાય તો તે તરફનો પુરુષાર્થ કર્યા વિના રહે જ નહિ. આવી વાતું હવે. માણસ એકલા બારના પલાખા શીખ્યા હોય અને ધર્મ માની બેઠા હોય (એને) આ આકરું પડે, બાપા ! શું થાય ? આહા..હા..!

**'અંદરથી કંટાળે,...'** કોનાથી ? વર્તમાન પર્યાય ને રાગની બુદ્ધિથી કંટાળે, થાક

થાક લાગે. કંટાળે, **'થાકે...'** એક અંશ ઉપર લક્ષ છે એનો થાક લાગે (કે) અર..ર..! આ તો દુઃખ છે. આહા..હા..! **'ખરેખરનો થાકે...'** કારણ કે પર્યાય ઉપર દૃષ્ટિ છે ત્યાં કષાયભાવ થયા વિના રહે જ નહિ, મિથ્યાત્વભાવ થયા વિના (રહે નહિ) અને મિથ્યાત્વભાવ એ મહાદુઃખ છે. આહા..હા..! દુઃખ કોઈ પ્રતિકૂળ સંયોગ છે માટે દુઃખ છે એ તો નિમિત્તથી કથન છે. આહા..હા..! જે એક સમયની પર્યાયને પોતાની માનીને ત્યાં ઊભો છે તે મિથ્યા દૃષ્ટિ દુઃખરૂપ છે. એ મિથ્યા દૃષ્ટિ પોતે દુઃખરૂપ છે. એનાથી (જે) કંટાળ્યો હોય. આહા..હા..! છે ? આહા..હા..! ખરેખરનો થાક લાગ્યો હોય. આહા..હા..! **'તો પાછો વળ્યા વિના રહે જ નહિ.'** એ પર્યાયબુદ્ધિથી પાછો હટ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ ?

**चेतनरूप अनूप अमूरत,**
**सिद्धसमान सदा पद मेरौ।**
**मोह महातम आतम अंग,**
**कियौ परसंग महा तम घेरौ।।**
**ग्यानकला उपजी अब मोहि,**
**कहौं गुन नाटक आगमकेरौ।**
**जासु प्रसाद सधै सिवमारग,**
**वेगि मिटै भववास बसेरौ।।११।।**

આ ઘટમાં વસ. આહા..હા..! અને જેની પર્યાયબુદ્ધિ... ઇ 'સર્વવિશુદ્ધ' માં આવે છે.

**स्वारथके साचे परमारथके साचे चित्त,**
**साचे साचे बैन कहैं साचे जैनमती हैं।**
**काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि,**

'સમયસાર નાટક' છે, છે કળશ 'સમયસાર'નાં.

**काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि,**
**आतमगवेषी न गृहस्थ हैं न जती हैं।।**
**सिद्धि रिद्धि वृद्धि दीसै घटमैं प्रगट सदा,**

अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।
दास भगवन्तके उदास रहैं जगतसौं,
सुखिया सदैव ऐसे जीव समकिती हैं।।७।।

લ્યો ! આ તો હિન્દી આવ્યું તમારું. 'સમયસાર નાટક'. ક્લાસ ચાલશે ત્યારે હિન્દી (પ્રવચન) થાશે. કારણ કે ત્યાંથી હિન્દી લોકો ઘણા આવશે. શ્રાવણ સુદ ૧૨, નવ અને અગિયાર વીસ દિ' રહ્યા ને ? બાર બાર. બાર ને અગિયાર ત્રેવીસ દિ' રહ્યા. ત્રીજ છે ને આજ તો ? બાર દિ' આ ને અગિયાર દિ' (પેલા) એટલે ત્રેવીસ દિ' પછી (હિન્દી ચાલશે). એક બે દિ' પહેલાં તો માણસો આવી જશે. ત્યારે, શિક્ષણ શિબિરમાં તો હિન્દી થશે.

**'ખરેખરનો થાકે...'** એટલે કે જેને પર્યાયદૃષ્ટિ ઉપરથી દુઃખ લાગે એ અંતરના વલણમાં ગયા વિના રહે નહિ. એ પાછો વળ્યા વિના રહે નહિ. જોયું ? એ દુઃખમાંથી પાછો વળ્યા વિના રહે નહિ અને જ્યાં સુખનો સાગર ભગવાન છે ત્યાં દૃષ્ટિ મૂક્યા વિના રહે નહિ. આહા..હા..! ભારે ! શરતું પણ ભારે ! સમજાણું કાંઈ ? ૧૨૬ (બોલ પૂરો થયો)

**કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય ? ૧૨૭.**

૧૨૭, **'કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી.'** બધા કક્કા-ચાર. **'કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી.'** ચાર કક્કા આવ્યા ને ? **'કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી.'** એ તો વચમાં 'ક' આવી ગયો. આ તો પહેલા (ચાર કક્કા આવ્યા). 'શકતું નથી' એમાં 'ક' વચમાં આવી ગયો. આહા..હા..! શું કહે છે ? એક આત્મા એક રજકણનું પણ કાંઈ કરી શકતો નથી. આત્મા આ આંખની પાંપણ ફેરવી શકે એ કાંઈ કરી શકતો

નથી. આત્મા હાથને આમ હલાવી શકે એ કાંઈ કરી શકતો નથી. ખાતા વખતે દાળ પડી હોય, શાક પડ્યું હોય... શું કહેવાય ? ભૂલી જવાય છે. ચટણી ? ચટણી આમ હાથ ઉપાડીને રોટલીને દાળમાં બોળી (ખાય), એ કાંઈ ક્રિયા કરી શકતો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– કરી શકતો નથી. માને છે (કે હું કરી શકું છું). કરે (શું) ? ઇ તો થાય છે ત્યાં. જડની અવસ્થા તે કાળે તેનો–જડનો જન્મક્ષણ–ઉત્પત્તિનો કાળ છે તે જડથી થાય છે. આહા..હા..! આમ આંગળી વળવી અને રોટલીના બટકા, ટુકડા થવા એ સમય તે પર્યાય થવાનો એનો સ્વકાળ છે. આત્માથી ત્રણ કાળમાં થતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :– મડદા ખાઈ શકે.

ઉત્તર :– મડદું પણ ખાતું નથી અને જીવતો પણ ખાતો નથી. જીવતો ખાવ છું એવું માને પણ ખાઈ શકતો નથી, એ ક્રિયા તો જડની છે. આહા..હા..! આકરું કામ બહુ. 'ઈન્દોર'માં પંડિતો ભેગા થઈને એક ફેરી એવું (નક્કી) કર્યું (કે) 'પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નથી.' અહીંનો વિરોધ કરવા માટે. 'ઈન્દોર'માં એક ફેરી પચાસ પંડિતો ભેગા થયા, ભાષણ આપ્યા. આહા..હા..!

અહીં કહે છે, **'કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી.'** 'સમયસાર'નો ૨૦૦ ગાથાનો શ્લોક–કળશ છે ને ? કાંઈ કોઈની સાથે સંબંધ જ નથી. સંબંધ શેનો ? દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં સ્વકાળે પરિણમી રહ્યું છે. ત્યાં એને પરની હારે સંબંધ શું છે ? આહા..હા..! એ વાણી કરી શકે હોઠ હલાવી શકે તણખલાના બે કટકા કરી શકે ઇ ત્રણ કાળમાં નથી. તણખલા સમજે ? તીનકા, તીનકા. એ તો એને કારણે એનામાં એની પર્યાયથી થાય છે. આહા..હા..!

દાંત હલાવે, આ દાંત આમ (થાય) એ ક્રિયા આત્મા કરી શકતો નથી. એ દાંતને હલવાની પર્યાયનો જડનો તે કાળે ઉત્પત્તિ કાળ છે. આમ થાય, દાંત આમ થાય. ચોળીને ખાવું, પેટમાં દાંત નથી, એમ કહે છે ને ? ચાવીને ખાવું, ચોળીને નહિ. પહેલા આમ ચોળે, પહેલા ચોળે અને પછી ચાવે. પણ એ ચોળી શકતો નથી અને ચાવી

શકતો નથી. ખાઈ શકતો નથી એ તો પહેલું જ કીધું. આ તો ખાવાની ક્રિયા પહેલાં આમ ચોળવું (થાય), શાક આદિ કઠણ હોય તો (આમ ચોળે). આહા..હા..! આ ભ્રમ જે અનાદિનો (ચાલી રહ્યો છે). પોતાના સ્વરૂપની દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય પરના દ્રવ્ય- ગુણ-પર્યાયમાં એની પર્યાયને કાંઈ કરી શકે નહિ. આહા..હા..! શરીરમાં આત્મા ન હોય તો આ ડોક આમ ન રહે, લ્યો ! આત્મા નીકળે (ત્યારે) નથી થાતું ? આત્મા નીકળી જાય તો શરીર આમ ન રહે, આમ નહિ રહે. પણ એ આત્માને લઈને આ માથું આમ રહ્યું નથી, એમ કહે છે. અરે..રે..!

તેરાપંથીનો એક સાધુ હતો, તેરાપંથીનો આચાર્ય, હોં ! એને તાવ બહુ આકરો (આવ્યો). એમાં વ્યાખ્યાન દેવા બેઠા. તાવમાં, હોં ! એમાં બરાબર ટાણું જ્યાં આમ આવ્યું તો ડોક (આમ ઢળી પડી). વ્યાખ્યાન દેતા દેહ છૂટી ગયો. તેરાપંથી છે ને ? આ 'તુલસી' ને 'લાડનુ'. 'લાડનુ' ના તમારે ત્યાંના છે ને ? 'લાડનુ'. ત્યાંના છે. હમણાં 'લોએ' કાઢી નાખવા માગે છે. નમો લોએ સવ્વસાહૂણં છે ને ? એ કહે, લોએ કાઢી નાખો. આહા..હા..! કાળા કેર (કરે છે). લોકમાં એક ઠેકાણે નથી પણ અરિહંત પણ કોઈ સ્થાને ક્યાંક હોય, કોઈ સ્થાને ક્યાંક હોય અને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પણ કોઈ સ્થાને ક્યાંક હોય, ને કોઈ ક્યાંક હોય માટે લોક એમ કીધું છે. લોકનો અર્થ કાંઈ બીજા અન્યમતીના સાધુઓ ભળી જાય માટે લોકે કીધું, એમ નથી. સમજાણું કાંઈ ?

ત્યારે વળી એક 'સુશીલકુમાર' સ્થાનકવાસી છે, ઇ કહે કે સવ્વ સાહૂણં કીધું છે એનો અર્થ બધા સાધુ આમાં આવે. જૈન હોય કે અન્ય હોય. અરે..! સાંભળને, ભાઈ ! આવા ને આવા ખીચડા કરનારા. એ 'અમેરીકા' ગયો હતો, વિરોધ થયો હતો છતાં એના સહાય કરનારા મળી ગયેલા. મુહપત્તી સહિત, હોં ! વિલાયત 'અમેરીકા' (ગયેલો). પાછા આવી ગયા હતા. આહા..હા..! ઇ કહે કે સવ્વ શબ્દ જે પડ્યો છે, ણમો લોએ સવ્વસાહૂણં આવે છે ને ? ખરેખર તો ણમો લોએ સવ્વસાહૂણં પાંચે પદમાં છે. એ તો છેલ્લો અંત્યદિપક છે. એટલે શાસ્ત્રમાં પાઠ છે કે ણમો લોએ સવ્વસાહૂણં જે છે ઇ એ પહેલાં પદમાં પણ લઈ લેવું. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરીયાણં, ણમો લોએ સવ્વ

ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં. એ ઉપરાંત 'ધવલ' શાસ્ત્રમાં ત્રીજી વાત છે કે ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. ત્રિકાળવર્તી ! એમ ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આવું પદ છે, બાપુ ! એ તો અનાદિ મંત્ર છે. એ એક શબ્દ પાછો ફરે એમ હોઈ શકે નહિ. અને ણમો લોએ સવ્વસાહૂણં એ શબ્દ ભળીને તો પાંત્રીસ અક્ષર થાય છે. નમો અરિહંતાણંમાં ભલે ત્યાં લોએ શબ્દ પહેલા ન બોલે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં. એ અક્ષરો પાંત્રીસ થાય. એ 'દ્રવ્ય સંગ્રહ'માં ગાથા છે. 'નેમીચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' નું 'દ્રવ્ય સંગ્રહ'. નવકાર મંત્રના પાંત્રીસ અક્ષર છે એવો પાઠ છે, મૂળ ગાથા છે. હવે પાંત્રીસ અક્ષર મૂળના છે માટે લોએ કાઢી નાખવું ? તેત્રીસ અક્ષર કરવા છે ? આવા ને આવા પાક્યા, કોણ જાણે શું કાળ (આવ્યો છે) ? સમજાણું કાંઈ ?

અહીં તો ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આહા..હા..! એ પહેલું જે બોલાય છે એ આ બોલાય છે. નવકાર બોલ્યા પહેલાં બોલે છે ને અંદર ? એ ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં (બોલાય છે). આહા..હા..! ભૂતકાળમાં, વર્તમાનમાં ને ભવિષ્યમાં જે જીવો તીર્થંકર કે અરિહંત અન્ય થવાના તે ભલે અરિહંતનો જીવ અત્યારે નરક ને નિગોદમાં હોય પણ ભવિષ્યમાં થવાના (છે) એને પણ વર્તમાન ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં (બોલીને નમસ્કાર કરવામાં આવે છે). એ..ઇ..! પેલો કહે, લોએ કાઢી નાખો. પેલો કહે, સર્વનો અર્થ બધા સાધુ ભળે એમ કરવો. આવા ને આવા. દિગંબર સંત અનુભવી આત્મજ્ઞાની અને એમાં ત્રણ કષાયના અભાવના આનંદની મહોરછાપ (લાગી છે), જેની નગ્ન દશા વસ્ત્રનો ટુકડો ન હોય એ સિવાયના સાધુ કોઈ સાધુ હોય શકે નહિ.

મુમુક્ષુ :– દ્રવ્યલિંગી મુનિ ?

ઉત્તર :– દ્રવ્યલિંગી હોય તો એકલો દ્રવ્યલિંગી (હોય) અને ભાવ ન હોય તો દ્રવ્યલિંગી પણ નથી. ભાવ હોય એને દ્રવ્યલિંગ આવું હોય જ. જેને અંતરમાં આનંદનો ઉભરો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાંથી અંદર એકલો આનંદનો કંદ અંદર જાગી ઉઠ્યો છે તે અતીન્દ્રિય આનંદ, દર્શન, જ્ઞાન ને ચારિત્ર જે દ્રવ્યનું એ પ્રગટ્યું છે, એવા

જીવને ભાવલિંગ જેને પ્રગટ્યું છે એને દ્રવ્યલિંગ જ હોય, નગ્નપણું જ હોય. એને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ વ્યવહારે આવ્યા વિના રહે નહિ. નગ્નપણું ન હોય ને વસ્ત્ર સહિત હોય ને ભાવલિંગ પ્રગટ થાય એમ કોઈ દિ' બને નહિ. એથી દ્રવ્યલિંગ છે તો એનાથી ભાવલિંગ છે એમ પણ નહિ. અરે.. અરે...! આવી વાતું. સમજાણું કાંઈ ?

એ પ્રશ્ન એક ફેરી ઉઠ્યો હતો. 'ચાંદમલજી' 'ઉદયપુર'માં હતા. નહિ ? 'ઉદયપુર' આશ્રમ, આશ્રમમાં હતા. 'ઉદયપુર' 'ચાંદમલજી' જ હતા. જૂના (હતા). અહીં આવ્યા હતા. અહીં તો અમને ૪૩ વર્ષ થઈ ગયા ને ! ઇ કહે કે ભગવાનની જ્યારે દીક્ષા થાય છે ત્યારે કપડા ઉતારે કે નહિ ? ઇ કપડા ઉતારવા કરી શકે છે કે નહિ ? કીધું, ના. વિકલ્પ આવે પણ ઉતરવાની ક્રિયા છે એ જડની જડથી થાય. આત્મા એ કપડા આમ ઉતારે એમ બની શકે નહિ. 'ચાંદમલજી' હતા, 'ઉદયપુર'. કોઈ નથી 'ઉદયપુરવાળુ' ? તમે 'ઉદયપુર' ના. પેલી કોર પાછળ આશ્રમ (છે) ત્યાં હતા. વૃદ્ધ હતા, અહીં આવ્યા હતા. પેલા મકાનમાં હતા. આ તો ચાર વર્ષ થયા. પેલા મકાનમાં હતા. ઇ કહે, પણ વસ્ત્ર ઉતારવું તે તો ઉતારી શકાય. મુનિઓ, તીર્થંકરો પણ વસ્ત્ર ઉતારે. કીધું, એ વાત ખોટી છે. વસ્ત્ર ઉતરવાની ક્રિયા આત્મા કરી શકે (એમ નથી). એ **'કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી.'** આહા..હા..! અને મુનિને વસ્ત્ર ઉતર્યા વિના રહેતા નથી. છતાં તે વસ્ત્રને ઉતારવાની ક્રિયા આત્મા કરી શકતો નથી. આવી વાતું (છે). સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- નિશ્ચયથી ન ઊતારી શકે વ્યવહારથી ઊતારી શકે.

ઉત્તર :- એ તો એક બોલવાનું કથન છે ને ! બાપા ! એમ કહેવાય કે આણે વસ્ત્ર ઉતાર્યા. એ તો કથન (છે). પાંચમી ગાથામાં નથી આવ્યું ? આમાં આપણે પાંચમાં કળશમાં (આવી ગયું). વ્યવહારનય એટલે કથનમાત્ર. આમાં નહિ આપણે પાંચમો શ્લોક છે ને ? પાંચમો શ્લોક નહિ ? વ્યવહારનય..... ત્યાં છે. વ્યવહારનય એટલે જેટલું કથન. એ તો કથન છે. આહા..હા..! આણે અર્થ જ આ કર્યો છે. આવી ટીકા 'જગનમોહનલાલજી' કરી શક્યા નથી.

આ 'રાજમલ' તો જૈન ધર્મના મર્મી હતા. આહા..હા..! એ કથનમાં એમ આવે.

સંતો કપડા ઉતારે, નગ્નપણું ધારણ કરે. એ નગ્નપણું જડનું ધારણ કરવું એ ક્રિયા આત્માની છે જ નહિ. આ વસ્ત્ર રહિત (થવાની) જડની ક્રિયા એ તો પરમાણુ–આની ક્રિયા છે, એ આત્માની ક્રિયા છે જ નહિ. આહા..હા..! છતાં ભાવલિંગીને નગ્નપણું હોયા વિના હોય જ નહિ. અરે...! આવી વાતું છે. આહા..હા..! એ તો અનાદિનો જૈનદર્શનનો માર્ગ આ છે. આ શ્વેતાંબરે વસ્ત્ર સહિત જે મુનિપણું મનાવ્યું એ જૈનદર્શનની રીત જ નથી. સમજાણું કાંઈ ? અહીં તો વસ્ત્ર ઉતરી જાય, પણ વસ્ત્ર ઉતારે એ ક્રિયા આત્મા કરી શકે નહિ. આહા..હા..!

'સર્વવિશુદ્ધ અધિકાર'માં તો એમ પણ આવે. પ્રભુ ! મને દ્રવ્યલિંગ ધારણ કરાવો, પંચમહાવ્રત આપો. પછી ગુરુ કહે, લ્યો ! આ આપ્યું. એમ પણ આવે છે. એ તો વ્યવહારના કથન છે. શબ્દો શાસ્ત્રના જોવા જાય ને કઈ નયનું કથન છે (સમજે નહિ). કઈ નયનું કથન છે ? દરેક શાસ્ત્રના એક એક ગાથામાં શબ્દાર્થ, નયાર્થ, આગમાર્થ, મતાર્થ અને ભાવાર્થ એવા પાંચ પદથી એક એક ગાથાનો અર્થ થવો જોઈએ. આહા..હા..! છે ને ? 'સમયસાર'માં છે, 'નિયમસાર'માં છે, 'દ્રવ્ય સંગ્રહ' માં છે. આહા..હા..! બધે ઠેકાણે નાખ્યું છે. એક શાસ્ત્રની એક ગાથા એનો શબ્દાર્થ હોવો જોઈએ પછી આ મતાર્થ હોવો જોઈએ કે અનેરા મત આમાં શું માને છે અને આગમાર્થ (એટલે) જૈન પોતે (શું માને છે) તે હોવું જોઈએ અને આ નય વ્યવહાર છે કે નિશ્ચય છે એમ હોવું જોઈએ. આહા..હા..! અને પછી એનું તાત્પર્ય–ભાવાર્થ હોવો જોઈએ. પણ આ કહે છે એનું તાત્પર્ય શું ? એમ એક એક ગાથા દીઠ પાંચ પાંચ બોલને ઉતારવા એવો શાસ્ત્ર પાઠ છે. એ..ઇ..! છે ને આ પ્રવચનસાર, 'નિયમસાર', 'અષ્ટપાહુડ' બધામાં પાઠમાં છે. આહા..હા..! બાપુ ! આ તો ગહન માર્ગ, ભાઈ !

પ્રભુ ! તું કોણ ને કેવડો ? આહા..હા..! એ અનંત શક્તિવાળો ખરો પણ એ પરની ક્રિયા કરી શકે એવી શક્તિ એનામાં નથી. પરની ક્રિયા કરવા માટે પાંગળો છે. પોતાની પર્યાયને કરવા માટે સામર્થ્યવાળો છે. પરની ક્રિયા માટે એક આંગળી હલાવવી એ પણ પાંગળો છે, આત્મા એને કરી શકતો નથી. આહા..હા..! પરની દયા પાળી શકે એ આત્મા નહિ. પરની દયાનો ભાવ રાગ આવે... સમજાણું કાંઈ ?

એને કરી શકવું એમ માનવું એ જ્ઞાન સ્વરૂપને લાંછન છે, લાંછન છે. ભગવાન નિર્દોષ આત્મા, જ્ઞાન સ્વરૂપી જ્ઞાન એ જ્ઞાન વિકૃત અવસ્થાને કરે શી રીતે ? વિકૃત અવસ્થા કરવા જાય છે તો જ્ઞાન અજ્ઞાન થઈ જાય છે. જાણનાર રહેતું નથી. આહા..હા..! આવું બહુ કામ આકરું. જૈન સંપ્રદાયમાં દિગંબરમાં પડેલાને પણ ખબરું ન મળે. વાડામાં પડ્યા એને. આવું સત્ય પ્રભુનું !

**'કોઈ કોઈનું...'** (એટલે) બીજાનું. **'કાંઈ...'** જરીએ **'કરી શકતું નથી.'** કાંઈ (અર્થાત્) કિંચિત્ પણ જરીએ કરી શકતું નથી. આહા..હા..! આમ બળખો જે (આવે) એ (કાઢવાની) ક્રિયા આત્મા કરી શકતો નથી. આહા..હા..! નાકમાંથી કાઢે ને ? એ ક્રિયા આત્મા કરી શકતો નથી. બળખો અ..હમ..! કરીને બહાર કાઢીને ફેંકે. એ ક્રિયા આત્મા કરી શકતો નથી. **'કોઈ...'** (એટલે) કોઈ પણ પદાર્થ. **'કોઈનું...'** એટલે બીજાનું. **'કાંઈ...'** એટલે થોડું પણ, કિંચિત્ પણ **'કરી શકતું નથી.'** આહા..હા..! આ બધા કરે છે ને ? બધા મોટા મોટા વેપાર ને આ... 'રતિભાઈ' ! આ બધા મોટા શેઠિયાઓ.. મોટા શું કહેવાય ? કારખાના. શું કીધું ?

મુમુક્ષુ :– ઉદ્યોગપતિ.

ઉત્તર :– ઉદ્યોગપતિ લ્યો ! પેલા 'શાંતિસાગર' ને કેવા શાંતિ...? સાહૂ. શાંતિ સાહૂ ઉદ્યોગપતિ ! પણ ઉદ્યોગ કોણ કરે ? સાંભળ તો ખરો ! પરનો ઉદ્યોગ. કારખાના લેવા ને એક એક કારખાને મોટી પેદાશ ને કેટલાય કારખાના છે. 'દિલ્હી', 'કલકત્તા' ? 'કલકત્તા'. હવે અહીં થયું. 'કલકત્તા' માં અમને લઈ ગયા હતો. એનો છોકરો 'અશોક' છે. ત્રણ (કારખાનામાં) લઈ ગયા હતા. પછી કીધું, હવે નહિ. મોટા કારખાના કરોડોના. આહા..હા..! એ ઉદ્યોગપતિ કહેવાય. જડની ક્રિયાના વધારનારા એના સ્વામી, માલિક, એના–ધૂળના પતિ.

અહીંયા કહે છે, પર્યાયનું કરે એ પણ ખરેખર તો નિર્મળ પર્યાયનું કરે એ એનું વસ્તુનું સ્વરૂપ છે. વિકારનું કરે એ પણ એના વસ્તુની સ્થિતિ નથી. થાય છે એની પર્યાયમાં, અજ્ઞાનભાવે કર્તા એ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! કેમ કે જ્ઞાન ચૈતન્યજ્યોત પ્રભુ ! એ તો જાણવું-દેખવું એ કાર્ય કરે. એ આંધળો રાગ, જેમાં ચૈતન્યનો અંશ નથી, એને ચૈતન્ય સામાન્ય ત્રિકાળી સ્વભાવ એ અંધારાને પ્રકાશ કેમ કરે ?

આહા..હા..! તો પછી બીજાનું કાંઈ કરે, સેવા કરે, દેશની સેવા કરે છે, ફલાણો તો સેવા આ કરે છે. જિંદગી ૬૫-૭૦ની થઈ ગઈ, હવે નિવૃત્તિથી સેવાઓ (કરે છે). વૈદ્ય છે, ડૉક્ટર છે, ફલાણો સેવાઓ કરે છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા. સેવા ગહનો ધર્મ. ધૂળનો પણ ધર્મ નથી. આહા..હા..!

**'વિભાવ પણ તારા નથી...'** બીજાની તો શું વાત કરવી કહે છે. તારા સિવાય બીજું તત્ત્વ (છે તેનું) કાંઈ પણ કરી શકતો નથી. હવે આગળ જતા (કહે છે), **'વિભાવ પણ તારા નથી...'** એ પણ કોઈ છે, પર છે. આહા..હા..! પુણ્ય ને પાપનો ભાવ દયા, દાન, ભક્તિનો ભાવ એ વિભાવ છે, એ વિભાવ પણ તારા નથી **'તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય ?'** તો આ શરીર, વાણી, મન, કર્મ ને બાયડી, છોકરાં તો ક્યાંથી તારા આવ્યા ? કહે છે. આહા..હા..! તારા સ્વરૂપમાં તો વિભાવ પણ નથી,... આહા..હા..! અને વિભાવ તારો નથી. કૃત્રિમ પુણ્ય ને દયા-દાન-વ્રતનો વિકલ્પ પણ વિભાવ (છે). એ ત્રિકાળી આનંદના નાથ સ્વભાવનો નથી તો પછી બહારની સંયોગી ચીજ તારી ક્યાંથી આવે ? આહા..હા..!

**'વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ...'** આ તો સંયોગ છે. પેલો વિભાવ સંયોગી ભાવ છે. સંયોગી ભાવ છે એ પણ તારા નથી તો સંયોગી ચીજ છે એ તો તારી ક્યાંથી થઈ ? આ મારો દીકરો ને આ મારી બાયડી ને આ મારી અર્ધાંગના. આહા..હા..! આ મારી ઘરવાળી છે, પણ ઘર તારું ક્યાં હતું તે ઘરવાળી આવી ?

મુમુક્ષુ :– બાયડી હોય તો કહે કે મારા ઘરવાળા છે.

ઉત્તર :– હા, એમ કહે, મારા પતિદેવ છે, એમ કહે. મીઠી ભાષા. મારા પતિદેવ છે. બધી ખબર છે ને ! મીઠી ભાષાથી બોલે તો એમ બોલે, અમારા પતિદેવ છે. પતિ છે એમ ન કહે પતિદેવ છે. થઈ ગયો પતિદેવ એનો ? આહા..હા..! બધું જગતનું સાંભળ્યું છે ને બધી ખબર તો છે ને !

અહીં કહે છે, **'વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય ?'** જે વિકૃત તારી દશામાં થાય એ પણ જ્યાં વસ્તુનાં નથી... આહા..હા..! પુણ્ય ને પાપના ભાવ પણ જ્યાં તારા નથી તો અજીવ ને બીજા જીવો તારા કઈ રીતે

થાય ? ભાઈ ! આહા..હા..! તારામાં થતી વિકૃત અવસ્થાનો વિભાવ એ પણ જ્યાં તારા સ્વભાવ ને સ્વરૂપના નથી તો જે ચીજ તદ્દન પૃથક (છે), જેના પ્રદેશો ને ક્ષેત્ર તદ્દન ભિન્ન (છે) એ સંયોગી ચીજ તારી ક્યાંથી થાય ? આહા..હા..! આકરું કામ. સ્ત્રી તો અમારી છે, આ અમારા છોકરાં છે, રળાવ છે, કર્મી છે એમ કરીને પોતાને માન મનવે કે આવા અમારા છોકરાં ભાગ્યવાન ! છોકરાઓ બબ્બે લાખની પેદાશ મહિને કરે, 'આફ્રિકા'માં દુકાનો આમ કરી છે ને... શું છે પણ તને આ ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- વાત સાચી. 'પુનમચંદભાઈ' કહેતા, 'પુનમચંદ'. 'મલૂપચંદભાઈ'ના દીકરા છે ને ? મોટા પાંચ કરોડ રૂપિયા (છે), 'મુંબઈ'. આ આપણા 'ચંદુભાઈ'ના બાપથી મોટા ભાઈ, એના દીકરા છે ને ? 'પુનમચંદ'. એને ચાર છોકરાઓ છે. 'પુનમચંદ' 'મુંબઈ'માં મોટા .... બનાવે છે. પાંચ કરોડ રૂપિયા છે. 'ચંદુભાઈ'થી નાના છે. એના મોટા બાપના દીકરા. એ એકવાર વાત કરતાં (હતા), 'અમદાવાદ'માં વાત થતી હતી, એના બાપ પણ બેઠા હતા. એ બધી વાતું પણ બાપાએ પૈસા... શું કીધું ભાઈએ ? પૈસાનો સ્વાદ બાપાએ ચાખ્યો છે ક્યાં તો એને ખબર પડે. કારણ કે તે દિ' પચાસ, સાંઈઠ હજાર રૂપિયા, ત્રીસ, ચાલીશ હજાર એના બાપ પાસે (હશે). અત્યારે પાંચ કરોડ, છ કરોડ 'મુંબઈ'માં. આહા..હા..! અને એનાથી નાનો એક છે 'સ્વીઝરલેંડ', એની પાસે ચાર કરોડ છે.

મુમુક્ષુ :- ઇ મોટા છે ?

ઉત્તર :- ઇ મોટો છે, ઇ મોટો છે, આ નાનો છે. પેલો મોટો છે ત્યાં એને દીકરો નથી. એક જ દીકરી પરણાવી છતાં મમતાનો પાર નહિ. ન્યાં મોટા બંગલા ને બાગ ને ચાર કરોડ રૂપિયા, દીકરી એક. પરણાવી દીધી, દીકરો ન મળે એકેય. મારા... મારા... મારા બંગલા. ધૂળમાં પણ નથી, બંગલા કોના ને બાગ કોના ? આહા..હા...! વિભાવ જ્યાં તારો નથી ત્યાં સંયોગી ચીજ તારી ક્યાંથી આવી ? કહે છે, એમ કહે છે. આહા..હા..! ભારે કામ આકરું. સૌના ભેગા રહેવું અને ભેગા મારા છે એમ માનવું નહિ.

મુમુક્ષુ :- છએ દ્રવ્ય ભેગા રહે છે.

ઉત્તર :– છએ દ્રવ્ય એક જગ્યાએ હોય, ભલે હોય. શું છે પણ ? અહીંયા આ આકાશનો એક પ્રદેશ છે. તેમાં ધર્માસ્તિનો પ્રદેશ છે, અધર્માસ્તિનો પ્રદેશ છે, કાળનો છે, અનંતા જીવના અસંખ્ય પ્રદેશ છે, અનંતા પરમાણુના સ્કંધ છે. અહીં એક આકાશના પ્રદેશમાં, એક આકાશનો પ્રદેશ, હોં ! એવા બીજો, ત્રીજો એવા અસંખ્ય પ્રદેશ લોકના (છે). અલોકના અનંત (પ્રદેશ છે). એક એક પ્રદેશમાં એક ધર્માસ્તિકાયનો એક પ્રદેશ છે. છતાં એને ને એને કાંઈ સંબંધ નથી. ત્યાં અધર્માસ્તિનો પ્રદેશ છે છતાં એને કાંઈ સંબંધ નથી. એક કાળનો એક અણુ છે માટે એને કાંઈ સંબંધ નથી અને તે કાળે ત્યાં અનંત જીવના અસંખ્ય પ્રદેશો છે. અનંત જીવના અસંખ્ય પ્રદેશ છે. એક જીવ એક પ્રદેશમાં ન રહી શકે. એક પ્રદેશમાં એક જીવનો અસંખ્યમો ભાગ રહી શકે. એવી રીતે આખો જીવ એક પ્રદેશમાં ન રહી શકે. અને એક પ્રદેશમાં એક જીવનો અસંખ્યામો ભાગ (રહે) એવા અનંતા જીવના અસંખ્ય ભાગના અનંતા પ્રદેશ રહી શકે. એટલી તો જીવની મોટપ છે કે એક પ્રદેશમાં ન રહી શકે આખો. અસંખ્ય પ્રદેશ રહેવાને જોઈએ. એવો એક જીવનો અસંખ્યમો ભાગ આકાશના એક પ્રદેશમાં છે. એવા અનંતા જીવનો અસંખ્યમો ભાગ એવા અનંતા પ્રદેશ એક પ્રદેશ ઉપર છે. પણ એક પ્રદેશમાં એક જીવના અસંખ્ય પ્રદેશ એકસાથે ન રહી શકે. આહા..હા..! આરે.. આરે...! આવી વાતું છે. અને ભેગા હોવા છતાં એકબીજાને કાંઈ સંબંધ નથી. લેવા ન દેવા. સમજાણું કાંઈ ? રહે છે એ પોત-પોતાના ક્ષેત્રમાં, આકાશના ક્ષેત્રમાં રહે છે એ કહેવું વ્યવહાર છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૫, સોમવાર, તા. ૨૪-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૨૮ થી ૧૨૯. પ્રવચન–૪૭**

**આત્મા તો જાણનાર છે. આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી. ભલે રોગ આવે કે ઉપસર્ગ આવે, આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદર લીનતા કરી, ત્રણે તો કેવળ પ્રગટાવ્યું. અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી. ૧૨૮.**

૧૨૭ છે ને ? ૧૨૭ થઈ ગયો, ૧૨૮.

**'આત્મા તો જાણનાર છે.'** કેમ કે એનો જ્ઞાયક સ્વભાવ છે. એ કોઈ રાગને કરે કે પરને કરે એવું એનું સ્વરૂપ નથી. એટલે અહીંયા જેણે આત્માને જાણ્યો છે એ જાણનારે જાણ્યું શું ? કે આત્મા ત્રિકાળ જાણનાર જ્ઞાયક છે. એનો સ્વભાવ વર્ણવ્યો છે ને ? 'સમયસાર નાટક'. 'સમતા, રમતા, ઊર્ધ્વતા, જ્ઞાયકતા, સુખભાસ' એમાં સુખભાસમાં સુખ-દુ:ખ લીધેલું છે. અહીંયા એમ નથી લેવું. 'જ્ઞાયકતા, ચૈતન્યતા, વેદકતા, ચૈતન્યતા એ સબ જીવ વિલાસ.' એટલે કે જેની હયાતીમાં આ ચીજ શું છે એમ જણાય છે. જેના વિદ્યમાનપણામાં, વિદ્યમાનપણામાં દરેક પ્રસંગે જેનું જ્ઞાન કરનારો છે એ ઊર્ધ્વ નામ મુખ્ય છે. શરીર, વાણી, મન, રાગાદિ એને 'આ છે' એમ જાણનારું વિદ્યમાન તત્ત્વ તો જ્ઞાયક છે. સમજાણું કાંઈ ?

જેની હયાતી–વિદ્યમાનતા વિના આ રાગ છે, શરીર છે એમ જાણે કોણ ? જાણનારની હયાતીની વિદ્યમાનતામાં (જણાય છે). ઊર્ધ્વતાનો અર્થ લીધો છે, 'સમયસાર નાટક'માં સાધારણ અર્થ કર્યો છે–ઊર્ધ્વતા સ્વભાવ. પણ ઇ તો એક સમયનો ઇ જુદી વાત છે પણ આ તો કાયમ એનો ઊર્ધ્વતા સ્વભાવ છે. પ્રત્યેક

પ્રસંગમાં પોતાની જાણનારની હયાતી ન હોય તો આ છે, આ છે, આ છે જાણ્યું કોણે ? આહા..હા..! રાગ થયો પણ એ રાગ છે એમ જાણ્યું કોણે ? એ જાણનારો મુખ્ય ત્યાં છે. જ્ઞાયકતા, ચૈતન્યતાનો વિલાસ સ્વભાવ મુખ્ય છે. આહા..હા..! એ જાણનાર છે એ કોઈ પણ પ્રસંગ હો તો એ પ્રસંગમાં આ છે એમ વિદ્યમાનતા તો જ્ઞાનની છે. જ્ઞાનની હયાતી વિના આ છે એમ જાણે કોણ ? આ પ્રકાશ છે, આ પ્રકાશ છે એની હયાતીમાં આ જ્ઞાનની હયાતી ન હોય તો આ પ્રકાશ છે એમ જાણ્યું કોણે ? સમજાણું કાંઈ ? આહા..હા..!

દરેક પ્રસંગમાં જાણનારની મુખ્ય હયાતી ઊર્ધ્વતા એની જ છે. ચાહે તો શરીરની ક્રિયા હો, ધંધાની ક્રિયા હો પણ આ છે એમ કોની વિદ્યમાનતામાં જણાણું ? આહા..હા..! એ તો જ્ઞાયક સ્વભાવની વિદ્યમાનતામાં ઇ આ છે એમ જણાણું. આહા..હા..! એ જણાણું એ મારી ચીજ છે એમ નહિ. જણાણું છે તો એ જ્ઞાનની દશા. આ શરીર છે, અંદર રાગ છે, કાને નામ સાંભળ્યું, કર્મ છે પણ એ કર્મ છે એમ એણે જાણવાની વિદ્યમાનતામાં એણે જાણ્યું ને ? એ કર્મ છે એ કર્મને તો જ્ઞાન નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું છે. જેની મુખ્યતામાં, ઊર્ધ્વતામાં જાણનારની વિદ્યમાનતા ન હોય તો આ જણાય છે, આ જણાય છે એ કોની સત્તામાં ? પરની સત્તામાં કે સ્વની સત્તામાં ? આવી વાતું છે.

પ્રથમ જ આ તો સમ્યગ્દર્શન થતાં એને (એમ અનુભવ થાય છે કે) જાણનાર જ હું છું બાકી કોઈ ચીજ મારી નથી. આહા..હા..! રાગ દયા-દાન-વ્રતનો રાગ આવે પણ એનો એ હું જાણનાર છું કે આ છે એમ જાણનાર તો જાણનારની વિદ્યમાનતા બતાવે છે. રાગ છે એની હયાતી રાગ બતાવતો નથી. રાગની હયાતી, જ્ઞાનની હયાતીને બતાવે છે કે આ રાગ છે. સમજાણું કાંઈ ? આવી વાત પ્રથમ આ છે. પ્રથમ સમ્યગ્દર્શન ન હોય ત્યાં અશુભને ટાળવું ને શુભમાં આવવું પછી થાય, એ વસ્તુ હોય શકે જ નહિ, એ તો અજ્ઞાની છે. મિથ્યાત્વભાવ મહા અશુભનો પાપમાં તો પડ્યો છે. દૃષ્ટિ રાગ ઉપર છે, પુણ્ય ઉપર છે, ક્રિયાકાંડ ઉપર છે. આહા..હા..! એ જાણનાર જ્ઞાયક છે, જેની હયાતી વિના બીજી ચીજની હયાતીની, હયાતીની ખબર પણ ન પડે. જેની જાણવાની હયાતી વિના બીજી આ ચીજ હયાતીવાળી છે એની પણ ખબર ન પડે.

આહા..હા..!

એટલે **'આત્મા તો...'** આ ઊર્ધ્વતા છે ને ? ભાઈ ! સમતા, રમતા, ઊર્ધ્વતા એના બે અર્થ કર્યા છે. 'સમયસાર નાટક'માં એમ કહ્યું, ઊર્ધ્વ સ્વભાવ. જે ... પણ તે એક સમય નહિ. કાયમનો એનો સ્વભાવ લઈએ તો ઊર્ધ્વતા આ છે. 'શ્રીમદ્દે' એ અર્થ કર્યો છે. કાયમનો એનો સ્વભાવ. વિદ્યમાનતામાં જેની હયાતીમાં, વિદ્યમાનતામાં–જેની મોજૂદગીમાં, જ્ઞાનની મોજૂદગીમાં આ જાણવામાં આવ્યું કે આ રાગ છે, દયાના જ પરિણામ છે. એ પરિણામ કંઈ જાણતા નથી. એ પરિણામને જાણનારો એનાથી ભિન્ન છે. એ ભિન્નની હયાતીમાં જ્ઞાનની હયાતી ન હોય તો રાગ છે એમ જાણ્યું કોણે ? આહા..હા..! સમજાણું કાંઈ ?

આ શરીરની યુવાન અવસ્થા છે, વૃદ્ધ અવસ્થા છે પણ એ અવસ્થાની સ્થિતિમાં જ્ઞાનની મુખ્યતા ન હોય તો આ વૃદ્ધાવસ્થા છે એવું જાણ્યું કોણે ? સમજાણું કાંઈ ? શરીરમાં રોગની અવસ્થા છે પણ રોગની અવસ્થા છે ઇ જ્ઞાનની વિદ્યમાનતા વિના આ છે એમ જાણ્યું કોણે ? આહા..હા..! એ જાણનારમાં રોગ ને શરીરની અવસ્થા નથી. આવી વાતું છે.

**'આત્મા તો જાણનાર છે ને ! આત્માની જ્ઞાતા ધારાને કોઈ રોકી શકતું નથી.'** શું કહ્યું ? જ્ઞાયકતા જે એનો સ્વભાવ (છે) એનું જ્યાં અંતર ભાન થયું, એવી જ્ઞાયકની ધારાને કોઈ રોકી શકે એવી જગતમાં તાકાત નથી. આહા..હા..! જાણનારો જાગીને ઉઠ્યો (કે) હું તો એક જ્ઞાયક ચૈતન્ય તત્ત્વ છું. ચેતન તે ચૈતન્ય સ્વરૂપ જ છે. ચેતન ચૈતન્ય સ્વરૂપ છે. આહા..હા..! એમ જ્યાં અનુભવમાં આવ્યું એવી જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી. આહા..હા..!

**'ભલે રોગ આવે...'** છે ? પણ રોગ એટલે ? એ તો જડની દશા છે. આ રોગ છે એ તો જડની દશા છે, એમાં આત્મામાં ક્યાં એવી દશા આવી ? આત્મા તો એ રોગને કાળે પણ જેની ઊર્ધ્વતા મુખ્ય છે એમાં જ્ઞાનથી એણે જાણ્યું છે કે છે આ. ઇ છે એમાં ભળીને જાણ્યું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવી વાતું ક્યાં હવે માણસને ધંધા આડે નવરાશ ન મળે. બાયડી-છોકરા ને કુટુંબ... હમણાં 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં વાંચવામાં આવ્યું હતું. પાનું ઉઘાડ્યું એમાં ઇ આવ્યું હતું

કે દુનિયાનો ઘણો ભાગ તો પાપની પરિણતિમાં જાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એવું આવ્યું હતું. એમાં છે. કોણ જાણે વાંચતા નીકળ્યું. અહીં તો આપણે ઘણીવાર કહીએ છીએ. હું તો ત્યાં પે'લું જોવા માંગતો હતો. એમ કે શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં પ્રયોજન જેનું બીજું છે તે જ્ઞાન પણ અજ્ઞાન છે. આહા..હા..! જેનું જ્ઞાન થયું એનું પ્રયોજન તો જ્ઞાતાપણે રહેવું એ એનું પ્રયોજન છે. એને ઠેકાણે જ્ઞાન થયું એને બહારની પ્રશંસા ને મહત્તાની ધારામાં લઈ જવું,... આહા..હા..! એ જ્ઞાન જ નથી. ચાહે તો અગિયાર અંગ ભણ્યો હોય ને ! આહા..હા..! શું કહે છે આ વાત ? સમજાણું કાંઈ ? છે ને એમાં ? ત્રીજા અધ્યાયમાં છે. આમાં નીકળ્યું હતું. આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' છે ને ? ૮૯ પાને હતું, આ નીકળ્યું ત્યારે, હોં ! આહા..હા..!

સત્ય જાણે છતાં જ્ઞાન છે એવું સ્વરૂપ છે એવું બરાબર જાણે છતાં એ વડે પોતાનું અયથાર્થ પ્રયોજન સાધે (એટલે કે) માનનું ને મોટપનું (પ્રયોજન સાધે). આહા..હા..! સમજાણું કાંઈ ? અયથાર્થ પ્રયોજન સાધે છે તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? સાચું જ્ઞાન બરાબર હોવા છતાં અપ્રયોજન છે, પ્રયોજન યથાર્થ નથી એ માન ને મોટપ દુનિયા માને ને સભા રાજી થાય ને એથી પોતે પણ રાજી થાય કે મને કાંઈ આવડે છે, દુનિયામાં મારી વાત બહાર આવી માટે હું કાંઈક મોટો છું,... આવી વાતું છે, એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..!

ચોથા ભાગમાં છે ને ? ચોથો ભાગ છે ને ? મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રના (અધિકારમાં) છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં બહુ નાખ્યું છે. 'ટોડરમલજી'એ બહુ ખુલાસા કર્યા છે. ઘણું બનાવ્યું છે. ઓ..હો..હો..! એની બુદ્ધિ ને એનો ક્ષયોપશમ...! છ મહિના સુધી તો એની માએ શાકમાં મીઠું–લવણ નહોતું નાખ્યું એની ખબર નહોતી. એટલી એકાગ્રતાથી બનાવ્યું. જ્યાં બનાવવાનું પૂરું થયું ત્યાં કહ્યું, 'બા ! આમાં મીઠું નથી ને !' 'ભાઈ ! છ મહિનાથી નાખતી નથી. પણ તું તારા રચનાની એકાગ્રતામાં તને લક્ષ કાંઈ હતું નહિ.'

મુમુક્ષુ :– 'મોક્ષમાર્ગ પ્રકાશક' પૂરું ન થયું.

ઉત્તર :– થયું નથી પણ બનાવતા હતા ને એટલું. બનાવતા હતા એમાં. ... આહા..હા..! જેટલું થયું એટલામાં પણ લક્ષ એને આ શાક ખારું છે કે નહિ એની

ખબર નહિ. એટલી તલાલીન સત્યને બહાર પાડવાની, લખવાની, જાણવાની !! આહા..હા..! ત્યાં તો ઇ એમ કહે છે. અજ્ઞાનીમાં ભેદાભેદનો વિપર્યાસ હોય કાં સ્વરૂપ વિપર્યાસ હોય. કાંઈક ને કાંઈક અંદર કારણ વિપર્યાસ હોય પણ કહે છે કદાચિત્ એ ન હોય ને સત્ય હોય પણ અપ્રયોજન–અયથાર્થ પ્રયોજન સાધે... આહા..હા..!

મુમુક્ષુ :– તો એ જ્ઞાન મિથ્યા છે.

ઉત્તર :– એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! જે જ્ઞાન સ્વરૂપમાં રહીને આનંદને સાધે... આહા..હા..! અતીન્દ્રિય આનંદના સ્વાદને લેવા માટે જેણે જ્ઞાન કર્યું છે. પ્રયોજન તો એ છે ને ? આહા..હા..! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય છે જ નહિ. અત્યારે તો દિગંબર સાધુ પણ બહારમાં ક્રિયાકાંડમાં (પડ્યા છે). એ ક્રિયાકાંડ પણ નવમી ગ્રૈવેયક ગયો એવી છે ક્યાં ? આહા..હા..!

જાણનારને **'આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી. ભલે રોગ આવે,...'** રોગ આવે એ તો જડની દશા છે. શરીર છે એ તો વેદનાની મૂર્તિ છે. પ્રભુ તો આનંદ ને જ્ઞાનની મૂર્તિ છે. આહા..હા..! **'ભલે રોગ આવે કે ઉપસર્ગ આવે,...'** આહા..હા..! જ્યાં બેઠો હોય ત્યાં ભીંત પડે ઉપરથી, ઉભો હોય ને ભીંત ભીંત (પડે), સર્પ આવીને કરડે, વીંછી આવીને કરડે, કોઈ પથરા મારે ઉપરથી, ભીંતની ઓથે બેઠો હોય ને ભીંત તો આડી (હોય)... ભીંત, ભીંત સમજે ને ? દિવાલ, દિવાલ પાછળ રહીને માણસ (કે) કોઈ સાધુ બેઠો હાય (તો) પથરા મારે. આહા..હા..!

**'આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે.'** રોગ આવે ને ઉપસર્ગ આવે તો આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. આવી વાત (છે). આહા..હા..! વીતરાગ માર્ગ બહુ ઝીણો, બાપુ ! પ્રથમ સમ્યગ્દર્શનની જ વાત આકરી છે. પછી તો સ્વરૂપમાં રમણતા ચારિત્ર તો એને આવે જ. આહા..હા..! સમ્યગ્દર્શન થતાં સ્વરૂપ આચરણ તો સાથે હોય જ. આહા..હા..! અને એના વિના તો ગમે તેટલા પરિષહ સહન કરે, ઉપસર્ગ સહન કરે પણ જ્ઞાતાધારા જાણવામાં આવી નથી, ત્યાં આગળ એને રાગથી ભિન્ન ભેદજ્ઞાન થયું નથી. આહા..હા..! રાગ અને ઉપસર્ગ આવે એ તો જડની દશા છે. એ કંઈ આત્મા રોગવાળો થઈ જાય કે ઉપસર્ગવાળો થઈ જાય, એમ નથી. આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. આવી વાતું છે.

**'ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ...'** ક્ષેત્રુંજય. પાંચ પાડવો સહોદર (હતા). એક પેટે ઉત્પન્ન થયેલા કુંતાના (રાજકુમાર). ધર્મરાજા, ભીમ, અર્જુન, સહદેવ ને નકુલ રાજકુમારો, મહાયોદ્ધાઓ. આહા..હા..! એ આમ મુનિપણામાં આનંદ સ્વરૂપમાં,... આહા..હા..! કેલી કરે છે ! આ ક્ષેત્રુંજય ! ધ્યાનમાં આમ ઊભા છે. દુર્યોધનનો ભાણેજ આવીને (કહે છે), 'રાજ જોવે છે ને તારે ? આ લે રાજ આપીએ.' અર..ર..! ગજબ છે ને ! પ્રભુ ! આ તો ધ્યાનમાં, આનંદમાં બેઠા છે ! લોઢાના ધગધગતા કડા બનાવી (પહેરાવે છે). અરે...! કોઈ માણસ પણ નહિ હોય ? આ ક્ષેત્રુંજય તો આ રહ્યો. પણ એવે ટાંણે એવું હોય જ તે, કોઈ ન જ હોય. આહા..હા..!

એ પાંચેને લોઢાના ધગધગતા કડા પહેરાવ્યા, લોઢાના હાર ઊના કરીને પહેરાવ્યા, મુગટ લોઢાનો ઊનો કરીને પહેરાવ્યો... આહા..હા..! પગમાં લોઢાના કડા ઊના કરીને નાખ્યા પણ જ્ઞાનધારા છે એને કોઈ રોકનાર સમર્થ નથી. જેણે જ્ઞાયકભાવનો અનુભવ કર્યો, હું તો ચૈતન્ય છું અને તે પણ હું અતીન્દ્રિય આનંદમય સ્વરૂપ છું. મારામાં એ દુઃખ ને ઉપસર્ગ એ મારી ચીજમાં છે જ નહિ. આહા..હા..! આવા સંતોને કે સમકિતીને કહે છે...

**'પાંડવોએ અંદર લીનતા કરી, ત્રણે તો કેવળ પ્રગટાવ્યું.'** આહા..હા..! એ કડાને અડતો પણ નથી, ચુંબતો પણ નથી. આહા..હા..! એનાથી ભિન્નપણે રહેલું જ્ઞાન એના આનંદને વેદતો ભગવાન, આહા..હા..! એ તો અંદરમાં કેવળજ્ઞાનને પામ્યા આવા ! આવા લોઢાના રાજકુમાર, આહા..હા..! મોટા યોદ્ધાઓ !

એક ફેરી યોદ્ધાઓની મોટી સભા ભેગી થઈ હતી. પછી વખાણ કરતાં કરતાં.. કરતાં... મોટી સભા એ વખતે જાદવની હતી. બધા યોદ્ધાઓ ભેગા થયા. વખાણ કરતાં કરતાં છેલ્લા વખાણ આવ્યાં પાંડવોના, પાંડવો યોદ્ધાઓ છે, મહાયોદ્ધાઓ છે. તો એક જણો વળી એમ બોલ્યો, ત્યાં નેમિનાથ ભગવાન બેઠા હતા. હજી દીક્ષા લીધી નહોતી. નેમિનાથ ભગવાન. ભાઈ ! તમે પાંડવોને (મહાયોદ્ધાઓ) કહો છો પણ ભગવાન નેમિનાથની બળ શક્તિ, યોદ્ધાની શક્તિ અનંતી છે. પ્રભુ બોલતા નથી, બેઠા હતા. રાજકુમાર છે ને ! આહા..હા..!

એમાં વળી કોઈને થયું કે લ્યો ! આપણે પરીક્ષા કરીએ. ભગવાને બે પગ હેઠે

મુક્યા. પગને પકડ્યા ને ઉભા (પગને) આડો પગ કરવા જાય તો પગ આડો થયો નહિ. મોટા યોદ્ધાઓ પગને ઊંચો કરવા અડ્યા. છતાં ભગવાનને કાંઈ એનું અભિમાન નથી. એટલો વિકલ્પ આવ્યો કે ભાઈ ! ત્યારે યોદ્ધા કહે છે, તમે પરીક્ષા કરો. આહા..હા..! એ પગને આમ હલાવવા પગ મૂક્યો છે હેઠે ત્યાં આમ ખસેડવા યોદ્ધાઓ વળગ્યા પણ આ તો શરીરના અનંત બળની વાત છે, હોં ! આત્માની તો શું વાત કરવી !! આહા..હા..! એ બળને પણ જાણનારી જ્ઞાનધારા છે. એ બળ મારું છે એમ જ્ઞાનધારા માનતી નથી. આહા..હા..!

અહીં એ કહે છે કે **'ઉપસર્ગ આવ્યો તો...'** ત્રણ જણા તો ધ્યાનમાં બસ મશગૂલ ! રાજકુમાર (હતા). આ જ ક્ષેત્ર રહ્યું, અહીંથી ચૌદ માઈલ છે. ત્યાં ઉપર બિરાજે છે. કારણ કે ત્યાંથી મોક્ષ પધાર્યા છે ને ? મોક્ષ પધારે (ત્યાંથી) સીધા જ હોય છે ને ! જ્યાંથી મોક્ષ થાય ત્યાં ઉપર સીધા હોય છે. આડા-અવળા ન હોય, ત્યાંથી સીધા (જાય). ક્ષેત્રુંજય ગયા ત્યાં ક્ષેત્રુંજયની ઉપર જ માથે સિદ્ધપણે બિરાજે છે. સમશ્રેણીએ જાય ને ! દેહ છૂટીને આમ (સમશ્રેણીએ જાય છે). ઊર્ધ્વ સ્વભાવ છે. જે ઠેકાણે અહીં સ્થાન છે તે સ્થાન, તે સ્થળમાં જ ભગવાન છે. આહા..હા..! જાત્રાનું કારણ આ છે.

એક ફેરી પહેલો-વહેલો ત્યાં 'મુંબઈ' પ્રશ્ન થયો. (સંવત) ૨૦૧૩ ની સાલ. પહેલી-વહેલી (વાર) નીકળ્યા ને ? સમ્મેદશીખરની નીકળવાની તૈયારી. મોટરમાં કોઈ દિ' બેઠા નહોતા. એકે પ્રશ્ન કર્યો, સ્થાનકવાસી હતો. 'બરવાળા'વાળા એમ કહે, 'મહારાજ ! આ જાત્રા શું છે ?' 'જો ભાઈ ! જાત્રાનો હેતુ એવો છે કે જે સ્થળે પોતે સિદ્ધ થયા તે સ્થળે જતા ઉપર સિદ્ધ છે એવી સ્મૃતિ માટે જાત્રા છે.' હતો સ્થાનકવાસી, 'બરવાળા'વાળા. બાપુ ! આ વસ્તુ હોય છે છતાં તે ભાવ શુભ છે. સ્મૃતિમાં સિદ્ધને સ્મરે. છતાં એ શુભ છે, ધર્મ નથી. પણ વીતરાગ નથી એને એવો ભાવ આવ્યા વિના રહે નહિ. છતાં એ ધર્મનું કારણ છે એમ પણ નથી. આહા..હા..! આવી વાત ! છતાં આવે, ત્યાં જઈએ. આમ ઉપર અનંત સિદ્ધો બિરાજે છે, કેવળજ્ઞાનીના ટોળા બેઠા છે. આહા..હા..! ટોળા સમજ્યા ? જૂથ, જથ્થો ! કેવળજ્ઞાનીના જથ્થા માથે બિરાજે છે. એના સ્મરણમાં એ લાવે છે. હેતુ આ છે. એ સ્મરણ છે એ શુભરાગ, એ ધર્મ નથી. કારણ કે એને પરદ્રવ્ય ઉપર લક્ષ ગયું ને ? આહા..હા..! પણ આ પાંડવો

કાંઈ જાત્રા માટે ત્યાં નહોતા ગયા. એ તો ભગવાનનો મોક્ષ સાંભળ્યો એટલે પછી ભગવાન પાસે જવા નીકળેલા ત્યાં પાલીતાણામાં સાંભળ્યું કે ભગવાન મોક્ષ પધાર્યા. (તો) ઉપર ચડી ગયા, ધ્યાનમાં બેસી ગયા. ત્રણ જણાએ તો ઉપસર્ગને કાળે કેવળજ્ઞાન ઉપજાવ્યું. ભલે એ વખતે ઉપસર્ગ ન હોય, છૂટી જાય. અંદર લક્ષ નથી. આહા..હા..! અને બે જણા હતા તો સંત, આત્મજ્ઞાની, અનુભવી, અંતર પ્રચૂર સ્વસંવેદન આનંદની મોર છાપવાળા સંત હતા. એ કાંઈ દ્રવ્યલિંગી એકલા નગ્ન ને પંચ મહાવ્રત એવા નહોતા. પણ એને એવો એક જરી વિકલ્પ આવ્યો. આહા..હા..! એક તો સહોદર ભાઈ અને સાધર્મી અને મોટા વડીલ. ધર્મરાજા, ભીમ, અર્જુન. સહદેવ, નકુલને (વિકલ્પ આવ્યો), કેમ ? અરે..! આવા ધગધગતા (લોઢા પહેરાવ્યા તો) ભાઈને કેમ હશે ? એવો એક વિકલ્પ આવ્યો, હતો તો શુભ (પણ) કેવળજ્ઞાન અટકી ગયું. આહા..હા..!

જુઓ ! આ વિકલ્પ છે એ સંસાર છે. જ્ઞાનીને પણ વિકલ્પ છે એ સંસાર છે. આહા..હા..! છે ? જિનવાણીમાં એવો વ્યવહાર આવ્યો છે કે જાત્રા કરે, આહાર હોય, પણ એ ભાવ છે એ સંસાર છે. ગજબ વાત છે, બાપુ ! એ વિકલ્પ આવ્યો ત્યાં એને બે ભવ થઈ ગયા. સર્વાર્થસિદ્ધમાં ગયા, તેત્રીસ સાગર તો ત્યાં રહેશે અને છેલ્લે મનુષ્યભવમાં પણ તરત તો કેવળ નહિ પામે કાંઈ, આઠ વર્ષ પહેલાં તો પામે નહિ. માતાના પેટમાં નવ મહિના, સવા નવ મહિના રહેશે. આહા..હા..! જુઓ ! એક શુભભાવ આવ્યો એનું ફળ આટલું ! લોકો એ શુભને વખાણે છે. શુભ કરીએ છીએ તે સારું કરીએ છીએ. (એ લોકો) મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વને પોષે છે. આહા..હા..!

જરી એક વિકલ્પ આવ્યો ત્યાં આગળ સર્વાર્થસિદ્ધમાં રહેવું પડ્યું. તેત્રીસ સાગર ! એક સાગરોપમમાં દસ ક્રોડા-ક્રોડી પલ્યોપમ, દસ ક્રોડા-ક્રોડી પલ્યોપમ ! એક પલ્યના અસંખ્યાત ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એક શુભરાગ આવો (આવ્યો કે) ભાઈને મુનિરાજને કેમ હશે ? આહા..હા..! અને ત્યાંથી સવાનવ મહિના માતાના પેટમાં (રહેવું પડશે) અને આઠ વર્ષ પહેલાં તો કેવળ પામશે નહિ. પછી તો હજી પાંચ, દસ, પચીસ, પચાસ વર્ષ પછી (કેવળ પામશે). આહા..હા..!

અહીં કહે છે, જ્ઞાનીને ઉપસર્ગ ને પરિષહ હોય પણ છતાં એનું લક્ષ ત્યાં નથી. સમજાણું કાંઈ ? ત્રણે તો કેવળ પ્રગટાવ્યું. **'અટકે તો પોતાથી અટકે છે,...'** એ વિકલ્પ

કર્યો તો અટક્યો, પોતાથી અટક્યો. એ કોઈ કર્મે અટકાવ્યો છે (એમ નથી). આહા..હા..! ભવ બે કરવાના હતા માટે કર્મે એને વિકલ્પ ઉઠાવ્યો છે, એમ નથી. પોતાની પુરુષાર્થની કચાશને લઈને (વિકલ્પ થયો છે). ભાન છે છતાં, કર્તા નહિ હોવા છતાં, કર્તા નથી શુભભાવનો, થાય છે તેને જાણે છે પણ એટલું થયું એના બે ભવ થયા. અટકીને ગયા. આહા..હા..! મારગડા જુદા, બાપા ! આહા..હા..! આ તો વીરાના કામ છે, કાયરના કામ નથી.

**'અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી.'** કર્મ-બર્મ એને અટકાવતું નથી. આહા..હા..! અત્યારે બધા એમ જ કહે છે, અમારે જ્ઞાન–ઘણો ક્ષયોપશમ જોઈએ છે કેમ અમારે થતો નથી ? (કેમ કે) કર્મ નડે છે. એક જણ એકદમ પકડી શકે એવો ઉઘાડ (હોય) અને એક જણ પકડી શકતો નથી, આ બધું કર્મ વિના છે ? એ..ઇ..! કર્મ નથી ? કર્મ નથી ? કર્મ છે તો કર્મમાં રહ્યું. એને લઈને અહીં જ્ઞાનની ક્ષયોપશમ દશા ઓછી છે, એમ નથી. આહા..હા..! અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો અહીં જ્ઞાન વિશેષ વધે, એમ નથી. આહા..હા..! એ જ્ઞાનની વિશેષ દશા કે ઓછી દશાનો કર્તા સ્વતંત્ર જીવ છે. પોતાની પર્યાયનો કર્તા પર્યાય પોતે છે ખરેખર તો. આહા..હા..!

અહીં ઇ કહે છે કે (બે પાંડવો) અટક્યા તો અટક્યા. કોઈ એને અટકાવતું નથી. કર્મે એને–બે પાંડવોને વિકલ્પ કરાવ્યો, એમ નથી. શું એને મોક્ષ નહોતું જાવું ? એમ કહે. પણ પેલો ઉદય આવ્યો એટલે રાગ થયો. એમ નથી. એ પુરુષાર્થની કમજોરીને લઈને રાગ આવ્યો છે. આહા..હા..! આવી વાત છે. બહુ ફેર.

એ મોટી ચર્ચા થઈ હતી ને તે દિ' ? ૨૧ વર્ષ પહેલાં 'વર્ણીજી' સાથે મોટી ચર્ચા થઈ હતી. પછી પુસ્તક છપાણું છે. આ ચર્ચાના હજારો પુસ્તક છપાણાં છે. છે આમાં ? ક્યાંક હશે ખરું. પેલો ભાઈ હતો ને ? કોણ ? એણે પ્રશ્ન કર્યો. હું ત્યાંથી ઉઠી ગયો અને 'કલકત્તા' ગયા હતા. ત્યાંથી સમ્મેદશીખરથી પહેલા તો 'જમશેદપુર' ગયા હતા. પાછળથી પ્રશ્ન કર્યો અને એનો પત્ર લખાણો, પુસ્તક લખાણું છે. સમજાણું ? આમાં ક્યાંક હશે ખરું. એમાં છે. મોટા પુસ્તક હજારો છપાણાં છે.

એમ કે 'કાનજીસ્વામી' એમ કહે છે કે જ્ઞાનની ઓછા-વત્તાપણાની દશા છે એ

પોતાથી થાય છે, જ્ઞાનાવરણીયથી નહિ. એમ પૂછ્યું, જ્ઞાનાવરણીય કુછ કરતે નહિ. સમજાણું ? આમાં ક્યાંક હશે ખરું. કોણ જાણે શેમાં હશે ? પ્લાસ્ટીક નહિ લાવ્યાં હોય, નહિ લાવ્યાં હોય, હા... હા... હા... પેલી પ્લાસ્ટીક છે ને એમાં છે, પ્લાસ્ટીકનું નહિ પે'લું ? એમાં છે. આ તો હમણાં નવું છપાણું છે.

'રતનચંદજી' મુખ્તાર 'સહરાનપુર' વર્ણીજીને પ્રશ્ન કર્યા. 'જ્ઞાનમેં જો કમી હુઈ જીવકા સ્વભાવ તો કેવળજ્ઞાન હૈ ઓર વર્તમાનમેં જો હમારી સાંસારી અવસ્થામેં જિતને ભી જીવ હે ઉનકે જ્ઞાનમેં જો કમી હુઈ વહ ક્યા કર્મકે ઉદયકે વજહ સે કમી હુઈ ? યા બિના કર્મકે ઉદયકે વજહ સે હુઈ ? 'વર્ણીજી' (જવાબ આપે છે), ઇનમેં દોનો કારણ હૈ. કર્મકા ઉદય કારણ હૈ, ઉપાદાન કારણ આત્મા હૈ. યહ તો જ્ઞાનાવરણીય કર્મકા ઇસ પ્રકારકા ક્ષયોપશમ હૈ, તબ તારતમ્ય ભાવ સે આત્માકા જ્ઞાન આદિ વિકાસ હોતા હે.' આહા..હા..!

પીછે લીધું છે 'કાનજીસ્વામી' યહ કહતે હૈં, મહારાજ જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહિ કરતાં. આ છપાવીને પૂછ્યું છે. આ નવી છપાણી છે એમાં છે. આ જુની છે એમાં બીજે ક્યાંક (હશે). અપની યોગ્યતા સે જ્ઞાનમેં કમી હોતી હૈ. કમીબેસી એમ ભાષા છે. આમાં કમીબેસી જોઈએ. જ્ઞાન ઓછું અને વધારે પોતાને કારણે થાય છે. કમીબેસી હોતી હૈ. મહારાજ ! જ્ઞાનમેં કમી હોતી હૈ વહ અપની વજહ સે હોતી હે, અપની યોગ્યતા સે હોતી હે.

'કાનજીસ્વામી' યહ કહેતે હૈં, જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહિ કરતા. મહારાજ ! ક્યા યહ સબ ઠીક હૈ ? ક્ષુલ્લક 'વર્ણીજી' જવાબ (આપે છે), યહ ઠીક હૈ. આપ હી સમજ લો, કૈસે ઠીક હૈ ? યહ ઠીક નહિ હૈ. કોઈ ભી કહે ચાહે, હમ તો કહતે હૈં કિ અંગધારી ભી કહે તો ભી ઠીક નહિ. આહા..હા..! નીકળ્યું વળી, હોં ! આ શું છે ? 'નિયમસાર' જીવ અધિકાર, 'નિયમસાર'. આવી ચર્ચા 'વર્ણીજી' સાથે (થઈ હતી). હવે 'વર્ણીજી' બિચારા કેટલા... ક્ષયોપશમ હતો ! આ 'સમયસાર'ની આખી ટીકા કંઠસ્થ હતી પણ દૃષ્ટિમાં ફેર હતો. જ્ઞાનાવરણીય કુછ કરતે નહિ ? નહિ. જ્ઞાનાવરણીય કરતે હૈં. એને લઈને જ્ઞાનની હીણી દશા છે. બે કારણ શી રીતે (હોય) ? એ તો નિમિત્તનું નિરૂપણ કથન છે, ઉપાદાન પોતાથી થાય છે. આહા..હા..!

પોતે જ્ઞાનની હીણી ને અધિક દશા પોતાની લાયકાતથી કરે છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. કર્મ શું કરે ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' ઇ કહ્યું હતું તે દિ' ત્યાં ૨૧ વર્ષ પહેલાં. 'વર્ણીજી' બેઠા હતા, બધા પંડિતો હતા. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ'. કર્મ ક્યાં આવ્યા ? જ્ઞાનની હીણી દશા, વિપરીત શ્રદ્ધા એ કરનારો તો હું છું. કોઈ કર્મને લઈને થાય છે એ વાત બિલકુલ જૂઠી છે. કર્મ કર્તા ને આ કાર્ય થાય છે એ બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ ?

અહીં એ કહે છે, એ અટક્યો તો પોતાથી અટક્યો, કોઈએ અટકાવતું નથી. આહા..હા..! બહુ ફેરફાર હતો, ઘણો. અત્યારે ત્રણે સંપ્રદાયમાં સ્થાનકવાસી, શ્વેતાંબર તો કર્મને લઈને માને જ, કારણ કે એ તો પંથ ભ્રષ્ટ થઈને નીકળેલા પણ આ તો સનાતન વસ્તુ છે. આ તો અનાદિનો વીતરાગ માર્ગ છે. એમાં પણ આ સ્થિતિ ઉભી થઈ. આહા..હા..! કર્મ કોણ ? કર્મ પરદ્રવ્ય છે. પરદ્રવ્યને આત્મા ચુંબતો પણ, અડતો પણ નથી, છૂતો પણ નથી. અને કર્મ જ્ઞાનાવરણીય એટલે પેલો શબ્દ આવે ને જ્ઞાનાવરણીય ? પણ એ તો વ્યવહારનું કથન છે. જ્ઞાન પોતાથી હીણું પોતે કરે ત્યારે જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવામાં આવે. આવી સ્વતંત્ર વસ્તુ છે. દ્રવ્ય સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર, પર્યાય સ્વતંત્ર. આહા..હા..! પણ મોટી ભૂલ હતી, મોટી ભૂલ. આહા..!

મુમુક્ષુ :- .... કારણ શું ?

ઉત્તર :- એ તો આરોપિત કીધું ને, એક બીજું આરોપિત કારણ કીધું ને. જિનવાણીમાં વ્યવહાર... સવારમાં ન કહ્યું ? જિનવાણીમાં વ્યવહાર આવ્યો છે, નિમિત્ત છે એવું આવ્યું છે. પણ એ અંદરમાં કાંઈ કરે છે એમ માનવું એ તો સંસાર છે. 'ગોમ્મટસાર'માં તો એમ જ આવે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, લ્યો ! જ્ઞાનને આવરણ કરે તે જ્ઞાનાવરણીય. કોણ આવરણ ? પરદ્રવ્ય એને આવરણ કરે ? એના બે અર્થ છે-ભાવઘાતી આત્મા ને દ્રવ્યઘાતી કર્મ. ભાવઘાત પોતે પોતાથી કરે એટલે દ્રવ્યઘાતીને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે. પણ ક્યાં એવી પડી હોય. બધું ચાલતું હતું. બહારનો ત્યાગ દેખે, ક્ષુલ્લકપણું. વળી 'સમયસાર'નો પ્રચાર વધારે એનાથી થયેલો છે. એ પહેલાં કોઈ હતું નહિ. ભલે ઇ જાતની એની લાઈન (હતી). એટલે લોકોને એમ બહુ થઈ ગયેલું. વસ્તુસ્થિતિ તો આમ છે, બાપા ! એ વખતે

ન્યાં કહ્યું હતું. કર્મ જીવને બીલકુલ કરતું નથી, કીધું.

છએ દ્રવ્યની દરેક સમયની જે પર્યાય છે એ ષટ્કારકના પરિણમનથી પોતાથી થાય છે. 'પંચાસ્તિકાય'ની ૬૨ મી ગાથા બતાવી હતી, જુઓ ! બધા પંડિતો બેઠા હતા. 'ફુલચંદજી' કબુલ કર્યું. 'ફુલચંદજી'. નિશ્ચયથી વિકારના કર્તા પરિણામ છે, વિકારની દશા કર્તા કર્મ પરિણામ છે. એને કર્મ કરે કે પર કારક એને કરે એ વાત છે નહિ. જુઓ! સંસ્કૃત ટીકા. 'પંચાસ્તિકાય' જ્ઞેય અધિકાર છે. જ્ઞેયની પર્યાયનું સ્વતંત્રપણું છે. પરજ્ઞેય એને રોકે ને ટાળે તો આવો ક્ષયોપશમ થાય એવું જ્ઞેયની પર્યાયનું સ્વરૂપ જ નથી, જ્ઞેય અધિકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

આ વાત અમારે (સંવત) ૧૯૭૧ થી આવી હતી. ત્રેસઠ વર્ષ થયા, ત્રેસઠ. 'લાઠી'માં (સંવત) ૧૯૭૧ મોટી તકરાર ચાલી હતી. ૧૯૭૦ માં દીક્ષા (લીધી). કીધું, કર્મ આત્માને બીલકુલ કરે નહિ. વિકાર પોતે પોતાથી કરે છે, કર્મ બીલકુલ નહિ. અને પુરુષાર્થથી, ઊંધા પુરુષાર્થથી વિકાર કરે અને સવળા પુરુષાર્થથી ટાળે. પરનો એમાં અધિકાર છે નહિ. એ ચીજ તો નિમિત્તમાત્ર છે. નિમિત્ત છે ખરું પણ નિમિત્ત પરમાં કાંઈ કરે (એમ નથી). એ તો 'કૈલાસચંદજી' એ હમણાં કબુલ કર્યું. પહેલાં ચર્ચા ચાલી હતી એનાથી વિરુદ્ધ છે પણ કબુલ કર્યું. 'વર્ણીજી'ને પણ ક્રમબદ્ધ તે દિ' કબુલ નહોતું. ક્રમબદ્ધ ખરું પણ આ પછી આ જ થાય એમ નહિ. કીધું, એક પછી જે થવાની હોય તે જ થાય એનું નામ ક્રમબદ્ધ છે. પંડિતોએ અને 'વર્ણીજી'એ એ વખતે એ માન્યું નહોતું. હવે કબુલ કર્યું, 'જૈન સંદેશ'. 'કૈલાસચંદજી'. ક્રમબદ્ધ બરાબર છે અને 'સોનગઢવાળા' નિમિત્ત પણ માને છે પણ નિમિત્તથી થાય છે એમ માનતા નથી. એમ બરાબર છે. બે વાત હમણાં બહાર આવી છે. ઠીક છે. આહા..હા..!

અહીં કહે છે, કોઈ કંઈ એને કરે છે, અટકાવે છે, ઉપસર્ગ દઈને અટકાવે છે એવું છે નહિ. આહા..હા..! 'પંચાસ્તિકાય'માં તો એમ આવ્યું નથી ? વિષય થોડો કરે છે એ જ એને તીવ્ર વિષય થવામાં પ્રતિબદ્ધ છે, એવો પાઠ છે. જ્ઞાન વિષય થોડાને કરે છે, એ જ ઘણાના વિષયને પ્રતિબદ્ધ પોતે કરે છે. પૂર્ણ (જ્ઞાન) થવું જોઈએ એનો પ્રતિબદ્ધ થોડો વિષય કરે છે એ એનું કારણ પોતાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'કોઈ અટકાવતું નથી.'** આહા..હા..!

'સમયસાર' ત્રીજી ગાથામાં તો એમ કહ્યું કે દરેક દ્રવ્ય જે છ દ્રવ્ય છે એ છ દ્રવ્ય પોતે પોતાના ગુણ અને પર્યાયને ચુંબે, છુવે પણ પરદ્રવ્યને તો અડતું પણ નથી. આહા..હા..! આ આંગળી આને અડતી જ નથી. કારણ કે આમાં ને આમાં બે માં અભાવ છે. અડે ક્યાંથી આમ ? આહા..હા..! શું થયું ? 'ચેતનજી' ! આ અગ્નિને લઈને ઊનું થયું નથી ? અહીં અગ્નિ પડી હોય તો ચામડી આમ ઊની થાય. પાણી અડાડો તો ઊનું થાય ? પ્રત્યક્ષ દેખાય છે કે અગ્નિ હોય તો ઊનું થાય છે. ભગવાન ના પાડે છે કે એ અગ્નિને લઈને ઊનું થયું નથી. ઊનું એની પોતાની પર્યાયને લઈને થયું છે. આહા..હા..! આવું છે.

**ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ. અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે. ૧૨૯.**

હવે કહે છે જુઓ ! ૧૨૯.

**'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મુકીશ...'** આહા..હા..! ભગવાન એમ કહે છે કે દરેક દ્રવ્યની એક સમયની વિકારી કે અવિકારી પર્યાય સ્વતંત્ર કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણથી તે પર્યાય થાય છે. એનાથી કાંઈ પણ તેં ફેર કર્યો કે કર્મને લઈને થાય ને એને શુભરાગ થયો માટે ત્યાં ધર્મનું સાધન અનુકૂળ પડ્યું, એવી જો કાંઈ પણ વાત કરી, પગ મૂક્યો તો રખડી મરીશ. આહા..હા..! કહો, 'સંતોષકુમારજી' ! શું છે ? બરાબર છે ? વૈરાગી છે. પકડી શકે છે. આ વાત તો બાપા ! તારા ઘરની છે ને ! ભાઈ ! આ તો સીધી વાત છે. એના જ્ઞાનમાં નિર્ણય તો કરે પહેલો. આહા..હા..!

**'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મુકીશ...'** આહા..હા..! ભગવાન એમ કહે છે કે પરને લઈને પરમાં કાંઈ ન થાય. એમાં જો કાંઈ કહ્યું કે પરને લઈને થાય તો મરી જઈશ, ચાર ગતિમાં રખડીશ. અને વ્યવહાર કરતા ધર્મ થશે, ભગવાન એમ

કહેતા નથી. આપણે શુભ કરીએ છીએ ને ! અશુભ ટાળીએ છીએ ને શુભ કરીએ ને શુભ ટળશે એમાં અશુભ તો ટળ્યું છે ને ! એટલે એટલો તો લાભ થયો છે ને ! પણ જેની દૃષ્ટિ જ હજી રાગ કરવા ઉપર છે ને રાગથી લાભ થાય છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિને અશુભ પણ ટળ્યું નથી. મિથ્યાત્વ એ જ મહા અશુભ છે પહેલું તો. આહા..હા..!

ઇ તો બધા કહે, એ તો ભગવાનની આજ્ઞા છે ને ! પણ સવારમાં નહોતું આવ્યું ? જિનવાણીમાં પણ હસ્તાવલંબ, સહાયક, સહચર, નિમિત્ત દેખીને તેનું કથન કર્યું છે. જિનવાણીમાં પણ વ્યવહારનું વચન, કથન ઘણું આવ્યું છે પણ એનું ફળ સંસાર છે. આહા..હા..! એ તો વ્યવહારની નિરૂપણ કથનની શૈલી છે. એથી વ્યવહારનું કથન જિનવાણીમાં આવ્યું. વ્રત ને તપ ને ભક્તિ ને આ ને આ ને આ... પણ એનું ફળ એ તો શુભરાગ છે, એનું ફળ તો ફળ સંસાર છે. સમકિતીને, હોં ! અજ્ઞાનીને તો પ્રશ્ન છે જ નહિ. દૃષ્ટિ જ મિથ્યાત્વ છે, રાગથી ધર્મ માને છે. આહા..હા..! એ શુભ કરતાં કરતાં આપણે આગળ જાશું. આહા..હા..! એને તો અશુભ પણ ટળ્યું નથી. મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એ જ મહા અશુભ છે હજી તો. આહા..હા..!

**'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ.'** નરક ને નિગોદમાં જઈશ, યાદ રાખજે ! આહા..હા..! કુદરતના વસ્તુનો સ્વભાવ એવો છે. નરક ને નિગોદમાં જાઈશ. આહા..હા..! જેમ એક વસ્ત્રનો તલતુસમાત્ર ધાગો રાખીને અમે મુનિ છીએ એમ માને, મનાવે, માનતાને રૂડું જાણે (તો) નિગોદ ગચ્છઈ. નિગોદમાં જવાના છે. કદાચિત્ શુભભાવ હોય તો એકાદ ભવ સ્વર્ગમાં જાય, ન્યાંથી તિર્યંચ થઈને નિગોદમાં જવાના. આહા..હા..! આકરું કામ બહુ. એટલો એક વસ્ત્રનો કટકો રાખ્યો એમાં શું થયું ? વસ્ત્રનો ટુકડો રાખ્યો એની વાત નથી, રાખવાનો જે ભાવ છે, એ ભાવમાં મુનિપણું હોઈ શકે જ નહિ. જેને વસ્ત્ર રાખવાનો, પહેરવાનો ભાવ છે એને મુનિપણું હોઈ શકે જ નહિ. ઇ વસ્ત્રે અટકાવ્યું નથી. આનાથી મને લાભ થશે, એમ પોતે માન્યું એનું એને અટક્યું છે. આહા..હા..! વસ્ત્ર છે તો જરી પરિષહ સહન થાય અને શરીરને ઠીક રહે, નીરોગતા હોય તો કાંઈક કામ કરી શકિએ. એવી તારી માન્યતા છે એ ભ્રમણા છે. આહા..હા..! સાતમી નરકનો નારકી, જેને રોગનો

પાર નહિ. જન્મથી સોળ રોગ, તેત્રીસ સાગરમાં પાણીનું બિંદુ નહિ. બાપુ ! બાપુ ! એ તને શું ખબર છે ? ભાઈ ! એક અનાજનો કણ નહિ. એવા તેત્રીસ સાગર, એવા અનંતા સાગરમાં ત્યાં ગયો. અનંતવાર ત્યાં ગયો છો, ભાઈ ! તને ખબર નથી. એ મિથ્યાત્વને લઈને છે. સમજાણું કાંઈ ?

સમકિત થયા પછી નરકનું આયુષ્ય સમકિતી બાંધે જ નહિ, ભલે લડાઈના પરિણામ હોય. સમજાણું કાંઈ ? આત્મજ્ઞાન થયું, વસ્તુનું ભાન દૃષ્ટિ (થયા) પછી છન્નું હજાર સ્ત્રીના ભોગનો ભાવ અશુભ હોય અને લડાઈનો ભાવ અશુભ હોય પણ (એમાં એ) આયુષ્ય નહિ બાંધે. જ્યારે શુભભાવ આવશે ત્યારે આયુષ્ય બાંધશે. આહા..હા..! જુઓ તો ખરા ! શું કીધું ઇ ? કે સમ્યગ્દૃષ્ટિ જીવ છે એ મોક્ષમાર્ગી છે. સવારમાં કહ્યું હતું ને ? પંડિતજીને. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય, ચક્રવર્તીનું રાજ કરતો હોય ને છન્નું હજાર સ્ત્રી હોય છતાં એ મોક્ષમાર્ગમાં છે, સમકિતી છે. રાગથી ભિન્ન પડીને મારું સ્વરૂપ આનંદ છે એવો અનુભવ છે એ મોક્ષમાર્ગે છે. અને સાધુ દિગંબર સંત થઈને પંચ મહાવ્રત પાળતો હોય છતાં એનાથી કલ્યાણ થશે એમ માને છે એ મોક્ષમાર્ગમાં નથી, એ સંસારમાર્ગમાં છે. આહા..હા..! આ વીતરાગની આજ્ઞા છે. ઇ આજ્ઞા બહાર જો પગ મૂક્યો સ્વછંદ થઈને (રખડી મરીશ). આ ડરાવતા હશે ? ભય પમાડતા હશે ? એનું સ્વરૂપ બતાવે છે. આહા..હા..!

ભાઈ ! ભગવાને જે જાણ્યું ને જોઈને કહ્યું, એનો જે વ્યવહાર ભગવાને કહ્યો એનું ફળ ભગવાને તો સંસાર કહ્યું. આહા..હા..! અને તું એના ફળમાં વ્યવહારમાંથી લાભ થાય એમ માનીશ (તો) મરી જઈશ. આ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે, શુભમાં તો અમે આવ્યાં છીએ ને અશુભથી તો બચીએ છીએ ને ! એમ કરતાં પછી શુદ્ધ થશે, એનો ક્રમ એમ થશે. મરી જઈશ, નરક ને નિગોદમાં જાઈશ. આહા..હા..! આકરી વાતું છે, બાપુ !

આ દેહ તો કેટલો કાળ રહેશે ? અમુક સ્થિતિ રહેશે (પછી) ફુ... રાખ થઈને ઊડી જશે અને તું છો એ ક્યાંક ચાલ્યો જઈશ, બાપા ! વિપરીત શ્રદ્ધા ને ક્યાં ને ક્યાં જઈને ક્યાં અવતરીશ ? ક્યાં નિગોદ ને ક્યાં નરક ને ક્યાં પશુ ને... આહા..હા..! ભાઈ ! તને તારી દયા નથી. તારી તને દયા નથી. મારું શું થશે ? આહા..હા..!

વર્તમાન અનુકૂળતા સેવીને સ્વછંદે જો કાંઈ પણ ભગવાનની આજ્ઞા બહાર માન્યું... આહા..હા..! **'ડૂબી જઈશ. અનેકાન્તનું જ્ઞાન કર...'** ઇ શું કહ્યું ? અનેકાન્તનું જ્ઞાન કર એટલે ? આત્માના આશ્રયે ધર્મ થાય, વ્યવહાર કરતાં ન થાય એનું નામ અનેકાન્ત. અને નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી થાય, એ આજ્ઞા બહારનો એકાન્ત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં કહ્યું છે ને ? ભાઈ ! વ્યવહારના કથનો આવે એને તું જાણજે, શ્રદ્ધજે પણ એ છોડવા લાયક છે એમ માનજે. છોડવા લાયક છે, એ વ્યવહાર છે એ છોડવા લાયક છે. એને આદરવા લાયક માનવા જઈશ (તો) મરી જઈશ. આહા..હા..! ઉભયાભાસી છે ને ? ૫૬-૫૭ થી શરૂ થાય છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'. વ્યવહારની આજ્ઞા, આ વ્રત ભગવાનની આજ્ઞા છે ને ? પણ એ આજ્ઞા વ્યવહારની છે કે નિશ્ચયની ? અને વ્યવહારની છે તો એ તો જાણવા (કહ્યું છે), નિમિત્તાદિનું જ્ઞાન કરાવવા કહ્યું છે. એ આદરણીય છે અને એનાથી લાભ છે એ માટે કહ્યું નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! આવો માર્ગ (છે).

**'અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે.'** અનેકાન્ત એટલે ઇ. મારું મારાથી થાય, મારું પરથી ન થાય. મારું નિશ્ચય મારા દ્રવ્યને આશ્રયે થાય, વ્યવહારને આશ્રયે ન થાય, એવું અનેકાન્તનું જ્ઞાન રાખજે. ભગવાનની આજ્ઞા એ છે. આ અનેકાન્ત એમ ઠરાવે છે–નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય એ અનેકાન્ત છે. અહીં કહે છે કે નિશ્ચયથી થાય ને વ્યવહારથી ન થાય એ અનેકાન્ત છે. આહા..હા..! વાતે વાતે ફેર. અજ્ઞાની ને જ્ઞાનીની માન્યતામાં મોટો ફેર. આહા..હા..! **'અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે.'** અનેકાન્તનું જ્ઞાન કર. મારી પર્યાય મારાથી છે, પરને લઈને નહિ. પરની પર્યાય એનાથી છે, મારે લઈને નહિ. મારો મને વ્યવહાર આવ્યો તેથી મને નિશ્ચયને મદદ મળી, એમ નથી. વ્યવહાર આવ્યો એ સંસારનું કારણ, બંધનું કારણ છે. આહા..હા..! આવી વાતું છે. **'તો તારી સાધના યથાર્થ થશે.'** વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૭, બુધવાર તા. ૨૬-૦૭-૧૯૭૮.**
**વચનામૃત-૧૩૦ થી ૧૩૨. પ્રવચન-૪૮**

**નિજ ચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે. અનંત ગુણોની ઋદ્ધિ જે પ્રગટે તે પોતામાં છે. ૧૩૦.**

૧૩૦ બોલ. ૧૨૯ થઈ ગયા. '**નિજ ચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે,...**' આહા..હા..! ચક્રવર્તી જે 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ચક્રવર્તી હતા ને તીર્થંકર હતા. એ છ ખંડ સાધ્યા એ તો એક વિકલ્પ હતો અને એને તો એણે જાણ્યું છે. એનું તો જ્ઞાન કર્યું છે કે આ છ ખંડ આવ્યા ને વિકલ્પ થયો એનું જ્ઞાન (થયું છે), બાકી ખરેખર તો... આમાં આવે છે ને ? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ! ચૈતન્યને અખંડને સાધ્યો છે. છ ખંડને નહિ પણ અખંડને (સાધ્યો છે). આહા..હા..! આમાં આવે છે ને ? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માં આવે છે. સમકિતી જ્ઞાની ચક્રવર્તીએ છ ખંડ સાધ્યા નથી, એણે તો આત્માનું અખંડપણું, છ ખંડ નહિ પણ અખંડપણું (સાધ્યું છે). આહા..હા..!

શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અમૃતસાગરથી ભરેલો...! આહા..હા..! અનંત અનંત આનંદના જેમાં સ્વભાવ પૂરા ભર્યા છે. એવા અનંત ગુણના અનંત આનંદ. એક એક ગુણ બીજા ગુણનું રૂપ ધારણ કરે છે. શું એ (કહ્યું) ? એક જ્ઞાન ગુણ છે, એમાં એક અસ્તિત્વ ગુણ જુદો છે, એવા અનંત ગુણ છે. છતાં એક જ્ઞાન ગુણ અસ્તિત્વ ગુણનું રૂપ ધારણ કરે છે. અસ્તિત્વ ગુણ એમાં જતો નથી. અર્થાત્ જ્ઞાન છે, છે એવું અસ્તિત્વ જ્ઞાનના ગુણમાં પણ છે. એક ગુણ બીજા ગુણમાં જતો નથી. અનંત ગુણ તો અનંતપણે જ રહે છે પણ એક એક ગુણમાં બીજા અનંતા ગુણોનું રૂપ છે. એટલે કે જેમ જ્ઞાન છે એમ અસ્તિત્વ નામનો ગુણ પણ છે. હવે એ અસ્તિત્વ ગુણ છે માટે જ્ઞાન ગુણ છે, એમ નથી. પણ જ્ઞાનગુણ છે એવું જ્ઞાન ગુણમાં પણ

અસ્તિત્વનું રૂપ પોતાના સ્વરૂપે છે. આહા..હા..! એમ એક એક ગુણમાં (અસ્તિત્વનું રૂપ છે).

જ્ઞાનમાં વસ્તુત્વ ગુણ બીજો છે, પણ વસ્તુત્વ ગુણનું રૂપ જ્ઞાનમાં છે. આહા..હા..! એમ આનંદ ગુણ બીજો છે છતાં આનંદ ગુણનું રૂપ જ્ઞાનમાં છે. આહા..હા..! એમ આત્મામાં શાંતિ શાંતિ, વીતરાગતા ચારિત્ર, ચારિત્ર–વીતરાગતા. પેલો આનંદ સુખ છે. ચારિત્રની શાંતિ જે છે, એ શાંતિનો ચારિત્ર ગુણ છે એ ભિન્ન છે પણ જ્ઞાનમાં એ શાંતિનું રૂપ છે. જ્ઞાન પોતે શાંતિ સ્વરૂપ છે. આહા..હા..!

આવા એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. ગુણની સંખ્યા અનંત છે. આકાશના પ્રદેશની સંખ્યા કરતાં અનંત ગુણા ગુણ એક જીવમાં છે. લોકાકાશ અને અલોકાકાશના પ્રદેશની જે સંખ્યા છે, જેના ક્ષેત્રનો અંત નથી આકાશ... આકાશ... આકાશ... આકાશ..., દસે દિશા... દસે દિશા... એવું અમાપ ને અનંત આકાશ છે. એના પ્રદેશોની સંખ્યા અનંત ગુણી (છે). ત્રણ કાળના સમય કરતા પણ અનંત ગુણી. એનાથી અનંત ગુણા એક જીવમાં ગુણ છે. એવો એ ચૈતન્ય ચક્રવર્તી છે. આહા..હા..!

એ '**નિજ ચૈતન્યદેવ...**' પોતાનો લીધો છે ને ? પોતાને. ભગવાનનો ભગવાન પાસે રહ્યો. આહા..હા..! '**નિજ ચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે,...**' કેમ કે એમાં અનંતા ગુણો રત્ન ભર્યા છે. અનંત ગુણરૂપ રત્ન ભર્યા છે. આહા..હા..! ચક્રવર્તીને જેમ છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, છન્નું હજાર સ્ત્રી, સોળ હજાર દેવ (હોય છે) એમ આ આત્મા ચક્રવર્તીમાં અનંત ગુણ-રત્ન ભર્યા છે. આહા..હા..! એને તો ચૌદ રત્ન જ હોય. સોળ હજાર દેવ સેવા કરે. અહીં અનંત રતન છે અને અનંત દૈવી શક્તિ છે. આહા..હા..! એ દેવ છે. આહા..હા..! ચૈતન્યદેવ નિજ–આ ભગવાનઆત્મા પોતાનો નિજ ચૈતન્યદેવ દિવ્ય શક્તિથી ભરેલો ચક્રવર્તી છે. આહા..હા..! એવા નિજ દ્રવ્યના સ્વભાવમાં અનંત અનંત ગુણના રતન ભર્યા છે. એથી એ ગુણના રતનને તે સાધે છે. સાધક દશામાં એ ગુણ અનંત છે તેનું સાધન કરે છે. સાધન કરતાં કરતાં પૂર્ણ થાય ત્યારે પૂર્ણ રત્ન પ્રગટ થઈ ગયા. ઇ કહે છે.

'**એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે.**' ક્યાંય બહારથી અનંત ગુણ આવતા નથી. આહા..હા..! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય જે ભગવાનને

ચતુષ્ટય પ્રગટ્યા એ અંતર હતા એમાંથી આવ્યા છે. ચૈતન્યના અંદરમાં અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત ગુણો (છે) એનું સાધન કરતાં પ્રગટ થશે. આહા..હા..!

ભાઈએ 'ટોડરમલજી'એ એમ લખ્યું છે ને ? પહેલા શરૂઆતમાં (લખ્યું છે). નિજ સ્વરૂપના સાધન વડે સિદ્ધ થયા, એમ લખ્યું છે, ભાઈ ! નિજ સ્વરૂપના સાધન વડે સિદ્ધ થયા છે. 'ટોડરમલ' ! આહા..હા..! અને મુનિપણું કેવું છે ? એમાં લખ્યું છે કે શુદ્ધ ઉપયોગરૂપી તે મુનિપણું. આહા..હા..! છે એમાં, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પહેલા શરૂઆતમાં પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ (લખ્યું છે). આહા..હા..!

શુદ્ધ ઉપયોગી (એટલે) સમજાય છે ? અહીં છે કે નહિ ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'. સંતનું સ્વરૂપ વર્ણવતા (કહે છે), જે ગૃહસ્થપણું છોડી મુનિધર્મ અંગીકાર કરી નિજ સ્વભાવ સાધન વડે ચાર ઘાતી કર્મનો ક્ષય કર્યો છે. નિજ સ્વભાવ સાધન વડે. આહા..હા..! 'ટોડરમલે' પણ આવું 'મોક્ષમાર્ગ પ્રકાશક' બનાવવામાં એક એક પદના અર્થ કર્યા છે, પણ એ કેટલાકને  વીસ પંથીને માન્ય નથી. એને અરે..! આ તો તેરા પંથ છે, ભગવાન ! તેરા પંથ એ પંથની વાત છે. આ કોઈ વીસ પંથી, તેરા પંથી એવો કોઈ પક્ષ નથી. આહા..હા..! નિજ સ્વભાવ સાધન વડે ચાર ઘાતિનો નાશ કર્યો. આહા..હા..! છે ? અને સિદ્ધની વ્યાખ્યા કરતા શું કહ્યું ? કે ગૃહસ્થ અવસ્થા તજી મુનિ ધર્મ સાધન વડે. હવે મુનિધર્મ એટલે શું ? કે વીરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધ ઉપયોગરૂપ મુનિ ધર્મ અંગીકાર કરી. અઠ્યાવીસ મૂળ ગુણ અંગીકાર કરી ને એ કાંઈ સાધુપણું નથી, એ તો રાગ છે, વિકલ્પ છે. આહા..હા..! મુનિ આવા હોય.

મુમુક્ષુ :– પંચમ કાળમાં શુદ્ધ ઉપયોગ હોય ?

ઉત્તર :– ન હોય તો ધર્મ જ નથી. ઇ જ કહે છે, '...' એમ કહે છે, અત્યારે શુદ્ધ ઉપયોગ નથી. એ તો શુદ્ધ ઉપયોગ નથી તો સમકિતી પણ નથી ને ધર્મ પણ નથી. આહા..હા..! ભાઈ કહે છે, એમ કહે છે. અત્યારે શુદ્ધ ઉપયોગમાં જ સમ્યગ્દર્શન થાય છે. આત્મામાં જ્ઞાયક જ્ઞેય, ધ્યાતા-ધ્યાન(ના ભેદ) ભૂલી જઈને અભેદ શુદ્ધ ઉપયોગ થાય છે, એમાં જ સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એની વ્યાખ્યા કરતાં 'દ્રવ્ય સંગ્રહ'માં લીધું છે, 'દ્રવ્ય સંગ્રહ'માં. **'दुविहं पि मोक्खहेउं झाणे**

**पाउणदि जं मुणी णियमा।'** આ ગાથા છે, 'દ્રવ્ય સંગ્રહ'. 'નેમીચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' અહીં ચક્રવર્તી આવ્યું છે ને ? 'નેમીચંદ સિદ્ધાંત ચક્રવર્તી' એમ કહે છે કે આહા..હા..! **'दुविहं पि मोक्खहेउं'** નિશ્ચય મોક્ષમાર્ગ ને વ્યવહાર મોક્ષમાર્ગ **'दुविहं पि मोक्खहेउं'** મોક્ષ હેતુ **'झाणे पाउणदि जं मुणी णियमा।'** ધ્યાનમાં પ્રાપ્ત થાય છે એવો પાઠ છે. એ ધ્યાન શુભનું છે ? એની વાત છે ? ઝીણી વાત બહુ, બાપુ ! અત્યારે માર્ગને લોકોએ વીંખી નાખ્યો, આહા..હા..!

**'दुविहं पि मोक्खहेउं' 'दुविहं'** નામ બે પ્રકારના મોક્ષનો હેતુ–કારણ **'झाणे पाउणदि जं मुणी णियमा।'** એટલે ? ધ્યાનમાં નિશ્ચયથી તે મળે છે. એટલે ? શુદ્ધ ઉપયોગ થતાં જે દ્રવ્યમાં શુદ્ધ ઉપયોગ જાય, એકાકાર થાય છે ત્યારે એમાંથી નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ્યો. શુદ્ધ ઉપયોગ જેટલો પ્રગટ્યો એટલો નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ્યો. અને એ વખતે જે અબુદ્ધિપૂર્વક રાગ રહ્યો, હજી તો ધ્યાનમાં છે, એને રાગ બાકી રહ્યો એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ કરીને કથન કર્યું છે. આહા..હા..! આ તો 'દ્રવ્ય સંગ્રહ' જે પાઠશાળામાં ભણાવે છે, એની આ ગાથા છે. હજી શ્રદ્ધામાં પણ ઠેકાણા ન મળે કે આ મોક્ષમાર્ગ કેમ થાય એની ખબર ન મળે. આહા..હા..!

**'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** એવો પાઠ છે. **'णियमा'** નામ નિશ્ચયથી. નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ બેય ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એટલે ? કે સ્વરૂપ તરફનું ધ્યાન જ્યાં શુદ્ધ ઉપયોગથી લાગ્યું, ત્યાં એ શુદ્ધ ઉપયોગ જે પ્રગટ્યો, એટલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધ્યાનમાં પ્રગટ્યા. અને એ જ વખતે જે રાગ અંદર અબુદ્ધિપૂર્વક રહ્યો છે એને વ્યવહાર મોક્ષમાર્ગ કહીને ધ્યાનમાં બે પ્રગટ્યા એમ કહ્યું છે. આહા..હા..! આ 'દ્રવ્ય સંગ્રહ' તો પાઠશાળામાં ભણાવે, છોકરાઓને ભણાવે છે. અરે..રે..! બાપુ ! માર્ગ પ્રભુનો એ વીરલાના માર્ગ છે, એ કાયરના માર્ગ નથી. આહા..હા..!

જાણે ધ્યાનમાં પમાય છે. ક્યુ ધ્યાન ઇ ? આર્તધ્યાન ને રૌદ્રધ્યાન ? ધ્યાન. ધ્યાતા ધ્યાન ને ધ્યેયનો પણ ભેદ છોડી દઈ, જ્ઞાતા-જ્ઞાન ને જ્ઞેયના ભેદને છોડી દઈ... એ 'છ ઢાળા'માં આવે છે, 'છ ઢાળા'માં... આહા..હા..! અંતરમાં ઉપયોગ જામી જાય છે, અભેદ (થાય છે) એ ઉપયોગ શુદ્ધ ઉપયોગ થયો એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-

ચારિત્ર થયું. તેથી અહીં કહ્યું છે ને ? કે શુદ્ધ ઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી. સંતોએ શુદ્ધ ઉપયોગને અંગીકાર કર્યો છે, શુભ ઉપયોગને નહિ. આહા..હા..! શુભ ઉપયોગ તો રાગ છે, એ જાણવામાં જ્ઞાતાનું જ્ઞેય છે. જાણવા લાયક છે, આદરણીય નહિ. આહા..હા..! આવી વાત તો 'દ્રવ્ય સંગ્રહ'માં છે, 'પંચાસ્તિકાય'માં છે.

પ્રભુ ! તારી ઈશ્વરતા તારામાં છે. તારાથી તને સંવર-નિર્જરા પ્રગટે, થાય છે. ૨૭ ગાથામાં લીધું નહિ ? પ્રભુ ! આહા..હા..! પ્રભુ ! તારી પ્રભુતા તારો એક ગુણ છે. એ પ્રભુતાને કારણે તારા સ્વભાવ સન્મુખ જ્યાં જાય છે, ત્યારે પ્રભુતાને કારણે પ્રભુતાની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ થાય છે, જે નિશ્ચય મોક્ષમાર્ગ છે એ મોક્ષમાર્ગ અંદર ધ્યાતા-ધ્યાન ને ધ્યેયને મૂકીને એકાકાર થાય ત્યાં પ્રાપ્ત થાય છે. ચૈતન્ય હીરો અનંત આનંદનો સાગર પ્રભુ ! એમાં શુદ્ધ ઉપયોગ થતાં,... આહા..હા..! એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. અને અંદર ધ્યાનમાં રાગ કાંઈક બાકી રહે છે, એ રાગને વ્યવહાર મોક્ષમાર્ગ આરોપિત કરીને કહ્યું છે. ખરેખર તો એ મોક્ષમાર્ગ છે નહિ, પણ નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ્યો છે એની સાથે રાગની મંદતાનું સહચરપણું, સાથેપણું, નિમિત્તપણું દેખીને ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ કર્યો છે. આહા..હા..! આવી વાતું, બાપા ! જૈન વીતરાગ માર્ગ અને એ દિગંબર ધર્મ અલૌકિક (છે) ! લોકમાં ક્યાંય ગંધ ન મળે. પણ કાંઈકના કાંઈક અર્થ કરીને વસ્તુને બગાડી નાખી. આ પોતે તો અહીં મુનિપણું અઠ્યાવીસ મૂળગુણ લીધા ને ? ચરણાનુયોગમાં તો એમ આવે છે. ...પણું આપો અમને, અઠ્યાવીસ મૂળગુણ ને નગ્નપણું આપ્યું. એ તો ચરણાનુયોગના કથન છે.

તત્ત્વજ્ઞાનના કથનમાં તો...આહા..હા..! શુદ્ધ ઉપયોગ (આવે). પંચ મહાવ્રત આદિના પરિણામ એ શુભ ઉપયોગ છે, એ બંધનું કારણ છે. છતાં જ્યારે સ્વરૂપમાં અંદર ધ્યાનમાં આત્માના અમૃતનાં સાગર જ્યાં અનુભવમાં આવ્યો એની પર્યાયમાં શુદ્ધ ઉપયોગ થયો. એ શુદ્ધ ઉપયોગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના આચરણરૂપ છે. આહા..હા..! બાપુ ! માર્ગ એવી જુદી જુદી જાત છે, ભાઈ ! એ પ્રભુ છે. ઊંધો અર્થ કરે છે એ છે તો પ્રભુ બિચારા પણ એની પર્યાયમાં ખબર નથી ને ! અને એના ફળ શું આવશે ? બાપુ ! ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..હા..!

એ આત્મા... અહીં તો આચાર્ય, ઉપાધ્યાય ને સાધુનું સ્વરૂપ, ત્રણેનું વર્ણવ્યું છે. ત્રણમાં આ કહ્યું છે. **'શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી...'** ત્રણે. **'અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે,...'** આહા..હા..! **'પોતાને યોગ્ય બાહ્યક્રિયા જેમ બને તેમ બને છે, પરંતુ તેને ખેંચીતાણી જે કરતા નથી,...'** આહા..હા..! **'કદાચિત્ મંદ રાગના ઉદયથી શુભોપયોગ પણ થાય છે જે વડે તે શુદ્ધોપયોગના બાહ્ય સાધનો છે તેમાં અનુરાગ કરે છે,...'** દેવ-ગુરુ-શાસ્ત્રાદિમાં (અનુરાગ કરે) પણ છે એ રાગ બંધનું કારણ. આહા..હા..! આવી વાત છે. કહો ! આ 'ટોડરમલ' ગૃહસ્થ આ રીતે (કહે છે). (અત્યારે) પોતાને ન બેસે એટલે (વિદ્વાનોએ) કાઢી નાખ્યું. પણ આ શું કહે છે અહીં ? વ્યવહાર અભૂતાર્થ (છે), એ સવારમાં ચાલ્યું ને ? શુભભાવ અને પર્યાય તે અસત્ય છે. કેમ કે તે ત્રિકાળી ચીજ નથી. ત્રિકાળી સ્વરૂપનો ઉપયોગ કરવો એનું નામ ધર્મ છે. આહા..હા..! ('ભાઈ' !) આવું ક્યાંય તમારા બાપે સાંભળ્યું નથી ન્યાં ક્યાંય.

મુમુક્ષુ :– આપના ... આવતા હતા.

ઉત્તર :– આવતા હશે પણ આ અત્યારે હમણાં જે સ્પષ્ટ થાય છે એવું (ત્યારે નહોતું). જુના બધા હતા, બિચારા ક્યાં ગયા હશ ?. આહા..હા..! આ મા-બાપ ! જેને માતા કરીને બોલાવેલ, જેના પેટમાં નવ મહિના રહ્યા,... આહા..હા..! એ જીવ ક્યાં હશે એમ કોઈ દિ' વિચાર કર્યો છે ? બાપુ ! અરે..રે..! નિરાધાર આ સંસાર એમાં મા, બાપ, ભાઈ એ ક્યાંય ચાલ્યા ગયા. આહા..હા..! એને આ ધર્મની એ વખતે તો ખબર પણ નહોતી. આહા..હા..! જેનું–જીવનું અસ્તિપણું છે એ ક્યાંક છે તો ખરાને ? આહા..હા..! આહા..હા..! અરે..રે..! જેને વ્હાલા તરીકે પિતા તરીકે માન્યા, માતા તરીકે વ્હાલા તરીકે બા કરીને બોલાવ્યા... આહા..હા..! એનો જીવ ક્યાં હશે બાપુ ! તેં વિચાર કર્યો છે ? આવા મનુષ્યપણામાં તો કરવા જેવું આ છે, એ નથી થયું એનાથી, એ ક્યાં હશે ? આહા..હા..! દુનિયાની વાત એકકોર મુકો, બાપુ ! આહા..હા..! સમજાણું કાંઈ ?

ભગવાન આ આત્મા અંતરમાં દૃષ્ટિ કરતાં એ પોતે ચક્રવર્તી છે. એણે પોતાના ગુણનું સાધન કર્યું છે. આહા..હા..! એ સાધન એ (કે) રાગથી પૃથક્ પ્રજ્ઞાછીણી મારીને

રાગ વિકલ્પ જે છે એ પછી ભલે પંચ મહાવ્રતનો હો પણ એ રાગથી પ્રજ્ઞાછીણી– રાગથી ભિન્ન પાડીને સ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાનની સ્થિરતા કરી એટલો ધર્મ છે. આહા..હા..! આવી વાતું છે, પ્રભુ ! શું થાય ?

એ વિરોધ કરનારાને પણ બિચારા એના પરિણામ એવા થયા એનો તિરસ્કાર કરવા જેવું નથી. એને ખબર નથી. જેના માર્ગની શરૂઆત કેમ થાય ને ક્યાંથી (થાય એ) ખબર નથી. ખબર નથી એટલે એના ફળ બાપુ ! કેવા આકરા આવશે એ અને આકરા ફળ આવે એવા પ્રાણી પ્રત્યે તિરસ્કાર ન થાય. ('ભાઈ' !) વિરોધ ન થાય. એ પ્રભુ છે. આહા..હા..! આવી વાત બાપા ! બહુ મોંઘી, ભાઈ ! આહા..હા..!

ચૈતન્ય ચક્રવર્તી (પોતે છે) **'એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે.'** આહા..હા..! જે અનંત ગુણ છે એની પર્યાયમાં અનંતા ગુણોની દશા તને પ્રગટ થશે, પ્રભુ ! છે તે થશે. કૂવામાં હોય તે અવેડામાં (આવે). અવેડાને શું કહે છે ? હોજ. કૂવામાં પાણી હોય એ હોજમાં આવે, જે અંદરમાં છે એ પર્યાયમાં આવે. આહા..હા..! પણ ભાઈ ! ધીરાના કામ છે, બાપા ! આહા..હા..! આ કોઈ બાહ્યથી ત્યાગ કરી દીધા ને લુગડા ફેરવ્યા ને નગ્ન થઈ ગયા માટે ધર્મ થયો એમાં અંશ પણ નથી. આહા..હા..! પ્રથમ સમ્યગ્દર્શન કરવું જોઈએ, પહેલો ચૈતન્ય ચક્રવર્તીને સાધવો જોઈએ. આહા..હા..! અનંત ગુણની પ્રાપ્તિ થશે.

**'અનંત ગુણોની ઋદ્ધિ જે પ્રગટે તે પોતામાં છે.'** અનંત ગુણની ઋદ્ધિ જે પર્યાયમાં કેવળજ્ઞાનને કાળે પ્રગટશે એ બધી શક્તિઓ તારામાં છે. એ પોતામાં છે તેમાંથી પ્રગટ થશે, ક્યાંય બહારથી આવતી નથી. આહા..હા..! કેવળી અનંત આનંદ ને અનંત જ્ઞાનને પર્યાયમાં પામ્યા એ ક્યાંથી આવ્યું ? બાપુ ! ક્યાંય બહારથી આવે છે ? પૂર્વની પર્યાયથી પણ એ આવતું નથી. શું કહ્યું એ ? કેવળજ્ઞાન જે છે, પૂર્વે ચાર જ્ઞાનની પર્યાય સાધકરૂપે હોય એમાંથી પણ કેવળજ્ઞાનની પર્યાય આવતી નથી. પર્યાય તો દ્રવ્યમાંથી આવે છે. કારણ કે ચાર જ્ઞાન ને સાધકપણાની પર્યાય છે એનો તો વ્યય થાય છે, તો વ્યય થાય એમાંથી ઉત્પાદ ક્યાંથી થાય ? આહા..હા..! સમજાય છે કાંઈ ? બાપુ ! મારગડા જુદા, નાથ !

પ્રભુ ! તું કેવડો મોટો તેની તેં અવ્યક્તપણે પણ પ્રતીતિ કરી નથી. આહા..હા..!

એનો એને વિશ્વાસ નથી આવ્યો કે આ એક મહાપ્રભુ ચૈતન્ય આનંદનો નાથ સાગર છે. આહા..હા..! જેમ સ્વયંભૂરમણ સમુદ્રના તળિયામાં રત્ન ભર્યા છે, રેતી નહિ. ભગવાન કહે છે, સ્વયંભૂ સમુદ્ર છેલ્લો જે અસંખ્ય જોજનમાં છે, અસંખ્ય જોજનમાં પહોળો (છે), એમાં નીચે રેતી નથી. આ વાળુ કહે છે ને ? વાળુ. વેળુ, વાળુ નથી. નીચે હીરા ભર્યા (છે), રતન ભર્યા છે. એવો પાઠ છે. એમ આ સ્વયંભૂ ભગવાન,... આહા..હા..! ૧૬ મી ગાથાના સ્વયંભૂ કીધો છે, ભાઈ ! નહિ ? 'પ્રવચનસાર' ૧૬મી ગાથા છે. (એમાં) આ ભગવાનને સ્વયંભૂ (કીધો છે). સ્વયં છે અને પ્રગટે છે એ સ્વયંભૂ અંદરમાં જેટલા ગુણો છે એના ઉપર ધ્યાન આપતા અનંત ગુણો પર્યાયમાં પ્રગટ થાય છે. આહા..હા..! **'ઋદ્ધિ જે પ્રગટે તે પોતામાં છે.'** જે અનંત ગુણોની પર્યાય જે પ્રગટ થાય છે એ પોતામાં છે એમાંથી આવે છે.

મુમુક્ષુ :– આબાલ-ગોપાલ સૌને ?

ઉત્તર :– એ આબાલ-ગોપાલની બીજી વાત છે. એ તો દરેકને પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન છે પણ તેની દૃષ્ટિ રાગ ને પર્યાય ઉપર હોવાથી (તેને જણાતો નથી). કારણ કે જ્ઞાનની પર્યાય છે એનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે. જ્ઞાનની જે પર્યાય છે, અજ્ઞાનમાં પણ જે પર્યાય છે એનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે. તેથી જ્ઞાનની પર્યાય ભલે હીણી હોય, થોડી હો એમાં આખું દ્રવ્ય જ્ઞાનમાં જણાય છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ એ ઉપર નથી. દૃષ્ટિ ફક્ત પર્યાય ને રાગ ઉપર હોવાથી પર્યાય જાણે છે છતાં તે જાણતો નથી. આહા..હા..! આવી વાતું હવે. એટલે પછી 'સોનગઢ'વાળા નિશ્ચયાભાસી છે (એમ કહે). કહે બિચારા, એને ખબર નથી. બાપુ ! નિશ્ચય એ તો સત્ય છે. આહા..હા..! ભાઈ ! આમાં તારા હિતની વાતું છે. આ કોઈ પક્ષની વાત નથી, આ કોઈ સંપ્રદાય–પક્ષ નથી.

એક સમયની જ્ઞાનની પર્યાય, એક ગુણની એક પર્યાય... આહા..હા..! પ્રભુ ! એ પર્યાયનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે ને ! તેથી તે પર્યાય સ્વને જાણે ને પ્રકાશે છે. આહા..હા..! છતાં એની દૃષ્ટિમાં પર્યાય જ દેખાય છે, એને રાગ દેખાય છે અને પર્યાય જણાય છે એના ઉપર એની દૃષ્ટિ નથી. આહા..હા..! આવી વાત છે. કઠણ છે પણ બાપુ ! વસ્તુ તો આ છે, પ્રભુ ! શું થાય ?

અરે..! ચોરાશીના અવતાર, આહા..હા..! કરી કરીને મરી ગયો છે, બાપુ ! આહા..હા..! આ વનસ્પતિનો વિચાર (આવે છે). અત્યારે વનસ્પતિ ચારે કોર કેટલી ફાલી છે ! જોયું ? લીમડા કેટલા ફલ્યા ! વનસ્પતિ, લીલોતરી. એક એક પાંદડે અસંખ્ય જીવ અને તે પણ પહેલું પાંદડુ–અંકુર ફૂટે ત્યારે તો અનંત (જીવ) હોય. આહા..હા..! એમાં પોતે અનંતવાર હતો, ભાઈ ! તારું એ પિયર સ્થાન હતું. નિગોદમાં પહેલા અનંતકાળ રહ્યો એ તારું પિયર સ્થાન (છે). કન્યા જેમ પિયરમાં પહેલા મોટી થાય... આહા..હા..! એમ નિગોદમાં પહેલા અનંતકાળ રહ્યો હતો, ભાઈ ! અને અત્યારે પણ એ નિગોદના અનંત જીવ એક ડુંગળી–પ્યાજની કટકી લ્યો તો એમાં અસંખ્ય તો શરીર છે. એક શરીરમાં સિદ્ધની સંખ્યા (જે) છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ (જીવ) મુક્તિ પામે, એટલો કાળ ગયો (એમાં) કેટલા સિદ્ધ થયા ? એથી અનંત ગુણા જીવ એક કટકીના એક શરીરમાં છે. બાપુ ! એને ક્ષેત્રની મોટપની જરૂર નથી. એટલા ક્ષેત્રમાં પણ અનંત ગુણનું રત્ન દ્રવ્ય ભર્યું છે. આહા..હા..!

આમ અનંત નિગોદ છે ને અનંત સિદ્ધ છે. એ ફક્ત જ્ઞાનનું જ્ઞેયનું માપ છે. એ અનંત સિદ્ધો છે માટે ભક્તિ કરવા લાયક છે માટે વિકલ્પ આવે છે, એમ નથી. અનંત નિગોદ છે માટે દયા પાળવા જેવું છે માટે અનંત નિગોદ છે એમ નથી. આહા..હા..! ફક્ત જ્ઞાનની પર્યાયનું માહાત્મ્ય કેટલું છે ? કે જે અનંત નિગોદ ને અનંત સિદ્ધને જ્ઞાનની પર્યાય જાણે છે. આ તો પરની અપેક્ષા(એ વાત છે). પર્યાય પરને આટલી જાણે છે. આહા..હા..! અને તે જાણનાર પર્યાય,... આહા..હા..! પોતાનું ત્રિકાળી દ્રવ્ય અનંત રત્નથી ભરેલો ભગવાન છે એને પણ જાણે છે. પણ ત્યાં દૃષ્ટિ દેવી જોઈએ ત્યાં એ દેતો નથી, એટલે એને દેખાતો નથી. આહા..હા..! પર્યાયમાં એની દૃષ્ટિ વર્તમાન ઉપર છે. ભલે પર્યાય એટલે એક સમયનો પર્યાય ન પકડી શકે પણ એની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર નથી એટલે આ બાજુમાં પર્યાય ઉપર છે, એમ. આહા..હા..! એથી પર્યાયમાં દ્રવ્ય જણાય છે તે જાણતો નથી. કેમ કે દૃષ્ટિ પર્યાયમાં છે. પર્યાયની તાકાત દ્રવ્યને જાણવાની છે પણ દૃષ્ટિ પર્યાય ઉપર છે. પર્યાયમાં આવી તાકાત છે એવું જે દ્રવ્ય જણાણું છે એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી એની.

આવો માર્ગ બહુ બાપુ ! દુર્લભ છે. આહા..હા..! અનંતકાળ થયા. એણે પોતાની

ચીજને માહાત્મ્ય આપ્યું નથી. આહા..હા..! પરમેષ્ઠી એટલે પરમમાં ઈષ્ટ, પરમમાં તિષ્ઠ તે પરમેષ્ઠી. પાંચ પરમેષ્ઠી જે છે એ પોતે પરમમાં તિષ્ઠ છે. આહા..હા..! એમ આ ભગવાન પણ પરમમાં તીષ્ઠ છે. આહા..હા..! પરમેષ્ઠી કહેવાય છે ને ? પરમેષ્ઠીનો એક અર્થ ઈષ્ટરૂપ પણ છે અને એક પરમેષ્ઠી એટલે પરમમાં તિષ્ઠ છે તે પરમેષ્ઠી છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

એમ ભગવાનઆત્મા...! 'દ્રવ્ય સંગ્રહ'માં ને બીજે બધે ઠેકાણે તો કહ્યું છે ને ? અરિહંત, સિદ્ધના પાંચ પદ છે એ તારા આત્મામાં પડ્યા જ છે. ('ભાઈ' !) આહા..હા..! આ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આહા..હા..! જે વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. અરિહંતથી માંડીને વર્તમાન સંત સાચા હોય તે, એ બધા વિજ્ઞાનઘનમાં મગ્ન છે. આહા..હા..! એવા સ્વભાવથી ભરેલો તું છો. એ પાંચ પરમેષ્ઠીનો ભાવ–સ્વભાવ એ તારામાં ભર્યા છે. આહા..હા..! કેમ બેસે ? કઠણ છે પણ અશક્ય નથી, પ્રભુ ! અશક્ય નથી. એ તો પોતાની ચીજ છે ને ! આહા..હા..! પણ એને સાંભળવા મળે નહિ, વિચારવામાં મળે નહિ ત્યારે પ્રયત્ન શી રીતે કરે અંદરમાં ? આહા..હા..! જિંદગી ચાલી જાય છે, બાપુ ! એ મોતના નગારા માથે વાગે છે, એક પળ આવીને ઉભી રહેશે, કઈ રીતે હશે એમ પળ નહિ કહે. આહા..હા..! એ પહેલાં આ કરીને સમજી લે, ભાઈ ! અહીં એ કહે છે કે એ રત્નો પ્રગટશે એ તારામાં છે. પછી ૧૩૧.

**શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ; શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે. શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ. જો પ્રતીતમાં ફેર પડ્યો તો સંસાર ઊભો છે. ૧૩૧.**

'**શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ;...**' આહા..હા..! ભગવાનઆત્મા પૂર્ણશુદ્ધ ચૈતન્ય, એની જે દૃષ્ટિ થઈ, એનું જ્ઞાન થયું અને એમાં સ્વરૂપાચરણ થયું એ શુદ્ધોપયોગ છે, એ શુદ્ધોપયોગ છે. પ્રભુ ! ત્યાંથી બહાર આવીશ તો રાગ થશે. આહા..હા..!

**‘શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ;...’** આહા..હા..!

**‘શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે.’** આહા..હા..! પહેલા એની શ્રદ્ધા ને જ્ઞાનમાં તો નિર્ણય કરે કે માર્ગ તો આ છે પછી પ્રયોગ કરે. પણ હજી જ્ઞાનમાં સાચા નિર્ણયના ઠેકાણાં નથી એ જ્ઞાન અંદરમાં પ્રયત્ન શી રીતે કરશે ? આહા..હા..! આ વ્યવહાર કરતાં કરતાં થશે (એમ જે માને છે) એની રુચિ તો રાગ ઉપર છે. આહા..હા..! **‘શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ;...’** એટલે કે ખરેખર તો શુદ્ધોપયોગ જ મોક્ષનો માર્ગ છે. નિશ્ચય મોક્ષમાર્ગ શુદ્ધોપયોગ જ છે. બહાર આવ્યો ને વિકલ્પ ઉઠ્યો એ વ્યવહાર થઈ જશે, બંધનનું કારણ (થશે). આહા..હા..!

**‘શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે.’** વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ તો બંધનું કારણ છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતના પરિણામ, શાસ્ત્રના ભણતરનો વિકલ્પ... આહા..હા..! એ તો બંધ માર્ગ છે, બંધ માર્ગ છે. પ્રભુ ! આકરું પડે, ભાઈ ! આહા..હા..! એને બાહ્ય સાધન તરીકે કહેવાય પણ અંતર સાધન જો કર્યું હોય તો એને બાહ્ય સાધનનો આરોપ આપવામાં આવે. આહા..હા..! શુદ્ધોપયોગ ત્રણ વાર નાખ્યું (છે). એક તો શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ, અંતરમાં ગુમ થઈ જતા બહાર આવીશ નહિ, ભાઈ ! આહા..હા..! નિર્વિકલ્પ ઉપયોગ થતા વિકલ્પમાં આવીશ નહિ. આહા..હા..! **‘શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે.’**

**‘શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ.’** એમ કે આમાં નહિ રહી શકે તો રાગથી કંઈક લાભ થશે એમ રાખીશ નહિ. લાભ તો એ અંતરમાં શુદ્ધોપયોગથી જ ધર્મ થશે એવી પ્રતીત છોડીશ નહિ. એમાં તે રહી ન શકે અને બહાર આવે પણ પ્રતીતમાં રાખજે કે શુદ્ધ ઉપયોગ એ એક જ મોક્ષનો માર્ગ છે. બહાર આવ્યો એ વિકલ્પ એ બંધનું કારણ છે. આહા..હા..! આ તો વેદાંતીવાળા વાંચે છે એ રાડ નાખી જાય છે કે આવું પુસ્તક !! આહા..હા..! આવું પુસ્તક કેવું નીકળ્યું છે !! જે વાંચે સાધારણ મધ્યસ્થ માણસ હોય (એને પણ એમ લાગે છે). આહા..હા..! આગ્રહીને (પકડીને) પડ્યા હોય એને તો એવું લાગે કે આ તો એકાંત છે, નિશ્ચય છે, એકાંત છે. આહા..હા..! નિશ્ચય એટલે સત્ય અને એકાંત એટલે સત્યનો એકાગ્ર

તે નિશ્ચયનય. આહા..હા..!

**'શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ.'** એટલે કે પ્રતીતમાં એમ રાખીશ નહિ કે આ શુભઉપયોગથી પણ કલ્યાણ થશે એમ રાખીશ નહિ. પ્રતીત તો એ રાખજે કે જ્ઞાયકમાં ઠરવું એ એક જ મોક્ષનો માર્ગ (છે). સમજાણું કાંઈ ? (શુદ્ધોપયોગમાં) ન રહી શકે તો ભલે બહાર આવે, શુભમાં આવે પણ પ્રતીતમાં તો એટલું રાખજે કે શુદ્ધોપયોગમાં ઠરવું એ એક જ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! દ્રવ્યની દૃષ્ટિ કરીને જે દ્રવ્યને દૃષ્ટિમાં લીધું તે જ દ્રવ્યનો ઉપયોગ–શુદ્ધોપયોગ જ મોક્ષનું કારણ છે. ભાષા તો સાદી છે પણ ભાવ બહુ ગંભીર છે. આહા..હા..!

**'શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ.'** શ્રદ્ધામાં એમ રાખીશ નહિ કે ભાઈ ! શુદ્ધોપયોગ તો ક્યાંથી આવે ? માટે વ્યવહાર છે એ મોક્ષનો માર્ગ છે, વ્યવહાર તે મોક્ષનો માર્ગ (છે), એમ કરીશ નહિ. આહા..હા..! અરે..! એકવાર આ પુસ્તક સાંભળે, વાંચે તો એને એમ પણ થાય. મધ્યસ્થતાથી, મધ્યસ્થતાથી બાપુ ! શ્રદ્ધા તો કર કે શુદ્ધોપયોગ છે તે જ ધર્મ છે. આહા..હા..! (બહાર) વરસાદ આવે છે, અહીં પણ વરસાદ છે. આહા..હા..! આ અમૃતધારાનો વરસાદ છે. આહા..હા..!

પ્રભુ ! તારી વાત છે ને નાથ ! આહા..! પ્રભુ ! તું કેવડો મોટો છો ! અને એવો છો. જેવડો મોટો કહેવાય છે એવડો તું છો. આહા..હા..! છે તેની મોટપનું વર્ણન ચાલે છે, બાપા ! આહા..હા..! એ તું નથી ને તને મોટો ઠરાવ્યો છે, એમ નથી. આહા..હા..! એ ક્ષેત્રની એને જરૂર નથી કે મોટું ક્ષેત્ર આવડું હોય તો અનંત જ્ઞાન, આનંદ રહે. આહા..હા..! એ અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના અનંતા જીવ ! આહા..હા..! એના એક એક જીવમાં અનંત આનંદ ઠસો ઠસ ભર્યો છે. એ ક્ષેત્ર આવડું મોટું હોય તો જ મોટો ગુણ રહે એવું કાંઈ નથી, પ્રભુ ! અહીં તો એના સ્વભાવના સામર્થ્યની શક્તિની જરૂર છે, બસ ! આહા..હા..! આ બીજે મળવું મુશ્કેલ છે, ('ભાઈ' !) એ તો ('ભાઈ' !) સવારમાં કહેતા હતા ને ? વાત તો એ છે, બાપા ! શું કહીએ ? આહા..હા..!

આ તો માન મુકી દેવાની વાતું છે. શેના માન ને શેના અપમાન જગતમાં ? આહા..હા..! પ્રભુ ! તારું માન તો તારી ચીજમાં જા (ત્યારે) તને તારું માન (ભળ્યું

કહેવાય). 'લહિ ભવ્યતા મોટું માન' ત્રણ લોકનો નાથ એમ કહે કે આ સમકિતી છે અને એણે આત્માને જાણ્યો. ત્રણ લોકના નાથનું માન આવ્યું હવે તારે માન કોનું જોવે છે ? આહા..હા..! અને જ્ઞાની એમ કહે છે કે આ અજ્ઞાની છે અને રાગનો આદર કરનાર છે. હવે અપમાન ભગવાન તરફથી થયું તારે અપમાન કોની પાસેથી લેવું છે ? ભલે દુનિયા તને માને. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું છે, બાપા ! અરે..! તારી મોટપનો પાર નથી, નાથ ! તારી મોટપ વાણીમાં પણ પૂરી ન આવી શકે. આહા..હા..!

**'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.'**

'ગોમ્મટસાર'માં છે કે જેવું કેવળીએ જાણ્યું એટલું વાણીમાં ન આવે. એક ઠેકાણે પૂરું આવે એવું પાંચમી ગાથામાં (આવ્યું) છે. એ અપેક્ષાથી (વાત) છે. અને આ વાણી જડ માટી એ પરમાણુ (અને) ભગવાન આનંદનો નાથ અરૂપી ! એની વાત વાણી દ્વારા કરાવવી ! દુશ્મન દ્વારા મિત્રોના વખાણ કરાવવા, બાપા ! એ કેટલા કરશે ? જડ વાણી છે એ આત્માથી ઉઠી નથી, પરમાણુમાંથી થાય છે. આહા..હા..! એ વાણી જડ, ચૈતન્યના સ્વરૂપને જાણતી નથી. જોડે ચૈતન્ય આનંદનો નાથ પડ્યો છે પણ એ વાણીમાં સ્વપર કહેવાની શક્તિ છે, સ્વપરને જાણવાની શક્તિ એની નથી. ભગવાનઆત્માની પર્યાયમાં સ્વપરને જાણવાની શક્તિ છે, વાણીમાં સ્વપરને કહેવાની શક્તિ છે, જાણવાની નથી. આહા..હા..! પણ કેટલું કહે વાણી દ્વારા ? ભાઈ ! આહા..હા..!

એવો જે ભગવાન એની પ્રતીત રાખજે આ...હા...! આમાં અંદર એકાગ્રતા જેટલી દૃષ્ટિ છે એટલો જ મોક્ષનો માર્ગ છે. બહાર આવીને શુભરાગમાં આવ્યો માટે મોક્ષમાર્ગ આ પણ છે અને એને શુભમાં આવશું એટલે પછી આગળ જવામાં–શુદ્ધમાં જવામાં ઠીક પડશે એમ માનીશ નહિ. ('ભાઈ' !) આવું છે આ. તમારા 'અલીગઢ'માં (નથી). આકરી વાતું બાપા ! બહુ છે. આહા..હા..! બહાર આવે તો રાગ થાય એ દુઃખ છે. આહા..હા..! ધર્મીને પણ અંદર ઠરી શકે નહિ ત્યારે રાગ, શુભભાવ તો આવે પણ એ રાગ એ દુઃખ છે. આહા..હા..! જ્ઞાનીને એ રાગ છે એટલું દુઃખ છે. આનંદ તો

જેટલો આત્માના આશ્રયે પ્રગટ્યો તેટલો આનંદ છે. આહા..હા..! એમાં મોટો ગોટો ઉઠ્યો હતો ને ? (એક 'ભાઈ' !). જ્ઞાનીને દુઃખ હોય જ નહિ. એ પાછળથી મોટી ગડબડ ઉઠી હતી. સાંખી ન શક્યાં એ ભાઈનું–'નિહાલભાઈ'નું. દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ સાંખી ન શક્યાં. એને એમ કે આ કોણ નવો જાગ્યો ? બાપા ! કોઈ પણ આત્મા ભગવાન પરિપૂર્ણ છે, જાગને ! પહેલાં સિદ્ધ થાય તો બહુ સારું છે, એમાં શું છે ? પણ જરીક ફેરફાર થઈ ગયો કે નહિ, જ્ઞાનીને દુઃખ હોય નહિ.

'નિહાલચંદ' કહે છે કે જ્ઞાનીને દુઃખ હોય, એ વાત જૂઠી છે અને કેટલાક એના પક્ષમાં આવી ગયા. આ તમારા 'દિલ્હી'માં (એક ભાઈ) ને (બીજાભાઈ)ને એ બધા આવતા બંધ થઈ ગયા. એ માહ્યલા–શેઠિયા માહ્યલા બે આવી ગયા. એક વૈષ્ણવ છે ને ? (એક ભાઈ) વૈષ્ણવ અને એમના બનેવી ('ભાઈ' !) એ બે આવી ગયા. પણ હજી પેલાને આવવાનો ભાવ છે પણ પગ ભારે થઈ જાય. એવું કર્યું. શેઠિયાને પાછળની સ્થિતિમાં દૃષ્ટિમાં ઘણો ફેરફાર થઈ ગયો. જ્ઞાનીને દુઃખ હોય નહિ. ત્યારે જ્ઞાનીને દુઃખ ન હોય તો એકલો આનંદ છે ? એકલો આનંદ ભગવાનને હોય, એકલું દુઃખ મિથ્યાદૃષ્ટિને હોય, સાધકને આનંદ ને દુઃખ બન્ને હોય. કહો 'પંડિતજી' ! આહા..હા..! બાપુ ! એમ ન તણાય. આ દૃષ્ટિનો વિષય જ્યાં આવે ત્યાં એમ બોલાય 'ધર્મીને રાગ નથી દુઃખ નથી'. એ તો દૃષ્ટિના વિષયના જોરમાં વાત કરવામાં આવી છે પણ જોડે જે જ્ઞાન થાય છે, એ જ્ઞાન તો કણે કણનું જ્ઞાન કરે છે. જેટલો રાગ છે, દુઃખ છે, ઉપાધિ છે, મેલ છે, વિભાવ છે, એનું વેદન મને દુઃખનું વેદન છે. આહા..હા..!

૪૭ નયમાં આવે છે ને ? ૪૭ નય નહિ ? 'પ્રવચનસાર'. રાગનો કર્તા પણ હું છું અને રાગનો ભોક્તા પણ હું છું. એમ ગણધર પણ જાણે. 'પ્રવચનસાર' ૪૭ નય. આમ રાગ કરવા લાયક છે એ માટે કરતો નથી પણ હીન કમજોરીને લઈને રાગ થાય છે તે રાગનું પરિણમન છે તે કર્તા છું. પરિણમું તે કર્તા, એટલો હું કર્તા છું. એમ સમકિતી જ્ઞાની ગણધર માને. અને જેટલો રાગ છે તેટલું દુઃખ છે એનો ભોક્તા પણ હું છું. આહા..હા..! આવી વાતું છે. આકરું કામ. ઠેઠથી ઉપાડીને પૂરું કરવું (એ) આકરી વાતું, બાપા ! આહા..હા..!

**'યથાર્થ રાખજે જ. જો પ્રતીતમાં ફેર પડ્યો તો સંસાર ઊભો છે.'** કે શુભ

રાગ છે એ પણ ધર્મ છે ને એનાથી પણ હળવે હળવે આગળ જવાશે, એ જો પ્રતીત કરીશ તો મરી જઈશ. આહા..હા..! આવું છે, ભાષા તો સાદી છે, ભાવ તો બાપા ! જેમ છે તેમ છે, પ્રભુ ! આહા..હા..! ૧૩૧ (બોલ પૂરો થયો).

**જેમ લીંડીપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે, તેમ જ્ઞાયક સ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે. ૧૩૨.**

૧૩૨, **'જેમ લીંડીપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે,...'** લીંડીપીપર છોટી પીપર તમારે કહે ને ? રંગે કાળી છે, અંદર લીલી છે, તીખાશ–ચરપરાઈ બહાર અલ્પ છે. અંદર ચરપરાઈ પૂરી છે. સોળ આના–ચોસઠ પો'રી, ચોસઠ પો'રી એટલે રૂપિયો, પૂરે પૂરી તીખાશ ભરી છે. એ **'લીંડીપીપરનું લઢણ કરવાથી...'** ઘસવાથી **'તીખાશ પ્રગટ થાય છે,...'** અંદર તીખાશ છે એ પ્રગટ થાય છે. આહા..હા..! ઇ કાંઈ ઘસવાથી પ્રગટ થતી હોય તો કોલસા ને લાકડા ઘસે નહિ. નથી એમાંથી ક્યાંથી આવશે ? એમાં છે. આહા..હા..!

કદે એટલી નાની, રંગે કાળી છતાં સ્વભાવમાં ચોસઠ પો'રી તીખાશ–ચરપરાઈ ભરી છે અને અંદર લીલો રંગ પૂરો ભર્યો છે, વર્તમાન ભલે કાળી હો. આહા..હા..! કદે નાની, રંગે કાળી છતાં તીખાશ એટલે ચરપરાઈ, ચોસઠ પો'રી એટલે ચોસઠ પો'રી એટલે રૂપિયે રૂપિયો સોળ આના ભરી છે અંદર. આહા..હા..! એને ક્ષેત્રની જરૂર નથી. પ્રત્યક્ષ નથી ? ચોસઠ પો'રી પ્રગટ થાય છે, પ્રત્યક્ષ આ તો દેખાય (છે). વૈદોને ખબર છે. આહા..હા..!

એમ આ ભગવાનઆત્મા... છે ? **'તેમ જ્ઞાયક સ્વભાવનું લઢણ કરવાથી...'** જ્ઞાયકસ્વરૂપ છે, જાણક સ્વભાવી પ્રભુ છે. એ જાણક સ્વભાવનું લઢણ, અંતર એકાગ્રતા કરવાથી. ભગવાન ચૈતન્ય સ્વરૂપ એટલે ચૈતન્ય ચેતનનું ચૈતન્ય સ્વરૂપ એવું જે ભગવાન સ્વરૂપ, આત્માનું જ્ઞાયક સ્વરૂપ, એને દૃષ્ટિમાં લઈને લઢણ કરવું એટલે

તેના તરફની એકાગ્રતા કરવી. આહા..હા..! તો પૂર્ણ પ્રગટ થાશે. જ્ઞાયકસ્વભાવનું વલણ કરવાથી લઢણ, ઘુંટવાથી **'અનંત ગુણો પ્રગટે છે.'** છે એમાંથી પર્યાયમાં અનંતા ગુણો આવે છે. આહા..હા..! ભાષા તો સાદી છે પણ ભાઈ !....

પુસ્તક બરાબર કાળે આવ્યું છે અત્યારે. ૪૩ વર્ષ થયા. બહારમાં લોકો જરી વાંચે ને ! બાપા ! ભાઈ ! તારા હિતના માર્ગ છે એની તું હા તો પાડ કે માર્ગ તો આ છે. આહા..હા..! હા કરતાં હાલત થશે, હા કરતાં હાની લત પડતા હાલત થઈ જશે. આહા..હા..! પણ એને (એમ થાય છે કે) એકલો ભગવાન અનંત ગુણનો સાગર આટલા ક્ષેત્રમાં ! આટલા અનંત ગુણનો સાગર ! ભાઈ ! તેને ક્ષેત્રની જરૂર નથી. એના સ્વભાવમાં સંખ્યાના સામર્થ્યની જરૂર છે. અનંત સ્વભાવથી ભરેલો ભગવાન. આહા..હા..!

જેને નિગોદની પ્રતીતિ કરવી છે... આહા..હા..! એ નિગોદ પણ જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાન એને દયા પાળે માટે અનંત નિગોદ છે, એમ નથી. જ્ઞાનનું માપ છે કે અનંત જ્ઞેયને પણ એ જાણે એટલું જ્ઞેયનું એ માપ છે. આત્મા જ્ઞાન પ્રમાણે ને જ્ઞાન જ્ઞેય પ્રમાણે. ઇ જ્ઞેયની જે સંખ્યા અનંત છે તેને જાણનારું જ્ઞાન છે. એ જ્ઞાનનું પ્રમાણ અનંતુ આ રીતે સાબિત થાય છે. પર્યાયમાં, હોં ! ગુણમાં તો (છે જ). આહા..હા..!

જ્ઞાનની વર્તમાન પર્યાય અનંત નિગોદના જીવની પ્રતીત કરે. એ આટલા જીવ અનંત નિગોદના એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંત છે, એવો આખો લોક ભર્યો છે. એવા અનંતા ગુણનો ધરનાર એક દ્રવ્ય, એવા અનંતા દ્રવ્યો લોકમાં ઠાંસીને ભર્યા છે. એ લોકો સર્વ વ્યાપક, વ્યાપક કહે છે, એમ નથી. પણ સર્વ ક્ષેત્રમાં પૂર્ણ ભર્યા છે. આહા..હા..! જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે ત્યાં એ સિદ્ધના પેટમાં અનંતા નિગોદ છે. શું કહ્યું ઇ ? સિદ્ધ જે અસંખ્ય પ્રદેશી, (જેમને) અનંત ગુણ પ્રગટ થયા, અનંત આનંદનો અનુભવ કરે છે એ ક્ષેત્રમાં એના આત્માનું ક્ષેત્ર છે એમાં અંદર નિગોદ છે. કારણ કે આખો લોક ભર્યો છે ને નિગોદથી ? આહા..હા..! પણ એ ક્ષેત્રે રહ્યાં નિગોદ છે એ અનંતા દુઃખને વેદે છે. સિદ્ધ છે તે અનંત આનંદને વેદે છે. આહા..હા..! આવી મોટી વાતું. એ મોટો પ્રભુ છે એને બેસી જાય એવી છે. આહા..હા..!

ભાઈ તારી મોટપનો પાર નથી. આહા..હા..! એને નિઃસંદેહ વાતમાં બેસી જાય

એવો તો તારો સ્વભાવ છે. નથી એવી માન્યતા એ કાંઈ તારા સ્વભાવમાં નથી. શું કહ્યું ? એ અનંત ગુણ ને અનંત શક્તિનું રત્ન છે એમ નહિ. એ તો રાગવાળો છે, એક અંશવાળો છે એવી જે પ્રતીત કરવી એ તો મિથ્યા છે. એ મિથ્યાશ્રદ્ધા કાંઈ સ્વભાવમાં નથી. આહા..હા..! એ તો કૃત્રિમ ઊભી કરેલી છે. અને સમ્યક્શ્રદ્ધા શુદ્ધ, ચૈતન્યની શ્રદ્ધા જ્ઞાન-ચારિત્ર એ સ્વભાવ તો અંદર ભર્યો છે. આહા..હા..!

**'પ્રગટ થાય છે, તેમ જ્ઞાયકસ્વભાવનું લઢણ...'** લઢણ. અંતરમાં એકાગ્રતાનું લઢણ. પૂર્ણાનંદનો નાથ જ્ઞાયકસ્વભાવ ભગવાન એ તો શુભાશુભભાવપણે કોઈ દિ' થયો નથી. એ છઠ્ઠી ગાથામાં આવી ગયું છે. જ્ઞાયક સ્વભાવ તો જ્ઞાન જ્ઞાનપ્રકાશ, જ્ઞાનના પ્રકાશ રૂપ છે. તે શુભા-શુભભાવ તો અંધકાર છે, જડ છે. શુભ-અશુભભાવ છે એ તો અંધકાર જડ છે, અચેતન છે. ભલે તે પરમાણુના રંગ, ગંધ, રસ, સ્પર્શ એમાં નથી પણ તેમાં જ્ઞાનના પ્રકાશના અંશનો અભાવ છે. માટે શુભ ને અશુભભાવ બન્ને અચેતન ને જડ છે. જ્ઞાયક સ્વરૂપ ભગવાન તે શુભાશુભપણે કદી થયો નથી. આહા..હા..! ચૈતન્ય જ્ઞાયક ભાવ તે શુભાશુભ જડરૂપે થયો જ નથી. આહા..હા..! એવા જ્ઞાયક સ્વભાવનું રટણ, લઢણ. આહા..હા..! આવી વાતું.

બહારથી માંડીને આવ્યા, બેસવા માંડ્યું એમાં આવું આવે. આપણે સાંભળતા હતા એવું જ અહીં છે. એકલો નિશ્ચય. ઘણા એમ આવે છે, એક જણા કહેતા, અમે સાંભળતા હતા એ પ્રમાણે ત્યાં મળ્યું. એ નિશ્ચયની, એકલી નિશ્ચયની જ વાતું કરે છે, વ્યવહાર તો કહેતા જ નથી. કેવળજ્ઞાન પોતે વ્યવહાર નથી ? આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય છે એ વ્યવહાર છે. ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે, પર્યાય છે એ વ્યવહાર છે. બાપુ ! તને ખબર નથી. નિશ્ચય મોક્ષમાર્ગ છે એ વ્યવહાર છે. કેમ કે એ પર્યાય છે. અને ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જ્ઞાયક સ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે.'** આહા..હા..! સમ્યગ્દર્શન થતાં અનંતા ગુણોની એક અંશ વ્યક્તતા પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન વખતે અનંતા ગુણોની પૂરી પર્યાય પ્રગટ થાય છે. એ જ્ઞાયક સ્વભાવના લઢણથી, બીજા કોઈ ઉપાયથી થાય એમ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૮, ગુરુવાર તા. ૨૭-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૩૩ થી ૧૩૬. પ્રવચન–૪૯**

**જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલ બુદ્ધિવાળા-આતુર હોય છે. અહો ! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી ! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે. ૧૩૩.**

ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ હોય એની દૃષ્ટિ જ્ઞાયક ઉપર હોય છે. જ્ઞાયક જે ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ, અનંત અનંત ચૈતન્ય રત્નાકર, એમાં અનંત આનંદના સાગરથી ભરેલો પ્રભુ એની જેને દૃષ્ટિ થઈ છે, પર્યાયબુદ્ધિ ગઈ છે, એક અંશ વર્તમાન રાગાદિની બુદ્ધિ ટળી અને જેને ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ એનો અંતરમાં, દૃષ્ટિમાં નિર્વિકલ્પ સ્વીકાર થયો છે, તેને અહીંયા સમકિતી અને ધર્મની પહેલી શરૂઆતવાળો કહેવામાં આવે છે. આહા..હા..! હવે અહીં તો આગળ વધારે લઈ જાય છે.

**'જ્ઞાની...'** આહા..હા..! **'ચૈતન્યની શોભા નિહાળવા...'** આહા..હા..! ભગવાન અનંત ગુણે (શોભે છે). જેમ શરીરમાં રત્નના દાગીના પહેર્યા ને શોભિત શણગાર લાગે એમ આ ભગવાન અનંત ગુણના રત્નથી શોભીત છે. અનંત ગુણનો અલંકાર જેને છે. આહા..હા..! ધર્મી જીવ એને કહીએ કે જેને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ અનુભવમાં આવીને પ્રતીત થઈ છે. **'જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા...'** જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવા અનંત રત્નોથી શોભીત અલંકારીત પ્રભુ છે. આહા..હા..! ધર્મી જીવ એ **'ચૈતન્યની શોભા નિહાળવા...'** છે ? **'માટે કુતૂહલ બુદ્ધિવાળા...'** કુતૂહલ બુદ્ધિ–જેમ કોઈ નવીન ચીજ જોવી હોય

ત્યાં કુતૂહલતા થાય ને ? આમ કેમ ? આ શું છે ? એમ અંદર ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા જેને દૃષ્ટિમાં ને જ્ઞાનમાં પહેલો જણાયો છે, અનુભવમાં આવ્યો છે હવે એને અંદર ચૈતન્યની પૂર્ણતાને નિહાળવા, જોવા, કુતૂહલ બુદ્ધિવાળા (છે કે) આ તે શું છે ? આહા..હા..! છે ?

**'કુતૂહલ બુદ્ધિવાળા-આતુર હોય છે.'** આહા..હા..! જેને આત્મજ્ઞાન થયું છે ને એને આત્મજ્ઞાનમાં જે આનંદ આદિ અનંત ચૈતન્ય રત્નાકરનો અનુભવ થયો છે એ અનુભવવા માટે, આગળ વધવા માટે અંતર અનકુતૂહલ બુદ્ધિ કરે કે આ શું છે ? આ વિસ્મયકારી ? અમાપ, અમાપ જેના ગુણનું માપ નહિ અને એક એક ગુણની અનંતતા જેની શક્તિ છે એવી કુતૂહલ બુદ્ધિથી જોવાને આતુર હોય છે. છે ? કુતૂહલ બુદ્ધિવાળા-આતુર હોય છે. આહા..હા..! કેમ કે અંદરમાંથી બહાર નીકળવું એ શુભભાવમાં આવવું એ પણ સંસાર અને બંધન છે. આહા..હા..! ચૈતન્ય સ્વયંભૂ, રત્નાકર–રત્નનો આકર, દરિયો... આહા..હા..! એને જ્ઞાન દ્વારા જોવાને અંતરમાં આતુર છે. કુતૂહલ છે, આતુર છે. એમાંથી બહાર નીકળવું એને ગોઠતું નથી. આહા..હા..!

**'અહો ! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની...'** પરમ પુરુષાર્થી, જેની સ્વરૂપમાં જ એકલી રમણતા જામી ગઈ છે. આ..હા..! અતીન્દ્રિય આનંદ આદિ અનંત ગુણ રત્નાકરથી જેની શોભા ને અલંકાર છે... આહા..હા..! એને અનુભવવા માટે, એને નિહાળવા માટે જે અંદર મહાપુરુષાર્થી (છે). છે ? **'પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની...'** આહા..હા..! રાજકુમાર ચક્રવર્તીના પુત્રો હોય કે ચક્રવર્તી પોતે હોય, (એમને) આત્મજ્ઞાનનો અનુભવ હોય છે. વિશેષ અંદર જવા માટે, નિહાળવા માટે એ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી વનમાં ચાલ્યા જાય છે. આહા..હા..! વનમાં અંદર આત્માને નિહાળવા (ચાલ્યા જાય છે). બહારમાં ગમે તે સિંહની, વાઘની ત્રાડું હોય, અંધારું ઘોર હોય, જંગલમાં ચારેકોર ઝાડના હજારોમાં વીંટાયેલા હોય એમાં પોતે અંદર આનંદમાં જાય છે. આહા..હા..! જે નિધિ સમ્યગ્જ્ઞાનમાં ને સમ્યગ્દર્શનમાં જણાણી એનો વિશેષ અનુભવ કરવા અંદર જાય છે. આહા..હા..! આવી વાતું છે.

તે મહાપુરુષાર્થી, **'મહાજ્ઞાનીઓની દશા...'** આહા..હા..! જેનું બાહ્ય જોવું પણ છૂટી જાય છે. અંતર જોવામાં જ્યાં કુતૂહલ કરીને અંદર જાય છે,... આહા..હા..! એ

કેવી દશા હશે ? એ **'મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી !'** અંદરમાં આનંદ સ્વરૂપમાં ગયા,... આહા..હા..! જામી ગયા અંદરમાં ! જે બહાર શુભ વિકલ્પમાં પણ આવતા નથી. આહા..હા..! અશુભમાં તો નહિ પણ શુભમાં પણ આવતા નથી. કેમ ? મહાવ્રત આદિના પરિણામ વિકલ્પ છે એ બંધનું કારણ જગપંથ છે. આહા..હા..! એવો જે અંતર મોક્ષનો માર્ગ અંતરમાં જોયો છે ત્યાં આગળ નિહાળવા તેની દશા અંદર ગયા તે ગયા. આહા..હા..!

ચૈતન્યના જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની ત્રિપુટી ભુલી અભેદમાં અંદર લીન (થવા) ગયા. ગયા તે ગયા. આહા..હા..! શું કીધું આ ? જેને આત્માના આનંદનો રસ જાગ્યો છે... આહા..હા..! એ રસના ઘુંટડા પીવા... આહા..હા..! અંતરમાં જાય છે અને ગયા પછી બહાર આવતા નથી. આહા..હા..! બહાર આવે તો તો વિકલ્પ ઉઠે છે. ચાહે તો ભગવાનની ભક્તિનો હો કે વ્રતનો હો કે દયા-દાનનો હો, એ વિકલ્પ તો સંસાર છે, ભવનું કારણ છે. આહા..હા..! પાપના પરિણામની તો શું વાત કરવી ? આહા..હા..! એ તો સંસારનો રાફડો છે મોટો ! પાપના અશુભ પરિણામ, આખો દિ' રળવું ને ભોગ ને વિષય ને પૈસા ઉપજાવ્યા ને વ્યાજ ઉપજાવ્યા ને આ કર્યું ને છોકરાને સાચવ્યા ને બાયડીને રાજી રાખી ને... આહા..હા..! એ તો બધો અશુભ રાગનો મોટો સર્પનો રાફડો છે. એમાં તો ઝેરીલા સ્વાદ છે. પણ શુભભાવમાં આવવું એ ઝેરીલો સ્વાદ છે, કહે છે. આહા..હા..!

અંદર ચિદાનંદ આનંદ સ્વરૂપ પ્રભુ ! જેણે અંતરમાં, જ્ઞાનમાં જોયો અને આનંદનો અનુભવ જેણે લીધો છે. આહા..હા..! એવો જે ધર્મી, મહાપુરુષાર્થી, મહાજ્ઞાનીઓ જે અંદરમાં ગયા અંદરમાં,... આહા..હા..! એ ગુમ થયા એ બહાર ન આવ્યા. આહા..હા..! કેટલાક એમ કહે છે ને કે ભાઈ ! પરની સેવા કરવા, ભક્તિ કરવા અથવા પરના ઉદ્ધાર માટે કદાચ ભવ એકાદ હોય તો વાંધો નહિ. એકાદ ભવ કરવો પડે (એમ જે માને છે) એ તો મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને તો બહારના વિકલ્પમાં આવવું ગોઠતું નથી. આહા..હા..! અહીં તો વિશેષ દશાવાળો લીધો છે ને ? જે અંદરમાં જામી ગયા છે. નિર્વિકલ્પ પરિણતિ દ્વારા અંદરમાં જામી ગયા છે, એમાંથી બહાર આવતા નથી. આહા..હા..!

**'ધન્ય તે દિવસ...'** આ ભાવના, સમકિતદૃષ્ટિની આવી ભાવના હોય છે કે **'ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.'** આહા..હા..! આ તો બહાર હોંશિલા વિકલ્પમાં લાવવા અને એના જગતના લ્હાવા લેવા માટે (હોંશ કરે). આહા..હા..! એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! દુનિયામાં ગણાવવા ને દુનિયામાં પોતાની મોટપ લેવા કે... આહા..હા..! આ વાતું આકરી બહુ, બાપુ ! મોક્ષમાર્ગ તો વીતરાગભાવ છે ને ! મોક્ષમાર્ગ તો વીતરાગભાવ છે. વીતરાગભાવ તો અંતરમાં ગુપ્ત થઈ જાય ત્યારે થાય. આહા..હા..! સમજાણું કાંઈ ?

મોક્ષમાર્ગ છે એ વીતરાગભાવ છે. એ ચોથે ગુણસ્થાનથી જેટલો અંદરમાં એકાગ્ર થયો એટલી વીતરાગતા આવી, એટલો મોક્ષનો માર્ગ શરૂ થયો. આહા..હા..! અને એમાં આગળ જતા અંદર ઠરી ગયો. એવો ઠર્યો કે બહાર આવ્યો જ નહિ. આહા..હા..! અને જેને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ જાય છે. એ દશા ક્યારે થાય એવી સમકિતીને ભાવના હોય છે. એને એવી ભાવના હોતી નથી કે કોઈ શુભભાવ કરું ને દુનિયાને સમજાવું ને દુનિયા સમજે તો લાભ તો થાય કાંઈક. આહા..હા..! કોને લાભ થાય ? ભાઈ ! આહા..હા..!

'સમાધિશતક' માં આજે આવ્યું હતું કે હું કોઈને સમજાવું અને હું પરથી સમજું એ બધી ઉન્માદતા (છે), ઉન્માદ છે. આહા..હા..! કેમ કે ઇ વિકલ્પ છે. આહા..હા..! હું બીજાને સમજાવું, આહા..હા..! પ્રભુ ! એવો જે વિકલ્પ છે એ ઉન્માદતા, ઘેલસાઈ છે, કહે છે. આહા..હા..! આવી વાતું છે. અને હું પરથી સમજુ એ પણ એક ઘેલસાઈ છે, કહે છે. આહા..હા..! ભગવાન સમજનારો પ્રભુ તો અંદર પૂર્ણ બિરાજે છે ને ! એ જ પોતે પોતાને સમજાવે ને પોતે પોતાનો ગુરુ છે. આહા..હા..! એ નિશ્ચયની અહીં વાત છે અને પેલો તો પછી વ્યવહારે આરોપ કરે. નિશ્ચય પોતે જ્યારે સ્વની સમજણ કરીને સ્વનો ગુરુ થાય ત્યારે પર ગુરુને નિમિત્ત તરીકે વ્યવહારે કહેવામાં આવે. આહા..હા..! આવી વાતું છે.

મુમુક્ષુ :- બે ગુરુ થયા. એક નિશ્ચયગુરુ અને એક વ્યવહાર ગુરુ.

ઉત્તર :- ઇ વ્યવહાર એટલે આરોપીત, એ આરોપીત કથન છે. જેમ નિશ્ચય સમકિત છે એ આત્માનો અનુભવ ને અનુભવમાં અંતરની પ્રતીતિ. એવા નિશ્ચય

સમકિત વખતે જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ (છે) એ વ્યવહાર સમકિત છે, આરોપીત છે. એ તો રાગ છે. આરોપીત છે. એ નથી તેનું એને જ્ઞાન, નિમિત્તનું જ્ઞાન કરાવવા તેને વ્યવહાર સમકિત કહ્યું. એમ ગુરુ જે નિમિત્ત છે એના ઉપર લક્ષ જાય છે એ તે રાગ છે. આહા..હા..!

મુમુક્ષુ:– સાચું સાંભળ્યા વગર થાય નહિ.

ઉત્તર :– સાંભળ્યા વગર જ થાય એવું છે, અહીં તો કહે છે. આવે, સાંભળવાનું આવે, શાસ્ત્ર અભ્યાસ પણ હોય, આગમ અભ્યાસ પણ હોય, વસ્તુ છે. પણ અભ્યાસ થઈને પણ જાવું છે ક્યાં ? આહા..હા..! જ્યાં વિકલ્પ ન ઉઠે એવી સ્થિતિમાં જાવું છે. આહા..હા..! વીતરાગના વચનો વીતરાગતા બતાવે છે. વીતરાગતા બતાવે તે વીતરાગતા સ્વને આશ્રયે થાય છે. તો જેને સ્વને આશ્રયે સમ્યગ્દર્શન થયું, વીતરાગતા થઈ, એ પૂર્ણ વીતરાગતા માટે અંદર ભાવના ભાવે છે, હું આમાં ક્યારે પૂર્ણ થાઉં ! આહા..હા..! 'શ્રીમદ્' માં નથી આવતું ?

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**

('શ્રીમદ્') ગૃહસ્થાશ્રમમાં હતા છતાં ભાવના તો આમ કરે છે.

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**
**અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,**

શરીર તો સ્થિર થાય પણ મનમાં ક્ષોભ નહિ. પણ એ તો જડ છે એ સ્થિર થયું પણ મનમાં ક્ષોભનો વિકલ્પ નહિ. આ..હા..હા..!

**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦ ૧૧.**

આહા..હા..! શરીર મારું નથી, મારે જોઈતું નથી, મારાથી રહ્યું નથી અને જેને જોઈતું હોય તે મારો મિત્ર છે. સિંહ આવ્યો ને ? (તો કહે છે) એ તો મિત્ર છે. આહા..હા..! એવી વીતરાગતાની ભાવના સમકિતી ભાવે છે. આહા..હા..! ચક્રવર્તીના રાજકુમારો મણિરતનની જેને લાદી નીચે હોય, એ રાજકુમાર જેને ઘરે સેંકડો મોટા મોટા રાજાની દીકરીઓ હોય પણ એને જ્યાં અંદર ભાન થાય છે, અને ભાન થઈને અંદરમાં જવા

માગે છે. માતા ! જનેતા ! મને રજા દે. હું મારા આનંદમાં જવા માંગુ છું. વનમાં તો નિમિત્ત છે. મારો નાથ જ્ઞાયક મને જણાણો છે. એ આનંદ સ્વરૂપ પ્રભુ આત્મા છે. માતા ! આહા..હા..! અમને એક ક્ષણ વાર પણ બહાર ગોઠતું નથી, બા ! એ રાણીઓ ને એ લાદીયું રતનની, અરે..! આરસપહાણની લાદી અને શું કહેવાય ? સ્ફટીક, રાવણને ઘરે સ્ફટીકની લાદી હતી. સ્ફટીક, સ્ફટીકની લાદી. એ શું છે ?

ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ મારો, મારે એની ભૂમિકામાં જાવું છું, જ્યાં આનંદ પાકે છે. એ માટે રજા લેતા એમ બોલે, બાને કહે, મા ! આહા..હા..! મા ! એકવાર રોવું હોય તો રોઈ લે પણ માતા ! અમે ફરીને એક માતા નહિ કરીએ. બીજી મા હવે નહિ કરીએ અમે તો અંદરમાં જઈને ભવનો અભાવ કરશું. આહા..હા..!

જેને નીલમણીની લાદીયું અને જેને ઘરે રાણીયું અબજો રૂપિયા લઈને આવી હોય એના બાપ(ના ઘરેથી)... આહા..હા..! એ અમે નહિ, બા ! એ નહિ અમે. અમે જ્યાં છીએ ત્યાં આ નથી અને એ જ્યાં છે ત્યાં અમે નથી. આહા..હા..! અમે તો અતીન્દ્રિય આનંદના રસના રસીયા છીએ. પ્રભુ ! માતા ! એ રસ લેવા અંદર જઈએ છીએ. અમે એકલા જંગલમાં (જઈએ છીએ). આહા..હા..! બાપુ ! મારગડા કોઈ જુદા છે, ભાઈ ! આહા..હા..! એકલો બહારનો વનવાસ એમ નથી. આ તો અંતરમાં આનંદના રસ લેવા માટે જઈએ છીએ. આહા..હા..! અને કોલકરાર પાછા કરે, માતા ! બીજી મા નથી હવે. અમે આ જ ભવે મોક્ષ જવાના છીએ. અમે અંદરમાં જતાં હવે બહાર નહિ આવીએ. આહા..હા..! એ પુરુષાર્થ કેટલો હશે ?

મુમુક્ષુ :– ચોથા કાળની વાત છે.

સમાધાન :– ચોથા નહિ, પાંચમા આરામાં ભાવના હોય છે ને ! પાંચમા આરાના સમકિતીની આવી જ ભાવના હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! કેવા શબ્દો છે જુઓને !

**'ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.'** આહા..હા..! એ આનંદના અનુભવમાં મશગૂલ થઈ ગયેલા, વીતરાગ ભાવમાં લીન થઈ ગયા. એ દિવસ ક્યારે આવે કે અમને એ દશા હોય, એમ કહે છે. આહા..હા..! ધર્મીની આ ભાવના હોય છે. એને હું આ વેપાર કરું ને આ કરું, બહારમાં પડું એ તો બધો મિથ્યાત્વ ભાવ

છે. આહા..હા..! એનો કર્તા થાય છે એ મિથ્યાત્વ છે. આહા..હા..! આકરું કામ છે, બાપુ ! પણ એના ફળ પણ અનંત આનંદ છે ને !! આહા..હા..! **'ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.'** આહા..હા..! એ આનંદમાં સમાણા એ સમાણા, સમજ્યા તે અંદર સમાઈ ગયા. આહા..હા..! એ 'શ્રીમદ્' માં આવે છે. 'સમજ્યા તે સમાયા.' અંદર ઠરી ગયા. આહા..હા..! ૧૩૩ (બોલ પૂરો થયો).

**મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે. વિજયધ્વજ ફરકી રહ્યો છે. ૧૩૪.**

૧૩૪, **'મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી...'** આહા..હા..! વિકલ્પનો જેટલો વિભાવ છે (એ) બધા વિભાવો પ્રત્યે વિજય મેળવ્યો છે. મુનિ કોને કહીએ ? બાપા ! આહા..હા..! જેણે બધા વિભાવો ઉપર પોતાનો વિજય મેળવ્યો છે. આહા..હા..! અમારી વિજય ધજા ફરકે ફરે છે, કહે છે. આહા..હા..! રાગનો વિજય હવે નથી. આહા..હા..! **'મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી...'** આહા..હા..! બાપુ ! મુનિપણું કેવું કહેવાય (એની) લોકોને (ખબર નથી). બધા વિભાવોના વિકલ્પો, શુભના પણ અસંખ્ય વિકલ્પો,... આહા..હા..! એનાથી પણ જુદો પડીને વિજય મેળવ્યો છે. રાગનો જય નથી પણ મારો એમાં વિજય છે. આહા..હા..! આવો માર્ગ છે.

**'મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે.'** પ્રવ્રજ્યા એટલે ચારિત્રરૂપ સામ્રાજ્ય. આહા..હા..! **'પ્રાપ્ત કર્યું છે.'** એક ફેરી 'જામનગર' ગયા હતા ને ? 'જામનગર' રાજા છે ને ? ગુજરી ગયા. 'દિગ્વીજય'. એકવાર અમે ત્યાં 'જામનગર' હતા. હું એના બંગલાની પાસે જંગલ જાતો હતો. જંગલ બહાર દિશાએ જાતો. એને ખબર પડી કે મહારાજ અહીં આવે છે. એને પોતાને આંખનું દર્દ હતું, આવી શકે એવું નહોતું. (તેથી) કહેવડાવ્યું, મહારાજ ! મારા બંગલા પાસે આપ આવો છો. મારે ઘરે મને દર્શન દેવા આવો ને. 'જામનગર' દરબાર. કરોડ

કરોડની ઉપજ અને એની રાણીએ તો કેટલાય કરોડ ભેગા કરેલા. એવી ગુલાબ રાણી છે. ભાઈ દરબાર ગુજરી ગયા. કેટલાય કરોડ રૂપિયા ભેગા કર્યા. ધંધો કરતી હતી. પણ એને ખબર પડી કે મહારાજ અહીં આવે છે અને રાજા દર્શન કરવા જઈ શકે એવું નથી. આંખમાં મોટું આવું બાંધેલું. આંખ ઉપર કાંઈક (બાંધેલું). ગયા, બહુ બિચારાએ આદર કર્યો. ઠેઠ દરવાજા સુધી... શું કહેવાય તમારે ? રંગોળી. રંગોળી કરેલી. ગુલાબ રાણી મોઢા આગળ આવી. પોતે ઉભા રહ્યા અંદર. અંદર ગયા, પા કલાક વાત કરી. દિશાએ ગયા હતા ત્યાં પા કલાક (ગયા હતા). તે દિ' તમારે ઘરે ગયા હતા. દિશાએ ગયા હતા ત્યાં સવારની વાત (છે). એ બાઈ સાંભળવા બેઠી, એ બેઠા. કીધું, આ સામ્રાજ્ય નહિ. કરોડની ઊપજ ને મોટું સામ્રાજ્ય ને ધૂળેય નથી આ સામ્રાજ્ય, આ તો રખડવાના રાજ છે. સાંભળતા હતા, બિચારા સાંભળે. અમારી પાસે શું કાંઈ લેવું છે ?

સામ્રાજ્ય તો એને કહીએ, અનંત આનંદનો નાથ અંદર, અનંત ગુણનો બિરાજમાન જે દેશ પોતાનો છે એનું સામ્રાજ્ય જીતીને પોતામાં રહેવું એ સામ્રાજ્ય છે. બિચારાએ ખુશી બતાવી. અમારી પાસે શું કાંઈ માખણ તો ન મળે. છતાં એણે એક હજાર રૂપિયા મૂક્યાં. પા કલાક વાત કરી. એક હજાર જ્ઞાન ખાતે મૂક્યા. હજાર આપીએ છીએ. સાથે કો'ક હતું, બીજુ કો'ક, કો'ક હતું નહિ ? તમે હતા ? તમે નહિ. ઇ તો (સંવત) ૨૦૧૦ ની સાલ, ચોવીસ વર્ષ થયા. આ ધૂળનું સામ્રાજ્ય નહિ. ક્રોડ ને પાંચ કરોડની ઉપજ ને મોટું રાજ છે..

અનંત અનંત આ પ્રવ્રજ્યારૂપ જોયું ? સામ્રાજ્ય. આહા..હા..! વિભાવ ઉપર વિજય મેળવીને જેણે વીતરાગ ભાવની પ્રવ્રજ્યા ઉપર જેણે પોતાનું સ્વામીપણું પ્રગટ કર્યું છે. આહા..હા..! પોતાનો દેશ જે છે તેનો હક લઈ લીધો છે. આહા..હા..! ઇ તો આગળ આવશે ને ! નહિ ? આગળ છે ને ? ૧૪૯ પાને. મુનિ ધર્માત્મા,... આહા..હા..! પોતાનો આનંદ સ્વરૂપ ભગવાન ત્યાંથી બહાર નીકળે, વિકલ્પ આવે (તો એમ થાય કે) અરે..! અમે ક્યાં પરદેશમાં આવ્યા ? ('ભાઈ' !) છે આમાં ?

૧૪૯ પાનું છે ને ? છે ને ઇ છે. આમાં ૪૦૧ (બોલ છે). બીજામાં (પાનામાં) બે-ચાર ફેર હશે. **'જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી...'** છે ? **'જ્ઞાનીનું પરિણમન,**

ધર્મીની દશા... છે ? **'વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.'** આહા..હા..! **'જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.'** આવ્યું ને અહીંયા ? આહા..હા..! **'આ વિભાવભાવ અમારો દેશ નથી.'** શરીર, કુટુંબ, પરીવાર, 'કાઠીયાવાડ' કે 'હિન્દુસ્તાન' કે એ દેશ તો અમારો નથી પણ,... આહા..હા..!

મુમુક્ષુ :– 'ઉમરાળા' ?

ઉત્તર :– 'ઉમરાળા-ફુમરાળા' 'ઉમરાળા'નો ઓમ આવ્યો છે. આહા..હા..! અમારો દેશ તો અંદર ચિદાનંદ પ્રભુ એ અમારો દેશ છે. આ વિકલ્પ એ અમારો દેશ નહિ. એ મહાવ્રતનો વિકલ્પ ઉઠ્યો એ અમારો દેશ નહિ. આરે...! આ વાત ક્યાં ? સમજાવવાનો વિકલ્પ ઉઠ્યો એ પણ રાગ, અમારો દેશ નહિ. આહા..હા..! **'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?'** છે ? ('ભાઈ' !) આવ્યું ? એ રાગમાં આવ્યા એ પરદેશમાં ક્યાં આવી ચડ્યા ? આહા..હા..! 'લાડનુ' છોડીને 'કલકત્તા' (ગયા), (એ) પરદેશ છે કે નહિ ? આ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનનો જે દેશ છે એ સ્વ-દેશ છે. એમાંથી રાગ આવે એ પરદેશ છે. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ ! આ વીતરાગ માર્ગ છે, બાપા ! આ અમારો દેશ નહિ, **'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?'** આહા..હા..! **'અમને અહીં ગોઠતુ નથી.'**

મુમુક્ષુ :– તો આવ્યા શું કામ ?

ઉત્તર :– કમજોરીને લઈને અંદરમાં રહી શક્યા નહિ. પુરુષાર્થની કમજોરીને લઈને અંદરમાં રહી શક્યા નહિ માટે આવ્યા. આહા..હા..!

**'ક્યાં આવી ચડ્યા ? અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી.'** એ શુભભાવમાં અમારું કોઈ નથી. આહા..હા..! અહીં તો જ્યાં-ત્યાં મારી બાયડી ને મારા છોકરા ને મારા ભાઈ ને મારા પૈસા ને મારા મકાન ને... મારી નાખ્યો આત્માને. જે એના નથી એને (પોતાના) માનીને (મારી નાખ્યો).

મુમુક્ષુ :– એ તો અજરઅમર છે, મરે છે ક્યાં ?

ઉત્તર :– છે એનો અનાદર કર્યો એ જ એનું મરણ છે. જાણનાર-દેખનાર છે તેણે પર વસ્તુ મારી માની અને સ્વનો જ્ઞાતાપણાનો અનાદર કર્યો એ જ હિંસા છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?' 'શ્રીમદ્' માં આવે છે. સોળ

વર્ષની ઉંમરે (લખે છે). 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે' એક વિકલ્પ ઉઠે છે એ મારા છે એ ક્ષણે ક્ષણે ભાવ મરણ થયું, પ્રભુ ! આહા..હા..! અરે..! પરની દયાનો ભાવ રાગ આવે એ જીવની હિંસા છે. આવી વાત આકરી પડે. પરની દયાનો ભાવ એ રાગ છે અને રાગ છે એ સ્વરૂપની હિંસા છે. પ્રભુ ! માર્ગ આકરો, બાપા ! જગતથી નિરાળો છે. અરે..! જગતને સાંભળવા મળે નહિ. એમ ને એમ જિંદગી ચાલી જાય. આહા..હા..! ઢોરની જેમ જિંદગી જાય. આહા..હા..! પછી ભલે કરોડપતિ હોય ને અબજોપતિ (હોય, એ) બધા ઢોર જેવા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે.'** આહા..હા..! કહો, ('ભાઈ' !) થાન-બાન સ્વદેશ નથી એમ કહે છે. (એક ભાઈ)ને 'લાડનુ', તમારે 'થાન'. આહા..હા..! કહો ('ભાઈ' !) એનો 'આગ્રા'. 'આગ્રા-ફાગ્રા' કાંઈ તારો દેશ જ નથી, સાંભળને ! આહા..હા..! સ્વદેશ તો જેમાં આનંદ ને જ્ઞાન ને શાંતિ રહેલી છે એવો જે પરિવાર વસે એ અમારો દેશ છે. આહા..હા..! ધર્મીની આ દૃષ્ટિ હોય છે. આહા..હા..!

**'અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.'** સમકિતી જ્ઞાની (જેને) આત્માનું જ્ઞાન થયું છે, આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે એ એમ કહે છે કે અમે હવે અમારા સ્વદેશમાં જઈ રહ્યા છીએ, બહારમાં આવતા અમને ગોઠતું નથી. આહા..હા..! જ્યાં ગોઠે છે ત્યાં હવે જઈ રહ્યાં છીએ. આહા..હા..! **'અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...'** અમારે ત્વરાથી, ઉતાવળથી અમારા મૂળ વતનમાં જઈને. આહા..હા..! કહો, ('ભાઈ' !) 'લાડનું' મૂળ વતન છે ? આહા..હા..!

મુમુક્ષુ :– અનાદિથી જ્યાં રહ્યો છે એ મૂળ વતન નથી ?

ઉત્તર :– મૂળ નથી, એ પરદેશ છે, પરદેશમાં રખડે છે મફતનો. સ્વદેશમાં તો આનંદ ને જ્ઞાન ભર્યું છે ત્યાં સ્વદેશ છે. વિકલ્પ આવ્યો એ પણ પરદેશ છે. આહા..હા..! આવો વીતરાગનો માર્ગ આકરો છે, બાપા ! આહા..હા..!

**'ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...'** મૂળ વતન આ. **'નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.'** જ્યાં જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે. જ્યાં અનંત શક્તિઓનો સંગ્રહ પડ્યો છે એ અમારો દેશ ને એ અમારા છે. આહા..હા..!

આવી વાતું હવે આકરી પડે લોકોને. શું થાય ? પાંચમો આરો છે. પાંચમો આરો શું છે ? અહીં વસ્તુને ક્યાં નડે છે ? આહા..હા..! વસ્તુ તો જળહળજ્યોતિ ચૈતન્ય રત્નાકર પ્રભુ ! નિત્યાનંદ, સહજાનંદના શણગારથી ભરેલો પ્રભુ ! પંચમ આરામાં પણ કાયમ તેવો જ રહ્યો છે. આહા..હા..!

નરકની નારકીમાં ગયો, એના દુઃખ પર્યાયમાં વેઠ્યાં છતાં વસ્તુ તો પરમાનંદના નાથની સ્વચ્છ તરીકે અંદર જેવી છે એવી પડી છે. એવી ચીજને, આંચ ને અવજ્ઞા કાંઈ લાગુ પડતી નથી. આહા..હા..! એવો જેનો ચૈતન્ય સ્વભાવ છે. એની મીઠાશ આગળ જગતની બધી મીઠાશ પરદેશ ને ઝેર જેવી લાગે છે. આહા..હા..!

'મોક્ષ અધિકાર' માં કહ્યું છે કે ધર્મી મુનિ છે એ મહાવ્રતના પરિણામમાં આવે છે એ વિષકુંભ છે, ઝેરનો ઘડો છે. આહા..હા..! અશુભભાવની તો શું વાત કરવી પણ પાપના પરિણામથી હઠવું–પ્રાયશ્ચિત આદિ જે શુભ વિકલ્પ (આવે), પ્રતિમા આદિના દર્શન (કરવા), ભગવાનનું સ્મરણ (કરવું)... આહા..હા..! એ રાગ ઝેર, વિષનો ઘડો છે. પ્રભુ તે અમૃતનો કુંડ છે. અંદર અમૃતનો સાગર દરિયો છે. ત્યારે આ પુણ્ય શુભભાવ તે ઝેરના ઘડા છે. આવી વાતું છે, બાપુ ! આહા..હા..! અત્યારે તો બધી એવી ગડબડ કરી નાખી છે. બહારમાં મનાવી દીધું. બસ ! આ વ્રત કર્યા ને તપ કર્યા ને આ નગ્નપણું થઈ ગયું ને થઈ ગયા (ધર્મી) ! ધૂળેય નથી ત્યાં. આહા..હા..! હજી વસ્તુની દૃષ્ટિ થઈ નથી. વસ્તુ કેવી છે તે જોઈને જાણી નથી પછી ઠરવાનું ક્યાં આવ્યું એને ? જોઈને જાણી હોય તો ઠરવાનું આ સ્થાન છે એમ જાણે. આહા..હા..! ઠરવું એટલે ચારિત્ર. ઠરવું, રમવું. આ મારા... જોયું ? અહીંયા એમ લેવું. આહા..હા..!

**'મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે. વિજયધ્વજ ફરકી રહ્યો છે.'** આહા..હા..! જેમાં વીતરાગતાનો વિજયધ્વજ ફરકી રહ્યો છે. અમારો વીતરાગભાવનો અમને વિજય છે. રાગનો જય નહિ, રાગનો નાશ છે. આહા..હા..! આવો ભાવ ! આ તો હજી લોકમાં બહાર ક્રિયા કરી ને વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને જાત્રા કરી ભગવાનની ને ગીરનારની ને... થઈ ગયો ધર્મ ! ધૂળેય ધરમ નથી, સાંભળને ! એ તો બધો રાગ છે, પુણ્ય છે, એ ઝેર છે. અમૃતના સાગરને અંદર એકવાર જો, પ્રભુ ! તને ત્યારે સંતોષ થશે. આહા..હા..!

**'વિજયધ્વજ ફરકી રહ્યો છે.'** મુનિને તો વિજયધ્વજ ફરકી રહ્યો છે. આહા..હા..! ધ્વજ હોય છે ને ? વિજયધજા. ચક્રવર્તીનું રાજ થાય ત્યાં વિજય થઈ ગયો. આહા..હા..! પછી ત્યાં ..... પર્વત ઉપર જઈને લખે. એક મણિરત્ન હોય એની હજાર દેવ સેવા કરતા હોય. મેં આ રાજ મેળવ્યું. પૂર્વના ચક્રવર્તીએ લખ્યું હોય એનું ભુસાડી દે. ચક્રવર્તી ......... પર્વત ઉપર જાય. અનંતા થઈ ગયા, કેટલું ન્યાં લખવાનું હોય ? અને પોતાને ખબર છે કે હું આ લખું છું પણ પાછળના ચક્રવર્તીઓ આવશે ને આને ભુસાડશે. આહા..હા..! અમે છ ખંડના રાજ જીત્યા છે, સોળ હજાર દેવ અમારી તૈનાતમાં છે. અમે ચક્રવર્તી પદ હાથમાં લીધું છે, એમ લખે. પણ સમકિતી છે એ લખતા જ એને ભાવ આવે, અરે..રે..! આ શું છે આ ? અરે..! આ બધું શું થાય છે આ ? જ્યાં અમારો દેશ છે એને અમારે જીતવો છે. આ ક્યાં જીત ? આ દેશ અમારો છે ? આહા..હા..! આવી વાતું છે. અજાણ્યા માણસને તો એવું લાગે કે આ તે કઈ જાતનો ધર્મ છે ? વ્રત પાળવા ને ભક્તિ કરવી, જાત્રા કરવી એવું કહે તો તો (ખબર પડે). હવે એમાં શું છે ? ધૂળ ! સાંભળને ! એ તો બધી રાગની–ઝેરની, પુણ્યબંધની ક્રિયા છે.

અહીં તો ભગવાન વીતરાગ ધર્મ કહે છે કે એ રાગથી ભિન્ન ભગવાનઆત્માનો સ્વદેશ છે, જ્યાં અનંતા અનંતા ગુણોનો વસ્તી છે, અનંતા અનંત ગુણની વસ્તી છે, એનો તું બાદશાહ છો. આહા..હા..! સત્ય તો આમ છે, બાપુ ! સત્ય તો એવી ચીજ છે, આકરી છે, ભાઈ ! એની સામું જોવું, એની દૃષ્ટિ કરવી એ ઠીક છે એ વાત અત્યારે કબુલાય નહિ. એ તો આ કરો, બસ ! વ્રત કરો, અપવાસ કરો, સાધુ થઈ જાવ, બે, ત્રણ, ચાર, પાંચ, અગિયાર પડિમા ધારણ કરો. ધૂળમાંય નથી, બધો રાગ છે.

મુમુક્ષુ :– ......

ઉત્તર :– હા, એ તો ભાઈ કહે છે ને. આ તો અગિયાર શું પંદર હોય તો પંદર (પડિમા) લે. ન્યાં ક્યાં એને મેળ છે, સત્ છે કે અસત્ છે. આહા..હા..! અરે..! ભાઈ ! પડિમા-ફડિમા એ તો વિકલ્પ છે, બાપુ ! એ તો સમ્યગ્દર્શન થયા પછી એવો વિકલ્પ આવે પણ એ પણ દુઃખરૂપ છે. આહા..હા..! આ દિગંબર ધર્મ, આ

જૈન ધર્મ, આ નિષ્કંલક પરમ પવિત્ર પ્રભુ આત્મા એની જ્યાં શોભા અંદર જોવે છે (તો) બહાર નીકળવું ગોઠતું નથી. આહા..હા..! મુનિને તો એની વિજય ધ્વજા ફરકી ગઈ. આહા..હા..! ચોથે, પાંચમે હજી તો રાગ વિશેષ હોય છે, એને ધંધા-પાણી હોય છે છતાં એને જાણે છે, એ કર્તા થતો નથી. પણ આ તો જાણવાને યોગ એવો રાગ જ જેને નથી. આહા..હા..! વિજયધ્વજ ફરક્યો જ્યાં વિજય અમારો વિજય છે, આસ્રવનો સંહાર છે. આહા..હા..! આસ્રવ ને રાગ એ હારી ગયા, અમે જીતી ગયા છીએ. અમારા આનંદમાં અમે રહીએ છીએ. આનું નામ મુનિપણું છે. આહા..હા..! **'વિજયધ્વજ ફરકી રહ્યો છે.'** ૧૩૪ (બોલ પૂરો થયો).

**એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય. આત્મા તો અનાદિ-અનંત ગુણોનો પિંજ છે. ૧૩૫.**

૧૩૫, **'એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા.'** શું કહે છે ? કે આ રાગ છે ને આ શુભ છે ને આ અશુભ છે ને એવા એક એક દોષને ગોતીને ટાળવા પડતા નથી. કારણ કે દોષ ઉપર દૃષ્ટિ રહે અને આ દોષને ટાળું (એમ કરવા જાય તો) એ રીતે દોષ ટળી શકે નહિ. આહા..હા..! એક એક દોષને ગોતી ગોતીને, શોધીને ટાળવા નથી પડતા. **'અંદર નજર ઠેરવે...'** આહા..હા..! અંદર પૂર્ણસ્વરૂપ ભગવાનઆત્મા એમાં નજર ઠેરવે **'તો ગુણરત્નાકર પ્રગટે.'** **'અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે...'** ગુણરત્નાકર–ગુણનો, રત્નનો દરિયો. આહા..હા..! એના શું વખાણ (થાય) ! બાપુ ! ઇ કાંઈ વચનમાં આવી શકે એવી ચીજ નથી. અનુભવગમ્ય છે. આહા..હા..! અરૂપી ઇન્દ્રિયથી ગ્રાહ્ય નહિ, વિકલ્પથી ગ્રાહ્ય નહિ, આહા..હા..! અને પર્યાયબુદ્ધિમાં રહીને પણ ગ્રાહ્ય નહિ. આહા..હા..! એવો જે ભગવાનઆત્મા ચૈતન્ય રત્નાકર પ્રગટે.

**'અને બધા દોષનો ભૂકો બોલી જાય.'** છે ને ? **'બધા દોષનો ભૂકો બોલી જાય.'** ભૂકો વળી જાય. આહા..હા..! પ્રાયશ્ચિત માટે એમ કે આ વિકલ્પ આ નો આ એમ કરવું પડતું નથી. એ અંતરમાં આનંદ સ્વરૂપમાં વિશેષ ઉગ્રપણે જાય ત્યારે ચૈતન્ય રત્નાકર પ્રગટે, ત્યારે દોષ બધા ટળી જાય. એનું નામ પ્રાયશ્ચિત છે. આહા..હા..! આવી વાતું ભારે. ભાઈ ! માર્ગ વીતરાગ જૈન પરમેશ્વર ત્રિલોકી નાથનું કથન તો આ છે. દિવ્યધ્વનિ ભગવાનની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ ? આહા..હા..! અરે..! પામર પ્રાણીને આ વાત એવી લાગે (કે) આ તો બધી કોઈ અગમ્યગમ્યની નિશ્ચયની વાતું કરે છે. આહા..હા..! છે તો એવું.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– અગમ્ય છે એ વિકલ્પથી અગમ્ય છે પણ જ્ઞાનથી ગમ્ય છે. એનું જ્ઞાન કરતાં તે ગમ્ય છે. પણ કોઈ પણ વિકલ્પ દયા, દાન ને વ્રત, ભક્તિ ને પૂજા ને એવા વિકલ્પથી પ્રાપ્ત થાય એવી એ ચીજ છે નહિ. આહા..હા..! અત્યારે તો ઇ જે કરે ત્યાં થઈ ગયો ધર્મી, થઈ રહ્યું લ્યો. ગીરનારની જાત્રા એક-બે કરે, સમ્મેદશીખરની કરે. આહા..હા..!

મુમુક્ષુ :– શેત્રુંજ્યની કરે.

ઉત્તર :– શેત્રુંજય કરે. કીધું ને 'પાલીતાણા'. ગીરનાર. 'એકવાર વંદે જો કોઈ' આવે છે ને ? 'એકવાર વંદે જો કોઈ' પછી 'નરક પશુ નહિ હોય' પણ નરક પશુ નહિ ને ? સમ્મેદશીખર (જઈને) ભગવાનના દર્શન બહુ સારા કરે, ઘણી વાર કરતો હોય તો શુભભાવ હોય તો નરક પશુમાં ન જાય પણ એથી ભવનો અભાવ ક્યાં થયો ? પછી જશે. આહા..હા..! ભગવાનઆત્મા અનંત ગુણનો રાશિ સમ્મેદશીખર પોતે છે. એના ઉપર આરુઢ થતાં ભવનો અભાવ થાય એવી એ જાત્રા છે. આહા..હા..!

**'ભૂકો બોલી જાય.'** એમ છે ને ? ભૂકો બોલી જાય, ગુજરાતી ભાષા છે ને ? **'ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય.'** એટલે શું ? ભૂકો થઈ જાય, એમ. નાશ થઈ જાય, ભૂકો શું ? આહા..હા..! ભાષા તો કાઠીયાવાડમાં બોલે છે. ભૂકો બોલી જાય. ગુજરાતી સાદી ભાષા છે. **'આત્મા તો અનાદિ-અનંત ગુણોનો પિંડ છે.'** આહા..હા..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! સત્, ચિદ ને આનંદ જેમાં

ભર્યા છે. શાશ્વત એવો પ્રભુ અંદર,.. આહા..હા..! અનાદિ અનંત ગુણોનો પિંડ છે. આહા..હા..! એમાં રાગની ગંધ નથી. દયા, દાન ને વ્રત ને ભક્તિનો વિકલ્પ છે એની ગંધ જેમાં નથી. એ બધા રાગ છે, વિકાર છે. આહા..હા..! આકરું પડે. ધંધા છોડીને માંડ બિચારા જાત્રાએ નિકળ્યા હોય, એમાં પાંચ પચાસ હજાર કે પાંચ, પચીસ, સો બસ્સો પાંચસો રૂપિયા ખર્ચે ત્યાં આપણે કે... આહા..હા..! ધૂળમાંય નથી ત્યાં કાંઈ, સાંભળને ! આહા..હા..! જ્યાં આગળ વિકલ્પનો, રાગનો પણ અવકાશ નથી અને અંદર પ્રભુમાં જેના ગુણનો જ અવકાશ છે,... આહા..હા..! એની મીઠાશ આગળ રાગની મીઠાશ જેને છૂટી જાય છે, આહા..! આવું સ્વરૂપ છે. **'આત્મા તો અનાદિ-અનંત ગુણોનો પિંડ છે.'** આહા..હા..! હવે પહેલેથી લેશે.

**સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો. ૧૩૬.**

૧૩૬. **'સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે,...'** સમ્યગ્દર્શન થવું એ તો આત્માનો અનુભવ થવો. આત્મા આનંદ સ્વરૂપ છે, પૂર્ણ શુદ્ધ છે એવું દૃષ્ટિમાં આવીને નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં આનંદનું વેદન થાય એ સમકિત છે. પણ સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે. આ વસ્તુ આવી છે, (એમ) વિકલ્પથી પણ એનો નિર્ણય થઈ શકે છે ને ! આવ્યું છે ને ? ૧૪૩માં આવ્યું છે, ૭૩ ગાથામાં આવ્યું છે કે હું આવો છું, આવો છું (એમ) વિકલ્પથી પહેલો નિર્ણય કરે. જો કે એ યથાર્થ નિર્ણય નથી પણ એ પહેલો આવ્યા વિના રહેતો નથી. સર્વજ્ઞ ભગવાને, પરમેશ્વરે જે આત્મા કહ્યો, એ સિવાય જગતના બીજા પ્રાણીએ આત્મા કહ્યો, એનાથી જેવો ભગવાને કહ્યો એવો નિર્ણય કરવા માટે પહેલો વિકલ્પ આવે. આહા..હા..! કે આ પરિપૂર્ણ છે, અનંત આનંદનો સાગર છે. ક્ષેત્ર મારું શરીર પ્રમાણે જ છે. સર્વ વ્યાપક

એટલે આમ બધામાં વ્યાપક થઈ જાય એવું ક્ષેત્ર નથી. એવો નય, નિક્ષેપ અને પ્રમાણથી પહેલો નિર્ણય કરે. ૧૩ મી ગાથામાં આવે છે. આહા..હા..! નિશ્ચયનયથી, વ્યવહારનયથી શું છે એમ નિર્ણય કરે. નિશ્ચયથી અભેદ છે, વ્યવહારથી ભેદ ને રાગાદિ પર્યાયભેદ છે એવો નિર્ણય કરે પણ એ છે હજી વિકલ્પ, પણ એ વસ્તુના અનુભવ સમ્યગ્દર્શન થયા પહેલાં આવો વિકલ્પનો નિર્ણય આવે. **'વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે.'** આહા..હા..!

**''આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે.'** અંદર **'આ આત્મા'** જાણક જાણક જેની સત્તા છે. જેની સત્તામાં જણાય છે એ જાણનારો તે આત્મા છે. બીજી ચીજ જણાય છે એ કાંઈ આત્મા નથી. જેની સત્તામાં, હોવામાં આ જણાય છે કે આ શરીર છે, આ છે, આ છે, આ છે, એવી સત્તા જે જ્ઞાન સત્તા ભગવાનઆત્મા એનો નિર્ણય વિકલ્પ દ્વારા પહેલો થઈ શકે છે. આહા..હા..! એ પાકો નિર્ણય થાય છે. આહા..હા..!

('સમયસાર') ૧૪૩ (ગાથામાં) એમ કહ્યું છે ને ? પહેલા આગમથી નિર્ણય કરે પછી મતિ અને શ્રુતના વિકલ્પોને છોડીને અનુભવ કરે. આવે છે. ૭૩ (ગાથામાં) પણ આવ્યું છે. 'સમયસાર'. મારો આત્મા અખંડ, પૂર્ણ, શુદ્ધ, ચૈતન્ય છે. એની પર્યાયમાં જે કંઈ ષટ્કારક રૂપે પરિણમન છે એથી પણ મારી ચીજ અંદર ભિન્ન છે. જેમાં પર્યાય–અવસ્થાનો પણ અભાવ છે. એવો અનુભૂતિસ્વરૂપ ભગવાન ત્રિકાળ, ત્રિકાળ અનુભૂતિ, હોં ! પર્યાયની અનુભૂતી નહિ, એવો હું છું, એવો પહેલો વિકલ્પથી રાગ મિશ્રિત મનના સંબંધથી આવો નિર્ણય કરે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય...'** અંતર અનુભવ, આનંદના અનુભવનો સ્વાદ આવે એ ન થયું હોય. સમકિત થતા તો અનુભૂતિ થાય. હજી સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન, હોં ! પાંચમું શ્રાવકનું ને છઠ્ઠું મુનિનું એ તો ક્યાંય રહી ગયું, બાપા ! કોને કહેવું એ ? આહા..હા..! સમકિત પહેલાં પણ આવો નિર્ણય થાય. **'ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો.'**

મુમુક્ષુ :– કિમતી નથી.

ઉત્તર :– કિમતી નથી પણ આવ્યા વિના રહેતો નથી, કહે છે. આંગણે આવવા માટે આવા વિકલ્પ હોય છે. અંદર પેસવા માટે પછી વિકલ્પ છોડવાનો. આ ઝવેરાતની

દુકાન છે, હજી આંગણે ઉભો ઉભો પણ આ પૈસા અહીં છે, એવો નિર્ણય આંગણે ઉભો હોય તો અંદર પેઠા વિના કરે, પછી છોડીને અંદરમાં જાય. આહા..હા..! એ ખરો નિર્ણય નથી તોપણ એવું પહેલું આવે. વીતરાગે આત્મા કહ્યો અને અજ્ઞાનીઓ આત્મા કહે છે, એમાં ફેર (છે) માટે નિર્ણય કરવો પડે. ભગવાને સર્વજ્ઞ કેવળીએ કહેલો આત્મા. અજ્ઞાનીઓ પોતાની કલ્પનાથી જે આત્મા આત્માની વાતું કરે એ નહિ. એવો નિર્ણય કરવા માટે વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે. પછી વિકલ્પને છોડીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૯, શુક્રવાર તા. ૨૮-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૩૭ થી ૧૩૯. પ્રવચન–૫૦**

**ચૈતન્યપરિણતિ તે જ જીવન છે. બહારનું તો અનંતવાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે. ૧૩૭.**

વચનામૃત–૧૩૭. ૧૩૬ થઈ ગયા ને ? **'ચૈતન્યપરિણતિ તે જ જીવન છે.'** આહા..હા..! આ જીવનું જીવન. ભગવાનઆત્મા ચિદાનંદ ચિદ્‌ઘન આત્મા, તેની દૃષ્ટિ કરીને જે પરિણમન થાય એ જીવનું જીવન છે, બાપુ ! આહા..હા..! લોકોને એકાન્ત લાગે. શું થાય ? બીજા કંઈ સાધન હોય તો આ થાય એમ આ વસ્તુ નથી. આહા..હા..! એ જ્ઞાયક ધ્રવુ છે. એ વર્તમાન જ્ઞાનની પર્યાય જણાય છે તે વસ્તુ ત્રિકાળ છે. એવો જ્ઞાનનો પિંડ પ્રભુ ત્રિકાળ છે. આહા..હા..! એ જ્ઞાયક સ્વરૂપની દૃષ્ટિ કરી અને જે જીવન એટલે જીવનું નિર્મળ પરિણમન થાય તે જીવનું જીવન છે.

જીવતર શક્તિ લીધી છે ને પહેલી ? આહા..હા..! ભગવાનઆત્મામાં જીવતર શક્તિ નામનો એક ગુણ છે કે જે ત્રિકાળ એમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને અનંત સત્તા, વીર્ય આદિ. છે વસ્તુ છે, જેવી વર્તમાન છે એવી ત્રિકાળ છે. આહા..હા..! જે કોઈ ચીજ વર્તમાનમાં જણાય છે એ ચીજ ત્રિકાળ વસ્તુ છે અંદર. આહા..હા..! એનો પહેલો એણે નિર્ણય નક્કી કરવો જોઈએ. વિકલ્પ દ્વારા એ પહેલાં આવી ગયું. ૧૩૬માં પાકો કીધો છે પણ એ અપેક્ષાનો પાકો. આહા..હા..!

એ આનંદ ને જ્ઞાયકભાવ છે એ ધ્રુવ છે. એનું અવલંબન લઈને જે પરિણતિ

દશા થાય એ જીવનું જીવન છે. આહા..હા..! બાકી તો બધું થોથા છે. સમજાણું કાંઈ ? **'ચૈતન્યપરિણતિ...'** ચૈતન્ય વસ્તુ, ચેતન જે સ્વરૂપ એનો ચૈતન્ય જે સ્વભાવ એની ચૈતન્યની જ્ઞાન, આનંદ આદિની પરિણતિ. આહા..હા..!

આખી દુનિયાથી ઉદાસ થઈ, નિમિત્ત ઉપરનું લક્ષ છોડી, રાગનું લક્ષ પણ વિકલ્પ છે એને છોડી, એક સમયની પર્યાય છે તેના ઉપર અનાદિનું લક્ષ છે તે છોડી, ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, ધ્રુવધામ, સ્થાન એ સ્વદેશ છે આહા..હા..! સ્વદેશમાં વસવું. અને જે જીવનમાં શુદ્ધ પરિણતિ થવી એ જીવનું જીવન છે. જેના ફળમાં અનંત જ્ઞાન ને આનંદ પ્રગટ થાય એવું આ જીવનું જીવન છે. પણ માણસને આ એકાંત લાગે છે. આ કંઈક એને સાધન જોઈએ ને ! આ વ્રત ને તપ ને ભક્તિ ને એવા શુભભાવ (જોઈએ). ભાઈ ! એ સાધન નથી. પ્રભુ ! તને એકાન્ત લાગે. એ અનેકાન્ત છે. સ્વપણે છે, પરપણે નથી એ અનેકાન્ત છે. સ્વપણે છે અને પરપણે પણ છે એ અનેકાન્ત છે ? એમ સ્વરૂપને આશ્રયે જે સમ્યગ્દર્શન થાય, પર્યાયમાં જીવનું જીવતર ઘડાય નિશ્ચયથી તે જ જીવન છે. અને પુણ્યથી દયા-દાનના વિકલ્પો આવે એમાં તો એનો અભાવ છે. એ જીવનમાં એનો અભાવ છે. હવે વાંધા આ ઉઠ્યા છે. નથી પહોંચી શકાતું માટે આનાથી થાય એમ ન મનાય, ભાઈ ! તું નહિ પહોંચી શકે બાપુ !

ભગવાન ! તારું સ્વરૂપ તો ભગવત્ સ્વરૂપ (છે). અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો કંદ ધ્રુવ (છે). આહા..હા..! એમાં દૃષ્ટિ આપતા તેનો–ધ્રુવનો સ્વીકાર થતાં જે સ્વીકાર થતાં જે પરિણતિ દશા થઈ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિની દશા છે. એ જીવનું જીવન છે, ભાઈ ! આહા..હા..! રાગ અને સંયોગના કારણે જીવનને જીવવું એ જીવનું મૃત્યુ છે. આહા..હા..! આકરી વાતું, બાપા ! આ ચૈતન્યદ્રવ્ય વસ્તુ...

હવે વાંધા શું ઉઠે છે ? કે તમે જ્યારે એમ કહો તો પછી આ ઉપદેશ દેવાનો રાગ આવે અને તમે બીજાને સમજાવવા માટે ઉપદેશ આપો તો એનાથી બીજા સમજે એ માટે તો ઉપદેશ આપો છો. તો નિમિત્તથી એને લાભ થાય છે. અને સમજાવવા માટે રાગ આવે છે એ રાગ તો ખાસ કરવો પડે છે. એમ નથી, પ્રભુ ! વસ્તુ બહુ ઝીણી, બાપુ ! ભાઈ ! આહા..હા..! અને ટાઈમસરમાં રાગ આવવો કે આઠ થી નવ વાચવું છે, ત્રણ થી ચાર વાચવું છે ત્યારે જે રાગ આવવો એવો કાંઈ નિયમ છે ?

હા. કેમ કે એ વખતે તો રાગ કરે તો થાય. આવે એની મેળાએ એવું હોય તો તો તમે ટાઈમ કેમ બાંધ્યો ? અરે..! પ્રભુ ! સાંભળને, ભાઈ ! આહા..હા..! એ રાગનો કાળ હોય છે ત્યારે રાગ આવે જ, ભાઈ ! પણ રાગ એ કાંઈ જીવનું જીવન નથી. આહા..હા..! રાગથી મને લાભ થાય એ તો ચૈતન્યના શુદ્ધ ચૈતન્યના ભાવપ્રાણને ઘસારો થાય છે. આવી વાતું છે, બાપુ ! શું થાય ? લોકો એવું (કહે છે), એકાન્ત... એકાન્ત... એકાન્ત... બસ ! આ 'સોનગઢ'નો મત એટલે એકાન્ત મત. પ્રભુ ! એ શું કરે છે ? ભાઈ ! તને તારા સત્યની ખબર નથી, પ્રભુ ! આહા..હા..!

સત્ય એવું છે કે એ સત્યનું જ્યાં શરણ લીધું એટલે સત્યની જ પરિણતિ ત્યાં થાય. આહા..હા..! અસત્યની પરિણતિ ત્યાં ઊડી જાય. આહા..હા..! વાત આકરી લાગે પણ પ્રભુ ! માર્ગ તો આ છે. બીજી રીતે કરવા જાશે (તો) પ્રભુ ! તને નુકસાન થશે. ભાઈ ! તારા હિતની વાત છે. તને એકાન્ત લાગે (પણ) એકાન્ત છે, સમ્યક્ એકાન્ત છે. આહા..હા..! ચૈતન્ય ભગવાન અનંત અનંત અનાકુળ ને અતીન્દ્રિય રત્નોથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એવા જીવના જીવનને સ્વભાવને આશ્રયે નિર્મળ દશા થાય તે જીવનું ટકવું (છે), ટકેલો તો ત્રિકાળ છે પણ ટકેલા ને ટકેલું છે એમ જે અનુભવમાં આવવું એ જીવનું જીવન છે. ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા..!

દેહની સ્થિતિ પૂરી થશે પ્રભુ ! તો દેહ તો ખલાસ થઈ જશે પછી તું જાઈશ ક્યાં ? આહા..હા..! એ તો નિત્ય છે. એ ક્યાં રહેશે ? પ્રભુ ! જેણે રાગને ને પુણ્યને મારા માન્યા છે એવા મૃત્યુના જીવનમાં મૃત્યુમાં રહેવાનો છે એ. આહા..હા..! અને બહારમાં ક્યાંય સુખ છે એવી જે માન્યતા એ તો ચૈતન્યના આનંદના પ્રાણનો ઘસારો કરી નાખ્યો, ભાઈ ! આહા..હા..! તેં આનંદને ઘસી નાખ્યો, પ્રભુ ! પરમાં આનંદ છે સ્ત્રીમાં, પૈસામાં, આબરૂમાં, લક્ષ્મીમાં, મકાનમાં... અરે..! રાગની મંદતાના ભાવમાં પણ સુખ છે... પ્રભુ ! તારો આત્મા આનંદ સ્વરૂપ છે એનું જીવન તેં ન કર્યું. આહા..હા..! એનું તો મૃત્યુ કર્યું. હું આનંદ નહિ, મારો આનંદ તો અહીંથી મળે છે, અહીંથી મળે છે. આહા..હા..!

અહીં કહે છે કે **'ચૈતન્યપરિણતિ તે જ જીવન છે.'** આહા..હા..! જીવનું જીવન. જીવ સ્વરૂપે આનંદ છે તેનું જીવન. સ્વરૂપની દૃષ્ટિ થઈને જે આનંદનું ને જ્ઞાનનું

પરિણમન થાય તે જીવનું જીવન તેને કહેવામાં આવે છે. બાકી બધા જીવ્યા છે એ મડદા છે, કહે છે. આહા..હા..!

એ 'અષ્ટ પાહુડ'માં આવે છે. સમ્યગ્દર્શન વિનાના પ્રાણીઓ ચાલતા મડદા છે. આહા..હા..! ('ભાઈ' !) આવ્યું છે, ભગવાન ! પ્રભુ ! તું મોટો ભગવાન છો, ભાઈ ! ત્યાં નજર કરવાની છે. પામર ચીજમાં નજર કરીને સુખી (માને છે પણ) પ્રભુ ! તું દુઃખી છો. જ્યાં અનાકુળ આનંદ પડ્યો છે, પ્રભુ ! તારા સ્વરૂપમાં એ આનંદનો ઢીમ છે. આહા..હા..! એ આનંદનો ઢગલો છે. આહા..હા..! એના જીવનું આવડું સ્વરૂપ–સામર્થ્ય તેને જેણે પ્રતીતમાં ને જ્ઞાનમાં લીધું એની પરિણતિ જ આનંદમય અને શાંતમય થઈ, એ જીવનું જીવન છે, ભાઈ ! આકરું લાગે, મોઘું લાગે પણ માર્ગ તો આ છે. આહા..હા..! એકલો આવ્યો, એકલો છે ને એકલો જાશે. આહા..હા..!

**'બહારનું તો અનંત વાર મળ્યું,...'** આહા..હા..! પૈસા કરોડો, અબજો અનંતવાર મળ્યા, દેવપદ અનંતવાર મળ્યું. આહા..હા..! બહારની અનુકૂળ સામગ્રી જગત કહે છે એ અનંતવાર મળી. શરીર પણ અનંત વાર સુંદર અને સર્વોત્કૃષ્ટ ત્રણ ત્રણ પલ્યના આયુષ્યવાળું ને ત્રણ ગાવની ઊંચાઈ એવું... આહા..હા..! જુગળીયામાં પણ અનંતવાર અવતાર થયો છે. ત્રણ પલ્યનું આયુષ્ય. એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. આહા..હા..!

મુમુક્ષુ :– બહારનું કોઈ દિ' મળતું જ નથી.

ઉત્તર :– આ મળ્યું છે એમ માને છે ને ? આ પૈસા મળ્યા, છોકરા થયા, બાયડી થઈ, આ છોકરો હોશિયાર થયો, ભણાવ્યો 'અમેરીકા'માં. કહો !

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ માન્યું છે ને ! માનવામાં આવ્યું છે કે આ મારો છોકરો, આ મારી બાયડી, આ મારા મકાન, આ મારા પૈસા, આ મારા ઉઘરાણીમાંથી નાખું છું એમાંથી પાંચ લાખની ઉઘરાણી છે, હંમેશા થોડુંક પાંચ, પચ્ચીસ હજાર આવે છે, એ બધું માને છે ને ? આહા..હા..! માને માટે કાંઈ એનું થઈ જાય છે એમ નથી, એ ભ્રમ છે. આહા..હા..! કહો, ('ભાઈ' !) આહા..હા..!

એક રાગનો કણ પણ જ્યાં એનો થતો નથી. એ ચૈતન્યઘનનો રાગનો કણ

પણ કેમ થાય ? જે વીતરાગ મૂર્તિ પ્રભુ છે ને ! આહા..હા..! તો બહારનું શરીર અને સંયોગો તો એના (ક્યાંથી થાય ?) સંયોગ કોને કહેવો ? કે એના સ્વરૂપમાં એ નથી એનું નામ સંયોગ. આહા..હા..! એ સંયોગની દૃષ્ટિ તો માન્યતામાં અનાદિની છે. સંયોગ એની ચીજમાં પેસી જતા નથી પણ માને કે આ મારા, શરીર મારું. નિરોગી શરીર, સાંઈઠ, સીત્તેર વર્ષ થયા (પણ) કોઈ દિ' રોગ થયો નથી, સુંઠ ચોપડી નથી, એવું મારું નિરોગ (શરીર). અરે..! મારું (કહે છે) પણ પ્રભુ ! મારું છે ક્યાં ? આહા..હા..! તારું તો અંદર આત્મજીવન જે છે (એ તારું જીવન છે). આહા..હા..! ઝીણી વાત બહુ. લોકોને એમાં એવું લાગે (કે) કંઈક એના સાધન જોઈએ ને ! પાધરું આ ? એ પોતે રાગથી ભિન્ન પડવું અને જ્ઞાયકમાં ભળવું એ સાધન નથી ? આહા..હા..! એને સાધન પ્રજ્ઞાછીણી કહ્યું. આહા..હા..! દુનિયાથી બીજી વાત છે, ભાઈ !

અરે..! એકલો આવ્યો, એકલો છે ને એકલો જાશે. એવો ચૈતન્ય ભગવાન એકલો રાગ વિનાનો છે. એ તો ત્રિકાળ પ્રભુ છે. એની સન્મુખ થઈને એનો જેણે આશ્રય લીધો તે તેનું જીવન (છે). આહા..હા..! એ સિવાય બહારનું અનંત વાર મળ્યું. આહા..હા..! અબજો રૂપિયા એક મિનિટના પેદા થાય એવું રાજ અનંતવાર મળ્યું, એક મિનિટમાં, હોં !

અત્યારે છે ને એક રાજા ? એક કલાકની દોઢ કરોડની પેદાશ છે. અને એ સિવાય એક બીજો દેશ છે એને એક દિવસની અબજની પેદાશ છે. અનાર્ય દેશ છે. 'આરબ', 'આરબ'. એક દિવસની એક અબજની (પેદાશ). આ શું કહેવાય તમારું ? પેટ્રોલ. દેશ નાનો પણ પેટ્રોલના કૂવા એટલા નીકળ્યા છે કે એક દિવસની અબજ રૂપિયાની પેદાશ, હોં ! મૂડીની વાત નહિ, મૂડી તો ઘણી. આહા..હા..! મુસલમાન માંસ ખાનારા, મરીને નરકે જનારા. આહા..હા..! પણ વર્તમાનને જોનારા કહે છે, કેટલી સામગ્રી ને કેટલું મળ્યું છે એને ! બાપુ ! એ વસ્તુ નથી, ભાઈ ! એ ચૈતન્યના પ્રાણનો અભાવ કરીને જીવવું છે એ તો મૃત્યુ છે. આહા..હા..! મારો નાથ તો જ્ઞાન ને આનંદના સ્વભાવથી શુદ્ધપ્રાણથી જીવન જીવે છે. ઇ ટકતું જીવન એવું એનું છે. એનો અંતર સ્વીકાર થઈને બહારથી તો અનંતવાર મળ્યું છે, ભૂલી જા હવે એને. આહા..હા..!

મુમુક્ષુ :– .......

ઉત્તર :– બહારનું. અગિયાર અંગનું તો નવ પૂર્વ થયો. વિભંગ જ્ઞાન થયું. સાત દ્વીપ ને સાત સમુદ્ર જોવે, એ પણ પરલક્ષી છે, એ વસ્તુ નહિ. આહા..હા..!

જ્યાં પ્રભુ અતીન્દ્રિય જ્ઞાનનો દરિયો ભર્યો છે, અતીન્દ્રિય આનંદનો સાગર પડ્યો છે... આહા..હા..! એની સામું જોતા જ એનું પરિણમન–જીવન બદલી જાય છે. રાગ ને નિમિત્તની સામું જોતા જ એનું જીવન મૃત્યુ જેવું છે. આહા..હા..! ભગવાનઆત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાન એવા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... રત્નાકરનો સાગર, ભગવાન રત્નનો સાગર છે, પ્રભુ ! શરીર પ્રમાણે છે, કદ શરીર પ્રમાણે છે અને પર્યાયમાં પુણ્ય-પાપના મેલ દેખાય છે પણ એ ચીજ એની નથી. કદ આટલું છતાં અંદર મોટું માહાત્મ્ય છે, મહાત્મા છે ઇ. આ..હા..હા..! જેના ગુણો અનંત અનંત છે. આહા..હા..! એવા અનંત અનંત ગુણનું ધામ, એનો આશ્રય લેતા જે નિર્મળ દશા પ્રગટે એ જીવન (છે), એ જીવતો જીવ છે. આહા..હા..! એ સિવાય બહારનું તો અનંતવાર મળ્યું. છે ને ?

**'બહારનું તો અનંતવાર મળ્યું, અપૂર્વ નથી,...'** એ કોઈ આહા..હા..! અબજો રૂપિયા મળ્યા ને બાયડી સારી મળી ને આબરૂ મોટી મળી ને... આહા..હા..! રાજની કન્યા મળી, વાણિયો હોય એને કન્યા રાજની મળે, દિવાનની દીકરી મળે એથી કરીને એ કાંઈ નવું નથી, બાપુ ! આહા..હા..! એ તો અનંતવાર મળ્યું છે, દુઃખના નિમિત્તો (છે). **'અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે.'** આહા..હા..! બહારની ચીજ કોઈ અનુકૂળ મળી ગઈ ને આબરૂ મોટી થઈ અને એમાં... આહા..હા..! 'હિન્દુસ્તાન'નો શિરોમણી આ રાજા મોટો આવો છે, બાપા ! એવું તો અનંતવાર મળ્યું, ભાઈ ! એ કોઈ અપૂર્વ નથી. અપૂર્વ એટલે પૂર્વે નથી મળ્યું એવું નથી, અનતંવાર મળ્યું છે, ભાઈ ! તું અનાદિનો છો ને નાથ ! આહા..હા..! અરે..રે..! આ તો પરમાંથી ખસી જા ને સ્વમાં વસ. 'પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ટચ, એટલું બસ' આહા..હા..! પણ એનો ભાવ બહુ ઝીણો, બાપુ ! ભાષા ભલે થોડી છે.

બહારથી બાયડી-છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા, એ કાંઈ છોડ્યું નથી, એ તો ગ્રહ્યું છે કે દિ' તે છોડે ? આહા..હા..! રાગ ને પર્યાયબુદ્ધિને ગ્રહી છે એને

છોડીને દ્રવ્યબુદ્ધિ અને વીતરાગ ભાવનો પ્રગટ આશ્રય લેવો. આહા..હા..! વીતરાગ ભાવ જિન,... 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન', 'ઘટ ઘટ અંતર જિન વસે' જિન ઘટમાં (વસે છે), ઘટમાં જિન વસે છે, વીતરાગ સ્વરૂપ છે પ્રભુ અંદર. આહા..હા..!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ જ વસ્તુ છે. વસ્તુ છે એની વાત છે ને ! એનો આશ્રય થતાં જીવનનું પરિણમન બદલી જાય છે. આહા..હા..! અને તેથી કહ્યું ને ? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન' એ જિનનો આશ્રય લઈને જે પરિણતિ થાય એ વીતરાગી દશા (થાય) તે જૈન કહેવાય છે. આહા..હા..! આવું લોકોને આંકરું લાગે છે. જ્યાં હોય ત્યાં પોકાર (કરે છે). 'જૈન દર્શન' માં આજે આવ્યું હતું કો'કનું, એકાન્ત છે... એકાન્ત છે... એકાન્ત છે... 'દિલ્હી'માં કો'ક ભાષણ કરતું હશે એને કીધું હશે મળવા. આહા..હા..! તમે વ્યાખ્યાન ટાણે બરાબર અહીં આવો છો તો એ રાગ તમે કરો છો કે નહિ ? અરે..! ભગવાન ! રાગ આવે એ કાળે આવવાનો હોય ત્યારે જ આવે છતાં એ કોઈ ચીજ નથી.

મુમુક્ષુ :– અટપટી લાગે છે.

ઉત્તર :– વાત તો સાચી, બાપા ! અટપટી તો છે, પ્રભુ ! આહા..હા..! અને સમજાવીએ છીએ ત્યારે તમને એમ નથી થાતું કે અમારાથી આ સમજે. તો નિમિત્તથી નથી થતું એ તમે કહો ને વળી બીજાને તમે સમજાવો છો પાછા. ('ભાઈ' !) આવું અટપટુ છે આ. ભગવાન ! એ બીજા સમજે ન સમજે એ તો એની યોગ્યતાથી સમજે પણ વાણીનો યોગ હોય છે, ત્યારે (વાણી) આવે. આહા..હા..! છતાં એ વાણીથી એ સમજે છે માટે નિમિત્તથી એ સમજ્યો, એમ નથી. નિમિત્તનો આ રીતે આદર કરે છે અને વ્યવહારનો આ રીતે જ્યારે તમે રાગ કરો છો કે નહિ ? સમજાવવાનો રાગ કરો છો કે નહિ ? તો રાગમાં કાંઈ લાભ છે તો કરો છો કે નહિ ? આહા..હા..! અરે..! ભગવાન ! અટપટી વાત છે, ભાઈ ! (એક ભાઈ) કહે છે ને ! અટપટી છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વાત સાચી, પ્રભુ ! તો શું કરે ? આહા..! તારી પ્રભુતા તો જ્ઞાયકમાં

છે. તારી પ્રભુતા રાગ ને પુણ્યમાં નથી તો નિમિત્તમાં તો ક્યાં પ્રભુતા તારી આવી ? પૈસા ને બાયડી ને છોકરા ને ધૂળ-ધાણી. આહા..હા..!

**'અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે.'** આહા..હા..! વજની ભીંત જ્ઞાન ને આનંદની પડી છે અંદર. આહા..હા..! એની સામે પર્યાયને જોડી દે. એનો સ્વીકાર કરતાં તારી પર્યાય નિર્મળ થઈ જશે. એ અપૂર્વ છે. એ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. આહા..હા..! સ્વભાવ સાગરની સામું જોવું એ અંદરનો પુરુષાર્થ જ અપૂર્વ છે. આહા..હા..! આ ઉદ્યોગપતિ ને માણસો નથી કહેતા ? આની પાસે કાંઈ નહોતું ને પછી પાંચ પચ્ચીસ કરોડ રૂપિયા થયા ને અબજ રૂપિયા થયા ને આ થયું. બાહુબળે ભેગા કર્યા ને. આહા..હા..!

મુમુક્ષુ :– બધા ઉપર આમ ચોકડી મારવાની ?

ઉત્તર :– ચોકડી છે જ. એમાં ધૂળમાં શું થયું ? આહા..હા..! 'રામજીભાઈ'ના બાપ પાસે શું હતું ? પછી મકાન મોટા કરાવ્યા. પછી પૈસા ખરચવા માટે... છે લાખો રૂપિયા ....... પચાસ હજાર લઈ ને એના દીકરાને દીધું પાછું 'સુમન'ના દીકરાને એટલે 'સુમન'ની સાસુ ને દઈ દીધું. એ તો ઇ નું ઇ થયું પાછું. આહા..હા..! આ તો ઘરનો દાખલો. દુનિયામાં આવું બને છે ને, બાપા ! આહા..હા..! અરે..રે..! શું ભાઈ ! તારા જીવનની જ્યોતું, અંદર ચૈતન્ય જળહળ જ્યોતિ બિરાજે છે ને પ્રભુ ! આહા..હા..! એની સામું જોતા જે જીવન થાય તે જીવનને જીવન કહેવામાં આવે છે, બાકી બધા થોથા. આહા..હા..! એ અપૂર્વ પુરુષાર્થ છે. છે ને ?

**'બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે...'** જુઓ ! બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે. આહા..હા..! ઉદ્યોગપતિ ! બહુ પુરુષાર્થ કર્યો, કાંઈ નહોતું... આહા..હા..! અને મેળવ્યું, બહુ પુરુષાર્થ કર્યો. ઉદ્યોગપતિ ! શેનો ? આ ધંધાનો ઉદ્યોગ ? રાગનો ? એ ઉદ્યોગપતિ ? રાગના ધંધાનો ઉદ્યોગપતિ ? પૈસા નહોતા તો ઉદ્યોગપતિ એમ કહે છે ને ? એ... ('ભાઈ' !) ત્યાં (તેમના) બાપ પાસે ક્યાં હતું આટલું બધું ? અત્યારે કરોડો રૂપિયા, ખાનગી તો કેટલા કરોડ કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો લોકો એમ કહે છે, ભાઈ ! આહા..હા..! કોને કહેવા ? બાપુ !

એ જડના રજકણો તો જડમાં છે, એ આત્માના છે નહિ અને આત્મા પાસે આવતા પણ નથી. એ આવ્યા ત્યારે એમ થયું કે 'મને મળ્યા' એ મમતા એની પાસે આવી. આહા..હા..! હવે કહે છે કે એ મમતા પણ અપૂર્વ નથી, અનંતવાર કરી છે. આહા..હા..!

**'બહાર જે સર્વસ્વ મનાઇ ગયું છે...'** આહા..હા..! આમ બે, પાંચ, દસ લાખ, કરોડ, બે કરોડ ધર્મમાં ખર્ચ્યા અને ધર્મમાં હો હા.. હા.. હા.. ધર્માત્મા ધર્મ ધુરંધર જીવ ! કેટલું સંઘનો સાર કરે છે ! એ તો બધું બાપુ ! અનંતવાર કર્યું છે, એ કાંઈ ચીજ નવી નથી. આહા..હા..! **'એમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે.'** બહારમાં જે રાગથી, પુણ્યથી માંડીને બહારના અઢળક સાધનો, એમાં સર્વસ્વ મનાઈ ગયું છે. સર્વસ્વ—એ જાણે બધું મારું છે. સર્વસ્વ, સર્વસ્વ. એ સર્વસ્વ મારું છે એને છોડીને. સર્વસ્વ. આહા..હા..! કામ તો આકરું, બાપુ ! આખો પલટો મારવાનો છે. આહા..હા..! જીવનનો પલટો મારવાનો છે, બાપુ ! આહા..હા..! જેને કલ્યાણ કરવું હોય એની વાત છે, બાકી તો અનંત કાળથી રખડ્યા કરે છે. આહા..હા..!

અહીં તો શુભભાવને પણ સંસાર કહ્યો. આહા..હા..! તો અશુભભાવ તો મોટો દીર્ઘ સંસાર છે. આહા..હા..! મુનિના શુભભાવને પણ સંસાર–જગ પંથ કહ્યો. આહા..હા..! જે સ્વરૂપમાં નથી એવો જે શુભભાવ ઉત્પન્ન કરે એ પણ સમકિતીના શુભભાવને પણ જગ પંથ કહ્યો, તો અજ્ઞાનીનો મિથ્યાત્વભાવને અને રાગ તો તીવ્ર સંસાર છે. આહા..હા..! રાગથી લાભ થાય ને રાગમાં ઠીક છે એવો જે મિથ્યાત્વભાવ એ તો મહાસંસાર છે. જ્યારે સમકિતીના, મુનિના શુભરાગને પણ સંસાર કહ્યો તો અજ્ઞાની જે રાગ મારો માને ને લાભ માને એવો મિથ્યાત્વ એ તો મહાસંસાર છે. આહા..હા..! જેના ગર્ભમાં અનંત ભવ પડ્યા છે. આહા..હા..! એવું જીવતર તો અનંતવાર કર્યું, પ્રભુ ! આહા..હા..!

દુનિયામાં દેખાવ કરીને... આહા..હા..! દેખાવડું શરીર, દેખાવડી લક્ષ્મી, દેખાવડા મકાન પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડના મકાન કર્યા અને ફર્નીચર આમ અંદર (કર્યા). આહા..હા..! ભાઈ ! એ કોઈ અપૂર્વ નથી. આહા..હા..! ઇ સર્વસ્વ મનાણું છે. સર્વ આ હું છું એમ માને છે. એને ઠેકાણે સર્વસ્વ અહીં (આત્મામાં છે). આહા..હા..! ભાઈ ! વાત તો નાની છે, શબ્દો થોડા છે પણ પ્રભુ ! એની વાત તો સાચી મોટી

છે. આહા..હા..! દુનિયાને એકાન્ત લાગે. આહા..હા..!

જ્યારે થવાનું હશે એ થશે, સર્વજ્ઞે દીઠું હશે એ થશે, પણ એ થશે એનો નિર્ણય કોણ કરે ? એ જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય ત્યારે એનો નિર્ણય સાચો થાય. સમજાણું કાંઈ ? આહા..હા..! સર્વજ્ઞે દીઠું એમ થાશે પણ સર્વજ્ઞ સ્વભાવ જ આત્માનો છે. એ સર્વને જાણવું, દેખવું એ જ એનો ત્રિકાળી સ્વભાવ છે. આહા..હા..! એવા ત્રિકાળી સ્વભાવનો જ્યાં સ્વીકાર કર્યો ત્યારે પછી જે થવા કાળે થાય તેનો એ જાણનાર છે, જાણનાર છે એનો કર્તા થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

સજ્ઝાયમાં આવે છે, એક સજ્ઝાય આવે છે ને ? સજ્ઝાયમાળા એક આવે છે. એમાં (આવે છે કે) 'હોંશીડા મત હોશ ન કીજે' એવી સજ્ઝાયમાળા આવે છે. શ્વેતાંબરમાં ચાર સજ્ઝાયમાળા છે. એક એક ચોપડીમાં બસ્સો, અઢીસો સજ્ઝાય, એવી ચાર સજ્ઝાયમાળા છે. એ દુકાન ઉપર બધી વાંચેલી. અહીં બધી–ચાર પડી છે. દુકાન ઉપર તે દિ' (સંવત) ૧૯૬૫, ૧૯૬૬, ૧૯૬૭ ની સાલ, દીક્ષા લીધા પહેલાં, ૬૮-૬૯ વર્ષ પહેલાં (વાંચેલી). દુકાન ઉપર આવો તો ધંધો કરતો હતો. એમાં આ આવ્યું છે, એક સજ્ઝાય. 'હોંશીડા મત હોંશ ન કીજે' હે હોંશીડા ! એ પરમાં હોશ ન કર, ભાઈ ! આહા..હા..! બાયડી સારી રૂપાળી મળે ને કાંઈ બે, પાંચ, લાખ લઈને દસ લાખ, કરોડ લઈને આવે એટલે... આહા..હા..! આપણી કેટલી આબરુ છે ! અને એના બાપને એક જ દીકરી છે. મરી જશે એટલે પાછળથી આપણને બધું આવશે. અરે..! ભાઈ ! આહા..હા..! શું છે તને આ ? આહા..હા..! એ બધું સર્વસ્વ મનાણું છે, પ્રભુ ! એ તો તેં અનંતવાર કર્યું છે, એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..!

**'સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે.'** છે ? તેં અહીં રાગથી માંડીને આખી દુનિયામાં સર્વસ્વ મારું છે એમ માન્યું (છે). એમ અહીં ગુલાટ ખાઈને આત્મા અનંત ગુણનો ધણી પોતે એ સર્વસ્વ મારું છે (એમ માનવાનું છે). ભાષા તો સાદી પણ બાપા ! પુરુષાર્થ વિના એ કાંઈ મળે એવું નથી, ભાઈ ! એ પુરુષાર્થ પણ સ્વ-સન્મુખનો. આહા..હા..! 'સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો' આવે છે ને ? આહા..હા..! સર્વ ભાવથી ઉદાસીન. માત્ર

એક દેહ રહે, સંયમનો હેતુ નિમિત્ત આહા..હા..! દેહ તો આયુષ્ય હોય ત્યાં સુધી છોડાય નહિ. આહા..હા..! એવો જે ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ ચૈતન્યની જ્યોતથી જળહળ જ્યોતિ, જેમાં અનંત રત્નાકરના રત્નની ચમક ઉઠે છે. અનંત અનંત ચૈતન્યના રત્નોની જેમાં જળક, ચમક ઉઠે છે એને જોતાં જે પરિણમન થાય એ અપૂર્વ છે. આહા..હા..! છે ? એ પલટીને. પર્યાયની વાત છે ને ? વસ્તુ તો વસ્તુ છે. પરમાં સર્વસ્વ માન્યું છે એ જ સર્વસ્વ પોતામાં માનવું એ પર્યાયમાં છે. એ સ્વમાં સર્વસ્વ માનવાનું છે. ૧૩૭ (બોલ પૂરો થયો).

**રુચિ રાખવી. રુચિ જ કામ કરે છે. પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે. તેઓશ્રી અનેક રીતે સમજાવે છે. પૂજ્ય ગુરુદેવના વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો. રુચિ વધારતા જવી. ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક'-એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ. ૧૩૮.**

૧૩૮, '**રુચિ રાખવી.**' અહીંથી શરૂ કર્યું. આનંદનો નાથ ભગવાન છે એની રુચિ કર પહેલી. પોષણ પોષાય છે મને મારો આત્મા, એ સિવાય મને પોષાતું નથી. આહા..હા..! વાણિયાને પણ જ્યાં પોષાય એ માલ લેવા જાય ને ? ત્રણ રૂપિયે મણ લેવા જાય અને અહીં અઢી રૂપિયે વેંચાય એ માલ લાવે ? ત્રણ રૂપિયે મણ લાવે ભલે સો મણ, બસ્સો મણ (લાવે) પણ અહીં સાડા ત્રણે ખપતો હોય તો લાવે. પણ ત્રણ રૂપિયે લાવે અને અઢીએ અહીં ખપે એ માલ લાવે ? પોષાય કાંઈ ? આહા..હા..! એમ વસ્તુનું પોષણ જોઈએ. આ પોસાવું જોઈએ કે હું તો પૂર્ણાનંદનો નાથ (છું) એવી એની રુચિનું પોષણ જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- દાખલો સમજાણો.

ઉત્તર :- દાખલો સમજાણો ? પણ આ તો સિદ્ધાંતની વાત છે ને. આહા..હા..!

**'રુચિ રાખવી.'** જેમ એનું બહારના માલનું પોષાણ છે તો માલ લે, એમ આત્માનું પોષાણ હોય તો આત્માની દૃષ્ટિ કરે. આહા..હા..! આવો માર્ગ સાંભળવા મળે નહિ એને ક્યાં (જાવું) ? ભાઈ ! આ. આહા..હા..!

એ મનુષ્યના અવતાર,.. આહા..હા..! એ આંખો વિંચીને ચાલ્યો જશે, બાપા ! ત્યાં કોઈ ધણી નથી. આહા..હા..! જેના શરણ છે એ તો અહીં પડ્યો છે અંદર. બહાર શરણ ગોતવા જાય અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ એ બધી બહારની વાતું, બાપા ! આહા..હા..! એ મરતા, દેહની સ્થિતિ છૂટતા, ચારે કોરની ભીંસ પડતા, એ ચૈતન્યને જાણીને ઓળખ્યો નહિ હોય, એના શરણ નહિ લીધા હોય તો ભીંસમાં ભીંસાઈ જશે. અસાધ થઈને (દેહ છોડશે). બહુ પીડા થાય પછી અસાધ્ય થઈ જાય. આહા..હા..!

જેમ સાધારણ માણસને ઘણ મારે પછી જ્યાં સુધી થોડું દુઃખ હોય ત્યાં સુધી તો ધ્યાન રાખીને... પછી બહુ પડે તો અસાધ્ય થઈ જાય. દુઃખની પરાકાષ્ટા થઈ જાય ત્યારે અસાધ્ય થઈ જાય. એ અસાધ્ય થાય એને દુઃખ નથી થતું એમ નહિ. આહા..હા..! એમ આ રાગ ને પુણ્ય ને એના ફળમાં સર્વસ્વ માને છે એ અસાધ્ય થઈ ગયો છે, એ અસાધ્ય છે. આહા..હા..! જેને ભગવાન પૂર્ણાનંદનો નાથ પોષાણમાં આવ્યો છે, એની રુચિ છે એને ત્યાં જીવનમાં જ્યોતિ પ્રગટી છે. આહા..હા..! છે ?

**'રુચિ રાખવી. રુચિ જ કામ કરે છે.'** જો એની રુચિ હશે તો ત્યાં રુચિ કામ કરશે. પણ જો રાગની રુચિ રહી તો અંદરમાં જઈ નહિ શકે પ્રભુ ! આહા..હા..! પછી નામ આપ્યું છે. ગુરુએ **'ઘણું દીધું છે. તેઓશ્રી અનેક રીતે સમજાવે છે.'** એમ બહેન તો બહુમાનથી વાત કરે છે ને ! આહા..હા..! **'અનેક રીતે સમજાવે છે. પૂજ્ય ગુરુદેવના વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો.'** એ તો ભગવાનની વાણી છે. આ સર્વજ્ઞ ત્રિલોકનાથ કહે છે તે આ વાણી છે. આહા..હા..! એ વાણીના વિચારનો, વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો. **'રુચિ વધારતા જવી.'** શુદ્ધ ચૈતન્યઘનની રુચિ વિશેષ ઘટ્ટ વધારતા જવી. આહા..હા..! ધર્મને નામે આ એનું પહેલું કર્તવ્ય છે, બાકી તો બધી વાતું છે. આહા..હા..!

**'ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે.'** આહા..હા..! રાગથી જુદું પડવામાં

તીવ્ર રુચિ જ કામ કરે. રાગથી જુદું પડવામાં–ભેદજ્ઞાનમાં સ્વભાવની રુચિ જ ત્યાં કામ કરે. સ્વભાવની રુચિ હોય તો રાગથી ભિન્ન પડે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'ભેદજ્ઞાન માટે...'** એટલે વિકલ્પ રાગ ઉઠે છે એ કાંઈ આત્મામાં નથી. પર્યાયમાં છે એ વસ્તુમાં નથી. એનાથી ભેદજ્ઞાન કરતાં. આહા..હા..! **'તીખી રુચિ જ કામ કરે છે.'** **'ભેદજ્ઞાન માટે તીખી રુચિ...'** એટલે આકરી રુચિ. અંદર આત્માના સ્વભાવનો ઘણો જ પ્રેમ અને રુચિ છે તે ભેદજ્ઞાન વખતે તે રુચિ કામ કરે છે. આહા..હા..!

**'જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક...'** આહા..હા..! જાણનાર... જાણનાર... જાણનાર... અલ્પજ્ઞ પણ નહિ. રાગ તો નહિ પણ અલ્પજ્ઞ પણ નહિ. જાણનાર... જાણનાર... જ્ઞાયક ત્રિકાળ. એકરૂપ રહેનારો જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક એની લગની અંદર લાગવી જોઈએ. આહા..હા..! **'એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ.'** આહા..હા..! એની જો રુચિ ને પોષણ ત્રિકાળ જ્ઞાયકનું હોય તો તેના તરફ પુરુષાર્થ થયા વિના રહે જ નહિ. આહા..હા..! ધંધામાં કેવા હોંશે કામ કરે ! આહા..હા..!

એક ફેરી કીધું હતું ને ? ન્યાં 'પાલેજ'થી 'મુંબઈ'માં માલ લેવા ગયેલ. ઘણું કરીને (સંવત) ૧૯૬૭ ની સાલ હશે કે એના પહેલાં એકાદ વર્ષ હોય. છે ને કોલાબા ? 'મુંબઈ'ની કોલાબા નથી ? દરિયાને કાંઠે. મોટા વેપારી (હતા). એક ફેરી જોવા ગયા હતા, કીધું શું છે આ બધું ત્યાં ? એક મારવાડી હતો એ કછોટો બાંધીને આપ્યું.... લીધું દીધું એમ કરતો હતો. ગાંડા જેવા દેખાતા હતા તે દિ'. 'મુંબઈ'માં કોલાબાની વાત છે. હું દુકાનનો માલ લેવા ગયેલ. એવા ઝપાટા બોલાવે, હોં ! કોલાબામાં વિલાયતથી આવે ને ! વિલાયતથી તાર આવે. એ પછી લીધી... દીધી... લીધી... દીધી... કર્યા કરે. ઢીચકો એક હતો. આરે...! શું કરે છે આ ? ગાંડા થઈ ગયા. દરિયો છે ને નજીક ? નહિ ? ન્યાંથી વિલાયતથી આવે ને ? તો પછી આનો આ ભાવ છે, આનો આ ભાવ છે. એ લેવા-દેવાનું કરે. ગાંડા જોઈ લો મારવાડી ! કછોટા બાંધ્યા હોય ને આમ... 'છોટાભાઈ' !

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ધૂળમાંય નથી. રૂપિયા ક્યાં એના બાપના હતા ? એના આત્માના ક્યાં હતા ? આહા..હા..! પણ એટલી હોંશ આમ દેખાય ! શું છે પણ આમાં ?

કીધું. હું પણ દુકાનનો માલ લેવા ગયેલ. (સંવત) ૧૯૬૭ ની વાત છે. છેલ્લા સો ગુણ ચોખા લીધા હતા. આ ચોખા કહેવાય ને ? ચાવલ. સો ગુણ. આ તો તે દિ'ની વાત છે. ૧૯૬૭. ચારસો મણ ચોખા. છેલ્લે સો મણ ચોખા હું લેવા ગયો હતો. અને ખજુરના વાડીયા, આ ખજુર છે ને ? વાડીયા આવે ને ? મોટો વેપાર હતો ને અમારે ત્યાં ? લેવા હું જ જાતો. દુકાનમાં અમારે ભાગીદાર થયેલા એ લેવા ન જાય. ઇ દુકાને બેસે. આપણે તો બધી... આહા..હા..! શું છે પણ ? અને અહીં જ્યાં સો ગુણ ચોખા આવ્યા ત્યાં એક ગુણે એક રૂપિયો ભાવ વધી ગયો. ભાવ વધી ગયો. સો રૂપિયા તો તરત આવ્યા. તે દિ' ૧૯૬૭ ની વાત છે આ તો. આહા..હા..! ધૂળમાં ય કાંઈ નથી ન્યાં. એ વખતે લોકો જાણે કે આહા..હા..! ભાવ તાકડે એ વખતે મણે ચાર આના વધી ગયેલા, ભાવમાં વધી ગયા. ન્યાંથી અહીં લાવ્યા ત્યાં અહીં ભાવ જ વધી ગયો એનો, મૂળ ભાવથી ચાર આના વધી ગયો. આહા..હા..! આ ભાવ અંદર આત્મા ચોખો અંદર સો ટકાનું સોનું છે. પેલી સો ગુણ હતી ને ? આહા..હા..! એને જ્યાં દૃષ્ટિમાં લે છે ને એનો માલનો આદર ને સ્વીકાર કરે છે... આહા..હા..! ત્યાં પર્યાયમાં જીવન–શાંતિ અને આનંદનું જીવન આવે. એનું નામ જીવનું જીવન કહેવાય. આહા..હા..!

એ અહીં કહે છે ને ? '**જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક-એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ....**' જેને ત્રિકાળી આનંદ જ્ઞાયક સ્વરૂપ રુચે એનો પુરુષાર્થ અંતર વળ્યા વિના રહે જ નહિ. જેનું પોષાણ છે તેના ઉપરથી પુરુષાર્થ થયા વિના રહે જ નહિ. રાગ અને પુણ્ય-પાપના ભાવનું પોષાણ છે ત્યાં એનો પુરુષાર્થ હોંશે હોંશે કામ કરે જ છે. આહા..હા..! '**પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ.**' ૧૩૮ (બોલ પૂરો થયો).

**ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ. અનાદિ કાળથી લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ. ૧૩૯.**

૧૩૯. **'ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે...'** ભાષા તો બહુ મીઠી, સાદી છે, ગુજરાતી ભાષા છે. આહા..હા..! પર્યાયને ઊંડાણમાં–ધ્રુવમાં લઈ જઈને એમ કહે છે. આહા..હા..! જેનું ઇ તળીયું છે. ધ્રુવ ધ્રુવ પ્રભુ ! ભગવાન એવા ઊંડાણમાંથી લગની લગાડે. આહા..હા..! વર્તમાન પર્યાય–અવસ્થાને ઊંડાણમાંથી એટલે ધ્રુવની લગની લગાડે. પાતાળ કૂવો છે ભગવાન. આહા..હા..! જેમ આ પાતાળ કૂવો હોય છે ને ? તોડે ત્યાં શેડ નીકળે. આખો અહીં ......માં છે ને ? 'બોટાદ' પાસે. ત્યાં અમે વિહાર કરતા નીકળ્યા હતા. અઢાર તો કુહવે, કુહ પાણી. તોય પાણી ખુંટતુ નથી, પાતાળમાંથી આવ્યું છે. 'બોટાદ' પાસે 'જનડા' છે. એમ આ પાતાળ ધ્રુવમાંથી જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાનની ધારા આવે... આહા..હા..! એ ઊંડાણમાંથી આવી.

મુમુક્ષુ :– ........

ઉત્તર :– ઊંડુ એટલે પર્યાયથી અંદરમાં જવું, એમ. ધ્રુવમાં એ ઊંડાણ. પર્યાય વર્તમાન છે એ તો બહાર છે. હવે ઊંડુ એટલું ધ્રુવ જે છે અમાપ શક્તિનો સાગર, અનંત અનંત રત્નાકરનો દરિયો મોટો ભર્યો છે, અનંત અનંત ગુણના રત્નનો છલોછલ દરિયો ભર્યો છે. આહા..હા..! ત્યાં દૃષ્ટિને લઈ જવી એમ કહે છે. આ તો ભાષા સાદી ને ભાવ તો બહુ (ઊંડા). આહા..હા..!

**'ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે...'** આહા..હા..! **'તો વસ્તુ મળ્યા વિના રહે નહિ.'** આહા..હા..! પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનનું ધામ પ્રભુ ! એના ઊંડાણની એની પ્રતીતિ ને લગની લગાડે. આહા..હા..! તો એ વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે નહિ. આહા..હા..! 'જનડા' છે. ત્યાં એક માણસે કૂવો ખોદેલો, ખુબ ખોદ્યો પણ પાણી ન નીકળ્યું તો થાકી ગયા તો એમ ને એમ રાખીને ચાલ્યા ગયા. એમાં એક જાન નીકળી, વરની જાન–બારાત. ત્યાં ઊંડો કૂવો છે તો પાણી હશે. જોયું નહિ અને ..... દસ, સાડા દસ વાગ્યાનો ટાઈમ. એમ કે અહીં રોટલા ખાશું. કૂવામાં બધા ગાડાને વારા ફરતી છોડ્યા. આમ જોવા જાય તો પાણી ન મળે. અરે..! એમાં ઉપરનો એક પથરો હતો. બધા ખોદેલા ખુબ હતા. દસ-દસ મણના, વીસ-વીસ મણના પથરા ઉપર પડેલા. એક જણાએ માર્યું, અંદર નાખ્યું, નાખ્યા ભેગું એક તળીયું એક થોડુક આડુ હતું. એકદમ શેડ ફુટી. પાણી પાણી થઈ ગયું. પછી આખી જાન ત્યાં 'જનડા'

'બોટાદ' પાસે 'જનડા' છે. એ કૂવા પાસે અમે વિહાર કરીને ચાલીને નીકળ્યા છીએ. આહા..હા..! એમ આ ઊંડો કૂવો ભગવાન છે.

**'પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ.'** પર તરફ પુરુષાર્થ કરે છે તો રાગ ને પુણ્ય-પાપ થાય છે ને ? એમ આ બાજુ પુરુષાર્થ કરે તો પવિત્રતાની ચીજ મળ્યા વિના રહે નહિ. **'વસ્તુ મળ્યા વિના રહે નહિ.'** એમ કીધું ને ? વસ્તુ એટલે આત્મ ચૈતન્ય, અનંત ગુણનું ધામ. એ તરફ રુચિ કરીને પુરુષાર્થ કરે તો મળ્યા વિના રહે જ નહિ. આહા..હા..! જેટલી પુરુષાર્થની કચાસ છે એટલું કારણ આપ્યું નથી માટે કાર્ય આવતું નથી. થોડો પુરુષાર્થ કરે ને વસ્તુની પ્રાપ્તિ થાય એમ માને તો કારણની પૂર્ણતા આપી નથી ને કાર્ય ક્યાંથી આવે ? આહા..હા..!

**'અનાદિ કાળથી લગની લાગી જ નથી.'** આહા..હા..! અનંતવાર જૈનનો દિગંબર સાધુ થયો પણ અંતરની લગની નહિ. આહા..હા..! બહારની ક્રિયાકાંડમાં મશગૂલ, બસ ! આહા..હા..! વ્રત પાળ્યા ને અભિગ્રહ લીધા ને અભિગ્રહ–નિયમો ધારણ કર્યા. ભિક્ષા માટે જાવ ત્યાં આ પ્રમાણે... આહા..હા..! મોતીનો લાડવો ખાતી હોય, બાઈનું નામ મોતી હોય, મોતીચુરનો સાડલો પહેર્યો હોય, સાડલો લુગડું (હોય), ઇ હોય તો આહાર લઉં, નહિતર ન લઉં. એવા નિયમ પણ અનંતવાર ધાર્યા, પણ એ તો બધા વિકલ્પ છે. આહા..હા..! આ ઊંડાણમાંથી જો કરે તો (વસ્તુ મળ્યા વિના રહે નહિ).

**'અનાદિ કાળથી લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ.'** આહા..હા..! અંદર પાતાળમાંથી જ્ઞાન ફુટે, નીકળે. આહા..હા..! શાસ્ત્રનું ભણતર એ કોઈ જ્ઞાન નથી. આહા..હા..! અંદર જ્ઞાન સ્વરૂપમાં એકાગ્ર થતાં જે જ્ઞાનધારા આવે એની સાથે આનંદ પણ આવે. એ જ્ઞાન ને આનંદ આવે એને જ્ઞાન કહેવામાં આવે છે. અને એ પ્રગટ્યા વિના રહે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૦, શનિવાર તા. ૨૯-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૪૦ થી ૧૪૧. પ્રવચન–૫૧**

**'છે', 'છે', 'છે' એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને ? 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' છે ને ? તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી. તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે ! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંત કાળમાં બધું કર્યું, એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી. ૧૪૦.**

૧૩૯ (બોલ) થઈ ગયા. હવે આત્મા કાયમ છે એને સરળ ભાષામાં કહે છે. '**'છે', 'છે', 'છે'**...' છે ભૂતકાળમાં છે, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં છે. છે ને વસ્તુ ? **'એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે, એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને ?'** આ 'છે', 'છે', 'છે' એમ એની હયાતી, મોજૂદગી, 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને ? આહા..હા..! ઇ શું છે કહે છે હવે ? એ તો 'છે', 'છે', 'છે' એ તો કાયમ છે એમ ખ્યાલમાં (આવે છે) પણ વસ્તુ શું ? એ તો 'છે', 'છે', 'છે' તો પરમાણુ પણ 'છે', 'છે'. અને પરમાણુ પણ 'અસ્તિ', 'અસ્તિ', 'અસ્તિ' છે. જે વર્તમાન હોય એ ત્રિકાળ હોય જ. આહા..હા..!

કહે છે, '**'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' છે ને ?'** એ 'છે', 'છે', 'છે' એ 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' છે ને ? આહા..હા..! ભાષા તો ઘણી સાદી છે. 'છે', 'છે', 'છે'. છે એ નથી એમ નહિ. હવે છે ઇ શું ? કે જાણનાર છે... જાણનાર

છે... જાણનાર છે... જાણનાર છે. જાણનાર છે, આ જાણનાર છે એ જાણનાર છે. એટલે જાણનાર હતો, જાણનાર છે અને જાણનાર રહેશે. ઇ જાણનાર, જાણનાર છે. આહા..હા..!

**'તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી.'** શું કહ્યું ઇ ? 'છે', 'છે', 'છે' એમ જે પર્યાયમાં ખ્યાલ આવે છે કે 'છે', 'છે', 'છે' અને તે જાણનાર છે... જાણનાર છે... જાણનાર છે... પણ એ જાણનાર છે, જાણનાર છે એ વર્તમાન પર્યાયમાં એમ લાગે પણ એ વર્તમાન પર્યાય પૂરતું તત્ત્વ નથી. આહા..હા..! હમણાં (ભાઈએ) ગાયું ને ? નહિ ? હમણાં ગાયું. ભાઈ ! હમણા (ભાઈએ) ગાયન ગાયું. સાંભળ્યું ? હતા ? ઠીક બેઠા હતા. બહુ સરસ ગોઠવ્યું. અહીંના વેપારી છે ને મેં કીધું કવિ કેમ થઈ ગયા ? સારું ગોઠવે છે. એમ કે બહેને કમાલ કરી નાખી છે ! બા ! તમે આવું ક્યાંથી લાવ્યા ? એમ કહે છે. આહા..હા..!

અહીંયા જે વસ્તુ છે એ આત્મા છે. એ 'છે', 'છે', 'છે' એમ ખ્યાલમાં આવે છે. હવે એ 'છે', 'છે' એ 'છે' શું ? કે જાણનાર છે... જાણનાર છે... જાણનાર છે. એમ 'છે', 'છે' ના ખ્યાલમાં જાણનાર છે એમ ખ્યાલમાં આવે છે. આહા..હા..! એ માત્ર વર્તમાન જાણનાર છે એટલો એ નથી. જે વર્તમાનમાં જાણનાર છે કે વર્તમાનમાં જે સ્થિતિ છે તે ત્રિકાળને સિદ્ધ કરે છે. એ તત્ત્વ ત્રિકાળ છે. આહા..હા..! જાણનાર છે, જાણે છે એ જાણનાર છે... જાણનાર છે... જાણનાર છે. એ જાણનાર છે એનું અસ્તિત્વ વર્તમાનમાં જણાય છે તો જે વર્તમાનમાં જણાય છે તે ત્રિકાળી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભાષા તો સાદી છે. મીઠી ભાષા છે. આહા..હા..!

ભગવાન ! તું કોણ છો ? કે એ તો 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' છે. આહા..હા..! ભાઈ ! 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' ત્રિકાળી છે તેની તેં કોઈ દિ' શ્રદ્ધા કરી નથી. આહા..હા..! ઇ 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' વર્તમાન પૂરતો માની અને ત્યાં સંતોષાઈ ગયો. આહા..હા..! પણ જે જાણનાર છે, વર્તમાન પૂરતું જે છે એ **'માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી.'** વર્તમાન જે છે જાણનાર એ વર્તમાન પૂરતું નથી, એ ત્રિકાળી જાણનાર છે. આહા..હા..!

**'તે માત્ર વર્તમાન પૂરતું સત્...'** એટલે છે, વર્તમાન પૂરતું છે, એમ નથી. સત્ એટલે વર્તમાન પૂરતું સત્ નથી. વર્તમાન પૂરતું છે, એમ નથી. આહા..હા..! એ

'જાણનાર', 'જાણનાર' વર્તમાન પૂરતું છે નહિ, એ ત્રિકાળરૂપે 'સત્' છે. આહા..હા..! એની દૃષ્ટિ ત્રિકાળ છે, છે તેમાં જવી જોઈએ. આહા..હા..! આવો માર્ગ છે. ભગવાનઆત્મા અંદર 'છે', 'છે', 'છે'. જાણનાર છે... જાણનાર છે... જાણનાર છે. જે વર્તમાન પૂરતું છે નહિ. ઇ 'છે', 'છે', 'છે' એ વર્તમાન જે જણાય છે તે 'છે', 'છે', 'છે' એ વર્તમાન પૂરતું નથી, ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે,...'** આહા..હા..! તે વર્તમાન 'જાણનાર', 'જાણનાર' છે તે વર્તમાન પૂરતું નથી. તે 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' એ તત્ત્વ પોતાને કાયમી ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે. આહા..હા...! જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એ વર્તમાન પર્યાય પૂરતું એ જ્ઞાયક, જ્ઞાયક નથી. એ 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' વર્તમાન તે ત્રિકાળીના સત્‌ને જણાવે છે કે આ વસ્તુ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ. પે'લું તો દયા પાળવી ને વ્રત પાળવા સહેલું સટ (હતું). આ દયા (સાચી છે), બાપા ! તું જેવડો ત્રિકાળી છો તેવડો માનવો એનું નામ સ્વની દયા છે. આહા..હા..!

વર્તમાન 'જાણનાર', 'જાણનાર' વર્તમાન પૂરતું એ સત્ નથી. એ ત્રિકાળી જાણનાર સત્ છે. એવા ત્રિકાળી સત્‌ને જ્ઞાનમાં લેવું ને શ્રદ્ધામાં લેવું એનું નામ પૂર્ણ 'છે' એની દયા પાળી કહેવાય. 'છે' તેના જીવતરનું જીવન એટલું છે એટલું એણે માન્યું તે જીવતરની દયા .પાળી અને જેવું છે એટલું ન માનતા વર્તમાન પૂરતું માનવું એ તો એણે જીવની હિંસા કરી. ત્રિકાળ સત્ છે એમ ન માન્યું આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો બાળકને સમજાય એવું છે. ચાર ચોપડી ભણ્યો હોય એને (સમજાય એવું છે). અમારે માસ્તર કહે છે, આ તો ન ભણ્યો હોય તોપણ એના ખ્યાલમાં તો આવે કે નહિ કે આ 'છે', 'છે', 'છે'. આ શરીર, વાણી, મન એક કોર કાઢી નાખો. જે અંદર છે, અસ્તિ ખ્યાલમાં આવે છે, જેની અસ્તિ હોવાપણું ખ્યાલમાં આવે છે અને તે 'છે', 'છે' અને 'છે'. એટલે 'છે' હતો 'છે', 'છે' અને ભવિષ્યમાં છે. એ વર્તમાન પૂરતું 'છે', 'છે' એ ત્રિકાળીને જણાવે છે. આહા..હા..! વર્તમાન પર્યાય છે, જાણનની પર્યાય (છે) એ જાણનપર્યાય ત્રિકાળીને બતાવે છે કે હું જાણનાર ત્રિકાળી છું. આહા..હા..! હવે આનાથી તો સાદુ કઈ રીતે થાય પછી ?

એ તો જ્ઞાયક (છે). જ્ઞાયક કહો, જાણનાર કહો ‘છે’, ‘છે’, ‘છે’ એ જાણનાર ‘છે’, ‘છે’, ‘છે’ કહો. આહા..હા..! એ સત્ છે એ વર્તમાન પૂરતું જાણનાર નથી. એ ત્રિકાળ જાણનારનું વર્તમાનપણું ત્રિકાળને બતાવે છે કે આ વસ્તુ ત્રિકાળ જાણનાર છે. આહા..હા..! તે તત્ત્વ વર્તમાન પૂરતું નથી. સત્ છે એ વર્તમાન પૂરતું સત્ નથી. તે તત્ત્વ પોતાને કાયમી સત્ જણાવી રહ્યું છે. ‘છે’, ‘છે’, ‘છે’ એ જ્ઞાયકભાવ કાયમી છે એમ એ જણાવી રહ્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો વળી બીજી વાત છે. એ તો એ જ્ઞાનના પર્યાયનો સ્વભાવ. અહીં તો ‘છે’, ‘છે’ એટલો ખ્યાલમાં આવે છે કે નહિ ? એ ‘છે’, ‘છે’ એ વર્તમાન પૂરતું સત્ નથી, ત્રિકાળ સત્ છે એટલું. પે’લું તો ‘છે’ એ તો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે કે સ્વપર પ્રકાશે છે. સ્વ જાણે છે, પરને પણ જાણે છે એ તો જાણે છે એ તો કાંઈ નહિ. પણ સ્વને જાણે છે. કેમ કે જ્ઞાનની પર્યાય સ્વને જાણે છે. પણ અહીં સ્વને જાણે છે એ ક્યારે એને થાય ? કે જે આ ‘જાણનાર’, ‘જાણનાર’ વર્તમાન છે તે કાયમી રહેનારું જાણનાર છે. વર્તમાન સત્ ત્રિકાળીને બતાવે છે. જેનો અંશ વર્તમાન છે એ વસ્તુ જેની નથી એનું વર્તમાન પણ ન હોય. જે વસ્તુ નથી એની વર્તમાન દશા ન હોય. આહા..હા..! પણ આ વસ્તુ છે એની વર્તમાન દશા છે તો વર્તમાન દશા ‘જાણનાર’, ‘જાણનાર’ છે એટલામાં એ સત્ પૂરતું આવી નથી જતું. એ ‘જાણનાર’, ‘જાણનાર’ સત્ જણાય છે એ ત્રિકાળીને જણાવે છે. આહા..હા..! આ તો પ્રગટ અનુભવ કરવાના ટાઈમની વાત છે. પેલી વાત તો પર્યાયમાં જાણે છે પણ એની દૃષ્ટિ ત્યાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

એ તો જ્ઞાનની પર્યાયનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી અજ્ઞાનીની પર્યાયમાં પણ ભગવાન વસ્તુ જે ત્રિકાળી છે તે જાણે છે, પર્યાય જાણે છે. ભલે એને અવ્યક્તપણે હો. કારણ કે વ્યક્તપણે તો ક્યારે (જણાય) ? કે એ જ્યારે અંતર દૃષ્ટિ પડે ત્યારે એને ખ્યાલ આવે. છે તો જાણે તો છે. આહા..હા..!

અહીંયા છે એ બીજી વાત છે. અહીંયા તો કોઈ પણ ચીજ વર્તમાન છે એમ જણાય તો આત્મા વર્તમાન જાણનાર છે, જાણનાર છે એમ જણાય, એ વર્તમાન

જાણનાર છે તેટલા પૂરતું સત્ નથી, એટલા પૂરતું એ અસ્તિત્વ નથી. એ વર્તમાન 'જાણનાર', 'જાણનાર' ત્રિકાળને બતાવે છે કે હું ત્રિકાળ જાણનાર છું. આહા..હા..! એ ધ્રુવને બતાવે છે. વર્તમાન જ્ઞાનની પર્યાય એ વર્તમાન પૂરતું સત્ નથી, એ ત્રિકાળી ધ્રુવ સત્ છે. આહા..હા..! આવો માર્ગ છે. લોકો એનો પ્રયત્ન કરતાં નથી અને પોતે જે માન્યું હોય એ પ્રમાણે હાંકે રાખે છે એમ ને એમ. બાપુ ! એમા કાંઈ માર્ગ હાથ ન આવે. આહા..હા..!

પ્રભુ ! અંદર આખો પૂરો બિરાજે છે પણ વર્તમાનમાં જે જાણનાર જાણવાની અવસ્થાનું અસ્તિત્વ–છે પણું જણાય છે એ જાણનારનું એટલું અસ્તિત્વ તેટલો જ એ નથી. એ તો એનું વર્તમાન રૂપ છે. એ વર્તમાન સત્ ત્રિકાળ સત્‌ને બતાવે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! સમ્યગ્દર્શન પામવાની આ રીત (છે), બાકી બધું થોથા છે. આહા..હા..!

ભગવાન આત્મા જાણનાર તરીકે વર્તમાનમાં પ્રસિદ્ધ છે કે નહિ ? 'જાણનાર', 'જાણનાર' છે. કોઈ પણ ચીજને જાણવાના પ્રસંગમાં જેનો જાણનાર મુખ્ય ન હોય તો આ જણાય છે એ શેમાં (જણાય છે) ? જે કંઈ 'જાણનાર' છે એ 'જાણનાર' છે, એ 'જાણનાર' આને જાણે, આને જાણે, આને જાણે એમ કહેવું (બરાબર છે) પણ એ જાણનારની મુખ્યતા ન હોય તો આને જાણે એમ આવ્યું ક્યાંથી ? આહા..હા..! જેની ઊર્ધ્વતા દરેક પ્રસંગમાં (છે), જેની જાણનારની ઊર્ધ્વતા નામ મુખ્યતા ન હોય તો તે આ પ્રસંગ છે, એમ જાણ્યું કોણે ? આહા..હા..! જેનું જાણવું જ મુખ્ય છે એ પરને જાણતા પણ એ જાણે છે એની સત્તામાં પોતામાં. એની સત્તાની પ્રસિદ્ધિ છે એ પરની પ્રસિદ્ધિ નથી. અને વર્તમાનની જાણવાની પ્રસિદ્ધિ પરની પ્રસિદ્ધિ નથી પણ એ જાણનારની પ્રસિદ્ધિ વર્તમાન પૂરતી નથી. આહા..હા..! હવે આનાથી તો સહેલું બીજી કઈ રીતે કહે ? આહા..હા..! અરે..! દુનિયા ક્રિયાકાંડમાં મથીને મરી ગઈ બિચારી પણ વસ્તુ સ્થિતિ શું છે... આહા..હા..! એના માહાત્મ્યમાં ગયો નહિ.

એ વર્તમાન જાણનાર છે, જેનું વર્તમાન પર્યાયપણું છે એ કોઈ ત્રિકાળી ચીજની અવસ્થા છે. તો એ વર્તમાન અવસ્થા એ ત્રિકાળીને જણાવે છે. આહા..હા..! વર્તમાન જાણનાર જે અસ્તિ છે એટલા પૂરતું એ સત્ નથી. જાણનારની પર્યાય કોને આધારે

થઈ ? કોને અવલંબે થઈ ? કોને આશ્રયે થઈ ? એ પર્યાય વર્તમાન જાણે છે એ ત્રિકાળને જણાવે છે કે આ વસ્તુ ત્રિકાળ છે. આહા..હા..! અમારા (એક ભાઈ) કહે કે આ ફેરે 'સમયસાર' બહુ સારું ચાલે છે. ('ભાઈ' !)ને સાંભળવાનું બરાબર રહી ગયું ને ! એ ભાગ્યશાળી છે. દેખાય ભલે નહિ તો કાંઈ નહિ. આહા..હા..!

પ્રભુ ! તારી વર્તમાન જ્ઞાનની હયાતી તને જણાય છે કે નહિ ? વર્તમાન જાણનારની અસ્તિ–હયાતી જણાય છે કે નહિ ? કોઈ પણ પ્રસંગમાં જાણનાર પોતે ન હોય તો જાણે કોને ? તો એ જાણનારની અસ્તિ વર્તમાનમાં તો તને જણાય છે. આહા..હા..! એ જાણનારની અસ્તિ (છે) એટલું તત્ત્વ આખું નથી. એ 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' ત્રિકાળ છે. આહા..હા..! એ પર્યાય ધ્રુવને બતાવે છે, વર્તમાન કાયમને બતાવનાર છે, અનિત્ય છે તે નિત્યને બતાવનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? માર્ગ બાપા ! એકલો જ્ઞાનનો માર્ગ છે. કોઈ ક્રિયા આ કરો ને આ કરો એ એના વસ્તુના સ્વરૂપમાં નથી ને, પ્રભુ ! વર્તમાનમાં એના સ્વરૂપમાં નથી અને ત્રિકાળમાં તો છે જ નહિ. વર્તમાનમાં પણ તે રાગને જાણે, આ શરીરને જાણે, આને જાણે, જાણનાર આ છે, આ છે એમ જાણનારે જાણ્યું ને ? એ જાણનારની વર્તમાન અવસ્થાની હયાતી સિદ્ધિ કરે છે ને ? અને વર્તમાન અવસ્થા (એમ) સિદ્ધ કરે છે (કે) એ જેની છે એ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે,...'** આહા..હા..! વર્તમાન પૂરતું જ્ઞાનનું હોવાપણું જે જાણવામાં આવે છે એટલું તો અસ્તિત્વ છે પણ એ અસ્તિત્વનો અંશ અદ્ધરથી થયો છે એમ નથી. એ કોઈ ત્રિકાળી ચીજને જણાવે છે. આહા..હા..! જેનો એ અંશ છે એ અંશ ત્રિકાળને જણાવે છે. આહા..હા..! **'તે તત્ત્વ પોતાને...'** પોતાને સમજે તમારી ભાષામાં ? સ્વયંને. સ્વયંને (એટલે) પોતાને **'ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે.'** આહા..હા..!

**'પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે !'** વાત આ. વર્તમાન જાણે છે ને કે આ શરીર છે, આ ફલાણું છે, ફલાણું છે એ કાંઈ જાણતા નથી. શરીર જાણે છે કાંઈ ? રાગ જાણે છે કાંઈ ? જાણે છે જ્ઞાન કે આ રાગ છે, આ શરીર છે. એ જ્ઞાનની વર્તમાન પર્યાયની પ્રસિદ્ધિ છે. પરના જાણવામાં પરના જાણવાની પ્રસિદ્ધિ

નથી. પરને જાણનાર એની પર્યાયની પ્રસિદ્ધિ છે. ('ભાઈ' !) આમા ક્યાંય તમારા 'મુંબઈ'માં ન મળે ને તમારા રૂપિયામાં–ધૂળમાં ક્યાંય ન મળે. આહા..હા..! એ લોકોએ તો પ્રેમ રાખ્યો છે ને ! આણે ઉડાડી દીધો. ભારે વિચાર થાય, હોં ! (ભાઈએ) બિચારાએ લાખો રૂપિયા નાખીને કર્યું, નામ કાઢી નાખ્યું, વેચી નાખ્યું બધું. આહા..હા..! આહા..હા..!

જેની વર્તમાન જ્ઞાનની હયાતી પરના જાણવામાં કાળમાં પણ પોતાના જાણવાની પર્યાયની પ્રસિદ્ધિ છે તે અસ્તિ છે, ત્યાં પર અસ્તિ છે એમ નહિ. પરનું હોવાપણાનું જ્ઞાન થયું તે જ્ઞાનનું હોવાપણું છે. આહા..હા..! એ જ્ઞાનનું વર્તમાન હોવાપણું કાયમી ચીજને જણાવે છે કે હું વર્તમાન પૂરતું નથી. આ જ્ઞાનની પર્યાય પલટતી પલટતી પણ વર્તમાન પૂરતી અનિત્ય નથી. એ નિત્યને બતાવે છે કે આ નિત્ય વસ્તુ છે એનો આ અંશ છે. આહા..હા..! ધ્રુવ ચીજ છે તેનો આ અંશ છે. એ અંશ ધ્રુવને બતાવે છે. આહા..હા..! આવી વસ્તુ છે. બહુ ગંભીર વસ્તુ છે એને બહુ સાદી ભાષામાં (કહે છે). લોકો સાધારણ માણસ પણ સમજે એવી સહેલી ભાષા છે. (ભાઈએ) તો હમણાં ગાયું ને કમાલ કરી નાખ્યું છે ! વાત તો સાચી છે. આહા..હા..!

પહેલી ચોપડીનો ભણેલો હોય તોપણ એને એટલું તો થાય કે નહિ ? એટલું ખ્યાલમાં આવે કે આ જાણે છે એ જાણે છે, ઇ જાણે છે, ઇ છે કે નથી ? તો જાણે છે એ વર્તમાન છે ઇ બીજાને જાણે છે તે પણ વર્તમાન જાણવાની અવસ્થા છે. એ પરને જાણે છે એટલે પરનું અસ્તિત્વ છે એમ અહીં સિદ્ધ નથી કરવું. પરને જાણવા કાળે જાણવાની પર્યાયનું અસ્તિત્વ છે ને ? પરના અસ્તિત્વનું અહીં કામ નથી. એવો જે જ્ઞાનનો વર્તમાન અંશ ઇ જેનો છે એને એ બતાવે છે કે આ જ્ઞાન ત્રિકાળ છે. આહા..હા..!

**'પણ...'** આમ હોવા છતાં **'તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે !'** આહા..હા..! એ જ્ઞાનની વર્તમાન પર્યાય પૂરતું તારું બધું વલણ (છે). આહા..હા..! દિગંબર મુનિ સાધુ થયો તોપણ એનું વર્તમાન પર્યાય પૂરતું વલણ (રહ્યું). દિગંબર ! પંચમહાવ્રત હજારો રાણી છોડીને પંચમહાવ્રત (પાળ્યા). પણ એ શું એથી ? એ ચીજ હતી જ ક્યાં એમાં તે છોડે. આહા..હા..! એમાં જે રાગની એકતા હતી અને રાગને જાણનારું

તત્ત્વ રાગથી ભિન્ન છે, વર્તમાનમાં ભિન્ન છે એટલી પણ એની ખબર (ન પડી). આહા..હા..! કેમ કે જાણનાર છે એ ચૈતન્યનું કિરણ છે. એ કિરણ છે એ રાગ છે, શરીર છે, આ છે એમ એનું હોવાપણું જ્ઞાનના હોવાપણામાં જણાય છે તો એ હોવાપણું અંશ છે એ ત્રિકાળીને જણાવે છે. એ જ્ઞાનનું હોવાપણું પરનું હોવાપણું બતાવતું નથી. આહા..હા..! આવી વાતું છે, ભગવાન ! ભાઈ ! આહા..હા..!

તારી પ્રભુતાની પ્રભુતા તેં કોઈ દિ' પકડી નથી, પ્રભુ ! આહા..હા..! પર્યાયની પામરતાને પકડીને સાધુ થયો તોપણ એની રમતુ ત્યાં. આહા..હા..! આ ત્યાગ્યું ને આ છોડ્યું ને આ મૂક્યું ને... આહા..હા..! આ ખપે ને આ ન ખપે. અરે..રે..! આહા..હા...! પણ આખો આત્મા ખપતો નથી એની ખબર ન મળે. ('ભાઈ' !) આવી વાતું છે, ભગવાન ! પ્રભુ ! તું ભગવાન છો, હોં ! આહા..હા..!

પ્રભુ ! તારી પ્રભુતાનો પાર નથી, ભાઈ ! આહા..હા..! તારી પર્યાયમાં આટલી પ્રભુતા (છે) કે જેને જાણવા માટે પરના આલંબનની જરૂર નહિ, વર્તમાન જાણવા માટે પણ પરના આલંબનની જેને જરૂર નથી. ભલે મન ને ઇન્દ્રિય હોય પણ એ જાણવાની પર્યાય કાંઈ મન ને ઇન્દ્રિયને કારણે જાણે છે, એમ નથી. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય વર્તમાનમાં આ ઇન્દ્રિય ને મન છે એવું શાસ્ત્રથી જોયું, સાંભળ્યું તો ઇ તો જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે આ ઇન્દ્રિય ને મન છે. અને ઇન્દ્રિય ને મન છે માટે જાણવાની પર્યાય થઈ છે, એમ નથી. તો જાણવાની વર્તમાન પર્યાયને પણ જ્યાં પરના અવલંબન ને અપેક્ષાની જરૂર નથી. એ ચીજને ત્રિકાળ ચીજમાં કોઈની અપેક્ષા છે નહિ. એનું ત્રિકાળી ટકવું હોવાપણું ધ્રુવ (છે)... આહા..હા..! એના ઉપર એણે નજર આપી નથી. આહા..હા..!

**''વર્તમાન અસ્તિ' માને છે ! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.'** આહા..હા..! આ અવસ્થા છે, જુઓ ! આ પરમાણુની આ અવસ્થા છે ને ? એ અવસ્થા વર્તમાન છે તો એનું ત્રિકાળી તત્ત્વ છે કે નહિ ? પરમાણુ છે કે નહિ ? આ અવસ્થા તો બદલી જાય છે, પણ બદલે છે એનું ત્રિકાળી તત્ત્વ છે કે નહિ ? પરમાણુ ત્રિકાળ છે. એમ આ જાણનારની પર્યાય બદલે છે એ જાણનાર જાણે છે એમ એ ત્રિકાળી તત્ત્વ છે કે નહિ ? એ ત્રિકાળીનું અસ્તિત્વ છે એમ બતાવે છે કે વર્તમાનનું અસ્તિત્વ

એટલું જ બતાવે છે ? આહા..હા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે.

આ તો સમ્યગ્દર્શન પામવાની પહેલી રીત આ છે, એ વાત છે. પછી એને ચારિત્ર ને સંયમ (આવે). અંદર સ્વરૂપ જાણ્યું છે એમાં પછી રમે. જે જાણ્યું જ નથી કે આ ચીજ શું છે પછી એમાં રમવું ક્યાં એને ? જે જાણ્યું છે રાગ ને પર્યાય એમાં રમે. આહા..હા..! એટલે એને ચારિત્ર કે સંયમ હોય જ નહિ. આહા..હા..!

જે સ્વરૂપની પર્યાય (છે) એ ત્રિકાળીનો અંશ છે. એ અનિત્ય છે તે નિત્યને જણાવે છે. નિત્યને નિત્ય જાણતું નથી. અનિત્ય જે વર્તમાન જ્ઞાનનો અંશ છે એ ત્રિકાળને જણાવે છે, નિત્યને જણાવે છે પણ અનાદિથી તેની દૃષ્ટિ એ તરફ નથી. આહા..હા..! એણે મહેનત બહુ કરી. પરિષહ સહન કર્યા, ઉપસર્ગ સહન કર્યા, આહા..હા..! ચામડા ઉતડીને ખાર છાટે તોપણ ક્રોધ ન કરે એવું પર્યાયબુદ્ધિની સ્થિતિમાં આવું એણે સહન કર્યું. આહા..હા..!

**'જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.'** આહા..હા..! આની જે આ ધોળી અવસ્થા અત્યારે દેખાય છે, જુઓ! ઇ તો વર્તમાન અવસ્થા છે, તો વર્તમાન અવસ્થા છે તો એનું કાયમી તત્ત્વ છે કે નહિ ? કાયમી તત્ત્વ પરમાણુ ધ્રુવ છે. એમ જ્ઞાનની પર્યાય વર્તમાન છે તેનું ધ્રુવપણું, જ્ઞાયકપણું ત્રિકાળ છે. આહા..હા..! જે તત્ત્વ વર્તમાન છે તે ત્રિકાળી હોય જ.

**'વિચાર કરતાં આગળ વધાય.'** જ્ઞાનની પર્યાય છે, અવસ્થા છે તો કાયમી ચીજ છે એમ વિચાર કરતાં અંદરમાં જવાય,... આહા..હા..! વધાય. શબ્દો બહુ થોડા છે પણ ભાવ તો... આહા..હા..! સર્વજ્ઞ પરમાત્માએ કહ્યા છે તે ભાવ છે. આહા..હા..! ભાઈ ! તારા અંશને તું માને છે પણ અંશ કોને આધારે થાય છે ? એ અંશ કોનો છે ? એ અંશ કોઈ પરમાણુનો છે ? રાગનો અંશ છે ઇ ? જ્ઞાનનો અંશ છે ઇ જ્ઞાયક ત્રિકાળ છે તેનો અંશ છે. આહા..હા..! એ અંશ ત્રિકાળને જણાવે છે.

મુમુક્ષુ :- અનિત્ય કેમ કહેવાય ?

ઉત્તર :- પર્યાય અનિત્ય છે ને ! સમકિતદર્શન, જ્ઞાન, ચારિત્ર બધા અનિત્ય છે. મોક્ષમાર્ગ પોતે અનિત્ય છે. આહા..હા..! સમ્યગ્દર્શન એ પર્યાય છે. અરે..! કેવળજ્ઞાન પણ અનિત્ય પર્યાય છે. એક ફેરી રાડ નાખી ગયા હતા. 'મથુરા'માં ગયા ને ?

સભા ઘણી ભરી હતી. ઘણા પંડિતો બેઠા હતા. એટલું કહેવાણું, મેં કીધું, ભાઈ ! કેવળજ્ઞાન પણ એક નાશવાન પર્યાય છે. એની એક સમયની જ મુદત હોય. (આ સાંભળીને પંડિતોને એમ થયું), અરે..! આ શું !? ભાઈ ! કેવળજ્ઞાન છે એ ગુણ નથી, પર્યાય છે અને પર્યાયની મુદત જ એક સમયની હોય. બીજે સમયે એ નાશ જ પામે. ભલે એવી બીજી થાય, બીજી એવી થાય પણ એ બીજે સમયે ન રહે. ખળભળાટ થઈ ગયો હતો પંડિતોમાં, 'મથુરા'માં પણ પછી 'કૈલાસચંદજી' હતા (એમણે કહ્યું), કે ભાઈ ! સાંભળો તો ખરા શું કહે છે. સાંભળો તો ખરા. અરે..! બાપુ ! આ કાંઈ વગર વિચાર્યું એમ ને એમ બોલાઈ જાય છે એમ નથી, ભાઈ ! આહા..હા..! એ કેવળજ્ઞાન પણ નાશવાન છે. કેમ કે એની એક સમયની મુદત છે અને વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે. આહા..હા..!

એમ અહીંયા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો અંશ છે એ પણ અનિત્ય ને નાશવાન છે. એની એક સમયની સ્થિતિ છે, એ અનિત્ય છે. આહા..હા..! પણ એ અનિત્ય છે તે નિત્યને બતાવે છે. આ અનિત્યપણું કોનું ? કે આ નિત્યનું. આહા..હા..! અરે..રે..! આવી વાત ! વીતરાગ પરમાત્મા ઘણી સાદી ભાષાથી દિવ્યધ્વનિમાં તો આવ્યું હતું. ઇન્દ્રો ને ગણધરો બિરાજે છે. દિવ્યધ્વનિમાં તિર્યંચના બાળક હોય એ સમજી જાય. આહા..હા..! તિર્યંચના બચ્ચા સાંભળવા આવે છે ને ! સભામાં સિંહ અને વાઘના બચ્ચા સાંભળવા આવે છે. એ ત્રણ લોકના નાથની વાણી સાંભળે છે. ભાઈ ! પ્રભુ ! એની ભાષામાં એ સમજે. ત્યાં તો દિવ્યધ્વનિ આવે. એક સાથે બધું (આવે) પણ એની યોગ્યતા પ્રમાણે એ સમજે. એમ કહે છે, પ્રભુ ! કહે છે, ભાઈ ! તું છો ને ! વર્તમાન છે ને ! જેનું વર્તમાન છે એ તો ત્રિકાળી છે. આહા..હા..! એ વર્તમાન પરમાણુનું છે ? જ્ઞાનનું વર્તમાન–પર્યાય પરમાણુનું છે ? જડનું છે ? આહા..હા..!

**'જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંત કાળમાં બધું કર્યું,...'** પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ અનંત વાર કર્યા. એ કોઈ ચીજ નથી. આહા..હા..! એ તો અભવી પણ અનંત વાર કરે છે. આહા..હા..! **'અનંત કાળમાં બધું કર્યું,...'** બધું કર્યું એટલે શું ? પુણ્ય ને પાપના ભાવ. બધું એટલે પરનું કર્યું એમ નહિ. પરનું કરી શકે છે જ ક્યાં ? પણ અસંખ્ય પ્રકારના શુભભાવ અને અસંખ્ય

પ્રકારના અશુભભાવ અનંત વાર કર્યા, ઇ બધું કર્યું એમ. ધંધો કર્યો ને બાયડી પરણ્યો ને છોકરા પરણાવ્યા... ઇ તો ક્રિયા આત્માની છે જ ક્યાં ? આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

જેનું તરંગ ઉઠે એનું કોઈ દળ તો હોય ને ? તે વિના તરંગ ક્યાંથી ઉઠ્યું ? એમ પર્યાયનું તરંગ જે દેખાય છે એનું કોઈ દળ છે ને આખું ધ્રુવ. આહા..હા..! ભાઈ ! તારી ત્યાં નજર ગઈ નથી. આહા..હા..! તારી નજર વર્તમાન પૂરતા જ્ઞાનમાં રોકાઈ ગઈ અને એમાં ઘણું કર્યું એમ (માની) ત્યાગ કર્યો, વૈરાગ્ય કર્યો, બાયડી-છોકરા છોડ્યા, ધંધો છોડ્યો, લાખોની-કરોડોની પેદાશુ છોડી (એમ માન્યું). શું છોડ્યું ? બાપુ ! આહા..હા..! કાંઈ છોડ્યું નથી. એને અંદર રાગની એકતાબુદ્ધિમાં, પર્યાયબુદ્ધિમાં બધો આત્મા પૂર્ણાનંદનો ત્યાગ છે. બહારનો ત્યાગ છે એ એનામાં નથી. પણ દૃષ્ટિ અહીંયા પર્યાય ઉપર છે તેથી ત્રિકાળીનો ત્યાગ છે. આહા..હા..! મેં ત્યાગ કર્યો ને મેં આ કર્યું, અમે છોડીને બેઠા, બાપુ ! ઝીણી વાતું છે, ભાઈ ! આહા..હા..! અનંત કાળમાં (આ) કર્યું નથી, (બાકી) બધું કર્યું.

**'એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી.'** આહા..હા..! અસંખ્ય પ્રકારના શુભભાવ, અસંખ્ય પ્રકારના અશુભભાવ અનંતવાર કર્યા પણ એક ત્રિકાળી જેનો અંશ છે, એ આ ધ્રુવ છે, એની નજરું ન કરી. કહો, ('ભાઈ' !) તે દિ' (એમ જાણતા કે) આ ૧૫૦૦ નો પગાર મળતો હતો એ છોડ્યું, એ ઘણું છોડ્યું એમ છે ? પ્લેનમાં હતા, પ્લેનમાં હતા. ૧૫૦૦ નો પગાર (હતો). બે વર્ષ થયા છોડી દીધું. ધંધો છોડી દીધો. ધૂળનો ધંધો ! આ (એક ભાઈ)એ તો વળી ઘણું કર્યું. (આ ભાઈ)એ તો એક દાખલો બેસાડ્યો છે. આહા..હા..! શું કરવું ? બાપુ ! આહા..હા..! એવા ધંધા ને પાણીના ભાવ, ભાવ હોં ! ધંધા પાણી કર્યા નથી. આહા..હા..! તેં પર્યાયનો ધંધો, રાગનો ધંધો કર્યો પણ ત્રિકાળી જ્ઞાયક ભાવ એના ઉપર તેં નજર ન કરી. આહા..હા..! જેનો એ અંશ છે એવો જે અંશી અંદર (છે) એમાં તારું ધ્યાન ન ગયું, ભાઈ ! જે કરવાનું હતું તે કર્યું નહિ તેં. આહા..! છે ? **'ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી.'** ૧૪૦ (બોલ પૂરો થયો). ઓહો..હો..! ચાલીશ મિનિટ થઈ ગઈ. ૧૪૦ ની ચાલીશ મિનિટ થઈ ગઈ, લ્યો ! ('ભાઈ' !) કહે છે.

**અજ્ઞાની જીવને અનાદિનો વિભાવનો અભ્યાસ છે; મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. પોતે પોતાની સહજ દશા પ્રાપ્ત કરી છે. જરા પણ ઉપયોગ બહાર જાય કે તરત સહજપણે પોતા તરફ વળી જાય છે. બહાર આવવું પડે તે બોજો-ઉપાધિ લાગે છે. મુનિઓને અંદર સહજ દશા-સમાધિ છે. ૧૪૧.**

૧૪૧, '**અજ્ઞાની જીવને અનાદિનો વિભાવનો અભ્યાસ છે;...**' એ શુભ-અશુભભાવનો અભ્યાસ (છે), પરનો નહિ. પરના મકાન કર્યા કે બાયડી પરણ્યો ને શરીરને વિષે ભોગ લીધા, એ ક્રિયા કોઈ આત્માની નથી, એ આત્મા કરી શકતો નથી. આહા..હા..! વિભાવનો અભ્યાસ છે. આત્માના સ્વભાવથી વિરુદ્ધ જે પુણ્ય ને પાપ એવો જે વિભાવ, એનો એને અનાદિથી અભ્યાસ, અભ્યાસ છે. આહા..હા..!

'**મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે.**' આહા..હા..! મુનિએ આ છોડ્યું ને આ મુક્યું એમ નહિ, એમ કહે છે. મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. આહા..હા..! અજ્ઞાનીને વિભાવનો અભ્યાસ વર્તે છે, ભણે છે, એ અભ્યાસ કરે છે. આહા..હા..! '**મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે.**' આનંદનો નાથ પ્રભુ ! શુદ્ધ ચૈતન્યઘન નિત્ય જેની ધાતુ ધારી રાખી છે એવું સ્વરૂપ છે. આહા..હા..! ચૈતન્ય જેણે ધાર્યું છે એવું ચૈતન્ય એવા સ્વભાવનો સંતોને અભ્યાસ છે. આહા..હા..! અજ્ઞાનીને વિભાવનો અભ્યાસ છે, સંતોને સ્વભાવનો અભ્યાસ છે. અભ્યાસ તો બેયને છે. સમજાણું કાંઈ ? આવું મોંઘુ પડે છે. સાંભળ્યું ન હોય. અત્યારે તો બધી વાત ફેરફાર થઈ ગઈ, ભાઈ ! અરે..રે..! જેનાથી હિત થાય, જેનાથી સંસારમાં છૂટો થાય એ વાત ન મળે, એમ વાત ન થાય ત્યાં સુધી બાપુ ! શું કર્યું ? ભાઈ ! એ જન્મ ને મરણના, નરક ને નિગોદના ભવના ભાવ (કર્યા), મિથ્યાત્વ છે તે નરક ને નિગોદના ભાવ છે. પર્યાયબુદ્ધિ છે એ ભવનો રખડવાનો ભાવ છે. આહા..હા..!

અહીંયા કહે છે, '**મુનિને...**' સમકિતીને કેમ ન લીધું ? કારણ કે એ તો જઘન્ય

અવસ્થા છે. મુનિને વિશેષ સ્વભાવનો અભ્યાસ છે. **'મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે.'** આનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ શાંત... શાંત... શાંત... અકષાય સ્વભાવ, શાંત સ્વરૂપ ત્રિકાળ, તેનો અભ્યાસ વર્તે છે. આહા..હા..! અભ્યાસ તો બન્નેને છે–એકને વિભાવનો ને એકને સ્વભાવનો. આહા..હા..!

સમકિતીને સ્વભાવનો અભ્યાસ છે પણ થોડો છે. એથી મુનિને મહા (વિશેષ છે). આહા..હા..! જેણે દરિયો ઉછાળ્યો છે અંદર ! હલકલોલથી ભરેલો આનંદ ને શાંતિ, એ ખજાના જેણે ખોલી નાખ્યા છે. આહા..હા..! નિધાનને તાળા માર્યા હતા. પર્યાયબુદ્ધિથી નિધાનને તાળા માર્યા હતા એ સ્વભાવબુદ્ધિથી ખજાના ખોલી નાખ્યા. આહા..હા..! બાપુ ! પ્રભુ ! તારા સંસારના ઉદ્ધારના પંથની વાતું છે, નાથ ! આ કોઈ વ્યક્તિને માટેની વાત નથી. વસ્તુની સ્થિતિ આ છે. આહા..હા..!

મુનિને તો સ્વભાવનો અભ્યાસ વર્તે છે. એને પંચ મહાવ્રતના વિકલ્પનો અભ્યાસ વર્તે છે, એમ ન કહ્યું. અઠ્યાવીસ મૂળગુણનો અભ્યાસ એ તો રાગ છે, એ મુનિપણું છે જ નહિ. આહા..હા..! રાગથી પૃથક્ થયેલો સ્વભાવ તે જ્ઞાન ને આનંદના સ્વભાવનો જેને અભ્યાસ છે. આહા..હા..! **'પોતે પોતાની સહજ દશા પ્રાપ્ત કરી છે.'** આહા..હા..! સંતોએ પોતે પોતાની સ્વયં, સ્વયંની સહજ દશા પ્રાપ્ત કરી છે. આહા..હા..! જેણે આનંદ ને જ્ઞાન ને શાંતિ ને વીતરાગતા એ સ્વભાવની સહજ દશા જેણે પ્રાપ્ત કરી છે. શક્તિ ને સ્વભાવરૂપે તો હતું જ પણ પર્યાયમાં જેણે અભ્યાસમાં વીતરાગતા ને આનંદનો જેણે અભ્યાસ કર્યો છે. આહા..હા..! તે સહજ દશા પ્રાપ્ત કરી છે. સહજ દશા છે, ત્યાં હઠ નથી. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન એને અવલંબીને જે દશા થાય છે એ સહજ દશા થાય છે. નિર્મળ, વીતરાગી, શાંત, મોક્ષના માર્ગની દશા, એ સહજ દશા પ્રાપ્ત કરી છે.

**'જરા પણ ઉપયોગ બહાર જાય...'** આહા..હા..! મુનિને જરી વિકલ્પ બહાર જાય... આહા..હા..! **'કે તરત સહજપણે પોતા તરફ વળી જાય છે.'** આહા..હા..! સાતમા ગુણસ્થાનમાં અપ્રમતમાં ઉપયોગ છે એમાંથી છઠ્ઠે વિકલ્પ આવે, વળી (પાછો) વળી અંદર જાય છે. તરત સાતમામાં ઢળી જાય છે. આહા..હા..! એ વિકલ્પ છે એ દુઃખદાયક છે. આહા..હા..! બહારમાં આવતા એને ગોઠતું નથી પણ કમજોરીને લઈને, પુરુષાર્થની

નબળાઈને લઈને એ ભાવ આવે પણ એ ઉપયોગ બહાર જાય કે તરત સહજપણે, સ્વભાવપણે તરત જ, હોં ! આ શુભને છોડવું ને ઠરવું એમ નહિ. ઇ તો સ્વભાવ તરફ જ એમનું વલણ છે. આહા..હા..!

**'તરત સહજપણે પોતા તરફ વળી જાય છે.'** આહા..હા..! અતીન્દ્રિય અમૃતનો સાગર, ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં નજરમાં, અનુભવમાં આવ્યો છે, એના સ્વાદની આગળ બહાર નીકળતા વિકલ્પ આવ્યો (કે) તરત અંદર પાછો ઢળી જાય છે. આહા..હા..! આ છઠ્ઠા, સાતમાની વાત છે. **'બહાર આવવું પડે તે બોજો-ઉપાધિ લાગે છે.'** ઉપદેશ દેવાનો વિકલ્પ આવે, આહાર લેવાનો વિકલ્પ આવે,... આહા..હા..! બોજો લાગે છે. આહા..હા..! હળવી ચીજમાં એ બોજો લાગે છે. ભગવાન અનાકુળ આનંદનો રસીલો એને રાગ તો આકુળતા દુઃખ છે. આહા..હા..! બહારમાં આવવું ગોઠતું નથી. આનંદમાં રહ્યો છે એને બહાર આવવાનું ગોઠતું નથી પણ કમજોરીને લઈને આવી જાય છે. તરત પાછો અંદરમાં ચાલ્યો જાય છે. આહા..હા..! જુઓ ! આ મુનિદશા !! આહા..હા..! ભાઈ !

મુનિપણું તો પરમેશ્વરપદ છે. આહા..હા..! મુનિ પરમેશ્વર છે. પંચ પરમેષ્ઠી છે ને ? પંચ પરમેષ્ઠીમાં એ સાધુ આવ્યા કે નહિ ? કેટલાક એવા અર્થ કરે છે, નમો લોએ સવ્વસાહૂણં. એટલે 'સર્વ' માં જૈનના અને અન્યના બધા સાધુને નાખવા. અરે..! ભગવાન શું કરે છે તું ? પ્રભુ ! એ 'સુશીલ' (કરીને) સ્થાનકવાસી સાધુ છે. એ 'અમેરીકા'માં મુહપત્તી સહિત ગયો હતો. પાછો આવી ગયો. અરે..રે...! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! પુણ્યને લઈને ભભકા (દેખાય). ભાષા કરે, ભાષણ કરે, 'અમેરીકા'માં પાંચ, સાત, દસ હજાર લોકો ભેગા થાય. એને અંગ્રેજી નથી આવડતું, હિન્દી બોલે ને બીજા અંગ્રેજી કરી નાખે. અરે..! બાપુ ! સર્વ સાધુ નહિ. જૈનના, આનંદના અનુભવીઓ છે તે સર્વ સાધુમાં આવે છે, અન્યના સાધુ નહિ. આહા..હા..! ત્યારે વળી આ તેરાપંથી, તુળશી તમારા ગામના–'લાડ'નું ના છે ને ? તુળશી લાડનુ ના છે. એણે કહ્યું, 'લોએ' કાઢી નાખવું. નમો લોએ સવ્વસાહૂણં નહિ. નમો સવ્વસાહૂણં. પણ લોકનો અર્થ બાપા ! તને ખબર નથી.

અરિહંત છે એ લોકમાં છે. એટલે કે અરિહંતો ભિન્ન ભિન્ન સ્થાનમાં હોય એટલે

લોકમાં ગણવામાં આવ્યું અને સિદ્ધને પણ લોકમાં ગણવા. કેમ કે અહીં સિદ્ધ થાય. અહીં થાય છે તો હજી અહીં છે અને પછી ન્યાં જાય છે. એટલે એ બધા ક્ષેત્રમાં છે તે સિદ્ધને નમસ્કાર કરે છે. 'લોએ' નો અર્થ કાઢી નાખવો છે તો શું તારે કાઢવું છે ? હવે આ મોટા તેરાપંથીના અણુવ્રતના મોટા આંદોલન કાઢે છે. અન્યમતીઓને પણ મિથ્યાદષ્ટિને અણુવ્રત (આપે). અરે..! પણ હજી તારે વ્રત નથી, બાપા ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! શું થાય ? અરે...! ધણી વિનાના ઢોર થઈ ગયા અત્યારે. આહા..હા..! પોતાને સ્વછંદે ચાલે. આહા..હા..!

અહીં કહે છે, **'બહાર આવવું પડે તે બોજો...'** વિકલ્પ ઉઠે. આહા..હા..! પાંડવોને (બીજા) ત્રણનો વિકલ્પ ઉઠ્યો, કેમ હશે ? ત્યાં બંધ પડી ગયો. આહા..હા..! બે ભવ વધી ગયા, બાપુ ! મુનિની દશા તો અલૌકિક છે, ભાઈ ! આહા..હા..! જેણે આત્માને અવલંબીને આનંદની ધારા, આત્મપ્રસિદ્ધિ કરી છે. ટીકાનું નામ આત્મખ્યાતિ છે ને ? આ પ્રસિદ્ધ કર્યો છે. શેને ? આનંદ, જ્ઞાનના સ્વભાવથી પ્રસિદ્ધ કર્યો છે. રાગથી પ્રસિદ્ધ કર્યો છે એમ આત્મા નથી. આહા..હા..!

ચક્રવર્તીના પુત્ર રાજકુમાર હોય, સ્ફટિક મણિના તો જેને બંગલા હોય અને હજારો રાણી, અબજોપતિ રાજાની દીકરીઓ હોય પણ જ્યારે એને સમ્યગ્દર્શન થઈને અનુભવ કરવા માટે વધવા જાય છે. આહા..હા..! માતા ! મને ક્યાંય ગોઠતું નથી. મને જ્યાં ગોઠે છે ત્યાં હું જાવા માંગુ છું. આહા..હા..! મારો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આહા..હા..! એ અધુરો નથી, ઊણો નથી, અશુદ્ધ નથી, પૂર્ણાનંદનો નાથ મારો પ્રભુ છે. આહા..હા..! એના આનંદ લુંટવા માટે, અનુભવવા માટે હું તો જાઉં છું. આહા..હા..! આવું મુનિપણું !! બાપુ ! મુનિપણું (કોને) કહે ! આહા..હા..! અરે..રે..! સાચી વાત કહેતા એને એમ થઈ જાય કે ના હોં ! અમે આ બધા મુનિ છીએ એને ઉથાપે છે. બાપુ ! ભાઈ ! તારી સ્થિતિ કેમ છે એમ તારે જાણવી જોશે, ભાઈ ! આહા..હા..! અને અજાણમાં એમ ને એમ રહેશે (તો) સંસાર નહિ છૂટે અને નિગોદના ભવ આવશે, ભાઈ ! આહા..હા..!

અહીં કહે છે, **'બહાર આવવું પડે તે બોજો-ઉપાધિ લાગે છે.'** આહા..હા..! **'મુનિઓને અંદર સહજ દશા-સમાધિ છે.'** શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયભાવ

મોક્ષમાર્ગ પ્રગટ્યો છે ને ! દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ અકષાય ભાવ છે, વીતરાગ ભાવ છે. છે ભલે અનિત્ય પર્યાય પણ એ વીતરાગ ભાવ છે, સમાધિ ભાવ છે. સમાધિ એટલે ? સમ-આધિ એટલે વિષમતા—પુણ્ય-પાપના વિકલ્પથી છૂટી અને સમાધિ. સમાધિ એટલે પેલા બાવાઓ સમાધિએ ચડે એ નહિ. જે વિકલ્પમાંથી નીકળી અને નિર્વિકલ્પ શાંતિમાં પડ્યા છે એને સમાધિ કહે છે. સ્થાનકવાસી, દેરાવાસીના લોગસ્સમાં પણ આવે છે. (આ ભાઈ)એ કર્યો છે ? લોગસ્સ કર્યો છે ? નથી કર્યો. પહેલેથી આમાં આવ્યા. 'સમાહિવરમુત્તમં' આવે છે. 'સમાહિવરમુત્તમં' પણ એ સમાધિ શું ? રાગ વિનાની શાંતિ, આનંદની ધારા, અતીન્દ્રિય આનંદની ધારા એને અહીં સમાધિ કહે છે. **'મુનિઓને અંદર સહજ દશા-સમાધિ છે.'** આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૧, રવિવાર તા. ૩૦-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૧૪૨ થી ૧૪૫. પ્રવચન–૫૨**

**હંમેશા આત્માને ઊર્ધ્વ રાખવો. ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી. ૧૪૨.**

૧૪૧ બોલ ચાલ્યા. ૧૪૨. **'હંમેશા (–કાયમ) આત્માને ઊર્ધ્વ રાખવો.'** શું કહે છે ? કે આત્મા જે નિશ્ચય ધ્રુવ છે એની મુખ્યતા કોઈ દિ' છોડવી નહિ. ચાહે તો ગમે તે પ્રકારના પરિણામ શુભ-અશુભ થાય, એ પર્યાય ઉપર લક્ષ જાય પણ ધ્યેય છે (એ તો) દ્રવ્ય સ્વભાવ જે એક શુદ્ધ ચૈતન્ય (ઉપર છે). **'णाणसहावाधियं मुणदि आदं'** જ્ઞાન સ્વભાવી વસ્તુ બધાથી અધિક નામ જુદો છે. ('સમયસાર') ૩૧ ગાથામાં આવે છે ને ? આહા..હા..! એને મુખ્ય રાખવો, એને ઊર્ધ્વ રાખવો. ઊર્ધ્વ એટલે મુખ્ય. તેને ઊંચા તરીકે દૃષ્ટિમાં રાખવો. એ વસ્તુ છે તે જ ઊર્ધ્વ ને ઊંચી છે. એ સિવાય કોઈ ઊંચી ચીજ છે નહિ. આરે...! આવી વાતું છે. સાદી ભાષામાં છે.

હંમેશા એટલે સદાય આત્માને મુખ્ય દૃષ્ટિમાં રાખવો. આહા..હા..! એનું ધ્યેય દ્રવ્ય ઉપર હોય એ કદી ખસવું ન જોઈએ. જેને કલ્યાણ કરવું (હોય) અને આત્માનું હિત કરવું હોય એની વાત છે. ભગવાનની ભક્તિ આવે, વ્રતનો વિકલ્પ આવે પણ ધ્રુવ દ્રવ્ય સ્વભાવ છે એની હંમેશા મુખ્યતા ન જાય. આહા..હા..! જેની પ્રભુતામાં અનંત પ્રભુત્વ શક્તિઓ પડેલી છે એવો જે પ્રભુ એને લક્ષમાં કાયમ રાખવો જોઈએ, એમ કહે છે. આહા..હા..! ગમે તે પ્રસંગમાં આવે પણ આ પ્રસંગ એનો જે ઊર્ધ્વ મુખ્ય સ્વભાવ ભગવાન(નો છે), એનું એમાંથી લક્ષ ન જવું જોઈએ. એનું ધ્યેય ત્યાં

બરાબર રાખવું જોઈએ, આહા..હા..! આવી વાત છે.

મુમુક્ષુ :– જેટલી આત્મા ... સાધન .....

ઉત્તર :– સાધન-ફાધન કાંઈ છે નહિ. વસ્તુ તે ત્રિકાળ ધ્યેય. એમાં રાગથી ભિન્ન પડવાની નિર્મળ પર્યાય એ સાધન. ઝીણી વાત છે, ભાઈ ! પ્રભુ ! પૂર્ણ છે એને મુખ્ય રાખતા જે દશા થાય, એને મુખ્ય રાખતા જે નિર્મળ દશા થાય તે નિર્મળ દશાને સાધન કહેવામાં આવે છે. આહા..હા..!

સાધ્ય પૂર્ણ કેવળ પ્રાપ્ત કરવું તે, ધ્યેય પૂર્ણ સ્વરૂપ છે વર્તમાન તે, સાધન– રાગથી ભિન્ન પડીને આત્માને ધ્યેય બનાવે. રાગથી ભિન્ન પડે એ નિર્મળ પર્યાય સાધન. સાધન, સાધ્ય અને ધ્યેય ત્રણે ભિન્ન (છે). આવો માર્ગ ! સાધ્ય, ધ્યેય, ઊર્ધ્વ તો ભગવાન દ્રવ્ય સ્વભાવ એની મુખ્યતા તો કદી ન જવી જોઈએ. અને એની મુખ્યતા થતાં રાગથી ભિન્ન પડેલી દશા એની મુખ્યતા થતાં, રાગાદિને ગૌણ કરતાં એની જે નિર્મળ દશા થાય એ સાધન. ધ્યેય ત્રિકાળી વસ્તુ અને સાધ્ય પૂર્ણ પરમાત્મા સિદ્ધ દશા. આહા..હા..! આવો માર્ગ છે. શું થાય ?

**'ખરી જિજ્ઞાસા હોય...'** જેને આત્માની ખરી જિજ્ઞાસા હોય. આમ કલ્પનાની જિજ્ઞાસાથી (નહિ), દુનિયામાં દેખાવ માટેની જિજ્ઞાસા (નહિ). કાંઈક જાણપણું કરું તો દુનિયામાં મોઢા આગળ પડીશ, મુખ્ય થશે. તો એની દૃષ્ટિ તો પર ઉપર છે. એની જિજ્ઞાસા સ્વને માટે તીવ્ર નથી. આહા..હા..! **ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી.'** એને અંતરમાં સ્વભાવ સન્મુખનો પ્રયાસ ઊર્ધ્વપણે રાખવો એવો પ્રયાસ થયા વિના રહેતો નથી. ઝીણી વાતું બહુ, બાપુ ! આહા..હા..! ભાષા ટૂંકી પણ ભાવ કોઈ (અલૌકિક છે). પુસ્તકો તો ઘણાં છપાઈ ગયા છે. હમણા (એક ભાઈ) લાવ્યા નહિ આપણે ? ('ભાઈ' !) દસ હજાર હિન્દી પુસ્તક નવા છપાણા. નવા દસ હજાર. પાંચની કિંમત. 'ભાવનગર' થી છપાણા ? કોના તરફથી ? છપાણું 'મુંબઈ'. દસ હજાર હિન્દીમાં નવા છપાણા છે, પાંચ રૂપિયાની કિંમત. ત્રીસ હજાર, પાત્રીસ હજાર, ઓગણચાલીશ હજાર બધા થઈ ને લગભગ છપાણા, પુસ્તક, હોં ! એ સિવાય પે'લા શું કહેવાય ? તાડપત્ર, બીજા પાના. એવા તો ઘણા છપાણા. 'કન્નડ'માં છપાય છે. હિન્દી ને ગુજરાતી. 'કન્નડ'માં (છપાણા), મરાઠી પણ થાય છે. આ ચીજ બાપુ !

એવી આવી ગઈ છે કુદરતે.. સમજાણું ? કે લોકો જરી મધ્યસ્થતાથી વાંચે ને તો એને લાગે કે ભાઈ ! માર્ગ તો આ છે. એકાન્ત એકાન્ત કરે છે ને ? કેમ કે વસ્તુ છે આખી પ્રભુથી (ભરેલી છે).

અનેક શક્તિઓનો સંગ્રાહલય પ્રભુ, એની મુખ્યતા કદી ન જવી જોઈએ. એને કદી પર્યાયમાં રાગની મંદતા, તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ (આવે તોપણ) એની મુખ્યતા એને આવવી ન જોઈએ. આહા..હા..! કેમ કે એ તો બંધનું કારણ (છે). જેને મુખ્ય રાખ્યે, ઊર્ધ્વ રાખ્યે અબંધ પરિણામ થાય. અને રાગાદિને મુખ્ય રાખ્યે બંધ પરિણામ થાય. આહા..હા..! પર તરફના લક્ષમાં જતા પણ એને બંધના પરિણામ થાય. એ વખતે પણ એનું ઊર્ધ્વપણું જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવ એ એના લક્ષમાંથી મુખ્યપણે હોય તે જાય નહિ. આહા..હા..! આવી વાત છે.

**'ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી.'** જેની જરૂરિયાત જણાય તેના તરફનો પુરુષાર્થ ને વીર્ય પૂર્ણ થયા વિના રહે નહિ. જેની જરૂરિયાત જણાય તેનો પ્રયાસ થયા વિના રહે નહિ. 'રુચિ અનુયાયી વીર્ય'. જો ધ્રુવ સ્વભાવની ઊર્ધ્વતાની રુચિ હોય,... સમજાય છે કાંઈ ? તો એનું વીર્ય સ્વભાવ તરફ વળ્યા જ કરે. 'રુચિ અનુયાયી વીર્ય.' આહા..હા..!

મુમુક્ષુ :– અનુભવ પહેલાંનો પ્રયાસ કેવો ?

ઉત્તર :– ઇ પછી. અહીં તો પહેલા હંમેશા કાયમ રાખવું. એ કાયમ રાખવું એનું ધ્યેય તો એને ન ચૂકવું. એ અનુભવ થયા પછીની અને એ વખતની વાત છે આ તો. વસ્તુ છે એ દૃષ્ટિમાં ન આવી હોય ત્યાં સુધી એને ઊર્ધ્વ શી રીતે રાખે ? વાત તો એવી છે. અવ્યક્તપણે એને ઊર્ધ્વપણે રાખે, ખ્યાલમાં ન આવ્યું હોય છતાં એ ચીજ છે, એના ઉપર મારું વીર્યનું વજન વધારે જાય એવું અવ્યક્તપણે હોય પહેલું પણ એ અવ્યક્તપણે હોય એનું વ્યક્તપણું ક્યારે થાય ? કે એ પુરુષાર્થ ધ્યેયને જ્યારે પકડે ત્યારે તેનું યથાર્થપણું થાય. આહા..હા..! આવી વાતું છે. આ જગતમાં બહારથી... એ..ઇ..! ૧૪૨ (બોલ પૂરો થયો).

**સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે. આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો વિકાસ થાય છે. ૧૪૩.**

૧૪૩, '**સ્વરૂપની શોધમાં તન્મય થતાં,...**' સ્વરૂપ નામ આનંદ સ્વરૂપ પ્રભુ ધ્રુવમાં, જ્ઞાયકસ્વરૂપ પ્રભુ એવા સ્વરૂપમાં સ્વરૂપની શોધમાં, એની શોધમાં તન્મય થતાં. ઝીણી વાત છે, શબ્દો થોડા છે, એમાં ટૂંકી ભાષામાં ભાવ આ છે. સ્વરૂપની શોધમાં અંદર જતાં, તન્મય થતાં અનેક જાતની. તન્મય એટલે તેમાં તે-રૂપ. સ્વરૂપની શોધમાં તન્મય, તે રૂપ, તે રૂપે થતાં. આહા..હા..! સ્વરૂપની દૃષ્ટિ થતાં નિર્વિકલ્પતા જે થાય તે તેની તન્મયતા છે. આહા..હા..! પહેલું આ કરવાનું છે, એ સિવાય બધી વાત થોથા છે. આહા..હા..!

'**અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો...**' એ સ્વરૂપના શોધમાં એકાકાર થતાં અનેક જાતના વિકલ્પમાં ફરતો હતો '**તે આત્માની સન્મુખ થાય છે.**' એ વિકલ્પ છૂટીને સન્મુખ થાય છે. બહુ આકરું કામ. છે તો એના ઘરની ચીજ પણ અભ્યાસ નહિ ને (એટલે કઠણ લાગે). આ બહારનો એક તો સંસારનો અભ્યાસ. બાવીસ કલાક, ત્રેવીસ કલાક, આખો દિ' પાપનો અભ્યાસ. આહા..હા..! આ રળવું ને ખાવું ને પીવું ને બાયડી-છોકરા, ધંધા...

મુમુક્ષુ :-- રળીએ નહિ તો ખાવું શું ?

ઉત્તર :– કોણ ખાય ? ને કોણ રળે ? જે રજકણો જવાના હોય તે જાય જ. આહા..હા..! કાલની જ વાત એક મોટી થઈ. કીધું ને ? પીસ્તાનો મેસુબ આવેલો, ભાઈ ! પીસ્તાનો મેસુબ. મને કાંઈ ખબર નહિ, છે એટલે સાધારણ હશે. આ 'કાંતિભાઈ' ને 'શાંતિભાઈ' તરફથી પીસ્તાનો મેસુબ (આવેલો). એક સો પાંચ રૂપિયાનો. પોણો સો કટકા આટલા. એક એક કટકો દોઢ રૂપિયાનો, આટલો કટકો એક. જુઓ ! એ ખૂબી. પોર આપ્યું હતું એ ખ્યાલમાં હતું. અહીં મેં કીધું, છે આ

કાંઈક, મોહનથાળ કે એવું હશે. શું કહેવાય ? મેસુબનો કટકો આમ જાંખો હતો એટલે કીધું, છોકરા માટે રાખો. એક એક કટકો દોઢ રૂપિયાનો. છપ્પન છોકરાને એક એક કટકા ઉપર આવીને બબ્બે રૂપિયાનો એક એક કટકો થયો. અને એ ઉપરાંત એક આવ્યું પે'લું શું કહેવાય એ ? સક્કરજન બાર આનાનું. આટલું આવ્યું એ એક એક છોકરાને ત્રણ રૂપિયાનું થયું. હવે એને જવાનું હતું ત્યાં એટલે કોઈએ પણ કહ્યું નહિ કે શું છે. એ દાણા, એ રજકણો બાપુ ! જ્યાં જવાના હોય ત્યાં જાય.

મુમુક્ષુ :– હાથ જોડીને બેસી રહેવું ને ?

ઉત્તર :– હાથ જોડે કોણ ને હાથ હલાવે કોણ ? હાથ હલાવે કોણ ને હાથ જોડે કોણ ? આહા..હા..! જે પરમાણુની ચીજ જ્યાં જવાની છે તે જશે જ. તું દે તો જાય ને લે તો ન લેવાય એમ છે જ નહિ, બાપુ ! (આ તો એવું છે.) આહા..હા..! અને અમસ્તા પણ નથી આપણે કહેવાતું કે ભાઈ ખાનારનું નામ દાણે દાણે છે. નામ લખ્યું છે ત્યાં ? નામ ક્યાં હતું ત્યાં ? એનો અર્થ કે જે રજકણો એના ખોરાકમાં આવવાના છે તે આવશે જ. ઇચ્છા છે માટે આવશે એમ નહિ. અને જે રજકણો નથી આવવાના એ નહિ જ આવવાના. કારણ કે એની યોગ્યતા જ નહિ આવવાની છે. આહા..હા..!

ચૂરમાનો એક કોળિયો છે એને ઉપાડ્યો. ઇ તો એ રજકણો અહીંયા આવવાના છે અને અંદર જવાના છે એ જાશે. અને આમ ઉપાડ્યો છતાં કાંઈક આમ અંદર માખી (આવી) તો ફૂ.... થશે, એ ઉડી જશે. એ રજકણો બહાર જવાના છે એ જવાના ને અંદરમાં જવાના એ જવાના. એ તારા પ્રયત્નથી અંદરમાં જાય ને પ્રયત્નથી બહાર જાય, એવી વાત નથી, એમ નથી. આહા..હા..!

એણે પરના લક્ષમાં તો પહેલી વાત છોડી દેવી જોઈએ. પણ એના લક્ષમાં કાયમ પર્યાય ને રાગ પણ લક્ષમાં કાયમ રહે એમ નહિ. એના ધ્યેયમાં ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ એની મુખ્યતા, ઊર્ધ્વતા, એની શોધમાં જતાં ત્યાં તન્મય થઈ જાય. એથી બહારના જે અનેક વિકલ્પો થતાં એ બધા રોકાય જાય. આહા..હા..! આવું છે સ્વરૂપ. છે ?

**'અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે.'** કોણ ? સ્વરૂપની શોધમાં તન્મય થાય તે. આહા..હા..! આ બધા માટીના, ધૂળના રજકણો

એ કેમ રહેવા ને કેમ આવ્યા ને કેટલો કાળ ટકે ને ક્યારે જાય એ તો એની પોતાની સ્થિતિ છે. આત્માનો એમા કાંઈ અધિકાર નથી. આહા..હા..! જેમાં પૈસા પેદાશમાં આવે એમા આત્માનો કાંઈ અધિકાર નથી કે ભાઈ ! મેં પ્રયત્ન કર્યો માટે પૈસા આવ્યા. બિલકુલ જૂઠ વાત છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– એનો અર્થ એ થયો કે ...

ઉત્તર :– એ તો લક્ષ કરે, પહેલા એને શોધવા જાય પછી તન્મય થાય, એમ. અંતરમાં આ આત્મા જ્ઞાયક છે, શુદ્ધ છે એવું લક્ષ કરે પછી તન્મય થાય. શોધવા જાય એમ કીધું ને ? આ સ્વરૂપની શોધમાં તન્મય થાય. શોધમાં તન્મય (થાય). આ વસ્તુ છે એની શોધ કરતાં એમાં તન્મય થાય. આહા..હા..!

મુમુક્ષુ :– શોધ તો પર્યાય છે, તો પર્યાયમાં તન્મય થાવું ?

ઉત્તર :– પર્યાય તન્મય થાય એમ કહે છે. જે પર્યાય આત્માની શોધમાં જ હોય, શોધમાં તો પર્યાય છે પણ પર્યાય કોને શોધે છે ? કે દ્રવ્યને. આહા..હા..! આખી જગતથી જુદી જાત છે, બાપુ ! અત્યારે તો ધર્મને નામે પણ વ્રત કરો ને તપ કરો ને આ કરો ને એમાંથી ધર્મ (થશે). એ તો મિથ્યાત્વનું સેવન છે. આહા..હા..! જેમાં ભગવાન જ્ઞાયક મુખ્યપણે ન રહે ત્યાં તદ્દન સંસાર જ છે. ('ભાઈ' !) આહા..હા..!

ભાઈએ 'સોગાની'એ તો નથી લખ્યું ? કે ચક્રવર્તી છ ખંડ સાધતા નથી. ('ભાઈ' !) 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માં આવે છે, ઇ અખંડને સાધતા હતા. આહા..હા..! એ વખતે પણ આમ જાતા હતા તો આમ જાણે બહાર. પણ એ વખતે પણ ધ્યેયનું ઊર્ધ્વપણું જે ધ્રુવ છે તેનું સાધન ત્યાં ચુકતા નહોતા. આહા..હા..! સમજાણું કાંઈ ? આકરું કામ બહુ, બાપુ ! આ તો એકદમ ગુલાંટ ખાવાની વાત છે. અનાદિથી જે આમ પર્યાયબુદ્ધિમાં છે એને દ્રવ્ય બુદ્ધિમાં લાવવો એ કાંઈ સાધારણ વાત નથી. જાણપણા થાય, જગતને સમજાવવાની શક્તિ પણ થાય, એ કોઈ ચીજ નથી. આહા..હા..! જે પર્યાય અંતરમાં વાળવી છે. આહા..હા..! એ જ મુખ્ય તો પહેલું કરવાનું છે.

મુમુક્ષુ :– પર્યાય એક સમયની હોય ને !

ઉત્તર :– ભલે એક સમયની હોય પણ આ બાજુ વળેલી છે ને આ બાજુ વાળવી,

બસ ! એટલી વાત છે. એ પર્યાય રાગાદિ, વિકારાદિ, સંયોગાદિ, નિમિત્તાદિ તરફ વળેલી છે. વળેલી છે એ વળતા તો આવડે છે એને. આહા..હા..! માણસને કહે છે ને કે ભાઈ ! એક છોકરાના લગન હતા. પછી છોકરાનો મોટો વરઘોડો ચડ્યો અને ગૃહસ્થ હશે. એનો બાપ વિચારમાં બેસી ગયો. ત્યાં તો વરઘોડો બજારમાં ચાલ્યો ગયો, પોતે વિચારમાં ચડી ગયો. કાલ શું કરવું ? ખર્ચ શું કરવો ? ને આમ વેચવું શું ? એલા વરઘોડો ક્યાં ગયો ? કે ચાલ્યો ગયો. તમે તો ધ્યાનમાં (હતા). ધ્યાન આવડે છે, બીજું ભુલીને ધ્યાન તો કરતાં આવડે છે એને, પણ એ આર્ત ને રૌદ્ર ધ્યાન કરતા આવડે છે. પણ કરતા આવડે છે ને ? તો એણે આ ધર્મધ્યાન ને શુકલધ્યાન આ બાજુ કરવું. આવી વાત (છે), બાપુ !

મુમુક્ષુ :- કઠણ તો છે.

ઉત્તર :- કઠણ છે પણ અશક્ય નથી. અને મુખ્ય તો આ ચીજ છે. એ બધામાં આમાં ઇ કહેવું છે. આત્માની શોધ કહો, એને મુખ્ય રાખવો કહો. પર્યાયમાં ત્રિકાળીને લક્ષમાં લેવો છે. એને આહા..હા..! ત્યારથી તો એની ધર્મની શરૂઆત થાય છે. એ વિના બધું થોથે થોથા છે. 'છ ઢાળા'માં નથી આવતું ? 'છ ઢાળા'.

**લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;**
**તોરિ સકલ જગદંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ. ૯.**

'**તોરિ સકલ જગદંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.**' 'છ ઢાળા'માં આવે છે ને ? 'છ ઢાળા'માં. ('ભાઈ' !) 'છ ઢાળા' છોકરાને શીખવે છે પણ એનો સાર સમજે નહિ ને એમ ને એમ (ગોખ્યા) કરે. આહા..હા..! લાખ વાતની વાત નહિ પણ અનંત વાતની વાત. '**નિશ્ચય ઉર લાઓ;**' સ્વભાવ તરફનું હૃદય પર્યાય છે તેને લાવ. આહા..હા..! '**તોરિ સકલ જગદંદ-ફંદ,**' દ્વિધાને પણ છોડી દઈ કે આ આત્મા છે ને આ પર્યાય છે, આ ગુણી છે ને એને ગુણ છે. એવો જગત દ્વંદ જે બે ફંદ, આહા..હા..! છોડી જગત દ્વંદ, ફંદ, એક આતમ ઊર ધ્યાવો. 'છ ઢાળા' ગાગરમાં સાગર ભર્યો છે. 'છ ઢાળા' છોકરાઓ નિશાળમાં (શીખે છે). ત્યાં એમ નથી કહ્યું કે પહેલા વ્યવહાર કરો તો કરતાં કરતાં થાશે. લાખ વાતની વાત એ છે એમ નથી કહ્યું ત્યાં. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહારથી નિશ્ચય થાય ને !

ઉત્તર :– થાય જ નહિ. વ્યવહારથી થાય જ ક્યાં છે ? એ તો નિશ્ચયને લક્ષે દૃષ્ટિ થઈ એને સાધન કહેવામાં આવે. વ્યવહારથી એ સાધન થયું નથી. એ રાગથી ભિન્ન પડતા, દ્રવ્યના લક્ષે જતા, અહીંથી ભિન્ન પડતા, અહીં લક્ષે જતાં જે પર્યાય થઈ તે પર્યાય નિર્મળ છે તે સાધન (છે). આ તો આવી વાત છે, બાપુ ! વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરદેવ, એનો માર્ગ અત્યારે સંપ્રદાયમાં વીંખાઈ ગયો છે, ભાઈ ! આહા..હા..! બહારની હો...હા.. હો...હા... વ્રત કર્યા ને ઉપવાસ કર્યા ને સામાયિકો કરી ને પોષા કર્યા ને પડિકમણા કર્યા ને, આહા..હા..! જાવજીવનું બ્રહ્મચર્ય લીધું. પણ ઇ શું છે ? બાપુ ! એ તો રાગ છે. આહા..હા..! બ્રહ્મ નામ ભગવાન આત્મામાં ચર નામ ચરવું, અંદરમાં ચરવું. એના શોધમાં જતાં અંદર તન્મય થઈ જવું એ બ્રહ્મચર્ય છે. અરે..! ભાઈ ! એ કાંઈ વાત નથી, બાપુ ! આહા..હા..!

વ્યવહાર રાગાદિની દશા, એની દિશા પર તરફ છે. શું કીધું ? રાગ–શુભ રાગ કે અશુભ રાગ એની જે દશા, એની દિશા પર તરફ છે. અને નિર્મળ વીતરાગી પરિણતિની દશા, એની દિશા સ્વ તરફ છે. આહા..હા..!

એ અહીં કહે છે કે **'તે આત્માની સન્મુખ થાય છે. આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી...'** આહા..હા..! આ એક અભ્યાસ છે. ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ અનંત ગુણનો રાશી, ઢગલો (છે) એનો અભ્યાસ કરવાથી **'ગુણોનો વિકાસ થાય છે.'** એટલે કે ગુણો છે તે પર્યાયપણે, નિર્મળપણે પરિણમે છે. સમજાણું કાંઈ ? એમાં બે વાત થઈ કે આત્મા એ દ્રવ્ય થયો, સન્મુખ થાય છે એ પર્યાય થાય છે. અને પર્યાય સન્મુખ થાય છે ત્યારે એ ગુણનો વિકાસ પામે છે. ગુણનો વિકાસ પામે છે એ પર્યાય. દ્રવ્ય ઉપર લક્ષ છે ત્યાં ગુણ જે દ્રવ્યમાં અનંત છે એના ઉપર ધ્યેયને લઈને પર્યાયમાં ગુણનો વિકાસ નામ શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ. આરે...! આવી વાતું છે.

**'આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી...'** સ્વરૂપનો અભ્યાસ કરવાથી. શાસ્ત્રનો અભ્યાસ કરવાથી... આહા..હા..! એમ અહીં ન આવ્યું. આહા..હા..! ભગવાન જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે છે એના સ્વરૂપનો અભ્યાસ, અંતર્મુખ થવાનો અભ્યાસ કરવાથી, આહા..હા..! (ગુણોનો) **'વિકાસ થાય છે.'** એ ગુણો જે શક્તિરૂપે છે તેનો પર્યાયપણે ચળકળાટ, ચળકાટ પ્રકાશ પ્રગટ થાય છે. આહા..હા..! સ્વરૂપનો અભ્યાસ.

સ્વરૂપ કોનું ? આત્માનું. આત્માનું સ્વ સ્વ સ્વરૂપ, આત્માનું સ્વ-રૂપ જ્ઞાયક, ચૈતન્ય આનંદ આદિ. એના સ્વરૂપનો અભ્યાસ કરવાથી, એ તરફ ઢળવાથી ગુણો શક્તિરૂપે છે તે બાજુમાં ઢળવાથી વર્તમાન પર્યાયમાં ગુણનો વિકાસ નામ નિર્મળ પર્યાય પ્રગટ થાય તેનું નામ ધર્મ છે. ત્રિકાળ ધર્મી જે આત્મા અને એનો ત્રિકાળ જે ધર્મ નામ ગુણ, ગુણ ત્રિકાળ એનું એ સ્વરૂપ છે, એ સ્વરૂપનો અભ્યાસ કરતાં. આહા..હા..! એ ગુણની શક્તિની પર્યાયમાં વ્યક્તતા, ચળકાટ પ્રગટ થાય. એની પર્યાયનો પ્રકાશ (થાય) એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે.

અરે..રે...! એણે સાંભળ્યું પણ નથી. એને ક્યાં જવું છે ? ભાઈ ! આહા..હા..! અને ઘણા ગયા છે ને ? કુટુંબના માણસો જુઓ તો મા-બાપ ક્યાં ગયા ? આહા..હા..! ક્યાં હતા ? વસ્તુની ખબર નહિ. ક્યાંના ક્યાં જન્મ્યા હશે. આહા..હા..! આહા..હા..! ખોટના ધંધા જે કર્યા હતા, સ્વરૂપની સન્મુખતાના ધંધા છોડી અને સંયોગ અને રાગની સન્મુખતાના ધંધા કર્યા એ મરી ગયા બિચારા. આત્માની શાંતિને એણે મારી નાખી અને ક્યાં જઈને અવતર્યા. આહા..હા..!

**'આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી...'** આ છોકરાઓ અભ્યાસ કરે છે ને ? પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી... એ બધો પાપનો અભ્યાસ છે. આ આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી. એના તરફની લગની, રટણા લાગવાથી... આહા..હા..! ગુણોની પર્યાય પ્રગટ થાય છે. દ્રવ્ય-ગુણ તો છે એ છે. એ છે. આહા..હા..! **'ગુણોનો વિકાસ થાય છે.'** પર્યાયમાં તેનું નિર્મળ પ્રગટપણું થાય. છતાં ગુણો જે છે તે તો તેટલા ને તેટલા, તેવા ને તેવા જ રહે છે. શું કીધું સમજાણું ? પર્યાયમાં ગુણોનો વિકાસ થયો એટલે ગુણમાં કાંઈ ઘટાડો થઈ ગયો, એમ નથી. જે શક્તિરૂપ સ્વભાવ છે એમાંથી સ્વ-સ્વરૂપના અભ્યાસથી વ્યક્તરૂપ દશા થઈ, વ્યક્તમાં જે અવસ્થા નિર્મળ થઈ, અરે..! કેવળજ્ઞાન થયું પણ તેથી જ્ઞાનગુણમાં ઊણપ થઈ કે ઓછો ગુણ છે (એમ નથી). એ ગુણ તો પૂરેપૂરો છે. આહા..હા..! ઇ શું છે આ ચીજ ? બધી ગંભીર ચીજ છે, બાપુ ! આહા..હા..!

જેમ ક્ષેત્રનો અંત ક્યાંય છે ? આ તો પ્રત્યક્ષ નાસ્તિક વિચારે (કે) આવું ક્ષેત્ર અસંખ્ય જોજનમાં જગત છે. પછી ખાલી ભાગ છે એ ખાલી આકાશ છે. એ આકાશ

ક્યાં થઈ રહ્યું ? શું છે આ તે ? આહા..હા..! ક્ષેત્રનો પણ જ્યાં સાધારણ તર્કમાં કામ ન કરે એવો એનો સ્વભાવ ! અંત નહિ, અંત નહિ પણ પછી... પછી..., અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... જોજન. અનંત અનંતના જ અનંત ગુણા કરીને, અનંતને અનંત ગુણા કરીને અનંત જોજન થાય, તોપણ ક્યાંય અંત નથી. શું છે આ તે ?

કાળની આદિ નથી, ભાઈ ! આ દ્રવ્યની પર્યાય પહેલી કઈ ? શું ગંભીર વસ્તુ !! પહેલી (પર્યાય) કઈ ? અને ગુણમાં અનંત ગુણ છે તેમાં પહેલો ગુણ મોટો ક્યો ? અને બીજા ગુણ નાના ક્યાં ? અને ગુણમાંથી પર્યાય પ્રગટી ત્યારે ગુણ ઓછો થયો ? બાપુ ! એ ગુણની ગંભીરતા પણ (ગજબ છે) ! જેમ ક્ષેત્રની ગંભીરતાનો પાર ન મળે, કાળની ગંભીરતાનો પાર ન મળે, એમ એના ગુણની ગંભીરતાનો પાર ન મળે. આહા..હા..!

નાસ્તિક એક વાર ક્ષેત્રનો વિચાર કરે. મેં એક ફેરી કહ્યું હતું. ત્યાં મહેરબાનજી પારસી હતા, 'જામનગર'ના દિવાન હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. છેલ્લો દિવસ હતો ને ? અહીંયા આ બાજુ આવવાનો પરિવર્તન કરવાનો છેલ્લો (દિવસ). ન્યાં બધા આવ્યા હતા. પછી ન્યાંથી ઉઠીને ધુમાડ છે ત્યાં ગયા હતા. એનો છોકરો સાથે હતો અને ડૉક્ટરનો છોકરો. ડૉક્ટર મોટો નહિ ? 'પ્રાણજીવન' ડૉક્ટર. અઢી હજારનો પગાર હતો. પછી છેવટે અહીંયા ગયા પછી એટલું બેઠા હતા. કીધું, તમે એટલો વિચાર કરો, બીજું બધું એક કોર રાખો. આ જે આ ક્ષેત્ર છે. આ જગત થઈ રહ્યું અસંખ્ય જોજનમાં (થઈ રહ્યું.) પછી ક્ષેત્ર, પછી ક્ષેત્ર, કંઈ ક્ષેત્ર હશે કે નહિ ? અને એ ક્ષેત્ર ક્યાં સુધી છે ? દસે દિશામાં અનંત અનંત (ક્ષેત્ર છે). એમાં ચૌદ બ્રહ્માંડ તો એક રાઈ જેટલો છે. આહા..હા..! દસે દિશામાં અમાપ ! ક્યાંય ક્ષેત્રનું માપ ન મળે કે હવે ક્ષેત્ર, આકાશ થઈ રહ્યું. એવા અમાપ અમાપ દસે દિશાના ક્ષેત્રમાં આ ચૌદ બ્રહ્માંડ અસંખ્ય જોજનનો છે એ તો એક રાઈ જેટલો છે. આહા..હા..! એ વસ્તુ શું છે ? એ વસ્તુ સ્વરૂપ શું છે ? ક્ષેત્રનો શું સ્વભાવ ? કાળનો શું સ્વભાવ ? ભાવનો શું સ્વભાવ ? અને પર્યાયનો શું સ્વભાવ ? આ અભ્યાસ એને કહે છે ને ! આહા..હા..! એ ૧૪૩ (બોલ પૂરો થયો).

**સાચું સમજતાં વાર ભલે લાગે પણ ફળ આનંદ અને મુક્ત છે. આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે. ૧૪૪.**

**'સાચું સમજતાં વાર ભલે લાગે...'** સમજતાં સમજતાં જરી વાર લાગે. અપૂર્વ વાત છે, અનંત કાળમાં સમજ્યો નથી. અનંતવાર મુનિ થયો તો અગિયાર અંગના જ્ઞાન કર્યાં પણ છતાં સમજ્યો નથી. આહા..હા..! જેને જાણવો જોઈએ તેને જાણ્યો નહિ. આહા..હા..! **'સાચું સમજતાં વાર ભલે લાગે પણ ફળ આનંદ અને મુક્તિ છે.'** આહા..હા..! અનંત અનંત સ્વભાવનો સાગર, અમાપ જેના ગુણોનો ક્યાં હદ થઈ રહી અનંતની એ હદ નથી. એટલે કે એની સંખ્યાની હદ જ્યાં નથી. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એને સમજતા થોડી ભલે વાર લાગે પણ સમજણનું ફળ તો અનંત જ્ઞાન અને અનંત આનંદ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આરે...! આવી વાતું છે આ.

વસ્તુ ભગવાન આત્મા, જેના માપ આવી શકે પણ અમાપ શક્તિ ગુણો છે. અમાપ એટલે કે એમાં કાંઈ હદ નથી કે આટલા આટલા અનંતા. આહા..હા..! અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ને અનંત ગુણા કરી નાખો તોપણ એ ગુણની હદ થઈ રહી હવે, એમ નથી. આહા..હા..! આવું જે ભગવાન આત્માનું સ્વરૂપ છે. ઊંડા તળીયે પડેલા શક્તિઓનો સાગર ભગવાન,... આહા..હા..! એને સમજતા, સમકિત થતાં વાર ભલે લાગે પણ તેના ફળ અનંત જ્ઞાન અને અનંત આનંદ છે. આહા..હા..! 'અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો' અનંત સમાધિ, શાંતિ. અનંતાનુબંધી ગયે જે શાંતિ આવે એ તો અંશ છે. આહા..હા..! જે શાંતિનો અંશ અનંત કાળમાં નહોતો કર્યો એવો થયો. ભલે વાર લાગી અને એમાં જતા–સ્થિર થતાં કાંઈ વાર લાગે પણ જેમાં સ્થિર થતાંનું ફળ... આહા..હા..! આ લોકો નથી કહેતા કે ભાઈ ! આ ભણ્યા એનું પરિણામ શું આવ્યું ? પરિણામ એટલે ફળ. સાત ચોપડીવાળાના અભ્યાસનું ફળ શું ? એમ આ સ્વરૂપને સમજવાને વાર લાગે પણ

સમજણ થતાં તેના ફળનું અમાપપણું છે. કારણ કે અમાપ એવા ગુણો જેની હદ નથી એનો અંતરમાં અભ્યાસ થતાં પુરુષાર્થની ઉગ્રતા થતાં વાર લાગે... આહા..હા..! પણ તેના ફળ અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, શાંતિ એટલે ચારિત્રની દશા, આનંદ તે સુખ, અનંત પ્રભુતા પર્યાયમાં, દરેક પર્યાયની અનંતી ઈશ્વરતા,.. આહા..હા..! એનું આટલું ફળ (આવે) એટલે સમજતા વાર લાગે છતાં સમજવામાં પ્રયત્ન કરવો, એમ કહે છે. સમજાણું કાંઈ ? એણે વ્રત ને તપનો અભ્યાસ કરવો એમ નથી કહ્યું. આહા..હા..! એક ઉપવાસ કરતાં કરતાં છ-છ મહિનાના અપવાસ કરવાનો અભ્યાસ કરવો. પણ એ કોઈ ચીજ નથી, એ તો સંસાર છે, રાગની ક્રિયા છે. આહા..હા..!

ભગવાન પરિપૂર્ણ અમાપ શક્તિનું અમાપપણું એટલે અનંતનું, હોં ! પણ અમાપ એટલે માપમાં ન આવી શકે એમ નથી કાંઈ. જ્ઞાનની પર્યાયમાં એનું પ્રમાણ–માપ આવી જાય છે. અનંતનું અનંતપણે માપ આવી જાય છે. શું કહ્યું એ ? વસ્તુના–પ્રભુના એક એકના ગુણો એટલા છે કે અમાપ છે. માપ એટલે કે એની હદ નથી. હદ નથી એટલે હવે સંખ્યા થઈ રહી,... આહા..હા..! એવી કોઈ મર્યાદા છે જ નહિ. સંખ્યા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ને હવે થઈ રહી (એમ નથી). આહા..હા..! આવા તત્ત્વનો અભ્યાસ કરતાં ભલે થોડી વાર લાગે પણ એના ફળ પ્રભુ ! આહા..હા..! અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત શાંતિ (આવે). આહા..હા..! માટે કરવાનું તો તે છે. બાકી બધા થોથા સંસારમાં રખડવાના છે. આહા..હા..!

**'આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે.'** કેમ કે તેમાં અનંત... અનંત... અનંત... અમાપ આનંદ પડ્યો છે. આનંદનો ગુણ એ પણ અમાપ છે. એ અનંત... અનંત... અનંત... એ આનંદની શક્તિ પોતે અનંત... અનંત... અનંત (છે). આહા..હા..! એવા સ્વરૂપનું ભાન થતાં અને સ્થિરતા થતાં વાર લાગે પણ સ્થિરતા થઈ... આહા..હા..! તો જીવમાં એકાગ્ર થાય ત્યાં આનંદ જ ઝરે. અતીન્દ્રિય આનંદ પર્યાયમાં ઝરે. ડુંગરમાંથી જેમ પાણી ઝરે, ખરે, ડુંગરમાંથી ધારા વહે, એમ ભગવાન આનંદનો સાગર પ્રભુ ! આનંદનો ડુંગર પોતે ધ્રુવ, આહા..હા..! એમાં એકાગ્ર થતાં પર્યાયમાં આનંદ

ઝરે, અતીન્દ્રિય આનંદ પર્યાયમાં અનુભવમાં આવે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! ભાષા ટૂંકી છે, ભાવ ઘણાં (ગંભીર) ! ૧૪૪ (બોલ પૂરો થયો).

**રાગનું જીવતર હોય તેને આત્મામાં જવાનું બને નહીં. રાગને મારી નાખ તો અંદર જવાય. ૧૪૫.**

૧૪૫, આહા..હા..! **'રાગનું જીવતર હોય તેને આત્મામાં જવાનું બને નહીં.'** શું કહે છે ? જેને રાગનો પ્રેમ ને રાગના પ્રેમે જીવવું છે... આહા..હા..હા..! જેના જીવનમાં રાગનો પ્રેમ છે, જેનું જીવન રાગમય છે. આહા..હા..હા..! **'રાગનું જીવતર હોય...'** જીવતરનો અર્થ એ જીવન. રાગ તે ટકતી ચીજ નથી છતાં તે જ મારી ચીજ છે એમ જીવતર જેનું હોય. આહા..હા..! પછી ભલે શુભરાગ હો કે અશુભ હો પણ એ રાગનું જીવતર જેને છે. આહા..હા..હા..હા..!

**'તેને આત્મામાં જવાનું બને નહીં.'** રાગનું જેને જીવતર છે તેને સ્વભાવનું મૃત્યુ છે. આહા..હા..! અને જેણે રાગનું મૃત્યુ કર્યું છે તેને હાથમાં સ્વભાવનું જીવન જીવન આવ્યું છે હાથમાં. આહા..હા..! શું છે ઇ ? કોઈ પણ રીતે શુભ ને અશુભભાવના અસંખ્ય પ્રકાર છે એ રાગના રંગમાં રંગાયેલું જેનું જીવતર છે, એ અંતરમાં નહીં જઈ શકે. આહા..હા..! ભગવાન અંતરમાં વીતરાગ સ્વરૂપ છે. આત્મા અંદર જિન સ્વરૂપ છે.

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

પોતાના અભિપ્રાયના મતમાં ઘેલા, પાગલ થઈ ગયેલા, રાગના રસીલાઓ,... આહા..હા..! જેના રાગમય જીવન છે. આહા..હા..! અને જે રાગમાં રંગાઈ ગયેલા છે એવું જેનું જીવતર (છે) એ અંદરમાં નહીં જઈ શકે. કારણ કે અંદર વસ્તુ છે એ વીતરાગ સ્વરૂપ છે, જિન સ્વરૂપ છે. જિન કહ્યું ને ? 'ઘટ ઘટ અંતર જિન વસે'

જિન પરમાત્મ સ્વરૂપ જ ઘટમાં વસે છે. અને 'ઘટ ઘટ અંતર જૈન'. જેને રાગનો રંગ અને જીવતર છે એને અરાગ એવો જે ભગવાનઆત્મા નહિ હાથ આવે. આહા..હા..! ચાહે તો દયા, દાન, વ્રત, તપનો રાગ (હોય) અને એ રાગનું જેને જીવતર જીવવું છે કે અમે વ્રત પાળિયે છીએ ને બ્રહ્મચર્ય પાળિયે છીએ, ભક્તિ કરીએ છીએ, કરોડોના દાન કરીએ છીએ એવા જે રાગ ભાવ, એ રાગનો જેને રંગ ને જીવતર જીવી રહ્યો છે એને રાગ રહિત જીવતરમાં નહીં જઈ શકે. આહા..હા..! આખું વાચ્યું છે કે નહિ ('ભાઈ' !) વાંચ્યું ને ? કેટલી વાર ? એક જ વાર ? બે વાર. ઠીક ! આહા..હા..!

મુમુક્ષુ :– આખુ રહસ્ય ન સમજાય.

ઉત્તર :– વાત તો સાચી, બાપા ! વાત તો એવી છે, એવી ચીજ છે. આહા..હા..! ભાષા તો સાદી આવી છે ને પણ ભાવ ઘણો અંદર ઊંડો છે. આહા..હા..!

મુમુક્ષુ :– આખું વચનામૃત લખીને મહાઅમૃત કાઢીએ છીએ.

ઉત્તર :– વસ્તુ સ્થિતિ એવી છે. બહેનને તો અનુભવમાંથી આવેલી આ વાત છે. આ કોઈ ગોખી રાખ્યું છે ને ધારી રાખ્યું છે એમાંથી વાત આવી છે (એવી) વાત નથી. આહા..હા..! ભાષા તો જુઓ ! રાગનું જેને જીવતર છે. શું કહે છે આ ? જેને રાગના કણ ઉપર પણ જેનું જીવન નામ ટકી રહ્યો છે,... આહા..હા..! એને ભગવાન વીતરાગ સ્વરૂપ છે તેમાં એ નહિ જઈ શકે એનું વીતરાગી જીવન નહિ થઈ શકે. સમજાય છે કાંઈ ? વચનામૃત વાંચ્યું ને ? કેટલી વાર વાંચ્યું ? 'ભોપાલ' ! હેં ! એકવાર. હિન્દી તો હમણાં આવ્યું ને ? નહોતું પહેલું ? નહિ હોય. ભેટમાં આવ્યું હશે. હવે તો બહુ છપાઈ ગયા. આજે (એક ભાઈ) લાવ્યા હતા. દસ હજાર હિન્દી આવ્યા છે, નવા આવ્યા છે, હોં ! નવા. આ જુના (છે). આહા..હા..!

જેને રાગનો રસ છે, રાગનો પ્રેમ છે, જેનું રાગમય જીવન છે... આહા..હા..! એ આત્મામાં જવાનું બને નહિ. એ આત્મા વીતરાગ મૂર્તિ પ્રભુ અંદર છે. એ રાગના જીવનના જીવનારાઓ વીતરાગ સ્વરૂપ આત્મામાં નહીં જઈ શકે. આહા..હા..! બીજી રીતે કહીએ તો વ્યવહાર રત્નત્રયનો પણ જે રાગ છે ભલે એને નિશ્ચય નથી, છતાં વ્યવહાર એમ કહેવાય છે ને ? 'બંધ અધિકાર'માં લીધું છે ને ? અભવી વ્યવહાર કરે છે છતાં વસ્તુ નથી. વ્યવહાર કરે છે. મિથ્યાદૃષ્ટિને છે તો વ્યવહારાભાસ. પણ

એને વ્યવહાર પણ (કહે છે). આહા..હા..! ટૂંકમાં એને ખ્યાલ આપવો છે. આહા..હા..! જેને એ વ્યવહાર રત્નત્રયનો રાગ છે અને એનું જીવન જ એના ઉપર છે એ અંતરમાં, સ્વરૂપમાં જઈ નહીં શકે. આહા..હા..! ઓઝલમાં પડેલો પ્રભુ અંદરમાં એ રાગના પડદામાં પડ્યો છે એને ઓઝલમાં પડેલો ભગવાન હાથ નહીં આવે. આહા..હા..! ભાષા તો બહુ ટૂંકી છે પણ ભાવ ઘણાં ગંભીર છે.

અંદરમાં કોઈ પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાએના રાગનું જેને જીવન જ એ છે કે અમે તો બસ વ્રત પાળિયે ને ભક્તિ કરીએ ને પૂજા કરીએ... આહા..હા..! એવા રાગના જીવનને જીવે છે, (એ) મિથ્યાદૃષ્ટિ છે. એને અંતરમાં રાગ વિનાની ચીજમાં રાગના જીવનવાળાને જઈ નહીં શકે. આહા..હા..! એ એક વાર રાગને ઝેર તરીકે જાણશે ત્યારે અમૃતસ્વરૂપ ભગવાનમાં જઈ શકશે. આહા..હા..! શરીર, વાણી, મન તો ક્યાંય રહી ગયા, બહાર રહી ગયા પણ અંદરમાં જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ (આવે)... આહા..હા..હા..! એ રાગમાં જેનું જીવન છે ને આ રાગથી અમે જીવીએ એ અમારું કર્તવ્ય છે ને એ અમારું જીવન છે. આહા..હા..! એવા રાગના જીવનથી જેના જીવતર ઘડાય ગયા એને ભગવાન વીતરાગમૂર્તિમાં જઈ નહીં શકે. આહા..હા..!

રાગનું જીવન જેને તોડી નાખે (અર્થાત્) એ હું નહિ, એ નહિ. રાગમાં ટકુ છું ને રાગને લંબાવીને ઘણો કાળ તેમાં રહું છું, એ કોઈ ચીજ નથી. આહા..હા..! જેને વ્યવહાર રત્નત્રયના રાગના રસનું પણ જીવતર ઊડી જાય. અમે આમ વ્રત પાળિયે છીએ ને દાન કરીએ છીએ ને મંદિરો બનાવીએ ને આમ ગજરથ કાઢીએ ને... એ બધા રાગના રસીલાઓ. આહા..હા..! રાગના રંગે ચડી ગયેલાના જીવતરને જીવ સ્વરૂપ ભગવાન વીતરાગી મૂર્તિ પ્રભુ છે એમાં નહીં જઈ શકે. આહા..હા..! એ રાગને મારી નાખશે તો જીવી જશે. આહા..હા..! છે ?

**'જવાનું બને નહીં. રાગને મારી નાખ તો અંદર જવાય.'** આહા..હા..! રાગ કોઈ ચીજ જ નથી. મારી ચીજમાં એ વસ્તુ જ નથી. રાગને, ઉદયભાવને મારી નાખ. આહા..હા..! જે શુભરાગ છે એને પણ મારી નાખ અને જીવતર જીવવાનું જે ચૈતન્ય છે ત્યાં જા તો એ જઈ શકશે. રાગને મારી નાખશે તો જીવતર ચૈતન્યનું છે ત્યાં જઈ શકશે. 'શેઠ' ! આવી વાતું છે. આહા..હા..! અરે..! ત્રણ લોકના નાથે કહ્યું છે

તે આ બધી ભાષા છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'રાગને મારી નાખ...'** આહા..હા..! એટલે કે રાગની તુચ્છતા ગણીને ત્યાંથી લક્ષ છોડી દે. અમે આમ કરીએ છીએ ને અમે આમ કર્યા છે ને અમે આમ કર્યું છે ને,... આહા..હા..! એવા રાગને પણ તુચ્છ ગણી અને મહાપ્રભુ ભગવાન છે ત્યાં જા, તને આનંદ આવશે. રાગમાં રહ્યો છો એ તો તને આકુળતા છે, પ્રભુ ! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ (હો), એ આકુળતા છે. એ આકુળતાના રંગાયેલા જીવતરવાળાને અનાકુળ એવો ભગવાનઆત્મા હાથ નહીં આવે એને. આહા..હા..! એક વાર રાગને મારી નાખ. નહિ, તું વસ્તુ જ નથી. મારું જીવન ચૈતન્યમૂર્તિ ભગવાન અંદર છે એના ઉપર હું જાઉં એ મારું જીવન છે. આહા..હા..! વ્યવહારના જીવન એ મારા જીવન નથી. આહા..હા..! હવે અત્યારે તો આ મોટી વાતું ચાલે છે. આ વ્રત કેવા પાળે છે ને શરીરથી બ્રહ્મચર્ય કેવું પાળે છે ને મંદિરો કેટલા બનાવ્યા ને...

વિશેષ કહેશે.... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

અષાઢ વદ ૧૨, સોમવાર તા. ૩૧-૦૭-૧૯૭૮.
વચનામૃત–૧૪૬ થી ૧૪૮. પ્રવચન–૫૩

**કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી. આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. તું તારા સ્વભાવને ઓળખ. અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ. આત્માનું લક્ષણ-ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર. ૧૪૬.**

૧૪૬ બોલ છે, ૧૪૫ થયા. '**કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂને છોડતાં નથી.**' શું કહે છે ? જે દ્રવ્યનું કાયમી સ્વરૂપ છે તે દ્રવ્ય કદી છોડતા નથી. ચાહે તો આત્માનું હો કે પરમાણુનું હો. એનો જે ત્રિકાળી સ્વભાવ, આખી વસ્તુ જે છે એ એના સ્વરૂપને કોઈ દિ' તે તત્ત્વ છોડતું નથી. આહા..હા..!

'**આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે;...**' એનું તો ત્રિકાળી પરમ શુદ્ધ સ્વરૂપ છે. એનું એ અહીં લેવું છે. કોઈ પણ પદાર્થ પોતાનું કાયમી સ્વરૂપ છે તેને છોડતું નથી. હવે એમાં આત્મા જે છે એ તો શુદ્ધ અનંત આનંદનું ધામ ભગવાન (છે). અત્યાર સુધી સિદ્ધ થયા, જે કાળની આદિ નથી, એવા સિદ્ધની આદિ નથી એટલા અનંત અનંત સિદ્ધ થયા, એથી અનંત ગુણા એક આત્મામાં ત્રિકાળી ગુણ છે. એનું એ ત્રિકાળી સ્વરૂપ છે.

તેથી પ્રથમ આવ્યું હતું ને ? 'वंदित्तु सव्व सिद्धे' અનંત અનંત સિદ્ધો ! જેની આદિ નહિ એ સંખ્યા કેટલી ! આહા..હા..! ભૂતકાળના સમય કરતાં એ સિદ્ધની સંખ્યા અસંખ્યમે ભાગે. શું કીધું ? શું કીધું ? ભૂતકાળ જે છે અનાદિથી વર્તમાન સુધી છે એ કાળના સમય જે છે એને અસંખ્યમે ભાગે સિદ્ધ છે. અથવા સિદ્ધની સંખ્યા જે અનંત છે એના કરતાં ગયા કાળથી અત્યાર સુધીના સમયો અસંખ્ય ગુણા

છે. આવી ભાષા સાદી તો છે પણ પકડાવું (જોઈએ). ('ભાઈ' !) શું કીધું ? આહા..હા..! આ તો જેને અનંતા સિદ્ધો પ્રથમ ગાથામાં પર્યાયમાં સ્થાપીને પછી 'સમયસાર' શરૂ કર્યું. આહા..હા..! એ પ્રભુએ તો સ્થાપ્યું પણ તું સ્થાપ ત્યારે પ્રભુએ, ભગવાને સ્થાપ્યું એમ કહેવામાં આવે. આહા..હા..! અનંતા અનંતા સિદ્ધો ! ભાઈ ! શું છે ? બાપુ ! આહા..હા..! જેની સંખ્યાની આદિ નહિ એટલા કાળના અનાદિ અનાદિ, અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આહા..હા..!

એવા અનંત સિદ્ધોની સંખ્યા કરતાં પણ એક દ્રવ્યમાં અનંત ગુણનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પે'લું આકાશથી લેતા. એ તો વળી બીજી (વાત), આ તો હવે સિદ્ધથી લીધું. આહા..હા..! અત્યાર સુધી સિદ્ધ પરમાત્મા–ણમો સિદ્ધાણં (થયા) એની સંખ્યા જે અનંત છે એથી અનંત ગુણા આત્માનું દ્રવ્યનું સ્વરૂપ જે ગુણી એ ત્રિકાળી ગુણ અનંત ગુણ સ્વરૂપ છે. આહા..હા..! અરે..! એણે ક્યાં કોઈ દિ' જોયું કોણ શું છે ? બહારની માથાકુટ કરી કરીને અનંત કાળથી મરી ગયો.

અહીંયા કહે છે કે **'કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને...'** કાયમી ત્રિકાળી સ્વરૂપ છે તેને છોડતું નથી. એમાં **'આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે;...'** અહીંયા ત્રિકાળી લેવો છે, હોં ! આહા..હા..! વસ્તુ જે ત્રિકાળ, ત્રિકાળ વસ્તુ ભગવાનઆત્મા ! અનંત ગુણનો પિંડ પ્રભુ ! સિદ્ધથી અનંત ગુણા ગુણો, એવું એનું સ્વરૂપ તો અનાદિનું છે, અનાદિનું છે. આહા..હા..!

**'આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી.'** આ વસ્તુ છે એની અહીં વાત છે અત્યારે. આહા..હા..! પરમ તત્ત્વ જે શુદ્ધ વસ્તુ પરમ પરિણામિક સ્વભાવ ભાવ, જ્ઞાયકભાવ નિજ પરમાત્મદ્રવ્ય જે વસ્તુ છે, નિજ પોતાનું પરમાત્મ દ્રવ્ય જે વસ્તુ (છે) એ તો શુદ્ધ છે, ત્રિકાળ એકરૂપ શુદ્ધ છે. એની અંદરમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. આહા..હા..! એ સ્વરૂપને કહેવું છે. ક્ષાયિકભાવ, ક્ષયોપશમભાવ, ઉપશમભાવ, ઉદયભાવ. આહા..હા..! ચાર ભાવ છે એ પર્યાયના છે. આહા..હા..! જેનું શુદ્ધ ત્રિકાળી સ્વરૂપ ભગવાન આત્મા કોઈ પણ પોતાના ત્રિકાળી સ્વરૂપને છોડતા નથી. (પેલાભાઈ) નથી આવ્યા ? ઠીક. (ભાઈ) આવ્યા ? ઠીક. સમજાણું કાંઈ ? આહા..હા..!

પહેલો તો એ સિદ્ધાંત કર્યો કે કોઈ દ્રવ્ય પોતાનું કાયમી સ્વરૂપ છે તે છોડતું નથી–એક વાત. **'આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે.'** આહા..હા..! પરમ પવિત્ર સ્વરૂપે અનંત અનંત ગુણ સ્વરૂપ તો ત્રિકાળી છે. એમાં તો ક્ષયોપશમ, ક્ષાયિક, ઉપશમ, ઉદયભાવ પણ નથી. આહા..હા..! ત્રિકાળી સ્વરૂપ જે સમ્યગ્દર્શનનો વિષય છે... આહા..હા..! જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે (તેમાં એ ચાર ભાવ નથી). આહા..હા..!

એ આવ્યું ને ૩૨૦ ગાથામાં, નહિ ? સકળ નિરાવરણ... આહા..હા..! અખંડ એક, અખંડ એક, પ્રત્યક્ષ પ્રતિભાસમાન. પર્યાયમાં આખું તત્ત્વ પ્રત્યક્ષ ભાસે. આ પરમ પારિણામિક સ્વભાવ ભાવ, ત્રિકાળી જ્ઞાયકભાવ એ પ્રત્યક્ષ પ્રતિભાસમાન અવિનશ્વર (છે). જેમાં પલટો પણ નથી એવી અવિનાશી વસ્તુ જે છે. આહા..હા..! એ શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ. શુદ્ધ સહજ સ્વભાવ, એવો પરમભાવ એ જેનું લક્ષણ, એવું જે નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું. આહા..હા..! તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવ પણ હું નહિ. આવી વાતું બાપુ ! બહુ આકરી. ધર્મ બહુ ઝીણી વાત છે, ભાઈ ! ઇ લોકો ભલે કલ્પે બહારથી, આહા..હા..! બહારના જાણપણા ને બહારની ક્રિયાઓ ને એ તો બધી થોથા છે. આહા..હા..!

ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ તત્ત્વ એટલે કે અનંત અનંત ગુણ સ્વરૂપ જે ત્રિકાળી તે આત્માનું વાસ્તવિક ત્રિકાળી સ્વરૂપ દ્રવ્ય સ્વરૂપ (છે) તેમાં તો જ્ઞાનનો ક્ષયોપશમભાવ, ચાર જ્ઞાન પ્રગટ્યા હોય પર્યાયમાં પણ એ કાંઈ વસ્તુમાં નથી. કેવળજ્ઞાન ક્ષાયિકભાવ પ્રગટ્યું હોય એ પણ કાંઈ વસ્તુમાં નથી. ('ભાઈ' !) આ કોઈ દિ' સાંભળ્યું નથી, એવી વાતું છે આ. લાદીના વેપાર ને ધંધા કરી કરીને... આહા..હા..!

જેને કેવળજ્ઞાન ને અનંત આનંદ એવા ચતુષ્ટય કેવળીને પ્રગટ છે એ પર્યાય ને ક્ષાયિક સમકિત છે લ્યો ! એ પણ પર્યાય છે, એ દ્રવ્યમાં નથી. આહા..હા..! એ તો ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ, પરમ સ્વભાવ ભાવ સ્વરૂપ (છે). અહીં તો સમ્યગ્દર્શનનો વિષય આ છે અને એ ત્રિકાળી સ્વરૂપી વસ્તુ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ક્ષાયોપશમિક આદિ,... આહા..હા..! રાગાદિ જે ભાવ છે, મિથ્યાત્વાદિ ભાવ છે એ તો સ્વરૂપમાં છે જ નહિ. માન્યતા ભલે કરે કે હું રાગ છું, અલ્પજ્ઞ છું, માને પણ એ માન્યતા કાંઈ વસ્તુમાં નથી. આહા..હા..! તેમ ઉપશમ સમકિત થાય, ઉપશમ

ચારિત્ર થાય, પર્યાયમાં શાંતિ ઉપશમરૂપ (પ્રગટે) પણ એ કાંઈ દ્રવ્યમાં નથી. આહા..હા..! ત્રિકાળી જેનું એકરૂપ સ્વરૂપ (છે) એમાં આ ક્ષાયિકના ભાવ, ક્ષયોપશમના ભાવ, ઉદયના ભાવ, ઉપશમના ભાવ એમાં નથી. આહા..હા..! એ તો પર્યાય છે.

વસ્તુ ભગવાનઆત્મા પરમ પરમાત્મ નિજ સ્વરૂપ જે સમ્યગ્દર્શનનો વિષય છે... આહા..હા..! તેવા તત્ત્વના દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ દ્રવ્યમાં ક્ષયોપશમ આદિ ભાવ નથી. આહા..હા..! જેના ધ્યેયે ક્ષાયિક સમકિત થાય, જેના ધ્યેયે ક્ષયોપશમ, ઉપશમ સમકિત થાય, પણ એ વસ્તુ એમાં નથી. આહા..હા..! એ તો પર્યાયમાં છે. આવી વાતું. આ તો ત્રિકાળી વસ્તુ છે એ એમ ને એમ રહે છે, કોઈ દિ' ફરતી નથી ને એકરૂપ રહે છે. અને પોતાના વાસ્તવિક પૂર્ણ સ્વરૂપ રૂપ ભાવ તેને તે તત્ત્વ છોડતું નથી. આહા..હા..!

**'ક્ષાયોપશમિક આદિ...'** એટલે ચાર (ભાવ). ઉદયભાવ, ગતિ–નરક ગતિ, મનુષ્ય ગતિ આદિ, સ્વર્ગ ગતિ આદિ. રાગાદિ–જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એવો રાગ એ ઉદયભાવ એ કાંઈ સ્વરૂપમાં નથી.

મુમુક્ષુ :– ચારે ભાવ કર્મ સાપેક્ષ છે ?

ઉત્તર :– ચારે ભાવ કર્મ (સાપેક્ષ) છે. એ દ્રવ્યમાં નથી. વિકારીભાવ હોય કે નિર્વિકારી પર્યાય હોય, ક્ષાયોપશમિક હોય કે ક્ષાયિક હોય. એ વસ્તુ જે એકરૂપ ત્રિકાળ એકરૂપ વસ્તુ છે. આહા..હા..!

નિજ પરમાત્મ દ્રવ્ય કહ્યું ને પહેલું ? પોતાનું મૂળ સ્વરૂપ પરમાત્મ દ્રવ્ય જે વસ્તુ છે એ કોઈ દિ' પોતાન સ્વરૂપને છોડતી નથી એટલે પર્યાયમાં આવતી નથી ને પરમાં જાતી નથી. આહા..હા..! અને જે વસ્તુ ત્રિકાળ સ્વરૂપ છે તેમાં ઊણપ આવતી નથી, અધિક થાતું નથી, વિપરિત થાતું નથી. આહા..હા..! એ તો વસ્તુનો સ્વભાવ ત્રિકાળ આનંદ દળ પ્રભુ ! આહા..હા..! જ્ઞાયકભાવનો ભાવ ભરપૂર એકરૂપ (છે) તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવ નથી. આહા..હા..!

ધર્મની જે દશા પ્રગટ થાય સમકિત, જ્ઞાન, ચારિત્ર, વીતરાગતા... આહા..હા..! એ બધી પર્યાયો ત્રિકાળી વસ્તુમાં નથી. આહા..હા..! તો આ શરીર, કર્મ ને રાગ ને ફાગ ને આ ધૂળના બહારના (ભપકા) એ બધા તો એની પર્યાયમાં પણ નથી.

શું કીધું ? આ શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ, ધંધાની ક્રિયાઓ ઇ તો આત્માની પર્યાયમાં પણ નથી. ('ભાઈ' !) આહા..હા..! પણ એની પર્યાયમાં જે વિકૃત ને અવિકૃત અવસ્થાઓ છે, અવિકૃત અપૂર્ણ ને પૂર્ણ અવસ્થાઓ છે એ પણ ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ જે ધ્રુવ સ્વરૂપ, એકરૂપ વસ્તુ તેમાં એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તું તારા સ્વભાવને ઓળખ.'** આહા..હા..! એ ત્રિકાળી જે સ્વરૂપ છે તેને ઓળખ. ઓળખે એ તો પર્યાય છે પણ ઓળખવાની પર્યાય ઓળખે છે આને. આહા..હા..! **'તું તારા સ્વભાવને ઓળખ.'** આ સ્વભાવ ત્રિકાળીની વાત છે, હોં ! પર્યાય સ્વભાવ તો અંદર છે જ નહિ. આહા..હા..! **'અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ.'** આહા..હા..! જે વસ્તુ છે નિત્યાનંદ પ્રભુ ! સચ્ચિદાનંદ પરમાત્મ દ્રવ્ય પોતાનું (છે), જેમાં પર્યાયો નથી પણ અનંત ગુણની રત્નમાળાઓ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જેમાં ક્ષાયોપશમિક આદિ પર્યાયો નથી એવા તારા સ્વભાવને ઓળખ.

**'અનંત ગુણરત્નોની માળા...'** આહા..હા..! અનંત ગુણના હારડા પડ્યા છે અંદર. આહા..હા..! જેમાં પર્યાય નથી પણ ગુણોની હાર, સંખ્યા એટલી અનંત છે કે જેનો પાર નથી, જેનો અંત નથી. કેટલા ગુણો અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એનો અંત નથી. એવા અનંત ગુણોની રત્નોની માળા... આહા..હા..! અંદર પડી છે.

ભગવાન આત્માના ધ્રુવ સ્વભાવમાં અનંત ગુણની રત્નમાળા અંદર પડી છે. આહા..હા..! પર્યાય નથી એમ કીધું પણ છે શું ત્યારે ? અનંત ગુણરત્ન સ્વરૂપ માળાઓ અંદર ધ્રુવ પડી છે. આહા..હા..! એને ઓળખ. આહા..હા..! અનંત અનંત રત્નો, ચૈતન્ય રત્નો ધ્રુવ જેના સ્વભાવમાં અનંત શુદ્ધ સ્વભાવ ગુણો અનંત પડ્યા છે... આહા..હા..! એને ઓળખ. સંયોગને ઓળખ ને રાગને ઓળખ ને નિમિત્તને ઓળખ, પર્યાયને ઓળખ એમ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! છે કે નહિ એમાં ? **'અંદર પડી તેને ઓળખ.'** છે તેને ઓળખ.

મુમુક્ષુ :– ઓળખે તો ખરો પણ ગુરુ ઓળખાવે ત્યારે થાય ને.

ઉત્તર :– એ તો ગુરુ પોતે થાય ત્યારે પર ગુરુ કહેવાય. એવી વાતું છે, બાપા ! આહા..હા..! એ ચીજ તે શું છે ? આહા..! એક એક આત્મા ત્રિકાળ અનંત ગુણની રાશીનો ગંજ પ્રભુ ! એને કોઈ ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવની શક્તિનું

અમાપપણું અને એક એક શક્તિમાં પણ અનંતું સામર્થ્ય, એનું પણ અમાપપણું. !

'ચિદ્વિલાસ' માં આવે છે કે ગુણ છે એ અનંત પર્યાયવાળો છે અને અનંત શક્તિવાળો છે એમ બે બોલ આવે છે. એટલે શું ? કે અનંત ગુણો છે એમાં એક એક ગુણની અનંતી પર્યાય છે અને એક એક ગુણની અનંતી શક્તિ અસ્તિત્વમાં છે. એક એક ગુણમાં, હોં ! 'ચિદ્વિલાસ' માં એ શબ્દ આવે છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એક એક શક્તિની અનંતી શક્તિ. એક એક ગુણ અનંતી પર્યાયવાળો છે. ત્રિકાળ પર્યાય. ગુણમાં પર્યાય નથી પણ એના ગુણની અનંતી પર્યાયો અને એક એક ગુણમાં અનંતી શક્તિ. અનંતા ગુણોની અનંત શક્તિ એમ નહિ. એક એક ગુણની અનંતી શક્તિ. એવી બીજા ગુણની, ત્રીજા ગુણની, અનંતા ગુણની અનંત શક્તિ. આહા..હા..! અરે..રે..! એ તે ભગવાન કેવડો મોટો છે અંદર !! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'અનંત ગુણરત્નોની માળા...'** માળામાં તો હજી મણકો એક પછી એક ક્ષેત્રે હોય અને આમાં અનંત રત્નોની માળા એક પછી એક ક્ષેત્રે નથી, એક પછી એક ભાવે અંદર છે. ત્યાં ને ત્યાં અનંતા એક સમયમાં અનંતા એક સમયમાં અનંતા (ગુણો છે). સમજાણું કાંઈ ? આહા..હા..! **'તેને ઓળખ.' 'અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ.'** જેમાં અનંત ગુણની રત્નમાળા (પડી છે) એવું તત્ત્વ, એને ઓળખ. આહા..હા..! 'તેને' શબ્દ છે ને ? અનંત ગુણને ઓળખ એમ નહિ અનંત ગુણની રત્નમાળા અંદર પડી છે તેને, તેને એટલે દ્રવ્ય. આહા..હા..! ('ભાઈ' !) તો ચાર વાર વાંચી ગયા છે, ખબર છે. આ ચાર વખત વાંચી ગયા હતા, હોં ! વાંચવાનો રસ હતો. છેલ્લે ઇ કહે છે કે લગભગ વિચાર તો હતો, છેલ્લા બેઠા હતા થોડા પછી અકસ્માત થઈ ગયું એકદમ. એ તો દેહની સ્થિતિ જે છે એમાં (કોઈ શું કરે ?) પરમાણુ છે એ એનું ત્રિકાળી સ્વરૂપ છે એ પણ ન છોડે. એનું એ પરમાણુનું ત્રિકાળી સ્વરૂપ છે એ પર્યાયમાં ન આવે તો પરમા આવે એ તો વાત જ ક્યાં છે ? આહા..હા..!

ભગવાન આત્મા એક સમયમાં વર્તમાન કાયમી અનંત ગુણનું સ્વરૂપ એક, જેમાં

અનંત ગુણની રત્નમાળા એક સાથે આમ પડી છે. માળામાં તો એક પછી એક મણકો હોય, અહીં તો આમ એક સાથે આમ પડ્યું છે બધું. આહા..હા..! સમજાણું કાંઈ ? એને ઓળખ. એટલે ? અનંત ગુણ જેમાં પડ્યા છે તેને ઓળખ, અનંત ગુણને નહિ. આહા..હા..! દ્રવ્યને (ઓળખ). અહીં કાયમી સ્વરૂપની વાત લેવી છે ને ? વાંચી ગયા કે નહિ કેટલી વાર (ભાઈ) ? એક જ વાર વાંચ્યું છે. લોઢાનો ધંધો ઘણો. આહા..હા..!

**'તેને ઓળખ. આત્માનું લક્ષણ-ત્રિકાળી સ્વરૂપ ઓળખી...'** એનું જે લક્ષણ ત્રિકાળી છે તેને ઓળખી. આહા..હા..! સમજાણું કાંઈ ? આત્માનું સ્વરૂપ–લક્ષણ, આત્માનું લક્ષણ, ત્રિકાળી સ્વરૂપ ઓળખી, **'ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર.'** આહા..હા..! એનું લક્ષણ–ત્રિકાળી સ્વરૂપ જે છે એને ઓળખીને તેની પ્રતીત કર. આહા..હા..! ભારે ! થોડા શબ્દોમાં ઘણું આવ્યું છે !!

૧૪૬ મો, આત્માનું લક્ષણ શું ? ત્રિકાળી સ્વરૂપ છે એ એનું ખરું લક્ષણ છે, ત્રિકાળી રહેવું એ એનું સ્વરૂપ છે, લક્ષણ છે. જ્ઞાન લક્ષણ છે એ ભલે, પછી અહીં તો આત્માનું લક્ષણ ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર. આહા..હા..! શું કહ્યું એ ? આત્માનું લક્ષણ એટલે ત્રિકાળી સ્વરૂપ એ એનું લક્ષણ છે. આહા..હા..! એને ઓળખીને પ્રતીત કર. ઓળખીને પ્રતીત કર – જ્ઞાન કરીને પ્રતીત કર. ('ભાઈ' !) છે ને ? બાપા ! એમાં છે, જુઓ ! ઓળખીને પ્રતીત બે બોલ લીધા, ત્રણ લીધા ત્રણ. કે એનું ત્રિકાળી સ્વરૂપ જે છે એ એનું ખરું લક્ષણ છે. આહા..હા..!

ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એકરૂપ ત્રિકાળી જેનું લક્ષણ છે,... આહા..હા..! એને ઓળખીને (પ્રતીત કર). ઓળખવું એ જ્ઞાનની પર્યાય છે. ઓળખીને પ્રતીત કર એ શ્રદ્ધાની પર્યાય છે. વસ્તુ આ છે એ જાણ્યા વિના પ્રતીત કોની ? આહા..હા..! સમજાણું કાંઈ ? ('ભાઈ' !) આહા..હા..!

આત્માનું લક્ષણ એટલે કે ત્રિકાળી સ્વરૂપ... આહા..હા..! જ્ઞાયકપણું, પરમ પારિણામિક સ્વભાવભાવપણું, પરમ સ્વભાવભાવ, સહજ ત્રિકાળી સ્વભાવભાવપણું. આહા..હા..! વસ્તુનું ત્રિકાળી સહજ સ્વભાવપણું તેનું એ લક્ષણ તેને ઓળખીને. આહા..હા..! એટલે કે ત્રિકાળી તરફમાં (વળીને) ત્રિકાળીનું જ્ઞાન કરીને. આહા..હા..! જ્ઞાનમાં જણાણું એ જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી સ્વરૂપ આવ્યું નથી. આવ્યું છે તે સંબંધી

જેટલું છે તેટલું તેમાં જ્ઞાન આવ્યું. શું કીધું ? ત્રિકાળી ભગવાનઆત્મા...! બાપુ ! એ વસ્તુ સ્વરૂપ એવું કોઈ છે. આહા..હા..! લોકોએ બહારમાં કરી કરીને બગાડી માર્યું છે. આખો ભગવાન અંદર મોટો બિરાજે છે. આહા..હા..! એની તો ખબરું ન મળે અને શ્રદ્ધા... શ્રદ્ધા... શ્રદ્ધા (કરો). શેની શ્રદ્ધા પણ ? બાપા ! આહા..હા..!

એ આત્માનું લક્ષણ... આહા..હા..! ત્રિકાળી સ્વરૂપ ઓળખી. ત્રિકાળી સ્વરૂપ એ વસ્તુ છે. કાયમ ટકતી ચીજ જે છે જેમાં અનંતા ગુણના રત્ન પડ્યા છે એને ઓળખી પ્રતીત કર, એને ઓળખીને શ્રદ્ધા કર. આહા..હા..! આમ શ્રદ્ધા, શ્રદ્ધા (કરે), અમને શ્રદ્ધા છે (એમ કહે), પણ શેની શ્રદ્ધા (છે) તને ? જે જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી જે સ્વરૂપ છે જેવું મોટું ને મહંત (છે), એ જ્ઞાનની પર્યાયમાં જણાય નહિ ત્યાં સુધી એની પ્રતીત ક્યાંથી આવી ? આહા..હા..! આવી વાતું છે, ભાઈ ! અરે..! એક વાર મધ્યસ્થતાથી સાંભળે તો ખરો, પ્રભુ ! તું સાંભળ ! આહા..હા..!

અનંતા સિદ્ધો છે એ પર્યાય છે. એ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવમાં એ પર્યાય નથી. આહા..હા..! કાયમ ત્રિકાળી એકરૂપે રહેનારી ચીજ જે વસ્તુ છે,... આહા..હા..! પર્યાય વિનાની અને અનંત ગુણથી ભરેલી, અનંત ગુણના આભરણથી ભરેલો ડાબલો મોટો છે. ડાબલો કહે છે ? ડબ્બા. આહા..હા..! એ ચીજને ઓળખીને પ્રતીત કર ત્યારે તને કલ્યાણ થશે, ત્યારે તને ધર્મ થશે, એ વિના ધર્મ નહિ (થાય). આહા..હા..! ૧૪૬ થઈ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ કોને પણ વિશ્વાસ ? શેનો ? 'મોક્ષમાર્ગ' માં નથી કહ્યું ? કે કોઈના વચનથી માન્યું તો બીજા વચનો કહેશે તે માન્યતા છૂટી જશે. એને વાસ્તવિક સ્વરૂપ ને ઓળખીને, જાણીને માન્યું નથી એ માન્યતા સાચી છે જ નહિ. આહા..હા..! ભગવાને કહ્યું માટે સાચું પણ સાચું ભગવાને કહ્યું એ શું કહ્યું ? અને શું છે એ ? એવું છે શું ? એના જ્ઞાન વિના તને પ્રતીત ક્યાંથી થાશે ? આહા..હા..! સમજાણું કાંઈ ? અને ભગવાને કહ્યું એ તારા લક્ષમાં જ્ઞાનની પર્યાયમાં આવ્યું પણ એ તો પરલક્ષે આવ્યું. એ પરલક્ષથી પણ જણાય એવો નથી. આહા..હા..! એ તો એની નિર્મળ પર્યાય જે ત્રિકાળી નિર્મળાનંદ પ્રભુ, એની જાતની પર્યાય જે નિર્મળ પ્રગટ થઈ એનાથી ઓળખાઈને પ્રતીત થાય એવું છે. આહા..હા..! કહો, ('ભાઈ' !) આવી વાતું છે.

આહા..હા..!

અરે..! પ્રભુ એક બિરાજે છે અંદર. આહા..હા..! પરમાત્મ સ્વરૂપે એકરૂપે (બિરાજે છે), જેમાં પર્યાયનો અભાવ (છે) એને પર્યાયમાં ઓળખી... આહા..હા..! અને તેને શ્રદ્ધ–પ્રતીત કર. એ ઓળખવાની પર્યાય અને પ્રતીતની પર્યાય પણ દ્રવ્યમાં નથી. આહા..હા..! તેમ ઓળખવાની પર્યાય ને પ્રતીતમાં એ આખો મહાપ્રભુ અંદર આવ્યો નથી. એ સંબંધેનું જ્ઞાન અને પ્રતીત આવી છે. આહા..હા..! એ જ્ઞાનની પર્યાયની મોટપ કેટલી ! આહા..હા..! એ શ્રદ્ધાની પર્યાયની મોટપ કેટલી !! કે જેને ત્રિકાળી આવી ચીજ છે એણે પોતાનું સ્વરૂપ કોઈ દિ' છોડ્યું નથી. એટલે કે તે પર્યાયમાં પણ એ ત્રિકાળી સ્વરૂપ આવ્યું નથી. એવી ચીજને જ્ઞાનમાં લે એ જ્ઞાનની પર્યાયની તાકાત કેટલી !! આહા..હા..! આવડા તત્ત્વને જાણે એને અડ્યા વિના. આહા..હા..! એવા (દ્રવ્યને) ઓળખીને પછી શ્રદ્ધા–પ્રતીત કર. તે આખો આત્મા પૂર્ણાનંદનો નાથ જેનું સ્વરૂપ કોઈ દિ' છૂટ્યું નથી એવા તત્ત્વની પ્રતીત થઈ એ પ્રતીતમાં તાકાત કેટલી !! આહા..હા..! છતાં એ પ્રતીત ને જ્ઞાનની પર્યાય તે ત્રિકાળી સ્વરૂપમાં નથી. આહા..હા..! છતાં એ પર્યાયને જ્ઞાન ને શ્રદ્ધા થઈ તે પર્યાયમાં ત્રિકાળી સ્વરૂપ આવ્યું નથી. ત્રિકાળી સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધા આવી છે. એ જ્ઞાનમાં ત્રિકાળી આ છે એમ જાણવું આવ્યું. ત્રિકાળી આવું છે એમ પ્રતીતમાં આવ્યું પણ પ્રતીતની પર્યાયમાં ત્રિકાળી સ્વરૂપ અંદર આવતું નથી. આહા..હા..! જેમ પર્યાય દ્રવ્યમાં આવતી છે નહિ. (નથી) એમ સમ્યગ્દર્શન ને જ્ઞાનની પર્યાય થઈ એમાં એ ત્રિકાળી તત્ત્વ નથી કાંઈ. આહા..હા..!

આવો માર્ગ વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. આહા..હા..! એ પણ દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે !! આહા..હા..! જેના એક એક શબ્દમાં, એક એક શ્લોકમાં ગંભીરતા ગંભીરતા, ગહનતા(નો પાર ન મળે). ભાઈ ! ઉપર ટપકે દેખે એવી ચીજ નથી. આહા..હા..! આ વાંચી ગયા ને આ કર્યું (એવું નથી). ભાઈ !

આ ઓળખ છે એ ધારણાની પર્યાય નથી. ધારણાની પર્યાયમાં આવો આત્મા છે, આટલા ગુણો છે એવી પર્યાયની ધારણામાં આવે પણ એ પર્યાય કાંઈ એની ઓળખની થઈ છે એ પર્યાય નથી. આહા..હા..! શું કીધું ઇ ? પર્યાયમાં ધારણા થઈ ગઈ, પર્યાયે ધાર્યું કે આ દ્રવ્ય આવડું છે ને આ ગુણ આટલા છે ને આ પર્યાય

એને જાણે તો એ સમ્યગ્જ્ઞાન કહેવાય એમ પર્યાયે ધારણા કરી, પણ એ ધારણા કરી એ કોઈ ચીજ નથી. અંદરમાં ગયો નથી, અંદર વળ્યો નથી ત્યાં સુધી એનું જ્ઞાન સમ્યક્ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ધારણા પ્રત્યક્ષ જ્ઞાન નથી પણ પરોક્ષ જ્ઞાન છે તે !

ઉત્તર :– એ પરોક્ષ જ છે અને એ પરોક્ષ પણ પ્રમાણ નથી. ઠીક ને ? ભાઈ ! પ્રમાણજ્ઞાન છે અનુમાન એ પણ પ્રમાણ છે પણ એ પ્રમાણ છે એ સત્ય છે. અને આ ધારણા છે એ પ્રમાણ એ વાસ્તવિક પ્રમાણ જ નથી. આહા..હા..!

વાસ્તવિક જે તત્ત્વ પૂર્ણ સ્વરૂપ જે (સ્વરૂપ છે)... આહા..હા..! એકલો આનંદ અને જ્ઞાનાદિ ગુણોનો રત્નનો પિંડ પ્રભુ ! ધ્રુવ, જ્ઞાયક ભાવ, પરમાત્મ ભાવ, દ્રવ્ય ભાવ, સ્વભાવ ભાવ, એની ઓળખ તો એના સન્મુખ થઈને જે જ્ઞાન થાય (તે વાસ્તવિક ઓળખાણ છે). પે'લું જે જ્ઞાન (કર્યું એ) તો પરલક્ષી ધારણાનું કરીને થયું. એ તો અગિયાર અંગ ને એવા તો અનંત વાર કર્યા. અગિયાર અંગમાં આ વાત ન આવે ? આત્મા આવડો છે ને મોટો છે ને,... સમજાણું કાંઈ ?

અગિયાર અંગ એટલે એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એવું એક આચારાંગ પદ, અઢાર હજાર પદ. એને કંઠસ્થ (હોય). ડબલ સૂયગડાંગ (છે) એને કંઠસ્થ (હોય). બાપુ ! એ કોઈ ચીજ નથી, ભાઈ ! આહા..હા..! એમાં એને અભિમાન થઈ જાય એ તો મિથ્યાત્વ છે. આવી વાત છે.

જે ત્રિકાળી સ્વરૂપ, જે એકરૂપ ત્રિકાળ (છે) તેને ઓળખ. પર્યાય તેની સન્મુખ થયો ને આશ્રય લીધો. આશ્રયનો અર્થ એટલો નથી કે એ પર્યાય દ્રવ્યમાં ભળે માટે દ્રવ્યે આશ્રય આપ્યો. આશ્રયનો અર્થ એટલો કે એ પર્યાય આમ વળી. જે આમ બહારમાં વળેલી હતી એ અંદર વળી, બસ ! આહા..હા..! એને દ્રવ્યનો આશ્રય લીધો એમ કહેવાય. છતાં તે પર્યાય દ્રવ્યમાં નથી અને તે પર્યાય થઈ તેમાં દ્રવ્ય નથી. ('ભાઈ' !) આવું છે. આહા..હા..! પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? ભાઈ ! તારી મોટપની તને ખબર નથી. આહા..હા..! તારી મોટપ પર્યાયમાં ન આવે, પર્યાય જાણે મોટપને. આહા..હા..!

મુમુક્ષુ :– દ્રવ્ય-પર્યાયના બે કટકા કરી નાખ્યા.

ઉત્તર :– બે વસ્તુ છે ને ! પર્યાય અંશ છે અને આ ત્રિકાળી એકરૂપ સ્વરૂપે છે. આહા..હા..! હવે ૧૪૭, ૧૪૬ (બોલ પૂરો થયો).

**આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે. એકને જાણતાં બધું જણાય. મૂળને જાણ્યા વિના બધું નિષ્ફળ. ૧૪૭.**

'**આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે.**' શું કીધું હવે ? આહા..હા..! જેણે આ ત્રિકાળી સ્વરૂપ જે ભગવાન પોતાનો સ્વભાવ, સ્વરૂપ કોઈ દિ' છોડતું નથી એવા આત્માનું જ્ઞાન એમાં બધું આવી ગયું. એકને બરાબર જાણ્યો એણે બધું જાણ્યું અને એકને જાણ્યા વિના અનેકને જાણે અને અગિયાર અંગના જ્ઞાનના મોટા ઢગલા કરે... આહા..હા..! એ જ્ઞાન નહિ.

'**આત્માના જ્ઞાનમાં...**' આત્મા જે વસ્તુ છે તેના જ્ઞાનમાં. (એ) પર્યાય છે, જ્ઞાનમાં એ પર્યાય છે. પણ આત્માના જ્ઞાનમાં. એ પર્યાયે આત્માનું જ્ઞાન કર્યું, પર્યાયે આત્માનું જ્ઞાન કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ ? આરે...! આવી વાતું. આ તો વ્રત કરો ને અપવાસ કરો ને પુણ્ય કરો ને એવી સહેલી સટ રખડવાની વાત (હતી). આહા..હા..! બાપુ ! મારગડા બહુ અલૌકિક છે, ભાઈ ! આહા..હા..! જન્મ-મરણથી છૂટવાની પ્રતીત કોઈ જુદી જાત છે. અને જન્મ-મરણથી છૂટવાનું સમ્યગ્જ્ઞાન કોઈ અલૌકિક વાત છે ! આહા..હા..!

જેનું–આત્માનું જેને જ્ઞાન થયું. આહા..હા..! છ દ્રવ્યનું ને પરનું જ્ઞાન થયું એ અહીં નથી. ભગવાન પંચપરમેષ્ઠીને ઓળખ્યા એ અહીં નથી, એ તો પર વસ્તુ છે. અરિહંતનું આવે છે ને ૮૦ ગાથામાં ? કે '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' પણ એ તો નિમિત્તથી કથન છે. એનું જ્ઞાન થઈને પછી અંતરમાં જ્યારે સ્વદ્રવ્યમાં વળે છે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન થાય છે. આહા..હા..! એ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણ્યા માટે તેને સમ્યગ્જ્ઞાન થયું, એમ નથી. આહા..હા..! એણે જ્યારે પોતાની પર્યાયને ગુણમાં ભેળવી, ગુણ ને દ્રવ્યમાં ભેળવી, દ્રવ્ય જે વસ્તુ ત્રિકાળ છે તેનું જ્ઞાન થયું

ત્યારે તેને સમ્યગ્જ્ઞાન (થયું). આત્માને જાણ્યો તે જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે. આહા..હા..! અરે..રે..! જગત ક્યાંય ક્યાંય ભરમાઈ ક્યાંય ઉભા છે. કો'ક ક્યાંક, કો'ક ક્યાંક, કો'ક ક્યાંક ધર્મને નામે પણ ક્યાંક ને ક્યાંક રખડીને (ભટકે છે). આહા..હા..!

**'આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે.'** એમાં બધું જ્ઞાન આવી જાય છે. આહા..હા..! 'एगं जाणहि सव्वं जाणहि' ભગવાન એકને જેણે જાણ્યું એણે બધું જાણ્યું. આહા..હા..! **'એકને જાણતાં બધું જણાય.'** ત્રિકાળી ભગવાન એક સ્વરૂપે બિરાજમાન (છે) એના જ્ઞાને જાણતા બધું જણાય. **'મૂળને જાણ્યા વિના...'** મૂળ જે ત્રિકાળી વસ્તુ છે એ મૂળ છે એને જાણ્યા વિના **'બધું નિષ્ફળ છે.'** આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન, છ દ્રવ્યનું જ્ઞાન (બધું નિષ્ફળ છે). આહા..હા..!

('બહેનશ્રીના વચનામૃત') કન્નડમાં છપાય છે, હોં ! ગુજરાતી અને હિન્દીમાં છપાઈ ગયું, કન્નડમાં છપાય છે. મરાઠીમાં તૈયાર થાય છે અને એ પછી તામિલ... શું કહેવાય ? તામિલમાં થાશે એમ લાગે છે, હળવે હળવે. નવી પ્રત આવી છે એમાં લખ્યું છે. દસ હજાર છપાણીને નવી ? કાલે (એક ભાઈ) આવ્યા હતા ને ? એમાં લખ્યું કે 'કન્નડ' છપાય છે, એવું મોઢા આગળ લખ્યું છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા, એ અહીં નથી આવ્યું, નહિ ? ઇ નથી આવ્યું ને ? આ તો જુનું છે, આ તો જુનું છે. કાલ આવ્યું, ભાઈ લાવ્યા હતા. કન્નડમાં છપાય છે, મરાઠી થાય છે, તામિલમાં થશે. આની જરૂર હતી. કુદરતના નિયમમાં એ નિયમ આવ્યો અત્યારે બરાબર. આહા..હા..!

મુમુક્ષુ :– ....તોપણ એની મહિમા...

ઉત્તર :– આરે... બાપા ! એ શું ? આ વસ્તુ શું છે ! કરોડ શું ગમે તે એની સંખ્યાનું ક્યાં છે ? આહા..હા..! એક જ ત્રિલોકનો નાથ જ્યાં ખ્યાલમાં આવ્યો એમાં બધું આવી ગયું. આહા..હા..!

**'મૂળને જાણ્યા વિના બધું નિષ્ફળ છે.'** ત્રિકાળી જ્ઞાયકભાવ, જેમાં પર્યાયનો અભાવ અને અનંત ગુણનો સદ્ભાવ (છે)... આહા..હા..! એને જાણ્યા વિના બધું નિષ્ફળ છે. સફળ છે રખડવા માટે, મોક્ષને માટે નિષ્ફળ છે. આહા..હા..!

**ચૈતન્યલોકમાં અંદર જા. અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે; તેમાં નિર્વિકલ્પ થઈને જા. તેની શોભા નિહાળ. ૧૪૮.**

૧૪૮, **'ચૈતન્યલોકમાં અંદર જા.'** પ્રભુ ! સાંભળ, કહે છે. આહા..હા..! ૧૪૮. ૧૪૮ પ્રકૃતિ છે ને ? એને છોડીને અંદર જા. એટલી યોગ્યતા પણ છે ને ? પ્રકૃતિ ભલે ત્યાં રહી પણ પર્યાયમાં એટલી જે જડ છે એમાં એ પ્રકૃતિ છે, એ તો એના કારણે ત્યાં છે પણ અહીં પર્યાયમાં એવી યોગ્યતા, ૧૪૮ પ્રકૃતિની યોગ્યતા એ છે ને એની ? ભાવ, છે એના પર્યાયમાં છે. પેલી પ્રકૃતિ તો જડમાં, અજીવમાં છે. એ તો નિમિત્તમાં છે પણ અહીં નૈમિત્તિક પર્યાય છે એમાં ૧૪૮ પ્રકૃતિની યોગ્યતાનો ભાવ છે કે નહિ ? આહા..હા..! કહો, 'ગુણવંતભાઈ' ! આ તો ગુણની વ્યાખ્યા આવે છે, બાપા ! કે ગુણ અનંત ગુણની રત્નમાળા પડી છે અંદર. આહા..હા..!

પ્રભુ ! તું **'ચૈતન્યલોકમાં અંદર જા.'** આહા..હા..! બહારના લક્ષમાં ભટકે છો, ભાઈ ! જ્યાં તું નથી ત્યાં ભટકે છે એ રહેવા દે. જ્યાં તું છો ત્યાં જા. આહા..હા..! જ્યાં પોતે નથી ત્યાંના તેના લક્ષમાં તારું જોડાણ થઈ ગયું. આહા..હા..! ત્યાં તું ડોળાઈ ગયો છો, પ્રભુ ! એ તો સંસાર છે, પરિભ્રમણ છે, દુઃખ છે. આહા..હા..! **'ચૈતન્યલોકમાં અંદર જા.'** 'चैतन्य लोकयन्ते इति लोकः' આહા..હા..! જે જણાય છે તે લોક. આ ચૈતન્યલોક જણાય છે પર્યાયમાં તે ચૈતન્યલોકમાં જા. આહા..હા..! એટલે કે તેની સન્મુખ થા. જ્યાં ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતે બિરાજે છે કે જેમાં ક્ષાયિક પર્યાયનો પણ અભાવ છે. આહા..હા..! એવો ચૈતન્યલોક છે ને પ્રભુ ! અંદર જા. આહા..હા..!

**'અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે;...'** આહા..હા..! અંદરમાં જા. એ કેવું ચૈતન્યલોક છે ? અલૌકિક શોભા (જેની છે). આહા..હા..! જ્ઞાન, દર્શન, આનંદ, આદિ અનંતા રત્નો છે એ એની શોભા છે અંદર. વસ્તુમાં અનંતા ગુણો છે-રત્નો છે એની શોભા છે. આહા..હા..! એ શોભાને નિહાળવા જા. આહા..હા..!

બહારની કોઈ શોભા-શણગાર કરીને જોવા નથી જાતા ? કે આ ભારે શણગાર કર્યો, હોં ! આણે ભારે (કર્યો છે) ! પણ બાપુ ! એ તો પર છે. એમાં જાણવામાં તને શું લાભ થયો ? જ્યાં ચૈતન્યલોક બિરાજે છે ભગવાન અંદર પૂર્ણાનંદ (બિરાજે છે)... આહા..હા..! ત્યાં જા એટલે કે તેનું જ્ઞાન કર. આહા..હા..! પહેલામાં પહેલું કરવાનું આ છે.

**'અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે;...'** આહા..હા..! જેની અનંત સંખ્યાનો અંત નથી. આહા..હા..! છતાં ક્ષેત્ર તો આટલું જ છે ત્યાં ક્ષેત્રથી અંત આવી ગયો છે. એ તો ક્ષેત્રથી અંત આવ્યો પણ એના ભાવની સંખ્યાથી અંત છે નહિ. આહા..હા..! ઊંડાણમાં એના તળમાં, તળિયામાં, ધ્રુવમાં એટલા અનંતા (ગુણો) પડ્યા છે કે એનો છેલ્લો આ અનંતનો છેલ્લો ભાગ આ ગુણ, એવું એમાં છે જ નહિ, છેલ્લું આવે એવું એમાં છે નહિ, એમ કહે છે. આહા..હા..! અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ગુણને કરતાં કે હવે આ અનંત અનંત થયા ને આ હવે છેલ્લો આવ્યો... આહા..હા..! એવું જેમાં છેલ્લો છે નહિ. આહા..હા..! આ તે શું ચીજ છે !!

**'અલૌકિક શોભાથી ભરપૂર અનંત...'** આ..હા..! ભાઈ ! કોઈ ચીજ જ કોઈ એવી છે, એ સર્વજ્ઞે જ જોઈને કહી છે બાકી બીજાનો ભાવ નથી. આહા..હા..! જેના મતમાં સર્વજ્ઞ નથી એના મતમાં એક્કે વાત સાચી હોતી નથી. આહા..હા..! કેમ કે એ સર્વજ્ઞ સ્વભાવ જ એનો કાયમી છે. જ્ઞાયકભાવ કહો, સર્વજ્ઞ સ્વભાવ કહો, ત્રિકાળી, હોં ! સર્વજ્ઞ સ્વભાવ ત્રિકાળી વસ્તુ છે તેમાં અલ્પજ્ઞનો તો અભાવ છે. એવા ચૈતન્યલોકમાં અનંત ગુણો ભર્યા છે. છે. આહા..હા..!

**'ચૈતન્યલોકમાં અંદર જા. અલૌકિક શોભાથી...'** અલૌકિક શોભાથી, લૌકિક શોભા રહિત **'અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે;'** એ ચૈતન્યલોકમાં જા, અંદર જા. આહા..હા..! ભાષા તો બહુ ટૂંકી પણ ભાવ તો બહુ ઊંડા છે.

**'તેમાં નિર્વિકલ્પ થઈને જા,'** આહા..હા..! વિકલ્પથી અંદર નહિ જઈ શક. અનંત અનંત ગુણોની શોભાથી ભરેલો ભગવાન, એ વિકલ્પ જે રાગનો અંશ સાથે છે,

શાસ્ત્ર સંબંધીનું જ્ઞાન જે છે એ લઈને અંદર નહિ જવાય. આહા..હા..! અનંત અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે તેમાં, છે તેમાં નિર્વિકલ્પ થઈને જા. વિકલ્પનો અંશ પણ લક્ષમાં હશે ત્યાં સુધી અંદર નહિ જવાય. પર્યાયનું લક્ષ રહેશે ત્યાં સુધી પણ અંદર નહિ જવાય. આહા..હા..! આવી વાત !

**'તેમાં...'** તેમાં એટલે ? **'ચૈતન્યલોકમાં અંદર જા.'** જેમાં અલૌકિક શોભાથી અનંત ગુણો ભરપૂર ભર્યા છે તેમાં. આહા..હા..! **'નિર્વિકલ્પ થઈને જા.'** ત્યારે તને શોભા દેખાશે. આહા..હા..! એ અંતરમાં જતા દૃષ્ટિ છે એ નિર્વિકલ્પ થાય તે અંતરની શોભા જોશે. આહા..હા..! વિકલ્પવાળું જ્ઞાન અગિયાર અંગ આદિનું કે રાગની મંદતાનું ચારિત્ર વ્રત, તપના ભાવ એ વડે અંદર નહિ જવાય, એ તો વિકલ્પ રાગ છે. આહા..હા..! **'નિર્વિકલ્પ થઈને જા. તેની શોભા નિહાળ.'** એની શોભા નિહાળ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૩, મંગળવાર તા. ૦૧-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૪૯ થી ૧૫૧. પ્રવચન–૫૪**

**રાગી છું કે નથી-તે બધા વિકલ્પોથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું. નયોથી અતિક્રાન્ત ચૈતન્ય બિરાજે છે. દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે. ૧૪૯.**

૧૪૯ બોલ છે. એકદમ તત્ત્વની વાત છે. **'રાગી છું કે નથી...'** શરીર છું ને વાણી છું ને મન છું ને એ તો નથી. એની પર્યાયમાં એ નથી. પર વસ્તુ છે જે જડ ને ચૈતન્ય એ તો આ આત્માની પર્યાયમાં પણ નથી. હવે એની પર્યાયમાં રાગ છે, એ પણ રાગી છું કે રાગી નથી એ પણ એક વિકલ્પ છે. આહા..હા..! આવો માર્ગ છે. **'રાગી છું કે નથી...'** રાગી છું એ પર્યાયમાં, રાગી નથી એ દ્રવ્યમાં, એ બેય જાતના વિકલ્પો વૃત્તિ છે. આહા..હા..! અહીં સુધી આવ્યો તોપણ શું ? જે જન્મ-મરણ રહિત થવાનો માર્ગ છે એ તો વિકલ્પથી રહિત દ્રવ્યના સ્વભાવની સન્મુખતાની દશા (થાય) તે જન્મ-મરણ રહિત થવાનો ઉપાય છે. એમાં રાગી છું કે નથી એ પણ બે નય છે. પર્યાયમાં રાગ છે એ વ્યવહાર અને વસ્તુમાં રાગ નથી એ નિશ્ચય, પણ બેના વિકલ્પની લાગણીમાં રોકાવું એમાં સ્વરૂપની પ્રાપ્તિ નથી. આહા..હા..! આવી વાત છે.

**'તે બધા વિકલ્પોથી પેલી પાર...'** રાગની વૃત્તિઓ, જે વિકલ્પો એ ચૈતન્યમાં પર્યાયમાં વૃત્તિનું ઉત્થાન થાય એનાથી પાર વસ્તુ છે અંદર. આહા..હા..! એથી **'પાર હું શુદ્ધ તત્ત્વ છું.'** એ તો સમજાવે છે. હું શુદ્ધ તત્ત્વ છું એવો વિકલ્પ પણ ત્યાં નથી. આહા..હા..! જે જ્ઞાનની વર્તમાન દશા જ્ઞાયકના સ્વભાવની ગહનતામાં જ્યાં જાય

છે ત્યાં તેને વિકલ્પ રહેતો નથી. અપરિમિત ગહન જે આનંદાદિ, જ્ઞાનાદિ સ્વભાવ (છે) એની ગુણની જે વર્તમાન પર્યાય (છે) એ પર્યાય જ્યાં અંતર્મુખ થાય છે. વસ્તુ અલૌકિક છે, બાપુ ! આહા..હા..! એ પર્યાયને વર્તમાનમાં પર તરફ છે એને અંતરમાં ઝુકાવવી એ પહેલું સમ્યગ્દર્શન પામવાની કળા ને રીત છે. આહા..હા..! એથી કહે છે એ વિકલ્પની પાર, પેલી પાર એટલે અંદર.

**'હું શુદ્ધ તત્ત્વ છું. નયોથી અતિક્રાન્ત...'** નિશ્ચય અને વ્યવહારનયના વિકલ્પથી અતિક્રાન્ત છે. અત્યારે એ અપેક્ષા લેવી છે ને ? નહિતર 'નિશ્ચયનય આશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' ત્યાં વિકલ્પ નથી. ત્યાં તો ત્રિકાળી સ્વભાવનો આશ્રય છે એનાથી મુક્તિ છે એમ નિશ્ચયનયને વિકલ્પરહિત ત્યાં કીધી છે. પણ અહીંયા તો વિકલ્પવાળી જે નય છે એનાથી પાર અંદર (શુદ્ધ તત્ત્વ છે). ઓહો..હો..! અહીં સુધી જાવું હવે. આહા..હા..! એ કહે છે કે લાખ તારા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા લાખ કરને, કરોડ કરને, અનંત કરને એ બધા રાગ છે. એ તો સ્થૂળ રાગ છે. પણ વસ્તુ છે એ રાગવાળી છે ને રાગવાળી નથી, એવો જે વિકલ્પ છે એ પણ સૂક્ષ્મ રાગ છે. આહા..હા..! એનાથી પણ અંતરમાં જવાતું નથી. કેમ કે એની જાતની દશા વિના અંતરમાં જવાય નહિ. આહા..હા..!

એ શુદ્ધ ચૈતન્ય તત્ત્વ છે. એ શુદ્ધ, નિર્મળ પર્યાયથી અંદરમાં જવાય, એને પકડી શકાય, બાકી વિકલ્પથી પણ પકડી શકાય એવી એ ચીજ નથી. આહા..હા..! આવો પહેલો એની શ્રદ્ધામાં પાકો નિર્ણય તો કરે કે એ આત્મામાં જવા માટે કોઈ વિકલ્પ કામ કરતો નથી. આહા..હા..! બાહ્યના વ્રત ને તપ ને ત્યાગ તે અનંતવાર કર્યા એ વસ્તુ કોઈ નથી. એ તો રાગની ક્રિયા છે. આહા..હા..! એનાથી તો પ્રાપ્ત થાય નહિ પણ એની જાતને હું શુદ્ધ છું, રાગ વિનાનો છું એવો જે વિકલ્પ છે તેનાથી પણ તે પ્રાપ્ત થઈ શકે એવો નથી. આહા..હા..! આવો માર્ગ છે. બાકી તો ચોરાશીના અવતાર (કરી કરીને) રખડી મરે છે. આહા..હા..! અનાદિ કાળથી કોઈ ક્યાંય શરણ નથી. બહાર બાયડી, છોકરા ને ધંધા ને કુટુંબમાં કરોળીયો જેમ લાળ કાઢીને સલવાય જાય એમ સલવાય ગયો છે. અરે..રે..! એને તો ઉગરવાનો આરો ક્યાં ? પ્રભુ !

અહીંયા તો આત્મા વસ્તુ છે એનું જ્ઞાન કરવામાં પણ જ્યારે નિશ્ચયથી તે શુદ્ધ

છે, અબદ્ધ છે, રાગ રહિત છે, એવી જે રાગની વૃત્તિ ઉઠે છે એ રાગથી પણ પ્રાપ્ત થઈ શકે એવો નથી. આવી વસ્તુ આકરી લાગે, બાપુ ! પણ શું થાય ? અરે..! અનંત કાળમાં જુઓને જન્મ-મરણ કર્યાં. આહા..હા..!

હમણાં જ કાલ સમાચાર હતા. 'મનહર'નો ત્રંબક. 'ભૂરા'નો ચોથા નંબરનો. છ છોકરા હતા, બે તો મરી ગયા, મા-બાપ બેઠા છે. આ હમણા ચોથો મરી ગયો, 'ત્રંબક'. કેવું શરીર આમ લઠ જેવું હતું. 'સુરત'માં નહિ આપણે 'મનહર' એના ભાણેજ. એની પાસે ઘણાં પૈસા છે, 'મનહર' પાસે એંશી લાખ, કરોડ કહે છે. એંશી લાખ તો છે, કરોડ કહે છે. ભાણિયો કરોડ કહેતો હતો, એનો મામો ઉભો હતો. હું દુકાને પગલા કરવા ગયો. મારા મામાને કરોડ (રૂપિયા) છે. મામો ઉભો હતો, બોલ્યો નહિ કાંઈ. એનો ભાણેજ. છ ભાણેજ છે. આપણા કામદાર અહીં 'અમીચંદ કામદાર'નો ભાઈ મામો 'ભૂરો' એના છોકરાઓ. બે પહેલાં મરી ગયા, જુવાન, આ ચોથા નંબરનો હમણા મરી ગયો. લઠ જેવો. હમણાં બિચારો આવ્યો હતો. 'અમદાવાદ', 'મુંબઈ', 'મુંબઈ' દર્શન કરવા (આવ્યો હતો). પણ એવો રોગ અંદર થયો કે શરીર ઓગળી ગયું, બસ ! એય મોટું પાડા જેવું શરીર. કાલે શું થશે ? બાપુ ! એ જડની દશા એના ક્રમમાં થવાની એને રોકે કોણ ? ટાળે કોણ ? આહા..હા..!

અહીં તો વિકલ્પ આવે છે કહે છે કે ત્રિકાળી શુદ્ધને લક્ષમાં લેવા વિકલ્પ ઉઠ્યો કે આ વસ્તુ શુદ્ધ ચૈતન્ય અનંત... અનંત... ગહન સ્વભાવનો મોટો સાગર છે, સ્વયંભૂ પ્રભુ છે. એમાં એ છે એવી વિકલ્પની વૃત્તિ ઉઠે એનાથી વસ્તુ પાર છે. આહા..હા..! જેને વિકલ્પનો, રાગનો પણ સંબંધ નથી તો વળી આ બાયડી-છોકરા ને કુટુંબ ને ધંધાનો સંબંધ ક્યાંથી આવી ગયો ? આહા..હા..! ક્યાં ધંધા ને ક્યાં..? ('ભાઈ' !)એ લાદી મોટી થાણા ને ? થાણા. આહા..હા..!

મુમુક્ષુ :– ઉપાય શું ? ધંધો છોડી દેવો ?

ઉત્તર :– કોણ પણ ધંધો કરી શકે છે કોણ ? વિકલ્પ કરે છે. આહા..હા..! અને તે વિકલ્પ પાપ છે, આત્માને નુકસાન કરનારો, હેરાન કરનારો વિકલ્પ છે. આહા..હા..!

અહીં તો એ તો વિકલ્પ ક્યાંય રહી ગયો. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો વિકલ્પ પણ બંધનું કારણ દુઃખરૂપ (છે). આહા..હા..! એ તો ક્યાંય રહી ગયો. અહીંયા

તો વસ્તુ છે તેની સન્મુખ થવામાં 'તે આવી છે' એવો જે વિકલ્પ ઉઠ્યો છે... આહા..હા..! આંગણે ઉભો રહીને આ આવી ચીજ છે, આવી ચીજ છે, રાગ વિનાની છે, વીતરાગ સ્વરૂપે છે (એવા વિકલ્પની વાત કરે છે). આહા..હા..! માર્ગ બાપુ ! એવો છે કોઈ. આહા..હા..!

એને આ રીત છે એ રીત જાણતા ન આવડે એ તો અંદરમાં જાય શી રીતે ? એની રીત જ એ છે કે હું અરાગી રાગ વિનાનો છું, વીતરાગ સ્વરૂપે છું એવો જે વિકલ્પ ઉઠે એનાથી પણ પાર વસ્તુ છે. આહા..હા..! એ **'નયોથી અતિક્રાન્ત ચૈતન્ય બિરાજે છે.'** નિશ્ચયનયની વૃત્તિ ઉઠી કે હું શુદ્ધ છું, અબદ્ધ છું, એક છું, પૂર્ણ છું, પવિત્ર છું એવો જે વિકલ્પ નામ રાગની વૃત્તિ પર્યાયમાં ઉઠે એનાથી પાર વસ્તુ છે. આહા..હા..!

મુમુક્ષુ :– અત્યારે સાધન શું કરવું ?

ઉત્તર :– આ કરવું. સાધન ક્યું કરવું ? એણે આ કરવું. અંદરમાં પહેલી આવી શ્રદ્ધા કરવી કે રાગથી પાર છે તેને અનુભવ કરે તો સમકિત થાય, એવી શ્રદ્ધા પહેલી કરવી. અને વિકલ્પથી એનો નિર્ણય કરતાં એના ખ્યાલમાં એમ રહેવું જોઈએ કે આ તો હજી વિકલ્પથી નિર્ણય છે. આહા..હા..! નિર્વિકલ્પ દૃષ્ટિથી જ્યાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી સાચું (સત્ય) એને હાથ આવ્યું નથી. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ ! શું થાય ?

લોકો બહારની હોંશમાં (રોકાઈ ગયા). એક તો ધંધા ને પાણી, બાયડી-છોકરા, કુટુંબ ભેગું થઈને બેઠુ હોય, એમાં પાંચ-પચાસ, કરોડ રૂપિયા બે, પાંચ, દસ કરોડ હોય,... આહા..હા..! અને પેદાશની વાતું થાતી હોય. આહા..હા..! આ છોકરો આટલું રળ્યો ને આ છોકરો આટલું રળ્યો ને આ ઠેકાણે આમ રળ્યો ને... અરે..રે..! શું છે ? પ્રભુ ! એની સાથે તારે શું સંબંધ છે ? એ તો બધા પાપના, અધર્મના પોટલા છે. આહા..હા..! એના પરિણામે તો દુર્ગતિ થવાની છે.

'મોક્ષ પાહુડ'માં ૧૬મી ગાથામાં તો એમ કહ્યું, **'परदव्वादो दुग्गई'**. પરમાત્મા એમ કહે કે અમે પણ તારાથી ભિન્ન પરદ્રવ્ય છીએ. અમને પણ તું યાદ કરીશ તો તને વિકલ્પ ને દુર્ગતિ થશે. આહા..હા..! દુર્ગતિ એટલે ? ચૈતન્યની ગતિ નહિ થાય

અને ચાર ગતિમાં ભલે સ્વર્ગ મળે પણ એ દુર્ગતિ છે. આહા..હા..! **'सद्दव्वादो हु सुग्गई, परदव्वादो दुग्गई'** આ શબ્દ છે. 'મોક્ષ પાહુડ'ની ૧૬મી ગાથા. સ્વદ્રવ્યથી સુગતિ. ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ અનંત ગુણનો એકરૂપ, એનો આશ્રય લઈને જે પર્યાય થાય તે સુગતિ છે. એ ચૈતન્યની ગતિ ને ચૈતન્યના પરિણામ છે. અને પરદ્રવ્યને લક્ષમાં લઈને સ્વદ્રવ્યથી ખસીને,... આહા..હા..! ધર્મને નામે પણ ભગવાનને સ્મરણ કરતાં,... આહા..હા..! પંચ પરમેષ્ઠીને પણ યાદ કરતાં એ વિકલ્પ જે ઉઠે એ ચૈતન્યની ગતિ નહિ. આહા..હા..! ભાઈ ! સમ્યગ્દર્શન કોઈ એવી ચીજ છે કે એને તો,... આહા..હા..! લાખો, કરોડોમાં કો'ક પામી શકે પણ સન્મુખ થઈ શકે. સમજાણું કાંઈ ? આહા..હા..!

અહીંયા તો એ કહ્યું, **'નયોથી અતિક્રાન્ત ચૈતન્ય બિરાજે છે. દ્રવ્યનું અવલંબન કર...'** આહા..હા..! પૂર્ણ સ્વરૂપ વસ્તુ છે એનું અવલંબન કર, વિકલ્પનું નહિ. વાતું તો સાવ સાદી ભાષામાં આવે પણ બાપુ ! ભાવ તો છે એ છે. અનંત અનંત પુરુષાર્થ છે ત્યાં. આહા..હા..! પહેલાંમાં પહેલું કરવાનું હોય તો આ છે, બાકી બધી વાતું છે. અને આ વિના વ્રત ને તપ ને ભક્તિ ને ત્યાગને કરીને બેસે એ બધા મિથ્યાત્વના પોષણ છે. આહા..હા..! મિથ્યા નામ જૂઠા ભાવનું પોષણ છે. આહા..હા..!

પ્રભુ આત્મા અંદર સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવની આજ્ઞા છે, હુકમ છે કે પ્રભુ ! તું તારી ચીજનું અવલંબન લે ને ! અમારું અવલંબન લેતા પણ તને પ્રભુ ! રાગ થશે. તારી પ્રભુતામાં ખોટ આવશે. આહા..હા..! વસ્તુનું અવલંબન લે. અને ચૈતન્ય પ્રભુ છે ને ! પ્રભુ ! અમે તો પર્યાયમાં પ્રભુ થયા પણ દ્રવ્યે તો પ્રભુ અમે પણ છીએ અને તું પણ છો. આહા..હા..! જેમાંથી પર્યાય આવી છે એ પ્રભુમાંથી આવી છે. પ્રભુમાંથી પ્રભુની–કેવળીની પર્યાય આવી છે. આહા..હા..! એ કોઈ પૂર્વ પર્યાયથી નથી આવી, રાગથી નથી આવી. આહા..હા..! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવો જે પરમાત્મા જિનેશ્વરદેવને વર્તમાન દશામાં, પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ એ પૂર્ણતા પ્રભુની ક્યાંથી આવી ? એ પૂર્ણ પ્રભુ અંદર ભગવાન છે તેમાંથી આવી છે. અરે..! કેમ બેસે ? આહા..હા..!

એક છોકરો નવ મહિનાનો ને દસ મહિનાનો રૂપાળો થાય ને આમ બચ્ચી ભરે

ત્યાં એને જાણે કે આ..હા...! શું છે આ તે ! આહા..હા..! એમાં પણ સાંઈઠ વર્ષે છોકરો થાય ને એક જ હોય, કુટુંબમાં બીજા છોકરાઓને છોકરો ન હોય ને એને થાય તો, આહા..હા..! છોકરાને ચુંબન ભરે. એ ચુંબન મોઢાને અડતું નથી, હોં ! એના ગાલને આ હોઠ અડતો નથી. એ માને છે (કે મેં ચુંબન કર્યું). આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ એમ ફરમાવે છે, પ્રભુ ! તું અંતરમાં મહાપ્રભુ છો, એ દ્રવ્યનું અવલંબન લે. આહા..હા..! સમજાણું કાંઈ ? વસ્તુ છે, વસ્તુ અંદર પ્રભુ છે. સર્વજ્ઞ પરમાત્મ સ્વરૂપ તું છો. આહા..હા..! એનું અવલંબન લે. '**તો ચૈતન્ય પ્રગટ થશે.**' આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! શું થાય ? અંદર ભગવાન સ્વરૂપે બિરાજે છે પ્રભુ ! દ્રવ્ય પોતે ભગવાન સ્વરૂપ જ છે. આહા..હા..! અરે..! કેમ બેસે ? એક, બે બીડી સારી પીવે ત્યાં મગજ તર થઈ ગયું. આહા..હા..! સવારમાં દોઢ પાશેર ચા પીવે ત્યાં રાજી રાજી થઈ જાય. આહા..હા..! મગજ ઠીક કામ કરશે. અરે..! પ્રભુ ! શું છે ? ભાઈ ! ક્યાં તું ગયો ? ક્યાં સલવાણો ? આહા..હા..!

અહીં તો શુદ્ધ ચૈતન્ય તરફના લક્ષવાળો વિકલ્પ જે થાય... આહા..હા..! એવા વિકલ્પથી પણ પ્રભુ આત્મા હાથ નહિ આવે, તને સમકિત નહિ થાય, પ્રભુ ! આહા..હા..! ભગવાન ! તું ત્રણ લોકનો નાથ ચૈતન્ય ભગવાન છો. એ ભગવાનનું અવલંબન અંતર લે તો તને સમકિત થશે. ધર્મની પહેલી શરૂઆત ત્યાંથી થશે, બાકી બધી વાતું છે. આણે ઉપવાસ કર્યા ને વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને ઢીકણું કર્યું. એ બધી રાગની ક્રિયાઓ, બંધની ક્રિયાઓ છે. આહા..હા..! આકરું કામ છે, ભાઈ ! એ ગુલાંટ ખાવી એ અનંત પુરુષાર્થ છે, ભાઈ ! આહા..હા..!

પર્યાય પર તરફ છે એને અંતરમાં વાળી એ શું હશે વાત ! એ શબ્દોમાં ભલે આવે પણ ભાવ કોઈ અલૌકિક છે ! જે અંદર દ્રવ્ય પડ્યું છે, વસ્તુ ચૈતન્ય દ્રવ્ય આત્મ પદાર્થ (છે) એનું અવલંબન લે, પર્યાયને એનું અવલંબન લે, પર્યાયને એનું અવલંબન દે. આહા..હા..! ભગવાનની મૂર્તિ ને ભગવાનનું અવલંબન લેવા જઈશ ત્યાં પણ તને રાગ થાશે. આહા..હા..! એ આવે પણ એ રાગ થશે. આહા..હા..! અરે..! આવી વાત ક્યાં (છે) ?

પ્રભુ ! તારી મોટપ એટલી છે કે હું શુદ્ધ છું એવી વૃત્તિ ઉઠે એ કલંક છે. આહા..હા..!

એ બંધ પરિણામ છે. અને તારે સમકિત જે અબંધ પરિણામ છે એને પ્રગટ કરવા હોય તો વિકલ્પથી પાર જે પરિસ્થિતિ, આહા..હા..! એનું અવલંબન લે. ઝીણી વાત છે, પ્રભુ ! શું થાય ? આ કોઈ વાદ-વિવાદે પાર પડે એવું નથી. લોકો અત્યારે વ્યવહાર કરો, આ કરો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો.. કરતાં કરતાં તમને ધર્મ થઈ જશે અરે..! પ્રભુ ! શું કહે છે તું ? ભાઈ ! આહા..હા..! અહીં તો શુદ્ધના અવલંબનવાળા વિકલ્પ જે છે એને પણ છોડવાની વાત છે. આહા..હા..!

**'દ્રવ્યનું અવલંબન કર...'** પ્રભુ અંદર પૂર્ણાનંદ પ્રભુ છે. હિન્દીમાં 'હૈ', આમાં 'છે'. એનું અવલંબન લે **'તો ચૈતન્ય પ્રગટશે.'** તો પર્યાયમાં ચૈતન્યનું તને ભાન થશે કે આહા..હા..! આ તો મહા ભગવાન છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અંતરમાં જાય એ અવલંબન. ભાષા તો ગમે એ પ્રકારે આવે. એ રાગનું અવલંબન નહિ, અંતરનું અવલંબન. અટલે તે તરફથી છૂટીને અંતરમાં જાવું એનું નામ દ્રવ્યનું અવલંબન. આહા..હા..!

મુમુક્ષુ :– પણ ઉપાય બતાવો.

ઉત્તર :– પણ આ જ ઉપાય (છે), આ ઉપાય (છે). અવલંબન લેવું એ ઉપાય (છે). બીજો વળી (કેવો) ઉપાય ? બીજો વળી ઉપાય કેવો ? ('ભાઈ' !) માર્ગ તો ભગવાન આવો છે, હોં ! આહા..હા..! દુનિયાના મરણ દેખિયે છીએ ને ! નાની નાની ઉંમરના આમ ચાલ્યા જાય છે. આ..હા..! ક્યાં જાય બિચારા ? ધર્મ કર્યો ન હોય. અરે..રે..! પુણ્યના પણ ઠેકાણા ન હોય એવા મરીને ઘણાં તો પશુમાં અવતરે. બાપુ ! ઢોરના અવતાર થાય. આવા વીતરાગ માર્ગમાં પ્રભુએ આમ કહ્યું છે. આહા..હા..!

કેમ કે સ્વરૂપ છે પ્રભુનું–આત્માનું એ આનંદ સાગર છે પ્રભુ ! એનું માહાત્મ્ય ન આવ્યું ને તને રાગનું માહાત્મ્ય આવ્યું. અશુભ રાગ આ ધંધા ને પાણી,.. આહા..હા..! બાપુ ! એ રાગ આડી ચીજ છે. એના ફળમાં આડોડાઈ થઈને તે તિર્યંચ આડા થશે. આ પશુ છે ને આમ આડા ? આ માણસ ઊભા છે, તિર્યંચ આડા છે આમ. ગાય, ભેંસ આમ તીરછા–ટેઢા (છે). આહા..હા..! અરે..! બાપુ ! માર્ગ એવો છે, જરી ઝીણો છે, ભાઈ ! એને ભવનો ડર જોઈએ, ભાઈ ! આહા..! ભવ-ભયનો ડર,

આહા..હા..!

'યોગીન્દ્ર' મુનિરાજે કહ્યું ને ? 'ભવ-ભયથી ડરી ચિત્ત' ભવ દુઃખથી ડરી ચિત્ત એમ નહિ. નરકમાં દુઃખ છે ને સ્વર્ગમાં સુખ છે, એ નહિ. ભવ પોતે દુઃખરૂપ આખો છે. આહા..હા..! ક્યો ભવ થશે ? ક્યાં થશે ? ક્યાં જશે ? એવા ભવનો જેને ભય ને ડર લાગ્યો હોય એ આત્મામાં અંદર જવા માંગે. આહા..હા..! બહારની જેને હોંશું વર્તતી હોય એ અંદરમાં કેમ જઈ શકે ? આહા..હા..! આ તો હજી પહેલી સમ્યગ્દર્શન થવાની રીત છે. ચારિત્ર તો ક્યાંય રહ્યું, બાપુ ! એ તો કોને કહેવું ? એ તો અત્યારે... આહા..હા..! ચારિત્ર તો એ વસ્તુ દેખી ત્રિકાળ આનંદકંદ પ્રભુ, નિરાકુળ સ્વભાવનો સાગર એમાં પછી રમતું–અંદર એ આનંદમાં ઠરવું ઠરવું, વિશેષ આનંદની દશા પ્રગટ કરવી એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ વ્રત પાળવા ને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! ૧૪૯ (બોલ પૂરો) થયો.

**શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી તે નૌકામાં બેસી ગયો તે તરી ગયો. ૧૫૦.**

**૧૫૦, 'શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી...'** પૂર્ણ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ વસ્તુ એની જેણે અંતર્મુખ થઈને દૃષ્ટિ પ્રગટ કરી, **'તે નૌકામાં બેસી ગયો, તે નૌકામાં બેસી ગયો તે તરી ગયો.'** આહા..હા..! એ હવે ભવના અભાવ તરફમાં (ગયો). આવી વાતું પણ ઝીણી. બહુ ફેરફાર છે. એટલે પછી 'સોનગઢ'વાળા તો નિશ્ચયાભાસી છે. અરે..! પ્રભુ ! તું કહે બાપુ ! 'મોહનલાલજી' ! એણે સાંભળ્યું છે ને બધું. કહો, ભાઈ ! બધી ખબર છે, બાપા ! તું શું કહે છે ? પ્રભુ ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! એ સત્યાભાષી એટલે નિશ્ચયાભાસી. સત્ય વસ્તુ નથી એમ કહે છે. અરે..! પ્રભુ ! સાંભળને, ભાઈ ! એમ કહે છે, વ્યવહારથી થાય એ વાત તો કરતા નથી. અરે..! વ્યવહાર છે એ તો રાગ છે એનાથી ત્રણ કાળમાં આત્મા પ્રાપ્ત ન થાય, સમકિત ન થાય, તારા વ્યવહાર લાખ કરને. આહા..હા..!

'છ ઢાળા'માં ન આવ્યું ?

**લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો,**
**છોડી જગત દ્વંદ્વ ફંદ, નિજ આતમ ઉર ધ્યાઓ.**

'છ ઢાળા'માં આવે છે પણ કોઈ દિ' અર્થ ક્યાં સમજવા છે એને. એમ ને એમ પોતાની માનેલી વાતે હાંકે રાખવું, થઈ રહ્યું ! કલાક, બે કલાક સાંભળે પછી એ પાપમાં ધંધામાં જોડાઈ જાય. આહા..હા..!

**'શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી...'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! રાગના વિકલ્પથી પાર જુદી ચીજ છે તેની દૃષ્ટિ પ્રગટ કરી **'તે નૌકામાં બેસી ગયો...'** હવે નૌકા પાર કરે છે. આહા..હા..! **'તે તરી ગયો.'** સમ્યગ્દર્શન થયું એ તરી ગયો. આહા..હા..! ભલે એ ગૃહસ્થાશ્રમમાં હો પણ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું જેણે, અનંત કાળમાં થયું નથી. આહા..હા..!

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર' મુનિપણું લીધું, નગ્નપણું (લીધું), હજારો રાણી છોડી, પંચમહાવ્રત લીધા, આહા..હા..! એક વસ્ત્રનો ટુકડો પણ નહિ. પણ અંદરમાં મહાવ્રતના પરિણામ તે મારા ને મને લાભ કરશે, એ દૃષ્ટિ મિથ્યાત્વ છોડી નહિ. આહા..હા..! એને આત્માનો સ્વાદ ન આવ્યો, સુખ ન આવ્યું એને. એ પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખરૂપ આસ્રવ, દુઃખરૂપ છે. આ હવે શું કરવું ? કોને કહેવું ? આહા..હા..! જે અંદર પંચ મહાવ્રતના, બાર વ્રતના વિકલ્પો છે એ દુઃખરૂપ છે એને સાધન માને. શું કરવું ? પ્રભુ ! ભાઈ ! તારે ક્યાં જાવું છે ? આહા..હા..! એ સાધનથી તો રાગ છે ને રાગના સાધનથી તો બંધ છે ને બંધથી તો સંસાર છે. આહા..હા..! અને જેણે દ્રવ્ય સ્વભાવનું અવલંબન લઈને દર્શન પ્રગટ કર્યું નથી એ દેહના છૂટવા કાળે પ્રભુ ! એને શરણ ક્યાં ? એ રગ તણાશે. આહા..હા..! સબાકા, શૂળ શૂળ ચડશે, રજકણે રજકણ પલટી જશે. એ વખતે આ શરણ જે છે એની દૃષ્ટિ નહિ હોય તો ઇ જાશે ક્યાં ? આહા..હા..! એ દુઃખમાં ભીંસાઈ જશે, ભાઈ ! કોઈ ત્યાં શરણ નથી. આહા..હા..!

**'જેણે શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી...'** આહા..હા..! **'તે નૌકામાં બેસી ગયો...'** નાવડી તરવાની નાવડી, એમાં બેસી ગયો. બસ ! હવે પાર થઈ જશે. આહા..હા..! 'રત્નકરંડ શ્રાવકાચાર' માં કહ્યું છે ને ? એ સમ્યગ્દૃષ્ટિ છે, ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ એ મોક્ષમાર્ગમાં છે અને મુનિ થયો છે, પંચ મહાવ્રત પાળે, હજારો રાણી છોડીને નગ્ન છે પણ એ પંચ મહાવ્રતના પરિણામ તે મને લાભ દાયક છે ને એ મારું કર્તવ્ય છે એવી મિથ્યાદૃષ્ટિ છે તે બંધ માર્ગમાં, સંસાર માર્ગમાં છે. આહા..હા..! 'પંડિતજી' ! છે ને ? ખબર છે ને ? 'રત્નકરંડ શ્રાવકાચાર'ની ગાથા છે 'गृहस्थो मोक्ख मग्गो' ગૃહસ્થ પણ જેને અંતરદૃષ્ટિ થઈ છે સમ્યગ્દર્શન (થયું છે) તે મોક્ષમાર્ગમાં છે અને જે અણગાર થયો છે, મુનિ થયો છે, સાધુ થયો છે પણ રાગની ક્રિયાથી મને લાભ થશે, આ પંચમહાવ્રત પાળું છું એનાથી મને ધર્મ થશે (એમ માને છે) એ મિથ્યાદૃષ્ટિ સંસાર માર્ગમાં છે. આહા..હા..! આવી વાતું છે. ૧૫૦ (બોલ પૂરો થયો).

**એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા. ક્યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી. બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગ દશા ન પ્રગટી ! આંખમાં કણું સમાય નહિ તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. જ્યાં સુધી સંજ્વલનકષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. ૧૫૧.**

**૧૫૧, 'એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા.'** એ શું કહેવા માંગે છે ? કે આમ પહેલું કરવું ને પહેલું આમ કરવું ને પછી આમ કરવું એ બધું છોડી દે. પહેલા રાગની મંદતા કરું ને પહેલું આ કરું (એ નહિ). આહા..હા..!

અહીં તો પહેલો વિકલ્પથી નિર્ણય કરું ને પછી અંદર જાઉં એ પણ રહેવા દે, કહે (છે). આવ્યું ? 'ચેતનજી' !

'જૈન મિત્ર' માં વાંચ્યું ? 'વચનામૃત'ના વખાણ આવ્યા છે. સ્વતંત્ર છે ને માણસ મધ્યસ્થ (છે). એમ કે આ બહેનના વચનામૃતો પઠન કરવા જેવા છે, અભ્યાસના પ્રેમમાં રસ આવે એવો છે. બહુ સારું લખ્યું છે. અરે..! આહા..હા..! સાદી ભાષા ગુજરાતી, આપણે તો એનું હિન્દી પણ થઈ ગયું છે. આ ગુજરાતીનું હિન્દી થઈ ગયું છે. દસ હજાર તો હમણાં હિન્દીમાં છપાણા, એ પહેલાં છપાઈ ગયા છે. પોણા સાત હજાર ઘરાકને ભેટ આપ્યા છે. અને એ છપાણા છે દસ હજાર, દસ હજાર બીજા છપાણા (કુલ) વીસ હજાર હિન્દી (છપાણા). ઘણાંને ભેટ (આપ્યા છે), 'આત્મધર્મ' જે લે એની પાસે પહોંચી ગયા છે. જરી મોડા પોગ્યા. આહા..હા..! વાંચે ને તો એને ખ્યાલ આવે કે આવી ચીજ કહે છે ! એકવાર તો વેદાંતી વાંચે તોપણ એને એમ થઈ જાય એવું છે કે વાત તો બરાબર છે. એક વેદાંતવાળો લઈ ગયો છે, વાંચીને ખુશી ખુશી (થઈ ગયો). બાપુ ! આ તો પરમ સત્ય સાદી ભાષામાં છે. ગુજરાતી બોલ-ચાલની ભાષામાં છે આ તો. આહા..હા..!

**'એકદમ પુરુષાર્થ કરીને...'** એટલે ? પહેલા આ અશુભ ટાળું ને પછી શુભ કાંઈક કરું ને અને પછી કાંઈક આ શુદ્ધ ચૈતન્યના વિકલ્પો કરું ને પછી વિકલ્પ છોડીને પછી કરીશ ને... એમ રહેવા દે. **'એકદમ પુરુષાર્થ કરીને...'** આ ગુજરાતી ભાષા છે, તમારે શું હશે ? 'એકદમ' નો અર્થ શું થાય ? તુરત, તુરત. તુરત જ આ કર, જલદી આ કર, હિન્દીમાં. આહા..હા..! આ સાદી ગુજરાતીમાં એકદમ આ કર. ફડાક દઈને... રાગથી રહિત પ્રભુ છે ત્યાં જા. એકદમ એટલે એને માટે કાંઈ વાયદા ન કર અને પહેલો વિકલ્પથી નિર્ણય કરીશ ને પછી આ કરીશ ને એમ નહિ ચાલે. આહા..હા..! એ બધા પૈસાવાળા, કરોડોપતિઓ ને અબજોપતિઓ ને બધા બહારથી આમ દેખાય ભપકા, આહા..હા..! ઉદ્યોગપતિ ! એણે ઉદ્યોગ નવો કરો ને આવું કર્યું... શું કર્યું ? ધૂળ કરી. આહા..હા..! રાગ કર્યા. ઉદ્યોગ પરનો કોણ કરે ? આ 'શાહુજી'ને માટે એમ લખે, ઉદ્યોગપતિ ! ચાલીસ કરોડ રૂપિયા. પણ કર્યું શું એણે ? એ તો રાગ કર્યો હતો. આહા..હા..!

મુમુક્ષુ :– નરમ માણસ છે.

ઉત્તર :– નરમ માણસ. સાંભળવામાં અહીંયા પ્રેમ. બે મહિના પહેલાં મરી ગયા પહેલા અહીં આવી ગયેલા, વ્યાખ્યાનો સાંભળી ગયા પણ આ વાત અંતરમાં બેસવી કઠણ. બહારના વ્યવહારુ આચરણવાળા મળે ને એમાં એને રસ લાગી જાય. આ નગ્ન છે, સાધુ છે, બાહ્યના ત્યાગી છે, પંચમહાવ્રત પાળે છે. આહા..હા..! એ માણસનો રસ લાગી જાય. જગતને એ મિથ્યાતનો રસ છૂટવો બહુ આકરું કામ છે.

**'એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા.'** જેમ કૂવામાં... અમારી ભાષા છે–ઊભો કોશીયો પડે. ઊભો કોશ હોય ને ? જેમ કૂવામાં પડે. આમ નજરે જોયેલું. અમારે 'ઉંમરાળે' મોટી નદી ને કૂવા (હતા). છોકરા નાના અમે જોવા જઈએ. જુવાન માણસો વીસ વીસ વર્ષના આમ ઊભા પડે પાણીમાં, કૂવામાં. કોશ પડે ને કોશ ? કોશ સમજે ? શું કહે છે ? લોઢાની કોશ.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ... અને જઈને ઠેઠથી વેળુ લાવે. ઝટ બહાર નીકળી ન શકે હજી પણ આમ હાથ કરીને એમ કહે કે પાતાળમાંથી લાવ્યો છું. કૂવામાં નીચે ઠેઠ તળિયે વેળું હોય ને ? અમારે કૂવો છે, 'ઉંમરાળા' માં નદીનો કૂવો છે. એક ઉતારો છે એની નીચે, ગઢની પાસે ઊંડો કૂવો છે. અંદર .... નાગ હોય, પેલા હોય પણ અંદર મધ્યમાં ન હોય. પડે અને અંદર જઈને એકદમ બહાર હજી મોઢું ન નીકળી શકે પણ વેળુ (દેખાડે), એમ કે હું નીચેથી લઈ આવ્યો છું. એમ આત્માના તળિયે જઈને. આહા..હા..! એટલે ધ્રુવ જેનું તળિયું છે. વર્તમાન પર્યાય છે તે ઉપર છે અને એનું તળ ઊંડુ... ઊંડુ... ઊંડુ... ઊંડુ... ધ્રવુ છે. આહા..હા..! ત્યાં ઊતરી જા, ઊંડો ઊતરી જા.

**'એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા.'** ત્રિકાળ જ્ઞાયક ભાવ, જ્ઞાયક ભાવ, આનંદ ભાવ, શાંત ભાવ, ધ્રુવ ભાવ જે આનંદનો નાથ પ્રભુ ! ત્યાં ઊંડો ઊતરી જા, ધ્રુવમાં જા. ધ્રુવ જે ઊંડે પડ્યું છે ત્યાં જા. પર્યાય તો ઉપર ટપકે છે, અવસ્થા જે પર્યાય છે એ તો ઉપર ઉપર તરે છે, દ્રવ્યમાં પેઠી નથી. આહા..હા..! પણ પર્યાયનું લક્ષ અંદર ઊંડે લઈ જા. આહા..હા..! પર્યાય દ્રવ્યમાં જાય નહિ પણ પર્યાય એના તરફ વળે એટલે ઊંડે પર્યાય ગઈ ને પર્યાયે પલટો લીધો એમ કહેવામાં

આવે. આહા..હા..! આવી વાત બહુ (આકરી), બાપુ ! સાચું શ્રવણ મળવું બાપુ ! એ ભાગ્ય વિના મળે નહિ. એવી વાત છે, ભાઈ ! આહા..હા..! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા બિરાજે છે, સીમંધર પ્રભુ જિનેશ્વર બિરાજે છે. સીમંધર પ્રભુ ! મહાવિદેહ. આહા..હા..! એમાંથી આવેલી વાણી, આ એમાંથી આવેલા (આ વચનો છે). બહેન ન્યાંથી આવ્યા છે. આ એની વાણી અંદરની છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'ક્યાંય રોકાઈશ નહિ.'** આહા..હા..! આટલા જ્ઞાનને તો મેળવું, આટલા તો શાસ્ત્રને વાંચી જઉં, વાંચી લઉં એમ ક્યાંય રોકાઈશ નહિ, પ્રભુ ! આહા..હા..! એ વાંચે પાર નહિ આવે, પ્રભુ ! આહા..હા..! **'અંદરથી ખટક જાય નહિ...'** કંઈ પણ અંદર વિકલ્પની ખટક રહ્યાં કરે (કે) હમણાં નહિ, પછી ને આ પહેલું આ કરું ને પછી આ કરું ને, અરે..! જ્યાં સુધી એ ખટક રહ્યા કરે ત્યાં સુધી અંદર નહિ જઈ શકે. આહા..હા..! ખાવા-પીવાના સાધન કાંઈક ઠીક રહે, છોકરાઓ રસ્તે પડે પછી નિવૃત્તિ લઈને કરશું. ત્યાં મરી જઈશ વચમાં ત્યારે ક્યાં કરીશ ? આહા..હા..!

છોકરાઓને રસ્તે ચડાવી દઉ, મારો અનુભવ જે ધંધાનો છે અને એને ધંધે ચડ્યા એમાં જે પેદાશ થઈ છે એની એ રીત શું છે એ બધા અનુભવ છોકરાઓને અનુભવ દઈને રસ્તે ચડાવી દઈએ. આહા..હા..! આરે...! મરી જઈશ ભાઈ ! એવામાં રોકાઈશ નહિ. એવામાં તો નહિ પણ આ શાસ્ત્ર ભણવામાં રોકાઈશ નહિ હવે. તને ખ્યાલમાં આવી ગઈ ચીજ કોઈ બીજી છે અંદર (તો) હવે ત્યાં જવામાં ક્યાંય રોકાઈશ નહિ, ભાઈ ! આહા..હા..! અમારે આટલો તો ઉપદેશ દુનિયાને દઈએ ને પછી અમે અંદરમાં જશું. રહેવા દે ઇ નહિ હાથ આવે. આહા..હા..! આવું છે અહીંયા. આહા..હા..! થોડોક લોકો ધર્મ સમજે, સાંભળે અને એટલો વખત થોડો કાઢીએ ને પછી વળી અંતરમાં જવાની નિવૃત્તિ લેશું. ભાઈ ! રહેવા દે. ઇ નહિ હાથ આવે. એટલા માટે ન રોકા. આહા..હા..!

પ્રભુ ! માથે મોત ગાજી રહ્યું છે. અંદર ક્યે સમયે દેહ છૂટશે, ફડાક છૂટી જશે. વાતું કરતો કરતો દેહ છૂટી જશે, ભાઈ ! તને ખબર નથી. આયુષ્યની સ્થિતિ પૂરી (થશે). બાપા ! આટલો રોગ આવે પછી દેહ છૂટશે એવો કોઈ નિયમ નથી. આહા..હા..!

દેહ છૂટવાના નગારા (વાગી રહ્યા છે). (દેહ) છૂટવાનો કાળ તો આ ભવે આવશે જ. કાંઈ બીજો ભવ કરશે ? આહા..હા..! એ પહેલાં કરી લે, પ્રભુ ! આહા..હા..! હમણાં જુવાની છે માટે હમણાં તો આ રળી લઈએ.

એક ફેરી (એક ભાઈ)એ કહ્યું હતું. ત્યાં કાંપમાં હતા ને ? (સંવત) ૧૯૯૦ ની સાલ. સંપ્રદાયમાં હતા. 'વઢવાણ' ત્રણ ત્રણ હજાર માણસ વ્યાખ્યાનમાં, સંપ્રદાયમાં અમારી પ્રતિષ્ઠા મોટી હતી ને ! માણસ માય નહિ. દરિયા-પરિયા સામે, સામે હોં ! અપાસરામાં તો માણસ માય નહિ. ભોજનશાળા એ મોટી જગ્યો છે. ઓસરી (પાટ) લાવવી પડે. ઓસરીમાં આમ પાટ ન રખાય એટલું માણસ ! ૧૯૯૦ ની સાલ, ત્રણ ત્રણ હજાર માણસ. આહા..હા..! (એક ભાઈ) આવ્યા. કેમ ભાઈ ! કેમ આવ્યા ? કે આ જરીક આમ ફલાણું. એ ટાણે એમ બોલાણું કે આપણે થોડુંક રળી લઈએ પછી કરશું. એ શું હશે ? શું કીધું આ તમે ? અને વાંચેલું ખરું, આ કાઠીયાવાડમાં દિગંબરનું વાંચન પહેલું એને–'વીરજી' વકીલને. પણ આ બોલ્યા એટલે મેં કહ્યું, શું કહો તમે આ ? હમણાં થોડું રળીએ. શું કહે છે ? હમણાં રળીયે ને પછી (કરશું) આ શું છે ? પછી તો નિવૃત્તિ લીધેલી પણ એ વખતે એવું બોલી ગયેલા. કારણ કે ત્યાં 'વઢવાણ' કાપમાં કાંઈક વકીલાતનું કામ હશે તો આવેલા અને સાંભળ્યું કે મહારાજ 'વઢવાણ' છે. ન્યાં તો બે મિનિટ છે. વ્યાખ્યાનમાં સભા મોટી સભા, પ્રતિષ્ઠા તો મોટી હતી ને અમારી તો ! ત્રણ ત્રણ હજાર માણસ ૧૯૯૦ ની સાલ. કેટલા વર્ષ થયા ? ૪૪.

અહીં 'ભોપાલ' માં તો ચાલીશ હજાર હતું ને ? 'ભોપાલ' માં વ્યાખ્યાન આપ્યા હતા, પંચ કલ્યાણકમાં ગયા હતા ત્યાં ચાલીશ હજાર માણસો. આઠ દિ' (હતા). અને એ સિવાય 'જયપુર'માં જ્યારે રથ નીકળ્યો તો કેટલાયને ગણતરી ન મળે !! લાખો માણસો આમ માથે ઊભા જોવે. ભગવાનને બિરાજાવ્યા ત્યાં રથમાં હું બેઠો. લોકો જોવા નીકળે કે આ છે શું ? એકવીસ તો હાથી મોઢા આગળ ! એકવીસ હાથી ! અને હજાર હજાર, બબ્બે હજાર ને છેડે એક એક આ વાજુ, બેન્ડ વાજા. આ તો કોઈ મોટો રાજા આવ્યો છે કે શું ? સાધુ ગામમાં હતા એ જોવા નીકળેલા. પણ એ તો બહારની વાતું, બાપા ! એમાં કાંઈ આત્મા નથી. આહા..હા..! એ તો

એક શુભ વિકલ્પ હોય અને એ ક્રિયા થવા કાળે એવી થાય. એની સાથે કાંઈ આત્માને સંબંધ નથી. એનાથી આત્માને કાંઈ લાભ થશે (એમ નથી). આહા..હા..!

અહીં કહે છે, **'ક્યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ...'** કાંઈક પણ અંદર વિકલ્પ રહ્યા કરે, આ કરું ને આ કરું ને આટલા કર્યા પછી આ કરું એમ વાયદા જો કર્યા તો અંદર નહિ જઈ શક. આહા..હા..! ભગવાનનું તળિયું તને હાથ નહિ આવે. **'અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી.'** હવે અહીંથી દાખલો આપ્યો **'બાહુબલીજી મુનિ હતા...'** આહા..હા..! એ **'જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં...'** આહા..હા..! આ જમીન 'ભરત' ની છે. એટલો એક સંજ્વલનનો વિકલ્પ રહ્યો. મુનિ છે, ત્રણ કષાયનો અભાવ છે. મુનિ છે પણ આ વિકલ્પ એક જરીક ખટક રહી, ખટક (તો) કેવળ ન થયું. આહા..હા..! હજારો રાણી છોડી, એ રાજ છોડી, ત્રણ કષાયનો નાશ કરી આનંદ સ્વરૂપ ભગવાન જેનું ભાવલિંગ મ્હોર છાપ અંદર પ્રચૂર સ્વસંવેદનને પ્રગટ કર્યું હતું પણ આ સંજ્વલનનો એક વિકલ્પ જરીક ચોથા કષાયનો રહી ગયો. આહા..હા..! એને બાર બાર મહિના સુધી શરીરે વેલડીઓ વીંટાણી. આહા..હા..! કો'ક હોય, વેલડી એને વીટાઈને મોટી થાય. અહીં આપણે નથી (આવતી) ? તારના થાંભલા હોય ને ? એ થાંભલાને માથે આમ કથીરના બાંધ્યા હોય ને ? તો વેલડી ત્યાં ચડી જાય છે. અહીં બહાર રસ્તામાં છે. વેલડી ત્યાં ચડી જાય. થાંભલાને હોય છે ને ટેકા ? ત્યાં ચડી જાય છે માથે. ('બાહુબલીજી') ઊભા હતા ત્યાં વેલડી ચડી ગઈ બાર મહિના સુધી. આહા..હા..! મુનિ, હોં ! ભાવલિંગી સંત ! આહા..હા..! એને પણ સંજ્વલનનો એક વિકલ્પ એવો રોકાઈ ગયો કે 'ભરત'ની જમીનમાં (ઊભો છું). આહા..હા..!

**'એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગ દશા ન પ્રગટી !'** એને વીતરાગતા ન આવી. આહા..હા..! જેને સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, ચારિત્ર પણ અપૂર્ણ છે. પૂર્ણ વીતરાગચારિત્ર નથી. આહા..હા..! એ પણ ખટકમાં રોકાઈ જતાં... આહા..હા..! વીતરાગ દશા ન પ્રગટી. **'આંખમાં કણું સમાય નહિ તેમ...'** આંખમાં એક રજકણ આવે ત્યાં આમ ખટક... ખટક... ખટક... ખટક... ખટક... રહ્યા કરે. પાણી જાય, ખટક ખટક રહ્યા કરે. એમ જ્ઞાનના આનંદમાં એક પણ રાગનો કણનો રજકણ જો રહી

ગયો, આહા..હા..! કેવળ નહિ થાય, વીતરાગતા નહિ થાય. આહા..હા..! અહીંયા રાગની એકતામાં જો નાના વિકલ્પમાં રોકાઈ ગયો તો સમકિત નહિ થાય. અને અહીં અસ્થિરતાના રાગમાં રોકાઈ ગયો તો વીતરાગતા નહિ થાય. આહા..હા..!

**'આંખમાં કણું સમાય નહિ તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી.'** આહા..હા..! વીતરાગ સ્વરૂપે પ્રભુ છે ને ! 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન' આહા..હા..! એવો પરમાત્મ સ્વરૂપે વીતરાગપણે બિરાજમાન ભગવાનઆત્મા, એમાં એક કણ પણ રાગનો જો રહ્યો તો તેની વીતરાગ દશા નહિ થાય. પહેલા નીચે પણ રાગના કણમાં રોકાણો તો સમકિત નહિ થાય અને પછી સમકિત અને ચારિત્ર થયા પછી પણ જરીએ સંજ્વલનના અંશની ખટક રહી ગઈ (તો) વીતરાગ નહિ થાય. આહા..હા..!

**'જ્યાં સુધી સંજ્વલનકષાયનો અબુદ્ધિપૂર્વકનો...'** જોયું ? આહા..હા..! અબુદ્ધિપૂર્વક પણ જ્યાં રાગ છે હજી, છટ્ઠે તો બુદ્ધિપૂર્વક છે હજી, પણ અહીં તો અબુદ્ધિપૂર્વક પણ જ્યાં સુધી છે. આહા..હા..! શ્વેતાંબરમાં એવું આવે છે કે એ ઊભા હતા ને ધ્યાનમાં ? ત્યારે એની બહેનું હતા ને બ્રાહ્મી અને સુંદરી, એ એની પાસે ગયા, એમ કહે છે. આહા..હા..! 'વીરા મોરા ગજ થકી ઉતરો' ગજ એટલે હાથી. 'એ ગજ ચઢે કેવળ ન હોય રે, વીરા મોરા રાગના...' રાગરૂપી હાથીના... આહા..હા..! એનાથી ખસી જાવ, ઊતરી જાવ.

અહીં આપણામાં તો આવે છે, 'ભરત' જ્યાં ગયા અને આમ પગે લાગે છે ને આમ પ્રભુ (સામે જોવે છે)... ઓ..હો..! આ ભરતને તો કાંઈ નથી. આહા..હા..! ભરતની જમીનને માટે કાંઈ નથી ને ભરતને મેં આમ ચક્ર માર્યું હતું, આણે બાણ માર્યું હતું 'બાહુબલીજી'ને ? તો એ પાછા નમી ગયા છે અત્યારે. એકદમ ... જે રાગની જરી અટક હતી એ ખસી ગઈ અને ખસીને ઊતરી ગયા અંદર. કેવળ (પામ્યા) ! જળહળ જ્યોતિ ચૈતન્ય ભગવાન અરિહંત પદ એક ક્ષણમાં પ્રાપ્ત થયું. આહા..હા..!

**'સંજ્વલનકષાયનો અબુદ્ધિપૂર્વક...'** એટલે સાતમે અબુદ્ધિપૂર્વક છે ને ! એ **'પણ વિદ્યમાન હોય...'** છટ્ઠે તો બુદ્ધિપૂર્વક છે હજી અને અબુદ્ધિપૂર્વક છે ઇ નથી જણાતો. પણ અહીં તો કહે છે કે અબુદ્ધિપૂર્વક ઉપયોગમાં જરીક રહી ગયો. આહા..હા..! **'ત્યાં**

**સુધી પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થતું નથી.'** આહા..હા..! એક અબુદ્ધિ-પૂર્વક પણ રાગનો અંશ અવ્યક્તપણે જે રહ્યો હોય તોપણ વીતરાગ ને કેવળજ્ઞાન થતું નથી તો પછી નીચે રાગના કણના પ્રેમ ને રુચિમાં પડ્યો (હોય) એને સમ્યગ્દર્શન થાય એ ત્રણ કાળમાં થાય નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૪, બુધવાર તા. ૦૨-૦૮-૧૯૭૮.**
**વચનામૃત-૧૫૨ થી ૧૫૫. પ્રવચન-૫૫**

**આત્માને ઓળખી સ્વરૂપરમણતાની પ્રાપ્તિ કરવી તે જ પ્રાયશ્ચિત છે. ૧૫૨.**

૧૫૨ બોલ છે. ૧૫૧ થઈ ગયા ને ? આજે હિન્દી લઈએ. **'આત્માકો પહિચાનકર સ્વરૂપરમણતાકી પ્રાપ્તિ કરના હી પ્રાયશ્ચિત હૈ.'** આહા..હા...! પ્રત્યાખ્યાન કહો, પ્રતિક્રમણ કહો, આલોચના કહો, પ્રાયશ્ચિત કહો વહ સબ ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ સ્વરૂપ ઉસકા જ્ઞાન કરકે પહિચાન કરકે ઉસમેં રમણતા કરના ઉસકા નામ પ્રાયશ્ચિત હૈ. બાહર સે કોઈ પ્રાયશ્ચિત લેતે હૈં કિ મૈંને પાપ કિયા. વહ તો શુભભાવ હૈ, વહ તો રાગ હૈ. આહા..હા...! વીતરાગ સ્વરૂપ જો આત્મા (હૈ) ઉસકા જ્ઞાન મેં ખ્યાલ કરકે જ્ઞાન મેં ઉસ વસ્તુ કી પહિચાન કરકે. હૈ (ના) ? **'આત્મા કો પહિચાનકર...'** જાને બિના રમણતા કિસમેં ? ઔર રમણતા કે બિના પ્રત્યાખ્યાન, ચારિત્ર, પ્રાયશ્ચિત કહાં સે આયા ? આહા..હા...!

**'આત્મા કો પહિચાનકર...'** પ્રથમ મેં પ્રથમ યહ વસ્તુ હૈ. પહલે ઐસા કરના, વૈસા કરના (ઐસા નહીં હૈ). બહુત તો ઐસા આયે કિ નવ તત્ત્વ ક્યા હૈ ઉસકા વિકલ્પ સે વિચાર કરના. લેકિન વહ કોઈ મૂલ વસ્તુ નહીં. જ્ઞાનાનંદ પ્રભુ, ઐસી વસ્તુ કા, અનંત ચૈતન્ય રત્નાકર કા ભંડાર, ઉસે જ્ઞાન મેં જ્ઞેય બનાકર, વર્તમાન જ્ઞાન કી દશા મેં ઉસે જ્ઞેય બનાકર, ઉસે પહિચાનકર. ઐસી બાત હૈ. બાદ મેં ઉસમેં રમણતા-લીનતા કરની. આનંદ સ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદ કી મૂર્તિ પ્રભુ, ઉસમેં લીનતા, રમણતા કરની ઉસે પ્રાયશ્ચિત કહો, ધર્મ કહો, સંયમ કહો, ચારિત્ર

કહો વહ સબ યહી હૈ. આહા..હા...! 'પ્રાયશ્ચિત' શબ્દ હૈ ના ?

મુમુક્ષુ :– બાહર કી શુદ્ધિ કિયે બિના અંદર મેં કૈસે જાવે ?

સમાધાન :– બાહર કી શુદ્ધિ હૈ હી નહીં. અંતર કી શુદ્ધિ (હૈ વહી) શુદ્ધિ હૈ. રાગ કી મંદતા લાખ, ક્રોડ કરે, અનંત બાર કી. વહ કોઈ શુદ્ધિ નહીં, વહ તો અશુદ્ધિ હૈ. આહા..હા...! કલ આયા થા ના ? **'એકદમ પુરુષાર્થ કરકે અપને ચૈતન્યસ્વભાવ કી ગહરાઈ મેં ઉતર જા.'** આયા થા ? ૧૫૧. યહ તો માલ, તાત્ત્વિક માલ કી બાત હૈ. આહા..હા...!

વસ્તુ હૈ ના ? વસ્તુ. હૈ તો ઉસમેં ઉસકી કોઈ શક્તિયાં હૈ કિ નહીં ? તો ભગવાન આત્મા હૈ તો ઉસકી શક્તિ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય પ્રભુતા ઉસકી શક્તિ યે હૈ. ઐસી ચીજ કો જ્ઞાન મેં જ્ઞેય બનાકર... આહા..હા...! પ્રથમ મેં પ્રથમ યહ કર્તવ્ય હૈ. યહ બાત હૈ, ભૈયા ! પ્રથમ મેં પ્રથમ અપની જ્ઞાન કી વર્તમાન પર્યાય મેં સારે આત્મા કો જ્ઞેય બનાકર, પહિચાનકર. જ્ઞેય બનાકર (કહો યા) પહિચાનકર (કહો, સબ એકાર્થ હૈ). બાત તો અપૂર્વ હૈ, ભાઈ ! મૂલ બાત હૈ.

પ્રાયશ્ચિત કે અધિકાર મેં આયા હૈ ના ? પ્રાયશ્ચિત. પ્રાય નામ પ્રકૃષ્ટ. પ્રાય શબ્દ આયા હૈ ના ? પ્રકૃષ્ટ સે–અતિશયતા સે જો ગૂઢ જ્ઞાન મેં ચિત્ત હૈ. આહા..હા...! ભગવાન જ્ઞાનસ્વરૂપ હૈ, ચિત્ સ્વરૂપ હૈ, બોધ સ્વરૂપ હૈ, તીનોં એક હી હૈ. ચિત્ માને મન નહીં. ચિદ્ઘન, ચિત્સ્વરૂપ જ્ઞાન કા પૂંજ પ્રભુ, બોધ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ– તીનોં એક અર્થ મેં હૈ. વહ પ્રાય હૈ. પ્રાય–પ્રકૃષ્ટરૂપ સે વહ ચીજ. ઉત્કૃષ્ટપને, પ્રકૃષ્ટપને, વિશેષપને જો ખાસ જ્ઞાન, બોધ ઔર ચિત્ સ્વરૂપ જો ત્રિકાલ હૈ, ઉસે પ્રાય–ઉત્કૃષ્ટપને ચિત્ માને જ્ઞાન, ઉસમેં લક્ષ્ય કરકે ઉસકી પહિચાન કરકે. આહા..હા...! નવ તત્ત્વ કી પહિચાન કરકે ઐસા ભી યહાં નહીં કહા. સમજ મેં આયા ? અપને કો પહિચાન કરકે યહાં તો યહ બાત પહલી હૈ, ભૈયા ! આહા..હા...!

અતીન્દ્રિય આનંદ ઔર અતીન્દ્રિય જ્ઞાન કા પિંડ પરમાત્મ સ્વરૂપ, અપના પરમાત્મ સ્વરૂપ અંદર હૈ. આહા..હા...! ઉસે જ્ઞાન મેં પ્રકૃષ્ટપને, ખાસપને ઉસકા બોધ કરના, ઉસકી પહિચાન કરના. આહા..હા..! યહ બાત કોઈ સાધારણ નહીં. અનંત

કાલ મેં પંચ મહાવ્રત લિયે, ક્રિયાકાંડ કિયે, વ્રત લિયે, ભક્તિ (કી), અનંત બાર કરોડોં, અરબોં ખર્ચ કરકે પરમાત્મા કે મંદિર બનાયે. વહ ચીજ ક્યા હૈ ? વહ તો એક શુભભાવ પુણ્ય હૈ, વહ કોઈ ધર્મ નહીં. આહા..હા...!

ધર્મ – આત્મા કા સ્વભાવ – જ્ઞાન, બોધ, ચિત્, આનંદ, શાંતિ, વીતરાગતા ઐસા જો આત્મા કા ધર્મ. આત્મા ધર્મી (હૈ) ઔર ઉસકા વહ ધર્મ હૈ. ઉસકા ભેદ ભી નહીં કરકે વર્તમાન જ્ઞાન કી પર્યાય મેં ઉસકી પહિચાન કરના. આહા..હા..! શબ્દ તો સરલ હૈ લેકિન માર્ગ તો (ગંભીર હૈ). આહા..હા...! પહલે ઔર કુછ કરના ઔર બાદ મેં યહ હોગા, ઐસી યહ ચીજ હૈ નહીં. કોઈ ઐસા કહે કિ પહલે કષાય મંદ કરે, ભક્તિ કરે, પૂજા કરે, વ્રત કરે, તપ કરે તો બાદ મેં યહ હોગા. ઐસી યહ ચીજ હૈ નહીં. આહા..હા...!

મુમુક્ષુ :– દાન, શીલ, તપ કરે..

ઉત્તર :– દાન, શીલ, તપ. દાન (યાની) અપને સ્વરૂપ કા દાન. અપના આનંદ સ્વરૂપ હૈ ઉસે અપની પર્યાય મેં કર્તા હોકર સંપ્રદાન–અપને મેં રખના, અતીન્દ્રિય આનંદ કો પ્રગટ કરકે અપને મેં રખના વહ દાન હૈ. દો, પાંચ ક્રોડ ખર્ચ કરે તો દાન હુઆ ઔર ધર્મ હુઆ, (ઐસા) કિંચિત્ નહીં.

મુમુક્ષુ :– રૂપયે કી કીમત હૈ.

ઉત્તર :– રૂપયે કી કીમત કહાં હૈ ? વહ તો જડ હૈ, મિટ્ટી હૈ, ધૂલ હૈ. રૂપયા યાની ? પૈસા યાની ? નોટ. નોટ યાની જડ. વહ તો અજીવ (હૈ). જગત મેં અજ્ઞાનીઓં કો કીમતી હૈ. ધર્મી કો ઉસકી કિંચિત્ ભી કીમત નહીં. પૈસા પાપ મેં, દુઃખ મેં નિમિત્ત હૈ. આહા..હા...! માર્ગ બહુત સૂક્ષ્મ હૈ, ભાઈ !

મુમુક્ષુ :– લોક મેં તો પુણ્ય કી કીમત હૈ.

ઉત્તર :– લોક મેં તો પાગલ (લોગ હૈ). પાગલ તો કીમત કરેગા હી. પાંચ, પચીસ ક્રોડ રૂપયે હો, ક્રોડ-દો ક્રોડ, દો-ચાર ક્રોડ કી આમદાની હો (તો લોગ કહે કિ), બડા ઉદ્યમી હૈ. ધૂલ મેં નહીં હૈ, મહાપાપી હૈ.

મુમુક્ષુ :– ધર્મ ધુરંધર કા ખીતાબ દે.

ઉત્તર :– સબ પાગલ ઇકટ્ઠે હોકર ધર્મ ધરંધર કા ઇલકાબ દે. ('ભાઈ' !) જગત

સે અલગ જાત હૈ, બાપુ ! આહા..હા...! હજારો રાનિયાં છોડી, પંચ મહાવ્રત પાલે વહ ભી રાગ હૈ. વહ કોઈ ધર્મ નહીં, વહ કોઈ ધર્મ કા કારણ નહીં. આહા..હા...! ધર્મ નામ વર્તમાન વીતરાગ દશા. ઉસકા કારણ ત્રિકાલી જ્ઞાયક સ્વરૂપ. ઉસકા કારણ પરમાત્મા હૈ. બાત બહુત કઠીન હૈ, બાપુ ! જગત કો ધર્મ કૈસે હોતા હૈ ઉસકા જ્ઞાન ભી નહીં હૈ. કૈસે હોતા હૈ વહ તો બાદ મેં. આહા..!

યહાં કહતે હૈં કિ પ્રાયશ્ચિત. હૈ ? **'આત્માકો પહિચાનકર...'** છ દ્રવ્ય કો પહિચાનકર, ભગવાન કો પહિચાનકર, તીર્થંકર કો જાનકર, શાસ્ત્રજ્ઞાન કો જાનકર ઐસા નહીં કહા. આહા..હા...! આત્મા જો વસ્તુ હૈ, પૂર્ણાનંદ અતીન્દ્રિય જ્ઞાન કા મહા ગંભીર સાગર અંતર મેં જ્ઞાન કી પર્યાય જાયે તો વહાં જ્ઞાયક સ્વભાવ કી કહીં હદ નહીં (ઐસા અનુભવ હોતા હૈ). વર્તમાન જ્ઞાન કી પર્યાય જબ જ્ઞાયક મેં પ્રસરતી હૈ... આહા..હા..! તો વહ પર્યાય જિસમેં જાતી હૈ ઉસકા કોઈ પતા નહીં લગતા, ઐસી શક્તિ કા ભંડાર આત્મા હૈ. આહા..હા...!

(આત્મા કો) **'પહિચાનકર સ્વરૂપરમણતા...'** ઉસકા જ્ઞાન કર, બાદ મેં ઉસમેં રમણતા કરના. ચારિત્ર અર્થાત્ ચરના. ચરના માને રમના, રમના માને જમના. આનંદ સ્વરૂપ કા જ્ઞાન કરકે ઉસમેં આનંદ કા ભોજન કરના. આહા..હા...! ઐસી બાત હૈ, ભાઈ ! જગત સે અલગ હૈ. આનંદ કી રમણતા અર્થાત્ આનંદ કા ભોજન–વેદન. આહા..હા...! અતીન્દ્રિય આનંદ કા... આહા..હા...! પ્રચૂર સ્વસંવેદન હોના વહ આત્મા મેં રમણતા હૈ ઔર વહ ચારિત્ર હૈ, વહ પ્રાયશ્ચિત હૈ. આહા..હા...! ૧૫૨ (બોલ પૂરા હુઆ).

**રાજાના દરબારમાં જવું હોય તો ફરતી ટહેલ નાખે, પછી એક વાર અંદર ઘૂસી જાય; તેમ સ્વરૂપ માટે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદર જવાનું શીખે તો એક વાર નિજ ઘર જોઈ લે. ૧૫૩.**

૧૫૩. **'રાજા કે દરાબર મેં જાના હો...'** બડા રાજા હો ઔર જાના હો તો **'આસપાસ ઘૂમતા રહતા હૈ...'** પહલે તો મહેલ કે પાસ આતા હૈ, **'ઔર ફિર એક બાર અન્દર ઘુસ જાતા હૈ;...'** દરબાર કા મકાન હૈ ઉસકે પાસ પહલે આના, ફિર

ઉસમેં ઘુસ જાના. **'ઔર ફિર એક બાર અન્દર ઘુસ જાતા હૈ; ઉસી પ્રકાર સ્વરૂપ કે લિયે...'** ભગવાન આત્મા, ઉસકા સ્વ-રૂપ, ઉસકા સ્વ-રૂપ, અપના સ્વભાવ, અપના સ્વરૂપ ત્રિકાલી આનંદ ઔર વીતરાગ અપના સ્વરૂપ હૈ. આહા..હા...! ઉસકે લિયે **'દેવ-શાસ્ત્ર-ગુરુ કી સમીપતા...'** દેવ, ગુરુ ઔર શાસ્ત્ર કી સમીપતા નામ નજદીકપના. વે ક્યા કહતે હૈં ? ઉસને યહ કહા.. વહ સબેરે આ ગયા, જિનવચન મેં યહ કહા, આહા..હા...! વીતરાગતા પ્રગટ કરો. 'શ્રીમદ્' વાલે ઐસા કહતે હૈં ન ? કિ ગુરુ કી આજ્ઞા. લેકિન ગુરુ કી આજ્ઞા ક્યા હૈ ? વીતરાગતા પ્રગટ કરો, ઐસા ગુરુ કી આજ્ઞા હૈ. ભગવાન કી આજ્ઞા, શાસ્ત્ર કી આજ્ઞા, દિવ્યધ્વનિ કી અજ્ઞા ઔર ગુરુ કી આજ્ઞા. આહા..હા...! ઐસા માર્ગ હૈ.

અંતર સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદ કા પાતાલ કૂંવા હૈ. આહા..હા...! અતીન્દ્રિય જ્ઞાન કા ગહરા ધીરા ધ્રુવ કૂવા અંદર હૈ. આહા..હા...! ઉસમેં ભગવાન, દેવ, ગુરુ, શાસ્ત્ર નિમિત્તરૂપ સે સમીપ હો, ફિર નિમિત્ત ઐસા કહતે હૈં કિ તુમ અંદર મેં જાઓ. હમારે સમીપ રહને કે બજાય તું તેરે સમીપ જા. આહા..હા...! દેવ ઔર ગુરુ, જિનરાજ ઔર સચ્ચે નિર્ગ્રંથ સંત, ઔર સર્વજ્ઞ ને કહે હુએ સિદ્ધાંત, યે સિદ્ધાંત તો ઐસા કહતે હૈં કિ હમારે સમીપ તુમ આયે તો હમ તુમ કો યહ કહતે હૈં કિ તુમ તુમ્હારે સમીપ જાઓ. ઐસા માર્ગ હૈ. આહા..હા...!

'આનંદઘનજી' ઐસા કહતે હૈં, 'વીરપણું તે....' વીરપના. વીર્ય કા પીંડ ઔર આનંદ કા કંદ ભગવાન આત્મા, આત્મા કે સ્થાન મેં યહ સબ હૈ. લેકિન પ્રભુ ! મૈંને આપ કી આજ્ઞા સે જાના. લેકિન મૈં મેરે સ્વરૂપ મેં જાઉં તબ મેરા કર્તવ્ય હૈ. 'વીરપણું તે ...' આહા..હા...! સૂક્ષ્મ બાત હૈ. અંતર કા જ્ઞાન ઔર અંતર કા ધ્યાન, ઉસકા ઉત્સાહ, વીર્ય કા અંદર મેં સ્ફુરિત હોના. વીર યાની વિશેષરૂપ સે વીર. વીર્ય. ર યાની ઇર્ય. રહના. અપને પુરુષાર્થ સે અંતર્મુખ પ્રેરણા કરના યહ વીર્ય હૈ. આહા..હા...! ઐસા સુને ઇસલિયે લોગોં કો એસા લગે કે સોનગઢવાલે નિશ્ચય નિશ્ચય કી બાતેં કરતે હૈં. લેકિન બાપુ ! નિશ્ચય યાની સત્ય હી યહ હૈ. નિશ્ચય યાની પરમ સત્ય. ફિર અનુભવ કે બાદ મેં સ્વરૂપ મેં પૂર્ણ અનુભવ હો તબ બીચ મેં વ્યવહાર આતા હૈ. વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ કા ભાવ (આતા હૈ) લેકિન વહ ભાવ બંધ

કા કારણ હૈ.

જિતના અપને સ્વભાવ કા અવલંબન લેકર રહા ઇતના મોક્ષ કા માર્ગ હૈ. ઔર જિતના ઉસ સંબંધ કો છોડકર, પરદ્રવ્ય ચાહે તો સર્વજ્ઞ ત્રિલોકનાથ હો, સમવસરણ મેં અનંત બાર ગયા, આહા..હા..હા..! મહાવિદેહ મેં અનંત બાર જન્મ હુઆ, મહાવિદેહ મેં ભગવાન કા વિરહ તો કભી હોતા નહીં, મહાવિદેહ મેં તો તીર્થંકર સદા હોતે હી હૈ. વર્તમાન મેં પ્રભુ બિરાજતે હૈં. અનંત કાલ મેં મહાવિદેહ મેં તીર્થંકર ઔર કેવલી કા વિરહ નહીં હૈ. વહાં ભી અનંત બાર જન્મ લિયા હૈ ઔર ઉનકે સમવસરણ મેં ભી અનંત બાર ગયા હૈ. ઔર હીરા કી થાલી, મણિરત્ન કે દીપક, કલ્પવૃક્ષ ફૂલ (લેકર) આરતી ભી અનંત બાર કી હૈ. લેકિન વહ તો શુભભાવ હૈ, ધર્મ નહીં. અપને સ્વદ્રવ્ય કે અવલંબન કે અલાવા જિતના (પરદ્રવ્ય કા) અવલંબન લેને જાયેગા, રાગ હી હોગા. બહુત સૂક્ષ્મ બાત હૈ, બાપુ ! વીતરાગ માર્ગ.. આહા..હા...!

જિનસ્વરૂપી વીતરાગ પ્રભુ, સ્વરૂપ હી જિન વીતરાગ સ્વરૂપ હૈ. ઉસે દેવ-ગુરુ કે સમીપ સુનકર અંદર મેં ઘુસ જાના. હૈ ? **'દેવ-શાસ્ત્ર-ગુરુ કી સમીપતા રખકર અન્દર જાના સીખે...'** પૂર્ણ આનંદ સ્વરૂપ મેં પ્રવેશ કરના સીખે. પ્રવેશ કા અર્થ ઉસકા જાનના કરે. **'તો એક બાર નિજ ઘર દેખ લે.'** એક બાર નિજ ઘર દેખ લે. આહા..હા...! વહ આતા હૈ ના ? ભજન મેં આતા હૈ. 'અબ હમ કબહૂ ન નિજ ઘર ન આયે, અબ હમ કબહૂ ન નિજ ઘર આયે, પર ઘર ભમત અનેક નામ ધરાયે.' મૈંને પુણ્ય કિયા, મૈંને પાપ કિયા, મૈં સેઠ હૂં, મૈં રંક હૂં, મૈં મૂર્ખ હૂં, મેં પંડિત હૂં, મૈં મનુષ્ય હૂં, મૈં પશુ હૂં, મૈં દેવ હૂં, મૈં શાસ્ત્ર પઢકર પંડિત હુઆ.. ઐસા ભી અનંત બાર કિયા હૈ. લેકિન નિજઘર મેં અંદર ક્યા ચીજ હૈ વહાં આયા નહીં. આહા..હા...!

**'એક બાર નિજ ઘર દેખ લે.'** અતીન્દ્રિય વીતરાગમૂર્તિ પ્રભુ, ઉસકે સન્મુખ એક સમય ભી હો.. આહા..હા...! ઉસકા આશ્રય એક સમય ભી લિયા તો અંદર મેં ગયા. અંદર મેં ગયા, ઉસકા અર્થ–જો અંદર ચીજ હૈ ઉસકા જ્ઞાન હુઆ. સમજ મેં આયા ? જો જ્ઞાન કી પર્યાય મેં પર કા જો જ્ઞાનાદિ હૈ વહ તો પરતંત્ર પરાધીન દશા હૈ. આહા..હા...! ઉસ જ્ઞાન કી પર્યાય મેં દેવ-ગુરુ-શાસ્ત્ર કી સમીપ મેં રહા તો ઉન્હોંને યહ કહા, તેરા ગુરુ તૂ હૈ, તેરા દેવ તૂ હૈ. આહા..હા...! તેરા ગુરુ તૂ હૈ. તૂ સમજને

કે લાયક હો તો સમજાતે હૈ. હમ ક્યા સમજાયે ? તુમ અપને આત્મા કો સમજાઓ. અરે...! આત્મા મૈં આનંદ સ્વરૂપ હૂં, વહાં જા. ઐસા સમજાતે હૈં વે ગુરુ હૈ. અપની દશા હી ઉસકી ગુરુ હૈ. આહા..હા...! ઔર ઉસ દશા કા ગુરુ દ્રવ્ય હૈ. અરે..! ઐસી બાતેં. બાહર મેં હો..હા.. (કરને મેં) જિંદગી ચલી ગઈ, ભાઈ ! **'એક બાર નિજ ઘર દેખ લે.'** ૧૫૩ (બોલ પૂરા) હુઆ.

**જેને જેની રુચિ હોય તેને તે જ ગમે, બીજું ડખલરૂપ લાગે. જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે. કાલ કરીશ, કાલ કરીશ, એવા વાયદા ન હોય. અંદર ગડમથલ ચાલ્યા જ કરે અને એમ થાય કે મારે હમણાં જ કરવું છે. ૧૫૪.**

૧૫૪. **'જિસે જિસકી રુચિ હો ઉસે વહી સુહાતા હૈ.'** જિસકો જિસકી રુચિ હૈ ઉસે વહ ઠીક લગતા હૈ, સુહાતા હૈ. આહા..હા..! જિસકો જિસકી જરૂરત લગતી હૈ વહ ઉસે ઠીક લગતા હૈ, સુહાતા હૈ. આહા..હા...! ભગવાન આત્મા કી રુચિ હો તો ઉસે આત્મા સુહાતા હૈ. આહા..હા...! **'જિસે જિસકી રુચિ હો...'** જિસે જિસકી રુચિ હો ઉસે વહી સુખરૂપ દિખતા હૈ.

**'દૂસરા બાધારૂપ લગતા હૈ.'** આ..હા..હા...! બીચ મેં રાગાદિ આતા હૈ વહ ભી દુઃખરૂપ લગતા હૈ. આહા..હા...! અપને આનંદ સ્વરૂપ કી રુચિ મેં, ભગવાન પરમાત્મ સ્વરૂપ કી રુચિ મેં વહ સુખરૂપ લગતા હૈ. ઔર ઉસસે વિરુદ્ધ ચાહે તો પરમેશ્વર તીર્થંકર કી ભક્તિ, સ્મરણ યા ઉનકે શાસ્ત્ર કા બોધ, યા શાસ્ત્ર સુનના યે સબ વિકલ્પ દુઃખરૂપ હૈં. સમજ મેં આયા ? ઐસા માર્ગ હૈ, ભાઈ ! આહા..હા..! અરે...! લોગોં ને ધર્મ કા માર્ગ .... (ગુંચવાઈ ગયો) દિયા. કિસીને કહીં ધર્મ મનાયા. વ્રત લે લો, આજીવન બ્રહ્મચર્ય લે લો ઔર કપડે છોડકર નગ્ન હો જાઓ. નગ્ન તો અનંત બાર હુઆ, સુન ના ! આત્મા અંદર નગ્ન-વિકલ્પ સે રહિત હૈ, જિસમેં રાગ

ભાવ કે કપડે હી નહીં હૈ. આહા..હા...! ઐસી ચીજ કો પહલે અનુભવ કરકે પહિચાન કર. ઉસ નિજ ઘર મેં જાના. ઉસમેં દૂસરી ચીજ ઉસે દુઃખરૂપ લગતી હૈ. આહા..હા...!

ધર્મી જીવ કો અપના આત્મા સુહાતા હૈ. ઉન્હેં રાગાદિ ભાવ આતે હૈં વે સુહાતે નહીં. દુઃખરૂપ લગતા હૈ, બોજારૂપ લગતા હૈ. આહા..હા...! દેવ, ગુરુ ઔર શાસ્ત્ર ઇન તીનોં કી ભક્તિ ભી શુભરાગ કા બોજા હૈ. ઐસા કહે ઇસલિયે લોગ માને નહીં. ફિર બોલે, સોનગઢ કા નિશ્ચયાભાસ હૈ. વ્યવહાર સે હોતા હૈ ઐસા તો કહતે નહીં. વ્યવહાર હોતા હૈ, લેકિન વ્યવહાર સે નિશ્ચય હોતા હૈ વહ બાત નહીં હૈ. વૈસે હી નિમિત્ત હોતા હૈ લેકિન નિમિત્ત મેં પર સે કુછ હોતા હૈ, ઐસા નહીં. દેવ-ગુરુ કે કારણ સે અપને મેં ધર્મ હો જાયે ઐસા હૈ નહીં. આહા..હા...!

મુમુક્ષુ :– ઉનકી સમીપતા મેં જાના ઠીક હૈ ?

સમાધાન :– સમીપતા કા અર્થ વે ક્યા કહતે હૈં ઉસે સુને. સમીપતા તબ કહતે હૈં કિ વે ક્યા કહતે હૈં વહ સમજે તો. ‘વઢવાણ’ મેં એક ‘કેશવલાલ’ નામ કે વ્યાપારી હૈં. ‘કેશુભાઈ’ યહાં કા વાંચન હૈ. પત્ની મર ગઈ હૈ, લડકે હૈં ઔર નયી શાદી કી હૈ. કિસી ને ઉનકો પૂછા, આપ કહતે હો નિમિત્ત સે કુછ હોતા નહીં, નિમિત્ત સે હોતા નહીં, ઐસા માનતે હો તો સોનગઢ ક્યોં જાતે હો ? તો ઉન્હોંને કહા, નિમિત્ત સે કુછ હોતા નહીં યહ દૃઢ કરને કે લિયે હમ જાતે હૈં. અભી ‘વઢવાણ’ મેં હૈ. (લોગ) પ્રશ્ન તો કરે. નિમિત્ત સે કુછ હોતા નહીં, તો સોનગઢ જાના વહ તો નિમિત્ત હૈ, તો ક્યોં જાતે હો ? સુન, સુન ! નિમિત્ત સે કુછ હોતા નહીં, ઐસા દૃઢ કરને કે લિયે હમ જાતે હૈં.

મુમુક્ષુ :– નિમિત્ત સે દૃઢતા હુઈ ?

સમાધાન :– નિમિત્ત સે દૃઢતા નહીં હુઈ. સુનતે વક્ત અપને મેં અપને સે દૃઢતા હોતી હૈ. આહા..હા...! ઐસા માર્ગ હૈ, ભાઈ ! આહા..હા...!

ગુરુ કી આજ્ઞા બિના ધર્મ હોતા નહીં, ઐસા ભી હૈ. લેકિન ઉસકા અર્થ ક્યા ? વે કરતે હૈં ક્યા ? ગુરુ આજ્ઞા ક્યા કરતે હૈં ? તેરા આશ્રય લે, ઐસા ગુરુ કહતે હૈં. આહા..હા...! હમારા આશ્રય છોડ, ઐસા કહતે હૈં.

‘આત્માવલોકન’ મેં આતા હૈ. એક શ્લોક હૈ. ‘આત્માવલોકન’ શાસ્ત્ર હૈ ના ?

ઉસમેં એક શ્લોક હૈ. મુનિ ક્યા કહતે હૈં ? સચ્ચે સંત ક્યા કહતે હૈં ? કિ વીતરાગ.. વીતરાગ... વીતરાગ... મુહૂ.. મુહૂ. બારંબાર વીતરાગ વીતરાગ વીતરાગ ભાવ ધર્મ હૈ, ઐસા કહતે હૈં. મુનિ ઉસે કહે કિ જિન્હોંને વીતરાગ ભાવ પ્રગટ કિયા ઔર વીતરાગતા પ્રગટ કરો યહ ધર્મ હૈ, ઐસા મુહૂ શ્લોક હૈ. મુહૂ કા અર્થ બારંબર. વીતરાગ... આ..હા..હા..! પ્રભુ ! તુમ વીતરાગ તો હો. પ્રભુ ! તુમ જિન સ્વરૂપ તો હો. ઔર ઉસકા આશ્રય લેકર વીતરાગતા પ્રગટ કરો, યહ મુનિ કા ઉપદેશ હૈ. અભી વર્તમાન મેં તો ગલત ઉપદેશ ચલા હૈ. વ્રત કરો, તપ કરો, ત્યાગ કરો, કપડે છોડો યહ તો વિપરીત ઉપદેશ હૈ. દુનિયા પાગલ (હૈ). પાગલ પ્રશંસા કરે ઉસમેં ક્યા હૈ ? સમજ મેં આયા ? ('ભાઈ' !) ક્યા કહતે હૈં ? સર્ટિફીકેટ દે કિ યે ધર્મી હૈં. લેકિન દુનિયા કો ભાન નહીં વહ સર્ટિફીકેટ દે ઉસકી કીમત કિતની ? આહા..હા..! 'લહિ ભવ્યતા મોટુ નામ' ભગવાન ઐસા કહે કિ યહ ભવ્ય નામ લાયક નામ આત્માર્થી હૈ. ઇસકે સિવા ઉસે કિસકા માન ચાહિયે ? રાગ સે જબ ભિન્ન હોકર અપના પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ કી ઓર કા ધ્યેય બનાકર, ધ્રુવ કો ધ્યેય બનાકર જો પર્યાય પ્રગટ હોતી હૈ વહ વીતરાગ હૈ. વહ સમ્યગ્દર્શન વીતરાગ હૈ, સમ્યગ્જ્ઞાન વીતરાગ હૈ, સ્વરૂપ આચરણ વીતરાગ હૈ. આહા..હા...!

તીનલોક કે નાથ ઔર ઉનકે સંત નિર્ગ્રંથ ગુરુ કા તો યહ ઉપદેશ હૈ. તુમ હમારે ઓર રાગ કરો ઔર તેરા ક્રમશઃ કલ્યાણ હોગા, પહલે અશુભ ટાલો ફિર શુભ હોગા, ઉસકે બાદ શુભ કો ટાલકર શુદ્ધ હોગા, ઐસા ઉપદેશ ભગવાન કા નહીં હૈ. આહા..હા...! એક હી સમય મેં ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ... આહા..હા...! ઉસકી જિસે રુચિ જગતી હૈ, રુચતા હૈ ઉસે દૂસરા (સબ) બાધારૂપ લગતા હૈ. આહા..હા...! વ્યવહાર આતા હૈ. સમકિતી જ્ઞાની કો ભી વ્યવહાર આતા હૈ, લેકિન દુઃખરૂપ લગતા હૈ. આહા..હા...! ઐસી બાત હૈ.

**'જિસે યહ સમજને કી રુચિ હો ઉસે દૂસરા નહીં સુહાતા.'** જિસે આત્મા આનંદ સ્વરૂપ કો સમજને કી રુચિ હો, **'ઉસે દૂસરા નહીં સુહાતા.'** ઉસે દૂસરી ચીજ અચ્છી નહીં લગતી. આહા..હા...! સમજ મેં આયા ? આત્મા.. આત્મા.. આત્મા.. અરે...! પ્રભુ ! લેકિન તુમ હી હો. ઔર તેરી અપેક્ષા સે કોઈ ચીજ હૈ હી નહીં. આહા..હા...!

તુમ એક હી ચીજ જગત મેં હો. તેરી ચીજ હૈ તો ઉસકી અપેક્ષા સે દૂસરી ચીજ હૈ હી નહીં. દૂસરી ચીજ ઉસકી અપેક્ષા સે હૈ, તેરી અપેક્ષા સે તો વહ હૈ હી નહીં. આહા..હા...!

અપના સ્વભાવ ઔર શુદ્ધ ચૈતન્ય કી અસ્તિ મેં દૂસરી ચીજ, દેવ-ગુરુ-શાસ્ત્ર કી ભી નાસ્તિ હૈ. અપના દ્રવ્ય જો હૈ ઉસે દૃષ્ટિ મેં લિયા ઉસે તો સબ દ્રવ્ય, દેવ-ગુરુ ઔર શાસ્ત્ર ભી અદ્રવ્ય દિખતે હૈં. અપના દ્રવ્ય નહીં હૈ વહ પરદ્રવ્ય હૈ. આહા..હા...! ગજબ હૈ ! અપના દ્રવ્ય વસ્તુ હૈ (વહ) સ્વદ્રવ્ય (હૈ). ઔર અપની અપેક્ષા સે દેવ-ગુરુ ઔર શાસ્ત્ર કા આત્મા ભી અદ્રવ્ય (હૈ). યહ દ્રવ્ય નહીં ઇસલિયે અદ્રવ્ય. અપને સ્વક્ષેત્ર મેં જો હૈ વહ અપના સ્વક્ષેત્ર ઔર ઇસકે અલાવા પરક્ષેત્ર હૈ વહ અક્ષેત્ર હૈ. આહા..હા...! ઉસકી અપેક્ષા સે ક્ષેત્ર હૈ લેકિન અપને ક્ષેત્ર કી અપેક્ષા સે વહ અક્ષેત્ર હૈ. આહા..હા...! અપને ત્રિકાલ ઔર વર્તમાન પર્યાય કી અપેક્ષા સે સ્વકાલ અપને સે હૈ ઔર પર હૈ, યહાં અપના સ્વકાલ સે હૈ, તો અપની અપેક્ષા સે પર કા અકાલ હૈ. પર કી પર્યાય હૈ, પર કી અપેક્ષા સે હૈ. ઇસ પર્યાય કી અપેક્ષા સે અપર્યાય હૈ, અકાલ હૈ. આહા..હા...! વહ તો ઠીક, લેકિન ત્રિકાલી દ્રવ્ય કી અપેક્ષા સે એક સમય કી પર્યાય ભી પરદ્રવ્ય હૈ. સમજ મેં આયા ? વહ આયા હૈ ન ? ૨૫૨ કલશ, ૨૫૨ કલશ મેં હૈ.

અપની ત્રિકાલી વસ્તુ જો ભગવાન પૂર્ણ આનંદરૂપ, નિત્યાનંદ એક ધ્રુવ પ્રવાહ (હૈ), વહ અપને ભાવ સે સ્વકાલ હૈ, સ્વકાલ હૈ ઔર ઉસકી એક સમય કી પર્યાય, સ્વકાલ કી અપેક્ષા સે વહ પરકાલ હૈ. પર કી પર્યાય દેવ-ગુરુ-શાસ્ત્ર, કેવલજ્ઞાન કી પર્યાય ભી અપની અપેક્ષા સે અકાલ હૈ ઔર અપર્યાય હૈ. ઐસા સુનના ! વસ્તુ કી સ્થિતિ ઐસી હૈ. સમજ મેં આયા ?

એક બાર તો ઐસા ભી કહા થા કિ અપની એક સમય કી પર્યાય હૈ ના ? વહ પર્યાય દ્રવ્ય કો જાનતી હૈ, અપને કો જાનતી હૈ ઔર છ દ્રવ્ય કો જાનતી હૈ. તો એક સમય કી પર્યાય કી અસ્તિ હૈ. જગત મેં અપની એક હી પર્યાય કી અસ્તિ હૈ, બસ ! આહા..હા...! ઉસકી અપેક્ષા સે દૂસરોં કી નાસ્તિ હૈ. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! સમજ મેં આયા ? બહુત વર્ષ પહલે 'વિરજીભાઈ' કે સાથ બાત હુઈ થી. 'નારણભાઈ'

ને જબ સંવત ૧૯૮૭ કી સાલ મેં દીક્ષા લી, ૧૯૮૭, ઉસ સમય (કહા થા). દેખો ! ભાઈ ! માર્ગ તો યહ હૈ.

અપની પર્યાય હૈ વહ પર્યાય દ્રવ્ય કો જાનતી હૈ, દ્રવ્ય મેં જાતી નહીં. વહ પર્યાય છ દ્રવ્ય કો જાનતી હૈ, છ દ્રવ્ય મેં જાતી નહીં. ઔર છ દ્રવ્ય કી ઉસ પર્યાય મેં નાસ્તિ હૈ ઔર દ્રવ્ય કી ભી પર્યાય મેં નાસ્તિ હૈ. કઠિન બાત હૈ, ભાઈ ! યહ તો .... હૈ. આહા..હા...! ઉસ સમય કી પર્યાય કો ત્રિકાલ કી અપેક્ષા સે પરદ્રવ્ય કહા ઔર અપની અપેક્ષા સે સ્વ અસ્તિ હૈ ઔર પર વસ્તુ ઉસ અપેક્ષા સે નહીં હૈ. આહા..હા...!

**'જિસે યહ સમજને કી રુચિ હો ઉસે દૂસરા નહીં સુહાતા. કલ કરુંગા, કલ કરુંગા'** પીછે બાત થોડા વ્યાપાર-ધંધા કર લૂં. ક્યોંકિ અભી ધંધા અધૂરા હૈ, પૂરા હુઆ નહીં, ફિર કલ નિર્ણય કરુંગા. અપની નિજી ચીજ કો બાદ મેં કરુંગા. કલ કરુંગા, કલ કરુંગા ઉસકી કલ કભી આતી નહીં ઔર અપના (હિત) કભી કરેગા નહીં. સમજ મેં આયા ? 'પ્રવચનસાર' મેં તો ઐસા કહા હૈ, હમ કહતે હૈં કિ અભી ઇસી સમય કર લે. વાદા છોડ દે. આહા..હા...!

અપને સ્વરૂપ કી અંતર પ્રતીતિ ઇસી સમય કર લે. આહા..હા...! ઔર 'સમયસાર' કી પાંચવી ગાથા મેં તો ઐસા કહા કિ હમ જો કહતે હૈં (ઉસકા) અંતર મેં અનુભવ કરકે પ્રમાણ કરના. ઐસા ઠીક હૈ, આપ કી બાત અચ્છી હૈ, ઐસા વિકલ્પ સે (હાં મત) કહના. આહા..હા..! યે તો દિગંબર સંતોં કી વાણી હૈ. નાગા બાદશાહ હૈ. 'નાગા તે બાદશાહથી આઘા'. ઉન્હેં દુનિયા કી કુછ પડી નહીં. સત્ય યહ હૈ. તુજે રુચે તો રુચે, નહીં તો તુમ તુમ્હારે ઘર મેં રહો.

મુમુક્ષુ :– ઇસ પંચમ કાલ મેં જલ્દી હો જાયે ?

સમાધાન :– એક ક્ષણ મેં હો જાયે, એક સમય મેં (હો જાયે). પંચમ કાલ માને ક્યા ? કાલ ઉસમેં હૈ હી કહાં ? કાલ કે પાર યહ ભગવાન બિરાજ રહા હૈ. પંચમ કાલ, કાલ પરદ્રવ્ય હૈ તો પરદ્રવ્ય સે ભિન્ન ભગવાન હૈ. વહ તો કહા ના ? પંચમ કાલ કી અપને મેં તો નાસ્તિ હૈ. આહા..હા...! બાપુ ! યહ તો મહા પુરુષાર્થ કા કામ હૈ. આહા..હા...! પાંચવી ગાથામાં તો ઐસા કહા,... 'કુંદકુંદાચાર્યદેવ' પંચમ કાલ

મેં હુએ યા ચતુર્થ કાલ મેં હુએ ? ભગવાન કે નિર્વાણ બાદ ૫૦૦ વર્ષ કે બાદ હુએ. વે કહતે હૈં કિ હમ કહતે હૈં તો તુમ પ્રમાણ કરો. અનુભવ કરકે પ્રમાણ કર. હાં કર. બાત ઠીક હૈ, ઐસે નહીં. પંચમ કાલ કે પ્રાણી કો કહતે હૈં ઔર પંચમ કાલ કે પ્રાણી કહતે હૈં. યહાં કાયર કા કામ નહીં હૈ. 'વીરનો માર્ગ છે શૂરાનો' ઉનકા માર્ગ તો વીર કા–શૂર કા હૈ, કાયર કા કામ નહીં હૈ. અભી નહીં હો પાયેગા, અભી નહીં હો સકેગા (ઐસા જો કહતા હૈ ઉસે) અભી નહીં હો પાયેગા ઐસા હી રહેગા.

હમ બારોટ કા દૃષ્ટાંત દેતે હૈં ના ? બનિયે કા ભોજન (થા). દો-પાંચ હજાર આદમીયોં કા ભોજન થા તો બારોટ આયે. બારોટ સમજતે હૈં ? ક્યા કહતે હૈં ? વૈયાવચ્ચ. કુટુંબ કા બારોટ હોતા હૈ ના ? પ્રશંસા કરનેવાલા. બારોટ આયે, વે કહને લગે, તુમ્હારા ભોજન હૈ તો હમ કો ભી ભોજન કરાઈએ. (તો બનિયે ને કહા), આજ બનિયે જીમેંગે, કલ બારોટ જીમેંગે. દૂસરે દિન ફિર સે આયે. તો કહા, દેખો ! ક્યા લિખા હૈ ? આજ બનિયે જીમેંગે, કલ બારોટ જીમેંગે. કલ કભી આવે નહીં ઔર બારોટ કભી ખાયે નહીં. ક્યા લિખા હૈ ? દેખો ! ક્યા લિખા હૈ ? આજ બનિયે કા ભોજન હૈ, કલ બારોટ કા હૈ. કલ હમ ફિર સે આયેંગે. ફિર સે કહા, યે ક્યા (લિખા) હૈ ? આજ બનિયે કા હૈ, કલ બારોટ કા હૈ.

ઐસે જો (ઐસા કહતા હૈ કિ), અભી નહીં, અભી નહીં. ઉસકા અભી નહીં ઐસા હી રહેગા. ('ભાઈ' !) ઐસી બાતેં હૈ. 'શ્રીમદ્' કહતે હૈં ના ? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ, રે ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં...' આ..હા..હા...! આનંદ કા નાથ પ્રભુ ભરા હૈ, ઉસકે સામને દેખે ઉસે કાલ ક્યા (ચીજ હૈ) ? કઠિન બાત હૈ, ભાઈ ! આજ તો સુનકર ખુશ હો ગયે. અંદર રૂપયા દેને આયે થે.

એક સમય મેં શરીર ફિર જાયે. ઐસે એક સમય મેં આત્મા ગુલાંટ માર દે. મેરી ચીજ મેરે પાસ હૈ, મેરી ચીજ મૈં હૂં. શુદ્ધ આનંદઘન મૈં હૂં. આહા..હા..! મેરે મેં રાગ, દયા, દાન કા રાગ ભી નહીં, મેરે મેં ભગવાન ઔર શાસ્ત્ર કી ભક્તિ કા ભાવ ભી મેરે મેં નહીં. આહા..હા..! શરીર કો મત દેખ, રાગ કો મત દેખ, એક સમય કી પર્યાય કો મત દેખ. આહા..હા...! પૂર્ણાનંદ કા ભરપૂર ભાવ જિસમેં ભરા

હૈ. ભર.. ભર. હમારે મેં ભર કહતે હૈં ના ? બૈલગાડી ભરતે હૈં ના ? બૈલગાડી મેં ભાર (–માલ) ભરતે હૈં ના ? ૨૫-૨૫ મણ ભરતે હૈં ઉસે ભર ભરા, ઐસા કહતે હૈં. વૈસે આત્મા મેં અનંત ગુણ કા ભર ભરા હૈ. અરે..રે...!

દિગંબર સંતોં કી વાણી.. આહા..હા..! કહીં નહીં હૈ. વહ તો જોર કરતી હુઈ વાણી, અંદર સે ફાટ..ફાટ નીકલતી હૈ. અરે..! ભગવાન ! તુમ પૂર્ણાનંદ બિરાજતે હો ઔર તુમ દૂર રહો ? આ..હા...! એક સમય કી પર્યાય કે સમીપ ધ્રુવ પડા હૈ ના ! આહા..હા...! અસંખ્ય પ્રદેશ કી ભૂમિ જો હૈ, એક સમય કી ભૂમિ કા અંશ હૈ ઉસી અસંખ્ય પ્રદેશ મેં ધ્રુવ ઇસ ઓર હૈ. આહા..હા...! નિશ્ચય સે પર્યાય કા ક્ષેત્ર ભી ભિન્ન હૈ, પર્યાય કા કાલ ભી ભિન્ન હૈ, પર્યાય કા ભાવ ભિન્ન હૈ લેકિન વહ પર્યાય જાનતી હૈ પૂર્ણ કો. આહા..હા...! ઉસ પર્યાય મેં વાદા નહીં કિ અભી નહીં જાન સકતા હૂં, ઐસા નહીં હૈ. આજ હી જાન. 'પ્રવચનસાર' કી આખીર કી ગાથાઓં મેં ટીકા મેં લિયા હૈ કિ આજ કહતે હૈં વહ આજ હી જાન. એક બાર હાં તો બોલ, હાં તો કહે.

મુમુક્ષુ :- હાં બોલને મેં જોખિમ કિતના ?

સમાધાન :- જોખિમ શર્ત ઇતની કિ બિલકુલ અંદર જાના. ઇતની શર્ત હૈ. હાં કહને સે હાલત હો જાયે. હાલત નામ દશા હો જાયે. અંતર સ્વરૂપ કી દશા હો જાયે નામ હાં બોલને સે હાલત હો જાયે, ઐસી હાં હૈ. માર્ગ ઐસા હૈ, ભાઈ ! આહા..હા...! ઐસા કહાં સે નિકાલા ? કોઈ ઐસા કહતા થા કિ ઐસા નયા માર્ગ નિકાલા. ભાઈ ! નયા નહીં હૈ, ભાઈ ! તુજે માલૂમ નહીં. નયા નહીં હૈ, બાપુ ! અનાદિ કા યહી માર્ગ હૈ, બાપુ ! અનંત તીર્થંકરોં, અનંત સંતોં, નિર્ગ્રંથ ભાવલિંગી મુનિઓં ઔર બારહ અંગ કી પુકાર યહ હૈ, દેવ-ગુરુ ઔર શાસ્ત્ર કા અનાદિ કા યહી સ્વરૂપ હૈ. ભાઈ ! તુજે નયા લગતા હૈ. આહા..હા...!

બિલ્લી કા બચ્ચા હોતા હૈ ના ? બિલ્લી એક ઠિકાને સાત દિન રખે. સાત દિન દૂસરે ઠિકાને લે જાયે. ક્યોંકિ બચ્ચે લોગ પરેશાન કરતે હૈં. ઐસે સાત દિન, સાત દિન કરકે સાત બાર ફિરાતી હૈ. તબ તક તો આંખ બંદ હોતી હૈ. આંખ ખોલે તો ઐસે જગત કો દેખે. ઓ..હો...! જગત અભી હુઆ ? અરે...! જગત તો

પહલે સે હી હૈ. તુ નહીં જાનતા થા તબ ભી થા. ઐસે ભગવાન તો ત્રિકાલ વૈસા કા વૈસા હૈ. તુજે જાનને મેં આયા તો હૈ ? ઇતના નહીં, વહ તો ત્રિકાલ હૈ. આહા..હા...!

**'કલ કરુંગા, કલ કરુંગા ઐસે વાદે નહીં હોતે.'** વાદે યાની વાદા. **'અંતર મેં પ્રયાસ બના હી રહતા હૈ...'** આહા..હા...! ઉસે અંદર ઉસકી લગની લગે. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, ઐસી લગની લગે. ઐસા **'પ્રયાસ બના હી રહતા હૈ ઔર ઐસા લગતા હૈ કિ મુજે અબ હી કરના હૈ.'** આહા..હા...! ૧૫૪ (બોલ પૂરા હુઆ).

**જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે. ૧૫૫.**

૧૫૫. **'જિસને ભેદજ્ઞાન કી વિશેષતા કી હૈ...'** ક્યા કહતે હૈં ? જિસને રાગ સે વિભક્ત ઔર સ્વરૂપ કી એકતા જિસને કીયા હૈ. આહા..હા...! એકત્વ-વિભક્ત. **'एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण'** પાંચવીં ગાથા મેં હૈ. જિસે રાગ સે ભિન્ન (ભાસિત હુઆ) ઉસકી સ્વદ્રવ્ય મેં દૃષ્ટિ હુઈ હી હૈ. યહાં સે ભિન્ન હુઆ તો સ્વદ્રવ્ય મેં દૃષ્ટિ હુઈ. **'જિસને ભેદજ્ઞાન કી વિશેષતા કી હૈ ઉસે ચાહે જૈસે પરિષહ મેં...'** આહા..હા...! ઉસે ચાહે જિતની પ્રતિકૂલતા હો, પરિષહ, ઇતના પ્રતિકૂલ પરિષહ હો કિ શરીર કો રાખ કર દે ઐસા પરિષહ આતા હૈ. **'ઉસે ચાહે જૈસે પરિષહ મેં...'** આહા..હા...! બૈઠા હો ઔર મકાન જલે. અભી તો યહ જલતા હૈ, દેખો ના ! બિજલી. 'ઘાટકોપર' વ્યાખ્યાન રહતા થા વહાં ૧૫ મિનિટ મેં ખલાસ હો ગયા. દો બજે સે શુરૂ હુઆ તો ઢાઈ બજે ખત્મ હો ગયા. યદિ અઢાઈ બજે સે શુરૂ હોતી તો સબ આ જાતે. બડા પંડાલ થા, 'ઘાટકોપર'. હમને દેખા થા. ઓ..હો...! બિજલી લગી. ઉપર નીચે પૂરા પંડાલ પંદ્રહ મિનિટ મેં ભસ્મ હો ગયા. આહા..હા..! કિતની મહેનત કી થી. એક લાખ ચાલીસ હજાર કા પંડાલ થા. એક લાખ ચાલીસ હજાર કા !

બીમાવાલે ને લાખ રૂપયા દિયા. ફિર દૂસરા બનાયા. વહ તો નાશવાન ચીજ હૈ.

**'ચાહે જૈસે પરિષહ મેં આત્મા હી વિશેષ લગતા હૈ.'** ઐસા પ્રતિકૂલ સંયોગ આવે કિ શરીર મેં અગ્નિ કી જાલ લગે. વહાં સે ખીસકને કી જગહ ન હો. ઐસા કોઈ લોહે કા નલ ઇતના ચૌડા હો, પચીસ હાથ ઊંચા હો, કિસીને ડાલ દિયા. આહા..હા...! ઐસા ભલે હો. સમજ મેં આયા ? લોહે કા નલ હોતા હૈ ના ? ચૌડા પાઈપ ઔર પચીસ હાથ લંબા. સીધા કોઈ ધર્મી જીવ પર ડાલ દે. પૈર હિલે નહીં, હાથ હિલ નહીં, આંખ ફિર નહીં, સાંસ ચલે નહીં. ઐસા પરિષહ આયા તો અંદર ડિગતે નહીં. આહા..હા...! વહાં આત્મા કી હી વિશેષતા લગતી હૈ. આહા..હા...! ક્યા ચીજ હૈ ! યહ તો સાધારણ બાત કહી.

સાતવી નરક મેં તો ઓહો..હો..હો..! સમ્યગ્દૃષ્ટિ હોતે હૈં, ભેદજ્ઞાની વહાં ભી હૈ. આહા..હા...! ઔર સોલહ રોગ જન્મ સે હૈં. (ફિર ભી) અપને ધ્યેય સે ખીસકતે નહીં. વિશેષ લગતા હૈ. **'પરિષહ મેં આત્મા હી વિશેષ લગતા હૈ.'** યહ બાત વિશેષ નહીં લગતી. ઐસા વસ્તુ કા સ્વરૂપ હૈ. વિશેષ કહેંગે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**અષાઢ વદ ૦)), ગુરૂવાર, તા. ૦૩-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૫૬ થી ૧૫૯. પ્રવચન–૫૬**

**કરવાનું તો એક જ છે-પરથી એકત્વ તોડવું. પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે. અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે. પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે. હવે જીવે પોતે પુરુષાર્થ કરીને, પરથી જાુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે તેમાંથી ગુણો પ્રગટ કરવાના છે. ૧૫૬.**

બહુ ટૂંકું, ધર્મ કરવો હોય એને કરવાનું પહેલું આ છે. ધર્મ કરવો હોય એને. બાકી તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો અનંત કાળથી કરે છે, એ કાંઈ ધર્મ નથી. એ તો બધી શુભની, રાગની, પુણ્યની ક્રિયા બંધનું કારણ છે.

૧૫૬. '**કરવાનું તો એક જ છે-પરથી એકત્વ તોડવું.**' આહા..હા..! એ 'એકત્વ નિશ્ચય ગત' આવે છે ને ? અથવા પાંચમી ગાથામાં એકત્વ વિભકત્વમ્ (કહ્યું). 'કુંદકુંદાચાર્ય' કહે છે કે આ આત્માની વાત હું કહીશ. પણ શું કહીશ ? કે એનો આનંદ આદિ જ્ઞાન સ્વભાવ છે એથી ભગવાનઆત્મા એકત્વ છે અને પુણ્ય ને પાપના વિકલ્પો જે રાગ છે એનાથી ભિન્ન છે. નવ તત્ત્વ છે ને ? એમાં શરીર, વાણી, મન આ તો અજીવ જડ તત્ત્વ છે. એમાં જે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના આ કામ-ધંધો એ ભાવ પાપ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા આદિનો ભાવ એ શુભ પુણ્ય છે. (લોકોએ) બહારમાં બધું ગોઠવી દીધું છે. આ વ્રત કરો ને ઉપવાસ કરો ને તપ કરો ને...

મુમુક્ષુ :– દુકાને બેસે એ કરતા તો સારું ને !

ઉત્તર :– દુકાને બેસે કે (આ કરે) બધી એક જ જાત છે–બંધ.

અહીં તો કહે છે, જેને આત્માનું હિત કરવું હોય, કલ્યાણ કરવું હોય (તેને માટે વાત છે). બાકી આ સંસારના ધંધા આદિ તો બધા પાપ છે. આહા..હા..! ૧૫૬, ૧૫૬ બોલ. ગુજરાતીમાં ૪૬ પાનુ છે. ગુજરાતીમાં ૪૬ છે, ૧૫૬ બોલ છે. આ કરવાનું જેને હિત કરવું હોય એને કરવાનું આ એક છે. શું ? કે આ ધંધાની ક્રિયા ને શરીરની ક્રિયા ને એ ક્રિયા તો જડની જડને કારણે થાય, આત્મા એને ન કરે. અરે...! આવી વાતું ઝીણી બહુ. પણ અંદરમાં જે કાંઈ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના આ ધંધાના ભાવ (થાય છે) એ બધા પાપ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, જાત્રા એ બધો ભાવ પણ પુણ્યરૂપી રાગ છે. આહા..હા..! આની વાત છે.

મુમુક્ષુ :– ધંધો ન કરીએ તો ખાવું શું ?

ઉત્તર :– કોણ કરે છે ? એ તો વિકલ્પ કરે છે. ખાય કોણ ? ખાવાની વાત તો નથી આપણે આવતી ? ખાનારાનું નામ દાણે-દાણે છે. સાંભળ્યું નથી ? 'ઉદાણી' ! સાંભળ્યું છે ? આપણે 'કાઠીયાવાડ'માં કહેવત છે કે 'ખાનરનું નામ દાણે-દાણે છે' એટલે કે જે રજકણો ત્યાં આવવાના એ આવવાના. આકરી વાતું બહુ. ધર્મ એવી ચીજ છે.

મુમુક્ષુ :– મહેનત કર્યા વિના ચાલે ?

ઉત્તર :– ધૂળેય નથી મહેનત. મહેનત કરે (એ) પાપનો ભાર (છે). એ રોટલીનું બટકુ છે એ અંદર ટુંકડા કરવા અને આમ લાવવું એ ક્રિયા આત્માની નથી, જડની છે. બાપુ ! એને ખબર (નથી). અનંત કાળમાં તત્ત્વ શું ચીજ છે (એની) ખબર નથી. આહા..! આ શરીર, વાણી, મન એ તો માટી છે, જડ ધૂળ છે. એની જે અવસ્થા–હાલત થાય એ પણ જડને કારણે (થાય છે), કાંઈ આત્માને કારણે નથી. આ આમ થાય છે એ આત્માને કારણે નથી. એ તો એની પોતાની જડની દશા છે, એનાથી તો ભગવાન ચૈતન્યજ્યોત ભિન્ન છે પણ પુણ્ય ને પાપના વિકલ્પો રાગ જે થાય છે એ તત્ત્વથી તો ચૈતન્ય તત્ત્વ તદ્દન ભિન્ન છે અંદર. આહા..હા..!

મુમુક્ષુ :– .........

ઉત્તર :– એ આવે, અજ્ઞાનીના શાસ્ત્રમાં બધું આવે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળય નથી કાંઈ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એ તો બધા એમ પણ નથી કહેતા ? દાંત અહીં (–પેટમાં) નથી માટે ચાવી ચાવીને ખાવું. એમ કહે છે ને લોકો ? બધું સાંભળેલું છે ને ! કોણ ચાવે ? સાંભળ તો ખરો ! દાંત છે એ તો જડ, માટી, ધૂળ છે. એનું જે આમ આમ થાય એ જડની ક્રિયા છે. એનાથી રોટલીના બટકા પણ ન થાય. આહા..હા..! અને દાંતનું હલવું આમ આમ થાય એ આત્માથી ન થાય, એ તો જડની ક્રિયા છે. આરે...! આવી વાતું છે. ખાવાની પર્યાય જેમ (છે. તે સંબંધી) રાગ (જીવમાં એક અપેક્ષાએ) થાય એ ખાવાની ક્રિયા થાય એ જડની છે. રોટલીના પરમાણુની અવસ્થા (આમ થાય છે) એ તો પરમાણુની અવસ્થા જડની, અજીવની છે. ભાવ થાય ખાવાનો એ પાપ છે. આહા..હા..! આવું છે.

**'કરવાનું તો એક જ છે...'** જેને આત્મ કલ્યાણ કરવું હોય, જન્મ-મરણના ચોરાશીના અવતારના ફેરા ટાળવા હોય (તેણે આ એક જ કરવાનું છે). નહિતર તો મરીને માણસ અનંત વાર થયો, મરીને ઢોર થયો, પશુ થયો, કાગડો થયો, કુતરો થયો એવા અનંત ભવ કર્યા છે, એમાં શું ? માણસ મરીને પાછો ઢોર થશે. આહા..હા..! પશુ થાશે.

મુમુક્ષુ :– બિવડાવો છો.

ઉત્તર :– બિવડાવતા નથી, એની દશા જ એવી છે. આહા..હા..! રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ એવા કષાયભાવ. કંઈક કષાય–પુણ્ય આદિ હોય તો થાશે તો ઢોર, પણ એ જુગલિયાનો ઢોર થાશે. કર્મભૂમિનો, (નહિ) ભોગભૂમિનો થાશે. ઝીણી વાત છે, બાપુ ! ધર્મ એવી ચીજ છે કે જગતને સાંભળવા મળતી નથી.

અહીંયા તો પ્રભુ એમ કહે છે **'एयत्तविहत्तं दाएहं अप्पणो'** હું આત્મા અંતર આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જેનું સ્વરૂપ છે એનાથી

તે એકત્વ નામ અભિન્ન છે અને જે કાંઈ પુણ્ય ને પાપના વિકલ્પો, વૃત્તિઓ, રાગ ઉઠે,... આહા..હા..! એનાથી તે જુદો છે. એને હિત કરવું હોય તો આ. '**કરવાનું તો એક જ છે–પરથી એકત્વ તોડવું.**' છે ? વાંચ્યું છે કે નહિ ? ('ભાઈ' !) આ વાંચ્યું છે કે નહિ ?

મુમુક્ષુ :– આખું નથી વાચ્યું.

લ્યો હજી આખું નથી (વાંચ્યું) ? આટલા મહિના થયા તોપણ.

મુમુક્ષુ :– મુંબઈમાં રહેવું....

ઉત્તર :– 'મુંબઈ'માં શું છે ? 'મુંબઈ' મોહનગરી મારી નાખે. મોટા ભુંગળા. (કારખાના વગેરે) આહા..હા..! એમાં પાંચ, પચીસ લાખ રૂપિયા થાય ને બે, પાંચ કરોડ થાય... થઈ રહ્યું, હું પહોળો ને શેરી સાંકડી ! થઈ ગયું, મરી ગયા. આહા..હા..! અહીં તો બીજી વાત છે, પ્રભુ ! એ ચીજ તો કંઈ તારી છે નહિ ને તારી નથી પણ અંદરમાં પુણ્ય ને પાપના દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ પણ તારા નથી, તારામાં નથી, તેમાં તું નથી. આહા..હા..! ભાઈ ! મારગ ઝીણો, બાપુ ! એણે જન્મ-મરણ કરીને ભાઈ ! થોથા નીકળી ગયા છે. આહા..હા..! પશુના, કીડીના, કાગડાના, કુતરાના, નરકના... આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ તો એમ કહે છે કે નરકનું એક ક્ષણનું દુઃખ પ્રભુ ! શું કહીએ તને ? કહે છે. એ કરોડો ભવ ને કરોડો જીભથી ન કહી શકાય પ્રભુ ! એવા ક્ષણના નરકના દુઃખ તે અનંતવાર વેઠ્યા છે. ભાઈ ! તું અનંત કાળમાં ક્યાં હતો ? તું છો તો આત્મા. એ કાંઈ અનાદિથી કાંઈ નવો થયો છે, એમ નથી. છે એ તો, તો છે એ રહ્યો ક્યાં ? આહા..હા..! નરક ગતિ અને એકેન્દ્રિય લીલ, ફુગ અથવા ડુંગળી ને લસણ ને એમાં રહ્યો. આહા..હા..! ભાઈ ! તને ખબર નથી તું કોણ છો ? ક્યાં છો ? કેવી રીતે રખડ્યો છો ?

અહીં એ કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો, ભાઈ ! આહા..! આ ચૈતન્યમૂર્તિ અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ છે, જ્ઞાનાનંદ સ્વરૂપ (છે). એને રાગથી, વિકલ્પથી જુદો કરવો અને સ્વભાવની એકત્વતા કરવી. આહા..હા..! જન્મ-મરણને મટાડવા હોય તો આ ઉપાય છે, બાકી બધા થોથા છે. સમજાણું કાંઈ ? આહા..હા..! છે ? પાંચમી

ગાથા છે.

**'કરવાનું તો એક જ છે--પરથી એકત્વ તોડવું.'** શરીર, વાણી, મન તો જડ (છે). એ તો પર છે, એ કાંઈ તારા નથી ને તારે લઈને ત્યાં આવ્યા નથી. આહા..હા..! પણ અંદરમાં રાગ થાય છે દયા, દાન, વ્રત, ભક્તિનો, ધંધા આદિનો રળવાનો ભોગનો ભાવ (થાય છે) એ તો પાપ છે, મહા દુર્ગતિનું કારણ છે. પણ અંદરમાં દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, જાત્રાનો શુભભાવ થાય અહીં એ પણ દુર્ગતિ છે. એ તારી જાત નહિ, એ તને લાભદાયક નહિ, પ્રભુ ! તને નુકસાન કરનાર છે. આહા..હા..! આવી વાત ક્યાંય એને સાંભળવા મળે નહિ. બિચારાને બહારમાં જરીક કાંઈક પાંચ, પચીસ લાખ પૈસા થયા ને પાંચ, પચ્ચીસ હજાર મહિને પેદા થાય એટલે થઈ રહ્યા જાણે કે આહા..હા..! મરી ગયો, મારી નાખ્યો તેં આત્માને. આહા..હા..! ભાઈ ! તને ખબર નથી.

કરવાનું (તો એક જ છે)–**'પરથી એકત્વ તોડવું.'** આ તો મહા સિદ્ધાંત છે. ('ભાઈ' !) એ તમારા ડૉકટરના ઇન્જેકશન જુદા, આ ઇન્જેકશન જુદી જાત છે. આહા..હા..! ('ભાઈ' !) આહા..હા..! ચૈતન્યસૂર્ય, ચૈતન્યચંદ્ર અંદર બિરાજે છે. શીતળ... શીતળ... શીતળ... શીતળ... શાંત સ્વભાવ વીતરાગ અકષાય સ્વરૂપે બિરાજમાન આત્મા છે. જો (તારે) ધર્મ (કરવો) હોય તો તું પુણ્ય ને પાપના રાગથી એનાથી જુદો પાડ અંદર. (પોતાને) એ રાગથી લક્ષ છોડી દઈને અંદરના લક્ષમાં જા, જ્યાં ભગવાન ચૈતન્ય સ્વરૂપ બિરાજે છે. આહા..હા..!

**'પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે.'** એ પુણ્ય ને પાપના વિકલ્પો, વૃત્તિઓ જે ઉઠે છે એમાં તન્મય છે. જાણે 'આ હું છું' એ તન્મયતા. તે મયતા, તે રૂપતા એમ જે માન્યું છે તેને તોડવી પડશે, પ્રભુ ! આહા..હા..! કામ આકરું છે. તન્મયતા, તતમયતા, તે રૂપતા. અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ને હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વાસના, ધંધાના પરિણામ (થાય) એ પરિણામ સાથે પ્રભુ તન્મય તેં માન્યો છે. આહા..હા..! એ તન્મય છે નહિ. આહા..હા..! બહુ ઝીણી વાત. ધર્મને લોકોએ કંઈકનું કંઈક કરી નાખ્યો. દયા પાળવી ને વ્રત પાળવા ને અપવાસ કરી નાખવા એ ધર્મ. ધૂળમાંય નથી, મરી જાને ક્યાંય. (પણ ત્યાં ધર્મ નહિ થાય) એ

તો રાગરૂપી કલેશ છે. ભાઈ ! તને ખબર નથી.

અહીંયા તો પર સાથે તન્મય છે તે તોડવું તે કરવાનું છે. **'અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે.'** અનાદિનું છે, એને ખબર નથી. આત્મા તો છે... છે... છે... છે... છે... છે... છે... આમ અનંત કાળ... અનંત કાળ... અનંત કાળ.... છે, છે ને છે. અને અનાદિ કાળથી રાગના વિકલ્પની સાથે એકાકાર માની રહ્યો છે. આહા..હા..! આ શરીરની ક્રિયા જે થાય છે એ તો સ્વતંત્ર જડને લઈને (થાય છે), એમાં તો આત્માનો અધિકાર કાંઈ નથી. આહા..હા..! પણ એની પર્યાયમાં, દશામાં, વર્તમાન હાલતમાં જે અંશમાં પુણ્ય ને પાપની વૃત્તિઓ ઊભી થાય છે તે પણ તન્મયપણે તેં માની છે, છે નહિ. આહા..હા..! એમા તું નથી, એમાં તું નથી, એ તારામાં નથી. અરે...! આવું હવે. આવો ધર્મ, ભાઈ ! આહા..હા..! **'પર સાથે એકાકાર થઈ જાય છે.'** લ્યો !

**'પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે.'** અહીં તો બતાવી રહ્યા છે. માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવ્યો. બાપુ ! અહીં તો ૪૩ વર્ષ તો અહીં થયાં. આ જંગલ હતું આખું. ગાય, ભેંસ બેસતી. અત્યારે તો કરોડો રૂપિયા નખાઈ ગયા છે. આ એક જ (પરમાગમ મંદિર) છવ્વીસ લાખનું થયું છે, આ એક જ મકાન છવ્વીસ લાખનું. એ તો એને કારણે થયું, કોઈ લાવે ને કરે એ વાતમાં કાંઈ માલ નથી. 'રામજીભાઈ' ધ્યાન રાખે પ્રમુખ ખરા ને ઇ, માટે આ થયું. ભાવ (થયો) વિકલ્પ થયો હતો. એ વ્યાખ્યાન પૂરું થાય એટલે બહાર નીકળીને પૂછતા હતા. થયું છે ? કેમ થયું ? એ પૂછતા હતા. પ્રમુખે હતા ને ! પ્રમુખ છે ને ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ મેં તો પૂછતા હતા એમ કહ્યું ને ? પૂછતા હતા એમ કહ્યું ને ? જાતા, અહીં આવતા નહોતા ઇ. નીકળે એટલે પૂછતા હતા, શું કર્યું ? કેમ કર્યું ? ને આ અમારે... શું કહેવાય ? 'વજુભાઈ' એ પણ આમાં ધ્યાન રાખતા. પણ ધ્યાન રાખે માટે થયું છે ? ભાઈ ! બહુ આકરું કામ, ભાઈ ! એ તો પરમાણુઓ જડ છે ને ? એની જે અવસ્થા થવાનો કાળ છે તે કાળે થયું છે. ભાઈ ! તારાથી નહિ. તું એનો કર્તા નહિ, ભાઈ !

મુમુક્ષુ :– ....... થયું છે ને ?

ઉત્તર :– બિલકુલ થયું નથી. 'રામજીભાઈ'(થી નહિ). ઇજનેરથી થયું નથી ને 'રામજીભાઈ'થી થયું નથી. એ... ('ભાઈ' !) આવું કામ છે, બાપુ ! આહા..! 'કરે કર્મ સોહિ કરતારા' 'નરસિંહ મહેતા' 'જુનાગઢ'માં થઈ ગયા છે. ઇ તો સાંભળ્યું છે ને 'નરસિંહ મહેતા' ? ઇ કહે કે 'હું કરું, હું કરું, એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડું હોય ને ? ગાડું. બસો મણ (ભાર ભર્યો હોય) અને બે બળદ હાંકતા (હોય). ઠીઠા (ગાડાની નીચેનો ભાગ) હેઠે (નીચે) કુતરું હોય. એ અડે (એટલે એને એમ લાગે કે) મારાથી ગાડું ચાલે છે. એમ આ ધંધા ને વાણી ને આ ક્રિયા ને... એ કુતરા જેવો જીવ અંદર હેઠે અડે છે ને એને એટલે જાણે આ મારાથી થાય છે (એમ માને છે).

'હું કરું, હું કરું, એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાનો ભાર કુતરો તાણે એવા બધા કુતરા છે. (કુતરાનું માથુ ગાડાને અડે અને માને કે ગાડુ મારાથી ચાલે છે) આહા..હા..! ધંધા ઉપર થડે બેઠો હોય. આમ કરો ને આમ કરો ને... પાંચ-પચીસ નોકર હોય, બે, પાંચ હજારની દિવસની પેદાશ હોય. ગયા ને હમણાં, ('ભાઈ' !) આવશે પછી. આ કરોડપતિ બેઠા. કારખાના મોટા ચાલે છે. એનાથી ચાલતા હશે ? લોકો એમ કહે છે કે આ અત્યારે 'રતિભાઈ' કર્તા-હર્તા છે, મોટાભાઈ ગુજરી ગયા, બાપ ગુજરી ગયા. છોકરાઓ ધ્યાન રાખે. પતંગ ઉડે પણ દોરા હાથમાં રાખે. એમ આ બધા કામ થાય પણ હાથમાં રાખે કે કેમ થાય ? બધી વાત ખોટી છે. આહા..હા..! આવું છે, બાપુ ! ભાઈ ! શું થાય ?

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવનો હુકમ આ છે. આહા..હા..! પ્રભુ ! તારો ઉદ્ધાર કરવો હોય, આ જન્મ-મરણના ચોરાશીના અવતાર કરી કરીને બાપુ ! દુઃખી-દુઃખી છો. ઇ પચીસ, પચાસ કરોડ, આ બધા ચાલીશ કરોડવાળા શેઠ ગુજરી ગયા ને હમણાં ચ 'સાહુ શાંતિપ્રસાદ' ચાલીશ કરોડ. દુઃખી હતા બિચારા. એ સિવાય આપણા દશાશ્રીમાળી. ભાઈએ નહિ સાંભળ્યું હોય. દોઢ વર્ષ પહેલાં ગુજરી ગયા. 'ગોવા'માં 'શાંતિલાલ ખુશાલ' હતા, 'ગોવા'માં બે અબજ ચાલીશ કરોડ. કેટલા ? બસો ચાલીશ કરોડ. દસાશ્રીમાળી વાણિયા 'પાણાસણા'ના હતા. એની બેનની

દીકરીયું આપણે અહીં બ્રહ્મચારી છે. ચોસઠ બ્રહ્મચારી દીકરીયું છે ને ? બે અબજ, ચાલીશ કરોડ ! ૬૧ વર્ષની ઉંમર. એની વહુને હેમરેજ થઈ ગયું. 'ગોવા' માં ચાલીશ લાખનો બંગલો છે. દસ દસ લાખના બે બીજા બંગલા છે અને એક એક લાખની એક એક આગબોટ નાની, એવી ત્રણસો તો આગબોટ છે. છે, અત્યારે છે. એ હમણાં દોઢ વર્ષ પહેલા ગુજરી ગયો. આહા..હા..! એની વહુને હેમરેજ હતું તો 'મુંબઈ' આવ્યો હતો. એમાં બે, ચાર દિ' થયા હશે. પેલી તો એકદમ અસાધ્ય હતી. (રાત્રે) ઉઠ્યો (અને કહે), મને દુઃખે છે, બોલાવો ડૉકટરને. ડૉકટરને બોલાવવા જાય છે ત્યાં તો આ ભાઈસા'બ પરગતિએ ચાલ્યા ગયા. આહા..હા..! મોટો ગૃહસ્થ એટલે મડદાને ત્યાં લઈ ગયા. પછી શણગાર્યું હશે. પણ એમા ધૂળમાં (શું છે) ? પેલો મરી ગયો એને શું છે હવે ? આહા..હા..! શું પણ ચીજ ? એ ચીજ તારી ક્યાં (છે) ? એ તો જગતની ધૂળ છે. પૈસા તો જગતની ધૂળ છે. તું જીવ ચૈતન્યમૂર્તિ. આહા..હા..!

આ તો એક અર્થ કર્યો હતો, ભાઈ ! ('ભાઈ' !) હતા ને તમે ? પેલો ચેતનનો. ભાઈ ! એક મોઢુ નાખીને કે બોલો.. બોલો. મેં કીધું, બોલો લો ચૈતન્ય બોલો. ચેત્તન. એમાં એક 'ત' ડબલ કરવો. ચેત્તન–તો ચેત + તન = જ્ઞાન જેનું તન છે. જાણક સ્વરૂપ જ જ્ઞાયક જેનું તન છે, શરીર છે. એ..ઇ..! આ પે'લું ... નાખી ને બનાવે છે ને ? ચેત્તન. ચૈતન્ય. ચેત–જ્ઞાન જેનું તન–શરીર છે. રાગ પણ નહિ ને પુણ્ય પણ નહિ ને શરીર પણ નહિ. આહા..હા..! આવું છે, બાપુ ! અરે..! આકરું કામ બહુ. આહા..હા..!

અરે..! દુનિયાને સંસારના પાપ અને ધંધા આડે નવરાશ ન મળે. બાવીસ કલાક, ત્રેવીસ કલાક (પાપ). એકાદ કલાક સાંભળવા જાય ત્યાં એવા કુગુરુ મળે (કે) એને લુંટી લે, એનો કલાક (લુંટી લે). 'શ્રીમદ્' કહે છે. એને કહે કે વ્રત કર ને અપવાસ કર ને ભગવાનની ભક્તિ કર ! લુંટી લીધો એનો કલાક ! આહા..હા..! આવી વાતું છે, પ્રભુ !

અહીં કહે છે, **'ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે. હવે જીવે પોતે પુરુષાર્થ કરીને,...'** અહીં તો ચોખ્ખી વાત દાંડી પીટીને કહીએ છીએ કે દેહની ક્રિયા, પરની ક્રિયા આત્મા ત્રણ કાળમાં કરી શકે નહિ. આહા..હા..! અને તેમાં જે પુણ્ય ને પાપના ભાવ થાય

એ રાગ ને દુઃખરૂપ છે. એનાથી ભિન્ન કરતાં તને સુખ થશે, બાકી સુખી નહિ થા ને દુઃખમાં રડી પડી, મરી જઈશ. આહા..હા..! સમજાણું કાંઈ ? અબજોપતિ અને કરોડોપતિ સુખી છે. ધૂળેય નથી, સાંભળને ! દુઃખના ડુંગરમાં માથા ફોડ્યાં છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ ! અંદર એને તો જોયો નહિ, માન્યો નહિ અને આ બધું મારું મારું (કરીને) મરી ગયો. આહા..હા..!

અહીં કહે છે, '**હવે જીવે પોતે પુરુષાર્થ કરીને, પરથી જુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે...**' આહા..હા..! આવી વાત ! એની જે આ વર્તમાન, વર્તમાન દશા છે ને ? ચાલતી દશા, વર્તમાન પલટતી અવસ્થા (છે) એની સમીપમાં આખું ધ્રુવ તત્ત્વ છે. એ ચૈતન્ય. એવું ધ્રુવ તત્ત્વ,... આહા..હા..! એને '**પુરુષાર્થ કરીને, પરથી જુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે...**' ભગવાન. આહા..હા..! અરે..રે..! કેમ બેસે ? તત્ત્વ છે ને ? વસ્તુ છે ને ? હયાતી ધરાવનાર પદાર્થ છે ને આત્મા ? તો એમાં અનંત ગુણ છે.

એક એક આત્મા પરથી, પર આત્માથી જુદો, અનંત આત્માથી જુદો, અનંતા રજકણોથી જુદો, એવા તો અનંત ધર્મ એનામાં એક આત્મામાં છે. આહા..હા..! એ સિવાય અનંત સામાન્ય વિશેષ ગુણો પણ અનંત છે. એને ક્ષેત્રની જરૂર નથી કે આવડું મોટું (ક્ષેત્ર હોય તો રહી શકે). આહા..હા..!

'**અનંત ગુણોથી ભરેલો છે...**' અનંત શક્તિનો સાગર પ્રભુ છે. આહા..હા..! અરે..! પણ કોઈ દિ' નજરું કરી નહિ ન્યાં. જ્યાં અંદર ચૈતન્ય નિધાન પડ્યું છે. રાગથી ખસી સ્વરૂપમાં કોઈ દિ' અંદર ગયો નહિ. શું આ ઋદ્ધિ ને સમુદ્ધિ પડી છે આમાં (એને જોયું નહિ). આહા..હા..! આ બહારની ધૂળની સમુદ્ધિ ને ઘરવખરી જ્યાં કરે બે, પાંચ લાખના (ફર્નીચર કરે) મખમલ ને ઢીકણાં ને ફીકણાં ને ફર્નીચર (કરે).... રખડવાના છે, રખડવાના રસ્તા. આહા..હા..! '**તેમાંથી ગુણો પ્રગટ કરવાના છે.**' ગુણો એટલે પર્યાય. આહા..હા..! સ્ફટિક મણિ જેમ નિર્મળ છે એમ ભગવાનનું સ્વરૂપ તો નિર્મળ શુદ્ધ છે પણ એની દશામાં રાગ ને દ્વેષ કરીને અનંત કાળથી ચાર ગતિના ભવો અનંત કર્યા. આહા..હા..! અને હજી પણ જો ભિન્ન નહિ કરે તો એ ચાર ગતિમાં રખડવાના રસ્તે, પંથે છે. એ કાગડા ને કુતરાના પશુના, ઢોરના અવતાર. આહા..હા..!

પશુ કેમ કહે છે ? કે આ પશુ છે ને તિર્યંચ ? આ માણસ આમ છે, ઊભા

છે ને આમ ? અને ગાય, ભેંસ, ઘોડા, હાથી આમ આડા છે. ખીસકોલી, મોર, કોળ આડા છે ને આમ ? ઢોર આડા છે. ઇ કેમ આડા થયા ? કે પૂર્વે એણે રાગ-દ્વેષની આડોડાઈ બહુ કરેલી. એ તિર્યંચમાં તીરછું શરીર મળ્યું એને આડુ અંતર તો આડોડાઈ કરી પણ શરીર પણ એને આડુ મળ્યું. આવી વાતું છે, બાપુ !

'ગોમ્મટસાર'માં પાઠ છે. તિર્યંચ, તિર્યંચ કહે છે ને ? તિર્યંચ. તિર્યંચ એટલે તીરછું, તીરછું એટલે આડું. આ મનુષ્યનું શરીર આમ છે. (ઉભુ) ગાય, ભેંસ, ખીસકોલી, નોળ, કોળના આડા શરીર છે. એવા અવતાર અનંતા કર્યા. કેમ ? કે પૂર્વે પુણ્ય ને પાપના ભાવ (સાથે ભિન્નતા ન કરી). ઘણાં તો તિર્યંચમાં જનારને પાપના (ભાવ) છે. પણ કોઈના પુણ્યના ભાવ હોય તો એ અકર્મભૂમિનો જુગળીયો હાથી થાય. આહા..હા..! પણ એ ઢોર છે. ત્રણ પલ્યનું તો મોટું આયુષ્ય છે. એ ઝીણી વાત છે. અત્યારે બધો નિર્ણય કરવા જઈએ તો વાર લાગે. લોજીકથી બધી વાત સિદ્ધ થઈ શકે છે. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે તો ન્યાયથી જે વાત કરી છે એ યુક્તિથી બધી સિદ્ધ થઈ શકે છે. આહા..હા..!

કહે છે, તું રાગનો વિકલ્પ જે છે, ચાહે તો ભગવાન ગુણી છે ને એમાં અનંત આનંદ છે, એવો જે વિકલ્પ રાગ ઉઠે એ રાગથી પણ ભિન્ન ભગવાન છે. અરે..! આટલે બધે જવું ! હજી તો શરીરથી જુદો માનવો કઠણ પડે. આહા..હા..! આ તો હાડકા માટી છે. એમાં શું છે ? આહા..હા..! માતાના પેટમાં એક લોહીનું બિંદુ અને એક વીર્યનું બિંદુ. આ ઋતુ આવે છે ને ? ત્યારે પછી ઋતુ અટકે છે એનું કારણ એ. એમાં જીવ આવ્યો. એટલે માસીક મહિને ઋતુ બંધ થઈ જાય. કારણ કે ત્યાં હવે શરીર બંધાવાના રજકણો ચોંટે છે. આહા..હા..! આવ્યો બીજા ભવમાંથી અને એ બિંદુ અને લોહીનું (રજકણ) એમાં આવ્યું. એમાં એને હળવે... હળવે... હળવે... અંગ ઉપાંગ થાય, અંગ ઉપાંગ થાય. સવા નવ મહિને પછી બહાર લાવે. અરે...! આવા તો અવતાર પ્રભુ ! અનંત કર્યા તેં, ભાઈ ! તું ભૂલી ગયો. ભગવાનને ભૂલ્યો અને અવતાર કર્યા એને પણ ભૂલ્યો. ભગવાન એટલે આત્મા ત્રિલોકનાથ એને ભૂલ્યો અને અવતાર કર્યા અનંત એને પણ ભૂલ્યો. આહા..હા..! **'ગુણો પ્રગટ કરવાના છે.'** (૧૫૬ બોલ પૂરો થયો).

**મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું, એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે; તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ અવગુણ દબાય છે. માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં-તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે ને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે. ૧૫૭.**

૧૫૭. '**મોટા પુરુષની આજ્ઞા માનવી,...**' સર્વજ્ઞ પરમેશ્વર અને ગુરુ, સંત આદિની આજ્ઞા માનવી. આજ્ઞા શું છે એની ? આહા..હા..! કે વીતરાગતા પ્રગટ કર. રાગથી ભિન્ન છો તેને જો. આહા..હા..! જે જોનારો છે તેને જો. જોનાર આમ જોવે છે આ.. આ.. આ.. આ.. એ જોનારની દશાને (ન જો) જોનાર છે એને જો. અરે...! આ હું (આવું) હશે આવી વાતું ? બાપુ ! મારગડા જુદા, ભાઈ ! આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથનું આ ફરમાન છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

'**તેમનાથી ડરવું,...**' સંતો, ગુરુઓ અને સર્વજ્ઞથી ડરવું. એમ ન માનવું કે (એ) કાંઈ નહિ, મારું ગમે તેમ થાય. (એમ) નહિ. '**એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે;...**' સંતો રાગથી ભિન્ન કરવાની જે આજ્ઞા કરે છે એમની આજ્ઞામાં ભય પામવો નહિ. ડર તો તને થાય. આહા..હા..! પણ એક ન્યાયે ડરવું એટલે કે એ કહે છે એનાથી હું વિરુદ્ધ કરીશ તો મને નુકસાન થશે, તેમ એને ડરવું. આહા..હા..! આવી વાતું (છે).

એમાં શરીર વીસ-પચીસ વર્ષની ઉંમરનું જુવાન હોય અને રૂપાળુ શરીર હોય, નમણું શરીર હોય, એક એક અંગોપાંગ બધા સારા હોય. આહા..હા..! અને એમાં પાંચ, પચીસ લાખની મૂડી હોય, એમાં બાયડી રૂપાળી મળી હોય, એમાં છોકરા છ, સાત સારા પાક્યા હોય, એક એક છોકરો પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારનો

મહિનો (પગાર અથવા આવક) લાવતા હોય, જોય લો એ તો તમારે એ ગાંડપ ! એની પાગલ(પન). આહા..હા..! એનું બધું કુટુંબ નોખું રૂપાળુ છે, આનું કુટુંબ આખું (રૂપાળુ છે). એની મા પણ એવા હતા, એના છોકરા એવા ને બધા આવા રૂપાળા છે. આખું કુટુંબ એનું આવ્યા હતા ને એક ફેરી નહિ ? ડોસી બધાને લઈને આવ્યા (હતા). ખબર છે. બા લઈને આવ્યા હતા, બધા આવ્યા હતા, ખબર છે. આખું કુટુંબ રૂપાળુ છે, ધોળા. ડૉકટર છે 'ધર્મચંદ' ડૉકટર 'ખંડવા'ના છે. પાછા જાય વળી (કામ-ધંધે) ઉપાધિ કરવા. આહા..હા..!

પ્રભુ ! તુ ક્યારે ક્યાં જઈશ ? આ દેહ છૂટ્યો (તો) પ્રભુ ! તું ક્યાં જઈશ ? તારો કાંઈ નાશ થવાનો છે ? આનો (દેહનો) નાશ છે. તું તો છે કે નહિ ? અને લોકો એમ કહે છે ને મરતા ? એ.. જીવ ગયો. એમ કહે છે ને ? મરી ગયો એમ કહે છે ? પલ્સ હાથમાં નથી આવતા, જીવ ગયો લાગે છે. પલ્સ, રગ, નાડ હાથ આવતી નથી. જીવ ગયો લાગે છે. જીવ ગયો એમ કહે છે કે મરી ગયો એમ કહે છે ? આહા..હા..! એ તો ત્રિકાળી વસ્તુ છે, સત્ છે, શાશ્વત છે એ નાશ ક્યાં પામે ? એ એક ભવમાંથી બીજે જાય ને બીજેથી ત્રીજે જાય ને મરીને રખડીને મરી ગયો છે અનંતકાળથી. આહા..હા..!

આજનો મોટો ચક્રવર્તી હોય એ ક્ષણમાં સાતમી નરકનો નારકી થાય. બાપુ ! આહા..હા..! અહીં મોટો કરોડોપતિ, અબજોપતિ વાણિયો હોય અને એકલા પાપ ને એકલા પાપના ધંધામાં મશગૂલ હોય એ મરીને ભાઈ !... આ..હા..! બકરીને કૂખે અવતરે. ભાઈ ! આવા અવતાર અનંત કર્યા છે, બાપુ ! તું ભૂલી ગયો. આહા..હા..! તું શું વસ્તુ છો ? ભાઈ ! આહા..હા..! એ ઘોડીને કૂખે બચ્ચુ થાય. આહા..હા..! એ ચકલીને કૂખે બચ્ચુ થાય. એ અદ્ધર માળામાં રહે. એમાંથી પડે તો હેઠે (નીચે) પડે, બચ્ચું નાનું આવું પડીને મરી જાય, વળી ન્યાંથી મરીને બીજે અવતાર (લે). આહા..હા..! એ બધા ઢોરમાં પાછા જાય. આહા..હા..!

કેમ કે એણે રાગ ને ભગવાનઆત્માને કોઈ દિ' જુદા જાણ્યા નથી અને જુદા કર્યા વિના એનું રખડવું મટે એવું નથી. સમજાણું કાંઈ ? તમારા ડૉકટરમાં એવું હોય છે ને ? ડૉકટરપણું ન ચાલતું હોય તો પહેલા મહિનો, બે મહિના મોટા ઇસ્પિતાલમાં

ઓનરરી કરે. હેતુ તો એ કે પછી ડૉક્ટરપુણું જુદું ચાલે. બધું અમે તો જોયું છે ને. તમારે મોટા મોટા મહિનો, બે મહિના ઓનરરી કરે, 'રાજકોટ'માં કરતાં. મોટું ઇસ્પિતાલ છે ને ? બે મહિના કરે એટલે શું કહે ? પ્રસિદ્ધ થાય પછી દુકાન ચાલે. લોકો એને ઓનરરી કહે. ઓનરરી નથી. પછી દુકાન ચાલે ને આબરુ વધે એ માટે ન્યાં નોકરી એક બે કલાક મફત કરે. આહા..હા..! આવા ને આવા ખેલ છે. બાપુ !

આહા..હા..! ગુરુએ સંતોએ કહ્યું કે પ્રભુ ! એને તું જાણ, જો. આહા..હા..! એની આજ્ઞાની અવજ્ઞા ન કરવી એમ કહે છે. એ તો કીધા જ કરે આખો દિ'. કારણ કે એને શું ધંધો છે ? શું છે ? મરી જઈશ, સાંભળ ! આહા..હા..! પૈસાની રાડ સાંભળી છે કે દિ' ? કહે છે. આપણા છે ને ? ('ભાઈ' !) ન્યાં નથી 'મુંબઈ'માં (એક ભાઈ). 'મુંબઈ' પાંચ, છ કરોડ રૂપિયા. મોટા મકાન બનાવે છે, વેંચે છે. બ્લડપ્રેશર સખત છે એને, હોં ! એના બાપ અહીં (છે). 'અમદાવાદ'માં એક ફેરી વાત થઈ. એના બાપ પાસે થોડા પૈસા, એટલા બધા નહોતો આપતો.

આ (એક ભાઈ), (આ બીજા) એ બધા એક કુટુંબના સગા છે ને ? એટલે ઇ એવું બોલ્યો, ઇ બાપાને પૈસાનો રસ કે દિ' જોયો છે ? કેમ કે એની પાસે ત્રીસ, ચાલીશ હજાર હતા. (ભાઈ). આ બધા એના દીકરાઓ (એક ભાઈ) ને (બીજા ભાઈ) ને આ (ત્રીજા ભાઈ) ને (ચોથા ભાઈ). બધાને જાણીએ છીએ ને. અહીં તો ૩૫ વર્ષ થયા. આહા..હા..! બાપાને પૈસામાં રસ જોયો છે કે દિ' ? એને પૈસા ક્યાં એટલા હતા. (આ ભાઈ) પાસે હતા પૈસા આટલા ? એટલે એમ કે બાપાને પૈસા ક્યાં હતા તે એનો રસ હોય ? આ તો અમે પૈસાનો રસ ચાખ્યો છે. માટે આહા..હા..! મારી નાખ્યો આ ભ્રમે.

અહીં કહે છે, **'તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ અવગુણ દબાય છે.'** સંતોની આજ્ઞાથી જ એનો વિરોધ ન કરવો, એનાથી ડરવું. કેમ કે એનાથી ક્રોધ, માન, માયા, લોભ દબાય છે. આહા..હા..! **'માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં-તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે અને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે.'** આહા..હા..! ગુરુ

એમ કહે એનું શરણ લેતા એટલે આજ્ઞા પ્રમાણે કરતા.. આહા..હા..! ગુણનિધિ ભગવાન અનંત આનંદ ને અનંત જ્ઞાનની ખાણ પ્રભુ નિધિ આત્મા છે. આહા..હા..! એ ચૈતન્ય હીરલો હીરો છે અંદર એ પ્રગટ થશે, તને ભાનમાં આવશે. આહા..હા..! જો આજ્ઞા માનીશ ને જો કામ લઈશ તો તને પ્રગટ થશે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**હે જીવ ! સુખ અંદરમાં છે, બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે ? જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે જ નહિ. ૧૫૮.**

**૧૫૮, 'હે જીવ ! સુખ અંદરમાં છે, બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે ?'** આહા..હા..! હે જીવ ! એ 'શ્રીમદ્' નું વચન છે. 'શ્રીમદ્' માં આવે છે ને ? ('ભાઈ' !) જીવ સુખ તારામાં છે, પરમાં નથી. હે જીવ ! આનંદ તે અંદર તારામાં છે. એ આ પુણ્ય ને પાપના ભાવ છે તે વિકૃત છે, દુઃખ છે. એ દુઃખ છે એ વિકૃત દશા છે અને અંદર સ્વરૂપ છે એ ત્રિકાળી અતીન્દ્રિય આનંદ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ–સુખ ત્યાં છે.

જેમ હરણની નાભીમાં કસ્તુરીની કિંમત (છે) કસ્તુરી છે. હરણની નાભીમાં કસ્તુરી છે પણ એ કસ્તુરીની હરણયાને કિંમત નથી. એની ગંધ આવતા જાણે કે અહીંથી આવશે. (બહારથી સુગંધ આવતી હોય એવું ભાસે) એટલે આમ બહારમાં ફાંફાં મારે છે. એમ ભગવાનઆત્માના અંદરમાં આનંદ છે. હરણને જેમ નાભીમાં કસ્તુરી (છે) એમ ભગવાનઆત્મામાં અંદરમાં સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ શાશ્વત ને જ્ઞાન ને આનંદનું નિધાન (છે) એના આનંદમાં જતો નથી. આહા..હા..! બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે ? બાયડીમાં સુખ ને પૈસામાં સુખ ને આબરૂમાં સુખ ને બહાર પ્રશંસા થઈ ને મોટો કો'કે કહ્યો... મરી જઈશ હવે સાંભળને ! આહા..હા..!

એમાં દસ દસ હજારનો પગાર મળે મહિને, પચ્ચીસ હજારનો પગાર ને એમાં જોય લો, આહા..હા..! રૂપાની ખુરશીએ બેસે મોટો. આહા..હા..! ભાઈ ! બહારમાં

ફાંફાં મારે છો એ દુઃખ છે. સુખ તો અહીં છે અંદર. પ્રભુ સુખમય છે, સચ્ચિદાનંદ છે. સચ્ચિદાનંદ એટલે ? સત્ નામ છે, (વસ્તુ છે) ચિદ્ નામ જ્ઞાન, આનંદ નામ સુખ. એ જ્ઞાન ને આનંદનો ભંડાર ભગવાન અંદર છે, તને ખબર નથી. આહા..હા..! આવું કોણ (સાંભળે) ? નવરાશ (ન) હોય. આખો દિ' નવરાશ ન હોય. છોકરા મોટા કરવા એને પાછા ઠેકાણે પાડવા, લગનમાં પોતાને બુદ્ધિ આદિ આબરૂ હોય એના પ્રમાણમાં દીકરી આવે તો ઠીક ને સાધારણ (ઘરે)થી આવે તો ? લ્યો. અને દીકરીને ઠેકાણે નાખવી. પણ ઠીક ન હોય તો નાખવી નહિ. એ..ય..! મરી ગયા ન્યાં ને ન્યાં. તારું શું પણ તેં કર્યું ? આવી કલ્પનાઓમાં રોકાઈને ભવને ભૂલી ગયો. આહા..હા..!

કહે છે **'હે જીવ ! સુખ અંદરમાં છે,...'** અતીન્દ્રિય આનંદ પ્રભુ છે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદની ખાણ છે, નાથ ! તું એવો છો. આહા..હા..! કેમ બેસે ? આમ બહારમાં પૈસા ભાળે, આબરૂ ભાળે, મખમલના ગાદલા ભાળે, મકાન કરોડો રૂપિયાના (હોય), બે કરોડનું મકાન હોય, ફર્નીચર પચીસ, પચાસ લાખનું (હોય) અને વચમાં ખાટલો નાખીને પડ્યો હોય. આહા..હા..! અર..ર..! બાપુ ! અહીં સુખ છે તું ક્યાં ફાંફાં મારે છે ? ભાઈ ! તને આ ભ્રાન્તિમાં શું થઈ ગયું આ ? ભગવાનને તેં ભ્રાન્તિમાં નાખ્યો. આહા..હા..!

**'બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે ?'** ઓ..હો..હો..! પૈસા રળવા માટે દેશ છોડી, કુટુંબ છોડી, સગા-વહાલા છોડીને પરદેશમાં એકલો રહે. આહા..હા..! ન્યાંથી ક્યાંક મળશે અને ક્યાંક આજીવિકાનું સાધન ઠીક થાય તો આપણે પછી કરશું. એ પછી એનું થાય નહિ ને એમ ને એમ જીવન ચાલ્યું જાય છે. **'જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી...'** ઝાંઝવાં છે ને ? આ મૃગજળ. ખારેલી જમીન હોય ખારેલી જમીન અને એમાં સૂર્યના કિરણ આવે એટલે આમ પાણી જેવું લાગે. ઝાંઝવાંના પાણી ! ન્યાં પાણી-બાણી નથી. આ મૃગલા આમ દેખીને પીવા જાય પણ ન્યાં જાય તો કાંઈ ન મળે. અ..ર..ર..! એમ આ જગતના પ્રાણી ઝાંઝવાના સુખ જેવા... (સંયોગમાં સુખ માને છે) આહા..હા..! શરીર સારું ને બાયડી સારી ને છોકરા સારા ને મેસુબ ચાર શેર ઘીનો પાયેલો અને એમાં પતરવેલીયા અળવીના. પતરવેલીયા નથી આવતા ? અળવી અળવી. મોટા પાંદડા. ચણાનો લોટ નાખીને વાટલા કરીને, કટકા કરીને ઘીમાં

તળે. મેસુબને ખાય ત્યાં ઓ..હો..હો..! બસ ! આહા..હા..! પાડાની જેમ ! મૂર્ખ છે કહે છે. પાગલ થઈ ગયો. શું થયું તને આ ? આનંદ તો અહીં છે ને (તારી અંદર) તેં અહીં માન્યો. આ શું છે તને આ ? આહા..હા..! છે ને ? આહા..હા..!

**'જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે જ નહિ.'** અરે..! શરીર, વાણીમાં તો નથી પણ અંદરમાં પુણ્ય ને પાપનો ભાવ થાય તેમાં પણ સુખ નથી. કારણ કે વિકારી ભાવ છે એ તો દુઃખ છે. આહા..હા..! આકરું કામ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે, દુઃખ છે. ભાઈ ! તને ખબર નથી. આનંદ અહીં છે, ન્યાં નથી. આહા..હા..! એ દુઃખ છે, રાગ છે, ક્લેશ છે. પ્રભુ તો અંદર આનંદ સ્વરૂપ છે. ન્યાં શોધવા જઈશ તો ક્યાંય આનંદ સુખ મળશે નહિ. આહા..હા..! છે ?

**'તેમ બહાર સુખ છે જ નહિ.'** આહા..હા..! પુણ્ય ને પાપના ભાવમાં સુખ નથી, એ દુઃખ છે. તો વળી શરીર ને બહારના સાધનો બંગલા ને હોળી બધી, ક્યાંય ધૂળમાં પણ નથી. આહા..હા..! ભોગમાં એ શરીરને ભોગવે માટે એને ઠીક લાગે, એમ નથી. શરીર તો માટી–ધૂળ છે. પ્રભુ તો અરૂપી છે. એ ભોગ વખતે એ શરીરને અડતો પણ નથી. ફક્ત આમ લક્ષ કરે છે કે આ ઠીક છે. એવી રાગની વૃત્તિ ઉઠાવે છે એને ભોગવે છે, શરીરને નહિ. આહા..હા..! એને પણ ખબર નથી કે હું શું ભોગવું છું ને શું નથી ભોગવતો ! આહા..હા..! એ વખતે એ રાગના દુઃખને ભોગવે છે. આહા..હા..!

એમ મેસુબ આવ્યા. એ મેસુબને જીભ પણ અડતી નથી અને આત્મા પણ અડતો નથી. ફક્ત એણે માની રાખ્યું છે કે મીઠુ છે ને આવું છે. એવી કલ્પના કરીને એને રાગ થાય. રાગ એ દુઃખ છે એને એ વેદે છે. આહા..હા..! આરે..! આટલે બધે જાવું ! એ કહે છે. બહાર સુખ છે જ નહિ. એ પુણ્યના ભાવમાં પણ સુખ નથી. સ્ત્રી, કુટુંબ, પરીવાર, પૈસો, લક્ષ્મી, આબરૂ, મકાન, હજીરા મોટા એમાં તો સુખ નથી, એ તો પર ચીજ છે એમા ક્યાં સુખ હતું ? આ તો પરમાણુ માટી છે. એના કટકા કરો તો રજકણ જુદો રહેશે. પોઈન્ટ–પરમ અણુ, છેલ્લામાં છેલ્લો નાનો ભાગ. આ કાંઈ એક ચીજ નથી. કટકા કરો અને છેલ્લો અણુ રહે એ પરમાણુ છે. આ માટી

તો અનંત રજકણનો પિંડ છે, પ્રભુ તો અંદર જુદો છે. આહા..હા..! એનો જાણનારો જુદો છે. જાય છે તે (ચીજ) જુદી છે. આવી વાતું હવે. બાપુ ! માર્ગ આવો છે. મનુષ્યપણું મળ્યું એમાં જો આ નહિ કરે તો પાછા અવતાર ક્યારે મનુષ્યપણું મળશે ? બાપુ ! આહા..હા..! પત્તો નહિ થાય આહા..હા..! **'બહાર સુખ છે જ નહિ.'** આહા..હા..!

**ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે. કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે. ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે અને ગુણ પ્રગટે છે. ૧૫૯.**

૧૫૯. **'ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે.'** આહા..હા..! ઇ શું કહે છે ?

મુમુક્ષુ :– ગુરુની જવાબદારી આવી.

સમાધાન :– જવાબદારે નહિ, ગુરુ આ કહેશે કે તારા ગુણો ઉપર દૃષ્ટિ મુક, એમ કહેશે. કમળ જેમ ખીલે છે પણ કમળમાં શક્તિ છે એટલે ખીલે છે પોતાને કારણે. સુરજ તો એને નિમિત્ત છે. સુરજથી ખીલતું નથી. સુરજથી ખીલે તો લાકડું ખીલવું જોઈએ. ઇ પોતે ગુલાબનું ફુલ કે પોતે વિકસે છે એ પોતાની યોગ્યતાથી ખીલે છે. એમ ગુરુ અહીં ગુણો ખિલવવાની કળા દેખાડશે. કળા દેખાડશે કે અંદર જ્ઞાનાનંદ પ્રભુ છે ત્યાં દૃષ્ટિ કર તો તારી ગુણની દશા પ્રગટ થશે, એમ દેખાડશે. પણ કરશે તો, ઇ કરે તો થાશે.

માર્ગ દેખાડનારો દેખાડે પણ ચાલવું છે કોને ? માર્ગ કાપવો એને ચાલવું છે કે ગુરુને ચાલવું છે ? દેખાડનારને ચાલવું છે ? અરે.. અરે...! વાતું ભારે ભાઈ ! શું પણ કહે છે એનું કીધું તો કર્યું નહિ. બેસી ક્યાંથી જશે ?

અહીં તો કીધું ને ? **'ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે.'** ગુણોમાંથી પર્યાય પ્રગટવાની કળા દેખાડશે. ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ અંદર છે એમાં તું

દૃષ્ટિ દે અને રાગથી ખસી જા તો તારી ગુણની પર્યાય પ્રગટ થશે. અને તારા જન્મ-મરણના છેડા આવી જશે. આહા..હા..! આવું છે.

એ સજ્ઝાયમાં આવતું. **'હોંશીડા મત હોંશ ન કીજે'** સજ્ઝાયમાળા આવે છે ને ? સજ્ઝાયમાળા આવે છે. મેં તો નાની ઉંમરથી બધું કર્યું છે. દુકાન ઉપર આ વાંચ્યું છે. ચાર સજાયમાળા છે. એક સજ્ઝાયમાળાના પુસ્તકમાં બસો અઢીસો સજ્ઝાય છે. એક એક સજ્ઝાયમાં દસ-દસ, પંદર-પંદર શ્લોક છે. એવી ચાર સજ્ઝાયમાળા છે, દુકાન ઉપર વાંચી છે.

મુમુક્ષુ :– એ પડી હશે ?

ઉત્તર :– એ પડી હશે. અત્યારે તો કોણ લે ? પડી હશે. કોણ બધું (ધ્યાન રાખે) ? ખલાસ થઈ ગયા. ઘણા બધા મરી ગયા. ગાયન લખ્યું હતું એ ચોપડી તળાવમાં પલળી ગઈ. ૧૭ ની સાલની ઉંમર છે. ૧૭ ની ઉંમર, ૭૧ પહેલાંની વાત છે. ૭૧ પહેલાંની વાત છે. ૧૭ વર્ષની ઉંમર હતી ત્યારે લખ્યું હતું **'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ'** એમ કરી લખ્યું હતું. દુકાને તો હતો. એ લોકો લગનમાં ગયેલા ને બે દુકાનો હતી. હું અને મારો એક નોકર–બે હતા.

રામલીલા જોવા ગયેલા. રામલીલા નથી થાતી ? 'રામ', 'સીતા' ને 'લક્ષ્મણ'ની થાય ને ? ઇ જોવા ગયેલા ને એમાંથી અંદરમાં (આવ્યું). પ્રભુ ! કોણ છો તું ? આ સ્ત્રીનો ભોગ કરનાર તું નહિ. તું તો શિવરમણી રમનાર (છો). તે દિ' આવ્યું હતું. ૧૭ વર્ષની ઉંમર, ૭૨ વર્ષ પહેલાંની વાત છે. અને તું હી દેવનો દેવ. તું દેવનો દેવ ચૈતન્યમૂર્તિ છો. આહા..હા..! એવી બાર કડી હતી, મેં લખી હતી. પેલા કાગળ આવે ને ? પેલા આંકેલા કાગળ નથી (આવતા) ? એમાં લખેલી. દીક્ષા લીધી એટલે કાંઈ સાથે લીધી નહિ. પછી મારા મોટાભાઈને કહ્યું, ભાઈ ! મારી ચોપડી પડી છે. ત્યાં અમારી દુકાનની પાસે એક મોટું તળાવ છે. પાણી આવ્યું તો ગરી ગયેલું અંદર, પલળી ગઈ.

આ તો એક કડી છે એવી એવી બાર કડી હતી. કોણ જાણે અંદરમાંથી આવી હતી એ વખતે. આખી હોત તો ખબર પડત શું છે એમાં. આહા..હા..! ભાઈ ! તું આ નહિ. આહા..હા..! આ સ્ત્રીને પરણવું ને એ તું નહિ. બાપુ ! તારી સ્ત્રી નહિ.

એમ આવ્યું અંદરથી. શિવરમણી, મોક્ષલક્ષ્મી એની રમણીનો તું રમનાર છો, બાપુ ! આહા..હા..! 'તું હી દેવનો દેવ' આ પહેલા પદમાં બે બોલ આવ્યા હતા. એ ચોપડી દુકાનમાં રહી ગઈ.

અહીં કહે છે. આહા..હા..! **'ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.'** એ આજ્ઞા તો ઇ છે કે રાગથી ભિન્ન કરીને આત્મામાં રહેવું. આહા..હા..! 'શ્રીમદ્' માં આવે છે ને ? જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે રહેવું. ત્યારે લોકો સમજે કે... પણ જ્ઞાનીની આજ્ઞા છે શું ? જ્ઞાનીની આજ્ઞા એ છે કે રાગથી ભિન્ન પડીને આત્મામાં જા. 'રાગથી ખસ, સ્વરૂપમાં વસ એટલું ટૂંકું ટચ એટલું તારે માટે બસ'.

એક ક્ષુલ્લક હતા. દિગંબરમાં ક્ષુલ્લક થાય છે ને ? ક્ષુલ્લક અહીં લંગોટી પહેરીને આવતા બિચારા. બુદ્ધિ થોડી હતી પણ અહીં પ્રેમ બહુ. આ વાત સાંભળવાનો (પ્રેમ) બહુ. પછી પુસ્તકો મંગાવે, બધું કરે. બહુ પુછે તો એ કહેતા. શું કહેવાય ? સાગર, આદિસાગર. તો એ બીજાને પછી આટલું કહે. બુદ્ધિ થોડી હતી પણ અહીંનો રસ. આહા..હા..! વાત તો આ (છે). એને એટલું કહે પરથી ખસ–રાગાદિથી ખસી જા. સ્વરૂપમાં વસ, સ્વમાં વસ, પરથી ખસ, ટૂંકું ટચ, તારે માટે બસ આહા..હા..! આ એની પછી આ બધી ટીકાઓ છે. આહા..હા..! ગુજરી ગયા બિચારા. પ્રેમ હતો. જ્યાં જતાં ત્યાં આવતા. ત્યાં શું કહેવાય પે'લું 'નેમચંદભાઈ'નું ? 'રખિયાલ'. 'રખિયાલ' આવ્યા હતા. બુદ્ધિ થોડી હતી પણ એને (પ્રેમ બહુ હતો). ઓ..હો..હો..! એ શુભ ને અશુભભાવના રાગ, એનાથી ભગવાન અંદર ચિદાનંદ પ્રભુ ભિન્ન (છે). એની શ્રદ્ધા ને જ્ઞાન વિના દુનિયામાં, ધૂળમાં કાંઈ નથી, મરી જઈશ. આહા..હા..!

અહીં એ કહે છે, **'ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.'** એટલે આજ્ઞા તો ઇ છે (કે) વીતરાગતા પ્રગટ કરવી. વીતરાગતા કેમ ? (કેમ કે) આખા જૈન શાસન સર્વજ્ઞ પરમાત્માના કહેલા ચાર અનુયોગો, એનો સાર વીતરાગતા છે. વીતરાગતા પ્રગટ કેમ થાય ? આહા..હા..! કાલે બહુ કહેવાઈ ગયું છે. કાલે ઘણું કહેવાઈ ગયું. ચારે અનુયોગ–દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ, ધર્મ કથાનુયોગ ને આત્મકથા ઘણું હોય. પણ એનું તાત્પર્ય શું ? વીતરાગતા–અરાગતા. તો અરાગતા થાય કેમ ?

કે વીતરાગ સ્વરૂપ જ ભગવાનઆત્મા છે અંદર,... આહા..હા..! એનો આશ્રય લે તો વીતરાગતા થાય. ત્યારે તારા જન્મ-મરણ મટે. નહિતર જન્મ-મરણની હોળી સળગી જાશે એમ ને એમ. આહા..હા..!

એમાં (સજ્ઝાયમાં) આવતું **'હોંશીડા મત હોંશ ન કીજે'** મોટી સજ્ઝાય હતી. એ હોંશીડા ! પરમાં હોંશ ન કર, ભાઈ ! પરમાં હરખ ને ઉત્સાહ ન કર, ભાઈ ! આહા..હા..! હોંશ... હોંશ... હોંશ... આમ જાણે, ઓ..હો..હો..! લગન કરવા હોય ને છોકરાના લગન કરવા હોય ને એમાં બે, પાંચ લાખ ખરચવા હોય... આહા..હા..! મોટી મોટી વાતું કરે અંદરથી. 'હોંશીડા મત હોંશ ન કરીએ' બાપા ! એ પર પદાર્થમાં હોંશ ન કર, હરખ ન કર, ભાઈ ! હરખ કરવા જેવી ચીજ તો અંદર ભગવાનઆત્મા છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ !

'રાજકોટ'ના છે પેલા લુહાણા નહિ ? પૈસાવાળા છે. (એક ભાઈ) કે શું નામ ? આવે છે. બહુ ખુશી થાય, બહુ રસ છે. 'રાજકોટ'ના લુહાણા છે. કાપડના વેપારી છે. મોટા ગૃહસ્થ છે. કાયમ વ્યાખ્યાનમાં આવે અને બહુ રસ. આમ ખુશી-ખુશી. આહા..હા..! આવું ક્યાં છે ? ક્યાં છે ? એમ કહે. એક તો કરોડપતિ 'આફ્રિકા'નો લુહાણો છે. એ તો આવે બિચારા, ભાઈને લઈને આવે. (પેલા ભાઈ)નો દીકરો, ભાઈ ! (એ ભાઈને) એ લઈને આવે. 'આફ્રિકા'નો મોટો લુહાણો છે, મોટો કરોડપતિ છે. ખુરશીએ બેસે. મોટી અવસ્થા થઈ ગઈ. સાંભળે પણ એને પૈસા એટલા બધા. અને અવસ્થા થઈ ગઈ તો હવે આ વાતું... પેલો જે વચ્ચે આવે છે એને તો બહુ રસ. ભાઈ ! આતો તારા ઘરની વાતું, બાપા ! આ તો આત્માની વાત છે. આ કોઈ પક્ષની ને વાડાની વાત નથી. આહા..હા..!

તું કોણ છો ? ક્યાં છો ? કેવડો છો ? આહા..હા..! 'શ્રીમદ્' તો સોળ વર્ષે કહ્યું, 'શ્રીમદ્ રાજચંદ્ર' સોળ વર્ષ, પૂર્વનું જાતિ સ્મરણ સાત વર્ષે થયેલું, સોળ વર્ષે (કહે છે),

**'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?'**

હું કોણ છું ? આત્મા. ક્યાંથી થયો ? અનાદિથી છું. શું સ્વરૂપ છે મારું ખરું ? સોળ વર્ષની ઉંમર. ૩૩ વર્ષે તો ગુજરી ગયા. આત્મજ્ઞાન થયેલું. એક ભવ કરી મોક્ષ

જવાના. ઝવેરીનો મોટો ધંધો હતો, 'મુંબઈ'.

**હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?**
**કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા. ૪.**

સોળ વર્ષનો દેહ. આત્મા તો અનાદિનો છે, એને ક્યાં વર્ષ હતા ? સમજાણું કાંઈ ? આહા..હા..! 'મોક્ષમાળા' છે ને ? એમાં છે. શક્તિ એની બહુ હતી. 'શ્રીમદ્' આવી ગયેલા અવતારમાં (વૈષ્ણવ સંપ્રદાયમાં જન્મ થયો) વિષ્ણુમાં હતા પણ પછી તો સ્થાનકવાસી ને પછી આ શૈલી વાંચન કરી. પછી તો આત્મજ્ઞાન થયું, વસ્તુનું ભાન થયું. દેહ છૂટીને સ્વર્ગમાં ગયા છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. 'મુંબઈ'માં ઝવેરી હતા. લાખોનો ઝવેરાતનો (ધંધો હતો). અંદરમાં ભિન્ન ભિન્ન, ભિન્ન. નાળિયેરમાં ગોટો (સફેદ ગોળો) જેમ જુદો હોય ને નાળિયેરનો ! ગડગડિયું. આહા..હા..! ઇ સોળ વર્ષે આમ પોકારે છે કે **'એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે'** પાંચ મિનિટ વધારે થઈ, ખબર છે. **'તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યાં.'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧, શુક્રવાર તા. ૦૪-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૬૦ થી ૧૬૧. પ્રવચન–૫૭**

**જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં કર્મથી જુદું જ છે; તે ગયા કાળે એકમેક નહોતું, વર્તમાનમાં નથી, ભવિષ્યમાં નહિ થાય. તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી. તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી. આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ. પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય જ છે. ૧૬૦.**

૧૬૦, બોલ છે ને ? બાકી છે ? ૧૬૦. **'જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે...'** કમળ કાદવમાં થાય છે ને ? આમ દેખાય છે. એ કમળ કાદવથી અને પાણીથી જુદું રહે છે. **'તેમ તારું (ચૈતન્ય) દ્રવ્ય...'** આત્મ દ્રવ્ય **'કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં...'** કર્મ અનંતા રજકણોના મધ્યમાં રહ્યું હોવા છતાં **'કર્મથી જુદું જ છે;...'** આહા..હા..! કમળ જેમ કાદવથી જુદું ને પાણીથી જુદું છે એમ આત્મા કર્મ અને કર્મજનીત વિકાર ભાવ બેયથી જુદો છે. આહા..હા..! વીતરાગ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ પરમ આનંદના ભરપૂર ભાવથી ભરેલો ભગવાન, એ કર્મ અને કર્મના નિમિત્તથી થયેલી ઉપાધી, વિભાવ બેયથી જુદો છે. આહા..હા..! આવી વાત છે.

**'તે ગયા કાળે એકમેક નહોતું,...'** ભૂતકાળ જે અનંત ગયો તોપણ એ દ્રવ્ય સ્વરૂપ જે જ્ઞાનરસ આનંદ સ્વરૂપ, જિન સ્વરૂપ (છે) એ કોઈ દિ' કર્મ ને રાગથી એકમેક થયું નથી. આહા..હા..! એ વસ્તુ છે ચૈતન્ય ભગવાન જિન સ્વરૂપ (છે) એ

રાગ ને કર્મના સંબંધમાં એકમેક થયું નથી. એણે માન્યું ભલે હો કે રાગમાં હું દબાય ગયો છું ને રાગમાં મારું સ્વરૂપ છે, પણ એમ છે નહિ. આહા..હા..! એ રાગ અને વિકલ્પ અને કર્મ એટલે કે અજીવ અને પુણ્ય-પાપના પરિણામ, એનાથી ભગવાન આત્મા જુદો જ પડ્યો છે. આહા..હા..! અત્યારે (એમ છે).

ઇ કહે છે, ભૂતકાળે પણ એમ હતું. **'ગયા કાળે એકમેક નહોતું, વર્તમાનમાં પણ નથી.'** આહા..હા..! હવે અહીં તો (અજ્ઞાનીઓએ) માંડી કે કર્મને લઈને આ થાય ને કર્મને લઈને આ થાય. એ કર્મ છે જડ એને લઈને વિભાવ ન થાય. પોતે નિમિત્તને આધિન થાય છે તેથી વિભાવ (થાય છે). પણ એ વિભાવ ને કર્મ, કર્મ તે અજીવ, વિભાવ તે પુણ્ય-પાપ તત્ત્વ, ભગવાન જ્ઞાયક તત્ત્વ એનાથી તદ્દન જુદું (છે). નહિતર નવ તત્ત્વ પણ સિદ્ધ નહિ થાય. આહા..હા..! નવ તત્ત્વનું હોવાપણું ક્યારે સિદ્ધ થાય ? આહા..હા..! ઝીણી વાત બહુ, પ્રભુ ! એ પ્રભુતાના સ્વભાવથી ભરેલો ભગવાન, રાગના વિકલ્પ અને કર્મથી એકમેક ભૂતકાળે થયો નથી, વર્તમાનમાં પણ થયો નથી, જુદો જ છે. આહા..હા..!

અને **'ભવિષ્યમાં નહિ થાય.'** આહા..હા..! અજ્ઞાનીના ભવિષ્યમાં એનું દ્રવ્ય રાગ અને કર્મ વચ્ચે રહ્યું છતાં એ દ્રવ્ય વસ્તુ છે એ ભવિષ્યમાં રાગ અને કર્મરૂપે નહિ થાય, જુદું જ છે. આહા..હા..! આવું (છે). દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ વિભાવ છે, એનાથી પ્રભુ જુદો છે અંદર. આહા..હા..! વિભાવ કરીને ધર્મ થશે (એમ જે માને છે) એણે તો વિભાવ ને સ્વભાવ બેને એક માન્યા. આહા..હા..! થોડી વાત છે, નાની છે પણ રહસ્ય એનું મોટું છે, પ્રભુ ! આહા..હા..! એને રાગથી ભિન્ન પાડવો. કેમ કે રાગથી ભિન્ન છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ માટે કાલે થોડી વાત કરી હતી કે અહીંયા પરલક્ષે જે અંદર વૃત્તિ ઉઠે છે, જ્યાં સ્વલક્ષ નથી અને પરલક્ષે વૃત્તિ ઉઠે છે તે રાગ છે. વાત સાચી છે. રાગ શું ? ને ચૈતન્ય શું ? આહા..હા..! સ્વરૂપ જે ચૈતન્ય તત્ત્વ દ્રવ્ય છે એમાં જે રાગ થાય છે એ પરલક્ષમાં જાય છે તેથી થાય છે. સૂક્ષ્મપણે એનો વિચાર કરતાં આ બાજુ ઢળતો નથી અને આમ ઢળ્યો છે, આમ ઢળ્યો નથી એટલે આમ ઢળ્યો

છે. એટલે આમ વીતરાગ સ્વરૂપ તરફ ઢળ્યો નથી એટલે નિમિત્ત તરફ ઢળ્યો છે એટલે રાગ છે એમ લક્ષમાં આવવું જોઈએ. ઝીણી વાત છે, ભાઈ ! અરે..! એને કરવાનું જે મૂળ છે એ આ છે, ભાઈ ! બાકી તો બધી વાતું છે. આહા..હા..!

મુમુક્ષુ :- જ્ઞાન ને રાગ એકસરખા દેખાય છે.

ઉત્તર :- એક છે નહિ. રાગ સરખા દેખાય છે એ તો માન્યું છે. જ્ઞાન સ્વરૂપ એ અંતર્મુખ છે અને રાગ છે એ બહિર્મુખના લક્ષે થાય છે. એ બહિર્લક્ષી રાગ કહો કે બહિર્લક્ષી ભાવ કહો એક જ છે. આ તો ઓળખાવવા (એમ કહ્યું) કે રાગ કહેવો કોને અંદર ? જેટલો એ પરલક્ષમાં જાય છે દયાનો, વ્રતનો, ભક્તિનો એ બધો રાગ છે. આકરુ કામ બહુ, બાપુ !

મુમુક્ષુ :- પર તરફ જવું તે રાગ છે.

ઉત્તર :- આ બાજુ જવું એ જ રાગ છે. કેમ કે સ્વરૂપ તો વીતરાગ સ્વરૂપ છે અને એ રાગથી ને કર્મથી તો ભિન્ન છે. આહા..હા..!

મુમુક્ષુ :- વીતરાગ સ્વરૂપ તો સિદ્ધ થાય છે ત્યારે હોય ને ?

ઉત્તર :- અત્યારે જ વીતરાગ સ્વરૂપ છે. સવારે ઘણું કહ્યું હતુ. વાંચ્યું ? ભાઈ ! એક લેખ છે. 'જાપાન'નો કોઈ માણસ છે શોધક, ઈતિહાસીક (છે), ૬૩ વર્ષની ઉંમર છે. એનો દીકરો ૧૭ વર્ષની ઉંમરનો (છે). એણે જૈનધર્મને માટે મોટો લેખ લખ્યો છે. એનો એ લેખ 'જગનમોહનલાલજી'એ આમાં બહાર પાડ્યો છે. બહુ સરસ વાત છે.

જૈનધર્મ એટલે શું ? કે આત્મા જે વીતરાગ સ્વરૂપ છે; વીતરાગ એણે નથી મુક્યું પણ એ વસ્તુ જે છે એથી એનો ખુલાસો એમ કરવો પડ્યો કે જિન સ્વરૂપ છે અને એની અનુભૂતિ તે જૈનપણું અને તે સમ્યગ્દર્શનપણું છે. એણે એમ લખ્યું છે એમાં, હોં ! આહા..હા..! અને બૌદ્ધમાંથી જૈન નિકળ્યા એમ કોઈ કહેતા હોય તો એ વસ્તુ સમજતા નથી. જૈન એટલે સવારમાં કહ્યું હતું ને ? જિન એટલે કે દ્રવ્ય અને જૈન એટલે દ્રવ્યની સન્મુખના થયેલા પરિણામ. આહા..હા..! આ તમારા ડૉકટર ભણતરમાં આવે નહિ, સંપ્રદાયમાં સાંભળે તોપણ આ આવે નહિ.

મુમુક્ષુ :- તો કરવું શું હવે ?

ઉત્તર :- આ જ કરો. આહા..હા..! અત્યારે તો વાત બહુ ફરી ગઈ. પેલો

ઇતિહાસીક 'જાપાની' માણસ એમ કહે છે. જૈન ધર્મ એટલે... આહા..હા..! આત્માની અનુભૂતિ એ જૈનધર્મ છે. આહા..હા..! અને તે બૌધ ને ઉપનિષદમાં પણ એવી કાંઈક વાત છે પણ એ બધી અહીંની છાયા ન્યાં આવી છે. વસ્તુ તો અહીંની છે. વાત તો સાચી છે. આહા..હા..!

'યુરોપ'માં એ ધર્મ હતો, ઘણાં દેશના નામ આપ્યા. ભગવાન જ્યારે બિરાજતા ત્યારે... આહા..હા..! ઇન્દ્રો જ્યાં આવતા ત્યાં મનુષ્યોનો પ્રચાર તો ઘણો હતો. આહા..હા..! એ જૈનધર્મ એટલે મૂળ વાત એવી છે કે વસ્તુ જિન સ્વરૂપ છે એ વાત જ બેસતી નથી. કેમ કે પુણ્ય ને પાપના રાગમાં રેલાઈ ગયો છે, એકાકાર થઈ થયો છે એટલે એને કંઈ અંદર ભિન્ન છે એવું એને બેસતું નથી. અવ્યક્તપણે પણ બેસવું જોઈએ એ બેસતું નથી.

મુમુક્ષુ :– એનો અર્થ એમ થયો કે દ્રવ્યને માનતો નથી.

ઉત્તર :– માનતો નથી, એમ જ છે. આહા..હા..! ભગવાન જિન સ્વરૂપ છે તેનો એને વિશ્વાસ નથી. એથી એ રાગ ને પુણ્યની ક્રિયામાં,... આહા..હા..! એ મને ધર્મ થાય છે તેમ માને છે. એને ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગ સ્વરૂપ બિરાજમાન (છે) એની એને શ્રદ્ધા નથી, એને એણે જાણ્યો નથી, એની એને જ્ઞાનમાં ખબરું નથી. આહા..હા..! આવી વાતું, બાપુ ! બહુ આકરું. આહા..હા..!

અનંત તીર્થંકરો, અનંત કેવળીઓનો આ પોકાર છે. આ શરીર, વાણી, કર્મ અને પરવસ્તુ એ તો જગતના સ્વતંત્ર તત્ત્વો છે. એની પર્યાયમાં આત્મા ગયો નથી, એના દ્રવ્યમાં તો જાય ક્યાંથી. આહા..હા..! ફક્ત કર્મ એક નિમિત્ત છે એના સંયોગના સંબંધમાં અનાદિથી દૃષ્ટિ ગઈ છે એથી એને વિકાર ભાવ પોતાથી ઉત્પન્ન થયો છે. એ વિકાર ભાવથી પણ વસ્તુ તો નિરાળી–ભિન્ન છે. આહા..હા..! એને અભ્યાસ થઈ ગયો છે, ટેવાઈ ગયો છે કે રાગ તે હું અને દયા, દાનના વ્રતનો વિકલ્પ ઉઠે છે એ જાણે હું છું ને મારું કર્તવ્ય છે. એવું અજ્ઞાનમાં, મિથ્યાત્વમાં અનાદિથી થઈ ગયું છે. પણ વસ્તુ જે છે ચિદ્‌ઘન, તત્ત્વ છે ને ? દ્રવ્ય છે ને ? વસ્તુ છે ને ? ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... હયાતીવાળી ચીજ છે ને ? એ તો જિન સ્વરૂપ છે. એ કર્મથી ભૂતકાળમાં એક થયો નથી, વર્તમાનમાં એક છે નહિ, ભવિષ્યમાં થશે નહિ. માને

ગમે તે. માનતા એની સ્વતંત્ર (છે). અજ્ઞાની માને કે હું કર્મમાં રોકાઈ ગયો છું, કર્મે મને દાબ્યો છે, કર્મ મને રખડાવે છે અને કર્મના નિમિત્તે થતો ભાવ કર્મથી થાય છે એમ ન માનતા મારાથી થાય છે અને એ મારો ધર્મ સ્વભાવ છે (પણ એ વસ્તુનું સ્વરૂપ નથી). આહા..હા..! આવું કામ છે. આવું છે પ્રભુ ! માર્ગ તો આવો છે. આહા..હા..!

નાળિયેરમાં જેમ કાચલીથી ગોળો જુદો હોય છે,... કાચલી કહે છે ને ? શું કહેવાય ? નરેટી. અને છાલા એનાથી જુદો ગોળો છે. એમ આ છાલા–શરીર અને કર્મ અંદર જે છે–કાચલી અને કાચલીની લાલ છાલ જે છે, કાચલી તરફની લાલ છાલ, ટોપરા પાક કરે ત્યારે ઘસી નાખે છે ને ? આહા..હા..! તો એ લાલ છાલ કાચલી અને છાલથી તદ્દન જુદી ચીજ છે અંદર. શ્રીફળ, શ્રીફળ એને કહીએ. આહા..હા..! એમ ભગવાન આત્મા શરીરના છાલા છે એનાથી તો જુદો છે, કર્મની કાચલી છે એનાથી જુદો છે, કર્મના નિમિત્તના સંબંધે પોતામાં થયેલા પર્યાયમાં વિભાવ, એનાથી વસ્તુ જુદી છે. આવું છે, ભગવાન ! બીજા ગમે તે કહો પણ વસ્તુ તો આ છે. એને (પામવા) બીજું કોઈ સાધન ? એ સાધન જ આ છે. રાગ ને પરથી ભિન્ન છું એવું જે અંદર અનુભવવું એ સાધન છે.

મુમુક્ષુ :– ......

ઉત્તર :– એ બધી નિમિત્તની વાતું. એ કહેશે હમણાં, ગુરુની આજ્ઞાએ રહેવું. પણ આજ્ઞા એની વીતરાગ ભાવની છે. આહા..હા..! મારી સામું જોવું એ પણ એની આજ્ઞા નથી. આહા..હા..! એ તો ચોથી ગાથામાં આવે છે ને ? પોતાને જ્ઞાન નથી ને જેને જ્ઞાન છે તેની સેવા કરવી નથી. સેવા એટલે શું ? એણે જે કીધું છે કે પ્રભુ ! તું ભિન્ન છો ને, નાથ ! મારી સામું જોવાથી તારી વસ્તુ તને નહિ મળે. આહા..હા..! જ્યાં છે તેની સામું જોતા તેને મળશે. આકરું કામ છે, બાપુ ! પણ માર્ગ તો આ છે. આહા..હા..! અત્યારે તો આ બહારમાં પૈસા ને આબરૂ ને કીર્તિ ને ધંધા રચ્યાપચ્યા પડ્યા (છે). અરે..રે..! માન્યું છે, હોં ! આહા..હા..!

મુમુક્ષુ :– આખી દુનિયાએ માન્યું છે.

ઉત્તર :– આખી દુનિયા પાગલ (છે). ભગવાન જિનેશ્વરદેવ એમ ફરમાવે છે

એ આ બહેનના વચનો છે. આહા..હા..! પ્રભુ ! તું તો રાગથી અને કર્મથી જુદો પડ્યો છો ને ! જો જુદો ન હોય તો જુદો થશે ક્યાંથી ? આહા..હા..! સમજાણું કાંઈ ? અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે છે, ભગવાન ! એનાથી પણ તું જુદી ચીજ છો. આહા..હા..! જો જુદી ન હોય તો જુદી પડશે ક્યાંથી ? આહા..હા..!

મુમુક્ષુ :– એનો અર્થ એમ કે અમારે કોઈની દયા ન કરવી.

ઉત્તર :– કોણ કરે છે દયા ? પરની દયા કરે કોણ ? એ કરી તો શકે નહિ પણ પરની દયાનો ભાવ છે તે જીવની હિંસા છે. આહા..હા..!

મુમુક્ષુ :– દયા તો ... ધર્મ છે.

સમાધાન :– એ આ દયા. આત્મામાં રાગની ઉત્પત્તિ થવા ન દેવી અને આત્માની વીતરાગ દશા ઉત્પન્ન થવી એનું નામ જીવની દયા છે. ઝીણી વાત છે, બાપુ ! આહા..હા..! અનંત કાળથી રખડીને દુઃખી છે. આહા..હા..! નરક અને નિગોદ... બાપુ ! એ શું છે ? ભાઈ ! એણે વિચાર ક્યાં કર્યા છે. આહા..હા..! એ બહારની ચીજની હોંશુમાં હણાય જાય છે એની ખબરું નથી. આહા..હા..!

પ્રભુ ! તને તારી હોંશ ન આવે ? કે હું એક આનંદ સાગર પ્રભુ છું અંદર. આહા..હા..! અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાનઆત્મા,... આહા..હા..! એટલે કે જિન સ્વરૂપ પ્રભુ, આત્મા જિન સ્વરૂપ જ છે. જિન સ્વરૂપ ન હોય તો પર્યાયમાં જિન સ્વરૂપ આવશે ક્યાંથી ? આહા..હા..! સમજાણું કાંઈ ? પર્યાયમાં જે અરિહંત સર્વજ્ઞ વીતરાગ થાય છે એ સર્વજ્ઞ પર્યાય ને વીતરાગ પર્યાય ક્યાંથી આવી ? ક્યાંય બહારથી આવે છે ? આહા..હા..! ભગવાન તું સર્વજ્ઞ સ્વભાવી છો, વીતરાગ સ્વરૂપી છો,... આહા..હા..! એથી તું અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છો. તારું સ્વ-રૂપ એ છે, તારું સ્વ-રૂપ એ છે, રાગ તારું સ્વ-રૂપ નહિ. આહા..હા..! આવી વાત ઝીણી પડે જગતને, શું થાય ? રખડે છે અનાદિથી, બાપુ ! આહા..હા..!

રાગનો કણ છે શુભ એનાથી પ્રભુ જીવ તત્ત્વ તદ્દન ભિન્ન છે. કેમ કે શુભરાગનો કણ જે છે એ તો પુણ્ય તત્ત્વ છે અને ભગવાન તો જ્ઞાયક તત્ત્વ છે. એ પુણ્ય તત્ત્વ ને જ્ઞાયક તત્ત્વ તો બે ભિન્ન છે. આહા..હા..! ભાઈ ! કામ આકરું છે પણ એના ફળ વીતરાગ પરમાત્મ દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી.'** પ્રભુ ! તું વીતરાગ ગુણે, જ્ઞાન ગુણે, આનંદ ગુણે, શ્રદ્ધા ગુણે, શાંતિ ગુણે, ચારિત્ર વીતરાગ એ ગુણે ભરેલો ભગવાન (છો). એક ગુણ ક્યાંય પરમાં જતો નથી. છે ? પરમાં ભળી જતો નથી. ગુણ જે ચેતનનું ચૈતન્ય, આત્માનું આત્માપણું એ કોઈ રાગપણામાં જાય એમ (બને નહિ). આહા..હા..! જિન સ્વરૂપ એનું જિનપણું, દરેક ગુણ વીતરાગપણે છે. આહા..હા..! એ રાગપણે કોઈ દિ' થતું નથી. વીતરાગી ગુણ છે એ રાગમાં ભળતો નથી. આહા..હા..! આવી વાત છે તો ઝીણી પણ વસ્તુ તો આ છે. અરે..રે..! બાકી તો દુઃખી થઈને ભલે આમ મોઢે લાલ દેખાય ને આમ પૈસાવાળા ને મકાનવાળા ને બાયડી-છોકરાવાળા ને... શરીરમાં એક વાળો નીકળે છે તો દુઃખ થાય છે. આ મારા... મારા... મારા... આ વાળો, પૈસાવાળો, રાગવાળો, બાયડીવાળો, છોકરાવાળો કેટલા વાળા પ્રભુ ! તને છે ? આહા..હા..! આકરી વાત છે. ભાઈ ! આહા..હા..! 'નિયમસાર'માં એમ કહ્યું છે કે બાયડી, છોકરા, કુટુંબ તો ધૂતારાની ટોળી છે, લુંટશે તને મારી નાખશે. અમે શું કરવા પરણ્યા હતા ? હાથ શું કરવા જાલ્યો હતો ? અમે તમારા છોકરા છીએ. અમને આપવું પડશે. આહા..હા..!

એક છોકરો ભણતો હતો. 'પુના' માં. એના બાપ પૈસાવાળા. આ તો ૬૦ વર્ષ પહેલાંની વાત છે. ૭૪ માં તો એ છોકરો બિચારો ગુજરી ગયો. ૭૪ ની સાલમાં વૈશાખમાં પરણ્યો ને આસો મહિનામાં ગુજરી ગયો. પૈસા 'દામનગર'માં 'દામોદર શેઠ' હતા. આ ૬૦ વર્ષ પહેલાંની વાત છે. દસ લાખ રૂપિયા. ચાલીશ હજારની તો પેદાશની ઉપજ. તે દિ' ચાલીશ હજાર ! હવે વીસ પચ્ચીસ ગણું થઈ ગયું. એક ગામ ઘરે હતું 'રળિયાપાક' ગામ ઘરે. વાણિયા અમારી નાતના. ઘરે આહાર બહુ, ઘોડા ઘરે, બંદુકો ઘરે. આહા..હા..! મોટા દરબાર જેવા. એ છોકરો ભણતો હતો. છોકરાને મહિને જોવે પુસ્તકનું, શિક્ષકને દેવાનું... શું કહેવાય મહિને દેવાનું ? ફી, એ બધું આપતા. પણ ઉપરથી કાંઈ નહોતા આપતા, પચ્ચીસ પચ્ચાસ રૂપિયા આપતા હશે. ગુંજાના વાપરવાના એ સિવાય. એટલે એણે લખ્યું, ગુંજાના સમજાણું ? ફીના, પુસ્તકના, ભોજનના એ પૈસા જુદા, એટલા તો આપતા. એ ઉપરથી થોડા પાંચ પચ્ચીસ આપતા હશે.

એણે લખ્યું, બાપુજી ! મહિને બસ્સો રૂપિયા ગુંજા માટે જોઈશે. જે ખર્ચ ભોજનનો, ફીનો છે એ ઉપરાંત બસ્સો જોશે. તમને ન પાલવે તો કાકાને (કહેજો). ત્રણ ભાઈઓ હતા, આ તો બધું અમારે અનુભવમાં આવેલું છે. કાકાને ન પાલવતું હોય તો તમારે નામે કરો. કેમ ? કે તે દિ' તો નોટુ નહોતી ને, તે દિ' તો રૂપિયા હતા, રોકડા રોકડા. નોટુ લાખ આવે, લાખ રૂપિયા. આવે સો હજારની... શું કહેવાય ? કોથળી. એ લોકો ગૃહસ્થ માણસ હતા. એટલે પૈસા આવે એટલે મજુરો લઈને અમુક ઠેકાણે બહાર મૂકે. જ્યાં નાખવા હોય ત્યાં મજુર ન લઈ જવાય. એ છોકરાઓ ને ઘરના માણસને ઉપાડીને ખુંણે એક બાજુમાં પટારામાં નાખવા હોય એ એના ઘરના માણસ જાય. એ કહેતો છોકરો બિચારો લખતો. આહા..હા..! ૭૪ ના વૈશાખમાં પરણેલો અને ૭૪ ના આસો મહિનામાં ગુજરી ગયો. છ મહિનાનું પરણેતર. મોટા ગૃહસ્થ ! ચાલીશ હજારની ઉપજ ને દસ લાખ. તે દિ' દસ લાખ એટલે અત્યારે ત્રીસ ગુણા. બાપુજી ! બસ્સો રૂપિયા જોશે. કેમ કે પૈસા જ્યારે અંદર મુકવા જઈએ છીએ ત્યારે અમારી કેડ ભાંગે છે. આમ લખ્યું હતું ભાઈએ, હોં ! આહા..હા..! લખ્યું હતું.

અમારા સંપ્રદાયનું ગણ હતું ઇ. 'બોટાદ' સંપ્રદાયનું ગામ 'દામનગર'. ત્યાં ચોમાસા કરેલા છે. ઇ પૈસા આવે છે લાખ, બે લાખ જ્યારે સો, બસ્સો જ્યારે... શું કહેવાય ? કોથળીયું. તે દિ' તો રોકડ રૂપિયા જ હતા ને ! એ અંદર નાખવા જઈએ છીએ ત્યારે અમારી કેડ તુટે છે, હોં ! આહા..હા..! અમે સાધારણ ઘરે નથી અવતર્યા. અમે ગૃહસ્થને ઘરે અવતર્યા છીએ. માટે મહિને બધો ખર્ચ ઉપરાંત ગુંજાના ખર્ચવાના બસ્સો જોશે. ('ભાઈ' !) મોકલતા હતા, મોકલતા હતા. પણ છોકરો પરણિને છ મહિને (મરી ગયો). મોટું શરીર હતું આમ. ('ભાઈ' !) નામ હતું. અમે તો બધું જાણેલું. મોટા ગૃહસ્થો. ૬૦ વર્ષ પહેલાં દસ લાખ ને ચાલીશ હજારની ઉપજ એટલે ! અત્યારે તો રૂપિયો ચાર પૈસાનો ત્રણ પૈસાનો થઈ ગયો છે. આહા..હા..! જે ચીજ પહેલાં પાઈયે મળતી એ અત્યારે ચાર પૈસે પણ નથી મળતી. આહા..હા..!

એક પાયમાં તો બાપુ ! અમારે ઘર હતું ને ! અમારા ઘર પાસે મુસલમાનનું ઘર (હતું). (ત્યાં) બાઈ હતી (એને) અમે માસી કહેતા. અમારા બા ન્યાંના ખરા ને. એને માસી કહેતા ને એના વરને મામા કહેતા. 'ગીગા' મામા ને માસી. ઘરની જોડે

એ મકાન હવે આમાં લઈ લીધું. આ મકાન અહીંનું મકાન છે ને ? પૈસા આપીને જન્મસ્થાનમાં ભેળવી દીધું. એમાં એ બાઈ રહેતી. પાય પાયનું તોળીને (આપે). હરીજન, ભંગ્યા લેવા આવે. એ પાયમાંથી શાક પણ આપે ને એ પાયમાં પાછો થોડો ગોળ પણ આપે. તે દિ' તો બહુ સોંઘુ ને ! તેમાં પણ પાછી પા પાય પેદા કરે. એ મકાન જ્યારે લીધું ત્યારે ૨૭ રૂપિયાની પાય નીકળી, એક પાય. આ પાય કહેવાય ને ? આહા..હા..!

એ બસ્સો મોકલતા એને. એવું એણે લખ્યું. આહા..હા..! બાપુ ! 'કાકા'ને ન પોસાતું હોય ભેગા છીએ માટે અને હું છોકરો મોટો થયો અને ભણું છું. ભોજન અને ફી ઉપરાંતના, પુસ્તકના ઉપરાંતના મહિને બસ્સો રૂપિયા ખર્ચવા માટે જોશે. ('ભાઈ' !) એ બિચારો ! આહા..હા..! ભાઈ ! એ ઢોલીયા ને વર્ષ પહેલા સુધી એની લગનની તૈયારીઓ. ઢોલીયા શું કીધું ? પલંગ. પલંગ બનાવ્યા ને એ બધા... આહા..હા..! એ ભાઈ માંદો પડ્યો. છ મહિને દેહ છૂટી ગયો. લગનના છ મહિના, હોં ! અને એની મા દિવાનની દીકરી હતી. 'લીમડી' દરબાર, 'લીમડી'ના દિવાન. અને એ બધા રોતા રોતા આવ્યા. બાઈ શું કહેવાય ? ખવાસણીયું, રાજની ખવાસણીયું હોય. બહુ રોવરાવે, કુટાવે, બહુ કુટે. લંઘીયું, (સંવત) ૧૯૭૪ ની વાત છે, આ તો ૧૯૭૪ ની વાત છે. કેટલા થયા ? ૬૦ વર્ષ થયા. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. એ બાઈના પીયરીયા આવ્યા. એ મરી ગયો ને ગામમાં આવ્યા. એ લંઘીયું પોકાર કરે, લાકડું ટુટીને પડ્યું છે કે કોઈ માણસ મરી ગયો છે ? શું છે ? હાથ કેમ ઉપડતો નથી ? અને રોવે રોવે, રોવરાવે રોવરાવે... ઇ તો ક્યાં રોતી હતી. શેઠ કહેતા હતા કે અમને મરી ગયો તે દિ' નહોતું થયું પણ આજ એ આવું થતાં આસુંની ધારા ચાલી જાય છે. આહા..હા..! એને પણ એક ક્ષણમાં દેહ છૂટી ગયા, બાપુ ! આહા..હા..!

એ ઢોલીયા ને એ પરણેતર ને એ બાઈ ને છોડીને ચાલ્યા ગયા. આહા..હા..! બાપુ ! એ તો નાશવાન ચીજ છે, બાપુ ! એ તારી ક્યાંથી આવી ? આહા..હા..! એને ન ઓળખો. 'દામોદર શેઠ' 'દામનગર' છે ને ? અમારા શેઠ હતા. આટલામાં ગ્રહસ્થ જ ઇ એક હતા. દસ લાખ ! તે દિ' તો વાણિયામાં (બીજું કોઈ નહિ). હવે તો કરોડો પૈસા થઈ ગયા. કરોડોપતિ ઘણાં થઈ ગયા છે અત્યારે. આહા..હા..! તે

દિ’ દસ લાખ કોની પાસે હતા ? બાપુ ! એ નાશવાન (ચીજ છે). આહા..હા..! અને એ મરતા એવું કહેતા... કારણ કે પાપ બહુ કરેલા અને આમ દૃષ્ટિ બહુ વિપરીત હતી. સ્થાનકવાસીની શ્રદ્ધા ને દૃષ્ટિ (પણ ઇ). મને કોઈ તાણે છે, મરતા કહેતા, મને કોઈ તાણે છે, આમ ખેંચે છે. ઉઘાડ હતો, શેઠિયો હતો. હવે જાવું છે નીચે એટલે પેલો ક્ષયોપશમ ઓછો થવા માંડ્યો. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ ! આ તો એક છે એની વાતું છે. કોઈ વ્યક્તિ માટેની (વાત નથી), આ વસ્તુની સ્થિતિ આવી છે. આહા..હા..! મને કોઈ ખેંચે (છે). મોટો શેઠિયો નામનો શેઠિયો, ગામનો શેઠિયો, ‘અમરેલી’ના મોટા જજો, અમલદારો એને મળવા એને ઘરે આવે. એવી એની આબરૂ મોટી. ‘દામોદર શેઠ’ એ ભાઈ મરતા મને કોઈ ખેંચે છે, મારી દશા અંદર હણાય જાય છે. આહા..હા..! કેમ કે દૃષ્ટિ વિપરીત હતી, પાપો ઘણા કરેલા. આહા..હા..! એટલે જે જ્ઞાનનો ઉઘાડ હતો... જાવું છે ક્યાં ? ત્યાં અલ્પ જ્ઞાનમાં એવી દશામાં જાવું છે રખડવા. આહા..હા..!

ભાઈ ! એ વ્યક્તિ માટે નથી, આ તો એક વસ્તુની સ્થિતિ છે. આહા..હા..! અને પોતે જીવતા અમસ્તા કહેતા, પોતાને એવું અભિમાન ઘણું હતું ને કે મને એવું લાગે છે કે હું મરીને કોઈ ઝુંપડીમાં જઈશ, એમ કહેતા. ઝુંપડી સમજ્યા ? નાની ઝુંપડીમાં રહીશ, એમ કહેતા. વિરાધક બહુ હતા. આહા..હા..! કોના છોકરા ને કોની છોડ્યું ? બાપુ ! કોની છે આ ? આહા..હા..! અહીં તો રાગપણે પણ તું નથી. આહા..હા..! તો કર્મપણે ને પરપણે તો ક્યાંથી થયો ? ભાઈ ! તને શું થયું ? ભ્રમ. આહા..હા..! એ ભ્રમે તને–ભગવાનને ચોરાશીમાં ભમાડ્યો. આહા..હા..!

અહીં કહે છે કે **‘દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી. આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે...’** અત્યંત શુદ્ધ છે. આહા..હા..! એકલુ શુદ્ધ નહિ અત્યંત શુદ્ધ. વીતરાગ સ્વરૂપે પવિત્રતાનો પિંડ પ્રભુ ! આહા..હા..! આ હીરા આવતા નથી ? આજ ભાઈ લાવ્યા હતા. એક આટલી કણી, ભાઈ ! હીરાની કણી છે. આ (‘ભાઈ’ !) લાવ્યા હતા. બહેનને મુકવાના છે ને ! અડતાલીસ હીરા હતા. એક હીરાના અઢીસો રૂપિયા. આટલી કણી રાય જેટલી હતી, રાય જેટલી કણી. અઢીસો (રૂપિયાના) એવા અડતાલીસ, સાડી બાર હજાર રૂપિયાના. આમ દેખાય જરીક. અરે..! એ તો પરમાણુનો

પિંડ અનંત રજકણની ઉજળની પર્યાય છે. એ તો જળ ચમકે છે અંદર.

આ પ્રભુ તો ચૈતન્ય ચમત્કાર અંદર,... આહા..હા..! જેના ચૈતન્યના ચમત્કારના પ્રકાશ આગળ સૂર્ય ને ચંદ્રના પ્રકાશ પણ જ્યાં ઝાંખા થઈ જાય. આહા..હા..! જેના ચૈતન્યના અંતરના પ્રકાશમાંથી જ્યારે કેવળજ્ઞાન બહાર આવે, ચાર જ્ઞાન પણ જ્યાં ફીકા પડી જાય. આહા..હા..! ભાઈ ! તું એવા જ્ઞાનનો ભરેલો ભગવાન છો. તારે એનો વિશ્વાસ, દૃષ્ટિ કરવી પડશે. લક્ષમાંથી બધું છોડીને, છૂટું તો પડેલું જ છે. આહા..હા..! એ તો છૂટું જ છે, એ ક્યાં ગરી ગયો છે ? પણ એના ઉપર લક્ષ છે એ ફેરવી નાખ. પ્રભુ ! તું ભગવાન સ્વરૂપે બિરાજમાન છો. પ્રભુ ! તું રાગની ક્રિયાકાંડના પરિણામથી પણ તદ્દન જુદો છો. આહા..હા..! એવો અંતરમાં વિશ્વાસ ને દૃષ્ટિ આવ્યા વિના એને સમકિત નહિ થાય. અને સમકિત ન થાય ત્યાં ધર્મ-બરમનો અંશ પણ નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે. છે ? આહા..!

**'આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ.'** તેને તું ઓળખ. જે રાગ ને કર્મનું અસ્તિત્વ છે એનાથી તારું અસ્તિત્વ એટલે મોજૂદગી ભિન્ન છે. આહા..હા..! એ ચમકતો હીરો છે, ચૈતન્યથી ચમકતો. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! ક્યાં પણ નવરાશ ન મળે અંદર. અંદર ભગવાન બિરાજે છે. આહા..હા..! એક મોટો માણસ કરોડપતિ મળવા આવ્યો હોય અને એના છોકરાનો છોકરો છ મહિનાનો (હોય) ઇ આવ્યો તો એની રમતે ચડી ગયો અને પેલો પા કલાક આવ્યો હતો. ચાલ્યો ગયો ઉઠીને. આ તો આની સાથે રમે છે. હું આવ્યો છું એની સામું પણ જોતો નથી. એમ ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ એની મોટપને જોતો નથી અને રાગની પામરતાને જોઈને એની રમતે ચડી ગયો. આહા..હા..! ઝીણી વાત તો છે, પ્રભુ ! પણ મારગ ઝીણો ને એના ફળ પણ મહા,.. આહા..હા..! ઊંચા છે. અને ઊંધા માર્ગના ફળ પણ બધા મહા હલકા છે. આ નરક ને નિગોદ, ભાઈ ! કોઈ તારી સામું જોનાર ન મળે. આહા..હા..! તારા એક ક્ષણના દુઃખ, બાપુ ! કરોડો ભવ ને કરોડો જીભથી ન કહેવાય એવા દુઃખ પ્રભુ ! તેં અનંતવાર સહન કર્યાં. ભૂલી ગયો, ભૂલી ગયો એટલે ? ભગવાનને ભૂલ્યો પોતાને અને ભવ કરેલાને ભૂલ્યો. વર્તમાન આ છે. આહા..હા..! ('ભાઈ' !) આવું ન્યાં ક્યાં છે. મોટા ડૉકટર થઈને રહે છે. 'મુંબઈ'માં મોટા ડૉકટર

કહેવાય. ચોકઠાના મોટામાં મોટા ડૉક્ટર. અહીંના તો મુમુક્ષુ છે. આહા..હા..! એમની બહેનું છે એ તો બહુ રસવાળી, શાસ્ત્રનો બહુ અભ્યાસ. આ ભાઈને ઘરે તો બહુ શું કહેવાય ? 'મુંબઈ' ('ભાઈ')ના ઘરેથી બહેનને બહુ પ્રેમ છે સાંભળવાનો, વાંચનનો. આહા..હા..! અરે..! બાપુ ! આ મનુષ્યપણું તો ધૂળ, રાખ થઈ જશે. અને રાખ છે તે રાખ થશે ને ? ભગવાન હિરલો અંદર પડ્યો એ કોઈ દિ' રાખ થશે ? એ રાગમાં આવતો નથી ઇ તો જાય ક્યાં ? આહા..હા..!

**'તેને ઓળખ, તેને તું ઓળખ.'** એવી જે ચીજ પૂર્ણાનંદ, રાગ ને કર્મથી ભિન્ન છે **'તેને તું ઓળખ.'** આહા..હા..! એ રાગથી ઓળખાશે નહિ. તું એ વીતરાગી સ્વરૂપ છો તો વીતરાગી પર્યાયથી, તેને તું વીતરાગ પર્યાયથી ઓળખ. આહા..હા..! જિનવરનો ધર્મ એ સિવાય ક્યાંય બહાર છે નહિ અને એ ધર્મ આવો અપૂર્વ છે, ભાઈ ! આહા..હા..! પૂર્વે અનંત કાળમાં કદી કર્યું નથી એટલે એને મોઘું લાગે. બાકી તો 'શ્રીમદ્' કહે છે, સત્ છે, સરળ છે, સર્વત્ર છે. આહા..હા..! એને બતાવનારા જોઈએ એટલું ત્યાં (નાખ્યું છે). કે આ અંદર તારું પૂર્ણ સ્વરૂપ છે એટલું. પણ એ બતાવે. પોતે બતાવે ત્યારે બતાવનારા નિમિત્ત મળ્યા એમ કહેવામાં આવે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ નહિ. એ તો કીધું ને સવારમાં ? દેશનાલબ્ધિ તો હોય છે પણ એ દેશનાલબ્ધિથી પામતો નથી. આહા..હા..! નિમિત્ત હોય છે એટલું. પણ દેશનાલબ્ધિથી જે જ્ઞાન થયું એનાથી આત્મા પમાતો નથી. આહા..હા..! એ તો વીતરાગી પર્યાયની અનુભૂતીથી જ પ્રાપ્ત થાય છે. આહા..હા..! એ વસ્તુનું સ્વરૂપ છે. જિનેશ્વરે કહ્યું છે એ કાંઈ કર્યું નથી કોઈનું. જેવું સ્વરૂપ છે તેમ એણે જણાવ્યું. બાપુ ! તારું આ સ્વરૂપ છે, પ્રભુ ! એને તું ઓળખ, એના ઉપર દૃષ્ટિ કર, એનો અનુભવ કર. એના અનુભવ માટે પરની કોઈ અપેક્ષાની જરૂર નથી. આહા..હા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પરિણામ છે તે દ્રવ્યને અવલંબે થયેલા એને પરની કોઈ અપેક્ષા નથી, પરમ નિરપેક્ષ છે. આહા..હા..! પ્રભુ ! તું જિન સ્વરૂપ છો. એ પરમ નિરપેક્ષ તારું તત્ત્વ અંદર રાગની અપેક્ષા વિનાનું (તત્ત્વ છે). આહા..હા..!

**'પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય જ છે.'** શું કીધું ઇ ? પોતાનું

અસ્તિત્વ એટલે હયાતી. રાગ અને કર્મથી જુદો છે, એમ જ્યાં પોતે પોતાને જોયો, જ્ઞાનની પર્યાય દ્વારા, વીતરાગી દશા દ્વારા એને ઓળખ્યો ત્યારે એ પરથી જુદો પડી ગયો. છે ને ? '**પરથી જુદાપણું જણાય છે.**' ત્યારે એને (જણાય છે કે) ઓ..હો..હો..! આ તો પરથી જુદો છે. જુદો હતો તે જુદો દેખાણો. સમજાણું કાંઈ ?

ચૈતન્યના બાગમાં,... આહા..હા..! અનંતા ચૈતન્યના રત્નના ઝાડના ફળ્યાં ફુલ પડ્યા છે અંદર. આહા..હા..! એ બાગમાં ગયો અને જ્યાં જાણ્યું ત્યારે તેને એમ થયું કે ઓ..હો..હો..! આ તો પરથી તો જુદાપણું છે. પરની કોઈ અપેક્ષા નથી એને. આહા..હા..! જેનાથી જુદો છે એની અપેક્ષાથી જણાય એવી એ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

લોજીક ન્યાયથી એને સમજવું પડશે ને પહેલું ! સ્થિતિ શું સ્થિતિ છે ? બાપુ ! આહા..હા..! વસ્તુ સ્થિતિ છે. આહા..હા..! ન્યાયથી ન્યાય એટલે ની ધાતુ છે. ની એટલે લઈ જવું, જેવું સ્વરૂપ છે તેમાં ની, ન્યાયથી જોઈને લઈ જવું. આ સરકારના ન્યાય ને એ જુદા, આ તો ત્રિલોકના નાથના ન્યાય. ન્યાય એટલે ની ધાતુ, ધાતુ એટલે નીનું સ્વરૂપ કે જેવું સ્વરૂપ છે તે તરફ જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય, બાકી બધા અન્યાય છે. આહા..હા..! ન્યાયથી, લોજીકથી તો વાત બેસે (એવી છે). આહા..હા..! '**પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય જ છે.**' આહા..હા..!

**સંસારથી ભયભીત જીવોને કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે. ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે ! તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે. ૧૬૧.**

૧૬૧. **'સંસારથી ભયભીત જીવોને કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે.'** શું કહે છે ? સંસારથી જે ભયભીત છે. અરે..રે..! આ ભવના ભવ અનંત અનંત કર્યા. એવા ભવનો જેને ડર થયો, ભય થયો. આહા..હા..! આ તો કંઈક પૈસા મળે ને કંઈક મળે ત્યાં રાજી-રાજી થઈ જાય. આ તો ભવના ભયથી જેને ડર છે. અરે..રે..! ક્યાં રખડશે ? ક્યાં જશે ? કોણ છે ? ક્યાં (જશે) ? એવા ભવના ભયથી જેને અંતરમાં ડર છે.

'ભવ ભયથી ડરી ચિત્ત'. આહા..હા..! એવા જીવોને સંસારથી ભયભીત એમ કીધું છે. દુઃખથી ભયભીત એમ નહિ, નરકના દુઃખો ને એમ નહિ. આખો સંસાર દુઃખમય છે તેનાથી ભયભીત છે. સ્વર્ગનો ભવ પણ રાગથી દુઃખી છે. આહા..હા..! એ સંસારથી ભયભીત જીવો એમ કીધું છે. એકલા દુઃખ આ નરકના ને નિગોદના એમ નહિ. આહા..હા..!

જે ભવ વસ્તુમાં નથી અને જે ભવનો ભાવ વસ્તુમાં નથી એવા ભવનો જેને ડર લાગ્યો છે હવે. અરે..રે..! ક્યાં જઈશ ? આ દેહની તો પાંચ, પચીસ, પચાસ વર્ષની મુદત અને પોતે તો અનાદિ અનંત નિત્ય વસ્તુ છે. આહા..હા..! આ સંયોગો તો સપના જેવા છે. સપનામાં આમ ભૂખ હતી એટલે ખાધું. કાંઈ ખાધુ નથી. જાગે એટલે પેટ ખાલી ને ખાલી લાગે. એમ આ બહારનું સપનું છે. એમાં જાણે અમે સુખી છીએ ને અમે પૈસાવાળા છીએ. આહા..હા..! બાપુ ! જાગ એટલે તને લાગશે કે આ બધું સ્વપ્ન ખોટું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જીવોને કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય...'** એને આત્માનું પોષણ થાય એવો ઉપદેશ ગુરુનો હોય. પુણ્ય કરે ને પુણ્યથી સ્વર્ગમાં મળશે એવો ઉપદેશ એનો ન હોય. ગુરુ અને તીર્થંકર અને શાસ્ત્રનો ઉપદેશ એ હોય જેમાં આત્માર્થ પોષાય, વીતરાગતા પોષાય. આહા..હા..! જેમાં વીતરાગ ભાવની ઉત્પત્તિ ને વીતરાગ ભાવની પુષ્ટિ થાય. આહા..હા..! આ તો ઉપદેશ પણ ફરી ગયો છે. આ તો વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો ને દાન કરો ને મંદિરો બનાવો તમારું કલ્યાણ થઈ જશે, એ સાધન છે, હળવે હળવે (કલ્યાણ થશે). અરે..! ભાઈ ! એ ઉપદેશ ગુરુનો નથી. આહા..હા..! એ તો મિથ્યાદષ્ટિનો ઉપદેશ છે.

**'આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે.'** જેમાં આત્મા વીતરાગી સ્વરૂપ છે એનું વીતરાગીપણું પ્રગટે, પોષાય એવો એ ઉપદેશ આપે. આહા..હા..! **'ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે.'** આશય સમજવા પ્રયત્ન કરે કે આ શું કહે છે ? આમ જિન સ્વરૂપ છે પોતે. એની સન્મુખ જા, એનો આશ્રય લે તો તને સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય પ્રગટ થશે. અને પછી પણ સ્વનો આશ્રય વિશેષ કર તો વીતરાગની વૃદ્ધિ થશે. વીતરાગી દૃષ્ટિ થઈ તો વીતરાગી પર્યાય થઈ પછી એ ટકી રહેશે અને એ વૃદ્ધિ પામશે. ત્રિકાળી ભગવાનનો આશ્રય લેતા તે વૃદ્ધિ પામશે, એવો ગુરુનો ઉપદેશ હોય. આહા..હા..!

**'ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય...'** આહા..હા..! એને શંકા ન થાય, આશંકા થાય. પણ સમજવા માટે આ શું કહે છે ? હું સમજી શકતો નથી, એમ આશંકા થાય. પૂર્ણ સમજી ગયો હોય એને આશંકા ન થાય અને કાંઈ પણ સમજ્યો ન હોય એને આશંકા ન થાય. આશંકા થાય. આહા..હા..!

**'ગુરુ આ શું કહે છે ! તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી...'** મને એનો આશય પકડાતો નથી પણ એમનો આશય છે એ તો સત્ય જ છે. આહા..હા..! કઠણ વાત છે, બાપા ! આહા..હા..! સત્સમાગમ કોને કહેવો ભાઈ ! બાહ્યનો ત્યાગ કર્યો ને નગ્ન સાધુ થઈ ગયા માટે એ સત્સમાગમ છે, બાપુ ! એ નહિ. આહા..હા..! એના ઉપદેશમાં તો આ હોય છે. પ્રભુ ! માર્ગ બહુ કઠણ છે, ભાઈ ! આહા..હા..!

નગ્નપણું (લીધું હોય), ઘણાં પરિષહ સહન કરે, ઉપસર્ગ સહન કરે પણ દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. કેમ કે આ ક્રિયા કરો ને આ કરો ને એમાંથી અંદર ધર્મ થશે. એ સંયમ છે. વ્રત પાળવા, તપસ્યાઓ કરવી. વ્રત પાળવા એ સંવર છે, તપસ્યા કરવી એ નિર્જરા છે. બેય જૂઠી વાત છે. વસ્તુ આવી છે, બાપુ ! શું થાય ? અરે..! એના આત્માને પણ નુકસાન થશે. એને દયા જોઈએ. એ કોઈ વિરોધ ન કરવો જોઈએ, કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ ન કરવો જોઈએ, વેર ન કરવું જોઈએ, એ વ્યક્તિ પ્રત્યે અણગમો ન આવવો જોઈએ. આહા..હા..! વસ્તુસ્થિતિ કોઈ એવી છે. આહા..હા..!

કે હાથ એને આવી નથી એટલે આમ કરે છે બિચારા. શું કરે ? અરે..! એના ફળ આવશે ત્યારે શું થશે ? બાપુ ! ત્યારે જોનારા નહિ હોય ત્યાં. જોનારા એમ માને કે આહા..હા..! કેવા વ્રત પાળે ને કેટલા ઉપવાસ કરે ને લુખ્ખા આહાર કરે છે ને એક કપડાનો કટકો રાખતા નથી ને... આહા..હા..! આવું જોઈને એને એમ માને કે આ તો ધર્મી જીવ છે. એને ખબર નથી.

**'તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે...'** પણ કોણ ? ગુરુ હોય તે. આહા..હા..! જે અંદર પોતાનો ગુરુ થયો છે. પોતે જ પોતાને સમજાવીને ચૈતન્યનું ભાન થયું છે એ પોતે પોતાનો ગુરુ છે અને જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા છે એ ગુરુ છે. નિશ્ચય. એ ગુરુની આજ્ઞા વીતરાગતાનું પોષણ છે. રાગ કરો ને રાગથી લાભ થાય એ વાત એને ન હોય. વાત કરે કે જો ભાઈ ! આ વખતે અંદર અસ્થિરતા છે, વસ્તુનું ભાન થયું છે, અંતર અનુભવ (થયો છે). છતાં અસ્થિરતા છે તો વચ્ચે રાગની વૃત્તિ (આવે છે). વ્રતનો વિકલ્પ આવે પણ છે બંધનું કારણ, છે એ દુઃખનું કારણ. આહા..હા..! વ્યવહાર આવે. પૂર્ણ વીતરાગનું (ભાન ન) થાય ત્યાં સુધી વીતરાગી દૃષ્ટિવંતને પણ, સ્વના આશ્રયનો દૃષ્ટિવંતને પણ વીતરાગનો જેને આશ્રય (થયો છે), વીતરાગ એટલે જિન સ્વરૂપ એને પણ રાગ-વ્યવહાર આવે પણ એ રાગ બંધનું કારણ છે એમ હેય તરીકે જાણે. આહા..હા..!

અહીં તો એ રાગને ઉપાદેય તરીકે માનીને સંયમ છે, (એમ માને) એ ચારિત્ર છે (એમ કહે). અરે..રે..! પ્રભુ ! ભાઈ ! એનું ફળ તો જીવને (દુઃખ છે). (આવશે ત્યારે દુઃખ ભોગવવું પડશે.) દુનિયા ભલે સ્વીકારે, પાગલ દુનિયા માને કે ઓ..હો..હો..! શું આણે ત્યાગ કર્યો ને ! ભાઈ ! એના ફળ આવશે ત્યારે... બાપુ ! આહા..હા..! મિથ્યાત્વના ફળ શું હોય ? ભાઈ ! તત્ત્વનો વિરાધક, રાગનો આરાધક,... આહા..હા..! એનું ફળ તો નિગોદ (આવે). એકાદ ભવ વચ્ચે કંઈ જાય કદાચિત્ સ્વર્ગાદિમાં પણ અંતે તો એ નિગોદમાં જવાના. આહા..હા..! અરે..રે..! કોઈ આત્માને એવી દશા થાય એવું ધર્મીને કેમ રુચે ? તેથી તેનો દ્વેષ ન થાય, ભાઈ ! આહા..હા..!

'શ્રીમદ્' એમ કહે છે ને 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા' રાગની ક્રિયામાં માનનારા ક્રિયા જડ. 'શુષ્ક જ્ઞાનમાં કોઈ' કોઈ વાતું કરનારા નીકળ્યાં પણ અંદર રાગથી ભિન્ન

વસ્તુ છે એનું ભાન કરતાં નથી, તેમાં જતાં નથી. આહા..હા..!

**કોઈ ક્રિયા જડ થઈ રહ્યાં શુષ્ક જ્ઞાનમાં કોઈ,**
**માને મારગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ.**

તિરસ્કાર ન થાય. આહા..હા..! દયા આવે. અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! એ દુનિયા માને માટે તારું કલ્યાણ થશે (એમ નથી). દુનિયા માન આપે કે આહા..હા..! હજારો રાણી છોડી, લાખો-કરોડોની પેદાશ છોડી ને સાધુ થયા (તો) કંઈ લાભ થશે કે નહિ એને ? અરે..! ભાઈ ! એ વસ્તુ શું ? કાંઈ નથી. આહા..હા..! જે મિથ્યાત્વ છે જે સ્વરૂપની સન્મુખ નથી એને છોડવાની વાત છે પહેલી. એ પણ ક્યાંરે છૂટે ? કે સ્વનો આશ્રય લઈને અંદરમાં જોવે ત્યારે પરથી જુદો એને જણાય જાય. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે.'** એમ માને. સમજવાની જિજ્ઞાસાવાળો સમજી શકે નહિ પણ સમજવાનો પ્રયત્ન કરે કે આવું આકરું એકદમ ! ઇ તો વીતરાગ પર્યાયથી જ વીતરાગ આત્મા જણાય, રાગથી જણાય નહિ, આ શું આ વાત ? બાપુ ! એ હળવે-હળવે સમજવાની વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રાવણ સુદ ૨, રવિવાર તા. ૦૬-૦૮-૧૯૭૮.
વચનામૃત–૧૬૨ થી ૧૬૩. પ્રવચન–૫૮

**દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે-નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે-પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે. ૧૬૨.**

૧૬૨ બોલ. ૧૬૧ થઈ ગયા છે. **'દ્રવ્ય સદા નિર્લેપ છે.'** શું કહે છે ? દ્રવ્ય જે ચૈતન્ય જ્ઞાયકભાવ વસ્તુ એ તો અંદર નિર્લેપ વસ્તુ, ચીજ છે. રાગ અને કર્મનો સંબંધ પણ જેને નથી. કોને ? જે કોઈ જ્ઞાયકને જાણવાની દૃષ્ટિ કરે એને. નિર્લેપ છે પણ નિર્લેપ દૃષ્ટિ કરે એને ને ? આહા..હા..! ઝીણી વાત, બાપુ ! જેને જન્મ-મરણના દુઃખોથી મુક્ત થવું હોય તો એને આ પરનું તો કંઈ કરી શકતો નથી, એક તણખલાના બે કટકા પણ આત્મા કરી શકે નહિ. આહા..હા..! આંખની પાપણ પણ આત્મા ફેરવી શકે નહિ. (કેમ કે એ) પરદ્રવ્ય છે. પરદ્રવ્યની પર્યાય વિનાનું એ દ્રવ્ય હોય નહિ. એટલે એ પર્યાય પરની કરે એ તો કોઈ દિ' સંભવ છે નહિ. હવે રહ્યા અંદર પુણ્ય ને પાપ, એને અજ્ઞાન ભાવે કરે. કેમ કે જ્ઞાયક સ્વરૂપ અંદર, શુદ્ધ ચૈતન્ય વસ્તુ, જ્ઞાયકનો હિરો અનંત ગુણના પાસાથી શોભતો, આ..હા..! એવું જે દ્રવ્ય એ તો ત્રિકાળ નિર્લેપ જ છે.

જેની દૃષ્ટિ એના ઉપર ગઈ, સંયોગ ઉપરથી લક્ષ છોડી, રાગના વિકલ્પની પુણ્ય-પાપની વૃત્તિથી લક્ષ છોડી, એક સમયની પર્યાયનું અસ્તિત્વ છે, હયાતી છે પણ તેનું પણ લક્ષ છોડી. આહા..હા..! ભગવાન અંદર નિર્લેપ દ્રવ્ય છે એવી જેને દૃષ્ટિ થાય તેને સમ્યગ્દર્શન થાય. આહા..હા..! આવો મારગ છે, ભાઈ !

**'દ્રવ્ય સદા નિર્લેપ છે.'** ત્રિકાળ નિરાવરણ. આપણે બીજે ઠેકાણે આવી ગયું છે. 'કંચનને કાટ ન હોય, અગ્નિમાં ઉધઈ ન હોય' ઉધઈ, કીડી, જીણા કીડા. એમ ભગવાન આત્મદ્રવ્ય વસ્તુ છે ને ! સત્ છે ને ! શાશ્વત છે એને આવરણ ન હોય, એને અશુદ્ધતા ન હોય, એમાં ઉણપ ન હોય. આહા..હા..! એ તો ભગવાન દ્રવ્ય સ્વભાવ, પરિપૂર્ણ શુદ્ધ સ્વભાવથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન જે શ્રદ્ધાની પર્યાય, એનો એ વિષય દ્રવ્ય સ્વભાવ (છે). જ્ઞાનની પર્યાયમાં પણ એ દ્રવ્ય જ્ઞેય થાય છે. એ જ્ઞેય છે એ નિર્લેપ જ્ઞાનની પર્યાયમાં જણાય છે. જ્ઞાનની પર્યાય, એ નિર્લેપ છે તેને જાણે છતાં એ નિર્લેપ ચીજ જ્ઞાનની પર્યાયમાં આવે નહિ. ('ભાઈ' !) આવી વાતું ઝીણી બહુ ભગવાન ! આહા..હા..!

હજી તો લોકો તકરાર એટલી કરે. વ્રતમાં પણ મિશ્રણપણું છે એમ કહે છે. વ્રત છે એ તો વિકલ્પ આસ્રવ છે, મિશ્રણપણું કહ્યું છે એ તો સાધક જીવને જે દ્રવ્યનો નિર્લેપ સ્વભાવ (છે)... આહા..હા..! એનો જેણે આશ્રય કર્યો, મહાપ્રભુનો આશ્રય જેણે કર્યો એની પર્યાયમાં જે નિર્મળતા થઈ અને એને બાકી રહેલો વિકલ્પ, એ મિશ્ર. પણ વિકલ્પ છે એ તો આસ્રવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જેટલો પરનો (સ્વનો) આશ્રય નથી અને જેટલો પરના લક્ષમાં જાય છે તેટલો તેને રાગ થાય છે.

પૂર્ણ નિર્લેપ દ્રવ્ય સ્વભાવ, એનો જઘન્ય સમકિતની પર્યાયમાં આશ્રય લીધો તો નિર્મળ દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પ્રગટ્યો. વિશેષ આશ્રય લીધો તો ચારિત્ર સ્વરૂપની રમણતા પ્રગટ્યું. પૂર્ણ આશ્રય લીધો તો કેવળજ્ઞાન પ્રગટ્યું. સાધકને નીચલી દશામાં પૂર્ણ આશ્રય નથી પણ એની દૃષ્ટિમાં તો.... આહા..હા..! વસ્તુ છે ને ! ચૈતન્ય ભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એને લેપ શો ? આહા..હા..! નિર્લેપ છે.

**'પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે.'** આહા..હા..! ઇ શું કહ્યું ? પેલો તો સદા નિર્મળ છે. એ તો દ્રવ્ય (છે જ). કોઈ દ્રવ્ય તો બીજું પણ દ્રવ્ય લઈ લે.

એટલે સાધારણ વાત કરીને એને જ્ઞાયકમાં નાખ્યો. એ પોતે તો જાણનાર છે. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જાણનાર-દેખનાર જેનો ત્રિકાળી સ્વભાવ છે. એવો પોતે સ્વયં જાણનાર તો તરતો ભિન્ન છે. આહા..હા..! **'તરતો ને તરતો છે.'** જુદો જ છે. આહા..હા..! રાગ અને પર્યાયથી ભિન્ન. **'णाणसहावाधियं मुणदि आदं'** ('સમયસાર') ૩૧ ગાથા. એનાથી અધિક જુદો એ તરતો છે. ક્યાંય એને રાગની સાથે મેળ છે નહિ. આહા..હા..! એ ચૈતન્ય હિરલો અનંત ગુણના પાસાથી ભરેલો પ્રભુ (છે).

આ તો ભાઈ ! જેને કલ્યાણની ભાવના હોય એની વાતું છે, બાપુ ! એમ ને એમ રખડે છે ચોરાશીના અવતારમાં. આહા..હા..! કરોડોપતિઓ થાય ને માને કે અમે સુખી છીએ. એ દુઃખી છે, ભાઈ ! મહા દુઃખી છે, બિચારા ભિખારા છે અને મરીને પાછા માંસ આદિ ન ખાતા હોય તો ઢોરમાં જવાના. માંસ આદિ ખાનારા અબજોપતિઓ જીવ છે અત્યારે એ મરી નરકે જવાના. કેમ કે શુભ અને અશુભભાવનું ફળ ચાર ગતિ છે અને શુદ્ધ ભાવ... આહા..હા..! જે જાણનાર જુદો છે તે તરતો ને તરતો એટલે રાગથી ભિન્ન અંદર તરતો છે. એનો ઉપયોગ કરવો એ શુદ્ધ ઉપયોગ છે. આહા..હા..!

અત્યારે તો એમ કહે છે કે શુદ્ધ ઉપયોગ અત્યારે હોય જ નહિ. અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! દ્રવ્યની દૃષ્ટિ ને દ્રવ્યનું જ્ઞાન જ નથી. આહા..હા..! પોતે નામ સ્વયં, પોતે સ્વયં જાણનાર જુદો જ. જ્ઞાયક ભાવપણે જુદો તરતો ને તરતો છે. દૃષ્ટાંત આપે છે.

**'જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં...'** સ્ફટિક રત્ન થાય છે. અમે તો આવડું મોટું સ્ફટિક જોયું છે. 'જામનગર'માં 'સમયસાર'ની ૧૦૦ મી ગાથા ચાલતી હતી. (સંવત) ૯૦ ની સાલની વાત છે. ૯૧નો માગશર. અહીં પરિવર્તન કરવા આવવાનું હતું. એ પહેલાં ત્યાં હતા. ત્યાં એક મોટો ડૉક્ટર હતો, અઢી હજારનો પગારદાર, તે દિ', હોં ! અત્યારે 'મુંબઈ' છે. બધા વ્યાખ્યાનમાં આવે, વ્યાખ્યાનમાં તો બધા આવે. 'મહેરબાન' શેઠ હતા, એક દિવાન પારસી, એ પણ વ્યાખ્યાનમાં આવતા. પછી સોમી ગાથા ચાલતી હતી ઝીણી તો પછી ડૉક્ટર કહે, મહારાજ ! અમારી પાસે... ત્યાં એક છ લાખનું સોલેરીયામ છે. સોલેરીયામ એટલે ગુમડા ને એવું હોય

એને એક સંચો એવો છે કે એમા રાખે એને સુરજના કિરણો આપે અને અશાતા હોય તો મટી જાય. એવો છ લાખ રૂપિયાનો એક સોલેરામ. અત્યારે તો એની કિંમત વધી ગઈ. એ બતાવવા આવ્યા. એમાં સ્ફટિક બતાવ્યું એણે. આવડુ સ્ફટિક હતું. ધોળુ સ્ફટિક.

એમ આ આત્મા... જેમ સ્ફટિકમણિમાં પ્રતિબિંબો દેખાય. એ સ્વચ્છ નિર્મળનો ગંધ પ્રભુ ! સ્ફટિકમણિ તો નિર્મળ,... આહા..હા..! તદ્દન નિર્મળ બિંબ આખું ચૈતન્ય પ્રકાશનું બિંબ એકલું. એમાં જે કાંઈ બીજું લાલ આદિ દેખાય એ પ્રતિબિંબો દેખાય. **'છતાં સ્ફટિક તો નિર્મળ છે,...'** એ સ્ફટિકનું તત્ત્વ જે દ્રવ્ય છે એ કાંઈ લાલ ને પીળા ફુલનો સંયોગથી લાલપણે થયું નથી. એની પર્યાયમાં થયું, દ્રવ્ય એવું થયું નથી. આહા..હા..! આ શું કહે છે ?

**'સ્ફટિકમાં પ્રતિબિંબો...'** પ્રતિબિંબ એટલે જે સામે ચીજ હોય એનું અહીં પડે એને પ્રતિબિંબ કહેવાય. **'દેખાવા છતાં સ્ફટિક તો નિર્મળ છે.'** આહા..હા..! **'તેમ જીવમાં વિભાવો જણાવા છતાં...'** એ તો જ્ઞાયક ભાવનો પિંડ પ્રભુ ! એમાં રાગાદિ દેખાવા છતાં એ રાગથી તદ્દન જુદો છે. આહા..હા..! છે ? **'જણાવા છતાં જીવ નિર્મળ છે-નિર્લેપ છે.'** વસ્તુ તો નિર્લેપ છે. આહા..હા..!

મુમુક્ષુ :– વસ્તુ એટલે ધ્રુવ સ્વભાવ ?

ઉત્તર :– અસ્તિપણું જે અસ્તિ મોજૂદગી ચીજ કાયમી. એને પછી ધ્રુવ સ્વભાવ કહો. પણ ધ્રુવ સ્વભાવ કરતાં જ્ઞાયકભાવ એમ લેવો છે. કારણ કે ધ્રુવ સ્વભાવ તો પરમાણુનો પણ છે. આહા..હા..! જ્ઞાયકભાવે ધ્રુવ પ્રભુ ! એમાં વિભાવ દેખાવા છતાં પ્રભુ, જે ભગવાન વસ્તુ છે એ તો નિર્લેપ છે. આહા..હા..! આ વાદ-વિવાદે પાર પડે એવું નથી, પ્રભુ ! વસ્તુ એવી ચીજ છે. આહા..હા..! ઝઘડા ઘણાં ઉભા કરે, માણસ વાતું કરે, 'સોનગઢ'માં આમ છે. ભાઈ ! જેમ છે એમ છે, બાપા ! એ જ્ઞાયકભાવને શુભ-અશુભભાવ હોવા છતાં વસ્તુ તો નિર્લેપ છે. આહા..હા..! છે ?

**'જીવમાં વિભાવો જણાવા છતાં...'** એટલે પે'લું દ્રવ્ય સમુચ્ચય લીધું હતું એટલે પછી જાણનાર લઈને જીવ લીધો. જીવ નિર્લેપ છે. આહા..હા..! **'જ્ઞાયકપણે પરિણમતાં...'** એટલે ? જ્ઞાયક જે ત્રિકાળ વસ્તુ છે એમાં દૃષ્ટિ આપતાં જે પર્યાયમાં જ્ઞાયકપણાનું

પરિણમન થાય, પર્યાયમાં પરિણમન થાય. આહા..હા..! એ **'પર્યાયમાં પણ નિર્લેપતા થાય છે.'** શું કીધું ઇ ? કે વસ્તુ છે એ જ્ઞાયકભાવ એ ત્રિકાળ શાશ્વત ધ્રુવ દ્રવ્ય. એમાં વિભાવ દેખાવા છતાં વસ્તુ તો નિર્લેપ છે, એક વાત. અને જ્યારે જ્ઞાયકભાવ છે એવું જ્યારે શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યું, પોતે આવ્યું એટલે પોતે લીધું ત્યારે તેનું પરિણમન પણ જ્ઞાયકભાવનું જ્ઞાયકપણે હોય છે. આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ ! આ વચનામૃત તો અત્યારે સાર આવી ગયો છે. સારા બાર અંગનું એકલું માખણ છે. વાંચ્યું આખું કે નહિ ? ('ભાઈ' !) કેટલી વાર ? અમારે ('ભાઈ') હતા એણે ચાર વાર વાંચ્યું. ('ભાઈ') કરોડોપતિ નહિ ? અહીં બેસતા. ઘણા કરોડોપતિ. બહુ વાંચવાનો શોખ. ગુજરી ગયા હમણાં, ૭૧ વર્ષની ઉંમર. એમાં શું ? દેહ જે છે એ તો પર છે, એ તો છૂટું જ પડ્યું છે. તે આત્માની સાથે એને સંબંધ શું છે ? આ તો માટી છે, ભગવાન તો ચૈતન્ય રત્ન અંદર જુદી ચીજ છે. અરે..! એ પુણ્ય-પાપના ભાવપણે પણ આત્મા થયો નથી. આહા..હા..! જ્ઞાયક સ્વરૂપ છે, બાપુ ! કરવાનું તો આ છે, ભાઈ ! દુનિયા ગમે તે માનો, ગમે તે કહો, બાકી સુખી થવાનો પંથ તો આ છે. આહા..હા..! બાકી શુભ ને અશુભભાવ એ બધા સંસાર છે. જગતને આ આકરું પડે. પંચ મહાવ્રતના પરિણામ મુનિને આવે (એ) સંસાર છે. એ પરિણમન એનું નહિ.

જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ થતાં જ્ઞાયકપણાનું પરિણમન જે થાય એ વસ્તુ નિર્લેપ છે તો પર્યાય પણ નિર્લેપ જ થાય. આહા..હા..! શું થાય ? બહારના બધા ભપકા, મારી નાખ્યા છે જગતને. દેહ રૂપાળા ને પૈસા ને મોટા આવા હજીરા હોય. આ તો ૨૬ લાખનું નાનું મકાન છે પણ કરોડો કરોડોના મકાન હોય છે ને ! બાપા ! એ તો ધૂળના ઢગલા છે બધા. આહા..હા..! ભાઈ ! તું પ્રભુ ! અનંત ગુણનો ઢગલો અંદર (છો), પ્રભુ છો !

એ વસ્તુ જે છે એ પ્રભુ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે દિવ્યધ્વનિમાં એમ ફરમાવ્યું કે પ્રભુ ! તું તો નિર્લેપ છો ને ! ભગવાન તરીકે આચાર્ય બોલાવે છે. આહા..હા..! ૭૨ ગાથા 'સમયસાર'. ભગવાન આત્મા ! આહા..હા..! જેની ભગ નામ લક્ષ્મી અનંત જ્ઞાન ને અનંત દર્શન ને જ્ઞાયક આદિ. એવો લક્ષ્મીનો ભગ નામ વાન, એ એવી લક્ષ્મીનું એનું સ્વરૂપ છે. આહા..હા..! શું થાય ? અરે..રે..! એણે કોઈ દિ' અનંત કાળમાં

(જોયું નથી). સાધુ થયો દિગંબર પણ એ મહાવ્રતની ક્રિયા ને નગ્નપણું, બસ ! એમાં માન્યું કે આપણે સંયમ થઈ ગયો. આહા..હા..! એ તો મિથ્યાત્વનું પોષક છે. આહા..હા..!

અહીંયા તો કહે છે કે જ્ઞાયકભાવ જે દ્રવ્ય સ્વભાવ (છે) એની જેણે પ્રથમ દૃષ્ટિ કરીને એનું જ્ઞાન કર્યું તેનું પરિણમન પણ જ્ઞાયક જેમ નિર્લેપ છે એમ એની પર્યાય નિર્લેપ છે. આહા..હા..! ભાષા સાદી છે, પ્રભુ ! પણ વસ્તુ બહુ મોંઘી, બાપા ! અરે..! એને કોઈ દિ' અભ્યાસ નહિ ને. હું કોણ છું એનો અભ્યાસ જ નથી. આ રાગની ક્રિયા કરવી ને દયા-વ્રત પાળવા. થઈ રહ્યું, અરે..! એ તો બધા સંસાર છે, બાપા ! આહા..હા..!

ભાઈ ! તું તો નિર્લેપ દ્રવ્ય સ્વભાવ (છો). આહા..હા..! શુદ્ધની શોધ કરતાં એ તને હાથ આવશે. આહા..હા..! વર્તમાન પર્યાય નામ અવસ્થા એ શોધમાં જશે તો અંદર આત્મા શોધક હાથ આવશે. આહા..હા..! અને તે પરિણતિ, જેવું સ્વરૂપ છે એનું તેવી જ એની દશા (થશે), સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય નિર્લેપ દશા છે. આહા..હા..!

વાણિયાને પાછો હાથ આવ્યો આ ધંધો, આ જૈન. લખ્યું છે બિચારાએ. લખાણ ન આવ્યું ? વાંચ્યું તમે ? કે અત્યારે વાણિયાને વ્યવસાયનો પાપનો પાર નહિ અને એને આ જૈન ધર્મ હાથ આવ્યો. જૈનધર્મ શું છે એનો નિર્ણય કરવાનો (વખત નથી), વ્યવસાય આડે નવરો નથી. ('ભાઈ') એક લેખ આવ્યો છે. તમે નહોતા નહિ ? કાલ, પરમ દિ'. એ બાજુનો મોટો કોઈ દેશ છે, પરદેશ. એક ૬૩ વર્ષનો માણસ છે (એણે) બહુ શોધ કરી ઇતિહાસ અને એનો એક દીકરો ૧૭ વર્ષનો (છે). લેખ આવ્યો છે, 'જગનમોહનલાલજી'એ નાખ્યો છે. લેખ એવો આવ્યો છે, બહુ સરસ ! કે જૈનધર્મ એટલે શું ? જૈન ધર્મ એટલે કે આત્માની અનુભૂતિ કરવી તે. અને અનુભૂતિ તે સમ્યગ્દર્શન. એમ પેલા પરદેશના માણસો (લખે છે). ઇતિહાસને શોધીને જૈનપણું ક્યારનું છે, શું છે, બૌદ્ધપણું ક્યારનું એવું શોધતા શોધતા આ લેખ લખ્યો. હવે અહીં વાણિયાને જન્મ થયો એને હજી ખબર નથી. આહા..હા..! એવું લખે છે એ. પરમ દિ' વાંચ્યું હતું. કાગળ વાંચી લેજો, વાંચવા જેવો છે. પરદેશી માણસ. બાપ-

દીકરો ૧૭ વર્ષનો છોકરો એને પણ રસ. આહા..હા..! ભાઈ ! જૈનધર્મ એ શું ચીજ છે ? કે એ આત્મા જે છે એનો અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન ને એ જ જ્ઞાન એ જ જૈનધર્મ. આહા..હા..! આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ એ જૈનધર્મ નહિ, ભાઈ ! એ તો રાગનો ધર્મ છે. આહા..હા..!

એના જ્ઞાનમાં હજી નિર્ધાર તો કરે કે વસ્તુ છે તે નિર્લેપ દ્રવ્ય જ્ઞાયક છે અને એનો વિષય કરીને જે દર્શન-જ્ઞાન થાય એ પણ નિર્લેપ ને નિર્મળ જ હોય. એને મોક્ષમાર્ગ ને એને જૈનપણું પ્રગટ્યું એમ કહેવાય. કેમ કે જિનપણું એ તો વસ્તુનું સ્વરૂપ છે. ભાઈ ! તને ખબર નથી, પ્રભુ ! તું જિન છો. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે' 'સમયસાર નાટક'.

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

આહા..હા..! એ દિગંબર સાધુ નગ્ન થાય તોપણ પોતાના અભિપ્રાયથી એ વ્રત ને તપ ને આ ભક્તિ કરીએ છીએ એ ધર્મ છે (એમ માને છે). આહા..હા..! ઇ જિન સ્વરૂપ પ્રભુ છે. દરેક ભગવાન દેહ દેવળમાં પ્રભુ બિરાજે છે ઇ જિન સ્વરૂપ છે. જો જિન સ્વરૂપ ન હોય તો જિન સ્વરૂપ સર્વજ્ઞપણે વીતરાગ પ્રગટ થાય છે એ ક્યાંથી આવશે ? ક્યાંય બહારથી આવે એવું છે ? આહા..હા..! ભારે કામ પણ આકરું.

એ જિન સ્વરૂપ કહો કે નિર્લેપ સ્વરૂપ કહો, વીતરાગ સ્વરૂપ કહો કે જિન સ્વરૂપ કહો–દ્રવ્ય. આ જૈન ધર્મ કોઈ પક્ષ નથી કે અમારો આ જૈન ધર્મ ને તમારો આ ધર્મ. જૈનપણું એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! આત્મા જિન સ્વરૂપે છે. આહા..હા..! એને જ્ઞાયકભાવ તરીકે કહ્યો, એને ધ્રુવ જ્ઞાયક તરીકે કહ્યો, એને નિર્લેપ દ્રવ્ય તરીકે કહ્યો. આહા..હા..! એવી જેની દૃષ્ટિ ને જ્ઞાનનું પરિણમન થાય,... આહા..હા..! ત્યારે જિન (થાય). 'ઘટ ઘટ અંતર જિન વસે' અને 'ઘટ ઘટ અંતર જૈન' એ જિનને અવલંબીને જે પરિણતિ થાય તે જૈન. ('ભાઈ' !) આવી વાત છે, બાપા ! શું થાય ? પ્રભુ ! તું તો મોટો છો પણ અરે..! એને સમજાવવું પડે. આહા..હા..!

કહે છે, **'જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો-વિભાવો જણાય છે...'** શું કહે છે ? પોતે પ્રભુ તો જ્ઞાયક, જાણક સ્વભાવ પરિપૂર્ણ

ભરેલો છે. એને જે રાગાદિ થાય છે એ તો જ્ઞાયક જીવના પરજ્ઞેય છે, પરજ્ઞેય છે. સ્વજ્ઞેય તો જ્ઞાયક છે. આહા..હા..! ('ભાઈ' !) આવું સાંભળવા મળે એવું નથી ન્યાં 'લાડનુ' માં. એ તો પહેલે દિ' કહ્યું હતું એણે. બાપુ ! વસ્તુ એવી છે, ભાઈ ! હોં ! આહા..હા..! અરે..! પ્રભુના વિરહ પડ્યા અને આ વાત રહી ગઈ. અરે..રે..! લોકોને એકાન્ત લાગે છે. પ્રભુ ! તને સમ્યક્ એકાન્તની ખબર નથી. આહા..હા..!

એકાન્ત–એક ધર્મનો પિંડ પ્રભુ ગુણનો જ્ઞાયક એને એક નિશ્ચય એકાન્ત નયથી આશ્રય કરીને પરિણતિ પ્રગટ કરવી એ સમ્યક્ એકાન્ત જ છે અને સમ્યક્ એકાન્ત થયું એ પછી રાગાદિને જાણનારો થયો એ અનેકાન્ત થયું. આહા..હા..! એ અહીં કહ્યું. આમાં ક્યાંય તમારા દવાખાનામાં ન મળે. મોટા ડૉક્ટર થઈ ગયા છે, ન્યાં મોટા છે 'મુંબઈ'માં. મોટા છે. આપણે તો અહીં .... તરીકે. કહે છે કે એક હજાર રૂપિયા લે. આના ફલાણાના. 'મુંબઈ'માં લોકો એવી વાતું કરતાં. આહા..હા..! પ્રભુ ! તું ક્યાં 'મુંબઈ' છો ને તું ક્યાં ગામડામાં છો ? તું તો જ્ઞાયકપણામાં છો. આહા..હા..! એને ગામ કેવા, દેશ કેવા, નામ કેવા ને શરીર કેવા ? આહા..હા..! એને પુણ્ય ને પાપ ભાવ પણ કેવા પ્રભુમાં ? આહા..હા..!

એવો જે ભગવાન નિર્લેપ જ્ઞાયક સ્વરૂપ એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં એનું દ્રવવું થાય એટલે પરિણમવું થાય–પર્યાયમાં એનું પરિણમન થાય એ પણ નિર્લેપ અને નિર્દોષ અને નિર્મળ જ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભાષા તો સાદી છે, પ્રભુ ! પણ તારી પ્રભુતાનો પાર નહિ, નાથ ! શું કહીએ ?

'દિપચંદજી' તો 'અનુભવ પ્રકાશ' માં કહ્યું છે, પ્રભુ ! તારી શુદ્ધતાની તો વાત શું કરવી પણ તારી અશુદ્ધતા પણ બડી. ઊંધો પડ્યો. કેવળીની સમીપે ગયો હતો પણ અશુદ્ધતા છોડી નહિ તેં. 'અનુભવ પ્રકાશ'માં આવે છે, 'દિપચંદજી' (લખે છે), **'તેરી અશુદ્ધતા ભી બડી'** પ્રભુ ! તારી અશુદ્ધતા (પણ મોટી). ત્રણ લોકના નાથ પાસે ગયો. તેં સમવસરણમાં વ્યાખ્યાન સાંભળ્યા. આહા..હા..! મહાવિદેહમાં તો અનંતવાર જન્મયો છે, મહાવિદેહમાં તીર્થંકરનો વિરહ કોઈ દિ' હોય નહિ. પ્રભુ બિરાજે છે. ત્યાં તારો જન્મ અનંતવાર થયો ને પ્રભુ ! અનાદિકાળનો છો ને ત્યાં. ત્યાં ભગવાનના સમવસરણમાં ભગવાનની આરતી ઉતારી. કેવી ? મણિરત્નના દીવા,

હીરાના થાળ, આહા..હા..! કલ્પવૃક્ષના ફુલ ! જય નાથ પ્રભુ ! પણ પ્રભુ ! એ તો શુભભાવ રાગ છે. આહા..હા..! એ રાગ છે એ સંસાર છે. એ સ્વરૂપમાં જ્ઞાયકભાવમાં નથી. આકરું કામ બહુ, બાપુ !

અત્યારે જગતના પ્રાણી,... આહા..હા..! લોકોને ક્રિયાકાંડમાં દોરી દીધા અને વાણિયાને નવરાશ ન મળે એટલે એ ખુશી ખુશી થઈ ગયા, આપણે કરી શકતા નથી, એ કરે છે. વ્રત પાળે છે, જાવજીવ બ્રહ્મચર્ય પાળે છે, કેટલા પરિષહ સહન કરે છે. અરે.. અરે...! પ્રભુ ! શું કરે છે તું ? પરિષહ સહન તો ત્યારે કહેવાય કે જ્યારે સમ્યગ્દર્શન થયું હોય, અનુભવ થયો હોય. પરિષહ આવે એને જાણનાર રહે એનું નામ પરિષહ સહન કહેવાય. આ તો સમ્યગ્દર્શન વિનાની ક્રિયા એ પરિષહ સહન છે જ ક્યાં ? પરિષહ જ નથી. આહા..હા..!

**'આ બધા જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો છે,...'** આહા..હા..! આપણે બારમી ગાથામાં આવી ગયું કે સ્વરૂપ જે ત્રિકાળ ભૂતાર્થ જ્ઞાયક છે એનો જેણે આશ્રય લીધો એને સમ્યગ્દર્શન થયું. એ નિશ્ચયનો વિષય. ત્યારે હવે એ સમ્યગ્દષ્ટિની પર્યાયમાં કંઈ અપૂર્ણતા ને અશુદ્ધતા છે કે નહિ ? છે તો એને શું કહેવું ? પેલો તો નિશ્ચયનો વિષય થયો. આહા..હા..! એને વર્તમાન નયનો જાણનાર વ્યવહાર એ એને જાણેલો પ્રયોજનવાન (છે). આ ગજબ વાત ! દિગંબર સંતોની વાતું, અમૃતના સાગર ઉછાળ્યા છે ! આહા..હા..! એવી વાત કોઈ સંપ્રદાયમાં છે નહિ. આહા..હા..! શું કહીએ ? કોને કહે ? આહા..હા..!

એ અમૃત સ્વરૂપ ભગવાન, એનું જ્ઞાયકનું ભાન થયું તો કહે છે કે જે કષાય ભાવ આવે પણ તે પરજ્ઞેય તરીકે આવે, સ્વજ્ઞેય તરીકે તો જ્ઞાયકભાવ તે છે. આહા..હા..! કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વ-પરપ્રકાશ સ્વભાવ હોવાથી વર્તમાન જ્ઞાનની પર્યાય જેણે જ્ઞાન વસ્તુને જ્ઞેય બનાવી અને વસ્તુને જ્ઞેય નિર્લેપને બનાવીને જ્ઞાન કર્યું, એ પર્યાય સ્વ-પરપ્રકાશક થઈ. એટલે કે સ્વને પણ જાણે અને પર્યાયમાં અશુદ્ધતા રાગાદિ આવે એને જાણે. આહા..હા..! કારણ કે એ તો જાણનાર સ્વભાવ છે એ જાણ્યા વિના કરે શું ? આહા..હા..!

આ માથા ફરી ગયા હોય આખી જિંદગીમાં. ('ભાઈ' !) પચાસ પચાસ, સાંઈઠ

સાંઈઠ વર્ષ પાપમાં પચી પચીને એકલા પાપના પોટલા બાંધ્યા હોય. આહા..હા..! હવે એને આવું (સમજવું). નિર્લેપ ચીજ છે. આહા..હા..! પાપના પોટલા બાંધ્યા એ તો પર્યાયની વાત છે. દ્રવ્યમાં છે નહિ કાંઈ. આહા..હા..! વસ્તુ છે ને ? જ્ઞાયકભાવ તરીકે મોજૂદગી ચીજ છે ને ? એ ચીજ છે એ તો નિર્લેપ છે. આહા..હા..! ત્યારે એ નિર્લેપનું જ્યાં જ્ઞાન થયું એને પણ હજી રાગાદિ આવે, પૂર્ણ વીતરાગ નથી એટલે વ્રત આદિનો, ભક્તિ આદિનો વિકલ્પ હોય પણ તે તેને જાણે. આ મારા છે એમ માને નહિ અને એનાથી મને લાભ થાય એમ એ માને નહિ. આહા..હા..! આટલી બધી જવાબદારી ! તારે આટલી બધી શરતુંમાં જાવું, ભાઈ ! તારે આહા..હા..!

મુમુક્ષુ :- આ વિભાવો છે એ સ્વજ્ઞેય છે ?

ઉત્તર :- પરજ્ઞેય છે. જ્ઞાયકભાવ તે સ્વજ્ઞેય છે. ઇ કહ્યું ને, બાપા ! આ પ્રભુ ! તારી પ્રભુતા તો કષાય આવે તેને જાણનાર (રહે) એ તારી પ્રભુતા છે. કષાયને કરવો ને કષાય મારા એ તારી પ્રભુતા નથી, એ તો પામરતા છે. આહા..હા..! અરે..! એણે આત્માનું હિત ઇચ્છ્યું નહિ. પરની જંજાળમાં ઘુસીને મરી ગયો. એમાં વળી બાયડી કાંઈક સારા ઘરની ઠીક મળી હોય, પાંચ પચીસ લાખ લઈને આવી હોય. આહા..હા..! અરે..! પછી થઈ રહ્યું. એ સાળો ને સાસરા ને વહુ ને એના વખાણ જ કરે. અમારી વહુ છે, છોકરાની વહુ કરોડપતિની દીકરી દસ, વીસ લાખ લઈને આવી છે. અને એને કોઈ છે નહિ. દેહ છૂટી જાય તો પછી અંતે અહીં જ આવવાનું છે. શું કહે છે ? પ્રભુ ! તું શું કરે છે ? એ બધાને બધું નાનું-મોટું બધું એક જ છે. ('ભાઈ' !) કોઈને નાનું હોય. આહા..હા..! કો'કને મોટી. આહા..હા..! જાત તો એક છે. આહા..હા..!

કહે છે, એ કષાયો તો પરજ્ઞેયો છે. જ્ઞેયો છે પણ પરજ્ઞેય તરીકે છે, સ્વજ્ઞેય તરીકે તો જ્ઞાયકભાવ છે. આહા..હા..! અરે..રે..! આવું સાંભળવા મળે નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ઇ કઈ અપેક્ષાએ ? એની પર્યાય છે એ અપેક્ષાએ. એની પર્યાય છે અશુદ્ધ દ્રવ્યાર્થીકનયથી પર્યાય એની છે એમ કહ્યું, પણ ત્રિકાળની અપેક્ષાએ, જ્ઞાયકભાવની અપેક્ષાએ તે... એ તો 'પ્રવચનસાર'માં કહ્યું છે, શુદ્ધનયથી, નિશ્ચયનયથી પુણ્ય-પાપ એનામાં છે. એ તો એ જ્ઞેયની પર્યાયની સ્થિતિ સિદ્ધ કરી. પણ જ્યારે

એને ત્રિકાળી જ્ઞાન ઉપર દૃષ્ટિ પડે છે ત્યારે તો એ રાગ ને પુણ્ય-પાપના, દયા-દાનના ભાવ પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય છે એવો જ્ઞાનનો સ્વભાવ છે. કેમ કે સ્વનું જ્ઞાન થયું તો એ જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય છે. માટે સ્વને જાણતા રાગ આવ્યો એને એ જાણે.

આ જાણનાર પ્રભુ શું કરે બીજું ? આહા..હા..! એ તો ઉદયને જાણે, બંધને જાણે, મોક્ષને જાણે, નિર્જરાને જાણે. ૩૨૦ ગાથામાં આવે છે. આહા..હા..! ભાઈ ! મૂળ ચીજ હાથ આવવી એ અલૌકિક વાતું (છે). લોકો એ બહારથી માની બેઠા. આ સામાયિક કર્યા ને પોષા કર્યા ને પડિકમણા કર્યા ને થઈ ગયો ધર્મ ! પણ ધૂળેય નથી ત્યાં. આ શ્વેતાંબર લોકો વળી તીર્થયાત્રા ને પૂજા ને સિદ્ધચક્રની પૂજા ને એવી પૂજાઓ (કરે), કર્મદાહની પૂજા (કરે). ધૂળેય નથી ત્યાં, સાંભળ ને ! આ દિગંબરમાં (કહે), લુગડા ફેરવી નાખો, કપડા ફેરવી નાખો ને આ નાગા થાવ.

આ તો મુનિપણું લે ત્યારે એને કપડા છોડી દે. પડિમા લેવી હોય તો એમાં અમુક જાતના કપડા છોડવા. અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ? એ તો છૂટા પડ્યા છે તેને છોડવા એ તો તારી દૃષ્ટિ મિથ્યા છે. કેમ કે વસ્તુમાં ભગવાન આત્મામાં એવો એક ત્રિકાળી ગુણ છે. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. આહા..હા..! રજકણો આ જે શરીરના, કર્મના સ્ત્રી, કુટુંબ તો ક્યાંય રહી જાય એ તો બચારા ક્યાંક એનો આત્મા રખડતો આવ્યો ને એના રજકણ એના છે, એને ક્યાં તારે સંબંધ છે ? આહા..હા..!

અહીં તો એ કહે છે કે રાગના ભાવ આવ્યા,... આહા..હા..! એને પણ પરજ્ઞેય તરીકે જાણે. આહા..હા..! એ જાણવાનું કહ્યું છે એ પણ એક અપેક્ષાથી. બાકી તો જાણવાની પર્યાય એવી જ એને પ્રગટે કે જે પ્રકારનો રાગ છે તેને જાણતું જ્ઞાન પોતાથી પ્રગટે. જ્ઞાયકભાવ છે એમાંથી જ્ઞાનની પર્યાય આવે અને તેથી સ્વને અને પરને જાણવાની પર્યાય ત્યાં થાય. આહા..હા..! કેટલી વાત યાદ રાખવી આમાં ? ('ભાઈ' !) બાપુ ! પ્રભુનો માર્ગ એટલે તું, તારો માર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ ! બહાર માનીને બેસીને જિંદગી ગુમાવે છે. આહા..હા..! પ્રભુ ! ભવિષ્યમાં એ બધા નરક અને નિગોદના ભવ છે. તું એમ ન સમજ, દુનિયા બહુ માને માટે થઈ ગયો ધર્મી. આહા..હા..!

દુનિયાની પાસે તારે રીપોર્ટ લેવો છે ? સર્ટીફિકેટ.. સર્ટીફિકેટ ! દુનિયા તો પાગલ છે. કરોડોપતિ શેઠિયાઓ બધા પાગલ છે. આહા..હા..!

કહ્યું નહિ હમણાં ? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન' એ જિનનો આશ્રય લઈને પર્યાય પ્રગટી એ અંતરમાં છે, એ કોઈ વિકલ્પ ને બહારમાં નથી. પણ 'મત-મદિરાકે પાન સો' મતના મદિરા–દારૂ પીધો છે મતનો. આહા..હા..! 'મતવાલા સમજે ન.' પણ એ અભિપ્રાય મતવાલાને અજ્ઞાનીને આ વાત ન બેસે. આહા..હા..! જે કરવાનું છે તેની સૂઝ ન પડે, નહિ કરવાની ક્રિયાકાંડમાં એની સૂઝ પડી ગઈ. આહા..હા..!

'પરમાર્થ વચનિકા'માં તો એમ કહ્યું છે, છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં પાછળ. આગમનો વ્યવહાર સહેલો છે એટલે લોકો એમાં મંડી પડ્યા પણ અધ્યાત્મનો વ્યવહાર શું છે એને એ જાણતા નથી. વ્યવહાર, હોં ! નિશ્ચય તો (હજુ દૂર છે). કેમ કે અધ્યાત્મનો વ્યવહાર તો એ છે કે જ્ઞાયક સ્વભાવ જે ત્રિકાળ છે એને આશ્રયે થયેલી આ નિર્મળ, નિર્વિકલ્પ વીતરાગી દશા એ અધ્યાત્મનો વ્યવહાર છે. બાકી આ રાગાદિની ક્રિયા, મહાવ્રત ને એ તો બધો મનુષ્યનો વ્યવહાર છે, આતમ વ્યવહાર નહિ. 'પ્રવચનસાર'માં ૯૩-૯૪ ગાથા 'જ્ઞેયઅધિકાર'. આહા..હા..! દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યાં ! પણ લોકો એને ઓળખવા નવરા નથી અને દિગંબર છીએ એટલે નગ્ન મુનિને માનવા, પ્રતિમા નગ્ન હોય એને માનવી. ન્યાં એમાં શું ? ધૂળ છે. આહા..હા..! પણ આત્મા વિકલ્પ વિનાનો નગ્ન છે... આહા..હા..! એને માન ત્યારે તું દિગંબર કહેવા, નહિતર તો રાગના, અંબરના ઓઢણા ઓઢ્યા છે.

**'હું તો જ્ઞાયક છું...'** ધર્મી જીવને તો હું તો જ્ઞાયક છું. રાગનો વ્યવહાર દયા, દાન, વ્રતનો આવ્યો એ પરજ્ઞેય તરીકે જાણવા લાયક છે. હું તો જાણનારો છું. એ રાગ છે તે હું નહિ. સ્વને, પરને જાણનારો તે હું છું. રાગ મહાવ્રતનો આવ્યો, બાર વ્રતના વિકલ્પ આવ્યા, એ મારા નહિ, એ મારા સ્વરૂપના નહિ, મારી જાત નહિ. આહા..હા..! એ કજાત છે. આહા..હા..! આવી વાતું છે. આકરું પડે, શું થાય ? તેથી 'સોનગઢ'વાળા નિશ્ચયની વાતું કરે છે, વ્યવહારથી થાય એ કહેતા નથી, એમ બિચારા કહે છે. એમાં કાંઈ વાંધો નહિ, બાપા ! બાપુ ! અજાણપણે એમ જ કહે. એમાં કાંઈ

(નહિ). એ અજ્ઞાનનો દોષ છે. આહા..હા..! ટીકા કરે, કરો, બાપા ! તું તારી ટીકા કરે છે, ભાઈ ! આહા..હા..! પરની તો કોણ ટીકા કરે ? પરનો આત્મા એણે જોયો છે ? જોયા વિના એની કોણ ટીકા કરે ? નથી જોયો એ ટીકા કોની કરે ? આહા..હા..!

શું કીધું ? કે જ્ઞાયકભાવ ત્રિકાળી છે તેને ઓળખે અને તેની પરિણતિમાં જે નિર્મળ થાય તેને ઓળખે અને તેની પરિણતિમાં જરી રાગ આવે એને પરજ્ઞેય તરીકે ઓળખે. આહા..હા..! આટલી શરતું. હવે ક્યાં નવરો આમાં ? 'ડૉક્ટર' ! ('ભાઈ' !) તમારો કાકો ક્યાં નવરો ન્યાં છે ? આ તો એની વાત નહિ, હોં ! આ તો ડૉક્ટર મોટા ન્યાં છે, પણ આખી દુનિયા એમાં જ પડી છે ને ! મોટાનો દાખલો અપાય. '.......' જે કુળે જન્મયો ને જેનો જેને સંગ થયો '........' આ મારા મારા એમ કરીને મરી ગયો. આહા..હા..! '........' એક બીજા એક બીજામાં મૂર્છાઈ ગયા. આ બાયડી મારી ને આ ધણી મારો ને છોકરો મારો ને પપ્પા મારા, પપ્પા મારા. આહા..હા..! એ..ઇ..!

અહીં તો રાગનો શુભ દયા-દાનનો વિકલ્પ ઉઠે એ પણ પરજ્ઞેય તરીકે આત્માની ભૂમિકામાં જાણનાર તે જાણવાનું કામ કરે, રાગનું કામ કરે નહિ ને રાગને પોતાનો માને નહિ. આહા..હા..! અરે..રે..! અહીં પચીસ પચીસ વર્ષના જુવાનજોધ હોય, એક ક્ષણમાં દેહ છૂટી જાય, બાપુ ! આહા..હા..! ભાઈ કહેતો હતો. છે ને 'મલકાપુરમાં' 'સ્વરૂપચંદ' છે 'સ્વરૂપચંદ'. બહુ જુવાન માણસ, બહુ હોશિયાર. 'મોક્ષમાર્ગ પ્રકાશક' આખું કંઠસ્થ ! વેપાર મોટો દસ દસ હજાર કાપડનો ધંધો મોટો, પણ આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' (કંઠસ્થ). કુંવારો હતો ત્યારે પ્રશ્ન કરતો. હવે તો વેપાર કરે છે, પરણ્યો.

ઇ કહેતો તો કે હું ને મારો મિત્ર બેય બેઠા હતા. પચીસ વર્ષનો હશે, અઠ્યાવીસ વર્ષનો જુવાન. વાતું કરતાં હતા. કાંઈ ન મળે નખમાં કાંઈ રોગ નહિ. વાતું કરતાં ત્યાં આમ થયું, મેં આમ જોયું ત્યાં મરી ગયો. બાપુ ! એની સ્થિતિ પુરી થાય. આ તો પર છે એ ક્યાં તારું છે ? સંયોગે આવેલી વિ-સંયોગે છૂટી જશે. આહા..હા..!

અહીં તો રાગ ભાવ પણ સંયોગી છે ત્યાં વળી આ ચીજની શું વાત કરવી. દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ સંયોગી ભાવ છે, સ્વભાવભાવ નહિ. આહા..હા..! હજી તો દયા, દાન, વ્રત આદિ શુભભાવના ઠેકાણા ન મળે એને તો ધર્મ ક્યાં છે ?

આહા..હા..!

**'એમ ઓળખે-પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે.'** પ્રગટ નિર્લેપતા થાય એટલે ? નિર્લેપ તો વસ્તુ છે. આહા..હા..! એનું જ્ઞાન કરે, એને જોવાનું, એને જાણવાનું ને એને માનવાનું (કરે) તો પર્યાયમાં નિર્લેપતા પ્રગટ થાય. ઇ નિર્લેપતા કોઈ વ્યવહાર કરતા થાય (એમ નથી). નિશ્ચય મોક્ષમાર્ગ આ કે જે જ્ઞાયકપણે વસ્તુ ભગવાન (છે) એનો આશ્રય લઈને જે પરિણતિ થઈ તે નિશ્ચય મોક્ષમાર્ગ, સત્ય માર્ગ. ઇ વ્યવહાર છે તો વ્યવહારથી આ થાય, એમ નથી. કેમ કે નિર્લેપ પરિણતિ નિર્લેપ દ્રવ્યને અવલંબે થાય. ન્યાય સમજાય છે ? આહા..હા..! અરે..રે..! પ્રભુના વિરહ પડ્યા, ભગવાન ક્યાં રહી ગયા. આહા..હા..! ભરતમાં ભગવાન નહિ, ભરતમાં ભગવાનની ઉત્પત્તિ થાય એવા કેવળીઓ નહિ. આહા..હા..! અહીં તો પ્રભુનું આ વચન છે. બહેને તો વાત કરતાં કીધું હશે એમાં લખાઈ ગયા. આહા..હા..! **'પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે.'** આહા..હા..!

**આત્મા તો ચૈતન્યસ્વરૂપ. અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે. જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ, બીજા અનંત આશ્ચર્યકારી ગુણો છે જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ. નિર્મળ પર્યાયે પરિણમતાં, જેમ કમળ સર્વ પાંખડીએ ખીલી ઊઠે તેમ આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી ઊઠે છે. ૧૬૩.**

**૧૬૩. 'આત્મા તો ચૈતન્યસ્વરૂપ,...'** ભગવાન છે એ ચેતન, એનું ચૈતન્ય સ્વરૂપ. જાણવું, દેખવું જ્ઞાયક એનું સ્વરૂપ. સ્વ-રૂપ એટલે કાયમનું રૂપ. આહા..હા..! આત્મા એ ચેતન, એનું ચૈતન્ય એ એનું સ્વરૂપ. આહા..હા..! જાણવું, દેખવું જ્ઞાયક એનું સ્વરૂપ (છે). એનું સ્વરૂપ શરીર ને વાણી, મન તો નહિ પણ મહાવ્રત આદિના પરિણામ

પણ એનું સ્વરૂપ નહિ. અરે..! આ કેમ બેસે ? કારણ કે પોતે કરી શકે નહિ અને એવું કોઈ કરતાં ભાળે કે ઓહો..હો..! મહારાજ ધન્ય છે ! શુભભાવ કરતા હોય, બાયડી-છોકરા છોડ્યા હોય, લુગડા છોડ્યા, એક, બે, ચાર, પાંચ, દસ પડિમા ધારણ કરી આહા..હા..! પણ પ્રતિજ્ઞા આ ન કરી કે હું જ્ઞાયક ભાવ ત્રિકાળ છું, એની પ્રતિજ્ઞા લીધી ? ('ભાઈ' !) આવી વાતું છે, પ્રભુ ! શું થાય ?

અરે..! આ દુનિયા આખી દુઃખી. એ દુઃખના,.. આહા..હા..! ઘાણીમાં પિલાઈ રહી છે, પ્રભુ ! તને ખબર નથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ, સાગર એ રાગ અને દ્વેષમાં પિલાઈ રહ્યો છે. પુણ્ય ને પાપના ભાવમાં ઘાણીમાં જેમ તલ પિલાય એમ પિલાઈ રહ્યો છે. બાપુ ! ભલે એ માને કે અમે સુખી છીએ. પાગલ છે. સનેપાતવાળો સનેપાત આવે. વાત, પીત્ત ને કફ વધી જાય ઇ સનેપાત કહેવાય. સન્નિપાત. ત્રણનો મેળ. ઇ દાંત કાઢે. જોડેવાળા કહે, અરે..રે..! આ હવે થોડો વખત રહેશે. આ દેહની સ્થિતિ પુરી થવા આવી.

અમે તો નજરે (જોયેલું). ઘણા વખતની વાત છે. એક જુવાન માણસ પરણેલો. એને સનેપાત થયેલો. લોકો રોવે... રોવે... રોવે... સવાર નહિ પડે હવે આને, પેલો દાંત કાઢે. સુખી છે ? આહા..હા..! દુઃખની પરાકાષ્ટા વધી ગઈ છે ને તો ખબર ન મળે કે આ શું છે આ ? એ સનેપાતીયાના હસવા એ સુખીના હસવા નથી.

એમ અજ્ઞાની આત્માના ભાન વિનાના બહારના સંયોગો કરોડો, અબજો રૂપિયા ને છોકરા સારા (થાય) એમાં ખુશી માને. એને મિથ્યાત્વ, અજ્ઞાન અને અવ્રતનો સનેપાત છે. પેલાને વાત, પીત્ત ને કફનો સનેપાત છે. આહા..હા..! આવું છે, બાપુ ! લોકોને લાગે તો ખરું, શું થાય ? લોકોને એવું લાગે કે આમાં કાંઈ વ્યવહાર કરવો ને એનાથી લાભ થાય, એ તો વાતું કરતાં નથી. હમુકનો વ્યવહાર આવે એ કષાય છે એ પોતાનો નથી એમ એ જાણે એમ અહીં તો કહે છે, કરે એમ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન દેખાય એને ચારિત્ર તો બહાર દેખાય.

ઉત્તર :– ચારિત્ર હતું કે દિ' ? સમ્યગ્દર્શન દેખાય એને ચારિત્ર તો અંતર સ્વરૂપમાં રમણતા (હોય). આનંદનો નાથ ભગવાન એમાં ચરવું એટલે રમવું નામ જમવું. આ અતીન્દ્રિય આનંદના ભોજન કરવા એનું નામ ચારિત્ર છે. બાપુ ! વ્યાખ્યા જુદી છે.

આહા..હા..! અમે દુનિયાને જાણીએ છીએ ને, બાપુ ! અહીંયા તો ૮૯ વર્ષ થયા. ૯૦ માં એક વર્ષ ઓછો. દુકાન ઉપરથી આ અભ્યાસ હતો. વેપારીઓ ને કરોડોપતિ ને પાંચ વર્ષ દુકાનનો ધંધો કર્યો છે. 'પાલેજ', 'પાલેજ', 'ભરૂચ' ને 'વડોદરા' વચ્ચે છે. દુકાન છે, અત્યારે દુકાન છે, મોટી દુકાન છે. ઇ દુકાન ત્યાં મારા પિતાજીની હતી દુકાન હતી, એની જોડે દુકાન છે. મોટી દુકાન છે, પાંત્રીસ-ચાલીશ લાખ રૂપિયા, ત્રણ-ચાર લાખની વર્ષની પેદાશ છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– મારી નાખ્યા. છોકરાઓ નવરા થતાં નથી. અમારા ફઈના દીકરા ભાગીદાર હતા. બધા ગુજરી ગયા, ત્રણ છોકરાઓ છે. આહા..હા..! દુકાનનો એ ધંધો પાંચ વર્ષ ચલાવ્યો હતો. સત્તર વર્ષની ઉંમરથી બાવીસ વર્ષ. એમાં પણ ઘણું જોયેલું, ઘણું વાંચેલું. આહા..હા..! આ 'સમયસાર' જ્યાં હાથ આવ્યું ને, ઓહો..હો..! અરે..! આ તો મોક્ષનો માર્ગ ! આ તો સિદ્ધ થવાનો પંથ !! મેં તો એમ નહોતું કહ્યું પણ એમ કીધું, અશરીરી થવું હોય તો આ પુસ્તક છે, શરીર રહિત થવું હોય તો આ વસ્તુ છે. કેટલા વર્ષ થયા ? ૫૬ વર્ષ થયા. આહા..હા..!

અહીં કહે છે, **'અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે.'** આહા..હા..! ચૈતન્ય સ્વરૂપ અનંત ગુણો અને અનુપમ–જેને કોઈ ગુણની ઉપમા ન દેવાય, પ્રભુ ! એવા ગુણો. આહા..હા..! ચૈતન્ય ચમકતો હીરો ભગવાન છે અંદર. આહા..હા..! અરે..રે..! એને નિજ દ્રવ્યની ખબર ન મળે અને પોતે તો જાણે વાતું કરવા બેસે, આનું આમ થાય ને આનું આમ થાય ને આનું આમ થાય. પરની વાતું. અરે..! પ્રભુ ! પણ તું કોણ છો એની તો માંડ. આહા..હા..!

અહીં કહે છે, **'ચૈતન્યસ્વરૂપ અનંત અનુપમ ગુણવાળો...'** અનંત અને અનુપમ ગુણવાળો. કોઈ ગુણને બીજાની ઉપમા આપી શકાય નહિ એવા અનંત ગુણો છે. આહા..હા..! **'ચમત્કારિક પદાર્થ છે.'** એ ચમત્કારે આ છે. દુનિયામાં ચમત્કાર કે દીકરો નહોતો ને મહારાજે આમ કર્યું ત્યાં મને દીકરો થયો ને પૈસા થયા ને... ધૂળેય નથી. સમજાણું કાંઈ ? આ લાકડીમાં કાંઈક છે એમ લોકો કહે છે. લાકડી ફરે એટલે પૈસાવાળા (થાય). બહુ પૈસાવાળા આવે અહીં તો. એક કુટુંબી પૈસાવાળા, .... પૈસાવાળા ઘણા

અને આ વેપારી આવે પૈસાવાળા ઘણાં. એટલે કાંઈક એમના હાથમાં કાંઈક છે. ધૂળેય નથી. આ તો લાકડી છે. આ તો હાથમાં પરસેવો આવે એટલે પુસ્તકને અડાય નહિ એ ખાતર રાખીએ છીએ. આહા..હા..! લાકડીમાં ચમત્કાર નથી, ધૂળમાંય નથી. પણ એવી વાત ઉડી છે.

કહ્યું હતું ને એક ફેરી ? 'અમરેલી'માં એક 'બાબરા'ના હતા. 'નરભેરામ' વકીલ હતા મોટા. હું ગયો એટલે બધા આવેલા, બધા કરોડોપતિ વ્યાખ્યાનમાં આવેલા. કોર્ટમાં એણે જજને કહ્યું, હું આજ નહિ આવી શકું. વકીલ કહે. કેમ ? મહારાજ છે તેથી આજે વ્યાખ્યાનમાં મારે જાવું પડશે. ત્યારે જજ પુછે છે, ક્યા મહારાજ ? પેલા જેની લાકડી ફરે અને પૈસા (થાય ઇ) ? ભાઈ ! ધૂળેય નથી, બાપા ! અહીં તો ચૈતન્ય ચમત્કારની વાતું છે. એ જોને ! **'ચમત્કારિક પદાર્થ છે.'** આહા..હા..!

**'જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ, બીજા અનંત આશ્ચર્યકારી ગુણો છે...'** જ્ઞાયકની સાથે જ્ઞાન જ એકલું છે એમ નથી એમ કહેવું છે. જાણનારને જ્ઞાન એકલું છે એમ નથી. એમાં અનંતા ગુણો છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૫, બુધવાર તા. ૦૯-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૬૩ થી ૧૬૫. પ્રવચન–૫૯**

૧૬૩. છે, ભુતકાળમાં છે, વર્તમાનમાં છે ને ભવિષ્યમાં છે. છે ને વસ્તુ ? એ અનાદિથી આત્માનું જે સ્વરૂપ છે તેને ભૂલી અને બહારમાં ભટકે ભટક કર્યો છે. આ શરીર મારું, બાયડી મારા ને છોકરા મારા ને ધંધો મેં કર્યા ને પૈસા પાંચ, પચીસ લાખ ભેગા કર્યા... ધૂળમાં રખડી મર્યો છે. આહા..હા..!

અહીંયા તો (કહે છે), વ્યવહાર જે રાગ આવે એ પણ સ્વરૂપમાં નથી. રાગ છે. પછી બીજા બોલમાં કહેશે, વ્યવહાર છે પણ એ કાંઈ વસ્તુના સ્વરૂપમાં ત્રિકાળીમાં નથી. આહા..હા..! જે સમ્યગ્દર્શન પ્રગટ કરવાનું ધ્યેય છે એ સ્વરૂપમાં તો (વ્યવહાર નથી). એ તો એકલું ચૈતન્ય સ્વરૂપ (છે). પછી કહેશે, ચૈતન્યની સાથે અનંત ગુણ છે. આહા..હા..! એ ચૈતન્યસ્વરૂપ અનંત અનુપમ ગુણવાળો છે. આહા..હા..! ઇ ચૈતન્ય પોતે જ અનંત અને અનુપમ (છે) ! આહા..હા..! જેને કોઈ ઉપમા ન દઈ શકાય એવો એ ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે. આહા..હા..! એની શ્રદ્ધા ને એના અનુભવ વિના બધું થોથા ચાર ગતિમાં રખડવાનું છે. આહા..હા..!

**'જ્ઞાયકની સાથે...'** હવે જે કહ્યું કે ચૈતન્યસ્વરૂપ છે એ અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ જ્ઞાયક (છે) પણ એ **'જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ, બીજા અનંત આશ્ચર્યકારી ગુણો છે....'** આહા..હા..! જેમાં જ્ઞાન તો છે એ તો સ્વરૂપ એનું જ્ઞાયક ત્રિકાળ (છે) પણ એની સાથે આનંદ, શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ, જીવતર શક્તિ, ચિતિ, દર્શી, જ્ઞાન, સુખ, વીર્ય.... આહા..હા..! એવા અનંતા ગુણો છે. એવા અનંતા ગુણો આશ્ચર્યકારી ગુણો છે. આહા..હા..! કેમ કે એક એક ગુણ પ્રભુ ! જરી ઝીણી વાત છે. એ પ્રભુત્વ જે ગુણ છે અનંત એમાં એક એક ગુણની અનંતી પર્યાય છે અને એક એક ગુણમાં અનંતા ગુણનું સ્વરૂપ રૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ ચૈતન્ય પરમાત્મ દરબારમાં,... આહા..હા..! અસંખ્ય

પ્રદેશ એનો દેશ છે અને અનંતા ગુણો એની પ્રજા છે. આહા..હા..! એવો પરમાત્માનો દરબાર એમાં એક એક ગુણ આશ્ચર્યકારી છે, કહે છે. છે ?

**'આશ્ચર્યકારી ગુણો છે જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ.'** આહા..હા..! ચૈતન્ય રત્ન ભગવાન અરે..! એણે કોઈ દિ' જોયું નથી, સાંભળ્યું નથી. અને આ રખડવાના રસ્તા કરી કરીને મરી ગયો. બહારના એક તો ધંધા-પાણી, બાયડી, છોકરા ને કુટુંબમાં પાપમાં ગુંચાઈ ગયો. આહા..હા..! ધર્મને નામે આવ્યો તો દયા-દાન ને વ્રત, ભક્તિ ને પૂજાના ભાવ જે શુભરાગ, એ સંસાર છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ ! એમાં ગુંચાઈ ગયો. પણ જેમાં અનંતા ગુણો ને આશ્ચર્યકારી જેની શક્તિ છે એવા તત્ત્વને જેણે લક્ષમાં લીધું નહિ, આશ્રય કર્યો નહિ, અવલંબન લીધું નહિ, પરનું અવલંબન છોડ્યું નહિ. આહા..હા..! નિરાધાર... આત્મા જે આધાર સ્વરૂપ છે. એનો આધાર લીધો નહિ અને નિરાધાર જેમાં રાગ, પર્યાય આદિ એનો આશ્રય લઈને એ દયા, દાન ને વ્રત, ભક્તિ, પૂજા કર્યા અનંતવાર પણ એ તો રાગ છે, એ સંસાર છે. છે પણ, હોં ! ઇ નથી એમ નહિ. વ્યવહારનયનો વિષય છે. ('ભાઈ' !) વ્યવહારનય નથી એમ નહિ, છે પણ એનો આશ્રય કરવા લાયક નથી. તેમ તે ઉપાદેય નથી, તેમ તે હિતકર નથી, હેય છે. આહા..હા..! અરે..રે..! ક્યારે એને મળે ? આહા..હા..!

કાલનું ભાઈ ! સાંભળેલું પે'લું 'શિહોર'નું ? રીક્ષા, નવી રીક્ષા પંદર-વીસ હજારની લઈને ખોડિયારના દર્શન કરવાં જતો હતો. સાત-આઠ માણસ (હતા), ભાઈ 'જીતુ' બસમાં બેઠો હતો. ઇ બસે એને કચરી નાખ્યો, આખું કચરી ભૂકો (થઈ ગયો). આહા..હા..! ચાર આદમી, એક છોડી. જુવાન માણસ. આ દેહની સ્થિતિ, બાપા ! આહા..હા..! એવા તો તેં અનંતવાર મરણ કર્યા, ભાઈ ! આહા..હા..!

અનંત ગુણનો નાથ પ્રભુ અંદર, જે જિનેશ્વર સર્વજ્ઞદેવ પરમેશ્વરે પરમાત્માએ પરમાત્મ સ્વરૂપ એનું છે એમ બતાવ્યું, આહા..હા..! અને તારા સ્વરૂપમાં જે ગુણો છે એ આશ્ચયકારી છે, પ્રભુ ! તું બીજાનો આશ્ચર્ય અને કુતૂહલતા અને વિસ્મયથી તું જો છો પણ તારા ગુણ તો આશ્ચર્યકારી વિસ્મય છે તેને તું જોતો નથી, પ્રભુ ! આહા..હા..! સમજાણું કાંઈ ? અંતર પરમાત્મા બિરાજે છે ને ! પ્રભુ ! આહા..હા..!

અનંતા ગુણો છે, એક એક ગુણની અનંતી પર્યાય છે, એક એક પર્યાયની અનંતી

તાકાત છે. અનંતા ગુણને, દ્રવ્યને, અનંતા દ્રવ્ય બીજાને જાણે એવી એની તાકાત છે. એક સમયની પર્યાયમાં ઇતની તાકાત !! આહા..હા..! છયે દ્રવ્યને એક સમયમાં જાણે અને પોતાની પર્યાયથી દ્રવ્ય ગુણ અનંતા પોતાને જાણે. આહા..હા..! એવી તો એક ગુણની એક પર્યાયની તાકાત ! અરે..! ભાઈ ! તું પ્રભુ છો, તને ખબર નથી. આહા..હા..! તારી શક્તિઓ બધી પ્રભુત્વતા ઈશ્વરતાથી ભરેલી છે અને એની પર્યાય પણ પ્રભુતાની ઈશ્વરતાથી વીતરાગતાના આનંદથી ભરેલી છે, જો દૃષ્ટિ કર તો. આહા..હા..! બાકી તો બધા... એક લખાણમાં કાલ આવ્યું હતું, કેટલા પૈસા તું રળ્યો, કેટલી બાયડી કરી ને કેટલી આબરૂ મળી એમ ન્યાં કોઈ પરલોકમાં પૂછવાનું નથી. કેટલાને સંઘર્યા ને કેટલા પૈસા ભેગા કર્યા ને કેટલી ડિગ્રીઓ મેળવી... એલ.એલ.બી., એમ.એ.ની ને, આહા..હા..! એ કોઈ ચીજ નથી. આહા..હા..!

સર્વજ્ઞ જિનેશ્વરદેવ પરમાત્મા એમ કહે છે કે પ્રભુ ! તું આત્મા પ્રભુની શક્તિથી ભરેલો છો ને, નાથ ! અરે..! તને તારો વિશ્વાસ નહિ અને જે ચીજ તારામાં નથી તેનો તને વિશ્વાસ ! રાગનો વિશ્વાસ, શરીરનો વિશ્વાસ, વાણીનો વિશ્વાસ, દવાનો વિશ્વાસ, તાવ આવ્યો હોય ચાર ડિગ્રી, પાંચ ડિગ્રી... શું કહેવાય ઇ ? ક્વીનાઈન....ક્વીનાઈન લે તો રોગ મટી જાશે એવો તારો વિશ્વાસ ! આહા..હા..!

મુમુક્ષુ :– ઘણીવાર જોયું હોય ને ....

ઉત્તર :– એ ઘણીવાર ઉતરતો નથી, મરી જાય છે ન્યાં ક્વીનાઈન ખાઈને. આહા..હા..! કીધું ને પેલા ભાઈ કાલે મહાજન આવ્યા નહોતા ? એનો બાવીસ વર્ષનો છોકરો. કાલ આવ્યા હતા ને ? 'વીરચંદભાઈ' ક્યાં ગયા ? આપણે ('ભાઈ') પહેલાં આવતા. ('ભાઈ') બહુ હોશિયાર હતા. નવી પરણ્યો ને પછી 'આફ્રિકા'માં ગયો. એના મોટા ભાઈ હતા. કાલે આવ્યા હતા. એક વ્યાખ્યાન થયું. આહા..હા..! એનો બાવીસ વર્ષનો છોકરો ન્યાં લઈ ગયા. દાકતર કહે કે આને લોહિનું... શું કહેવાય ? કેન્સર છે. એ કેન્સર છે એવું, આ કેન્સર એવું છે કે ચોવીસ કલાક નહિ રહી શકે. બાવીસ વર્ષનો જુવાન. ઇ બાપુ ! શરીરના રોગની દશા ને જે અવસ્થા, જે કાળે, જે પ્રકારે થાય એમાં કોઈ એને રોકે નહિ ને કોઈ એને ટાળી શકે નહિ. આહા..હા..!

આ લોહી કાઢ્યું ને થોડું નાખ્યું ને આઠ દિ' રહ્યો, આઠ દિ'. કાનમાંથી લોહિ,

નાકમાંથી લોહિ, આંખમાંથી લોહિ, જીભમાંથી લોહિ,... આહા..હા..! બાપુ ! જ્યાં છે એમાંથી આવશે. ત્યાં શું છે ? ત્યાં હાડકા, લોહિ ને માંસ આ તો ભર્યા છે. આહા..હા..! એમાંથી લોહિની ધારાઓ ચાલતી. અહીં કહે છે કે અનંત ગુણનો સાગર પ્રભુ તું છો. જો તારી નજરમાં એ આવે તો અનંતા ગુણની ધારા તારી પર્યાયમાં નિર્મળ રહેશે. આ..હા...! સમ્યગ્દર્શનમાં અનંતા ગુણની આનંદ ધારાનું વેદન તને થાશે. આહા..હા..!

એ અહીં કહે છે **'અનંત આશ્ચર્યકારી ગુણો છે જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ. નિર્મળ પર્યાયે પરિણમતાં,...'** આહા..હા..! એનો અર્થ ઇ કે મલિન પર્યાયે તો પરિણમે છે. સમજાણું કાંઈ ? રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવપણે તો થાય છે, અનંતવાર થયો અને છે. એથી તો સંસાર છે બધો, રખડવાના રસ્તા (છે). આહા..હા..! હવે આવા માણસ બિચારા મરીને પાછા (તિર્યંચમાં જાય). માંડ મનુષ્યપણું મળ્યું હતું એ મરીને પાછા માંસ આદિ ન ખાતા હોય પણ ઘણાં પશુમાં જવાના, તિર્યંચ આડા (થવાના). આડોડાય કરેલી. આહા..હા..! મનુષ્યના શરીર આમ છે ને ઉભા. ગાય, ભેંસ, ઘોડા, ખીસકોલીના આડા શરીર છે. પ્રભુ ! એમ કહે છે કે ઘણા તો આડોડાઈ રાગ ને દ્વેષની કરી છે ને, એનો આત્મા તો અવળો આડો થયો પણ શરીર જેને મળતા શરીર આડા થઈ ગયા. આહા..હા..! બાપુ ! તને ખબર નથી પ્રભુ ! તું શું કરે છે ? અને એના શું ફળ આવશે ? ભાઈ ! આહા..હા..!

તું એક અનંત ગુણનો સાગર અંદર (છો). તારા એક એક ગુણ આશ્ચર્યકારી, વિષમયકારી અદ્ભૂત ચમત્કારવાળા ગુણો તારા છે, પ્રભુ ! તેં સાંભળ્યા નથી. આહા..હા..! આ કરવું ને આ કરવું, આ વ્યવહાર કરવો, દયા પાળી ને વ્રત કર્યા ને... બાપુ ! એ તો રાગની ક્રિયા (છે). એ સ્વરૂપમાં કોઈ એવો ગુણ નથી. સવારે કહ્યું હતું, અનંત ગુણો છે. અનંતા અનંત ગુણોનો પાર ન મળે, બાપુ ! છેલ્લો આ એ હદ ન મળે. આહા..હા..! એની વર્તમાન પર્યાય જ્યાં આમ દ્રવ્યમાં જાય ત્યાં અનંત ગુણનો પાર ન મળે ત્યાં એ પ્રસરી જાય. આહા..હા..! એ કદી એક સેકન્ડ પણ પ્રભુ ! તેં કર્યું નથી. આહા..હા..! તારી પ્રભુતાને તેં પ્રભુતા તરીકે જાણીને ઓળખી નથી અને પામરને તે પ્રભુતાનો આદર કરીને સ્વીકાર કર્યો. આહા..હા..! બાયડી

મળી, પૈસા મળ્યા, આબરૂ મળી, શરીર રૂપાળું મળ્યું ને, આહા..હા..! મકાન કાંઈ પાંચ પચ્ચીસ લાખના મોટા થયા હજીરા ને શું કહેવાય આ તમારી ? ઘરવખરી, ફર્નીચર, પાંચ-પચ્ચીસ લાખનું ફર્નીચર આમ લગાવ્યું ને વચ્ચે ખાટલો પલંગ ને આમ સગા-વહાલા જોવા આવે જાણે. ઓહો..હો..! અમારા વેવાય કે સગા કે મામા સુખી છે બહુ. અરે..! બાપુ ! એ દુઃખના ડુંગરમાં ઘુસી ગયો છે એને ખબર નથી. આનંદનો નાથ પ્રભુ છે એને ભૂલ્યો છે અને બાહ્યના રાગ અને પુણ્ય ને પુણ્યના ફળમાં એને આશ્ચર્યકારી ને વિસ્મયતા લાગી છે. આહા..હા..! એ દુઃખી છે. આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ ! તારા ગુણનો આશ્રય શું કહીએ ! આહા..હા..! વિસ્મયકારી તારા ગુણો ! એક એક ગુણ ને,... આહા..હા..! એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ અને એક એક ગુણની અનંતી પર્યાય ને એક એક ગુણની એક પર્યાય અનંતા પરદ્રવ્યને ને અનંતા પોતાના ગુણને જાણવાની તાકાતવાળી પર્યાય ! એ તું અનાદિથી મલિન પર્યાયે પરિણમે છો. આહા..હા..! આવો જે ગુણધારી ભગવાન ગુણધર–ગુણને જેણે ધારી રાખ્યા છે. આહા..હા..! ભાઈ ! તેં ત્યાં નજર કરી નથી. તારા નિધાન પડ્યા છે અંદર મોટા ! એ નિધાનને તેં ખોલ્યા નથી. રાગની એકતાના તાળા મારી નિધાન બંધ કરી દીધા, પ્રભુ ! તેં. આહા..હા..! રાગના વિકલ્પના રસમાં પ્રભુ ! તું અંદરમાં જઈ શકતો નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! આ કરોડ, બે કરોડ, પાંચ કરોડ દાન આપે ત્યાં એમ થઈ જાય કે અમે ઘણું કર્યું મેં અને એમાંથી મને લાભ થશે. એ (ભાવ) મિથ્યાત્વનો પોષક છે. આહા..હા..!

ભાઈ ! તને તારા ગુણની અને પર્યાયની વિસ્મયતાની તને ખબર નથી. છે ? કોઈ મેળ ખાય એવો નહિ. '**નિર્મળ પર્યાયે પરિણમતાં...**' પણ ભગવાનઆત્મા અનંત ગુણનો નિર્મળ સાગર, એની સન્મુખની પર્યાય થતાં (નિર્મળ પર્યાય થાય). જે વિમુખની, રાગની, વિકારની પર્યાય થાય એ તો મલિન છે, ભગવાન આનંદનો સાગર ચૈતન્ય રત્ન વિસ્મયકારી પદાર્થ તેને જોતા, તેને આદરતા જે નિર્મળ પર્યાય થાય. આહા..હા..! એનો અર્થ કે એ વ્યવહાર કરતાં નિર્મળ થાય, એમ નથી. વ્યવહાર હો, વિષય નથી ? વ્યવહારનય છે તો એનો વિષય નથી ? વિષય છે પણ એ કાંઈ આશ્રયકારી કે આદરણીય છે (એમ) નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– વ્યવહાર હેય છે પણ છોડવા લાયક નથી.

ઉત્તર :– વ્યવહાર હેય છે તો હેય કહો કે છોડવા લાયક કહો. આદરણિય નથી. આહા..હા..! છે ખરો વિષય. વ્યવહાર ન હોય તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રેઇન્દ્રિય, ચોઇન્દ્રિય જીવ જ નથી પર્યાયમાં. નહિતર એ જીવ તો જ્ઞાન સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? અને રાગ-દ્વેષ ને મોહ ન હોય તો સંસાર જ ન હોય એને. છે, વ્યવહારનો વિષય છે. આહા..હા..! પણ તેને આદરવા લાયક નથી, પ્રભુ ! આદારવા લાયક તો તારા ગુણો જે અનંતા અનંત સ્વરૂપ છે (તે આદરવા લાયક છે). આહા..હા..! સૂક્ષ્મ લાગે, અણઅભ્યાસમાં અભ્યાસ ન મળે. દુનિયાના નાણાવટીના ધંધા કરતો હોય. નાણા ..... બે લાખ આપ્યા ને દસ લાખ આવ્યા, ઘણા આવ્યા ને, આહા..હા..! ત્યાં રાજી રાજી થઈ જાય. ધૂળેય નથી ત્યાં.

અહીં કહે છે કે તારા ગુણની સાથે મેળ કરતાં પર્યાય નિર્મળ પરિણમતાં. ત્યારે પર્યાય નિર્મળ થાય. નિર્મળાનંદ પ્રભુ, તેની સન્મુખ જોતા, તેનો આશ્રય લેતા જેમાં નિર્મળતા ભરી છે તે પર્યાયરૂપે નિર્મળતા થાય. આહા..હા..!

**'જેમ કમળ સર્વ પાંખડીએ ખીલી ઊઠે...'** પાંખડી, પાંખડી. **'સર્વ પાંખડીએ ખીલી ઊઠે...'** આહા..હા..! **'તેમ આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી ઊઠે છે.'** આહા..હા..! લાખનું પાંખડીનું કમળ થાય. હજાર પાંખડીનું તો અહીં થાય છે. ગયા હતા ને અમે ત્યાં ? ક્યું ગામ ? 'તિખલી'. હજાર પાંખડીનું ગુલાબ થાય છે ત્યાં, ત્યાં અમે ગયા હતા. નહોતું સુકાઈ ગયેલું પડ્યું હતું. એ સિવાય કહે છે, એક લાખ પાંખડીના ગુલાબ થાય છે. આહા..હા..! આ અનંત અનંત ગુણોનો સાગર ભગવાન, એને અંતર્મુખમાં જોતા તેની પર્યાયમાં અનંતા ગુણો ખીલી નીકળે છે. રાગથી ખીલી નીકળે એ નહિ. રાગથી તો ખીલવાનું અટકી જાય છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! માર્ગ બહુ ઝીણો, બાપા ! આહા..હા..!

ચૈતન્ય માણેક રત્ન ભગવાન અંદર મોટું છે. આહા..હા..! તદ્દન પવિત્ર નિર્મળ ગુણથી ભરેલો ઇ ભગવાન છે. આહા..હા..! એની સામું જોતા, એનો આશ્રય લેતા જેટલા ગુણો છે તે કમળની જેમ પાંખડી ખીલે એમ પર્યાયમાં અનંતા ગુણો ખીલી નીકળે છે. આહા..હા..! હવે આવી ક્રિયા કરવી, કહે (છે). આહા..હા..! ભાઈ ! માર્ગ

તો આ છે. બાકી તો પામર તરીકે... આહા..હા..! સાધુ થાય, નગ્ન થાય, પંચ મહાવ્રત પાળે એ બધો સંસાર છે. આહા..હા..! પ્રભુ ! આકરી વાત છે. લોકોને એટલું લાગે છે. આ 'સોનગઢવાળા' વ્યવહારને તો ઉડાવી દે છે. ઉડાવતા નથી, ભાઈ ! છે એમ કહીએ છીએ. નથી એમ કોણે કીધું ? પણ વસ્તુના સ્વરૂપમાં નથી. તેથી તેનો આશ્રય ને આદર કરવા જેવું નથી. આહા..હા..!

આઠમી ગાથામાં ત્યાં સુધી આવ્યું, આત્મા. પ્રભુ ! તમે આત્મા કોને કહો છો ? પેલો ટક ટક જોઈ રહે છે. ત્યારે એને કહે છે, પ્રભુ ! જે શ્રદ્ધાપણે, જ્ઞાનપણે, સ્થિરતાપણે પરિણમે છે, પ્રાપ્ત થાય તે આત્મા. એટલો પણ વ્યવહાર કહ્યો. એટલો વ્યવહાર સ્થાપવા એવું છે એટલે વ્યવહાર છે એમ સ્થાપવા યોગ્ય છે, પણ વ્યવહારને અનુસરવા લાયક નથી. આહા..હા..! એકલો વ્યવહાર પણ સ્થાપવા યોગ્ય છે, પણ અનુસરવા યોગ્ય નથી. રાગ, વ્યવહાર, વ્રત ને તપની તો વાતું શું કરવી પણ ભગવાન અભેદ છે એને દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એટલો ભેદ પાડીને વ્યવહાર કહ્યો. એ સિવાય સમજાવવામાં કોઈ ઉપાય નથી. છતાં તે ભેદને કહેનાર ને સાંભળનાર બેયને આદરણીય અનુસરવા લાયક નથી. આહા..હા..! આવી વાત છે પણ હવે શું થાય ? અભ્યાસ ન મળે. એક તો વાણિયા વ્યવસાયમાં ગુંચાઈ ગયા. આખો દિ' (પાપ). એ... શેઠ ! ઇ પણ શેઠ છે. આહા..હા..! ધંધા પૈસા દીધા ને લીધા ને.. બે હજાર આપ્યા ને આ વ્યાજ આ આવ્યું ને ઢીકણું આવ્યું ને... અરે..રે..! ભાઈ ! તેં શું કર્યું આ ? એ તો બધા રખડવાના રસ્તા છે, ભાઈ ! જે ભાવ સ્વરૂપમાં નથી. એ ભાવને તું કરીને હોંશું કરે છો. ભાઈ ! તારે ક્યાં ફળમાં જાવું છે ? દેહ તો છૂટશે, આત્મા કાંઈ નાશ નહિ થાય. તો ક્યાં જશે ? આહા..હા..!

જેણે રાગ ને પુણ્ય ને આ ક્રિયાથી મને ધર્મ થાશે એવો જે મિથ્યાત્વ ભાવ સેવ્યો છે ઇ મિથ્યાત્વમાં ભવિષ્યમાં રહેશે. અને એ મિથ્યાત્વમાં નરક ને નિગોદ કરવાના ભવનો ગર્ભ પડ્યો છે અંદર. આહા..હા..! અને સમ્યગ્દર્શનમાં ત્રિકાળી આત્માના પરમાત્મ સ્વરૂપનો આદર કરતાં એ જ હું છું, પરમાત્મ સ્વરૂપ જ હું છું. અનંત ગુણનો ભેદરૂપ પણ હું નહિ, હું તો અભેદ છું. આહા..હા..! એનો સ્વીકાર સમ્યગ્દર્શનમાં થતાં અનંતા ભવનો ભેદ થઈ અને અનંત આનંદ ને જ્ઞાન પ્રગટ થાય તેનું કારણ

ઉભુ કર્યું એણે. સમજાણું કાંઈ ? આહા..હા..! **'તેમ આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી ઊઠે છે.'** આહા..હા..! ૧૬૩ (બોલ પૂરો થયો).

**ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે. શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે, શુભાશુભ પરિણમન નથી. તેનાથી અવશ્ય સંસારરોગ જાય. વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધ ચૈતન્યભાવનારૂપ ઉપાદન-ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે; તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત-ઔષધ કહેવામાં આવ્યાં છે. ૧૬૪.**

**૧૬૪. 'ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે.'** આહા..હા..! એટલે ? વસ્તુ જે છે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ભાવ ચૈતન્ય રસકંદ પ્રભુ ! એ તો પવિત્ર છે, તે તો નીરોગતા, નીરોગતા છે. આહા..હા..! પર્યાયમાં રોગ છે. પાછું સિદ્ધ કર્યું. પર્યાયમાં રોગ છે. એક સમયની જે પર્યાય છે એમાં રાગ, દયા, દાન, વિકલ્પ આદિ મારા એવો મિથ્યાત્વનો રોગ છે. આહા..હા..! વસ્તુમાં નથી, પર્યાયમાં છે. આરે..! આવી વાત. સ્યાદ્વાદ અનેકાંત સ્વરૂપ પ્રભુ છે આ તારું. આહા..હા..! એને જે અંદર પુણ્ય ને પાપના ભાવ ઉભા થાય એ નીરોગી દ્રવ્યની પર્યાય તે રોગી છે. આહા..હા..! એને ક્ષય રોગ લાગુ પડ્યો છે. આત્માના ગુણની શાંતિને તે ક્ષય કરે છે. આહા..હા..! કર્મ નાશ કરતો નથી, કર્મ તો પરદ્રવ્ય છે. આહા..હા..!

હું રાગવાળો ને પુણ્યવાળો વ્યવહારે છે પણ વ્યવહારે છે એવું માને છે કે આવો જ હું આખો છું. આહા..હા..! એ પર્યાયમાં મિથ્યાત્વનો રોગ છે. આહા..હા..! મિથ્યાત્વનો સનેપાત છે, સનેપાત. જેમ સનેપાત હોય છે ને ? વાત, પિત ને કફ વકરી જાય

એટલે ગાંડો, પાગલ થઈ જાય. દુઃખની પરાકાષ્ટા થઈ જાઈ છે ત્યારે સનેપાતમાં દાંત કાઢે. એમ આ મિથ્યાત્વ ને મિથ્યાજ્ઞાન ને મિથ્યા રાગના આચરણમાં રાજી થઈને, હોંશું થઈને હરખ કરે છે. આ સનેપાતના માણસો જેમ રાજી થાય એમ એ મિથ્યાત્વમાં રાજી થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :– પોતે માણસ છે એમ માને, એને આપ મિથ્યાત્વ કહો છો.

ઉત્તર :– માણસ છું એ માનવું એ મિથ્યાત્વ છે, તેમ રાગવાળો છું, આખું તત્ત્વ રાગ સ્વરૂપ છે એ માન્યતા પણ મિથ્યાત્વ છે. આહા..હા..! એને બાયડીવાળો ને છોકરાવાળો ને ધંધો મોટો ઉદ્યોગપતિ એમ કહેવાય છે અત્યારે કરોડોપતિ, ઉદ્યોગપતિ (કહે), શેનો ? પાપનો ? ભાઈ ! માર્ગ નિરાળા છે, બાપુ ! આહા..હા..!

**'પર્યાયમાં રોગ છે.'** રોગ ન હોય તો તો એને નીરોગતાનો–આનંદનો અનુભવ હોવો જોઈએ. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદ વસ્તુ છે એ દુઃખરૂપ હોઈ શકે જ નહિ. વસ્તુ છે એ દુઃખરૂપ, અપૂર્ણ, અશુદ્ધ હોઈ શકે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? બાપુ ! આકરી વાતું, ભાઈ ! અરે..! દુનિયાથી જુદી લાગે પણ છે વાત તો એવી જુદી. દુનિયાના વર્તમાનમાં મેળ ખાવો બહુ મુશ્કેલ છે.

એ અહીં કહે છે. આહા..હા..! **'પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે.'** શું કીધું ? શુદ્ધ ચૈતન્યની ભાવના નામ એકાગ્રતા. જે રાગમાં એકાગ્રતા છે એ શુદ્ધની ચૈતન્યમાં એકાગ્રતા. શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય વસ્તુ અનંત ગુણનો પરમાત્મ દરબાર ભગવાન,... આહા..હા..! એમાં એકાગ્ર થતાં એ પર્યાય-રોગ ચાલ્યો જાય છે. ભાવના એ એકાગ્રતાની વાત છે. શુદ્ધ ચૈતન્ય એ ત્રિકાળ છે અને ભાવના એ વર્તમાન પર્યાય છે. આહા..હા..! આવું ક્યાં (સાંભળવા મળે) ? પર્યાયનો રોગ, મિથ્યાત્વનો રોગ, એને ચૈતન્યસ્વરૂપની (એવી) એકાગ્રતાની ભાવના એ રોગ મટાડવાનું પરમ ઉત્તમ ઔષધ છે. આહા..હા..! પણ આ બહારની મીઠાશ એને છૂટવી જોઈએ. આહા..હા..!

મુમુક્ષુ :– સર્પ કરડ્યો હોય એને લીંબડો મીઠો જ લાગે ને એ

ઉત્તર :– સર્પ કરડ્યો હોય એને લીંબડો મીઠો લાગે. સર્પ, સર્પ. લીમડો મીઠો લાગે. એમ મિથ્યાત્વમાં, આહા..હા..! શરીરની સુંદરતા ને લાવણ્યતા ને પૈસાના ઢગલા

ને મકાન મોટા આવા પચીસ, પચાસ લાખના ને અમે જાણે (વધી ગયા). રાજીપો કરે છે. આહા..હા..! એ મિથ્યાત્વના ઝેર છે.

મુમુક્ષુ :– એ બધી વસ્તુ આકર્ષક છે.

ઉત્તર :– આકર્ષક ભગવાન છે અંદર પણ આકર્ષક માને છે પરને. આહા..હા..! ચૈતન્ય,... આહા..હા..! ભગવાન ચૈતન્ય એ આકર્ષીત ચીજ એ છે. શું કહેવાય પેલા તાંબાનું ? ખેંચે. લોહચુંબક લોહચુંબક ! એમ ભગવાન આનંદ ચુંબક પ્રભુ છે. એમાં જ્યાં ગયો એને આનંદનો નાથ જાગીને આનંદ આપે છે.

સમ્યગ્દર્શન થતાં ધર્મની પહેલી સીઢી–શરૂઆત થતાં વસ્તુ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહી છે એવી વસ્તુમાં દૃષ્ટિ મુકતા... આહા..હા..! એને અતીન્દ્રિય આનંદનો ખુશીપો આવે. આ બહારની અનુકૂળતાની કાંઈ દેખીને (એને) ખુશીપો થાય છે. આહા..હા..! પત્નિને પતિ જરીક જુવાન ને રૂપાળો મળે તો રાજી થાય. પતિને પત્નિ જરીક રૂપાળી ને બોલી બોલકી ને પૈસાવાળી હોય (તો રાજી થાય). અરે..! શું છે ? પ્રભુ ! એ..ઇ..! પ્રભુ ! તું ક્યાં ખેંચાઈ ગયો ? આહા..હા..!

અંદર ભગવાન આત્મા પૂર્ણ નીરોગ સ્વરૂપ,... આહા..હા..! એની ભાવના. 'શ્રીમદ્' માં આવે છે એ વચન. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે' પણ એ ભાવનાની વ્યાખ્યા ઝીણી કે ભગવાનની ભક્તિ કરવી ને ગુરુની સેવા કરવી એ (ભાવના નથી). આહા..હા..! આત્મા જે આનંદ ને જ્ઞાન ને અનંત ગુણનો સાગર (છે) એની ભાવના નામ તેના તરફની એકાગ્રતા, એ ચૈતન્યમાં રાગનો રોગ મિથ્યાત્વનો છે એને ટાળવાનો ઔષધ છે, એ દવા છે એની. આહા..હા..!

**'શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે.'** આહા..હા..! પણ એ વાત જ્યાં મળવી કઠણ પડે. આહા..હા..!

મુમુક્ષુ :– કાને પડવી મુશ્કેલ છે.

ઉત્તર :– એ કાને પડવી મુશ્કેલ છે. વાત સાચી છે. આ..હા...! આવું તત્ત્વ ! જ્યાં હોય ત્યાં આ કરો, વ્રત કરો, તપ કરો ને ભક્તિ કરો ને નાગા થાવ ને લુગડા ફેરવો ને પડિમા લઈ લો. બાપુ ! એ બધા સંસારના ભાવ છે. ભાઈ ! તને ખબર નથી. આહા..હા..! તારો નાથ અંદર નીરોગ આનંદનો સાગર પડ્યો છે એને આવા

વિકલ્પથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ ?

અકાર્યકારણ નામનો ગુણ છે ને આત્મામાં ? ભગવાનઆત્મામાં એક અકાર્યકારણ નામનો ગુણ છે. અનંત ગુણમાં એનું રૂપ છે. આહા..હા..! જેથી તેનો જ્ઞાન ગુણ પણ અકાર્યકારણપણે સ્વભાવે છે. એને રાગ હોય તો જ્ઞાનની પર્યાય પ્રગટ થાય એવું નથી. તેમ એ જ્ઞાનની પર્યાય રાગને ઉત્પન્ન કરે એવું નથી. એવું એક એક પર્યાયમાં અકાર્યકારણ નામના ગુણનું રૂપ છે. આ શું છે ? ('ભાઈ' !) વાતું એવી છે, બાપા ! એણે સાંભળી નથી કોઈ દિ'. આહા..હા..!

એક જ્ઞાનની પર્યાયમાં એટલી પ્રભુતા છે કે જે રાગનું કાર્ય નથી અને એ પર્યાય રાગનું કારણ નથી. આહા..હા..! ગુણની વાતું તો શું કરવી ! એવો જે એનો ગુણ, પરિણમન એ પર્યાયનો એવો સ્વભાવ કે વ્યવહાર રત્નત્રય કારણ થાય તો પર્યાય પ્રગટે એવું એની પર્યાયમાં અકાર્યકારણ નામનું પરિણમન છે. એને રાગને કારણે આ પર્યાય પ્રગટે એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! બાહ્ય પદાર્થની અતિશયતા, વિસ્મયતા, આશ્ચર્યકારકતા પ્રભુ ! તારે છોડવી પડશે. કારણ કે પ્રભુ ! પોતે અંદર આશ્ચર્યકારી, વિસ્મયકારી પદાર્થ છે. આહા..હા..! આવો ઉપદેશ. આમા શું કરવું હાથ આવે નહિ. આહા..હા..!

એ જ કહે છે ને ! **'ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે. શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે,...'** હવે ભાવનાની વ્યાખ્યા કરી. **'શુદ્ધ ચૈતન્યભાવના...'** ભગવાન પવિત્ર પિંડ પ્રભુ ! આહા..હા..! જેમાં પર્યાયમાં અપવિત્રતા છે એ વસ્તુમાં નથી. આહા..હા..! એવી શુદ્ધ ચૈતન્ય ભાવના-એવા શુદ્ધ ચૈતન્યની એકાગ્રતા, આહા..હા..! સમ્યગ્દર્શન જ્ઞાન આદિની એકાગ્રતા **'તે શુદ્ધ પરિણમન છે,...'** તે શુદ્ધ દશા છે. આહા..હા..! આકરું કામ. આ તો અપૂર્વ વાત છે, પ્રભુ ! પૂર્વે કદી કરી નથી, છે. ખરેખર તો સાંભળી નથી એમ કહ્યું છે. ચોથી ગાથામાં 'શ્રુતં પરિચિતં અનુભૂતા' રાગની વાત તેં સાંભળી છે, પરિચય કર્યો છે ને અનુભવ્યો છે પણ રાગથી ભિન્ન ભગવાન અંદર છે એ વાત તેં સાંભળી નથી. આહા..હા..!

**'શુદ્ધ ચૈતન્યભાવના...'** એટલે એકાગ્રતા **'તે શુદ્ધ પરિણમન છે, શુભાશુભ પરિણમન નથી.'** છે ? શુદ્ધ ચૈતન્યની ભાવના એ શુદ્ધ પરિણમન, પવિત્ર પરિણમન

અનાકુળ આનંદ આદિથી પરિણમન છે. એમાં શુભાશુભભાવ નથી. આહા..હા..! હવે આ દુનિયામાં આ દેશ મુકીને પરદેશમાં ગયો હોય અને એમાં પાંચ, પચીસ લાખ ભેગા થયા હોય તો 'હું પહોળો ને શેરી સાંકડી' આપણે વધી ગયા. શેમાં ? રખડવામાં. નરક ને નિગોદમાં જવામાં વધી ગયા, બાપા ! આહા..હા..! તારી ચીજનો તેં અનાદર કર્યો અને જે ચીજમાં તું નથી ને જે ચીજમાં તે નથી એની તને વિસ્મયતા કરીને રોકાઈ ગયો આ રખડવાના રસ્તા છે. આહા..હા..! છે ?

**'શુભાશુભ પરિણમન નથી. તેનાથી અવશ્ય સંસારરોગ જાય.'** આહા..હા..! શુભ રાગ, શુભભાવ ને અશુભભાવ એ રોગ છે. છે, વ્યવહાર છે પણ એ તો રોગ છે. આહા..હા..! અને શુદ્ધ પરિણમન તેનાથી અવશ્ય સંસારરોગ જાય. **'વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને...'** કેમ કે વીતરાગ દેવ અને ગુરુ તો એ કહે છે, એની આજ્ઞા એ કહે છે કે વીતરાગતા પ્રગટ કર. એટલે કે વીતરાગ સ્વરૂપ ભગવાન છે તેનો આશ્રય લે. આહા..હા..!

૧૭૨ ગાથામાં આવ્યું હતું ને ? 'પંચાસ્તિકાય'. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા પ્રગટ કેમ થાય ? તે સ્વને આશ્રય પ્રગટ થાય. એનો અર્થ ચારે અનુયોગમાં સ્વનો આશ્રય લેવાની વાત કરી છે. આહા..હા..! **'વીતરાગ દેવ અને ગુરુના વચનામૃતો...'** ગુરુ પણ એ કહેવાય કે જેના વચનમાં વીતરાગતા પ્રગટ કરવાની વાત કરે અને એ વીતરાગતા વીતરાગ સ્વરૂપ ભગવાન છે એને આશ્રય થાય. એવી આજ્ઞા તે ગુરુની આજ્ઞા કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ ? માર્ગ બહુ (ઝીણો), બાપા ! આહા..હા..!

જુઓને ! આ વરસાદ તણાણો છે. ઘાસ સુકાય છે, મોલ કરમાય છે. જીવ અંદર આમ તાજા આવ્યા છે. આહા..હા..! સમયે સમયે અનંતા જીવો મરે છે ને સમયે સમયે અનંતા જીવો જીવે છે એ જન્મે છે, નિગોદમાં. આહા..હા..! એક નિગોદના અનંતમાં ભાગના જીવ બહાર આવી આમ લીલોતરી દેખાય, લીલોતરીના આખા જંગલ ભર્યા (હોય). ઇ નિગોદના અનંતમાં ભાગનો એક ભાગ જીવ આવે ત્યારે એકલી લીલોતરી દેખાય. કારણ કે બધી છે અસંખ્ય અને પેલો તો અનંતામાં ભાગનો ભાગ આવે તો (આટલી દેખાય). આહા..હા..! ગજબ વાત છે, બાપુ !

એમ ભગવાનઆત્મા અનંતા ગુણનો દરિયો ! એનો જેને અનુભવ થયો તો એને આનંદ અંકુરા ફુટ્યા. આહા..હા..! સમજાણું કાંઈ ? જેમ લીલોતરી જમીન આમ ખાઈ જાય છે એમ અસંખ્ય પ્રદેશી અનંત અનંત ગુણનો સાગર, તેનો આશ્રય લેતા પર્યાયમાં અનંતા ગુણો ખીલીને બહાર અંકુરા ફુટી જાય છે. અસંખ્ય પ્રદેશ ખીલી ઉઠે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? (કોઈ એમ કહે છે), બ્રહ્મચર્ય પાળવું, લુગડા છોડી દ્યો, આ કરો સમજાય તો ખરું. એ તો અજ્ઞાન સમજ્યો છે અનાદિથી. આહા..હા..!

મુમુક્ષુ :- નિવૃત્તિમાં તત્ત્વ જ્ઞાનનો ઉદ્યમ વિશેષ થાય છે.

ઉત્તર :- નિવૃત્તિ કોને કહેવી પણ ? રાગથી રહિત સ્વરૂપ છે એવી નિવૃત્તિ તેમાં જાય તો (તે સાચી નિવૃત્તિ છે). બહારથી નિવૃત્તિ લ્યે તો એને જરી વિચાર કરવાનો અવસર રહે એટલું, પણ વિચાર (કરીને) પોતે અંદરમાં જાય, રાગથી ભિન્ન પડીને અંદરમાં જાય ત્યાં વસ્તુ નિવૃત્ત સ્વરૂપ છે, વસ્તુ નિવૃત્ત સ્વરૂપ છે. આહા..હા..! રાગની પ્રવૃત્તિ સ્વરૂપ એ વસ્તુ જ નથી. આહા..હા..!

હમણાં એક બીજો મરી ગયો નહિ ? કીધું નહિ ? 'રાજકોટ'માં. 'લાલભાઈ'ના સંબંધી કો'ક એ એમાં મરી ગયા ને પેલામાં ? સ્કુટર. આહા..હા..! ઊડીને ફડાક.... જાઓ..! અરે..રે..! ત્યાં એમ કહે છે ને કે જીવ ગયો એમ કહે છે ને કે જીવ મરી ગયો એમ કહે છે ? જીવ ગયો. ક્યાં ગ્યો ? આહા..હા..! અજાણ્યા દ્રવ્ય, અજાણ્યા ક્ષેત્ર, અજાણ્યા કાળ, (અજાણ્યા) ભાવમાં (ગયો). બાપુ ! તને ખબર નથી. આહા..હા..! આ બધું ભૂલી નવી ચીજોમાં જઈશ. મિથ્યાત્વના ભાવ જ્યાં સુધી છે... આહા..હા..! એ અબજોપતિ મરી બકરીને કુંખે બચ્ચુ થાય. એની ખબરું ન મળે એને, દુનિયાને ખબર ન મળે. આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ ! તેં તારી ચીજને જો ઓળખી,... આહા..હા..! અને એનું જો પરિણમન કર્યું,... આહા..હા..! તો સંસાર રોગ જાય. વીતરાગ ને ગુરુની એ આજ્ઞા છે. એના **'હાર્દને સમજીને...'** એટલે કે એની આજ્ઞાને સમજી. ગુરુ ને શાસ્ત્ર ને દેવની આજ્ઞા એ છે કે વીતરાગતા પ્રગટ કર. રાગ પ્રગટ છે એના સ્થાનમાં વીતરાગતા પ્રગટ કર, એ આજ્ઞા છે. અનંતા તીર્થંકરો, અનંતા જ્ઞાની ગુરુઓ (એમ કહે છે).

અને એનો અર્થ, એ વીતરાગતા પ્રગટ કરનો અર્થ કે જ્યાં વીતરાગતા પૂર્ણ ભરી છે ત્યાં આશ્રય લે. આવું ચારે અનુયોગનું, અનંતા તીર્થંકરોનું અને સાચા ગુરુ સંતોનું અને સાચા શાસ્ત્રોનું આ હાર્દ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'શુદ્ધ ચૈતન્યભાવનારૂપ ઉપાદાન-ઔષધનું સેવન કરવામાં આવે...'** શુદ્ધ ચૈતન્યભાવનારૂપ. કેમ કે વીતરાગતા પ્રગટ કરવાની આજ્ઞા છે. તો એ શુદ્ધ ચૈતન્યની ભાવના તે વીતરાગતા છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય છે તે વીતરાગ સ્વરૂપ છે અને એની ભાવના તે વીતરાગી પર્યાય છે. આહા..હા..! **'શુદ્ધ ચૈતન્યભાવનારૂપ...'** શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય એની એકાગ્રતારૂપ નિર્મળ ઉપાદાન-ઔષધ, નિર્મળ વીતરાગી પર્યાયના ઔષધનું સેવન કરવામાં આવે **'તો ભવરોગ ટળે છે;...'** આહા..હા..!

વાણિયાનું આવે છે ને એક ? એનો બાપ મરી ગયો પછી શ્રાદ્ધ થયું, શ્રાદ્ધ. બાર મહિને શ્રાદ્ધ કરે છે ને ? એમાં એની શેરીમાં જ એક કુતરીનું બચ્ચું થયેલું. ગલ્લી. કુતરીનું બચ્ચું થયું ને અહીં બાર મહિના થયા ને દૂધપાક ને પૂરી કરેલા. ગુજરી ગયા ને બધાને (બોલાવેલા). એ કુતરીનું બચ્ચું વારંવાર ખાવા આવે. હાંકે તોપણ જાય નહિ. પાછું (આવે). આ શું ? છે શું આ ? એમાં એક જ્ઞાની નીકળ્યા એને પૂછ્યું આ બચ્ચું શું છે ? (એમણે કહ્યું) કે જેનું તેં શ્રાદ્ધ કર્યું છે એ જીવ તારો બાપ છે. શ્રાદ્ધ સમજતે હો ? આહા..હા..! આવા જન્મ ને અવતાર. આહા..હા..! એક પડદો પડ્યો ને બીજે પડદે ક્યાંક (ચાલ્યો જાય).

એ ભવરોગને ટાળવાનો ઉપાય–**'શુદ્ધ ચૈતન્યભાવનારૂપ ઉપાદાન-ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે; તેથી વીતરાગનાં વચનામૃતને...'** વીતરાગના વચનામૃતમાં વીતરાગતાનો જ ઉપદેશ છે. સમજાણું કાંઈ ? 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ' 'શ્રીમદ્' માં આવે છે. પણ એનો ભાવ જરી ઝીણો (છે). એ પરમ શાંત રસ મૂળનો અર્થ – અકષાય ભાવ એ વીતરાગના વચનનું એ સ્વરૂપ છે. વીતરાગ વચનામૃતો 'પરમ શાંત રસ મૂળ'. અવિકારી નિર્વિકારી વીતરાગી પર્યાય જેનું મૂળ. 'ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ' આહા..હા..! આકરી વાતું બહુ.

**'તેથી વીતરાગના વચનામૃતને...'** પણ વીતરાગના વચનામૃતમાં આ કહ્યું છે. પેલા પણ વીતરાગના વ્યવહારના વચનો છે પણ એનું ફળ સંસાર છે. પંચ મહાવ્રત

ને જ્ઞાનાચારના પાંચ, દર્શનાચારના પાંચ, ચારિત્રના આઠ ને... એવું હોય છે નિમિત્ત તરીકે અંદર. એવું બતાવ્યું છે પણ એ તો બંધના કારણ છે. અને વચનામૃતનો નિશ્ચય તો ભગવાનઆત્માના આનંદ સ્વરૂપનો આશ્રય લે અને વીતરાગતા પ્રગટ કર એ વીતરાગના વચનનું ફળ (છે). આહા..હા..!

**'તેથી વીતરાગના વચનામૃતને ભવરોગનાં નિમિત્ત-ઔષધ કહેવામાં આવ્યા છે.'** વચનોને નિમિત્તરૂપે (કહ્યું છે). કહેલા ભાવ છે અંદર એ ભાવ પરમ ઔષધ છે. વીતરાગતા. આહા..હા..! સમ્યગ્દર્શન છે એ પણ વીતરાગ સ્વરૂપ ભગવાન એને આશ્રયે થયેલી હોવાથી સમ્યગ્દર્શન વીતરાગ જ છે. સમ્યગ્દર્શન–સરાગ સમકિત ને એ તો (વ્યવહારે ભેદ કહ્યા છે). આહા..હા..! સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે અને એ વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગ મૂર્તિ પ્રભુ, એને આશ્રયે થાય છે. વ્યવહારને આશ્રયે વીતરાગી પર્યાય થતી નથી. વ્યવહાર તો રાગ છે. આહા..હા..! આ લોકોને આકરું પડે. 'સોનગઢ'વાળા વ્યવહારથી કંઈ થાય એ તો માનતા નથી. બાપુ ! 'સોનગઢ'વાળા રહેવા દે, વસ્તુનું સ્વરૂપ આ છે. આહા..હા..! પણ એ સંપ્રદાયમાં એ વાત છે નહિ.

અમારા 'હીરાજી મહારાજ' હતા ને ! સંપ્રદાયના ગુરુ 'હીરાજી મહારાજ' બહુ ક્રિયા, બહુ ઊંચી અને 'હીરા એટલા હીર બાકી સુતરના ફાળકા' એવા. ચાલે તો આમ નીચે (જોઈને ચાલે). અપાસરામાં ચાલે તોપણ પુંજીને ચાલે. વ્હોરવા જાય તો એને માટે પાણીનો બિંદુ પણ બનાવ્યો હોય (તો લે નહિ). ગામડામાં જાય, પાંચ ઘર વાણિયાના હોય, જાય ત્યાં મહારાજ પધાર્યા છે. પાણી ઊના કરે. પૂછે, ક્યાં છે પાણી ? મહારાજ એ તો અમારા માટે. ન્હાવા માટે કર્યું તો આટલું વધે નહિ. પાણી ન લે. સમજાણું કાંઈ ? એ બહુ ક્રિયા હતી. છાસ લેવા જાય. કાઠી લોકોમાં જાય. છાસ સમજે ? મઠા. આહા..! એવી ક્રિયા (પાળે). પણ આ વાત એને કાને પડી નહિ. એ પરની દયાનો ભાવ એ રાગ છે અને પરની દયા જીવ પાળી શકતો નથી. જીવ પોતાની દયા પાળી શકે છે. આહા..હા..! એટલે કે... 'હીરાજી મહારાજ' ને જોયેલા કે નહિ ? 'ચુડા'માં તો બહુ આવતા, આહા..હા..! બહુ વૈરાગી હતા. વૈરાગ્ય. હાલે તો .... હજારો માણસોમાં વ્યાખ્યાન આપે તો ઊંચી નજર નહિ બાયુમાં કે

જોવામાં (નજર નહિ). પણ આ શબ્દ કાને નહિ પડ્યો. અરે..રે...!

આ પરની દયા પાળી શકતો નથી. પરદ્રવ્ય છે એની ક્રિયા શું કરી શકે ? અને દયાનો ભાવ આવે પણ એ તો રાગ છે. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' માં એમ કીધું કે એ તો જીવની હિંસા છે–પોતાના જીવની હિંસા છે. ('ભાઈ' !) આવું આકરું પડે, બાપુ ! શું થાય ? પરના આલંબન વિનાનો માર્ગ છે, સ્વના આલંબનવાળો આ માર્ગ છે. આહા..હા..! એ નિમિત્ત-ઔષધ વાણી તરીકે કીધું, હોં ! આહા..હા..! ૧૬૪ (બોલ પૂરો થયો).

**જેને ચૈતન્યદેવનો મહિમા નથી તેને અંદર વસવાટ કરવો દુર્લભ છે. ૧૬૫.**

**'જેને ચૈતન્યદેવનો મહિમા નથી તેને અંદર વસવાટ કરવો દુર્લભ છે.'** શું કહે છે ? જેને અંદર ભગવાન અનંત ગુણનો નાથ (બિરાજે છે) એનો જેને મહિમા પર્યાયમાં નથી એ અંદરમાં વસવાટ નહિ કરી શકે. એ રાગ ને દાય-દાન ને વ્રત ને ભક્તિની મહિમા (જેને છે)... આહા..હા..! એ અંદરમાં જઈ શકશે નથી. રાગના રસીલા, વ્યવહારના પ્રેમીઓ વીતરાગ સ્વભાવમાં જઈ નહિ શકે. આહા..હા..! અને જઈ શકશે નહિ એટલે રહી શકશે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૬, ગુરૂવાર તા. ૧૦-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૬૬, ૧૬૭. પ્રવચન–૬૦**

**હે શુદ્ધાત્મા ! તું મુક્તસ્વરૂપ છો. તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો. તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી, તારા શરણે આવવાથી, જન્મમરણ ટળે છે. ૧૬૬.**

બોલ છે ને ? **'હે શુદ્ધાત્મા !'** આત્મા એક સમયમાં અંદર શુદ્ધ અનંત ગુણોનો પિંડ પવિત્ર છે. એની પર્યાય એટલે અવસ્થામાં શુભ-અશુભભાવ અને મિથ્યાત્વ ભાવ ભલે હો પણ એની ચીજમાં એ ભાવ નથી. આહા..હા..! ભગવાન આત્મા તો પૂર્ણ પરમાત્મ સ્વરૂપ જ છે. કેમ બેસે આ વાત ? આહા..હા..! શુદ્ધ અનંત અનંતા અનંત ગુણ રત્નોની ખાણ, એવો જે શુદ્ધાત્મા, ત્રિકાળી વસ્તુ, ત્રિકાળી એટલે રહેનાર ત્રિકાળ પણ વર્તમાન ધ્રુવ તે ત્રિકાળી વસ્તુ. આહા..હા..!

**'તું મુક્તસ્વરૂપ છો.'** આ વાત બેસવી (કઠણ પડે). જો એને આત્મ કલ્યાણ કરવું હોય, આ પરિભ્રમણ તો ચોરાશીના અવતારમાં કરી રહ્યો છે. આહા..હા..! ધંધા, સંસાર, આખો દિ' પાપના પરિણામ, અનાદિથી અધર્મ તો કરી રહ્યો છે, પર્યાયમાં, હોં ! અવસ્થામાં. આહા..હા..! એ દુઃખના પરિણામ છે. એ પરિણામમાં આત્મા નથી. અને એ પરિણામ ભગવાન શુદ્ધ સ્વરૂપમાં નથી. પાપના (પરિણામ) તો નથી પણ પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એવો જે શુભભાવ પણ દુઃખરૂપ છે, આકુળતારૂપ છે, એમાં આત્મા નથી. આહા..હા..!

મુમુક્ષુ :– કોની પર્યાય છે ?

ઉત્તર :– એ પર્યાય છે પર્યાયની. બહુ ઝીણું, બાપુ ! અરે..! દુનિયા પોતાના એક વેગમાં જે ચડ્યો છે ને ! આ ધંધા ને પાણી ને પૈસા ને દુકાન... આહા..હા..! એકલા અધર્મના કસાઈખાના માંડ્યા છે એણે. અને એમ માને કે અમે સુખી છીએ ! સ્વતંત્ર છે. પાગલ અજ્ઞાની ગમે એમ માને. આહા..હા..!

મુમુક્ષુ :– જ્ઞાની એને સમજાવે નહિ ?

ઉત્તર :– આ ઇ તો કહે છે ને કે તું તો આ છો ને, પ્રભુ ! આ શું તેં કર્યું ? (શું) આ માંડી છે ? ઇ તો કહે છે, હે શુદ્ધ પ્રભુ ! અનંત અનંત ગુણના રાશીનો ઢગલો ધ્રુવ પ્રભુ ! એ તદ્દન શુદ્ધ સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ છે. આહા..હા..!

**'તું મુક્તસ્વરૂપ છો.'** આહા..હા..! 'જાપાન'વાળાએ હમણાં કાઢ્યું છે ને ? જૈનોમાં જૈનને પ્રમાદના ભાવમાં રહ્યાને ઠેકાણાં ન મળે. એ તો 'જગનમોહનલાલજી'એ લખ્યું છે. એ..ઇ..! 'ધન્નાલાલજી' ! 'જગનમોહનલાલજી' એ લખ્યું છે. અરે..રે..! આપણે જૈન પ્રમાદિ કે વસ્તુ શું છે જૈન પરમેશ્વર કહે છે શું અને જૈન ધર્મ શું છે એની શોધ પણ કરી નહિ. પેલા અજ્ઞાની 'જાપાન'ના માણસો (આમ કહે છે).

મુમુક્ષુ :– ત્યાં સાધનો ઘણા છે, પૈસા ઘણા.

ઉત્તર :– ન્યાં ક્યાં પૈસાની મદદ હતી ? વિજ્ઞાનને શોધવામાં પૈસાની જરૂર ક્યાં છે ? એમા નામ આપ્યું છે કાંઈક. વિજ્ઞાન ને ધર્મની ઉત્પત્તિ અને ધર્મનું સ્થાન ક્યારનું છે ને ક્યાં છે એની શોધમાં એણે શોધ્યું. 'જાપાન' માં ૬૩ વર્ષનો માણસ છે. એનો દીકરો ૧૭ વર્ષનો, બેયને રસ છે. એણે એમ શોધીને કહ્યું... આહા..હા..! કે જૈનધર્મ એટલે કે અનુભૂતિ ભગવાનઆત્મા અનુભૂતિ કરે એનું નામ જૈનધર્મ છે. એ અનુભૂતિ શબ્દ પણ સાંભળ્યા ન હોય. આહા..હા..! (સંવત) ૧૯૮૦ ની સાલમાં ચોમાસું અમારું 'બોટાદ' માં હતું ને ? આમાં–સ્થાનકવાસીમાં હતા ને ! સાંજે મોટા બધા પડિકમણા કરવા આવે. એને એટલું કહ્યું કે એલા અનુભવ આત્માનો શું ? આપણે અનુભવ-બનુભવનું સાંભળ્યું નથી કાંઈ (એમ જવાબ મળતો).

'કાશી'માં પેલો નહિ ? ભાઈ ! 'અમૃતલાલ ગોપાણી' 'અમૃતલાલ' એનો બાપ, એનો બાપ હતા 'સવો ગોપાણી'. ત્યાં તો અમે ચોમાસા ઘણાં કરેલા ને ! એમાં છેલ્લું અમે કહ્યું, એલા આત્માનો અનુભવ શું ? (તો કહ્યું), અનુભવ-બનુભવ આપણે

કાંઈ (નહિ). અમારા ગુરુએ કહ્યું નથી ને આપણામાં ઇ છે નહિ. એ... ('ભાઈ' !) અરે..રે..! એને કાંઈ ખબરું ન મળે. આહા..હા..! પડિકમણા કરે ને આ કર્યા... ધૂળેય નથી પડિકમણા. આહા..હા..! અરે..! પણ વસ્તુસ્થિતિ શું છે એનો એ શબ્દ છે. વિભાવ છે એ આપણામાં નથી, એમ કહ્યું હતું, લ્યો ! ઇ વળી 'મૂળચંદજી'ને પૂછ્યું હતું. વિભાવ-વિભાવ એ આપણામાં નહિ. આવા ને આવા. આ અમારા ગાંધી છે ને એના ગુરુ હતા એ બધા. 'મૂળચંદજી'. આહા..હા..!

આ વસ્તુ બાપુ ! અરે..રે..! ચોરાશીના અવતારમાં રખડતો, રઝળતો મૂઢ જીવ, પર્યાયમાં, હોં ! આહા..હા..! એ એની ચીજ જે છે. આહા..હા..! પ્રભુ ! તું મુક્તસ્વરૂપ છે ને ! જાપાનીએ એમ કહ્યું, આ આત્મા નિર્વાણ સ્વરૂપ છે. એમ કહ્યું એણે. પેલો પરદેશી 'જાપાની' માણસ (આમ કહે). અહીં વાણિયાને ખબર ન મળે, પચ્ચીસ, પચાસ, સાંઈઠ સાંઈઠ વર્ષ કાઢ્યા તોય. આહા..હા..! ઇ કહે કે આત્મા નિર્વાણ સ્વરૂપ છે. એટલે એની ભાષા એ હતી પણ આ (કહેવું છે). આત્મા નિર્વાણ સ્વરૂપ એટલે મુક્તસ્વરૂપ છે. આહા..હા..!

એ તો ઘણીવાર કહીએ છીએ. કળશમાં આવે છે. 'કળશ ટીકા' નહિ ? '**मुक्त एवः**' પાઠ ટીકા આવે છે 'અમૃતચંદ્રાચાર્ય'. અરે..! પ્રભુ ! મારગડા જુદા, ભાઈ ! જન્મ-મરણને મટાડવાના રસ્તા કોઈ અલૌકિક છે ! અરે..રે..! એને સાંભળવા મળે નહિ બિચારાને. એ બધા કરોડોપતિ કે અબજોપતિ શાસ્ત્રમાં તો એમ કહ્યું છે કે એ બધા ભિખારા, વરાંકા, રાંકા છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વરાંકા પાઠ કીધો ને ! પાઠમાં છે. ભિખારીઓ છે બધા. રાંકા માંગે છે. માંગણ ! પૈસા આપો, બાયડી સારી લાવો, આબરૂ માંગો, રોટલા ઠીક મળે. માંગણ મોટો ભિખારી છે. કળશમાં પાઠ છે. વરાંકા. આહા..હા..! સંતોને, મુનિઓને ક્યાં પડી છે કે જગતને ઠીક લાગશે કે નહિ લાગે. દુનિયા એની પાસે રહી ગઈ એને ઘરે. આહા..હા..!

આત્મ-લક્ષ્મી જે અંદર મુક્તસ્વરૂપ છે, એના અનંતા ગુણો શુદ્ધનો સાગર છે. આહા..હા..! જેના એક એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે, ઇ અનંતાનો પાર નથી

એટલા અનંતા છે. એ બધા અનંતા ગુણનું એક એક ગુણમાં અનંતુ રૂપ છે. આહા..હા..!

એક એક ગુણમાં જ્ઞાન છે તેમાં સત્તા, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એવી શક્તિ એક એક ગુણમાં છે. જુદી શક્તિ તો છે. આહા..હા..! ભાઈ ! તને તારા ઘરની ખબરું નથી. પારકી માંડી બધી. આ બાયડી ને છોકરા ને ધૂળ-ધાણી ને. આહા..હા..! જેને કાંઈ સંબંધ ન મળે. એક જગતનું તત્ત્વ એ તો દ્રવ્ય, જગતનો આત્મા એ તો પર જગતનું દ્રવ્ય છે. એનું શરીર જગતની ચીજ પર છે, તારે ને એને સંબંધ શું છે ? આહા..હા..! એ..ઇ..! અને જે તારા છે તેની તને ખબર ન મળે અને જે તારા નથી તેને મારા માનીને મૂઢ જીવ અનાદિથી રખડી રહ્યો છે. આહા..હા..!

અહીં કહે છે, **'હે શુદ્ધાત્મા !'** ભગવત સ્વરૂપ તારું છે. અંદર મુક્તસ્વરૂપ છો, મુક્તસ્વરૂપ છે. અબદ્ધ સ્વરૂપ કહો કે મુક્ત સ્વરૂપ કહો. ૧૪ મી ગાથામાં આવ્યું ને ? ૧૫મી ગાથામાં **'जो परस्सदि अप्पाणं'** અબદ્ધ કહો, બદ્ધ રહિત કહો કે મુક્ત કહો. અબદ્ધ એ નાસ્તિથી શબ્દ છે અને મુક્તસ્વરૂપ એ અસ્તિથી છે. આ અસ્તિ ને નાસ્તિ કોના ઘરે ? આ દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો ને મરી ગયો હવે કરી કરીને સાંભળને ! આહા..હા..! તું કોણ છો તેની તને ખબરું વિના એ બધી ક્રિયાકાંડો બધા સંસારના રખડવાના રસ્તા છે. આહા..હા..! **'મુક્તસ્વરૂપ છો.'**

'જાપાન'ના માણસે એમ કહ્યું છે, ઇ સમજાણું ? ચોપાનીયું છે આમાં ? નથી. કો'ક લઈ ગયું વાંચવા ? નહિ હોય. કો'ક લઈ ગયું છે. જૈનપણું એને જૈન એમ કહે છે. એણે શોધ્યું, બધા અન્ય ધર્મોનો ઈતિહાસ, ઉત્પત્તિ ક્યાં અને સ્વરૂપ શું ? બહુ શોધ્યું એણે. શોધીને એ કાઢ્યું કે જૈન ધર્મ એ અનુભૂતિરૂપ ધર્મ છે અને જૈન ધર્મ એટલે કે આત્મા નિર્વાણ સ્વરૂપ છે એમ માને છે. આહા..હા..! હવે અહીં વાણિયાઓને તો ખબરું ન મળે. ચાલીશ, ચાલીશ, પચાસ, પચાસ, સાંઈઠ (વર્ષથી) મુંડાવીને પડ્યા હોય (અને માને કે) અમે જૈન છીએ ને અમે સ્થાનકવાસી છીએ ને દેરાવાસી (છીએ). હતા કે દિ' ? આહા..હા..! ('ભાઈ' !) આહા..હા..!

તું નિર્વાણ સ્વરૂપ છો. કેમ ? કે નિર્વાણ જે પર્યાયમાં મુક્ત દશા થાય છે એ નિર્વાણપણું આવ્યું ક્યાંથી ? એ નિર્વાણ સ્વરૂપ છો એમાંથી આવ્યું છે. આહા..હા..! ભાઈ ! તને તારી ખબર નથી. આહા..હા..! લોકમાં નથી કહેવાતું ? 'ઘરના છોકરા

ઘંટી ચાટે, પાડોશીને આટા', 'પાડોશીને લોટ ને ઘરના છોકરા ઘંટી ચાટે' એમ ઘરમાં શું ચીજ છે એનું ભાન ન મળે ને બહારના ચોવટીયા ને મોટા ડાહ્યાના દીકરા વાતું કરે. આમ બેઠા હોય. આમ થડે બેઠા હોય દુકાનને. આહા..હા..! જુઓ ! એ તો એની પાગલપણા ! અમારે હતા ને ? ભાગીદાર હતા. દુકાને બેસે તો જાણે... આહા..હા..!

મુમુક્ષુ :– આખી જિંદગી દુકાન નભાવી.

ઉત્તર :– ધૂળેય નભાવી નથી. મેં તો તે દિ' કહ્યું હતું. (સંવત) ૧૯૬૬ ની સાલમાં તો મેં કહ્યું. હું પણ દુકાનમાં હતો ને. અમારે પિતાજીની ઘરની દુકાન હતી. એમની દુકાનમાં અમારા મોટાભાઈ ભાગીદાર હતા. અમારી દુકાનમાં એના મોટાભાઈ હતા. આહા..હા..! બે દુકાનો હતી. ૧૯૬૬ ની વાત છે. ૧૯૬૬. કેટલા વર્ષ થયા ? ૬૮. દુકાને બેસે અને આમ પેદા થાય. બબ્બે લાખની દુકાનની પેદાશુ. ધૂળેય નથી. કીધું, મરીને યાદ રાખજે. મારાથી મોટા હતા. ચાર વર્ષ.

આ આવ્યું ને ! શું લખ્યું છે એમાં ? **'જૈન ધર્મ કે અનુસાર નિર્વાણ કે લિએ ઇતના જાન લેના હિ કાફી હૈ કે હમ નિર્વાણ મેં હૈ.'** 'જાપાની' ઇતિહાસિક શોધીને જૈન ધર્મ શું કહે છે એ એણે ગોત્યું અને દિગંબરના 'જગનમોહનલાલજી' એક છે એણે બહાર પાડ્યું કે એલા જૈનની વાતું આ કરે અને તને તારી ખબરું ન મળે. એ..ઇ...! ('ભાઈ' !) લખ્યું છે એણે. પોતે ભાઈએ પછી લખ્યું છે, આપણે પ્રમાદિ છીએ. આહા..હા..! છે ? સમજાણું ? એમ લખ્યું છે. એ ગોત્યું નહિ, શોધ્યું નહિ એમ કીધું. **'તબ તો હમ જૈન પ્રમાદિ હૈ.'** 'જગનમોહનલાલજી' પંડિત છે ને ? 'કટની.. કટની' ને ? આહા..હા..! ઘણાં અભ્યાસી છે. હમણા મોટું અધ્યાત્મનું પુસ્તક (બહાર) પાડ્યું છે, વસ્તુસ્થિતિથી વિપરીત છે.

આ જે કહેવા માંગે છે એનાથી વિપરીત એણે હમણાં 'અધ્યાત્મ અમૃત કળશ' મોટી મહેનત કરીને (બહાર પાડ્યું છે). આ કહે છે કે ભાઈ ! આત્મા છે એ નિર્વાણ સ્વરૂપ છે એ આ. મુક્તસ્વરૂપ છો એ નિર્વાણ સ્વરૂપ છો. એ ત્રીજી વાત. ૧૫ મી ગાથા 'સમયસાર' આત્મા અબદ્ધ સ્વરૂપ છે. એટલે રાગના સંબંધ વિનાની ચીજ છે. આહા..હા..! એટલે કે મુક્તસ્વરૂપ છે. એને જે જાણે ને માને એણે જૈનશાસનને

જોયું. ૧૫મી ગાથા છે ? **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** દયા-દાનનો વિકલ્પ છે એ પણ રાગ ને બંધન (છે). એનાથી પ્રભુ ભિન્ન છે અંદર, એ મુક્ત સ્વરૂપ છે. એને જે કોઈ **'अबद्धपुट्ठं अणण्णमविसेसं जो पस्सदि'** એવા સ્વરૂપને જે કોઈ દેખે તે જૈનશાસનને દેખે છે. આહા..હા..! હવે આવી વાત ક્યાંય સાંભળવા મળે નહિ. જૈનપણું શું છે ? અને મોટા જૈનના શેઠિયાઓ ને અગ્રેસરો ને પ્રમુખ છીએ ને અમે શેઠિયાઓ છીએ ને... ધૂળનાય નથી. હેઠલાના છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીં આ કહે છે ઇ આ વાત 'જાપાન'ના પંડિતે કાઢી છે. એ આપણા દિગંબર પંડિતે બહાર પાડી છે. ઇ આ. સમજાણું ? આહા..હા..! બહુ સરસ વાત ! એ ભાઈ કો'ક કહેતું હતું, 'આત્મધર્મ' માં (આપો). કોણ કહેતું હતું ? મેં કીધું 'રામજીભાઈ'ને પૂછો. મેં એમ કીધું. કો'ક કો'ક કહેતું હતું, કો'ક કહેતું હતું આ માહ્યલું કોઈ ? 'હિંમતભાઈ જોબાળીયા' કેમ બોલતા નથી ત્યારે તમે ? આ કહેતા હતા, 'હિંમતભાઈ' કહેતા હતા. કહ્યું હતું ને તમે ? મેં કીધું 'રામજીભાઈ'ને પૂછો. મારું કામ નહિ. આહા..હા..!

**'મુક્તસ્વરૂપ છો.'** પર્યાયમાં અલ્પતા છે એટલું એ તારું સ્વરૂપ નથી. રાગ, દયા, દાનના ભાવ એ પણ તારું સ્વરૂપ નથી. આ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ આદિના પાપ એ અધર્મ પાપ એ પણ તારા સ્વરૂપમાં નથી. આહા..હા..! પ્રભુ ! જો તારા સ્વરૂપમાં એ હોય તો જુદા પડે નહિ. આહા..હા..! બહુ કામ આકરું. વર્તમાનમાં તો સંપ્રદાયમાં તો ધર્મને નામે ધતીંગ ચલાવ્યા છે બધા, આહા..હા..! સામાયિક કરો ને પોષા કરો ને પડિકમણા (કરો). શેના પણ સામાયિક કરો ? વસ્તુની ખબર વિના જાવું ક્યાં ? રહેવું ક્યાં ? આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ ! એકવાર સુન. આહા..હા..! જુઓ ! આ બહેનના વચનો છે આ. એ અનંત જ્ઞાનીઓના વચનો છે. આહા..હા..! આવી ગયું કે નહિ પુસ્તક તમારે હિન્દી ? વાંચ્યું ? વાંચ્યું છે એકવાર ? ('ભાઈ')ને મળ્યું ? તમારા ભાઈ. 'સહરાનપુર'. આહા..હા..! તું જે વસ્તુ છે, પ્રભુ આત્મા એ તો શુદ્ધ આત્મા પવિત્રતાનો પિંડ અને ભગવત સ્વરૂપ છે. આહા..હા..! જેમાં શરીર, વાણી, મન ને કર્મ તો નથી પણ જેમાં પુણ્ય ને પાપના ભાવ નથી પણ જેમાં એક સમયની પર્યાયનો પણ નાસ્તિ સ્વભાવ છે. આહા..હા..! અરે... ! આવું જે અસ્તિ તત્ત્વ સત્તા સ્વરૂપ હોવાપણારૂપે

રહેલું તત્ત્વ (છે) એ શુદ્ધ અને મુક્ત સ્વરૂપ છે. આહા..હા..!

તને ઓળખ, તું તને ઓળખ. પારકી બધી તેં માંડી છે, આની આ ને આની આ. વાણિયા ચક્રવર્તીના વ્યાજ કરવા બેસે તો જાણે મોટા ડાહીના દીકરા ! દસ લાખ રૂપિયા આપ્યા છે ને આઠા આનાની તેરી... તે દિ' તો આઠા આના હતા ને ? હવે રૂપિયો, દોઢ રૂપિયો થઈ ગયો. દરબારોને આપતા ને ! બધું અમને ખબર છે ને. અમારા વળા દરબારોમાં બે લાખ આપતા. 'દામનગર' શેઠ હતા, 'દામોદર'. વાળા દરબાર છે ને એને ? આઠ આના. તે દિ' બહુ નહોતું. બેંકમાં પણ ત્રણ આના આપતા. આ શેઠિયા રાજાને આપે ધીરે તો આઠ આના લે. અત્યારે ટકો, દોઢ ટકો થયો ગયો. એમાં હોશિયાર. દસ લાખ રૂપિયા આપ્યા હોય ને આઠ આના તરીકે તો એક દિવસનું દસ લાખનું વ્યાજ કાઢી ને બીજે દિવસે વ્યાજ સહિતનું પાછું વ્યાજ કાઢે–ચક્રવર્તી વ્યાજ. આહા..હા..! પણ આ તારે માથે દેણું કેટલું ચડ્યું એની કાંઈ છે તને ખબર ? આહા..હા..! તેં રાગવાળો ને પુણ્યવાળો અલ્પજ્ઞ જે માન્યો, મોટું દેણું ઉભુ કર્યું તેં, ભાઈ ! આહા..હા..! સમજાણું કાંઈ ? માર્ગ વીતરાગનો કંઈ જુદી જાત છે. અત્યારે તો (ફરી ગયું). બધું જોયું છે ને અહીં તો ૮૯ વર્ષ થયા. ૬૫ વર્ષથી તો દુકાન છોડીને બધું જોયું છે જગતને. આહા..હા..! અરે..રે..! દુનિયા ક્યાં ઉભી ને ક્યાં પ્રભુનો માર્ગ ! આહા..હા..!

**'હે શુદ્ધાત્મા (પ્રભુ) ! તું મુક્તસ્વરૂપ છો.'** તેને તું ઓળખ. આહા..હા..! એને અંતરમાં પર્યાયને લઈ જાય તો ઓળખે. પર્યાય જે વર્તમાન છે એ તો પર તરફના લક્ષવાળી છે. હવેની પર્યાયને અંતરમાં લઈ જાય. એ તો બધી ઝીણી વાતું, બાપા ! એ દ્રવ્યમાંથી પર્યાય આવે અને એ જ પર્યાય એની સન્મુખ થઈ છે. આહા..હા..! ત્યારે તેને મુક્તસ્વરૂપ ભગવાનની ઓળખાણ થાય. આહા..હા..! ભગવાનના દરબારમાં એ જાય. આહા..હા..!

એક ચક્રવર્તીના દિવાનખાનામાં જાવું હોય તો કેટલી તૈયારી ને સભ્યતા જોઈએ ! કપડા એવા (પહેરે). આહા..હા..! આ તો ત્રણ લોકનો નાથ ભગવાન પરમાત્મ સ્વરૂપ, આહા..હા..! એની સમીપમાં એની પાસે જવું હોય, આહા..હા..! તો બધા પરના તરફનો આશ્રયના વિકલ્પો દેવ, ગુરુ ને ધર્મની શ્રદ્ધાનો રાગ પણ છોડી દે. કારણ કે એ

રાગ છે. આહા..હા..! તારો દેવ અને તારો ગુરુ તો અંદર મુક્ત સ્વરૂપ બિરાજે છે. આહા..હા..! તું પોતે દેવ, તું પોતે ગુરુ ને તું પોતે ધર્મસ્વરૂપ છો. મુક્તસ્વરૂપ એટલે ધર્મસ્વરૂપ જ છો. આહા..હા..!

તને ઓળખ. '**તને ઓળખવાથી...**' શુદ્ધ આત્મા મુક્તસ્વરૂપ છે, અસ્તિપણે છે, હયાતી છે, મોજૂદગી ચીજ છે. ઇ છે તેને તું ઓળખ આહા..હા..! '**તેને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છૂટાય છે.**' આહા..હા..! અનંતા દ્રવ્યો જે સંયોગી છે એનાથી છૂટીશ. ક્ષેત્ર જે છે આ લોકાલોક આ લોકનું જે એમાં દરેકમાં રખડ્યો એ એનું પરાવર્તન ક્ષેત્રમાં રખડવું છૂટીશ, કાળમાં રખડવું જે છે અનંતકાળથી રખડે છો (એનાથી) છૂટીશ, ભવથી છૂટીશ અને પુણ્ય ને પાપના ભાવ તે પણ પરાવર્તન વિકાર દુઃખ છે એનાથી છૂટીશ. ('ભાઈ' !) આવી વાતું, બાપા ! બહુ આકરી. એટલે 'સોનગઢ'ને એમ કહે લોકો બિચારા. એને ખબરું નથી એ તો ગાંડો-પાગલ ગમે એમ કહે. આહા..હા..! 'જામે જિતની બુદ્ધિ હૈ ઇતનો દિયે બતાય વાંકો બૂરો ન માનીએ ઓર કહાં સે લાય' 'સોનગઢ' એટલે નિશ્ચયની વાતું ને નિશ્ચયાભાસની એમ લોકો વાતું કરે છે. પ્રભુ ! કરો. એ કાંઈ અમને અહીં કાંઈ છે નહિ. આહા..હા..!

આ ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપ એક સમયમાં શુદ્ધ એટલે કે મુક્તસ્વરૂપ (છે). આહા..હા..! 'જાપાન'વાળાએ કીધું કે નિર્વાણ સ્વરૂપ છે. એમ કે મુક્તસ્વરૂપની એને એટલી બધી લાંબી ન ખબર હોય પણ નિર્વાણ થાય છે ને જીવને એટલે નિર્વાણ થાય છે તો એ નિર્વાણ સ્વરૂપ છે, એમ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નિર્વાણ કહે છે ને ! મોક્ષ એટલે નિર્વાણ. પણ હવે એની એટલી બધી ભાષા (ન આવડે). આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ..., આનંદ, આનંદ પૂર્ણ પ્રગટ થાય એનું નામ મુક્તિ. એ મુક્તિની પર્યાય છે. સિદ્ધની પણ એ પર્યાય અવસ્થા છે. હવે પર્યાયને જ્યાં સમજે નહિ. દ્રવ્ય-ગુણ નામ હજી આવડે નહિ એને. એ સિદ્ધ જે પરમાત્મા છે એ પણ એક પર્યાય છે, એ દ્રવ્ય નહિ, વસ્તુ નહિ. આહા..હા..! એવી જે સિદ્ધની 'નમો સિદ્ધાણં' એની જે કેવળજ્ઞાન આદિ અશરીરી પર્યાય, તે સિદ્ધપદ મુક્ત પર્યાય છે. તે આવી ક્યાંથી ?

એ અંદર મુક્તસ્વરૂપ છે તેનો એ પ્રવાહ છે. પ્રવાહ કેમ કહ્યો ? દ્રવે દ્રવે છે એમ કહેવું છે. મુક્તસ્વરૂપ જે છે; પાણીમાંથી જેમ તરંગ ઉઠે, દ્રવે એમ ભગવાન મુક્તસ્વરૂપ છે. એનો અંદર દૃષ્ટિ ને આશ્રય કરતાં મુક્તની પર્યાય પ્રવહે છે, વહે છે, દ્રવે છે. આહા..હા..! આરે...! આવો ઉપદેશ. ... લ્યો ! મિચ્છામિ દુક્કડમ્. ધૂળેય નથી. બધા પાપ છે સાંભળને ! વાણી ને વિકલ્પ બધી વસ્તુ (પર છે). અને માને કે અમે કંઈક ધર્મ કર્યો, કાયોત્સર્ગ કર્યો. આહા..હા..!

અહીં તો પ્રભુ ! કહે છે સાંભળ, ભાઈ ! કે તું તને ઓળખ કે જેને ઓળખવાથી વસ્તુના માહાત્મ્ય આવવાથી પૂર્ણ પવિત્ર સ્વરૂપની વિસ્મયતા અંદરમાં લાગવાથી તને અનુભવ થશે, એનું જ્ઞાન થશે, એના તને ભરોસા આવશે અને જેથી તે પાંચ પરાવર્તનથી તું છૂટી જઈશ.

પરાવર્તન એટલે આ સંયોગો આ શરીર આદિના આવા પરમાણુ અનંતવાર આવ્યા છે. આ કાંઈ પહેલાં નથી કાંઈ. આ બાયડી-છોકરાના જીવ ને શરીરનો સંબંધ જીવને અનંતવાર આવ્યો છે. વૈરી તરીકે એ બાઈનો આત્મા તો અનંતવાર તને વૈરી તરીકે આવ્યો છે અને મિત્ર તરીકે પણ એ આત્મા તને અનંતવાર આવ્યો છે. આહા..હા..! અને આ શરીરના પરમાણુ જે છે એ વીંછીના ડંખપણે હતા એ પણે પણ અનંતવાર તને જોડે આવ્યા છે અને એ વીંછીના ડંખના પરમાણુ અત્યારે આ શરીરપણે થયા છે. આહા..હા..!

એવા સંયોગોથી અને તે પુણ્ય ને પાપનો ભાવ એ પણ સંયોગી ચીજ (છે), પરાવર્તન પરિભ્રમણનું કારણ છે. આહા..હા..! એ નિર્વાણસ્વરૂપ, મુક્તસ્વરૂપ અંતર્મુખ થઈને ઓળખ (તો) પાંચ પરાવર્તનથી તું છૂટી જઈશ. આહા..હા..! ઝીણું પડે એવું છે, બાપુ ! પે'લું તો સાંભળવા જાય, જરીક સંભળાવે. 'શ્રીમદ્' કહે છે ને ? 'શ્રીમદ્' ! એક તો બાવીસ-ત્રેવીસ કલાક પાપમાં જાય છે બિચારાના. છ-સાત કલાક ધંધો, છ-સાત કલાક સુવુ, બે-ત્રણ કલાક ભોગ ને બાયડી-છોકરા રાજી કરવા. પાપમાં એકલા અધર્મ પાપ. એમાં એકાદ કલાક મળે ને સાંભળવા જાય ત્યાં કુગુરુ લુંટી લે એનો એક કલાક. એને એવું કહે કે વ્રત કરો ને અપવાસ કરો ને તપ કરો ને જાવ તમારું કલ્યાણ થશે. મારી નાખ્યા એને. આહા..હા..! આવી વાતું છે.

અહીં કહે છે કે પાંચ પરાવર્તનથી તું છૂટીશ. જો તને તેં માહાત્મ્યથી ઓળખ્યો અંદર. આહા..હા..! આ તો અતીન્દ્રિય આનંદનો સાગર ઝુલે છે, ડોલે છે અંદર. આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય પ્રભુતા (ભરી છે), પૂર્ણ પરમાત્મ સ્વરૂપે બિરાજે છે ભગવાન અંદર. આહા..હા..! એ મોટાને શરણે જા તો પાંચ પરાવર્તન છૂટી જશે. આવી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :– નવો ધર્મ લાગે.

ઉત્તર :– લોકોને લાગે એવું છે, વાત સાચી. સાંભળવા ક્યાંય મળતું નથી એટલે આ વળી નવો ક્યાંથી કાઢ્યો એમ લાગે છે. નવો નથી, બાપુ ! અનાદિનું સનાતન વીતરાગનું સત્ તો આ છે. આહા..હા..!

પાંચ પ્રકારના પરાવર્તનો. પાંચ પ્રકાર સમજાણું ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ–એ પાંચ પરાવર્તનો અનંતવાર તને થયા, બાપુ ! આ કાંઈ નવી ચીજ નથી. આ શરીર મળ્યું ને બાયડી મળી ને છોકરા મળ્યા ને તારી ધૂળ મળી આ પાંચ પચ્ચીસ લાખની. એવા તો અનંત વાર તને મળી ચુક્યાં છે રખડવામાં. આહા..હા..!

અહીંયા તો શુભભાવ જેને કહીએ, અશુભથી તો ઠીક પણ શુભ જેને કહીએ એ પણ એની પાસે નથી અત્યારે, એકલો અશુભભાવ (છે), પણ કોઈને શુભભાવ હોય વળી સાચા સત્સમાગમથી કલાક, બે કલાક સાંભળે એ શુભભાવ પણ અનંતવાર તને થઈ ગયો. નવમી ગ્રૈવેયકે અનંતવાર ધૂળમાં ગયો. આહા..હા..! 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો ફિર પીછે પટક્યો' એવી શુભ ક્રિયા કે અત્યારે તો એવી શુભ ક્રિયા છે જ નહિ. એવો નગ્ન મુનિ દિગંબર થઈ હજારો રાણી છોડી, જંગલમાં મહિના, મહિનાના ઉપવાસ અને આહારમાં લેવાનું એક રોટલી કે લુખ્ખો આહાર એવું અનંતવાર કર્યું છે. પણ એ બધો શુભભાવ (છે), રખડવાના પંથના રસ્તા છે એ.

ભગવાનઆત્મા શુભ ને અશુભભાવથી પણ મુક્ત સ્વરૂપ છે. એનાથી બંધાયેલું એ સ્વરૂપ જ નથી. બીજી રીતે કહીએ તો એ શુભભાવનો સંબંધ એને નથી. સંબંધ નથી એટલે કે બંધ નથી. આહા..હા..! આવું છે. પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષ પ્રભુ અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં એમ ફરમાવે છે. એ આ વાણી છે. સમજાણું કાંઈ ?

**'માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો.'** શું કહે છે ? પ્રભુ ! તું મુક્ત સ્વરૂપ છો. એવું એને જ્ઞાન ને પ્રતીતિ થાય તો એ પાંચ પરાવર્તનના પરિભ્રમણથી છૂટે અને તું પોતે તેની મુક્તની દશાનો દેનાર છો. છે ? પેલાનો (–પંચ પરાવર્તનનો) વ્યય થાય ને આનો (–મુક્તિનો) ઉત્પાદ થાય એ ઉત્પાદનો દેનાર તું છો. ધ્રુવ છે એ મુક્તસ્વરૂપ છે. પણ તેના જ્ઞાન ને આનંદનો જેણે આશ્રય કર્યો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને અવલંબ્યું તો એનાથી મોક્ષમાર્ગ થયો અને એ મુક્ત સ્વરૂપને અવલંબ્યું તેથી તેની પર્યાયમાં પૂર્ણ મુક્ત દશા પ્રગટ થશે. એ પૂર્ણ મુક્ત દશા દેનાર તું છો. કર્મ ખસે ને થાય એ વાત છે નહિ. આહા..હા..! આવું છે. આવો જૈનધર્મ ક્યાંથી કાઢ્યો ? બાપુ ! માર્ગ... અરે..રે..!

**'માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો.'** શું કીધું ? કે તને ઓળખાણ થઈ ને તને ભાન થયું કે હું તો શુદ્ધ ચૈતન્ય છું. તો તને પાંચ પરાવર્તનથી છૂટી જઈશ, વ્યય થઈ જશે અને તારી ઉત્પત્તિ મુક્તિનો દેનાર પણ તું છો. આહા..હા..! સિદ્ધપદની દેનારની પર્યાયનો દેનાર તું છો. આહા..હા..! એમ કરીને (કહે છે કે) બંધને કારણે તો મળે નહિ પણ મોક્ષના માર્ગથી પણ એ મુક્તિ મળે નહિ. મુક્તિની પર્યાયનો દેનાર તું છો. ('ભાઈ' !) આહા..હા..! એનું જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર થયું પણ એનાથી મુક્તિ થાય એ તો વ્યવહાર છે પણ વસ્તુ જે છે તેનાથી જ મુક્તિ થાય છે. આહા..હા..! સમજાય એટલું સમજવું, પ્રભુ !

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરની આ વાણી છે. આહા..હા..! બહેન ત્યાંથી મહાવિદેહમાંથી આવ્યા છે અને આ અનુભવથી વાતું કરે છે. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા..હા..! કો'કે એમ કહ્યું વચનામૃતનું નામ એવું આપો 'દિવ્યદૃષ્ટિ પ્રકાશ' એમ કો'કનું લખાણ આવ્યું. આ તો વસ્તુ છે એ છે. આહા..હા..!

**'માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો.'** કેમ કે મુક્ત સ્વરૂપ પ્રભુ છો એનો જેણે જ્ઞાન, શ્રદ્ધા ને ચારિત્રથી એનો આશ્રય લીધો એની મુક્તિની પર્યાયનો ઉત્પાદ દેનારો ભગવાન દ્રવ્ય મુક્તસ્વરૂપ છે. આહા..હા..! મુક્તિ કોઈ દેવ, ગુરુ ને શાસ્ત્રની કૃપાથી મળી જાય, કોઈના આશીર્વાદથી મળી જાય એવી મુક્તિ નથી.

મુમુક્ષુ :– મોટાના આશિર્વાદ તો...

ઉત્તર :– ઇ તો કીધું. તું મુક્તસ્વરૂપ છો એટલે મુક્તિની પર્યાય તારાથી પ્રગટ થશે. આહા..હા..! લોજીકથી–ન્યાયથી એને જાણવું પડશે ને ! ભાઈ ! અરે..રે..! આહા..હા..! આ પરમ દિ' જુઓને થયું. પેલી રીક્ષા પંદર હજારની

મુમુક્ષુ :– સંપૂર્ણ મુક્તિ એટલે શું ?

ઉત્તર :– સંપૂર્ણ મુક્તિ એટલે સિદ્ધપદ. અપૂર્ણ મુક્તિ દશા (એટલે) જે મુક્ત સ્વરૂપ તો છે એમાંથી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થાય એ અપૂર્ણ મુક્તિ છે. મોક્ષનો માર્ગ એ અપૂર્ણ મુક્તિ છે. 'પ્રવચનસાર'માં તો છેલ્લી પાંચ ગાથામાં એમ કહ્યું છે, પાંચ રત્નની ગાથા છે. જે અંતરનો આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એના જ્ઞાન, શ્રદ્ધા ને ચારિત્રમાં રમે છે એ છે તો સાધકમાં પણ છતાં અમે એને મોક્ષ તત્ત્વ કહીએ છીએ. આહા..હા..! આ તો ભાઈનો પ્રશ્ન (હતો). 'પ્રવચનસાર' છેલ્લી પાંચ ગાથા. ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૫. એમાં પ્રભુએ 'કુંદકુંદાચાર્યે' એક ગાથા આ મુકી છે કે જેણે આ મુક્ત સ્વરૂપ ભગવાનની શ્રદ્ધા, જ્ઞાનમાં ને રમણતામાં આવ્યો એ મોક્ષ તત્ત્વ છે. આહા..હા..! મોક્ષનો માર્ગ છે એ મોક્ષ તત્ત્વ છે એમ કહી દીધું છે. આહા..હા..! અહીંયા પૂર્ણ મોક્ષ એટલે પૂર્ણ પર્યાય,... આહા..હા..! તેનો દેનાર નાથ તું છો. કારણ કે પૂર્ણ ભર્યું છે એમાંથી ઉછળે છે. સમજાણું કાંઈ ?

અરે..રે..! આ ક્યાં વાતું સાંભળવા મળે ? આહા..હા..! દેશ મુકીને પરદેશમાં રળવા જાય. સગા-કુટુંબ મુકીને રખડાઉ રખડવા જાય. આહા..હા..! પરદેશ મુકિને સ્વદેશમાં એને આવવું હોય તો કહે એ આપણને કંઈ સમજાય નહિ. આહા..હા..! એ રાગ-દ્વેષ આદિ જ પરદેશ છે. આહા..હા..! ઇ આવી ગયું છે ને ? બહેનમાં નથી આવી ગયું ? અરે..! રાગના દયા, દાન, વ્રત પરિણામમાં આવવું અરે..! અમે પરદેશમાં આવી ચડ્યા. આ અમારો માર્ગ નહિ, આ અમારા નહિ. છે ? ૪૦૧ બોલ.

**'આ વિભાવ-ભાવ અમારો દેશ નથી.'** આહા..હા..! છે ? ('ભાઈ' !) એ દયા, દાન, વ્રત... સંસારના અશુભ પાપના પરિણામ રળવા ને ભોગ ને દીકરા ને કુટુંબને સાચવવા એ તો મહા એકલું પાપ. કસાઈખાનું છે મોટું. આહા..હા..! પણ અહીંયા તો કહે છે કે દયા, દાન ને વ્રતના, ભક્તિના પરિણામ અમને આવ્યા એ અમારો દેશ નથી, એ આત્મદેશ નહિ. આહા..હા..! **'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?'**

આહા..હા..! ('ભાઈ' !) વાંચ્યું કે નહિ આખું ?

અરે..! **'અમને અહીં ગોઠતું નથી.'** ધર્મીજીવ રાગમાં આવ્યા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ વ્રત, તપ ને વિનય કરવો એ અમને ગોઠતું નથી. આહા..હા..! પાપના પરિણામની તો શું વાતું કરવી પ્રભુ ! આહા..હા..! એ તો અધર્મ એકલો. આહા..હા..! પણ ભગવાનની ભક્તિનો શુભભાવ આવે છતાં એ અમારો દેશ નહિ, અમે પરદેશમાં આવી પડ્યા છીએ. ('ભાઈ' !) છે ? **'અમે ક્યાં આવી ચડ્યા ? અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી.'** આહા..હા..! અમારો પવિત્ર ભગવાનઆત્મા એ માયલી કોઈ પણ દશા શુભરાગમાં નથી. આહા..હા..! અહીં તો હજી બાયડી, છોકરા, કુટુંબ ને કંઈ ઠીક મળ્યું ને પાંચ, પચ્ચીસ લાખ મળે (તો) 'હું પહોળો ને શેરી સાંકડી' થઈ જાય એને તો. આહા..હા..! આવ્યા ને આપણે બીજા કરતાં અધિક થઈ ગયા– પાપમાં. આહા..હા..!

જેને ભગવાનઆત્મા મુક્તસ્વરૂપનું જ્ઞાન ને શ્રદ્ધા ને આનંદ થયો એને એ શુભભાવ આવે તો (એમ લાગે છે) એ અમારો દેશ નહિ. અમે ક્યાં આવી ચડ્યા ? અમને અહીં ગોઠતું નથી. આહા..હા..! છે ? **'અહીં અમારું કોઈ નથી.'** આહા..હા..! એ શુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, શાસ્ત્ર, શ્રવણ, મનન કરવું.... આહા..હા..! છે ? **'અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય આદિ અનંત ગુણરૂપ અમારો પરિવાર વસે છે...'** આહા..હા..! ભગવાનઆત્માનો પરિવાર તો અંદરમાં આનંદ, જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર આદિ અનંત પરિવાર વસે છે. આહા..હા..! પરમાત્મા રાજા એનો અસંખ્ય પ્રદેશ દેશ એમાં અનંત ગુણનો પરિવાર વસે છે. આહા..હા..!

**'તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપ સ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.'** આહા..હા..! **'અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે...'** એ અમારું મૂળ વતન (છે). આહા..હા..! અનંત આનંદ અને અનંત જ્ઞાનથી મુક્ત સ્વરૂપ ભગવાન (બિરાજે છે) એ આત્માનું ધર્મીનું વતન છે. આહા..હા..! હિન્દીમાં 'વતન' શબ્દ તો આવે છે. દેશ, વતન, સ્થાન. **'અમારે ત્વારાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધા અમારા છે.'** અંદર જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા

અમારા પડ્યા છે ત્યાં અમારે તો જાવું છે. આહા..હા..!

મુમુક્ષુ :– ગુરુ વગર.....

ઉત્તર :– એ ગુરુ પોતે થાય ત્યારે જણાય. ત્યારે બીજા ગુરુને ગુરુ કહેવાય. આહા..હા..! ગુરુની આજ્ઞા વીતરાગતા પ્રગટ કરવાની છે. એ તો કહ્યું. તીર્થંકરોની, ગુરુની અને વીતરાગના શાસ્ત્રની ચારેય અનુયોગની આજ્ઞા વીતરાગતા પ્રગટ કરવી એ આજ્ઞા છે. એ વીતરાગતા કેમ પ્રગટ થાય ? કે વીતરાગ સ્વરૂપ, મુક્ત સ્વરૂપ ભગવાન છે એને આશ્રયે વીતરાગતા થાય. પરને આશ્રયે તો ચાહે તો ત્રિલોકનાથ ભગવાન હો એની પણ ભક્તિ ને આશ્રય કરવા જશે તો રાગ થશે. આહા..હા..! જીરવવું કઠણ. આહા..હા..!

ભાઈ ! એવો તારો સ્વદેશ છે. તારા વતનમાં તો અતીન્દ્રિય આનંદ પડ્યો છે. અનંત અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય પ્રભુતા, અતીન્દ્રિય સ્વચ્છતા, પ્રત્યક્ષ વેદન થાય એવું અનંતપણું અંદર પડ્યું છે. આહા..હા..! એને તું ઓળખીને ત્યાં જા. છે એ ? આહા..હા..!

**'સંપૂર્ણ મુક્તિને દેનાર છો. તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી,...'** આહા..હા..! ભગવાન નિત્ય ધ્રુવ. જેમ ધ્રુવના તારાની દૃષ્ટિથી વાહન ને આગબોટ ચાલે. એમ આ ધ્રુવ ભગવાનઆત્મા નિત્ય પ્રભુ, એની દૃષ્ટિની ધારાથી... આહા..હા..! **'તારા પર એકધારી દૃષ્ટિ...'** ધ્રુવ ઉપર એકધારી દૃષ્ટિ. આહા..હા..! **'રાખવાથી, તારા શરણે આવવાથી,...'** આહા..હા..! **'જન્મમરણ ટળે છે.'**

ભાષા તો સાદી છે, પ્રભુ ! પણ એને સમજવાને માટે તો બાપુ ! વખત લેવો પડશે. આહા..હા..! એક એલ.એલ.બી. ભણવા જાય વકીલ તોપણ પાંચ-દસ વર્ષ કાઢે. એકલા પાપના ભણતર. ડૉકટરનું ભણવા જાય તો દસ વર્ષ કાઢે, પાપના એકલા ભણતર છે બધા. આહા..હા..! હવે આને માટે થોડો વખત તો લેવો પડશે ને ? ભાઈ ! આહા..હા..! ('ભાઈ') નથી આવ્યો ને ? નથી આવ્યો. ('ભાઈ') અત્યારે નથી આવ્યા.

**'તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી...'** એટલે કે પૂર્ણ પવિત્ર ભગવાન ધ્રુવની ઉપરની દૃષ્ટિ (રાખવાથી). ગમે તે પ્રસંગમાં ઉભો હોય પણ દૃષ્ટિના ધ્યેયમાં તો

ધ્રુવ છે. આહા..હા..! ભલે બહારની નજરુમાં જાય પણ એની મૂળ નજર તો ધ્રુવ ઉપર છે. એ ધર્મીની દૃષ્ટિ ત્યાંથી ખસતી નથી. આહા..હા..! **'તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી, તારા શરણે આવવાથી, જન્મમરણ ટળે છે.'** ૧૬૬ (બોલ પૂરો થયો). ઓહો..હો..!

**વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ તેની અગાધતાં, અપૂર્વતા, અચિંત્યતા ગુરુ બતાવે છે. શુભાશુભ ભાવોથી દૂર ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે એવું ભેદજ્ઞાન ગુરુવચનોથી કરી જે શુદ્ધદૃષ્ટિવાળો થાય તેને યથાર્થ દૃષ્ટિ થાય, લીનતાના અંશ વધે, મુનિદશામાં વધારે લીનતા થાય અને કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય. ૧૬૭.**

૧૬૭. **'વાણીથી અને વિભાવોથી જુદું...'** એ વાણી ને પુણ્ય-પાપના ભાવથી ભગવાન અંદર જુદું તત્ત્વ છે. જેને આત્મા કહીએ એ તો વિકલ્પ દયા, દાનના રાગ અને વાણીથી જુદી ચીજ છે. આહા..હા..! **'છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું છે...'** કોઈ અપેક્ષાએ ગુરુની વાણી નિમિત્તરૂપે છે એથી એને એનું લક્ષ કરે અને પછી પોતાનું લક્ષ કરે તો તે જાણી શકાય છે. આહા..હા..! **'એવું જે ચૈતન્યતત્ત્વ...'** એવો ભગવાનઆત્મા જેના તળિયામાં, તળમાં અનંત આનંદ પડ્યો છે. જેના તળમાં અનંત જ્ઞાન, શાંતિ, અનંત ગુણના રત્નો પડ્યા છે. આહા..હા..!

એવા **'ચૈતન્યતત્ત્વ તેની અગાધતા,...'** અગાધતા. આહા..હા..! અપારતા. છેડા શેના ? પ્રભુ ! અનંત ગુણોનો કોઈ છેડો ન મળે. આહા..હા..! એમ ને એમ માને પણ એક લક્ષમાં જરીક વિચાર કરે તો ખબર પડે. સમજાણું ? કે વસ્તુ છે

ભગવાનઆત્મા એમાં જે અનાદિ અનંત ધ્રુવ ગુણ છે એની સંખ્યાનો પાર ન મળે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત ને અનંત ગુણી નાખો તોપણ તેનો અંત ન આવે એટલી આત્મામાં ગુણની શક્તિ ભરી છે. આહા..હા..!

હવે આની પાસે હોય બે, પાંચ કરોડ કે અબજ રૂપિયા કે બે અબજ કે પાંચ અબજ રૂપિયા, લ્યોને. આહા..હા..! ધૂળ હોય તો એટલી. આ 'શાંતિલાલ ખુશાલ' આપણો હતોને ? 'ગોવા'નો. બે અબજ ચાલીશ કરોડ ! મરી ગયો એક ક્ષણમાં. ચાલી ગયો, ચાલ્યો. મમતા... મમતા... મમતા... આહા..હા..! એમ એની સંખ્યા, આ તો પાર ન મળે કહે છે. એવો જે આત્મ ધર્મ નામ ગુણ અપાર... અપાર... અપાર... અપાર... અહીંયા અનંતનો આ આરો આવી ગયો (એમ નથી). અનંતા ગુણો જ્ઞાન, દર્શન આદિ સંખ્યાએ એના અનંતનો અહીં આરો આવ્યો એટલે પુરો થયો એવું છે જ નહિ ક્યાંય. આહા..હા..! શું કહે છે આ ! અરે..! તેં સત્ય સાંભળ્યું નથી, પ્રભુ ! આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે કહેલું તત્ત્વ પ્રભુ ! તેં સાંભળ્યું નથી. આહા..હા..! એ તો તત્ત્વ અગાધ છે. જેની શક્તિની સંખ્યાનો પાર ન મળે. ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશ જ આટલું શરીર પ્રમાણે (હોય પણ) પોતે ભિન્ન ભગવાન (છે). આહા..હા..! અરે..! અનંતા નિગોદના આત્માઓ એક આમ મુંઠીમાં અહીં રાખો તો આમાં-ક્ષેત્રમાં આવી ગયા. અનંતા ! આ લસણના, ડુંગળીના જીવ. એક કટકીમાં અસંખ્ય શરીર ને અનંતા જીવ (છે). તો આમ ક્ષેત્રમાં આમ આવી ગયું પણ એના ભાવમાં અંત નથી, પ્રભુ ! એ શું કહે છે ? આહા..! અગાધ છે, છે ?

**'અગાધતા, અપૂર્વતા,...'** પૂર્વે કોઈ દિ' જેણે જાણ્યું નથી એવી એ શક્તિઓ ભરી છે અંદર. **'અચિંત્યતા...'** જેનું ચિંતન થઈ શકે નહિ એવી એ ચીજો અંદર છે. એને **'ગુરુ બતાવે છે.'** આહા..હા..! જોયું ? ગુરુ આ બતાવે છે, ગુરુના ઉપદેશમાં આ આવે છે એમ કહે છે. વીતરાગતા બતાવાય છે ને ? વીતરાગતા બતાવે ત્યાં વીતરાગતા તો દ્રવ્યને આશ્રયે (થાય) તો દ્રવ્ય બતાવે છે. આહા..હા..!

**'શુભાશુભભાવોથી દૂર...'** પુણ્ય ને પાપના ભાવથી દૂર **'ચૈતન્યતત્ત્વ પોતામાં**

**વસે છે...'** આહા..હા..! **'એવું ભેદજ્ઞાન ગુરુવચનોથી કરી જે શુદ્ધદૃષ્ટિવાળો થાય,...'** છે, શુદ્ધદૃષ્ટિવાળો થાય છે પોતાથી. **'તેને યથાર્થ દૃષ્ટિ થાય, લીનતાના અંશ વધે,...'** પછી સ્વરૂપમાં એકાગ્ર થતા નિર્મળતાના અંશો વધે. **'મુનિદશામાં વધારે...'** મુનિપણું તો અલૌકિક દશા છે ! બાપુ ! અત્યારે તો મુનિપણું 'હિન્દુસ્તાન'માં છે જ નહિ. આહા..હા..! **'મુનિદશામાં જ્યારેપ વધારે લીનતા થાય અને કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય.'** વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)